
# પ્રવચન સુધા

ભાગ-૭



ॐ

શ્રી વીતરાગાય નમઃ

# પ્રવચન સુધા

(ભાગ-૭)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના 'પ્રવચનસાર'

ઉપરના પ્રવચનો

(ગાથા ૧૭૨ થી ૧૮૪)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

**પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદાર**
૩૨, કહાનનગર
૨૭૧/૨૯૧ એન. સી. કેલકર રોડ
દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮
ફોન : (૦૨૨) ૨૪૩૦૭૪૮૯

**શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**
**ગુરુ ગૌરવ, સોનગઢ**
**ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧**
**ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭**
**અમી અગ્રવાલ (અમદાવાદ) : (૦૭૯) R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩**
**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
**'વિમલાંચલ'**

**પ્રથમાવૃત્તિ : ૦૮-૦૯-૨૦૦૬ (ઉત્તમ ક્ષમાવણી દિન)**
**પ્રત : ૭૫૦**
**પૃષ્ઠ સંખ્યા : ૩૨૪ + ૮ = ૩૩૨**
**પડતર કિંમત : ૮૫/-**
**મૂલ્ય : ૨૦/-**


**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
**પ્લોટ નં. ૧૯૨૪/B**
**૬, શાંતિનાથ બંગલોઝ,**
**શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯**

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
**૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ**
**બારડોલપુરા,**
**અમદાવાદ-૩૮૦૦૦૪**
**ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨**

**ACKNOWLEDGEMENT**

We sincerely express our gratitude to **“Shree Vitrag Sat Sahitya Prakashak Trust, Bhavnagar”** from where we have sourced **“Pravachan Sudha Part-07”** (Pravachans on Shree **Pravachansaar** by Pujya Shree Kanji Swami)

**“Shree Vitrag Sat Sahitya Prakashak Trust, Bhavnagar”** have taken due care, However, if you notice any inconsistency or error, you may please address your suggestions to info@vitragvani.com & jain92002@yahoo.com .



# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસાર સાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુકહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઇ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંત તિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શકિતશાળી !

# પ્રસ્તાવના

શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદઆચાર્યના મહિમા દર્શાવતાં અનેક શીલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમ દેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદઆચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ શાસ્ત્રના પ્રવચનોમાં ફરમાવે છે – 'પ્ર + વચન + સાર. પ્ર નામ દિવ્યવચનો. જે દિવ્યધ્વનિ – ત્રણલોકના નાથ પરમાત્માની દિવ્યધ્વનિ – જે ૐ

અસાધારણ પ્રતિભાને વ્યક્ત કરે છે.

એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે. તે અનેક શાસ્ત્રોમાંના એક 'પ્રવચનસાર' જેવાં ગૂઢ પરમાગમ ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો પ્રકાશિત કરવાનું મહાન સૌભાગ્ય 'વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'ને સંપ્રાપ્ત થયું છે. 'પ્રવચનસાર' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં કુલ ૨૭૪ પ્રવચનો થયાં છે. મૂળ પરમાગમ ત્રણ અધિકારમાં વિભાજીત છે. તેની અંદર બીજા અધિકારોના વિભાગ કરવામાં આવેલ છે. જે 'પ્રવચનસાર' શાસ્ત્રની અનુક્રમણિકામાં આપવામાં આવેલ છે. તદ્‌અનુસાર ૨૭૪ પ્રવચનોને આવરી લેવા અર્થે કુલ ૧૧ ભાગમાં આ પ્રવચનોને પ્રકાશિત કરવામાં આવશે. સાતમાં ભાગના આ પ્રવચનોમાં કુલ ૨૦ પ્રવચનો છે. જેમાં ૧૭૨થી ૧૮૪ ગાથાઓનો સમાવેશ થાય છે. આ ગાથાઓ 'દ્રવ્યવિશેષ અધિકાર'ના મથાળા નીચે લેવામાં આવેલ છે.

પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાયમાં સરળતા રહે તે અર્થે મૂળ સૂત્રકાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ, સૂત્ર ટીકાકાર આચાર્ય ભગવાન શ્રીમદ્ ભગવત્ અમૃતચંદ્રઆચાર્યદેવની 'તત્ત્વદીપિકા' ટીકા તથા શ્રીમદ્ ભગવત્ જયસેનઆચાર્યદેવની 'તાત્પર્યવૃતિ' ટીકા સંસ્કૃતમાં આપવામાં આવેલ છે. તદ્‌ઉપરાંત ગુજરાતી હરિગીત તથા ટીકા પણ આપવામાં આવેલ છે.

સમાદરણીય, સિદ્ધાંતનિષ્ઠ, જિનવાણી રહસ્યજ્ઞ પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના માર્ગદર્શન નીચે આ પહેલાં 'પ્રવચન નવનીત' (ભાગ ૧ થી ૪) પ્રકાશિત કરવામાં આવ્યા છે. તે જ પ્રમાણે આ પ્રવચનોનાં સંકલનમાં પણ પૂર્ણ ચીવટ રાખી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી અક્ષરશઃ જળવાઈ રહે તથા ભાવોનો પ્રવાહ પણ યથાવત જળવાઈ રહે તેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના બધા જ પ્રવચનો પ્રકાશિત થાય તેવી તેઓશ્રીની ભાવના હતી. તદર્થે બધા જ પ્રવચનો કમ્પ્યુટરમાં પુસ્તકાકારરૂપે આવી જાય તેવી પણ તેઓશ્રીની શોધ ચાલતી હતી. આ વાત તેઓશ્રીની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની ભક્તિભાવનાને પ્રદર્શિત કરે છે. માટે આ ભાવનાને અનુસરીને આ કાર્ય કરવામાં આવી રહ્યું છે. અતઃ આ પ્રસંગે તેમના ઉપકારને સ્મરણમાં લઈ તેઓશ્રીના ચરણોમાં વંદન કરીએ છીએ.

'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'ની નીતિ અનુસાર આ પ્રવચનોને સી.ડી.માંથી સાંભળતા-સાંભળતા સંપાદન કરવામાં આવે છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. **જ્યાં-જ્યાં વ્યક્તિગ સંબોધન કરવામાં આવેલ છે અથવા વ્યક્તિગત વાત કરવામાં આવી છે તે લેવામાં નથી આવી**

અવાજ અસ્પષ્ટ હોવાથી અમુક વાક્યો સ્પષ્ટ સમજાતા ન હોવાને કારણે ત્યાં .... કરીને ખાલી જગ્યા છોડી દેવામાં આવી છે, જેની પાઠકોએ નોંધ લેવા વિનંતી. પૂર્ણરૂપે પ્રવચનો તૈયાર થયાં બાદ ફરી એકવાર અન્ય મુમુક્ષુ દ્વારા તેને કેસેટ સાથે મેળવી લેવામાં આવે છે. જેથી કોઈપણ પ્રકારની ભૂલ રહી જવા ન પામે. તેના ફળસ્વરૂપે 'પ્રવચન સુધા' ભાગ–૭ પ્રકાશિત કરતા અમોને અત્યંત હર્ષ થાય છે.

પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન અર્થે મે. હેવિકા ફાઉન્ડેનશ, લંડન તરફથી રૂ. ૨૫,૦૦૦/- મળેલ છે, જેમનો અત્રે હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. તદ્ઉપરાંત વીસ હજાર રૂપિયાથી નીચે આવેલ દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપવામાં આવેલ છે. આ પ્રવચનોના પ્રકાશનાર્થ અન્ય જે જે મુમુક્ષુઓનો સહકાર મળેલ છે તેમનો પણ અત્ર આભાર માનવામાં આવે છે.

ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ' ભાવનગરનો તથા સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ મે. 'ભગવતી ઑફસેટ' અમદાવાદનો આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનોનાં પ્રકાશનમાં પ્રમાદવશ અથવા અજાગૃતિવશ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ જિનેન્દ્રભગવાનની, આચાર્યભગવંતોની, જિનવાણી માતાની તથા સર્વ સત્પુરુષોની શુદ્ધ અંતઃકરણ પૂર્વક ક્ષમા યાચીએ છીએ.

અંતતઃ આ પ્રવચનોની દિવ્ય દેશનાને અંતરંગમાં ગ્રહણ કરી સર્વ જીવો આત્મહિતને શીઘ્ર પ્રાપ્ત થાય, એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

**શ્રાવણ વદ-૨, તા. ૧૧-૦૮-૨૦૦૬**
**(પૂજ્ય બહેનશ્રીની ૯૩મી જન્મજયંતિ)**

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
ભાવનગર

**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનોનો મુમુક્ષુસમાજ અધિક લાભ લે તે હેતુથી એક મુમુક્ષુ પરિવાર, મુંબઈ તરફથી વિશેષ આર્થિક સહયોગ પ્રાપ્ત થવાથી આ પુસ્તકની કીંમત ઓછી રાખવામાં આવેલ છે.**

# અનુક્રમણિકા


| સળંગ પ્રવચન ક્રમાંક | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| પ્રવચન-૧૭૨ | ગાથા-૧૭૨ | ૦૦૭ |
| પ્રવચન-૧૭૩ | ગાથા-૧૭૨ | ૦૧૩ |
| પ્રવચન-૧૭૪ | ગાથા-૧૭૨ | ૦૨૫ |
| પ્રવચન-૧૭૫ | ગાથા-૧૭૨ | ૦૩૯ |
| પ્રવચન-૧૭૬ | ગાથા-૧૭૨ | ૦૫૪ |
| પ્રવચન-૧૭૭ | ગાથા-૧૭૨ | ૦૬૮ |
| પ્રવચન-૧૭૮ | ગાથા-૧૭૨ | ૦૮૨ |
| પ્રવચન-૧૭૯ | ગાથા-૧૭૨ | ૦૯૬ |
| પ્રવચન-૧૮૦ | ગાથા-૧૭૨ | ૧૧૧ |
| પ્રવચન-૧૮૧ | ગાથા-૧૭૨ | ૧૨૫ |
| પ્રવચન-૧૮૨ | ગાથા-૧૭૨ | ૧૩૯ |
| પ્રવચન-૧૮૩ | ગાથા-૧૭૨ | ૧૫૪ |
| પ્રવચન-૧૮૩-A | ગાથા-૧૭૩, ૧૭૪ | ૧૭૦ |
| પ્રવચન-૧૮૩-B | ગાથા-૧૭૪, ૧૭૫ | ૧૯૨ |
| પ્રવચન-૧૮૩-C | ગાથા-૧૭૫, ૧૭૬ | ૨૧૧ |
| પ્રવચન-૧૮૩-D | ગાથા-૧૭૬, ૧૭૭ | ૨૨૭ |
| પ્રવચન-૧૮૩-E | ગાથા-૧૭૮, ૧૭૯ | ૨૪૭ |
| પ્રવચન-૧૮૩-F | ગાથા-૧૮૦, ૧૮૧ | ૨૬૭ |
| પ્રવચન-૧૮૩-G | ગાથા-૧૮૧, ૧૮૨ | ૨૮૭ |
| પ્રવચન-૧૮૩-H | ગાથા-૧૮૩, ૧૮૪ | ૩૦૭ |

ॐ

**नमः श्रीसिद्धेभ्यः**

# પ્રવચન સુધા

**(ભાગ-૭)**

अथ किं तर्हि जीवस्य शरीरादिसर्वपरद्रव्यविभागसाधनमसाधारणं स्वलक्षणमित्यावेदयति -

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।१७२।।**
**अरसमरूपमगन्धमव्यक्तं चेतनागुणमशब्दम्।**
**जानीह्यलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम्।।१७२।।**

आत्मनो हि रसरूपगन्धगुणाभावस्वभावत्वात्स्पर्शगुणव्यक्त्यभावस्वभावत्वात् शब्दपर्यायाभावस्वभावत्वात्तथा तन्मूलादलिङ्गग्राह्यत्वात्सर्वसंस्थानाभावस्वभावत्वाच्च पुद्गलद्रव्यविभागसाधनमरसत्वरूपत्वमगन्धत्वमव्यक्तत्वमशब्दत्वमलिङ्गग्राह्यत्वमसंस्थानत्वं चास्ति। सकलपुद्गलापुद्गलाजीवद्रव्यविभागसाधनं तु चेतनागुणत्वमस्ति। तदेव च तस्य स्वजीवद्रव्यमात्राश्रितत्वेन स्वलक्षणतां बिभ्राणं शेषद्रव्यान्तरविभागं साधयति। अलिङ्गग्राह्य इति वक्तव्ये यदलिङ्ग्रहणमित्युक्तं तद्बहुतरार्थप्रतिपत्तये। तथा हि - न लिंगैरिन्द्रियैर्ग्राहकतामापन्नस्य ग्रहणं यस्येत्यतीन्द्रियज्ञानमयत्वस्य प्रतिपत्तिः। न लिंगैरिन्द्रियैर्ग्राह्यतामापन्नस्य ग्रहणं यस्येतीन्द्रियप्रत्यक्षाविषयत्वस्य। न लिंगादिन्द्रियगम्याद्धूमादग्नेरिव ग्रहणं यस्येतीन्द्रिय-

प्रत्यक्षपूर्वकानुमानाविषयत्वस्य। न लिंगादेव परैः ग्रहणं यस्येत्यनुमेयमात्रत्वाभावस्य। न लिंगादेव परेषां ग्रहणं यस्येत्यनुमातृमात्रत्वाभावस्य। न लिंगात्स्वभावेन ग्रहणं यस्येति प्रत्यक्षज्ञातृत्वस्य। न लिंगेनोपयोगाख्यलक्षणेन ग्रहणं ज्ञेयार्थालम्बनं यस्येति बहिरर्थालम्बन-ज्ञानाभावस्य। न लिंगस्योपयोगाख्यलक्षणस्य ग्रहणं स्वयमाहरणं यस्येत्यनाहार्यज्ञानत्वस्य। न लिंगस्योपयोगाख्यलक्षणस्य ग्रहणं परेण हरणं यस्येत्यहार्यज्ञानत्वस्य। न लिंगे उपयोगाख्यलक्षणे ग्रहणं सूर्य इवोपरागो यस्येति शुद्धोपयोगस्वभावस्य। न लिंगादुपयोगाख्यलक्षणाद्ग्रहणं पौद्गलिककर्मादानं यस्येति द्रव्यकर्मासंपृक्तत्वस्य। न लिंगेभ्य इन्द्रियेभ्यो ग्रहणं विषयाणामुपभोगो यस्येति विषयोपभोक्तृत्वाभावस्य। न लिंगात् मनो वेन्द्रियादिलक्षणाद्ग्रहणं जीवस्य धारणं यस्येति शुक्रार्तवानुविधायित्वाभावस्य। न लिंगस्य मेहनाकारस्य ग्रहणं यस्येति लौकिकसाधान-मात्रत्वाभावस्य। न लिंगेनामेहनाकारेण ग्रहणं लोकव्याप्तिर्यस्येति कुहुकप्रसिद्ध-साधनाकारलोकव्याप्तित्वाभावस्य। न लिंगानां स्त्रीपुन्नपुंसकवेदानां ग्रहणं यस्येति स्त्रीपुन्नपुंसकद्रव्यभावाभावस्य। न लिंगाना धर्मध्वजानां ग्रहणं यस्येति बहिरङ्गयतिलिंगाभावस्य। न लिंगं गुणो ग्रहणमर्थावबोधो यस्येति गुणविशेषानालीढशुद्धद्रव्यत्वस्य। न लिंगं पर्यायो ग्रहणमर्थावबोधविशेषो यस्येति पर्यायविशेषानालीढशुद्धद्रव्यत्वस्य। न लिंगं प्रत्यभिज्ञानहेतुर्ग्रहणमर्थावबोधसामान्यं यस्येति द्रव्यानालीढशुद्धपर्यायत्वस्य।।૧૭૨।।

---

एवं पुद्गलस्कन्धानां बन्धव्याख्यानमुख्यतया द्वितीयास्थले गाथापञ्चकं गतम्। इति `अपदेसो परमाणू' इत्यादि गाथानवकेन परमाणुस्कंधभेदभिन्नपुद्गलानां पिण्डनिष्पत्तिव्याख्यान मुख्यतया द्वितीयविशेषान्तराधिकारः समाप्तः। अथैकोनविंशतिगाथापर्यन्तं जीवस्य पुद्गलेन सह बन्ध- मुख्यतया व्याख्यानं करोति, तत्र षट्स्थलानि भवन्ति। तेष्वादौ `अरसमरूवं' इत्यादि शुद्धजीव- व्याख्यानेन गाथैका, `मुत्तो रूवादि' इत्यादि पूर्वपक्षपरिहारमुख्यतया गाथाद्वयमिति प्रथमस्थले गाथात्रयम्। तदनंतरं भावबंधमुख्यत्वेन `उवओगमओ' इत्यादि गाथाद्वयम्। अथ परस्परं द्वयोः पुद्गलयोः बन्धो, जीवस्य रागादिपरिणामेन सह बन्धो, जीवपुद्गलयोर्बन्धश्चेति त्रिविध बन्धमुख्यत्वेन `फासेहि पोग्गलाणं' इत्यादि सूत्रद्वयम्। ततः परं निश्चयेन द्रव्यबंधकारणत्वाद्रागादि-परिणाम एव बंध इति कथनमुख्यतया `रत्तो बंधदि' इत्यादि गाथात्रयम्। अथ भेदभावनामुख्यत्वेन `भणिदा पुढवी' इत्यादि सूत्रद्वयम्। तदनंतरं जीवो रागादिपरिणामानामेव कर्ता, न च द्रव्य कर्मणामिति कथनमुख्यत्वेन `कुव्वं सहावमादा' इत्यादि षष्ठस्थले

गाथासप्तकम्। यत्र मुख्यत्वमिति वदति तत्र यथासंभवमन्योऽप्यर्थो लभ्यत इति सर्वत्र ज्ञातव्यम्। एवमेकोनविंशतिगाथा-भिस्तृतीयविशेषान्तराधिकारे समुदायपातनिका। तद्यथा - अथ किं तर्हि जीवस्य शरीरादिपर-द्रव्येभ्यो भिन्तमन्यद्रव्यासाधारणं स्वस्वरूपमिति प्रश्ने प्रत्युत्तरं ददाति - **अरसमरूवमगंधं** रसरूप-गंधरहितत्वात्तथा चाध्याहार्यमाणास्पर्शरूपत्वाच्च **अव्वत्तं** अव्यक्तत्वात् **असद्दं** अशब्दत्वात् **अलिंगग्गहणं** अलिङ्गग्रहणत्वात् **अणिद्दिट्ठसंठाणं** अनिर्दिष्टसंस्थानत्वाच्च **जाण जीवं** जानिही जीवम्। अरसमरूपमगंधस्पर्शम-व्यक्तमशब्दमलिङ्गग्रहणमनिर्दिष्टसंस्थानलक्षणं च हे शिष्य, जीवं जीवद्रव्यं जानीहि। पुनरपि कथंभूतम्। **चेदणागुणं** समस्तपुद्गलादिभ्योऽचेतनेभ्यो भिन्नः समस्तान्यद्रव्यासाधारणः स्वकीयानंतजीवजातिसाधारणश्च चेतनागुणो यस्य तं चेतनागुणं च। अलिङ्गग्राह्यमिति वक्तव्ये यदलिङ्गग्रहणमित्युक्तं तत्किमर्थमिति वेत्, बहुतरार्थप्रतिपत्त्यर्थम्। तथा हि - लिङ्गमिन्द्रियं तेनार्थानां ग्रहणं परिच्छेदनं न करोति तेनालिङ्गग्रहणो भवति। तदपि कस्मात्। स्वयमेवातीन्द्रियाखण्डनज्ञानसहितत्वात्। तेनैव लिङ्गशब्दवाच्येन चक्षुरादीन्द्रियेणान्यजीवानां यस्य ग्रहणं परिच्छेदन कर्तुं नायाति तेनालिङ्गग्रहण उच्यते। तदपि कस्मात्। निर्विकारातीन्द्रिय स्वसंवेदनप्रत्यक्षज्ञानगम्यत्वात्। लिङ्गं धूमादि तेन धूमलिङ्गोद्भवानुमानेनाग्निवदनुमेयभूतपरपदार्थनां ग्रहणं न करोति तेनालिङ्गग्रहण इति। तदपि कस्मात्। स्वयमेवालिङ्गोद्भावतीन्द्रियज्ञानसहितत्वात्। तैनैव लिङ्गोद्भवानुमानेनाग्निग्रहणवत् परपुरुषाणां यस्यात्मनो ग्रहणं परिज्ञानं कर्तुं नायाति तेनालिङ्गग्रहण इति। तदपि कस्मात्। अलिङ्गोद्भवातीन्द्रियज्ञानगम्यत्वात्। अथवा लिङ्गं चिह्नं लाञ्छनं शिखाडटाधारणादि तेनार्थानां ग्रहण परिच्छेदन न करोति तेनालिङ्गग्रहण इति। तदपि कस्मात्। स्वाभाविका-चिह्नोद्भावतीन्द्रियज्ञानसहितत्वात्। तेनैव चिह्नोद्भवज्ञानेन परपुरुषाणं यस्यात्मनो ग्रहणं परिज्ञानं कृर्तं नायाति तेनालिङ्गग्रहण इति। तदपि कस्मात्। स्वाभाविकचिह्नोद्भवातीन्द्रियज्ञानसहितत्वात्। तदपि कस्मात्। निरुपरागस्वसंवेदनज्ञानगम्यत्वादिति एवमनलिङ्गग्रहणशब्दस्य व्याख्यानक्रमेण शुद्धजीवस्वरूपं ज्ञातव्यमित्यभ्रिप्रायः।।१७२।।

હવે ત્યારે જીવનું, શરીરાદિ સર્વ પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત, અસાધારણ સ્વલક્ષણ શું છે તે કહે છે :–

**છે ચેતનાગુણ, ગંધ–રૂપ–રસ–શબ્દ–વ્યક્તિ ન જીવને,**
**વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.**

**અન્વયાર્થ :–** **(जीवम्)** જીવને **(अरसम्)** અરસ, **(अरूपम्)** અરૂપ, **(अगन्धम्)** અગંધ, **(अव्यक्तं)** અવ્યક્ત, **(चेतनागुणम्)** ચેતનાગુણવાળો, **(अशब्दम्)** અશબ્દ, **(अलिंगग्रहणम्)** અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને **(अनिर्दिष्टसंस्थानम्)** જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો **(जानीहि)** જાણ.

**ટીકા :–** આત્મા (૧) રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૨) રૂપગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૩) ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૪) સ્પર્શગુણરૂપ વ્યક્તતાના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૫) શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, તથા (૬) તે બધાંને કારણે (અર્થાત્ રસ–રૂપ–ગંધ–વગેરેના અભાવરૂપ સ્વભાવને કારણે) લિંગ વડે અગ્રાહ્ય હોવાથી અને (૭) સર્વ સંસ્થાનોના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, આત્માને પુદ્‌ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત (૧) અરસપણું, (૨) અરૂપપણું, (૩) અગંધપણું, (૪) અવ્યક્તપણું, (૫) અશબ્દપણું, (૬) અલિંગગ્રાહ્યપણું અને (૭) અસંસ્થાનપણું છે. પુદ્‌ગલ તેમજ અપુદ્‌ગલ એવાં સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન તો ચેતનાગુણમયપણું છે; અને તે જ, માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી સ્વલક્ષણપણું ધરતું થકું, આત્માનો શેષ અન્યદ્રવ્યોથી વિભાગ સાધે છે.

‘અલિંગગ્રાહ્ય’ એમ કહેવાનું છે ત્યાં જે ‘અલિંગગ્રહણ’ એમ કહ્યું છે તે ઘણા અર્થોની પ્રતિપત્તિ (પ્રાપ્તિ, પ્રતિપાદન) કરવા માટે છે. તે આ પ્રમાણે :

(૧) ગ્રાહક (-જ્ઞાયક) એવા જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૨) ગ્રાહ્ય (જણાવા યોગ્ય) એવા જેનું, લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી

એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૩) જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્ય દ્વારા (–ઇન્દ્રિયોથી જણાવા યોગ્ય ચિહ્ન દ્વારા) જેનું ગ્રહણ (–જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૪) બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવા યોગ્ય) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૫) જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૬) લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૭) જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૮) જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૯) જેને લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી (–બીજાથી લઈ જઈ શકાતું નથી) તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૦) જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (–મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૧) લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૨) જેને લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૩) લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી (-અનુસરીને થનારો) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૪) લિંગનું એટલે કે મેહનાકારનું (–પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી

તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૫) લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાંખડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો – લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૬) જેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૭) લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૮) લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૯) લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાય-વિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૨૦) લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૭૨.

## અષાઢ સુદ ૧૦, શુક્રવાર તા. ૧૮-૦૭-૧૯૭૫
## ગાથા – ૧૭૨
## પ્રવચન નંબર–૧૭૨

**'હવે જ્યારે જીવનું, શરીરાદિ સર્વ પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત,...'** પરથી ભિન્ન (પાડવાના) ભેદજ્ઞાનના કારણભૂત **'અસાધારણ સ્વલક્ષણ શું છે...'** આહા..હા...! 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બૂરો અજ્ઞાન, ધર્મદાસ ક્ષુલ્લક કહે, 'હેમરાજ તું માન' આહા..હા...! પરથી ભેદ પાડવાનું આત્મામાં સાધન શું છે ? કહે છે. આહા..હા...! શરીર હું નહિ, વાણી નહિ, મન નહિ, એનો કર્તા નહિ, પ્રયોજક નહિ, અનુમોદક નહિ, કારણ નહિ ત્યારે હવે પરથી ભેદ પાડવાનું સાધન શું ? આહા..હા...! સમજાણું કાંઈ ? ચૈતન્યનું લક્ષણ શું ? આહા..હા...!

**'જીવનું, શરીરાદિ...'** બધું લીધું ને ? શરીર, વાણી, મન, કર્મ (આદિ) **'પરદ્રવ્યોથી વિભાગ...'** જુદુ પાડવાના **'સાધનભૂત, અસાધારણ સ્વલક્ષણ શું...'** તે પૂછે છે. તેને (ઉત્તર) કહે છે. **'किं तर्हि जीवस्य शरीरादिसर्वपरद्रव्यविभागसाधनमसाधारणं स्वलक्षणमित्यावेदयति'** છે ને ? એને ઉત્તર આપવામાં આવે છે. ગાથા–૧૭૨ આપણે છપાઈ ગઈ છે. અલિંગગ્રહણનું પુસ્તક છપાણું છે, નહિ ? ભાઈએ છાપ્યું હતું. 'વાંકાનેર' ! એણે પુસ્તક છાપ્યું હતું. 'સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' છાપતા હતા ને ? એને બહુ રસ હતો.

**'अरसमरूवमगंधं'** આ ગાથા તો 'સમયસાર'માં છે, 'પંચાસ્તિકાય'માં છે, 'નિયમસાર'માં છે, 'પ્રવચનસાર' ચાલે છે એમાં પણ છે. આ ચારમાં છે (અને) 'અષ્ટપાહુડ'માં છે. જેટલા 'કુંદકુંદાચાર્યદેવ'ના પાંચ શાસ્ત્ર છે એમાં આ છે. પાંચે કોતરાઈ ગયા છે, પાંચેમાં પાંચ વાર ગાથા આવી હશે.

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।१७२।।**

વજન અહીં છે. ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, જાણ ભાઈ ! આહા..હા...!

**છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,**
**વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.**

છેલ્લું ઈ લેશે. **'પુદ્ગલ તેમ જ અપુદ્ગલ...'** એટલે ધર્માસ્તિ વગેરે **'સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન તો ચેતનાગુણમયપણું છે;...'** આહા..હા...! છેલ્લી લીટી છે. વિભાગનું સાધન તો કહ્યું હતું ને ? જ્ઞાન સાધન છે. આહા..હા...! પરથી ભેદજ્ઞાન (કરવું) એમાં જ્ઞાન સાધન છે અને એ જ્ઞાન તે જ્ઞાન છે. 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બૂરો અજ્ઞાન' આ..હા..હા...! ધર્મદાસ ક્ષુલ્લક કહે, 'હેમરાજ તું માન' (આ) 'સમ્યક્જ્ઞાન દીપિકા'માં છે. 'સમ્યક્જ્ઞાન દીપિકા' ! ઓ..હો..હો...! દિગંબર સંતો, દિગંબર શ્રાવકો પણ પરમ સત્યને રાખીને, પરિણમેલા! એકધારાવાહી વાત છે. ત્યાં ('સમયસાર'માં) પણ કીધું ને ? 'भेदविज्ञानतः सिद्धा' 'અમૃતચંદ્રાચાર્યદેવે' એમ કહ્યું ને ? અહીં કીધું 'ભેદવિજ્ઞાન તે જ્ઞાન છે' રાગ અને શરીરથી ભગવાનઆત્માને ભિન્ન અનુભવવો. આહા..હા...! અને પરમાગમનો સાર પણ એ છે. શુદ્ધાત્મતત્ત્વની પ્રાપ્તિ એ એનો (સાર છે). આમ વીતરાગતા તાત્પર્ય કહ્યું પણ એનો અર્થ ઈ થયો ને ? પરની અપેક્ષા છોડી દઈ પોતાના આત્માને જાણવો, અનુભવવો એ બધા પરમાગમનો સાર છે. ચારે અનુયોગના કથનમાં આ સાર કહેવો છે. ઈ અહીં સાર કહે છે.

**'આત્મા (૧) રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી. **'(૨) રૂપગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** સમસ્ત અન્ય દ્રવ્યોથી વિભાગનું સાધન ચેતનાગુણ છે. આહા..હા...! 'રસ નથી તે જ્ઞાન...' 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં ૧૧ બોલ આવે છે ને ? 'શાસ્ત્ર નથી તે જ્ઞાન, શાસ્ત્ર કંઈ જાણે નહિ' આહા..હા...! લ્યો ! પેલો કહે શાસ્ત્રથી જ્ઞાન ન થાય ? શાસ્ત્ર કાંઈ જાણતું નથી, એ તો જડ વાણી

છે. આહા..હા...! જાણનારો તો ભગવાનઆત્મા છે. ઈ જાણનારો કેમ કહેવો ? કે, સ્વસન્મુખ થઈને પોતાનું ભેદજ્ઞાન કર્યું તેને જાણનારો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

**'ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો...'** ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો **'હોવાથી,...'** ચેતનાગુણમયપણું છે. **'સ્પર્શગુણરૂપ વ્યક્તતાના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** અવ્યક્ત લેવું છે ને ? **'સ્પર્શગુણરૂપ વ્યક્તતાના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** ચેતનાગુણમયપણું છે. આહા..હા...! **'શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** શબ્દની પર્યાયના સ્વભાવનો જીવમાં અભાવ છે.

**'તે બધાંને કારણે (અર્થાત્ રસ-રૂપ-ગંધ વગેરેના અભાવરૂપ સ્વભાવને કારણે)...'** અભાવરૂપ, એમ. **'લિંગ વડે અગ્રાહ્ય હોવાથી...'** એમ. પહેલું ટૂંકું કરશે. **'સર્વ સંસ્થાનોના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** આ શરીરના આકારો – સંસ્થાન છે ને ? એના અભાવ સ્વભાવવાળો હોવાથી. **'આત્માને પુદ્ગલદ્રવ્યથી વિભાગનાં સાધનભૂત...'** (અર્થાત્) પુદ્ગલ દ્રવ્યથી જુદા પાડવાનાં સાધનભૂત.

**'(૧) અરસપણું,...'** રસગુણના અભાવસ્વરૂપ હોવાથી અરસપણું (છે), એમ (કહેવું છે). માથે ઈ કીધું ને ? **'રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,... અરસપણું...'** (છે) એમ અહીં લેવું. આ..હા...! **'(૨) અરૂપપણું, (૩) અગંધપણું, (૪) અવ્યક્તપણું, (૫) અશબ્દપણું, (૬) અલિંગગ્રાહ્યપણું...'** આહા..હા...! પહેલું ઈ બધામાં ભેળવ્યું. **'અને (૭) અસંસ્થાનપણું છે.'**

મુમુક્ષુ :– આપ વાંચી ગયા એનો અર્થ કાંઈ ન કર્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કર્યોને આ ! કર્યોને અર્થ ! **'રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી... અરસપણું...'** છે એમ કીધું ને ? **'રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી... અરસપણું...'** છે. **'રૂપગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,... અરૂપપણું...'** છે. **'ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,... અગંધપણું...'** છે. **'સ્પર્શગુણરૂપ વ્યક્તતાના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,... અવ્યક્તપણું...'** છે અને **'શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,... અશબ્દપણું...'** છે. છેલ્લે લીધું – અલિંગગ્રાહ્ય છે, એમ કીધું ને ? **'લિંગ વડે અગ્રાહ્ય હોવાથી,... અલિંગગ્રાહ્યપણું...'** છે. એમ એની સાથે આ બધો મેળ છે.

પરના લિંગ વડે – ચિહ્ન વડે કોઈ રીતે એ પકડાય એવો છે જ નહિ. એથી અલિંગગ્રાહ્યપણું છે. અને સંસ્થાન એમાં નથી તેથી અસંસ્થાનપણું છે. લ્યો ! એની સાથે

મેળવ્યું ને ? પૂર્વ સાથે આ શબ્દોમાં મેળવ્યું. રસગુણના અભાવ સ્વભાવવાળો હોવાથી આત્મામાં અરસપણું છે, એમ. સમજાણું કાંઈ ? આ તો બધું ઘણી વાર વંચાઈ ગયું છે. નવું આવે છે ને અત્યારે ? કાલે કહ્યું હતું ને ?

**'પુદ્ગલ તેમ જ અપુદ્ગલ એવાં સમસ્ત અજીવદ્રવ્યો...'** લ્યો ! પુદ્ગલની વ્યાખ્યા કરી એમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. **'સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન તો...'** આહા..હા...! **'ચેતનાગુણમયપણું છે;...'** પહેલું તો એમ કહ્યું. રસગુણ કેમ ઉપાડ્યો ? કે, આત્માના આનંદરસથી એ રસગુણ ભિન્ન છે. ત્યાંથી ઉપાડ્યું છે. આહા..હા...! નહીંતર તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ લે છે. ભગવાન આનંદનો રસ છે, પ્રભુ ! એ રસગુણથી રહિત એનામાં અરસપણું છે. આ રસગુણવાળો જે છે એનાથી આત્મામાં અરસપણું છે અને આત્માના ચેતનગુણના આનંદના રસપણું છે. આ..હા..હા...! સમજાણું ? આ ખાટો, મીઠો, તીખો સ્વાદ છે ને ? રસ ! એ રસગુણના અભાવ સ્વભાવ સ્વરૂપ અરસપણું (છે). આ રસ છે એનાથી ભિન્ન અરસપણું (છે).

મુમુક્ષુ :– પુદ્ગલના રસથી ચેતનના રસ જુદા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા...! અરસપણું છે એમ કીધું.

એમ અરૂપપણું છે, અગંધપણું છે, અવ્યક્તપણું છે. વ્યક્તના હજી બીજા ભિન્ન બોલ લેશે. અહીં સાધારણ વ્યાખ્યા (કરી છે). સ્પર્શની સાથે અવ્યક્તને મેળવ્યું છે. અશબ્દપણું છે, અલિંગગ્રાહ્યપણું છે, અસંસ્થાનપણું છે. તે પુદ્ગલ – રસ, વર્ણ, ગંધ, શબ્દ વગેરે તેમજ અપુદ્ગલ ધર્માસ્તિકાય વગેરે. **'એવાં સમસ્ત અજીવદ્રવ્યોથી...'** બધા અજીવ પદાર્થથી **'વિભાગનું સાધન...'** (અર્થાત્) ભિન્ન પડવાનું સાધન. આહા..હા...! **'ચેતનાગુણમયપણું છે;...'** ચેતનાગુણમયપણું છે. ચેતનાગુણવાળો છે એમ પણ ન કીધું. ચેતના ગુણવાળો છે (એમ કહે) તો ભેદ પડી જાય છે. ચેતનાગુણમયપણું છે. આહા..હા...!

એ તો સ્વ અને પરને જાણવાના ચેતનાગુણમયપણું આત્મા છે. આહા..હા...! ભેદજ્ઞાન અને પરથી વિભાગ પાડવાનું સાધન ચેતનાગુણ છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– ચેતનામયપણું...

પૂજ્ય ગુરુદેવશ્રી :– અભેદ કીધું, કીધું ને ? ચેતનાવાળો નહિ, ચેતનાગુણમય અભેદ (છે). ઈ લક્ષણ થયું ને ? લક્ષણમય વસ્તુ છે. આખી ચીજ એ મય છે ને ? ઈ વસ્તુ જ આખી એ રૂપે છે. ચેતનાગુણમયપણું છે. આ..હા..હા...! આખી ચીજ જ ચેતના જાણવાના

ગુણમયપણા (સ્વરૂપ) આત્મા છે. પરના રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંસ્થાન અને અલિંગગ્રહણ (સ્વરૂપ છે). બીજાથી ગ્રાહ્ય ન થાય એવો એ અરસપણું, અવર્ણ, અગંધ આદિ છે. પણ પરથી ભેદ પાડવાનું સાધન ચેતનાગુણમયપણું છે. જાણવાના સ્વભાવવાળું તત્ત્વ છે. એને પર્યાયમાં ભલે ચેતનાગુણમયપણું ત્રિકાળ છે પણ પરથી ભિન્ન પાડવાની પર્યાય જે છે, આ ચેતનાગુણમય આત્મા છે એવી જે પર્યાય (છે) તે ભિન્ન પાડવાનું સાધન છે. આહા..હા...!

મુમુક્ષુ :– લક્ષણ અને લક્ષનો ભેદ ન રહેવો જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ બધું એ જ છે. લક્ષણ તો લક્ષને બતાવે છે ને ? ઈ બધું અભેદ છે. આ લક્ષણ અને લક્ષ એટલો ભેદ પણ ક્યાં છે ? આહા..હા...!

ચેતનામય ભગવાન છે. આમ તો કહ્યું (કે), રસગુણના સ્વભાવથી અભાવ સ્વરૂપ છે. **'રસગુણના...'** એમ કીધું ને ? **'અભાવરૂપ સ્વભાવવાળો...'** એ છે. રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો છે, એમ. ત્યારે એનો સ્વભાવ શું ? આના (અજીવના) ગુણના અભાવરૂપ સ્વભાવવાળો (છે). એમ કહ્યું. આહા..હા...! એ **'અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન તો ચેતનાગુણમયપણું છે;...'** આહા..હા...!

**હવે ઈ લક્ષણને કહે છે, જુઓ !** 'અને તે જ, માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી...' **જોયું ? પોતાનું સ્વદ્રવ્ય. જીવઆશ્રિત સ્વદ્રવ્ય. કોણ ? ચેતનાગુણમયપણું.** 'માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી સ્વલક્ષણપણું ધરતું થકું,...' **જુઓ ! આહા..હા...! સ્વલક્ષણપણું ધરતું થકું.** 'આત્માનો શેષ અન્યદ્રવ્યોથી વિભાગ સાધે છે.' **બહુ વાત (ઊંચી આવી) ! અલિંગગ્રહણના બોલ તો હવે પછી આવશે. પણ એ પહેલાં પણ આ વાત (મૂકી છે).** 'अरसमरूवमगंधं' **પાંચ પહેલેથી (લીધા) છે ને ?** 'अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।जाण अलिंगग्गहणं' **ત્યાં 'જાણ' આવ્યું ને ? એ ચેતનામય છે તેને જાણ. એ પર પુદ્ગલથી ભિન્ન છે. પર પુદ્ગલના અભાવ સ્વભાવવાળું છે. રૂપ, રસ, ગંધ આદિના અભાવ સ્વભાવવાળું એ તત્ત્વ છે અને ચેતનાગુણના સદ્ભાવ સ્વભાવવાળું એ તત્ત્વ છે એમ કહ્યું. સમજાણું કાંઈ ?**

તે ચેતનાગુણમયપણું **'તે જ, માત્ર સ્વજીવદ્રવ્યઆશ્રિત...'** હવે દ્રવ્ય નાખ્યું. પણ એ જાણે છે કોણ ? પર્યાય. ચેતનાગુણમયપણું પરના અભાવ સ્વભાવવાળું, પોતાના ગુણ સ્વભાવવાળું એવું જે સ્વદ્રવ્ય. એનો આશ્રય સ્વદ્રવ્ય (છે) એને ધરતું. એવો નિર્ણય કરે છે પર્યાય. આહા..હા...! સમજાણું કાંઈ ? **'તે જ, માત્ર સ્વજીવદ્રવ્યઆશ્રિત હોવાથી સ્વલક્ષણપણું ધરતું...'** કોણ ? ચેતનાગુણમયપણું. **'આત્માનો શેષ અન્ય દ્રવ્યોથી વિભાગ સાધે છે.'**

આહા..હા...! ચેતનાગુણમયપણું સ્વજીવદ્રવ્યઆશ્રિત હોવાથી તે સ્વલક્ષણને ધરતું થકું આત્માને શેષ અન્યદ્રવ્યોથી ભેદપણે, ભેદજ્ઞાનપણે, જુદાપણે સાધે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ હળવે હળવે તો બધું ચાલે છે. અહીં લોઢાના વેપાર (જેવો) વેપાર નથી કાંઈ ! અહીં તો પાર (થવાની) જ વાત છે. આહા..હા...!

કહ્યું ને ? ભાષા કેવી લીધી છે ? કે, રસગુણ... પાધરો રસ ઉપાડ્યો છે. આત્માનો જે ચૈતન્યરસ (છે), ચૈતન્યમય જે આત્મરસ (છે) એ ભાવવાળું એ તત્ત્વ છે અને આ રસગુણના અભાવ સ્વભાવવાળું છે. અભાવ સ્વભાવવાળું છે અને આનંદના રસના સદ્ભાવ સ્વભાવવાળું તત્ત્વ છે. 'जीवद्रव्यं जानीहिं' એમ છે ને અંદર ? 'જાણ' શબ્દ પડ્યો છે ખરો ને ? આવા જીવને તું જીવદ્રવ્ય જાણ. એમ આચાર્ય મહારાજનો આદેશ છે.

જે જડના ગુણોના અભાવ (સ્વભાવે છે). અહીં તો પહેલાં ગુણો (લીધા) છે ને ? જડના ગુણોના અભાવ સ્વભાવવાળું ચેતનાગુણમયવાળું છે. જડના ગુણના અભાવ સ્વભાવવાળું એ ચેતનાના ગુણના ભાવ સ્વભાવવાળું જીવદ્રવ્ય છે. આહા..હા...! ભાષા સમજાય છે ? જડથી ભિન્ન એમ ન લીધું. જડના જે ગુણો છે એ ગુણોના અભાવ સ્વભાવવાળું આ (જીવદ્રવ્ય છે). આહા..હા...! ત્યારે (કહે છે કે), ચેતનાગુણવાળું કે જે સ્વદ્રવ્યને આશ્રિત છે એને તું જાણ. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

જડથી અભાવસ્વભાવરૂપ પહેલાં ન ઉપાડતાં જડના ગુણોના અભાવ સ્વભાવવાળું (છે) એમ ઉપાડ્યું છે. કારણ કે એનો પોતાનો ગુણ લેવો છે ને ? સમજાણું કાંઈ ? રસગુણના અભાવ સ્વભાવવાળું એ રીતે શબ્દગુણના પર્યાયના અભાવ સ્વભાવવાળું (છે). એ ચેતનાગુણના સદ્ભાવવાળું કે જે ચેતનાગુણ સ્વદ્રવ્યને આશ્રિત છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? જડના જે ગુણો (છે) એના અભાવ સ્વભાવવાળું છે. કોણ ? આત્મા. જીવ લેવો છે ને ? **'जीवम'** એમ શબ્દ છે ને ? જીવ કેવો છે ? કે, જડના ગુણોથી ઉપાડ્યું છે, જડથી નહિ. એના ગુણોના અભાવ સ્વભાવવાળું એ જીવ ચૈતન્યગુણના સ્વભાવવાળું (છે). આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! એને તું જીવ જાણ એમ કહે છે.

વિશેષ આવશે.

**શ્રાવણ વદ ૧૫, બુધવાર તા. ૨૨-૦૮-૧૯૭૯**
**ગાથા – ૧૭૨**
**પ્રવચન નંબર–૧૭૩**

'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. છેલ્લી ૧૭૧ ગાથા એ છે ને ? કે, આત્મા શરીર નથી. આત્મા શરીર નહિ હૈ. હૈ ? શરીર આત્મા નહીં હૈ તો આત્મા હૈ ક્યા ? ઐસા પ્રશ્ન હૈ.

મુમુક્ષુ :– ગુજરાતીમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ૧૭૧ ગાથામાં એમ કહ્યું કે, પાંચ શરીરથી આત્મા જુદો છે. પાંચ શરીર છે ને ? ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ (અને) કાર્માણથી આ ભગવાનઆત્મા જુદો છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન છે કે, '**હવે ત્યારે જીવનું, શરીરાદિ સર્વ પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત,...**' જુદું પાડવાના કારણભૂત '**અસાધારણ સ્વલક્ષણ શું છે...**' આહા..હા...! ભગવાનઆત્માને પરદ્રવ્ય અને રાગાદિથી ભિન્ન બતાવવાનું સ્વલક્ષણ સાધન શું છે ? શું સાધનથી આત્મા જાણવામાં આવે ? આહા..હા...! સર્વ પરદ્રવ્યોથી, હોં ! શરીર, રાગાદિ સર્વ પરદ્રવ્યો. આહા..હા...! વિભાગ નામ ભેદ કરવો, વિભાગ નામ જુદું પાડવું, એનું સાધનભૂત અસાધારણ (એટલે) જે લક્ષણ એનામાં જ હોય અને બીજામાં હોય નહિ એ લક્ષણ શું છે ? એવો જે પ્રશ્ન કર્યો એનો ઉત્તર કહે છે.

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।१७२।।**

**છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,**
**વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.**

ટીકા :– **'આત્મા (૧) રસગુણ...'** જુઓ ! પહેલો રસ લીધો છે. કેમકે આત્મરસ આ (–પુદ્ગલના) રસગુણથી ભિન્ન (છે). નહિતર આમ તો વર્ણ, ગંધ, રસ (એમ) લેવું જોઈએ. ક્રમમાં એ છે. પણ અહીંયાં પહેલું આ ઉપાડ્યું. શું કહ્યું ? **'આત્મા (૧) રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** જડનો જે રસ છે એ રસગુણના અભાવ સ્વભાવવાળો જીવ છે. આહા..હા...! જેમાં અતીન્દ્રિય આનંદનો રસ ભર્યો છે ! ત્યાંથી વાત ઉપાડી. વર્ણ, ગંધથી (વાત) ન લીધી. આહા..હા...! **'રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** એક વાત. અલિંગગ્રહણ છે. એ રસથી પકડી શકાય નહિ. જડના રસથી આત્મા જાણી શકાય નહિ. આહા..હા...! **'રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** એક વાત (થઈ).

**'(૨) રૂપગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** પછી રૂપ લીધું. સમજાય છે ? રૂપગુણના અભાવ સ્વભાવવાળો હોવાથી. આહા..હા...! શરીરના જે જડના રૂપ છે... આહા..હા...! એ રૂપગુણના સ્વભાવનો ભગવાનમાં અભાવ છે. આહા..હા...! સુંદર શરીર લાગે, વાણી સુંદર ને આ બધું સુંદર (લાગે). ધૂળેય સુંદર નથી. આ હીરા ચમકતા (હોય). (એક મુમુક્ષુભાઈ) લાવ્યા હતા. (કહેતા હતા), આ દસ હજારના છે. ઝીણા ઝીણા હોય. મેં કીધું, આની કિંમત શું ? બહુ પ્રકાશ પાડે એથી લોકો એની કિંમત ગણે. પણ કહે છે કે, એ રૂપગુણનો સ્વભાવ જીવમાં નથી. આહા..હા...! એને કારણે એ પરથી ભિન્ન છે. આહા..હા...! જગતના જેટલા રૂપો બાહ્યથી દેખાય... આહા..હા...! એ **'રૂપગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** અલિંગગ્રહણ છે એમ કહેવું છે. એ રીતે પરથી ગ્રહાય એવો નથી. આહા..હા...!

**'(૩) ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** આહા..હા...! ગંધગુણ (એટલે કે) જે નાક દ્વારા જણાય છે એવા ગંધગુણના અભાવ સ્વભાવવાળો છે. આહા..હા...! પાંચ ઇન્દ્રિયના વિષયો રૂપ, ગંધ આદિ છે એનાથી ભગવાન ભિન્ન છે. આહા..હા...!

**'(૪) સ્પર્શગુણરૂપ વ્યક્તતાના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** આહા..હા...! જોયું ? સ્પર્શગુણની પ્રગટતાના અભાવસ્વરૂપ. આહા..હા...! એમ લીધું છે. બીજામાં અભાવરૂપ કીધું,

અહીં વ્યક્તતાના અભાવરૂપ (કહ્યું). એટલો શબ્દ ફેરવ્યો. (સ્પર્શ) જે પ્રગટ છે એનાથી ભગવાન ભિન્ન છે. આહા..હા...! જેણે આત્મા જાણવો હોય એણે સ્પર્શની જેટલી વ્યક્તતા – પ્રગટ દેખાય છે એનાથી પ્રભુ ભિન્ન છે. આહા..હા...! માખણ જેવું શરીર લાગે, હાથ માખણ જેવા લાગે ને ? સ્પર્શે તો (માખણ જેવા લાગે). એ તો બધો સ્પર્શગુણ જડ છે, માટી છે. હાથની રેખા આમ સુંદર લાગે ને ? એ સ્પર્શ જડ છે, માટી છે, ધૂળ છે. એ સ્પર્શગુણનો ભગવાનમાં અભાવ છે. આહા..હા...!

આત્મા પરદ્રવ્યને તો સ્પર્શતો નથી પણ આ શરીરમાં જે જડનો સ્પર્શગુણ છે એને પણ સ્પર્શતો નથી. આહા..હા...! એ **'સ્પર્શગુણરૂપ વ્યક્તતા...'** સ્પર્શનું પ્રગટપણું દેખાય. સુંવાળું, ભારેપણું (આદિ) સ્પર્શગુણ આઠ પ્રકારે છે ને ? આ..હા...! ઠંડો, ગરમ એ સ્પર્શ (છે). આહા..હા...!

**'(૫) શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** રસ, રૂપ, ગંધ અને સ્પર્શ (એ) બધા ગુણ હતા. હવે શબ્દ (છે એ) ગુણ નથી. શબ્દ એ પર્યાય છે. એ અધિકાર આપણે આવવાનો છે. શબ્દ પર્યાય છે, એ કોઈ ગુણ નથી. ઘણા શબ્દોની અંદર ધ્વનિ ઊઠે ઈ પર્યાય છે. આહા..હા...! **'શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** શબ્દની પર્યાયના અભાવ સ્વભાવવાળો હોવાથી એ પુદ્‌ગલથી ભિન્ન છે. આહા..હા...!

એ જ્ઞાનથી જાણે છે, ઇન્દ્રિયથી નહિ. વાત આકરી છે. આ ઇન્દ્રિય તો જડ છે. જાણવામાં આ નિમિત્ત છે એટલે ? એ જાણનાર તો જ્ઞાન છે. નિમિત્ત છે એટલે કે એનાથી નહિ. નિમિત્તનો અર્થ એનાથી નહિ. આહા..હા...! ભગવાન જ્ઞાનમૂર્તિ પાંચ ઇન્દ્રિયના વિષયને જાણે છે એ ઇન્દ્રિયથી નહિ. આ..હા..હા...! એ વિષય આવશે.

**'(૫) શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, તથા (૬) તે બધાંને કારણે (અર્થાત્‌ રસ-રૂપ-ગંધ વગેરેના અભાવરૂપ સ્વભાવને કારણે) લિંગ વડે અગ્રાહ્ય હોવાથી...'** એ બાહ્યના લિંગ વડે ભગવાન અગ્રાહ્ય છે. આહા..હા...! આ (શરીર) તો માટી – ધૂળ છે. એ રૂપ ને રસ ને ગંધ ને સ્પર્શથી કે શબ્દથી તે જણાય એવો નથી. કેમકે તેમાં એ છે નહિ. આહા..હા...! આવું આકરું કામ !

ચૈતન્ય ભગવાન અંદર (બિરાજે છે). અહીં કહ્યું ને ? **'તે બધાંને કારણે...'** રસ, રૂપ, ગંધ વગેરેના અભાવ સ્વરૂપ (હોવાને કારણે) **'લિંગ વડે અગ્રાહ્ય હોવાથી...'** એ બાહ્યના લિંગ નામ ચિહ્ન વડે અગ્રાહ્ય છે (એટલે કે) પકડી શકે નહિ. આહા..હા...!

**'સર્વ સંસ્થાનોના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,...'** સંસ્થાન (એટલે) આકાર. જડના આકાર છ પ્રકારે છે ને ? એ **'સર્વ સંસ્થાનોના અભાવરૂપ...'** આહા..હા...! **'સ્વભાવવાળો હોવાથી, આત્માને પુદ્‌ગલદ્રવ્યથી...'** આત્માને પુદ્‌ગલદ્રવ્યથી **'વિભાગના સાધનભૂત...'** હવે કહે છે. (પહેલાં આ) નથી, નથી કીધું ને ? આત્માને પુદ્‌ગલદ્રવ્યથી જુદાપણાના સાધનભૂત **'(૧) અરસપણું,...'** એ અરસપણું (છે). રસપણું નહિ, અરસપણું. આહા..હા...! ભગવાન(માં) અરસપણું છે. ચૈતન્યઆત્મા(માં) અરસપણું છે. આહા..હા...! આવી વાતું છે.

સમ્યગ્દર્શનમાં આત્મા આ પાંચ પ્રકારના રસથી જણાય એવો નથી. પાંચ પ્રકારના વર્ણના રંગથી જણાય એવો નથી. આહા..હા...! આઠ પ્રકારના સ્પર્શ છે એનાથી જણાય એવો નથી. એમ કહીને શું કહે છે ? કેટલાકને અંદર એમ થઈ જાય (છે) કે, આંખ્યું વીંચે ને ? તો આમ પ્રકાશ દેખાય ! એ પ્રકાશ તો જડ છે. એ પ્રકાશથી આત્મા જણાય એવો નથી. આહા..હા...! આંખ્યું વીંચે ને એટલે એમાં જરી જોર થાય ને ? (એટલે) પ્રકાશ દેખાય. એ પ્રકાશ ચૈતન્યનો છે એમ અજ્ઞાની માને છે. આહા..હા...! એ તો રૂપી છે, જડ છે, ભાઈ ! આહા..હા...! આંખ વીંચે અને ભીંસ પડે ને એટલે પ્રકાશ... પ્રકાશ લાગે પણ એ પ્રકાશ છે (જે) જણાય છે એ પ્રકાશ તો જડ છે. આહા..હા...! એ પ્રકાશ વડે પણ પકડાય એવો નથી એમ કહે છે. આહા..હા...!

**'આત્માને પુદ્‌ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત (૧) અરસપણું,...'** ત્યાં રસનો અભાવ સ્વભાવ કીધો હતો ને ? હવે અસ્તિથી લીધું. **'(૧) અરસપણું, (૨) અરૂપપણું, (૩) અગંધપણું, (૪) અવ્યક્તપણું,...'** સ્પર્શમાં વ્યક્ત લીધું હતું ને ? (એટલે અહીંયાં અવ્યક્ત લીધું). અવ્યક્તના છ બોલમાં એમ લીધું, અવ્યક્તના છ બોલ નથી ? એમાં 'જયસેનાચાર્યદેવે' અવ્યક્ત લીધું છે. આહા..હા...! **'(૫) અશબ્દપણું, (૬) અલિંગગ્રાહ્યપણું,...'** આ..હા...! એવા લિંગથી નહિ ગ્રહાય એવો. **'(૭) અસંસ્થાનપણું,...'** આહા..હા...!

**'પુદ્‌ગલ તેમ જ અપુદ્‌ગલ એવાં સમસ્ત અજીવદ્રવ્યોથી...'** જુઓ ! આ તો પુદ્‌ગલ કીધાં. તેમ જ અપુદ્‌ગલ એવા ધર્માસ્તિ આદિથી **'સમસ્ત અજીવદ્રવ્યોથી...'** આહા..હા...! પહેલી પુદ્‌ગલની વાત કરી. પુદ્‌ગલના કોઈ સાધનથી આત્મા જણાય એવો પ્રભુ નથી. આહા..હા...! **'તેમ જ અપુદ્‌ગલ એવાં સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન...'** (અર્થાત્) ભેદનું સાધન. આહા..હા...! **'તો ચેતનાગુણમયપણું છે;...'** ચેતનાગુણમયપણું છે. જાણક... જાણક... જાણક... ચેતનાગુણમયપણું છે. પરથી ન જણાય, સંસ્થાનથી ન જણાય તેમ જ

પુદ્‌ગલ સિવાય બીજી અપુદ્‌ગલ ચીજ એનાથી પણ ન જણાય. આહા..હા...! જુદાપણાનું સાધન તો ચેતનાગુણપણું છે. આહા..હા...!

એમ કહીને શું કહે છે કે, કોઈ એમ કહે કે, અંદર દયા, દાન, વ્રતના રાગથી તે જણાય. તો કહે છે કે, એ દયા, દાનના રાગથી પણ ભિન્ન ચેતનાપણાથી જણાય એવો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? રાગની મંદતા(રૂપ) શુભ ઉપયોગ કરીએ. પણ શુભ ઉપયોગ તો રાગ છે. રાગ એનું સ્વરૂપ નથી. રાગથી તો ભિન્ન છે. એ ચેતના વડે, જાણક... જાણક... જાણક... જાણક... જાણક... જાણક... એવી ચેતના વડે (જણાય એવો છે). એ આપણે આવી ગયું છે. ચેતના અને ચેતનાનો પરિણમન ઉપયોગ – એ આવી ગયું છે.

ચેતનની કાયમની ચેતના અને ચેતનાનું પરિણમન વર્તમાન ઉપયોગ એ એનું લક્ષણ છે. આહા..હા...! અને આ આત્મા જાણ્યા વિના બધું થોથાં છે. એની ક્રિયાકાંડ કરી કરીને મરી જાય (તોપણ ધર્મ ન થાય). વ્રત પાળીએ, અપવાસ કરીએ, ભગવાનની પૂજા, ભક્તિ બે-ચાર કલાક કરીએ. કહે છે કે, એ જડની ક્રિયા છે, પ્રભુ ! એ રાગની ક્રિયાથી પણ જાણવામાં નહિ આવે. આહા..હા...! આવી વાત છે. અને એ જાણવાના જ્ઞાન વિના – આત્મજ્ઞાન વિના (બધું થોથાં છે). આત્મજ્ઞાન થયું ને ? પર્યાયનું પણ જ્ઞાન નહિ, ગુણનું પણ જ્ઞાન નહિ. આહા..હા...!

ચેતનાગુણમય – ચેતનાગુણમયપણું છે. આહા..હા...! ચેતનામયપણું ભગવાન ! એ લક્ષણ વડે કરીને જણાય એવો છે. એ એનું લક્ષણ છે. આહા..હા...! રાગની ક્રિયાથી – દયા, દાન, વ્રત, ભક્તિ ને પચખાણથી જણાય એવો એ સ્વભાવ નથી.

બીજી (એક) અપેક્ષા એ છે કે, રાગ એના ઉત્પાદ (પર્યાયમાં) છે, એનું લક્ષ દ્રવ્ય છે એમ જાણવા માટે વાત છે. એ 'પંચાસ્તિકાય'માં આવે છે. 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' ઉત્પાદમાં રાગાદિ પણ એનું લક્ષણ છે. એ કઈ અપેક્ષા છે ? રાગ એની પર્યાયમાં છે તે દ્રવ્યથી ભિન્ન છે એમ જાણવા માટે. પ્રભુ તો રાગની પર્યાયથી ભિન્ન છે. આહા..હા...!

ચેતનાગુણની વાત કાઢી હતી ત્યારે (આ) વાત કહી હતી. રાગથી બિલુકલ ન જણાય. રાગ – વિકલ્પ અચેતન જડ છે, અજીવ છે. આહા..હા...! આવું સ્વરૂપ છે. એ તો ભગવાન ચેતનાગુણ વડે જણાય એવો છે. એ ગુણનું લક્ષ દ્રવ્ય છે. આહા..હા...! આવી વાત છે. મૂળ પ્રયોજન તો આ છે. લાખ વાતની (આ એક મૂળ) વાત છે. ગમે એ પ્રકારે જીવનું જ્ઞાન કરે. .... જ્ઞાન કરીને પછી જાણવો તો આત્મા છે કે નહિ ? એનો જાણનાર તો

આત્મા છે ને ? આહા..હા...!

**'પુદ્ગલ તેમ જ અપુદ્ગલ એવાં સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન તો ચેતનાગુણમયપણું છે;...'** આહા..હા...! કરવાનું આ છે. ગમે તે વાત સાંભળે (પણ) અંતરમાં ચૈતન્યપરિણામથી દ્રવ્યને પકડવું. આહા..હા...! જ્ઞાનમાં પરિણતિ દ્વારા તે દ્રવ્યને (પકડવું), પરિણતિનો ત્યાં ઝુકાવ કરવો. કેમકે એ એનું લક્ષણ છે. આહા..હા...! અત્યારે તો બધી ગડબડ ગડબડ ચાલેલી છે. વ્રત કરો ને અપવાસ કરો... ભાઈ ! તારો નાથ અંદર જુદો છે. ચૈતન્યમૂર્તિ પ્રકાશનો પૂંજ ! આહા..હા...! આ (બહારના) પ્રકાશથી ચૈતન્યનો પ્રકાશ ભિન્ન છે. એ ચૈતન્યના પ્રકાશની પરિણતિ દ્વારા ચેતન પકડાય એવો છે. આહા..હા...! આમ છે, બાપુ !

આ અલિંગગ્રહણ છે. આહા..હા...! **'અને તે જ,...'** 'તે જ' (કહ્યું). એટલે ચેતનાગુણપણું તે જ સાધન છે. **'તે જ, માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી...'** એ ચેતનાગુણપણું સ્વદ્રવ્ય જીવને આશ્રિત હોવાથી. ગુણ છે ને ? ગુણ છે એ દ્રવ્યને આશ્રયે છે. ગુણને ગુણનો આશ્રય નથી. આહા..હા...! 'द्रव्याश्रया निर्गुणा गुणाः' આ 'ઉમાસ્વામી'ના 'તત્ત્વાર્થસૂત્ર'નો સિદ્ધાંત છે – 'द्रव्याश्रया निर्गुणा गुणाः' ચેતનાગુણ જીવદ્રવ્યને આશ્રયે છે. ચેતનાગુણ રાગ અને પરના આશ્રયે નથી. ચેતનાગુણમયપણું તે જુદા પાડવાનું (સાધન છે). પુદ્ગલ અને અજીવથી જુદા પાડવાનું સાધન તો આ છે. જુદા પાડવાનું સાધન શુભરાગ, વ્યવહાર રત્નત્રયનો રાગ (આવે) ઈ સાધન નથી, કહે છે. વ્યવહાર રત્નત્રયનું કથન છે એ રાગ છે (અને) રાગ છે એ વિકાર છે. એ ચેતનાનું લક્ષણ નથી. એ તો વિકાર છે. આહા..હા...! એમાં ચેતનાનો અભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ જે રાગ (છે) એમાં ચેતનાનો અભાવ છે. આહા..હા...! રાગના અભાવ સ્વભાવસ્વરૂપ ચેતનાગુણ છે. આહા..હા...! આવી વાત છે, બાપુ ! બધી વાતું જાણીને કરવાનું તો આ છે. આહા..હા...!

**'તે જ, માત્ર સ્વજીવદ્રવ્ય...'** જોયું ? 'સ્વજીવદ્રવ્ય' (કહ્યું છે). એને આશ્રિત હોવાથી **'સ્વલક્ષણપણું ધરતું થકું,...'** એ ચેતનાગુણ સ્વલક્ષણપણું ધરતું થકું **'આત્માનો શેષ અન્યદ્રવ્યોથી વિભાગ સાધે છે.'** આત્માને શેષ દ્રવ્યોથી જુદાપણે સાધે છે. આહા..હા...!

'શ્રીમદ્'માં આવે છે ને ? 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો, અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા' શરીર તો ભલે સ્થિર રહે. એ અડોલ આસન (છે), પણ અંદર મનમાં ક્ષોભ નહિ. આહા..હા...! 'અડોલ આસન ને મનમાં નહિ

ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો' વાઘ ને સિંહના સંયોગ કાળે આ દેહ મારો નથી અને દેહ લેવા આવ્યો એ અમારો જાણે મિત્ર છે ! આ..હા..હા...!

એ ચેતનાગુણ વડે જણાય એવો છે. શરીર તો મારું નથી અને .... એને સિંહ આવ્યો ઈ લઈ જાય તો ભલે લઈ જાય. એ તો મારો મિત્ર છે. મારું નથી તે લઈ જાય છે. 'શ્રીમદ્ે' ભાવના ભાવી છે, જુઓ ! ચેતનમૂર્તિ ભગવાન અંદર ! આહા..હા...! વાઘ અને સિંહના ટોળા આવીને (બટકા ભરે). આહા..હા...!

નિઃશંક ગુણ આવે છે ને ? એ નિઃશંક કહો કે નિર્ભય કહો, બન્ને એક જ છે. એનો અર્થ આવો છે. નિર્ભય ! બાહ્યના પરિષહ અને ઉપસર્ગ મને અડતા નથી, છૂતા નથી. હું તો ચૈતન્યમૂર્તિ છું ! દેહ છૂટવા ટાણે આંતરડા ચૂંથાય ! આ..હા..હા...!

(સંવત) ૧૯૭૬) વાત છે. 'ધાંગ્રધા' ! ૧૯૭૬ની સાલમાં 'ધાંગ્રધા' ગયેલા. ..... આવી વાત છે, ભાઈ ! ૧૯૭૬ની વાત છે, કેટલા વર્ષ થયા ? ૫૯ ! એટલું માણસ ! ત્રણ ત્રણ હજાર માણસ !

અહીં કહે છે, એ ચેતનાગુણ તો જીવદ્રવ્યને આશ્રયે છે. આહા..હા...! **'માત્ર જીવદ્રવ્યાશ્રિત...'** પાછી ભાષા (આમ લીધી છે). એકલું જીવદ્રવ્ય નથી લીધું. માત્ર જીવદ્રવ્યાશ્રિત ! આ..હા..હા...! ચેતના કોઈ મનને આશ્રયે છે, મનને આધારે જાણે છે એમ છે નહિ. આહા..હા...! ચેતનાથી આત્માને જાણવા માટે ચેતનાનો બાહ્ય મનનો આધાર છે કે રાગ છે (એમ નથી). આહા..હા...! સમ્યગ્દર્શનનો વિષય આ છે. આહા..હા...! આવી વાત છે. લોગ્ગસ તો કર્યો હશે ને ? ભાઈ ! લોગસ્સ કર્યો હતો ? નથી કર્યો. પાધરા આમાં આવી ગયા છે.

**'માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત...'** ઓ..હો...! **'હોવાથી સ્વલક્ષણપણું ધરતું થકું,...'** આત્માનું સ્વલક્ષણપણું ચેતના ધરતું થકું. **'આત્માનો શેષ અન્યદ્રવ્યોથી વિભાગ સાધે છે.'** આહા..હા...! ભગવાનઆત્માનો શરીર, વાણી, મન, કર્મ ને રાગથી ભિન્નપણું ચેતના સાધે છે. આહા..હા...! અરે...! આ વાત હાથ ન આવે, સાંભળવા મળે નહિ. સાંભળવાનું મળે તો આ કરો.. મરી ગયો કરી કરીને ! ભક્તિ કરો ને પૂજા કરો ને દયા, દાન, વ્રત ને જાત્રા (કરો)... એ તો રાગ છે.

અહીં તો કહે છે કે, પરથી જુદા પાડવાનું સાધન ચેતના વડે જુદુ પાડે તે તેનું સ્વલક્ષણ છે. આહા..હા...! ભાઈ ! ક્યાં આમાં છે ક્યાંય ? મફતનો ફાંફાં મારી મરી જવાનો !

આહા..હા...! ....

આ ભગવાનઆત્મા ચેતના વડે (જણાય એવો છે). ચેતના તે સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી બીજાથી જુદુ પાડવાનું તે એક જ (સાધન છે). **'સ્વલક્ષણપણું ધરતું થકું,...'** આ..હા...! ભાઈ ! ચેતના સ્વલક્ષણપણું ધરતું, ચેતના વડે દ્રવ્ય લક્ષમાં આવે છે. આહા..હા...! ચેતના વડે ભગવાન દૃષ્ટિમાં આવે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો મુદ્દાની રકમ છે. **'આત્માનો શેષ અન્યદ્રવ્યોથી વિભાગ સાધે છે.'** ચેતનાપણું સ્વલક્ષણપણું સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી આત્માને શેષ અન્ય દ્રવ્યોથી જુદું પાડે છે. આહા..હા...!

હવે આચાર્ય મહારાજ કહે છે, **'અલિંગગ્રાહ્ય' એમ કહેવાનું છે...'** અલિંગગ્રહણ કેમ કહ્યું ? સમજાય છે કાંઈ ? **'અલિંગગ્રાહ્ય' એમ કહેવાનું છે ત્યાં જે 'અલિંગગ્રહણ' એમ કહ્યું છે તે ઘણા અર્થોની પ્રતિપત્તિ (પ્રાપ્તિ, પ્રતિપાદન) કરવા માટે...'** કહેવામાં આવ્યું છે. શું કહ્યું ? કે, મૂળ તો અલિંગગ્રહણ એટલે અલિંગગ્રાહ્ય. પરથી ગ્રાહ્ય નથી, રાગ નહિ, મનથી (ગ્રાહ્ય) નહિ, એમ કહેવાનું છે. તો અલિંગગ્રાહ્ય શબ્દ ન મૂકતાં અલિંગગ્રહણ કેમ કહ્યું ? કે, ભાઈ ! એની અંદર ઘણા અર્થો છે. અલિંગગ્રહણમાં તો ઘણા અર્થો છે. ભલે અલિંગગ્રહણ એવા છ અક્ષર છે પણ એમાંથી અર્થો તો ઘણા ઉઠે છે, વીસ તો ઉઠે જ, કહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? મૂળ વાત છે, આ મુદ્દાની વાત છે. આહા..હા...!

પ્રભુ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે, આ કહેવાનો આશય તો એમાં એવો જોઈએ કે, અલિંગગ્રાહ્ય. એટલે કે લિંગ દ્વારા, રાગ દ્વારા, પર દ્વારા ગ્રાહ્ય થઈ શકે નહિ. કહેવું છે તો આ, છતાં એ શબ્દ ન મૂકતાં અલિંગગ્રહણ કેમ કહ્યું ? તો કહે છે કે, અલિંગગ્રહણમાંથી ઘણા અર્થો ઉઠે છે માટે અલિંગગ્રહણ કહ્યું. એક જ પરથી ગ્રાહ્ય નથી, એટલો એક જ અર્થ નહિ, પણ અલિંગગ્રહણ એટલે એમાંથી ઘણા અર્થોની પ્રાપ્તિ થાય છે. આહા..હા...! આચાર્યોની શૈલી !

અલિંગગ્રાહ્ય એમ કહેવાનું છે. શરીરથી, રૂપથી, રસથી, ગંધથી, રાગથી જણાય એવો નથી એમ કહેવું છે. છતાં અલિંગગ્રાહ્ય ન કહેતાં ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' અલિંગગ્રહણ (કહ્યું). ગ્રાહ્ય ન કહેતાં અલિંગગ્રહણ એમ કેમ કહ્યું ? તો કહે છે કે, (એમાંથી) ઘણા અર્થો પ્રતિપત્તિ (થાય છે). ઘણા ભાવોની પ્રાપ્તિ – પ્રતિપાદન કરવા માટે છે. આહા..હા...! એક જ અલિંગગ્રહણ (શબ્દમાં) તો ઘણા અર્થો પ્રાપ્ત થાય એવું છે. આહા..હા...! ભારે વાતું, ભાઈ ! સમજાય છે કાંઈ ?

આચાર્ય મહારાજ કહે છે કે, કહેવાનો તો આ આશય છે કે, આ ભગવાનઆત્મા રૂપ, રસ, ગંધ, શબ્દ, વિકલ્પથી પકડાય એવો નથી, જણાય એવો નથી એમ કહેવું છે. તો એ શબ્દ ન વાપરતાં અલિંગગ્રહણ કેમ કીધું ? કે, અલિંગગ્રહણમાં તો ઘણા અર્થો નીકળે (છે). એક જ પરથી (ભેળવવું) નહિ એના પ્રકાર કેટલા ? આહા..હા...! એ ઘણા અર્થોની પ્રાપ્તિ થવા માટે 'કુંદકુંદાચાર્યમહારાજ' અલિંગગ્રાહ્ય ન કહેતા, અલિંગગ્રહણ (શબ્દ વાપરે છે). ભાષા તો જુઓ ! આહા..હા...! એક શબ્દમાં કેટલો આંતરો પાડ્યો !! સમજાય છે કાંઈ ?

અલિંગગ્રાહ્ય કહેવાનું છે. ભગવાન બીજા કોઈ ચિહ્નથી જણાય એવો નથી. એ તો ચેતના વડે જણાય એવો છે. એમ એક જ ભાવ કહેવો છે છતાં અલિંગગ્રહણ શબ્દ કેમ વાપર્યો ? આહા..હા...! જુઓ ! આ ટીકાકાર તો જુઓ ! અલિંગગ્રહણમાંથી અનેક અર્થો નીકળે છે, ઘણા ભાવો નીકળે (છે) માટે અલિંગગ્રહણ શબ્દ વાપર્યો. (અક્ષર) છે છ – અ-લિં-ગ-ગ્ર-હ-ણ ! એ અલિંગ કેમ કીધું ? અલિંગગ્રહણ કેમ કીધું ? અલિંગગ્રાહ્ય કહેવાનું છે. પરથી પકડાય એમ નથી, પ્રભુ એમ કહેવું છે. છતાં પ્રભુએ – 'કુંદુકુંદાચાર્યદેવે' અલિંગગ્રહણ શબ્દ કેમ વાપર્યો ? આહા..હા...! (કેમકે) અલિંગગ્રહણ કહેતાં એમાંથી ઘણા અર્થો ઉભા થાય (છે). આહા..હા...! છે ?

**'અલિંગગ્રાહ્ય' એમ કહેવાનું છે...**' કહેવાનું તો આ છે (કે), પરથી પકડી શકાય નહિ. છતાં અલિંગગ્રહણ શબ્દ એમ કહ્યું. અલિંગગ્રહણમાંથી ઘણા અર્થો, ભાવ નીકળે છે તેની પ્રાપ્તિ માટે, તેનું કથન કરવા માટે આ આલિંગગ્રહણ શબ્દ વાપર્યો છે. આહા..હા...! ગાય અને ભેંસના આવમાં દૂધ હોય ને ? દૂધ ! એ દૂધ કાઢનારી, દૂધ છે એ દાબીને આમ કાઢે છે, આમ ન કાઢે. ચાંદા પડી જાય. એમ ન કાઢે, આમ કાઢે. જોયું છે ? આ તો અમારા બેન હતા ને ? 'ગારિયાધાર' ! સીત્તેર વર્ષ પહેલાંની વાત છે. ઘરે ભેંસ દોહતા હતા. આ અંગૂઠો આ ખાકમાં આમ ભરાવે. એમ આ શબ્દોમાં તર્ક કરીને આ ભાવ કાઢ્યા છે !! સમજાય છે ? એ ભાવ અંદર ભર્યા છે. ગાયના, ભેંસના આવમાં દૂધ ભર્યું છે. એમ આ અલિંગગ્રહણમાં અનેક ભાવ ભર્યા છે એને તર્ક વડે કરીને (બહાર કાઢે છે). સમજાય છે કાંઈ ? બાપુ ! આ તો અધ્યાત્મશાસ્ત્ર છે. આ કાંઈ વાર્તા, કથા નથી. થોડા શબ્દોમાં મહાન ગંભીરતા ભરી છે !! **'તે આ પ્રમાણે :–'** આહા..હા...!

વીસ અર્થ કાઢ્યા ! અલિંગગ્રહણ છ અક્ષરમાંથી વીસ (અર્થ કાઢ્યા) !! **'(૧) ગ્રાહક**

**(જ્ઞાયક)...'** ગ્રાહક એટલે જાણનારો જ્ઞાયક. **'એવા જેને...'** ભગવાન જ્ઞાયકપ્રભુ છે... આહા..હા...! **'જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો ગ્રહણ (જાણવું) થતું નથી...'** આહા..હા...! આ ઇન્દ્રિયો વડે જેને જાણવું થતું નથી. એ અલિંગગ્રહણનો એક અર્થ કાઢ્યો. એવા વીસ અર્થ છે !

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરને જાણે છે, એ પરને નથી જાણતું, પર સંબંધીની પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. આહા..હા...! ઇન્દ્રિયો તો નિમિત્ત છે. સિદ્ધાંતમાં તો એમ કીધું કે, છ કાયના જીવ એ છ કાયના જીવ નથી. જીવ તો જ્ઞાનસ્વરૂપ છે તે જીવ છે, એમ કહ્યું. 'પંચાસ્તિકાય' ! છ કાય જીવ, છના શરીરના જીવ એમ નથી. એ તો ભગવાન જ્ઞાનસ્વરૂપી ચીજ છે. આહા..હા...!

અસંખ્યપ્રદેશી... 'શ્રીમદ્'માં આવે છે ને ? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ.' ત્યાં તો એમ કહ્યું. અમારી ભક્તિ કરો ને બીજાની ભક્તિ કરો તો પામે, એમ ત્યાં નથી કહ્યું.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભક્તિ પણ શેની ભક્તિ ? (નિજની) ભક્તિ ભક્તિ છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં કહ્યું ને ? સ્વભક્તિ તે ભક્તિ. અંદર સ્વની એકાગ્રતા (થવી) એ ભક્તિ (છે). આહા..હા...! પેલો રાગ તો પરની ભક્તિ છે. એવી વાતું છે, ભાઈ !

**'ઇન્દ્રિયો વડે...'** આહા..હા...! સાંભળવાથી આત્માનું જ્ઞાન થાય એમ નહિ. આંખથી જોવાનું (થાય), ભગવાનને આમ જોવે, એનાથી આત્માનું જ્ઞાન થાય એમ નહિ. આહા..હા...! એમ ભગવાનની વાણી – ધ્વનિ સાંભળે, એ શબ્દથી આત્માનું જ્ઞાન થાય એમ નહિ. આહા..હા...! શબ્દને સાંભળવા ટાણે જે જ્ઞાનની પર્યાય ઉઠે છે એ શબ્દથી નહિ. પોતાની શક્તિ(થી ઉઠે છે). છતાં પણ એ જ્ઞાન આત્માનું નહિ. શું કહ્યું ?

ભગવાનની વાણી સાંભળે છે તે કાળે જે જ્ઞાનની પર્યાય થાય છે ઈ વાણીથી નહિ, ઇન્દ્રિયથી નહિ, એની જ્ઞાનની પર્યાય અંદરમાં થાય છે. છતાં એ જ્ઞાનની પર્યાય દ્વારા આત્મા જણાય એવો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! આવુ ઝીણું છે, ત્યાં રૂપિયા-બુપિયામાં ગુંચાઈ ગયા !

.... પેલા ભાઈએ વાત ન કરી ? અઢી અબજનું નુકસાન છે ! અઢીસો કરોડ ! અઢીસો

કરોડનું નુકસાન છે ! માણસ મરી ગયા એ તો જુદા. આહા..હા...! અઢીસો કરોડ એટલે અઢી અબજ ! (એક ભાઈ) કહેતા હતા. ઈ વખતે ત્યાં હતા. એના ઘરમાં બાવીસ ફૂટ પાણી આવી ગયું. મોઢા આગળ દરવાજો છે, તોડી નાખ્યો. એટલું પાણી ! ઈ પાણી તો નિમિત્ત છે. ઈ પડવાનો જોગ હતો તો પડ્યો.

અહીં કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ ! પાંચ ઇન્દ્રિયો વડે આત્માનું જાણવું થતું નથી. આહા..હા...! આ સાંભળવાથી આત્માનું જ્ઞાન થતું નથી એમ કહે છે. આહા..હા...! કેમકે શ્રવણ છે એ તો જડ ભાષા (છે) અને જ્ઞાન થાય છે એ તો પોતાની પર્યાયની ઈ જાતના ક્ષયોપશમની યોગ્યતા (છે તેથી થાય છે). પણ એ યોગ્યતા તે પરલક્ષીજ્ઞાન છે. આહા..હા...! પરલક્ષીજ્ઞાનમાં એકાકાર રહે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા...! ગજબ વાત છે ! ઇન્દ્રિયોથી થતું જ્ઞાન તેનાથી પણ જણાય એવો નથી. આહા..હા...! બહુ સારો અધિકાર છે ! ....

આહા..હા...! પહેલો અર્થ કીધો. **'ગ્રાહક...'** એટલે જાણનારો. જાણનારો ભગવાન એટલે જ્ઞાયક. ગ્રાહક શબ્દ વાપર્યો. 'અમૃતચંદ્રાચાર્યદેવે' અલિંગગ્રહણ (શબ્દમાંથી) આ એક અર્થ કાઢ્યો. ગ્રાહક – જાણનારો. ભગવાન ચૈતન્યચંદ્ર ! ચૈતન્યચંદ્ર ! જ્ઞાનની શીતળતાના સ્વભાવથી ભરેલો ભગવાન ! આહા..હા...! એ ઇન્દ્રિયોથી અને ઇન્દ્રિયોથી થતું જ્ઞાન, એનાથી જણાય એવો નથી. સમજાય છે કાંઈ આમાં ? ઇન્દ્રિયોથી એનો અર્થ ઈ (છે). ઇન્દ્રિયોથી જે જણાય છે એનાથી જણાય એવો નથી. આહા..હા...! આવી વાતું છે.

તારે ચૈતન્યના તળનો પત્તો લેવો હોય, પ્રભુ ભગવાન અંદર (બિરાજે છે). ભોંયરામાં જેમ ભગવાન બિરાજે છે, એમ પર્યાયમાં અંદર ભગવાન બિરાજે છે. આહા..હા...! એ તળિયાનું તળ લેવું હોય તો જ્ઞાનની પર્યાયથી જણાશે. એ સ્વદ્રવ્યને આશ્રયે થયેલું જ્ઞાન તેનાથી જણાય છે. પરદ્રવ્યને આશ્રયે થયેલું જ્ઞાન, તેનાથી નહિ જણાય. આહા..હા...!

એક ભાવ આવ્યો, 'ભવિ ભાગન જોગ' ભવ્યને ભાગ્યને જોગ ભગવાન તારી વાણી નીકળે છે. ભવ્યના ભાગ્યના જોગ છે ત્યારે વાણી નીકળે છે. તારે વાણી કાઢવી છે ક્યાં ? એને તો વાણી નીકળે છે. આહા..હા...! છતાં એ વાણીથી જે સાંભળવામાં આવે એ તો ઇન્દ્રિયજ્ઞાન (છે). સમજાય છે કાંઈ ? ('સમયસાર'ની) ૩૧ ગાથામાં કહ્યું છે ને ? **'जे इंदिये जिणित्ता'** એટલે ? આહા..હા...! ઇન્દ્રિય એટલે ભાવઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય અને ઇન્દ્રિયનો વિષય વાણી અને ભગવાન, એ ઇન્દ્રિયનો વિષય છે. એ બધાને ઇન્દ્રિય કીધી ! આહા..હા...!

**અનીન્દ્રિય જે ભગવાનઆત્મા, એનાથી ક્ષયોપશમનો ભાવઇન્દ્રિયનો ભાવ, જડઇન્દ્રિય અને એનો વિષય ભગવાનની વાણી, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, આબરુ એ બધાની ઇન્દ્રિય કીધી. આ..હા...! અરે...! સાક્ષાત્ ત્રણલોકના નાથને, ભગવાન અનીન્દ્રિયની અપેક્ષાએ તેને ઇન્દ્રિય કીધા. એમ ભગવાને કહ્યું. આહા..હા...! સમજાય છે કાંઈ ? તેથી ત્યાં એમ પાઠ છે – 'णाणसहावाधियं मुणदि आदं।' એ તો જ્ઞાનસ્વભાવથી અધિક નામ જુદો અને પૂરો (છે). આહા..હા...!**

જ્ઞાનસ્વભાવથી પરથી અધિક નામ જુદો અને પૂરો એ **'णाणसहावाधियं'** એમ શબ્દ છે. ૩૧મી ગાથા ! મૂળ પાઠ આ છે. આહા..હા...! જ્ઞાનસ્વભાવ હોવાથી પરથી જુદો અને પૂરો (છે) એને જ્ઞાનસ્વભાવથી અધિક કહેવામાં આવ્યું છે. આહા..હા...! પરથી તો જુદો, પરઇન્દ્રિય કીધી (પણ આ તો) ભાવઇન્દ્રિયથી પણ જુદો (છે). આહા..હા...! ભાવઇન્દ્રિયમાં જે જણાણું છે એનાથી પણ જુદો ! ... વ્યાખ્યા છે. સત્યનો પોકાર છે આ !

ભગવાન ! તું ઇન્દ્રિયોથી સાંભળવાથી તને તારું જ્ઞાન થાય એવો તું નથી, એવો તું નથી. આહા..હા...! અને સાંભળવાથી જ્ઞાન થયું એ પણ પોતાથી થયું. વાણી તો નિમિત્ત છે. એ પોતાથી જ્ઞાન થયું એનાથી પણ તું જણાય એવો નથી (કેમકે) એ તો ઇન્દ્રિયજ્ઞાન છે. આહા..હા...! આવી વાતું છે !

**'ગ્રાહક (–જ્ઞાયક) એવા જેને...'** એટલે આત્મા. **'લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (–જાણવું) થતું નથી...'** આહા..હા...! ભગવાનઆત્માને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. ઇન્દ્રિયો વડે જે જાણવું થાય તે આત્મા નહિ. અરે...! આવી વાતું છે. સમજાય છે કાંઈ ? **'તે અલિંગગ્રહણ છે;...'** ઇન્દ્રિયો, ઇન્દ્રિયના નિમિત્તો અને ઇન્દ્રિયથી થયેલું જ્ઞાન, એ બધાથી ભગવાન જણાય એવો નથી. **'તેથી તે અલિંગગ્રહણ છે;...'** એથી તે લિંગથી જણાય એવો નથી. લિંગ એટલે કે ઇન્દ્રિયો, ઇન્દ્રિયનો વિષય અને ભાવઇન્દ્રિય, એ ત્રણેથી ન જણાય એવો એ આત્મા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે...'** આ..હા..હા...! ભગવાન તો અતીન્દ્રિય જ્ઞાનપર્યાયમય છે. એ અતીન્દ્રિય જ્ઞાનની જે પર્યાય (થાય) તેનાથી જણાય એવો છે. **'એવા અર્થની...'** અલિંગગ્રહણમાં આવો અર્થ નીકળે છે. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે 'કુંદકુંદાચાર્યદેવ'ના અલિંગગ્રહણ (શબ્દમાં) પહેલો બોલ આવો નીકળે છે.

વિશેષ કહેશે...

**ભાદરવા સુદ ૧, ગુરુવાર તા. ૨૩-૦૮-૧૯૭૯**
**ગાથા – ૧૭૨**
**પ્રવચન નંબર–૧૭૪**

('પ્રવચનસાર' ગાથા–૧૭૨) (પહેલા બોલમાં) **'જેને'** (શબ્દ છે), બીજા બોલમાં **'જેનું'** એમ આવશે. બેમાં ફેર છે. **'જેને...'** એટલે જ્ઞાયકભાવ ભગવાનઆત્મા ! એને **'લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (–જાણવું) થતું નથી...'** એને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. એ તો અતીન્દ્રિયથી જાણનારો છે. આહા..હા...! સમજાય છે ?

**'જેને...'** એટલે આત્માને – જ્ઞાયકભાવને **'લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (–જાણવું) થતું નથી...'** જેને – ભગવાન જ્ઞાયકને ઇન્દ્રિય વડે જાણવું થતું નથી. એ તો અતીન્દ્રિયથી જાણનારો છે. આહા..હા...! આવું એનું સ્વરૂપ છે. અરે...! એક બોલ (પણ) કેવો છે ! 'જેને' હતું, હવે 'જેનું' (કહે છે). જેનું એટલે આત્માનું જાણપણું કેમ થાય ? આહા..હા...! જેને એટલે આત્માને ઇન્દ્રિયથી જાણવું નથી, એક વાત.

હવે, જેનું **'(જણાવાયોગ્ય) એવા જેનું, લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (–જાણવું) થતું નથી...'** આત્મા ઇન્દ્રિય વડે પકડાતો નથી એમ કહે છે. સમજાય છે કાંઈ ? જેને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. જેનું ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. બેમાં ફેર પડ્યો ? આહા..હા...! ભગવાનઆત્મા જ્ઞાયકભાવ ! એને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. આ..હા..હા...! એ તો અતીન્દ્રિયથી જાણનારો છે. પરને પણ અતીન્દ્રિયથી જાણનારો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? બહુ ઊંચી ચીજ છે. આ તો સાદું ગુજરાતી સમજાય એવું છે. આહા..હા...!

**'(જણાવાયોગ્ય) એવા જેનું,...'** (જેનું) એટલે જણાવાયોગ્ય આત્મા, એનું, એમ. પેલું તો જાણવાયોગ્યનું (એમ હતું). જાણવું ઇન્દ્રિયથી થતું નથી. આ..હા..હા...! અરે...! લોકોને

ક્યાં પડી છે ? આ ચીજને સમજ્યા વિના, સમ્યગ્દર્શન થયા વિના એની બધી ક્રિયાકાંડ સંસાર ખાતે રખડવાની છે. આહા..હા...! **'(જણાવાયોગ્ય) એવા જેનું,...'** જાણનારો ઇન્દ્રિયથી જાણતો નથી. હવે જાણનારો – જેને જાણવું છે એ ઇન્દ્રિયથી જણાય એવો નથી. આહા..હા...!

**'(જણાવાયોગ્ય) એવા જેનું,...'** જણાવાયોગ્ય એવો ભગવાનઆત્મા એનું. **'લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (–જાણવું) થતું નથી...'** આહા..હા...! જણાવાયોગ્ય એવો આત્મા ઇન્દ્રિયો વડે જણાતો નથી. આહા..હા...! પહેલાં (એમ આવ્યું કે), ઇન્દ્રિયો વડે જાણતો નથી. હવે અહીં કહે છે કે, ઇન્દ્રિયો વડે પોતે જણાતો નથી. આહા..હા...! બહુ ઝીણી વાતું, બાપા ! અલૌકિક વાત છે !

'પ્રવચનસાર' ! ત્રણ લોકના નાથની દિવ્યધ્વનિ ! પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે એની આ વાણી છે. આહા..હા...! 'કુંદકુંદાચાર્યદેવ' સંદેશ લાવ્યા, પ્રભુ આમ કહે છે. આહા..હા...! આ તો સાદી ભાષા છે. આ..હા...!

**'ગ્રાહ્ય...'** (પહેલા બોલમાં) **'ગ્રાહક'** હતું. ગ્રાહક (અર્થાત્) જાણનારને ઇન્દ્રિય વડે જાણવું થતું નથી એટલું (લેવું). હવે, જેનું – જણાવાયોગ્ય એવો ભગવાનઆત્મા એ ઇન્દ્રિયો વડે જણાતો નથી. આહા..હા...! એ તો અતીન્દ્રિય (જ્ઞાન) દ્વારા જણાય એવો છે, પોતે હોં ! અતીન્દ્રિયથી પરનો જાણનારો છે, અતીન્દ્રિયથી જણાય એવો પોતે છે. આહા..હા...! આ (શરીર) તો માટી (છે), બાકી બહારની સાથે સંબંધ શું છે ? પાંચ ઇન્દ્રિયો સાથે સંબંધ શું ? એ તો જડ છે. શ્વેતાંબરમાં એવું બહુ આવે (કે), નિમિત્તથી થાય, નિમિત્તથી (થાય). પ્રભુ ! નિમિત્તથી શું થાય ? નિમિત્ત હો, કાર્ય થાય એ નિમિત્તથી ન થાય.

પોતાને જેને જાણવો છે, જેનું જાણવું થવું (થાય) છે એને ઇન્દ્રિયો વડે જણાવું (થતું) નથી. જણાવાયોગ્ય એવો ભગવાનઆત્મા !... આ..હા..હા...! ઇન્દ્રિયો વડે જણાવાયોગ્ય નથી. આહા..હા...! એ તો અતીન્દ્રિય જ્ઞાનની પર્યાયથી જણાય એવો છે. આહા..હા...! ઝીણી વાત, ભાઈ ! પ્રભુ ! તું કોણ છો ?

કહે છે, જેને – ગ્રાહક – જાણનારને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. ઈ પહેલો બોલ (થયો). હવે **'(જણાવાયોગ્ય) એવા જેનું,...'** આહા..હા...! જણાવાયોગ્ય ભગવાનઆત્માનું. ઇન્દ્રિયોથી જણાય એવો નથી. આહા..હા...! એનો અર્થ ઈ કે, સાંભળીને જણાય એવો એ નથી. એમ કહે છે. આહા..હા...! ભગવાનની વાણી સાંભળે માટે જણાય (એવો એ નથી). આહા..હા...! ઝીણી વાત છે. મૂળ મુદ્દાની વાત છે આ ! માણસ કહે ને ? વીસ વરસથી

વ્યાજ આપ્યું. તમને પાંચ લાખ આપ્યા હતા અને આઠ આના તરીકે વ્યાજે આપ્યા. હવે મૂળ રકમ તો લાવો !

એ અમારે ‘દામનગર’માં થયું હતું. (એક શેઠ) ગામનો ગરાસ હતો તો વીસ વર્ષથી ગરાસ ખાતા. સરકાર તરફથી (હુકમ) આવ્યો કે જેનો ગરાસ વીસ વર્ષથી ખવાતો (હોય) એ ગરાસ આપી દ્યો. વાણિયાને એની મૂળ રકમ આપી દ્યો. ગરાસનું વ્યાજ ખાતા હતા. પછી તો ‘ગાયકવાડ’ સરકાર પાસે ગયા હતા (જઈને કહ્યું), ‘સાહેબ ! આમ તો બહુ અન્યાય થાય છે.’ (તો સરકારે કહ્યું) ‘તમારા એકલા માટે કર્યું છે ?’ ‘ગાયકવાડ’ સરકાર હતા. ‘ગાયકવાડ’ સરકાર પાસે ગયા. મોટો ગરાસિયો ! આપણો દસાશ્રિમાળી વાણિયો, હોં ! મોટો ગરાસ ઘરે ! દસ હજારનું તો એક ગામ ઘરે (હતું) ! ચાલીસ હજારની ઉપજ તે દિ’ ૭૦ વરસ પહેલાં (હતી). (સરકારે કહ્યું), વ્યાજ ખાધું ઈ આપી દ્યો. મૂળ રકમ છે એને આપી દ્યો. આહા..હા...!

એમ આ મૂળ રકમ ભગવાન છે. એ ઇન્દ્રિયથી જણાય એવો નથી. ઇન્દ્રિયથી જાણવું તેં ઘણી વાર અનંત વાર કર્યું. આ..હા...! એને જાણવા માટે ઇન્દ્રિયથી જાણવાનું તેં ઘણીવાર કર્યું પણ ભગવાન ઇન્દ્રિયથી જણાય એવો નથી. આહા..હા...! ભારે કામ, ભાઈ ! સમ્યક્‌દૃષ્ટિને અતીન્દ્રિયજ્ઞાનની પર્યાયથી તે જણાય એવો છે. આ..હા..હા..હા...! દયા, દાન ને વ્રત ને ભક્તિના રાગના પરિણામથી જણાય એવો નથી. કારણ કે એ એનામાં છે નહિ. એનામાં નથી એનાથી જણાય એવો નથી. એનામાં જે અનીન્દ્રિયપણું છે એ અનીન્દ્રિયથી જણાય એવો છે. આહા..હા...! અરે..રે...! આવી વાત સાંભળવા મળે નહિ એ કે દિ’ અંદર પ્રયોગ કરે ? આ..હા...! બહારની પ્રવૃત્તિ અને ક્રિયાકાંડમાં બધા જીવન ગુજાર્યાં. ભાઈ ! આહા..હા...!

ગ્રાહક (એટલે) જાણનારો પરને ઇન્દ્રિય દ્વારા જાણતો નથી. હવે જણાવાયોગ્ય એવો ભગવાન ઇન્દ્રિયથી જણાય એવો નથી. આહા..હા...! એકલા અમૃત ભર્યાં છે ! એકલા સિદ્ધાંત – પરમાર્થભૂત તત્ત્વ ભર્યાં છે ! આહા..હા...! આ સિદ્ધાંત કહેવાય. સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાંત કહીએ. આહા..હા...! ભગવાન ઇન્દ્રિયોથી જણાય એવો એ નથી. આહા..હા...! છે ?

જણાવાયોગ્ય એટલે **‘ગ્રાહ્ય...’** છે ને ? (પહેલા બોલમાં) ‘ગ્રાહક’ (શબ્દ) હતો. (એટલે) જ્ઞાયક (કે) જેને લિંગો વડે જ્ઞાન થતું નથી. આ તો જણાવાયોગ્ય જેનું (એમ કહ્યું). આહા..હા...! જણાવાયોગ્ય (જે) ઇન્દ્રિયોથી જણાય એવો નથી. આ..હા...! છે ? **‘ઇન્દ્રિયો વડે ગ્રહણ**

**(–જાણવું) થતું નથી...'** આ..હા..હા...! ભગવાનની વાણી કાને સાંભળી તો એ કાને સાંભળ્યું એનાથી જણાય એવો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– આપ સમજાવો છો તો અમારી સમજમાં આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હજી વાર છે. સમજાય છે આમાં ? આહા..હા...! ઝીણી ચીજ છે, ભાઈ ! સાંભળવાથી જાણવામાં આવે છે ઈ વાત જૂઠી છે એમ કહે છે. સાંભળવામાં આવે છે એવું જે જ્ઞાન, એ કાંઈ સાંભળે છે તેથી જ્ઞાન થયું નથી. એ જ્ઞાનની પર્યાય તો પોતાથી થઈ છે. છતાં તે પર્યાયથી જીવનું જાણવું થતું નથી. આ..હા..હા..હા...! સમજાય છે કાંઈ ? સાંભળે છે અને જે જ્ઞાનનો પર્યાય થાય છે એ સાંભળવાથી થયો નથી. એક વાત. પણ સાંભળવા કાળે જે જ્ઞાન પોતાથી થયું છે એ જ્ઞાન દ્વારા આત્મા જણાય એવો નથી. આહા..હા...! કહો, આવી મીઠી વાતું છે !

**'ગ્રાહ્ય...'** આહા..હા...! ગજબ ટીકા છે ! 'અમૃતચંદ્રાચાર્યદેવે' ગજબ કામ કર્યા છે ! આહા..હા...! (એક) હજાર વર્ષ પહેલાં પ્રભુ (વિચરતા) હતા. દિગંબર સંત (એટલે) પૃથ્વી ઉપર ચાલતા સિદ્ધ !! આહા..હા...! અનંત ગુણનો પિંડ એવો પ્રભુ ! ઇન્દ્રિયો વડે જણાવાયોગ્ય નથી. સાંભળીને જણાવાયોગ્ય નથી એમ કહે છે. આહા..હા...! શાસ્ત્રનું વાંચન કરે એનાથી જણાવાયોગ્ય નથી.

પ્રશ્ન :– મન દ્વારા વિચાર કરે એનાથી જણાય ?

સમાધાન :– મન દ્વારા જણાય એવો નથી. મન (છે) એ ઇન્દ્રિયનો એક ભાગ છે. આહા..હા...!

**'(જણાવાયોગ્ય) એવા જેનું,...'** (અર્થાત્) ભગવાનઆત્માનું. **'લિંગો વડે એટલે ઇન્દ્રિયો વડે ગ્રહણ (–જાણવું) થતું નથી...'** આ..હા..હા...! ગજબ કરે છે ને કામ ! વસ્તુની સ્થિતિ આ છે, વસ્તુની મર્યાદા આ છે. આ..હા...! ભગવાનની વાણી સાંભળે, શાસ્ત્ર વાંચે, ઈ તો કહ્યું હતું ને ? કે, સૂત્રનું અધ્યયન કરે ઈ પણ એક ઉપકરણ છે. જેમ લિંગ – શરીરનું નગ્નપણું એક ઉપકરણ છે ને ? એમ ગુરુવચન અને સૂત્રઅધ્યયન પણ પર લિંગ – પર ઉપકરણ છે, એ સ્વ નહિ. 'પ્રવચનસાર'માં આવ્યું છે ને ? આહા..હા...! નગ્નદશા (રૂપ) લિંગ જેમ પરરૂપ ઉપકરણ છે એમ વીતરાગની વાણીનું વાંચન કરવું, સૂત્ર અધ્યયન (કરવું)... આહા..હા...! એ પણ પર ઉપકરણ છે. આવી વાત ! અને ગુરુનું વચન પણ પર ઉપકરણ છે ! આ..હા..હા...! શું શૈલી પ્રભુની !! આહા..હા...! અને દેવ-ગુરુ અને શાસ્ત્રનો વિનય,

સાચા ગુરુ, સાચા સંત, સાચા અરિહંત, સાચા શાસ્ત્ર તેનો વિનય બાહ્ય ઉપકરણ છે. આહા..હા...! એ અંતરનો ઉપકરણ નહિ. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! લોકોને તો થોડું વાંચીને કાંઈક જાણવું થયું (તો માની લે) કે જાણે જ્ઞાન થઈ ગયું !

ઇન્દ્રિયના સંબંધે અગિયાર અંગનું જ્ઞાન કર્યું પણ એ જ્ઞાન નહિ, એ આત્માનું જ્ઞાન નહિ. એ ભગવાનઆત્માનું જ્ઞાન તો અતીન્દ્રિય જ્ઞાનની પર્યાયથી જણાય એવો એ આત્મા છે. આ..હા..હા...! આંખ્યું વીંચીને બેસે માટે જણાય જાય એમ નહિ એમ કહે છે. આંખ્યું ખુલ્લી રાખીને જોવે કે બંધ કરીને જોવે એ એનાથી જણાય એવો નથી. ઝીણી વાત છે, ભાઈ ! આ તો પ્રભુના ઘરની ધારા છે ! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવની આ વાણી છે. આહા..હા...!

એ વાત કહી ને ? કે, શ્વેતાંબરમાં આ વાત નીકળી કે, જગતના સર્વ પ્રદેશથી, લોક-અલોકના પ્રદેશથી દરેક જીવના અનંત ગુણ છે. એ શ્વેતાંબરના બીજા અધ્યયનમાં નીકળ્યું. દિગંબર તો સનાતન છે તો એમાં તો ક્યાંક હોવું જોઈએ. હાથ ન આવે પણ એમાં ક્યાંક છે. આહા..હા...! આત્મામાં કેટલા ગુણ છે ? આ આકાશ જે અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... (છે એનો) ક્યાંય છેડો છે ? દસે દિશા(નો ક્યાંય અંત છે) ? લોકના અંત પછી લક્ષ કર કે પછી... પછી... પછી... પછી... પછી... દસે દિશામાં પછી ક્યાંય એના છેડા નથી. આહા..હા...! એના જે પ્રદેશો અનંત... અનંત... (છે) એના કરતાં પણ એક એક દ્રવ્યમાં અનંતગુણા ગુણ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? બે દિ'થી હાથ નહોતું આવતું (પણ) આજે આવી ગયું. કહેતા આ કહીએ છીએ, કેટલી વાર કહ્યું છે ઈ કાંઈ અધ્ધરથી નથી કહ્યું. દિગંબર સાચા (પણ આ) તો શ્વેતાંબર શાસ્ત્રમાં (નીકળ્યું), શ્વેતાંબર તો નવા નીકળ્યા. આ તો દિગંબર શાસ્ત્રમાં તો એ વાત હોય જ. પણ આપણને હાથ ન આવે તો શું થાય ? આહા..હા...!

અહીં કહે છે કે, અનંત ગુણ – આકાશના પ્રદેશથી પણ ભગવાનઆત્માના અનંત ગુણ (છે). એ અનંત ગુણનો પિંડ પ્રભુ ઇન્દ્રિયથી જણાય એવો નથી. આહા..હા...! એ બધા ગુણો અતીન્દ્રિય છે. તેથી તે અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય અંતરમાં વાળતા એ અતીન્દ્રિય પર્યાય દ્વારા જણાય એવો છે. આહા..હા...! આકરું કામ છે, ભાઈ ! સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કોઈ અલૌકિક ચીજ છે ! લોકો સાધારણ રીતે માની બેઠા (એવી) એ વસ્તુ નથી. આ તો ત્રણલોકના નાથ એણે જે કહ્યું છે એ સંતોએ પોતે જાણ્યું છે, એ જાણેલું

જગતને જણાવે છે.

પ્રભુ ! તું કેવડો છો ? કે, તું એવડો છો કે તું ઇન્દ્રિયથી જાણનારો નથી એવડો છો. પ્રભુ ! તું કેવડો જણાય એવો છો ? કે, ઇન્દ્રિયથી જણાય નહિ એવડો મોટો છો. આ..હા..હા...! તું કેવડો છો ? કે, ઇન્દ્રિયથી જાણવું થાય એવડો તું નથી. તું કેવડો છો ? કે, ઇન્દ્રિયથી તું જણાય એવડો નથી. આહા..હા...! ગજબ કર્યું છે ને ! આ સિદ્ધાંત કહેવાય ! આહા..હા...! જે સત્યને જાહેર કરે.

પ્રભુ સત્યસ્વરૂપ ! અનંત અનંત ગુણ ! આકાશના પ્રદેશ કેટલા ? કે, અંત નહિ, પ્રભુ ! શું છે આ ? એથી અનંત ગુણનો ઢીમ ! અનંત ગુણનો ઢગલો ભગવાન ! આહા..હા...! એ ઇન્દ્રિયથી જણાય એવો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાતું છે ! અરે...! એ વાત કાને ક્યાં પડે ? બાપા ! ભાગ્યશાળીને તો કાને પડે એવી વસ્તુ છે આ ! સમજે તો પછી. આહા..હા...!

એ પરનું જ્ઞાન પણ અતીન્દ્રિયથી કરે છે અને સ્વનું જ્ઞાન પણ અતીન્દ્રિયથી થાય છે. શું વાત...! **'ગ્રાહક (–જ્ઞાયક)...'** એ જ્ઞાનનો સાગર ચૈતન્યરત્નાકર પ્રભુ ! પરને જાણવામાં ઇન્દ્રિયથી જાણતો નથી. આહા..હા...! એવી એ પરાધીન ચીજ નથી. આહા..હા...! એ ગુણનો સાગર ચૈતન્યરત્નાકર ! ઇન્દ્રિયથી જણાવાલાયક નથી. આહા..હા...! તું લાખ પુસ્તક વાંચ અને લાખ વાર સાંભળ (પણ એનાથી જણાવાલાયક નથી). આહા..હા...! આવી વસ્તુ છે. અરે...! એના એક એક બોલમાં અમૃત ભર્યાં છે ! બાપા ! આ..હા..હા...!

**'(જણાવાયોગ્ય)...'** જણાવાને લાયક. આહા..હા...! ભગવાન જણાવાલાયક છે. પણ કઈ રીતે ? અનીન્દ્રિયથી જણાવાલાયક છે. જણાવાલાયક છે એ અનીન્દ્રિયથી જણાવાલાયક છે. ઇન્દ્રિયો અને ઇન્દ્રિય સંબંધીના જ્ઞાન... આહા..હા...! એનાથી જણાય એવો નથી. ધાર્યું છે કે, ભગવાન આમ કહે છે એમ લક્ષમાં લીધું પણ લક્ષમાં લીધું ઈ તો પરલક્ષી જ્ઞાન છે. એનાથી સ્વલક્ષી જ્ઞાન અનીન્દ્રિય સિવાય જણાય એવો નથી. આહા..હા...! આવી વસ્તુ છે. અને એને જાણ્યા વિના સમ્યગ્દર્શન અને જ્ઞાન ન થાય અને સમ્યગ્દર્શન, જ્ઞાન વિના જેટલી ક્રિયાકાંડના રાગ (કરે એ) બધો સંસાર છે. આહા..હા...!

આ તો સંસારસમુદ્રમાંથી છૂટવાની વાતું છે, પ્રભુ ! આ..હા...! દરિયો આ છે, આ દરિયામાંથી છૂટવાની વાત છે. આહા..હા...! ચોરાસી લાખની યોનિમાં અવતરી અવતરીને અનંત અવતાર કર્યાં. મોટો દરિયો ભર્યો છે. આહા..હા...! અરે...! દ્રવ્યલિંગ એટલીવાર ધારણ

કર્યાં કે જેનો વાળનો એક કટકો લ્યો તો આખો મેરુ (પર્વત) ભરાય એટલી વાર દ્રવ્યલિંગ ધારણ કર્યાં ! મુનિપણાના દ્રવ્યલિંગ ! અઠ્યાવીસ મૂળગુણ, પંચ મહાવ્રત (એટલી વાર પાળ્યા). એનો (એક એક) વાળ (ભેગો કરો તો) અનંતા મેરુ ભરાય એટલી વાર તેં દ્રવ્યલિંગ ધારણ કર્યાં. પણ તેં અતીન્દ્રિય જ્ઞાનથી આત્માને જાણવાનો પ્રયત્ન કર્યો નથી. આહા..હા...! શાસ્ત્રથી સાંભળ્યું અને જાણ્યું એટલે આપણને જાણવું અને જ્ઞાન થઈ ગયું એમ માની લે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'આ રીતે આત્મા...'** અલિંગગ્રહણ છે. એટલે કે **'આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી...'** ઇન્દ્રિયપ્રત્યક્ષમાં ભગવાનની મૂર્તિ જણાય, ઇન્દ્રિયપ્રત્યક્ષમાં કાને શબ્દો સંભળાય પણ એ ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય ભગવાન નથી. આહા..હા...! હજી જેના જ્ઞાનમાં પણ ઠેકાણા નથી... આહા..હા...! ધારેલા જ્ઞાનમાં (ઠેકાણા નથી). પરથી થાય ને આનાથી થાય ને રાગથી થાય (એમ માને છે). જેના જ્ઞાનમાં – લક્ષમાં આ વાત હજી બેઠી નથી... આહા..હા...! ઈ પરથી કેમ ખસે ? પરના રાગથી અને પર તરફના જ્ઞાનથી એ કેમ ખસે ? આહા..હા...! ખસે સમજ્યા ? પરથી હઠવું. આહા..હા...!

અહીં તો પરમાત્મા... દિગંબર સંત એ પરમાત્મા જ છે ! 'નિયમસાર'માં તો કહ્યું છે કે, અરે..રે...! વીતરાગી મુનિઓ અને કેવળીઓમાં કંઈ ફેર માને તે જડ છે. એમ કહે છે. 'નિયમસાર'માં (આવે છે). મુનિ એટલે કોને કહેવા, બાપા ! એકલા નગ્ન થઈને ફરે અને ક્રિયા કરે ઈ કંઈ મુનિ નથી. જેને અંતરમાં અતીન્દ્રિય આનંદ ઉછળ્યા છે, જેણે અતીન્દ્રિય જ્ઞાન દ્વારા આત્માને અનુભવ્યો છે, એ ઉપરાંત જેને સ્વરૂપમાં રમણતા જામી ગઈ છે એવા વીતરાગી સંત અને કેવળજ્ઞાનમાં (જે ફેર માને તે જડ છે). પહેલા એક કળશ લીધો કે, સહેજ ફેર છે. પહેલામાં એમ કીધું. પછી કીધું કે, ફેર નથી, હોં ! 'નિયમસાર' ! 'કુંદકુંદાચાર્યદેવે' કહેલી વાતને 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ છે, મહા ભગવત્ સ્વરૂપ (છે) એણે ટીકા કરી છે અને એ ટીકા કરતાં એમ કહ્યું કે, આ ટીકા કરનારા અમે કોણ ? ગણધરોથી એની ટીકાનો ભાવ ચાલ્યો આવે છે એમ કહે છે. આહા..હા...! પણ અમને વિકલ્પ આવ્યા કરે છે કે, આનું વિશેષ સ્પષ્ટીકરણ થાય એમ (વિકલ્પ) આવ્યા કરે છે. એથી આ ટીકા બને છે. આહા..હા...! એમાં ઈ પોતે 'પદ્મપ્રભમલધારીદેવ' સંત દિગંબર મુનિ એટલે... આહા..હા...! પરમેશ્વર છે એ તો ! એકલા નગ્ન અને ક્રિયાકાંડી નહિ. અંતરમાં વીતરાગી પરિણતિ જેની પ્રગટ થઈ છે, અતીન્દ્રિય આનંદના ઝુલે જે ઝુલે છે ! આ 'મોરબી'માં

નહોતો ? ઝુલતો પુલ ! ઈ પણ તૂટી ગયો, એમ કહે છે. આમ અધ્ધર ઝુલતો હતો !

એમ ભગવાનઆત્મા ! અતીન્દ્રિય આનંદને ઝુલે, સાતમી ભૂમિકા (–ગુણસ્થાન) આવે ત્યારે અતીન્દ્રિય આનંદનું વેદન વિશેષ થાય. વળી વિકલ્પ ઊઠે ત્યારે છઠ્ઠુ આવે. કોઈ એમ કહે છે કે, ભાઈ ! એ તો અપ્રમત્ત દશા થાય ત્યારે સમ્યક્ત્વ થાય. જો અપ્રમત્ત હોય તો એને અંતર્મુહૂર્તમાં છઠ્ઠુ પ્રમત્તપણું આવવું જોઈએ. અપ્રમત્તપણું જેને આવે એને પછી તરત પ્રમત્તપણું પણ આવે જ અને પ્રમત્તપણું આવે એને તરત જ અપ્રમત્તપણું આવે. એટલે જો એમ કોઈ કહે કે, અત્યારે અપ્રમત્તપણું નથી એટલે સમકિત નથી તો ઈ મુનિ જ નથી. સમજાય છે કાંઈ ? એ સમ્યક્દૃષ્ટિ નથી. આહા..હા...! આકરું કામ બહુ !

અહીંયાં તો આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો (અર્થાત્) પાંચે ઇન્દ્રિયોથી એ પ્રત્યક્ષ જણાય એવો નથી. ઇન્દ્રિયપ્રત્યક્ષનો એ વિષય જ નથી. એ તો અતીન્દ્રિય જ્ઞાનની પર્યાયનો વિષય છે. આહા..હા...! પામર પ્રાણી, સાધારણ માને (કે) હું આવો. એક રાગમાં રસબસ થઈ જાય, વિષયમાં, ભોગમાં, આબરુમાં (રસબસ થઈ જાય). અર..ર..ર...! પ્રભુ ! તને શું થયું છે ? એને આ વાત કરવી ! આહા..હા...! જેને પરના રસ ચડી ગયા એને સ્વનો રસ કેમ આવે ? આહા..હા...! અને સ્વનો રસ તો અતીન્દ્રિય પર્યાયથી આવે એવો છે, બાકી આવે એવો નથી. આહા..હા...!

**'આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની...'** અલિંગગ્રહણમાંથી **'પ્રાપ્તિ થાય છે.'** આવા અર્થ અતીન્દ્રિય ગ્રહણમાંથી નીકળે છે. એમ કહે છે. ઈ તો પહેલું કહ્યું હતું ને ? શબ્દ તો કહેવો છે – અલિંગગ્રાહ્ય (એટલે કે) લિંગ વડે ગ્રહાય નહિ, ઇન્દ્રિય વડે ગ્રહાય નહિ, ઇન્દ્રિય દ્વારા જાણે નહિ, કહેવું છે ઈ. છતાં અલિંગગ્રહણ કેમ કહ્યું ? (કારણ કે) ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ'ને અલિંગગ્રહણના ઘણા અર્થો કહેવા છે. એકલો અલિંગગ્રહણ એક જ શબ્દ (કહેવો છે) એમ નહિ. આ..હા..હા...! આવા તો વીસ બોલ છે ! અ-લિં-ગ-ગ્ર-હ-ણ – છ અક્ષરો (છે). સિદ્ધાંત છે, ભાઈ ! આ સિદ્ધાંત છે.

ભગવંત અંદર સિદ્ધ સ્વરૂપ છે. આહા..હા...! એ સિદ્ધસ્વરૂપનું જ્ઞાન ઇન્દ્રિયથી અને ઇન્દ્રિયથી સાંભળેલા જ્ઞાનથી ન થાય. આ..હા..હા...! આવ્યું ને ? **'ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી...'** આહા..હા...! એ તો અનીન્દ્રિય દશાનો પ્રત્યક્ષ વિષય છે. આહા..હા...! સમજાય એટલું સમજવું, ભાઈ ! આ તો ચૈતન્યરત્નનો દરિયો છે ! દિગંબર ધર્મ એટલે આત્મધર્મ ! આહા..હા...! બે બોલ થયા. ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અલિંગગ્રહણમાંથી આ અર્થ

નીકળે છે એમ. અર્થ એટલે ભાવ. આ ભાવ એમાંથી નીકળે છે. શબ્દોમાં કંઈ ભાવ નથી પણ શબ્દોમાં કહેવાનો જે ભાવ છે ઈ આ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ત્રીજો બોલ. **'જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે...'** આ ધુમાડો છે તો ત્યાં અગ્નિ છે એમ જાણવું થાય છે. અનુમાન કરે ને ? ભલે અગ્નિ દેખાય નહિ પણ ઘરમાંથી ધુમાડો નીકળે છે માટે ત્યાં અગ્નિ છે. પહેલાં નળિયાનાં મકાન હતા ને ? તો અંદર નળિયામાંથી ધુમાડા નીકળે. ત્યારે જાણનારને જાણવામાં આવે કે, અહીં કાંઈક રંધાય છે અને ત્યાં અગ્નિ છે. એ ધુમાડા વડે... ધુમાડા સમજતે હો ? ધુંવા. ધુંવા દ્વારા અગ્નિનું જાણવું થાય છે. ગ્રહણ એટલે અગ્નિનું જાણવું થાય છે. આહા..હા...! ગ્રહણ એટલે અગ્નિને પકડે છે એમ નહિ. ધુમાડા વડે અગ્નિ પકડાય છે એમ નહિ, અગ્નિનું જાણવું થાય છે. આહા..હા...! અરે... અરે...!

ત્રીજો શબ્દ આવ્યો ને ? પહેલો ગ્રાહક (આવ્યું પછી) ગ્રાહ્ય (આવ્યું) અને અહીં ગ્રહણ (આવ્યું). ત્રણ શબ્દો વાપર્યા છે. પહેલાં ગ્રાહક (એટલે) જ્ઞાયક. ગ્રાહ્ય (એટલે) જણાવાલાયક. આહા..હા...! પછી ગ્રહણ. આ તો પરમાત્માની વાણી, બાપુ ! લોકોને હજી બહારના ઠેકાણા ન મળે એને આ વાત (સમજવી કઠણ પડે). એમને એમ જિંદગી પૂરી કરીને ચાલ્યા જશે. આહા..હા...!

બહારની કાંઈક ક્રિયા કરે તો એને એમ માને કે... આ..હા...! અત્યારે જુઓને આ 'મોરબી'નું (થયું એના માટે) ચારે કોર ખરડા થાય છે. ત્યાં પેલો મોઢા આગળ હોય (અને) ભાષણ કરે એને એમ લાગે કે, આપણે તો... આ..હા...! કેવું કામ કરીએ છીએ ! આહા..હા...! આત્મા પરને રાહત આપી શકતો નથી. પરની પર્યાય થાય ત્યાં બીજો એને મદદ કરે એવું છે ક્યાં ? આહા..હા...! આકરું કામ, જગતથી ઊંધું બહુ, બાપુ ! આહા..હા...!

અહીં કહે છે, **'ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે...'** ગ્રહણ એટલે જાણવું થાય છે. **'તેમ લિંગ દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્ય દ્વારા (–ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા)...'** આહા..હા...! ઇન્દ્રિયોથી જણાય એવા ચિહ્ન દ્વારા – એંધાણ દ્વારા. આહા..હા...! **'જેનું ગ્રહણ (–જાણવું) થતું નથી...'** અનુમાનથી ઇન્દ્રિયથી જણાય એવો એ આત્મા નથી. આહા..હા...! જેમ ધુમાડો છે ત્યાં અગ્નિ છે એમ આ રાગ છે ત્યાં આત્મા છે એમ જણાય એવો નથી કહે છે. આહા..હા...! રાગ કરનારો છે અને રાગ એની પર્યાયમાં છે માટે રાગથી જણાય એવો એ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાત ! આ તો મૂળ આત્માની

પહેલી વાત છે.

(જેમ) ધુમાડા દ્વારા અગ્નિનું જાણવું થાય છે તેમ લિંગ દ્વારા એટલે ઇન્દ્રિયગમ્ય ચિહ્ન. (એટલે કે) આ કાંઈક આમ ઠર્યો છે ને આ આમ છે ને ધ્યાનમાં છે ને... ઈ બહારના ચિહ્ન દ્વારા ઈ જણાય એવો નથી. સમજાણું કાંઈ ? આંખ્યું વીંચીને બેઠો છે માટે જાણવાના ધ્યાનમાં બેઠો છે એમ નથી. આહા..હા...! ઇન્દ્રિયગમ્ય ચિહ્ન દ્વારા એ જણાવાલાયક નથી. આહા..હા...!

આમ તો એક શાસ્ત્રપાઠ છે કે, આ જીવ અભવિ છે કે ભવિ ? એવો પાઠ છે. તો એનો એક સાધારણ (અર્થ) કર્યો છે કે, આ દક્ષિણી છે કે કાઠિયાવાડી છે ? એમ. પણ એકમાં તો એવું કહ્યું છે કે, આ ભવિ છે કે અભવિ ? આહા..હા...! પણ તેને જાણનારો જીવ તેને સમ્યગ્દર્શન, જ્ઞાન છે તેવું જ્ઞાન થાય છે. આહા..હા...! અને એના વડે એ નક્કી કરે છે કે, આ તો ભવિ મોક્ષમાર્ગી છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એના જ્ઞાનમાં પરવસ્તુમાં સમ્યક્દષ્ટિ (છે), જ્ઞાન છે, આ ચારિત્ર છે એવું અહીં જ્ઞાન થાય છે (એમ) કહે છે. એવી અતીન્દ્રિય જ્ઞાનમાં તાકાત છે... આ..હા..હા...! કે, આ ભવિ છે એવો નિર્ણય કરી શકે છે.

ભવિ છે એ તો એક કોર રાખો પણ ઈ મોક્ષમાર્ગમાં છે માટે ભવિ છે એવો નિર્ણય કરી શકે. આહા..હા...! એની તાકાતની વાતો શું કરવી !! આ..હા..હા...! પરનું જ્ઞાન પણ અતીન્દ્રિય જ્ઞાન દ્વારા (કરે છે). આહા..હા...! થોડું પણ બાપા ! પરમ સત્ય તો આ છે. બાકી બધી મોટી મોટી વાતું ! આમ કર્યું ને આ કર્યું... સાધુને આહાર આપવાથી આમ થાય... અરે...! પણ હજી સાધુ છે કોણ ? એની તો ખબર નથી.

'પદ્મનંદિ પંચવિંશતિકા' શાસ્ત્રમાં તો એવું આવે (છે કે), જેણે સાધુને આહાર આપ્યો એને મોક્ષ આપ્યો એવું આવે (છે). આહા..હા...! એના મોક્ષના સાધનમાં એનું આહારપણું નિમિત્ત છે. નિમિત્ત છે, હોં ! નિમિત્તનો અર્થ ઈ કાંઈ મોક્ષમાર્ગને કરતું નથી. (જો કરે) તો નિમિત્ત કહેવાય કેમ ? આહા..હા...! પણ દેનારનું લક્ષ સમ્યક્દષ્ટિ સહિત છે... આહા..હા...! એને આહાર દેવા ટાણે ખ્યાલ છે કે, આ પૂર્ણાનંદનો નાથ સાધે છે. એના જ્ઞાનમાં અતીન્દ્રિય જ્ઞાનથી એની વીતરાગતાનો ખ્યાલ આવી ગયો. તેથી કહે છે કે, એને આહાર આપ્યો એને મોક્ષ આપ્યો. એવું કહે છે. આહાર દેવાનો તો વિકલ્પ છે. આહા..હા...! પણ જ્ઞાનમાં એની જે વીતરાગતા છે ઈ તરવરે છે. એથી વીતરાગતાને પોષવા માટેનું નિમિત્ત આહાર (છે)

એમ કહીને એને મોક્ષ આપ્યો કીધું. કોઈથી અપાતો હશે ? આહા..હા...! કઈ નયનું કથન છે ઈ અપેક્ષા ન જાણે અને એક જ પકડે, આ લખ્યું ! બધું લખ્યું છે, સાંભળને !

અહીં તો કહે છે કે, ઇન્દ્રિયથી એના ચિહ્નો જે જાણે કે, આ મુનિ છે અને આ વીતરાગી છે. એ ઇન્દ્રિયનાં અનુમાનથી જાણી શકાય એવો એ જાણનારો છે જ નહિ. આ..હા..હા...! આવી વાત છે, ભાઈ ! અરે...! મંદિર બનાવ્યું, લ્યોને ! દસ લાખ, વીસ લાખ ખર્ચીને (મંદિર બનાવ્યું). એનું ચિહ્ન જણાણું કે આનો ભાવ છે. પણ ઈ ઇન્દ્રિયથી પકડ્યો માટે એને જાણવામાં આવે કે, આ વીતરાગી સંત છે (એમ નથી). આહા..હા...! અતીન્દ્રિય જ્ઞાનથી પોતે જણાણો તો પરનું (જ્ઞાન) પણ એને અતીન્દ્રિય જ્ઞાનમાં સ્વપરપ્રકાશકપણું (હોવાથી) વ્યાજબી (–પ્રમાણ) આવી જાય છે એમ કહે છે. શું કીધું સમજાણું ? આહા..હા...! જેનું જ્ઞાન પોતે અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જણાણો એવી જે પર્યાયમાં સ્વપરપ્રકાશકપણું યથાર્થપણું છે એથી પર કોણ છે એવું એના જ્ઞાનમાં જણાય જાય છે. આહા..હા...! ભારે વાત !

આ તો અત્યારે તો એમ કહે છે કે, નિશ્ચય સમકિત છે ઈ કોને ખબર પડે ? ઈ ભગવાન જાણે ! અર..ર..ર...! અને પેલી આર્જિકા છે ઈ તો ત્યાં સુધી લખે છે. મોટા પૈસા ખર્ચાવે છે ને ? પચીસ પચીસ લાખ ! 'દિલ્હી'માં ! 'હસ્તિનાપુર'માં મોટો મેરુ પર્વત બનાવ્યો. મેરું શું માનસ્તંભ (બનાવ્યો). ઈ તો એમ કહે છે કે, હમ તુમ ભવિ હૈ કિ અભવિ હૈ ? કાળલબ્ધિ પાકી છે કે નથી પાકી, ઈ સર્વજ્ઞ જાણે. આપણને ખબર ન પડે ! અર..ર..ર...! હમણાં લખાણ આવ્યું છે. અજ્ઞાનનો બહુ ક્ષયોપશમ છે અને બહારમાં પ્રસિદ્ધિ (થઈ ગઈ). દુનિયાને ભાન ક્યાં છે ? વાડામાં પડ્યા ઈ વેશ દેખીને વાતું કરે કે, આ..હા..હા...!

એક કોર એમ કહે કે, હું જ્ઞાયક છું, બધાને જાણનાર છું. એક કોર એમ કહે કે, હું ભવિ છું કે અભવિ, ઈ મને ખબર ન પડે, ભગવાનને ખબર પડે !! આહા..હા...! અરે... પ્રભુ ! તું ક્યાં (છો) ? (આ) શું છે ? ત્યાં પકડાય ગયો. હજી હું ભવિ છું કે અભવિ એની શંકા ! અર..ર..ર...! ઈ સર્વજ્ઞ જાણે (એમ) આવ્યું છે, છાપામાં આવ્યું છે. બહારમાં બહુ વખાણ (આવે છે કે) 'હસ્તિનાપુર'માં હજારો માણસો ભેગા થયેલા... આહા..હા...!

અહીં કહે છે, ઇન્દ્રિયના ચિહ્નથી અનુમાનથી આત્મા છે, એમ ન જાણી શકાય. સમજાય છે કાંઈ ? પરને અને પોતાને ઇન્દ્રિયના ચિહ્નોથી ઇન્દ્રિય જણાય કે, આ..હા...! ધ્યાનમાં બેઠો છે ને આ આંખ્યું વીંચી છે. માટે એ ઇન્દ્રિયના ચિહ્નોથી એ જણાય એવો નથી. તેમ

એનો આત્મા પણ ઇન્દ્રિયથી જણાય એવો નથી. ઇન્દ્રિયના ચિહ્નથી જણાય એવો નથી. આહા..હા...!

ભાઈ ! આ તો ભવના અંતની વાતું છે. ઈ કંઈ સાધારણ વાત નથી. આહા..હા...! ભગવાન થવાની વાત છે, ભાઈ ! અને ભગવાનસ્વરૂપ જ તું છો ! ઈ ભગવાનસ્વરૂપ ઇન્દ્રિયથી તો જણાય નહિ પણ ઇન્દ્રિયના ચિહ્નથી એનું અનુમાન કરીને જણાય એવો પણ નથી. ઇન્દ્રિયના એંધાણથી અનુમાન કરીને જણાય (એવો નથી). આહા..હા...! અરે...! એવો ત્રણલોકનો નાથ અતીન્દ્રિય પર્યાયથી જણાય. ઇન્દ્રિયથી ન જણાય અને ઇન્દ્રિયના ચિહ્નથી પણ ન જણાય. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો માખણની વાતું છે ! વીતરાગના પેટની વાતું છે, બાપા ! અરે...! અત્યારે તો સાંભળવા મળે નહિ. આખો દિ' બસ, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું... આહા..હા...! શુભ ભાવ કરો (એમ કહે).

એક ઠેકાણે સાધુ હતા (એણે એમ) કહ્યું, શુભ ભાવનો જય હો, વિજય હો ! શુભ ભાવનો વિજય હો ! લોકો એમ કહે, એમાં શું ખોટું કહ્યું ? શુભ ભાવનો વિજય હો (એટલે) રાગનો વિજય હો. આહા..હા...! એવી વાત સાંભળી છે, આવી છે. શુભ ભાવની ક્રિયામાં જોડાનારા હજારો માણસ દેખાય. દસ દસ હજાર માણસ ભેગું થાય અને એમાં બધું આ દેખાય કે ઓ..હો..હો...! કેટલા માણસો સાંભળે છે ! કેટલી વાત કરે છે કે બધાને સારી લાગે છે ! જનરંજન ! એવા ચિહ્ન ઇન્દ્રિયના અનુમાનથી તું જોવા જા, ઇન્દ્રિયના ચિહ્નથી (તું જોવા જા તો) એનું પણ સાચું જ્ઞાન નહિ થાય અને તને પણ સાચું (જ્ઞાન) નહિ થાય. આહા..હા...! છે ?

**'ધુમાડા દ્વારા અગ્નિનું...'** જાણવું થાય છે. **'તેમ લિંગ દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્ય દ્વારા...'** ઇન્દ્રિયગમ્ય દ્વારા એટલે ? **'(–ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા)...'** એમ. ઇન્દ્રિયગમ્યનો અર્થ ઈ. ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન. ઇન્દ્રિયથી જણાય કે, આ આમ બેઠો છે ને આમ છે ને તેમ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! જેનું ઇન્દ્રિયના ચિહ્ન દ્વારા. જેનું એટલે આત્માનું જાણવું થતું નથી. ઇન્દ્રિયથી તો થતું નથી પણ ઇન્દ્રિયના ચિહ્ન ઇન્દ્રિય જાણે, એંધાણથી પણ એનું જ્ઞાન થતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ઓ..હો..હો...! શું 'અમૃતચંદ્રાચાર્યદેવે' અમૃત રેડ્યા (છે) ! આ..હા...! ગજબ વાત ! પરમસત્ય છે !!

શું કહ્યું ? ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન – એંધાણ. એનાથી જેને જાણવું થતું નથી. જેને એટલે ભગવાનને – આત્માને. આહા..હા...! **'તે અલિંગગ્રહણ છે;...'** આ ત્રીજો અર્થ

નીકળ્યો. અલિંગગ્રહણનો અત્યારે ત્રીજો (અર્થ) નીકળ્યો. **'આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી...'** આહા..હા...! **'ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી...'** (અર્થાત્) ઇન્દ્રિયપ્રત્યક્ષથી અનુમાન કરે કે આ આમ છે ને તેમ છે (એમ) એનો વિષય નથી. બાપુ ! આહા..હા...!

**'આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક...'** ઇન્દ્રિયના પ્રત્યક્ષપૂર્વક અનુમાનનો એ વિષય નથી. આહા..હા...! અગમ્યગમ્યની વાતું છે બધી ! ગમ્ય છે પણ અગમ્યગમ્ય છે !!

પ્રશ્ન :– ગમ્ય થઈ શકે ને ?

સમાધાન :– થઈ શકે ને ! આહા..હા...! આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શન અને જ્ઞાનની વાત છે. ચારિત્ર તો બાપુ ! હજી ક્યાંય (દૂર છે).

ઈ કીધું ને ? (એક સાધુના) દસ પત્રો આવ્યા છે. અઢાર-ઓગણીસ વર્ષની દિગંબર દીક્ષા 'ઝાલના'માં (લીધી છે). ઘણા વર્ષ પહેલાં પત્ર આવ્યો હતો. છેલ્લો આવ્યો (એમાં એમ લખ્યું હતું કે), 'મહારાજ ! સ્વામીજી ! આ તમે આવું ક્યાંથી કાઢ્યું ? (છેલ્લા) બસો વર્ષમાં નહોતું.' એમ (લખ્યું છે). 'અને અમે સાધુ નથી, અમે સાધુ નથી, અમે મુનિ નથી, યતિ નથી. અમે સમ્યગ્દર્શન વિના આ (સાધુપણું) લઈને બેઠા છીએ. એટલું લખો સ્વામી કે, (અહીંયાં) આવો.' (અમે) કીધું, 'અમે તો કોઈને આવો, જાવો કાંઈ (કહેતા નથી).' આવે તોપણ એને કારણે અને ન આવે (તોપણ એને કારણે), અમારે કાંઈ (નહિ). પછી નીકળ્યા હતા (પણ) ગમે ત્યાં રોકાઈ ગયા (હોય એમ લાગે છે). 'ગિરનાર' (આવવાના) નામે લખ્યું હતું પણ ત્યાં આવ્યા નથી. ચોમાસુ કરીને બીજે (ગયા લાગે છે). 'ગિરનાર'ના નામે નીકળ્યા. (અહીંના – 'સોનગઢ'ના) નામે નીકળે તો લોકો વિરોધ કરે. તોપણ એનું માને નહિ, હું તો ત્યાં જવાનો છું. પણ સ્વામીજી એટલું લખે કે, આવો. તોપણ (હું ચાલ્યો જાઉં). કીધું, અમે કોઈને કહેતા નથી. અહીં આવે તો રાખવા ક્યાં ? એને આહાર કોણ આપે ? અને એ પણ લખ્યું હતું કે, આહાર ભલે ન આપે, અમે કરી લેશું. એમ પહેલાં લખ્યું હતું. અહીં કોઈને આવવા-જવાની (કહેવાની) વાત નથી. જેની ભાવના હોય ઈ આવે, ન હોય ઈ ન આવે. અમારે કાંઈ નહિ.

બીજો એક સાધુ (હતો). 'મહારાષ્ટ્ર'નો છે, ચોમાસુ 'ઇન્દોર'માં હતું. પાંચ-સાત વર્ષ થઈ ગયા. ૮૫ વર્ષની ઉંમર છે, વૃદ્ધ (છે). આમ તો સાત-આઠ દિ'નો વિહાર કરે છે એમ કહે છે. 'પાલીતાણા'થી આવ્યા હતા અને અહીંનું સમકિત પુસ્તક છે ઈ વાંચ્યું. ત્યાં

'ઇન્દોર'માં એક (ભાઈ) છે. (એમણે) વંચાવ્યું, વાંચીને અહીં કહેતા હતા, 'સ્વામીજી ! અમે સાધુ નથી, હોં ! અમે તો નથી પણ હિન્દુસ્તાનમાં અત્યારે ભાવલિંગી સાધુ કોઈ નથી.' એમ એકવાર કહેતા હતા. અરે... પ્રભુ ! શું પણ છે ? અરે...! આ પાપના ઉદયથી દ્રવ્યલિંગ નગ્નપણું આવી ચડ્યું. આહા..હા...! એમ બિચારા કહેતા હતા. કારણ કે નગ્નપણાની ક્રિયા તો વ્યવહાર છે (માટે) એટલી ન કરે તો લોકો નિંદે. ભાવસમકિત તો છે નહિ. આહા..હા...! એટલે બિચારા કહેતા, વૃદ્ધ હતા. બે દિ' રહ્યા. પછી 'ભાવનગર' આવ્યા હતા. અમારા પાપનો ઉદય, અમે નગ્ન મુનિ થઈ (ગયા). દ્રવ્યલિંગ ખોટું ધારણ કરીને બેઠા. હવે આ વાત બધાને આકરી લાગે. બાપુ ! સાધુપણું તે શું છે ! હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી, બાપા !

અહીં તો ઈ કહે છે, **'ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'**

વિશેષ લઈશું...

## ભાદરવા સુદ ૨, શુક્રવાર તા. ૨૪-૦૮-૧૯૭૯
## ગાથા – ૧૭૨
## પ્રવચન નંબર–૧૭૫

'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. ત્રણ બોલ ચાલ્યા છે ને ? ચોથો (બોલ). **'બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી...'** આહા..હા...! શું કહે છે ? બીજાઓ દ્વારા અનુમાનથી આત્મા જાણી શકાય એવો આત્મા નથી. આહા..હા...! **'બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી...'** આહા..હા...! આ જ્ઞાન તે આત્મા એવું જે અનુમાન એનાથી જણાય એવો નથી એમ કહે છે. આહા..હા...!

૪૯ ગાથામાં આવ્યું છે ને ? ત્યાં 'અલિંગગ્રહણ' શબ્દ છે. 'સમયસાર' ૪૯ (ગાથા). ત્યાં તો એમ કહ્યું છે કે, પરથી જણાય એવો નથી. દ્રવ્યઇન્દ્રિયથી જણાય એવો નથી, ભાવઇન્દ્રિયથી જણાય એવો નથી, રસ, રૂપ આદિ(થી જણાય એવો નથી). એમ હોવા છતાં સ્વસંવેદન પ્રત્યક્ષના બળથી જણાય એવો છે. માટે અનુમાનમાત્ર તે નથી. અનુમાનમાત્ર તે નથી એમ ૪૯ (ગાથામાં) છે. આકરી વાત છે. નિમિત્ત તો નથી, નિમિત્તથી તો થાય એવો નથી પણ અનુમાનમાત્રથી પણ તે આત્મા જણાય એવો નથી. આહા..હા...!

ત્યારે કહે છે કે, જણાય એવો પહેલાં કહીને પછી ત્યાં ૪૯ (ગાથામાં) એમ કહ્યું. સ્વસંવેદનના બળથી પ્રત્યક્ષ જણાય એવો (છે). તે માત્ર અનુમાનમાત્રથી જણાય એવો નથી. આહા..હા...! શું કહ્યું ઈ ? આહા..હા...! એકલા અનુમાનથી જણાય એવો નથી. આહા..હા...! છે ?

**'આત્મા અનુમેયમાત્ર...'** અનુમેયમાત્ર ! અનુમેય – અનુમાનમાત્રથી જણાય એવો નથી.

રાગથી જણાય એવો નથી, નિમિત્તથી તો જણાય એવો નથી... આહા..હા...! પણ તે અનુમેયથી પણ જણાય એવો નથી.

**પ્રશ્ન** :– સ્વ અને પર બન્નેના આત્મા કે પોતાનો એકનો આત્મા ન જણાય ?

સમાધાન :– એકને. પોતાને અનુમેયમાત્રથી જણાય એવો નથી. એક ન્યાયે તો પરને પણ એમ છે. પોતાને જ્યારે પ્રત્યક્ષ થાય છે તે પ્રત્યક્ષપૂર્વક પછી અનુમાન કરે તો થાય. ઝીણી વાત છે. શું કીધું ઈ ?

પોતાને સ્વસંવેદનબળથી પ્રત્યક્ષ થાય એ સ્વસંવેદનપ્રત્યક્ષપૂર્વક પરનું અનુમાન કરે તો જણાય એ જુદી વસ્તુ છે. પણ સ્વપ્રત્યક્ષ જેને થયું છે તે બીજાનું અનુમાન કરી શકે. પણ સ્વપ્રત્યક્ષ નથી તે અનુમાનથી બીજાને જાણી શકે (નહિ). આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! આમાં અંતરમાં વળવા આડે નવરાશ ક્યાં છે કે ઝગડા બધા ઊભા કરવા ! આહા..હા...! આવો માર્ગ ! આહા..હા...!

સ્વસંવેદનપ્રત્યક્ષબળથી – સ્વસંવેદનના બળથી પ્રત્યક્ષ જણાય એવો છે. માટે તે અનુમાનમાત્રથી જણાય એવો નથી. આહા..હા...! આવી વાતું છે. એ લોકો તો નિમિત્તથી (જણાય છે એમ કહે છે). હે ભગવાન ! તમારાથી મને જણાય છે, તમારાથી મને જણાય છે. એમ નથી. એવું લખાણ (આવ્યું છે). (લખનારે) વાંચ્યું છે આ પણ રાખ્યું છે પોતાની શૈલીથી. પણ આ ક્યાં તમારામાં છે ? ક્યાંય છે એમાં ? કે, ત્રણ-ચાર સાધુ અત્યારે હોય એવું શ્વેતાંબરમાં ક્યાં છે ? એ તો દિગંબરમાં 'જ્ઞાનાર્ણવ'માં છે.

મુમુક્ષુ :– બે-ત્રણ હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, બે-ત્રણ (હોય). 'ટોડરમલજી'એ તો એનો અર્થ કર્યો છે ને ? બે-ત્રણ કહ્યા છે એટલે બહુ થોડા છે એમ લેવું. તદ્દન બે કે ત્રણ જ છે એમ ન લેવું. 'મોક્ષમાર્ગપ્રકાશક'માં એમ લીધું છે. આહા..હા...! હવે આમાં પરની સાથે ઝગડા ક્યાં (કરવા જેવા છે) ?

મુમુક્ષુ :– પર વિના ચાલે છે ક્યાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર વિના જ ચાલે છે એમ અહીં કહે છે. અરે...! અહીં તો કહે છે કે, અનુમાનથી પણ જણાય એવો નથી એવો પ્રભુ છે. આ..હા..હા...! અંતરના સ્વસંવેદન – પોતાના – સ્વના પોતાથી સં – પ્રત્યક્ષ વેદન થાય. 'સં'નો અર્થ પ્રત્યક્ષ થાય છે. સ્વસંવેદન.. સ્વસંવેદન સ્વ નામ પોતાને પ્રત્યક્ષ વેદન થાય, જણાય એવો એ ભગવાન

છે. આહા..હા...! રાગથી જણાય નહિ, વ્યવહાર રત્નત્રયથી જણાય નહિ. આહા..હા...!

એ લોકોનું ઈ લખાણ છે, ભાઈ ! કે, ત્રણ ક્ષયોપશમના જે રત્ન છે એ શુભ રાગથી પ્રગટ થાય છે. 'દેવચંદજી'માં લખાણ છે. ક્યાંક જૂનામાં છે. ઈ છે, પહેલા સાંભળ્યું હતું, ખબર છે. એ લોકો દર્શન, જ્ઞાન, ચારિત્રને શુભરાગથી ક્ષયોપશમભાવ છે એમ માને છે. એ પણ લખાણ મળ્યું છે, આજે વળી વાંચ્યું. સાંભળ્યું છે, ઘણા વર્ષથી એ લોકોની બધી વાત સાંભળી છે. એમ કહે કે, નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એ ક્ષયોપશમભાવે છે એમાં શુભ રાગને કારણે એ ક્ષયોપશમભાવ છે. એને એમ કહે છે. આહા..હા...!

અહીં તો કહે છે કે, શુભ રાગથી તો જણાય નહિ પણ અનુમાનથી પણ ન જણાય એવો પ્રભુ છે. અરે... ભાઈ ! તું એને હલકો કરીને અનુમાનથી અને રાગથી જણાય એવો હલકો બનાવી દે એવી (એ) ચીજ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? એને હળવો – હલકો બનાવી દે કે, શુભ રાગથી સમ્યગદર્શન થાય. એમ એવી નિત્યતા આત્માને નથી. આહા..હા...! એ રાગથી ભિન્ન, રાગથી તો જણાય નહિ પણ અનુમાનથી જણાય એવો નથી એમ અહીં તો કહે છે.

અનુમાનને પ્રમાણ કહ્યું છે અને શ્રુતજ્ઞાનનો એક અંશ કહ્યો છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં ! અનુમાન એક નય છે, એમ ત્યાં લીધું છે. અનુમાન પણ છે પ્રમાણ પણ એક નય છે એમ ત્યાં 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં લીધું છે. આહા..હા...!

આ ભગવાન અંદર (બિરાજે છે), ભાઈ ! પહેલો નિર્ણય તો કર. એ સ્વસંવેદનથી જણાય એવો છે, બાકી જણાય એવો નથી. આહા..હા...! તો એને અંતર તરફનું વલણ વારંવાર રહ્યા કરશે પણ બીજી રીતે માનશે તો અંતરનું વલણ નહિ રહે, પ્રભુ ! આહા..હા...! આવી વાત છે, પ્રભુ ! આહા..હા...! બીજી રીતે જણાય તો તો બીજી રીતથી ઈ પાછો નહિ હટે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

અંતર સ્વસંવેદન ! પોતાને પોતાનું જ્ઞાનનું પ્રત્યક્ષપણું (છે) તેનાથી જણાય એવો છે. આ તો સાદી ભાષા છે, ભાઈ ! આહા..હા...! ભગવાન ! આ..હા..હા...! તું અનુમાનથી જણાય એવો નથી, પ્રભુ ! આહા..હા...! એ અનુમાન પણ એક વ્યવહારપ્રમાણ છે. આહા..હા...! તારી ચીજ એવી નથી. આહા..હા...! ઈ અહીંયાં કહે છે. આહા..હા...!

**'બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા...'** જોયું ? અનુમાન દ્વારા. બીજાઓ દ્વારા પણ માત્ર લિંગ દ્વારા જણાય એવો નથી. પહેલામાં તો પોતે કહ્યું હતું કે, ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો

વિષય નથી. એ તો ત્રીજામાં ગયું. પોતાને માટે (એ કહ્યું હતું). **'ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી.'** ઝીણી વાત છે, ભગવાન ! આહા..હા...!

અહીં ચોથા બોલમાં તો આમ લીધું. ત્રીજામાં તો પોતે અનુમાનથી જણાય એવો નથી એમ કહ્યું અને અહીંયાં હવે બીજાઓ વડે અનુમાનથી જણાય એવો નથી (એમ કહે છે). આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

પ્રશ્ન :– બીજાઓ વડે એટલે ગુરુઓ વડે અનુમાનથી ન જણાય ?

સમાધાન :– બીજા આત્માઓ એમ અનુમાન કરે કે, આ આત્મા છે. એમ જણાય એવો નથી. એને પ્રત્યક્ષ થાય પછી અનુમાન કરે તો જણાય એવો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો અલૌકિક છે, બાપુ ! આહા..હા...!

ભગવાન અંતર અનંત આનંદનો (સાગર છે). એમાં એમ પણ આવ્યું છે, હોં, ભાઈ ! જેમ આપણે 'ચિદ્‌વિલાસ'માં આવે છે કે, દરેક ગુણનો આનંદ છે. એમ એમાં પણ આવે છે, લીધું. અસ્તિત્વનો આનંદ, વસ્તુત્વનો આનંદ એમ અનંત ગુણનો આનંદ એવું લીધું છે. ઈ વાત તો બેસતી નથી. અંદર છે એ વાત સાચી. પણ અસ્તિત્વ છે એનો આનંદ ઈ લે. આનંદગુણનું રૂપ અનંત (ગુણમાં) છે. આહા..હા...! અલૌકિક વાતું છે, ભાઈ !

જેટલા ગુણો છે ઈ બધા ગુણનો આનંદ આવે, ગુણનો આનંદ આવે ! આનંદનો આનંદ તો આવે... આહા..હા...! પણ અસ્તિત્વ ગુણનો પણ આનંદ આવે, વસ્તુત્વનો આનંદ આવે, પ્રમેયત્વનો આનંદ આવે, દર્શનનો આનંદ આવે, જ્ઞાનનો આનંદ આવે. પ્રત્યક્ષ વેદનમાં અનંત આનંદનું વેદન હોય છે. આહા..હા...! અરે..રે...! આવી વાત લોકોએ ક્યાં કરી મૂકી ! આ..હા...!

અહીં તો (કહે છે), પોતે અનુમાનથી જણાય એવો નથી. પોતે સ્વસંવેદનથી જણાય એવો છે. એનું સ્વરૂપ જ એ જાતનું છે, જેને કોઈ પરની અપેક્ષા જ નથી. આહા..હા...! પોતાના પ્રત્યક્ષ વેદનથી, એના બળથી, અનુમાનના બળથી નહિ, નિમિત્તના બળથી નહિ, ભગવાનનું નિમિત્ત છે માટે એના બળથી જણાય (એવો એ છે નહિ). શ્વેતાંબરમાં તો ઈ જ વાત નાખી છે કે, હે પ્રભુ ! તારે લઈને મને આમ થયું. તારા નિમિત્ત વિના મારામાં કાંઈ થાશે નહિ. અહીં તો કહે છે કે, અનુમાનથી પણ તારામાં કાંઈ નહિ થાય, લે ! તેમ બીજાઓ વડે પણ અનુમાન માત્રથી તું જણાય એવો તું નથી. આહા..હા...!

કળશમાં પેલું આવ્યું છે ને ? એમ કે, આ પાણી ઠંડું છે અને અગ્નિ ગરમ છે એનું

જ્ઞાન પણ સ્વરૂપગ્રાહી જ્ઞાનીને થાય છે. 'કળશટીકા'માં બે વાર આવ્યું છે. આહા..હા...! વસ્તુની શૈલી તો જુઓ ! જેને આત્મા સ્વસંવેદનથી જણાયો છે... આહા..હા...! એનાથી... આહા..હા...! એ (સ્વસંવેદનજ્ઞાન) હોય તો બીજાને અનુમાનથી જણાય એવો છે. બીજાને હોં ! તેમ આ આત્માને પણ બીજાનું (–સામેવાળા જીવનું) સ્વસંવેદન હોય તો અનુમાનથી બીજાનું સાચું જ્ઞાન થાય. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! આવી વાતું, બાપા !

આહા..હા...! એ એને અંતરમાં જવા માટેનો ક્યાં અવસર લે છે ? અને અહીં તો કહે છે, અંતરમાં ગયા વિના પ્રાપ્ત થાય એવું નથી. આહા..હા...! હવે ઈ (બહારનું) વલણ તું કે દિ' મૂકી શકે ? પરનું વલણ મૂકીને સ્વનું વલણ રાખ. આહા..હા...! પરનું વલણ મૂકીને સ્વ-વલણ (રાખ), ચોવીસે કલાક એનું લક્ષ રાખ ! આવી વાત છે, બાપા ! આહા..હા...!

ઓ..હો..હો...! અંતર પ્રભુ આનંદનો સાગર ! એ અનુમાનથી ન જણાય, પ્રભુ ! આહા..હા...! એ તો અતીન્દ્રિય આનંદના વેદનથી જણાય એવો છે, કહે છે. એને ત્યારે જણાય કે આ તો પૂર્ણ આનંદમય અને પૂર્ણ જ્ઞાનમય છે. આ..હા..હા...! ઝીણો વિષય છે પણ મુદ્દાની રકમનો છે. આહા..હા...! અત્યારે તો આ બહારથી થશે ને વ્યવહાર કરો ને ક્રિયાકાંડ કરો ને દયા પાળો ને વ્રત કરો ને ભક્તિ કરો, ભગવાનની ભક્તિ કરો તો એમાંથી (ધર્મ) થાશે. શ્વેતાંબરમાં ઈ કહે છે. દિગંબરમાં પણ એમ કહે છે. ઈ તો બધા અત્યારે શ્વેતાંબર થઈ ગયા.

અહીં તો દિગંબર એટલે સત્ય ધર્મ. એને વેદનમાં આવ્યો છે તે પરમાત્મા અથવા સંતો જગતને જાહેર કરે છે. પ્રભુ ! તું તને સ્વસંવેદનથી જણાય એવો છે અને બીજા વડે પણ એને સ્વસંવેદન હોય તો તેના અનુમાન વડે તું જણાય એવો છે અને તું પણ (તને પોતાને) સ્વસંવેદન હોય તો અનુમાનથી બીજાને જાણી શકે એવો તું છો. આવી વાતું ! અરે..રે...! એને ક્યાં વખત છે ? આહા..હા...!

જેને હજી આ જ્ઞાનમાં, શ્રદ્ધામાં – પરલક્ષી શ્રદ્ધામાં પણ આવો નિર્ણય નથી કે અંતરમાં વલણથી જ, અનુભવથી જ જણાય એવો છે. એ અંતરમાં વલણ ક્યારે કરે ? વ્યવહાર (શ્રદ્ધાના) લક્ષમાં પણ નથી. એને તો (એમ જ છે કે), અહીંથી થાશે... અહીંથી થાશે... અહીંથી થાશે... આહા..હા...! કહો, બહુ ઝીણું, બાપુ ! આહા..હા...! દયા પાળવી ને વ્રત કરવા ને ભક્તિ કરવી ને પૂજાઓ કરવી, ભગવાનની સ્તુતિ કરવી ને સ્મરણ કરવા ને... કહે છે કે, એનાથી પ્રાપ્ત થાય એવો નથી, પ્રભુ !

મુમુક્ષુ :– ગુરુસેવાથી તો લાભ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ વાત બિલકુલ (ખોટી છે). ગુરુ એટલે પોતે. સર્વજ્ઞ પરમગુરુ એ 'શ્રીમદ્'નું વાક્ય છે. એ 'સર્વજ્ઞ પરમગુરુ' (એટલે) આ આત્મા. સર્વજ્ઞ પરમગુરુ પ્રભુ ! એ ગુરુથી પણ પ્રાપ્ત થાય એવો નથી એમ કહે છે. અધિગમાત (સમ્યગ્દર્શનમાં) કહેવાય છે. નિસર્ગાત, અધિગમાત નહિ ? સમકિતના બે ભેદ છે ને ? એક નિસર્ગથી થાય અને એક ગુરુગમથી થાય. એ તો નિમિત્તપણું હતું પછી જ્યારે તેનું લક્ષ છૂટ્યું ત્યારે (સમ્યગ્દર્શન) થાય. તેથી પેલું નિમિત્ત હતું એને નિમિત્તથી થયું એમ કહેવામાં આવે છે. અરે...! બહુ આકરું કામ ! બાકી તો નિસર્ગાત, અધિગમાત પણ નિસર્ગથી જ થાય છે. આહા..હા...!

'ધવલ'માં આવે છે કે, જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મ ટળે છે. પણ એ જિનબિંબ કોણ ? આ જિનબિંબ પ્રભુ ! જિન ચૈતન્યપ્રતિમા ! વીતરાગ સ્વરૂપી ચૈતન્યપ્રતિમા પ્રભુ ! એના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મ નાશ થાય છે. ત્યાં ભાષા એવી છે (એટલે) લોકો (એમ કહે કે), જુઓ ! આનાથી થાય, પરથી થાય (એમ લખ્યું છે). 'ધવલ'માં શબ્દ એવો છે કે, જિનબિંબના દર્શનથી. પણ ત્યાં પહેલાં જિનબિંબનું લક્ષ હતું પછી (ત્યાંથી લક્ષ) છૂટીને જિનબિંબ આત્મામાં લક્ષ ગયું છે. આહા..હા..! વીતરાગમૂર્તિ આમ જાણે અક્રિય બિંબ પડ્યું છે ને !! એમ અક્રિય બિંબ પડ્યું છે એમ લક્ષમાં આવતાં લક્ષ આમ ગુલાંટ ખાય છે. તેથી આમાંથી થયું એમ નિમિત્તથી (કહેવામાં) આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? (ઘણા લોકો) માણસને એમ કહે કે, અમારાથી તમને થાય તો તમે અમારો ઉપકાર માનશો, તમે અમારું કાંઈક માનશો. એમ કહેવા માટે અમારાથી પણ તમને થાય. ભાઈ ! એ એમ નથી, પ્રભુ ! આહા..હા..!

અહીં તો ઇન્દ્રિયગમ્યના અનુમાનથી પણ જણાય એવો નથી (એમ કહે છે). ભગવાન પાસે સાંભળ્યું છે કે, આ આત્મા આવો છે. એ ઇન્દ્રિયગમ્યના જ્ઞાનથી પણ જણાય એવો નથી. આ..હા..હા..! એ તો અતીન્દ્રિય સ્વસંવેદનજ્ઞાન દ્વારા જણાય એવો છે, પ્રભુ ! આહા..હા..! તારી મોટપ એવડી છે. આહા..હા..! તારી મહત્તા એવડી છે, પ્રભુ ! આહા..હા...! જેને પરની અપેક્ષા નથી. આહા..હા...! એકલા અનુમાનની પણ અપેક્ષા નથી. આહા..હા...! અમૃત ભર્યા છે ! 'અમૃતચંદ્રાચાર્યે' સત્‌ના પોકાર (કર્યા) છે ! સત્ પ્રભુ ! સચ્ચિદાનંદ ! એનો અનુભવ – વેદનથી જણાય એવો છે. શું ઢંઢેરો !

પ્રભુ એમ કહે (છે) કે, મારાથી તું જણાય એવો નથી. મારી વાણીથી તને જ્ઞાન થાય

એનાથી તું જણાય એવો નથી. આહા..હા...! તું તો તારા સ્વસંવેદનથી જણાય એવો તું પ્રભુ છો. આહા..હા...! સામાના વેદનથી નહિ, તારા સ્વસંવેદનથી જણાય એવો છો. આ..હા...! સમજાય છે કાંઈ ? મોંઘું પડે છે. માર્ગ આ છે. અનાદિકાળથી તીર્થંકરદેવ અનંત તીર્થંકરોનો આ પોકાર છે. અનંત સર્વજ્ઞોનો, અનંત કેવળીઓનો, અનંત સંતોનો, અરે...! સમકિતીઓનો આ પોકાર છે !! આહા..હા...! પરમ સત્યને પામવા માટે સ્વસંવેદન કારણ છે. સમજાય છે કાંઈ ? નહીંતર તો દેવ અને ગુરુથી પણ ન થાય તો દેવ, ગુરુનો માહાત્મ્ય કોણ કરશે ? એમ જેને લાગતું હોય (કે) પોતાનું માહાત્મ્ય કોણ કરશે ? માટે અમારાથી થાય (એમ માનો). એ જેને સ્વસંવેદનથી જણાય એને પછી નિમિત્તનો ઉપકારનો વિકલ્પ આવે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

ઉપાદાનનું જે ભાન થયું, સ્વસંવેદનથી ભગવાન જણાય એવો છે. પ્રભુ ! બાકી બધી વાતું છે. આહા..હા...! ભગવાનની ભક્તિ ને સ્નાન કરાવો ને આ અભિષેક કરાવો... (એ બધી વાતું છે). ઇન્દ્રો અભિષેક નથી કરતા ? તે શું છે ? એ તો વિકલ્પ છે. આહા..હા...! તું તને સ્નાન કરાવ ! રાગને ધોવા માટે સ્વસંવેદનમાં આવી જા તો રાગ ધોવાઈ જશે. આહા..હા...! એ તારો અભિષેક તું કર ! આહા..હા...! શું 'અમૃતચંદ્રાચાર્ય' ! દિગંબર સંતોએ ગજબ કામ કર્યાં છે ! આ..હા...!

પોતે એમ કહે કે, અમે પણ તને જાણવા માટે નિમિત્ત થઈએ એમ છે નહિ. આહા..હા...! એને એમ ક્યાં પડી છે કે, આ અમને માને તો ઠીક ? આહા..હા...! વીતરાગી સંતોને એ ક્યાં પડી છે ? કે, અમે આમ કહીએ છીએ કે, અમારાથી તને લાભ નહિ થાય (તો) અમને માનશે શી રીતે ? માન શી રીતે આપશે ? એવી એમને પડી નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? 'લહિ ભવ્યતા મોટું માન' પરમાત્મા એમ કહે કે તું ભવ્ય છો અને જ્ઞાની છો. એમ કહે એને હવે કોનું માન જોઈએ છે ? સ્વસંવેદનથી જણાણો છે તેને ભગવાન કહે કે, તું સમકિતી અને ભવિ છો. હવે તારે કોનું માન જોઈએ છે ? આહા..હા...! અમને દુનિયા માને તો અમે આમ. નહીંતર અમારાથી તમને લાભ થાય છે ને તો તમને માને. એમ નથી, પ્રભુ ! માને-ન માનેના પ્રશ્નનું તારે શું કામ છે ? આહા..હા...! ગજબ કામ છે !

ત્યાં બીજા અલિંગગ્રહણમાં નાખ્યું ને ? ('સમયસાર') ૪૯ (ગાથા). જુઓ ! **'આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યક્તપણાનો અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના**

**બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...**' પ્રત્યક્ષ હોવાને કારણે '**અનુમાનગોચરમાત્રપણાનો અભાવ...**' છે. (અત્યારે) અલિંગગ્રહણ આપણે ચાલે છે ઈ અલિંગગ્રહણ શબ્દ ૪૯ (ગાથામાં) છે. એનો અર્થ ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવે' આ કર્યો છે. આહા..હા...! જેને દુનિયાનું માન જોઈતું નથી. માન અંદરથી મળ્યું, પ્રભુ ! આનંદના નાથને જગાડીને આનંદનું વેદન થયું હવે તારે કોના માન જોઈએ છે ? આહા..હા...! આહા..હા...! આ વાત નિશ્ચયની છે એમ કરીને કાઢી નાખે (તો) બાપુ ! તને નહિ મળે. કેમકે એમાં વ્યવહાર તો કાંઈ આવ્યો નહિ. આ અનુમાનનો વ્યવહાર પણ આવ્યો નહિ. આહા..હા...!

અહીં તો કહે છે, '**સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...**' પ્રત્યક્ષ છે ! આ..હા..હા...! જ્ઞાનની સ્વસંવેદન દશાનું વેદન – અનુભવમાં સદા પ્રત્યક્ષ છે. આહા..હા...! '**અનુમાનગોચરમાત્રપણાનો અભાવ...**' છે. '**અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે (જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.**' આપણે આ અલિંગગ્રહણ (ચાલે) છે ઈ શબ્દ ત્યાં છે. એને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. અનુમાનથી પણ ન જણાય. એ અનુમાન તો લિંગ છે તેનાથી ન જણાય. આહા..હા...! અરે...! એ વાતને પકડે પણ નહિ, એ વાતની હજી પરલક્ષી શ્રદ્ધા પણ ન કરે. છે ભલે પરલક્ષી પણ શ્રદ્ધામાં હું તો અનુમાનથી પણ જણાઉં એવો નથી. હું તો સ્વસંવેદનથી જણાય એવો છું (એમ હોવું જોઈએ). આ..હા..હા...! ઊંધી માન્યતાના પાણી ઊતરી જાય એવું છે.

મુમુક્ષુ :– ઈ ઉતારવાની જરૂર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા...! અરે...! આ વાત ક્યારે મળે ? ભાઈ ! આહા..હા...! ભલે એને અભ્યાસ નથી એટલે મોંઘું લાગે પણ વસ્તુ તો આ છે. પરમાત્મા અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ એમ કહે છે તે સંતો કહે છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' એ સ્વસંવેદનથી જણાય એ પરમાર્થનો પંથ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

'**બીજાઓ વડે...**' પહેલાં પોતાને અનુમાનનો વિષય નથી એમ કહ્યું. હવે (કહે છે), '**બીજાઓ વડે માત્ર...**' બીજા વડે પણ તું અનુમાનથી જણા અને તું પણ બીજાઓને એકલો અનુમાનથી જાણ એવો નથી. જેમાં એકલો એક ભગવાન સ્વસંવેદન(માં) આવ્યો એ પ્રત્યક્ષપૂર્વક અનુમાન કરે તો પરને (અનુમાનથી) જાણે. એને પણ સ્વસંવેદન હોય તો પછી અનુમાન કરીને જાણે. આહા..હા...! ગજબ વાત કરી છે ને ! સ્વપ્રકાશક પ્રગટ્યો છે (એ) પરપ્રકાશકમાં અનુમાનથી પરને જાણી શકે. સમજાણું કાંઈ ? અરે...! આહા..હા...!

આવી વાત છે. આમાં તો અંદર સમાઈ જવાની વાતું (છે) ત્યાં આ ઝઘડા સાંભળીએ છીએ. 'ભાવનગર'નો કાગળ આવ્યો છે ને ? અરે...! આ શું છે આ લોકોને ? લખનાર પણ કેવો ? અને શું આવી વાતું ? સાધર્મીઓ છે તેના પ્રત્યે તો પ્રેમ જોઈએ. આહા..હા...! એના પ્રત્યે એને આ નાનો ને આ મોટો, આ આનો ને આ આનો (કરે છે). પોતાની કલ્પનાથી ઝઘડા ઊભા કરે. અરે... પ્રભુ ! તારી મોટપ તો પરથી જણાય એવી નથી. આહા..હા...! તારો ટ્રસ્ટ તો તું છો ! આ..હા..હા...!

**'બીજાઓ વડે...'** આ પુનર્યુક્તિ નથી લાગતી, હોં ! આ તો અંદર ભાવની અનેકતા (આવે છે). આ..હા..હા...! આ તો ભાવનાનો ગ્રંથ છે ને, ભાઈ ! 'સમાધિશતક' આદિ એમાં લેખ છે, એ ભાવનાના ગ્રંથ છે ત્યાં પુનર્યુક્તિ (દોષ) ન લાગે. આ..હા...! **'આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ...)'** બીજાથી જણાય એમ નથી. આહા..હા...! બીજાઓને પણ સ્વસંવેદન હોય તો પછી બીજાઓને એ અનુમાનથી જણાય. બીજાઓને અનુમાનથી જણાય. આહા..હા...! જેને સ્વ જ જાણવામાં આવ્યો નથી એ પરને શી રીતે જાણશે ? દેવ, ગુરુ અને શાસ્ત્ર ! દેવ અરિહંત ત્રિલોકનાથ અને સંત મહા નિર્ગ્રંથ મુનિ ! એમ કહે છે, જેને સ્વસંવેદન નથી તે આ દેવ અરિહંત અને ગુરુ નિર્ગ્રંથને શી રીતે માનશે ? આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો માર્ગ...! બાપા ! માર્ગ આ છે, ભાઈ ! અને આમાં કાંઈ બીજાનું અપમાન છે એમ નથી. એમ કે, આ બીજા રાગથી મનાવે એનું અપમાન થાય છે. બાપુ ! (એમ) નથી. ભાઈ ! આ તો અંદર હિતની વાતું છે. કોઈનો અનાદર કરવાની વાત નથી. તારો સ્વસંવેદનથી આદર થાય એવો તું છો. ભગવાન ! આ..હા..હા...! કેવળીઓનો પોકાર ! તીર્થંકરોનો પોકાર !

'શ્રીમદ્' એક ફેરી કહેતા, અરે..રે...! અમારી આ વાત કોણ સાંભળશે ? ગૃહસ્થાશ્રમમાં રહીને અનુભવી ! એને બાયડી, છોકરા, ધંધો, લાખોના ઝવેરીના વેપાર.. એનાં વચન કોણ માને ? કહે છે, પણ ઈ તો બહારની ક્રિયા છે એની દશા અંદર છે એ જુદી છે. આહા..હા...! એમ એક ફેરી કહ્યું (હતું). એક પત્રમાં હતું કે, તમને ભગવાન પ્રત્યે અને અમારા પ્રત્યે રાગ છે તો તમને શી રીતે લાભ થાય ? એમ લખ્યું છે.

**'આ રીતે આત્મા...'** પ્રભુ ! **'અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જણાવાયોગ્ય) નથી...'** બીજાઓને કેવળ અનુમાનથી જણાવાયોગ્ય નથી. પોતાને પોતે અનુમાનથી જણાવાયોગ્ય નથી. આહા..હા...! આ બાર અંગનો સાર છે ! ગમે એટલું ભણ્યો હોય, મોટી વાતું (કરે) પણ

વસ્તુ આ છે. આ ભણતર વિના બધી વાતું થોથાં છે. મોટી મોટી સભા ભરે, દસ દસ હજાર માણસ (આવે) એમાં શું છે ? એમાં લોકરંજન થાય. એમાં આત્મરંજન ન થાય, પ્રભુ ! આહા..હા...! ઈ ચોથો બોલ કહ્યો.

હવે પાંચમો (બોલ). **'જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે;...'** જોયું ? (ચોથામાં એમ કહ્યું) **'બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી...'** (જેનું એટલે) આત્માનું. હવે (કહે છે), **'જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી...આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી...'** પોતે અનુમાન માત્ર કરે એવો નથી. બીજો અનુમાનથી જાણે એવો તો નથી પણ તું અનુમાનથી બીજાને જાણે એવો તું નથી. અરે... અરે...! છે ? જેને લિંગથી પરનું જાણવું થતું નથી તે અલિંગગ્રહણ છે. અહીં પોતે લીધું, પેલું બીજા વડે હતું હવે અહીં (પોતે) લીધું. આહા..હા...!

પહેલું હતું ઈ પોતે અનુમાનથી ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એમ કહ્યું. બીજામાં એમ કહ્યું કે, બીજાઓ વડે અનુમાનથી તું જણાય એવો તું નથી. હવે ત્રીજામાં એમ કહે છે કે, તું પ્રત્યક્ષ થયા વિના એકલા અનુમાનથી પરને જાણે એવો તું નથી. સમજાય છે કાંઈ ? અરિહંતને, ભગવાનને, ગુરુને વગેરે... આહા..હા...! **'લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી... આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી...'** આહા..હા...! આ અરિહંત છે ને સર્વજ્ઞ છે એવા એકલા અનુમાનથી તું અરિહંતને જાણી શકે એવો તું નથી. આહા..હા...! આવી વાતું ! આ જ વસ્તુ છે, બાપુ ! શું થાય ? (લોકો) આમ બહારની વાતુંથી રાજી રાજી (થઈ જાય). ગજરથ કાઢવા, બે-પાંચ-દસ લાખ ખર્ચે ને સંઘવીની પદવી ને... ધૂળેય નથી સાંભળને ! આહા..હા...! અરે...! ઈ (રીતે) તો ધર્મ થાય એવો નથી... આહા..હા...! પણ આ રાગની મંદતાથી પણ ધર્મ થાય એવો નથી પણ અનુમાનથી પણ તારું સ્વરૂપ જણાય એવો તું નથી. તેમ બીજાને તું એકલા અનુમાનથી જાણ એ (પણ) નથી. એવો તું નથી, એવો ઈ પણ નથી. આહા..હા...!

આ તો સમજાય એવું છે, આ તો ગુજરાતી સાદી ભાષા છે. આહા..હા...! આ સાદી ભાષા છે. ગુજરાતી સાદી છે. આ કાંઈ કોઈ (અઘરી ભાષા નથી). આહા..હા...!

**'જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી...'** આત્માને. પેલામાં બીજાઓ વડે એમ હતું. હવે આ આત્માને... આહા..હા...! **'લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી...'** આહા..હા...! ગજબ કામ કરે છે ને ! આવી વાત ક્યાં છે ? આહા..હા...! અરે...! આવી વાત સાંભળવા મળે

એને તો નરમાશ કરી નાખવી જોઈએ. હું કાંઈક છું ને તું કાંઈક છો, ફલાણું ને ઈ ક્યાં આમાં છે ? બાપા ! આહા..હા...!

**'જેને લિંગથી...'** (એટલે) ભગવાનઆત્માને **'પરનું ગ્રહણ થતું નથી...'** આહા..હા...! છે ને ? **'આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી...'** આહા..હા...! એકલો અનુમાનમાત્રથી જ જાણે એવો એ નથી. આહા..હા...! અરિહંતને જાણનારો... આહા..હા...! એકલો અનુમાનથી જાણે એમ નથી. આહા..હા...! જ્યાં સ્વસંવેદનજ્ઞાન થયું તે પછી અનુમાનથી પરને જાણે પણ એકલા અનુમાનથી પરને જાણે એવો એ નથી. આહા..હા...! જેના હાથમાં ભગવાન આવ્યો નથી એ બીજાને અનુમાનથી જાણે એવો તું નથી. આહા..હા...! આવી વાત છે.

ભાઈ ! ત્યાં આવી બધી (વાત) સાંભળી હતી ક્યાંય ? સ્થાનકવાસીમાં ઘણા ગપ્પા માર્યા હતા. મોઢા આગળ (રહીને) આ કરો.. આ કરો ને આ કરો... સ્થાનક તો આત્મા ચિદાનંદ એ સ્થાનક છે. આહા..હા...! એના વેદનમાં એનો વાસી થયો ત્યારે એ સ્થાનકવાસી થયો. આહા..હા...! આ તો એકલી ક્રિયાકાંડો સામાયિક કરો ને પોષા કરો ને પડિકમ્મણા કરો... આઠ આઠ વરસના છોકરાઓને સામાયિક કરાવે ! પાંચ પાંચ સામાયિક (કરાવે) અને પછી રૂપિયો રૂપિયો વહેંચે. પણ શું છે ? એમાં ધર્મ ક્યાં હતો ?

**'આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી...'** કેવળ અનુમાન કરનારો નથી. સ્વસંવેદનપૂર્વક અનુમાન કરે ઈ જુદી (વાત છે). એટલે કે નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય ઈ બરાબર છે. આહા..હા...! બીજાઓને પણ નિશ્ચયપૂર્વક અનુમાન હોય તે જુદી વાત છે. આને પણ પરને જાણવા માટે સ્વસંવેદન નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય તો બરાબર (છે). આહા..હા...! અરે...! પોતાના તરફ વળવા(માં) એમાં બહારમાં રહેવાનો અવકાશ ક્યાં છે ? કઈ પળ અને કઈ ઘડી અંતરના વલણ વિના રહે ? સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, બાપુ !

આ તો પરમ સત્ય ! પરમાત્મા જિનેશ્વરદેવ સર્વજ્ઞ પ્રભુ એમ કહે તે સંતો કહે છે. અમને માનવાથી તમને આત્માનું જ્ઞાન થશે એવો તું નથી એમ કહે છે. અમે નિર્ગ્રંથ મુનિ છીએ કે અરિહંત છીએ એને તારા સ્વસંવેદન વિના તું અનુમાનથી અમને જાણી શકે એવો તું છે નહિ. આહા..હા...! પાંચ (બોલ) થયા.

('સમયસાર' ૪૯ ગાથામાં) કહ્યું છે, સ્વસંવેદનના બળથી સદા પ્રત્યક્ષ છે. એ શબ્દ

છે. આમાં એ અહીંયાં આવ્યો. એ 'અમૃતચંદ્રાચાર્યદેવ' ટીકા કરનાર છે ને ? 'સમયસાર'ની ટીકા કરનાર ઈ છે અને આ 'પ્રવચનસાર'ની ટીકા કરનાર ઈ છે. આ..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' હજાર વર્ષ પહેલાં પંચમકાળમાં (થયા).

મુમુક્ષુ :– ચાલતા સિદ્ધ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા..હા...! એ મોરપીંછી ને કમંડળ લઈને આહાર લેવા જતા હોય... કહે છે કે, અમે તો ક્યાંય જતા નથી ને આવતા નથી. અમે તો અમારામાં છીએ. એ જે ચાલવાનું થાય, વિકલ્પ થાય તેના તો અમે જાણનારા છીએ. સ્વવેદન સહિત જાણનારા છીએ. આ..હા..હા..હા...! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– આ પૂરું થયા પછી બીજી વાર લેવા જેવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો અત્યારે ચાલે છે, આ તો ચાલે છે.

પહેલું એમ આવ્યું કે, ઇન્દ્રિયથી અનુમાનથી પોતે જણાય એવો નથી. બીજાઓ વડે અનુમાનથી જણાય એવો તું નથી. તેમ તું અનુમાનથી બીજાને જાણ, એકલા અનુમાનથી બીજાને જાણ એવો તું નથી.

આહા..હા...! અરે...! પ્રભુને પ્રભુ તરીકે બોલાવીને પ્રભુતાને જગાડે છે ! આહા..હા...! પ્રભુ ! તું પામર નથી. તું રાગથી જણાય એવો પામર નથી. આહા..હા...! એ નિમિત્તની પરાધીનતાથી જાણ એવો તું નથી. આહા..હા...! પ્રભુ ! તું સ્વસંવેદનથી જણાય એવો છો અને પરને પણ જાણવા માટે સ્વસંવેદન હોય તો અનુમાનથી જણાય એવો તું છો. આહા..હા...! શું શૈલી ! નિશ્ચયપૂર્વક વ્યવહારની શૈલી તો જુઓ ! આહા..હા...! આ તો પાધરા વ્યવહાર કરશું, આ બધું કરશું અને નિશ્ચય થશે. અરે... ભાઈ ! એ પંથો નિરાળા છે. આહા..હા...! અત્યારે તો ઘણી ગડબડ થઈ ગઈ. આહા..હા...! એટલે (લોકોને એમ લાગે છે કે), આ શું કહે છે આ તે ?

કહે છે કે, જેને લિંગથી પરનું ગ્રહણ થતું નથી. પછી (છઠ્ઠા બોલમાં કહે છે), '**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...**' આ હવે આવ્યું. લિંગ દ્વારા નહિ, અનુમાન દ્વારા નહિ '**પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...**' આહા..હા...! જેનું જ્ઞાન સ્વભાવ વડે થાય છે. '**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...**' આહા..હા...! જે પોતાનો સ્વભાવ છે ત્રિકાળી આનંદ અને જ્ઞાન, એ જ પર્યાયમાં એ સ્વભાવ વડે જણાય એવો છે. જ્ઞાન સ્વભાવ અને આનંદ સ્વભાવ એવું વેદન (છે) એનાથી જણાય એવો છે.

આહા..હા...!

હવે અહીં તો વ્યવહારથી જણાય એવો નથી એમ તો કહ્યું. એ મોટી તકરાર... એ.. 'સોનગઢવાળા' વ્યવહારનો લોપ કરે છે ! ઈ બધું સાંભળ્યું છે ને !

મુમુક્ષુ :– નિશ્ચયને આશ્રયે વ્યવહારનો લોપ થાય જ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ વ્યવહાર એટલે શું ? અહીં તો અનુમાનથી પણ જણાય એવો નથી તો વળી તારા વ્યવહાર – રાગથી જણાય ઈ વસ્તુ ક્યાં રહી ? અનુમાન પણ એક વ્યવહાર પ્રમાણ છે. આ..હા..હા..હા...! પણ જેમાં ભગવાન ભળ્યો નથી, સ્વસંવેદન થયું નથી એ એકલો વ્યવહાર કરીને સ્વને જાણે કે પરને જાણે એમ છે નહિ. આહા..હા...! થોડું પણ આ પરમ સત્ય છે, પ્રભુ ! બહુ લાંબી ઘણી ઘણી વાતું કરીને મૂળ વાતનું પ્રયોજન છે ઈ વાતમાં ન આવે એ બધી ઠીક છે. આહા..હા...!

કહે છે, ઈ અજીવને જાણે... આહા..હા...! એ પણ સ્વઅનુમાનથી જણાય નહિ તેમ પરને એકલો અનુમાનથી જાણે નહિ. એ પોતે સ્વભાવથી જણાય એવો (છે) ત્યારે તે સ્વભાવપૂર્વક પરને જાણનાર હોવાથી અજીવને જાણી શકે. ભગવાન અરિહંતને, ગુરુને અને અજીવને (આ રીતે જાણી શકે). આહા..હા...! ખરેખર તો એ સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાયને પણ પોતાના સ્વભાવ દ્વારા જાણે ત્યારે તેને જાણી શકે. આહા..હા...!

પાગલ માણસ માને એવું છે આ ! આવું શું પણ ? આ તો વ્યવહાર ઉથાપી નાખે છે. પ્રભુ ! પણ ઈ વ્યવહાર તારામાં છે નહિ. તું તો પરમાનંદનો નાથ, પરમાનંદના વેદનથી તું જણાય એવો છો. રાગથી – ભિખારાવેડાથી તું જણાય (એવો) તું ભિખારી છો ? આહા..હા...! રાગની મંદતા, રાગનો તું ભિખારી છો કે એનાથી તું જણાય ? આહા..હા...!

મુમુક્ષુ :– ઈ રાગ પોતે જડ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ તો જડ છે પણ અનુમાનથી જણાય એવો પણ તું નથી. સ્વભાવ વડે જણાય એવો તું છો. આહા..હા...! સમજાણું કાંઈ ? ભાઈ ! આ ક્યાં તમારા 'નાઈરોબી'માં હતું ? ત્યાં પૈસા થઈ ગયા.

ઓ..હો..હો...! આનંદની છોળું ઉઠાવી છે !! પ્રભુ ! તને આનંદ આવ્યા વિના, એ આનંદ વિના તું જણાય એવો તું છો નહિ. સ્વભાવ કીધો ને ? **'સ્વભાવ વડે'** કીધો ને ? આહા..હા...! અહીં તો ઝઘડા (ચાલે), નાની મોટી બહારની વાતું... અર..ર..ર...! પ્રભુ ! પ્રભુ ! આ તને ન શોભે.

**‘લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...’** આહા..હા...! જેને પોતાનું જ્ઞાન સ્વભાવ વડે થાય છે. જે એનામાં છે એ વડે (જ્ઞાન) થાય છે. એનામાં જે નથી એ વડે નથી થાતું કહે છે. આહા..હા...! એ દયા, દાન ને રાગાદિનો વિકલ્પ પ્રભુ ! તારા સ્વભાવમાં નથી. આહા..હા...! પ્રભુ ! તારો સ્વભાવ તો અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ સ્વભાવ વડે, પર્યાયમાં સ્વભાવ વડે તું જણાય એવો છો. આહા..હા...! જે એમાં છે એવા સ્વભાવ વડે તું જણાય એવો છો. એનામાં અતીન્દ્રિય આનંદ છે, અતીન્દ્રિય જ્ઞાન છે, શાંતિ, સ્વચ્છતા (આદિ ભરેલા છે). આહા..હા...! અરે...!

આ ‘પ્રવચનસાર’ છે. ‘સમયસાર’ તો ઠીક પણ આ ‘પ્રવચનસાર’ છે. ‘પ્રવચનસાર’ તે વસ્તુ છે ને ? ‘નિયમસાર’ હો, ‘પ્રવચનસાર’, ‘અષ્ટપાહુડ’ આહા..હા...! સંતોએ (આનંદના) ધોધ વહેવરાવ્યા છે ! આહા..હા...!

કહે છે, નકાર તો કર્યો. પણ હવે હકાર (શું) ? આનાથી ન જણાય, આનાથી ન જણાય, બીજા વડે પણ પ્રત્યક્ષ થયા વિના અનુમાનથી ન જણાય એ બધી વાત કરી પણ હવે જણાય શી રીતે ? ત્યાં એમ કહ્યું ને ? ૪૯ (ગાથામાં). ૪૯માં એ કહ્યું કે, વ્યક્તપણાનો અભાવ એ આવ્યું હતું ને ? ૪૯માં ! વચમાં છે. **‘આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યક્તપણાનો અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...’** ઈ અહીં કહે છે. જુઓ ! **‘સ્વભાવ વડે જેને ગ્રહણ થાય...’** ઈ.

એકવાર વિશ્વાસ તો લાવ ! આહા..હા...! મારું સ્વરૂપ મારા સ્વભાવથી જણાય એવો હું છું. આહા..હા...! એકલા અનુમાનથી જણાય એવો નથી. સ્વભાવ વડે જણાય એવો છે. સમજાય છે કાંઈ ? પહેલો નકાર કર્યો. રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન, વ્યક્તપણાનો અભાવ (છે). એવો **‘હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી...’** પોતાનો સ્વભાવ જે સ્વસંવેદન ત્રિકાળી શક્તિ સ્વમાં છે એવો જ પર્યાયમાં સ્વસંવેદન સ્વભાવ પ્રગટે એના બળથી સદા પ્રત્યક્ષ છો. આહા..હા...! જે જાતમાં ભાત પડી છે એ ભાતની પર્યાય બહાર આવતા એના સ્વભાવ વડે તું જાણી શકાય એવો છો. આહા..હા...! રાગ વડે, નિમિત્ત વડે (જણાય એવો તું નથી). આહા..હા...! અહીં તો અત્યારે આખા સંપ્રદાયમાં આ પોકાર (છે કે), વ્યવહાર કરો, વ્યવહાર કરતાં કરતાં થાય. આહા..હા...!

એક પંચકલ્યાણક થયા (હતા) અને હજારો માણસો ભેગા થયા. પછી એક જણ બોલ્યો, શુભ ભાવનો વિજય હો ! એક સાધુ બેઠો હતો એ પણ કહે કે, એમાં શું ખોટું કરે છે ?

લ્યો ! આહા..હા...! શુભ ભાવનો વિજય હો (એટલે) રાગનો વિજય હો ! (તોપણ) હા (કહે). સાધુ બેઠો હતો એણે પણ કહ્યું, એમાં શું ખોટું છે ? ભલે કહે. અરે... પ્રભુ ! રાગથી જણાય એવો નથી, એવો તું પામર નથી. જણાય એવો છો એવો પામર નથી, જણાય એવો નથી. લાખ, કરોડ તારી શુભ રાગની ક્રિયા કર ને ! એ ક્લેશ છે. ભગવાન આનંદસ્વરૂપ છે તે ક્લેશથી જણાય ? એ તો દુઃખ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ તો દુઃખરૂપ છે. દુઃખરૂપ એનો સ્વભાવ છે ? એનો સ્વભાવ તો આનંદ સ્વભાવ છે. એ આનંદના સ્વભાવના વેદન દ્વારા જણાય એવો તું છો. આહા..હા...! ધન્ય ભાગ્ય ! આહા..હા...! આ વાત જ કાને પડવી (કઠણ છે). ભાઈ કહે છે ને ? કે, આ સાંભળવા ક્યાં મળે ? વાત સાચી. આ કોઈ પક્ષ નથી, સત્ય આ છે. આહા..હા...! બીજાને ખોટું લાગે, બીજાને એમ લાગે કે, અમારી વાત ખોટી કરે છે. (પણ) એમ નથી, પ્રભુ ! તારો સ્વભાવ છે એવી જાત છે એની વાતું અહીં ચાલે છે.

વિશેષ કહેશું...

**ભાદરવા સુદ ૩, શનિવાર તા. ૨૫-૦૮-૧૯૭૯**
**ગાથા – ૧૭૨**
**પ્રવચન નંબર–૧૭૬**

'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. છઠ્ઠો બોલ. પાંચ બોલ છે એ નાસ્તિથી આવ્યા. આનાથી ન જણાય, આનાથી ન જણાય. તો કોનાથી જણાય ? એ છઠ્ઠા બોલમાં આવે છે. સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા જ્ઞાતા જ્ઞાતા છે. એ પ્રત્યક્ષ છે. જેને જ્ઞાતાપણું છે, જેને પ્રત્યક્ષ જાણવું થાય છે. જેને એટલે જ્ઞાતાને પોતાના સ્વભાવથી, સ્વભાવ વડે પ્રત્યક્ષ જાણવું થાય છે. આવી વાત છે. દેવ, ગુરુ અને શાસ્ત્રના નિમિત્તથી નહિ, ઇન્દ્રિયોથી નહિ, મનથી નહિ, વિકલ્પથી નહિ... આહા..હા...! પર્યાયના આશ્રયથી પણ નહિ. પ્રત્યક્ષ જ્ઞાતા છે ને ? ઝીણી વાત બહુ !

(પહેલા ઇન્દ્રિયના બોલમાં) 'જેને' હતું ને ? જેને ઇન્દ્રિયમાં હતું. જેને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. એને અહીં નાખ્યું. આહા..હા...! આ તો અંદર મેળ કઈ રીતે છે ? જેને ભગવાનઆત્મા જ્ઞાતા છે તેને **'સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...'** એનો સ્વભાવ શુદ્ધ (છે તો) એના શુદ્ધ પરિણમન વડે તેનું જ્ઞાન થાય છે. આહા..હા...! અહીં તો કહે કે, વ્યવહારથી થાય ને નિમિત્તથી થાય ને દેવ-ગુરુની ભક્તિ કરતાં કરતાં આત્મા જણાય એમ નથી. આહા..હા...! પરનું લક્ષ છે ત્યાં સુધી પરના લક્ષે તે જણાય એવો નથી. આ..હા...!

પ્રશ્ન :– ગુરુનો ઉપદેશ તો આવે જ ને ?

સમાધાન :– એ ઉપદેશ છે તે નિમિત્ત છે અને તેનું જે જ્ઞાન થયું એ કાંઈ નિમિત્ત – વાણીથી થયું નથી. તે જ્ઞાનથી પણ તે જાણવામાં આવે આવો નથી. સ્વભાવ વડે જાણવામાં આવે છે એમ કીધું ને ? સાંભળીને જે જ્ઞાન થયું એ સ્વભાવ નથી. આવી વાતું છે. આહા..હા...!

આકરી વાત, બાપા !

પ્રભુ ! તું કોણ છો ? તે તો જ્ઞાતા છે. તો જ્ઞાતા કેમ જણાય ? જ્ઞાતા આત્માને, જેને એટલે આત્માને જ્ઞાતા કેમ જણાય ? આહા..હા...! કે, **'લિંગ દ્વારા નહિ...'** પાંચમાં લિંગ દ્વારા નહિ એમ હતું ને ? એ છેલ્લો શબ્દ (હતો). (એટલે) એના દ્વારા નહિ એટલું નકારથી કહ્યું. **'પણ સ્વભાવ વડે...'** આહા..હા...! રાગરહિત જેનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે એ ચૈતન્ય સ્વભાવની શુદ્ધ પરિણતિ દ્વારા, સ્વભાવ વડે જ જેને (એટલે) જ્ઞાતાને, સ્વભાવ વડે જ જેને જ્ઞાન જણાય છે. આહા..હા...! આવી વાતું છે. આ તો મૂળ રકમની વાત છે. અત્યારે તો બહુ ફેરફાર થઈ ગયો છે. માણસને એવું લાગે કે, આ શું પણ (કહે છે) ? બાપુ ! મારગ આ છે, ભાઈ ! શ્વેતાંબરમાં તો (એક સાધુ એમ કહે છે કે), ભગવાનનું નિમિત્ત થઈને પછી ઉપાદાન જાગે. પણ નિમિત્ત ઉપર લક્ષ છે ત્યાં સુધી ઉપાદાન જાગે જ નહિ. આ..હા...! ચાહે તો ત્રણલોકના નાથ તીર્થંકર સમવસરણમાં બિરાજમાન (હોય) તેના લક્ષે પણ રાગ થાય. આહા..હા...!

ભગવાનઆત્મા જ્ઞાતા જેને, સ્વભાવ વડે જેને, જ્ઞાતાને જ્ઞાન થાય છે. આહા..હા...! બહુ અલૌકિક વાતું છે ! આ તો મૂળ સિદ્ધાંત છે ! હવે આ લોકો બધા વાંધા ઉઠાવે (છે કે), ક્યાંક વ્યવહાર સાધન કહ્યું છે ને ? ઘણે ઠેકાણે કહ્યું છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં (કહ્યું છે). એ તો સ્વભાવ વડે સાધન થયું છે ત્યારે નિમિત્તને સાધનનો આરોપ દઈને એનાથી થયું એમ કહેવામાં આવે છે. હવે શું થાય પણ ? પ્રભુ ! આ કંઈ વાદે પાર પડે એવું નથી. આહા..હા...!

ઓ...હો..હો...! ભગવાન ! જેનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ (છે) એટલે એને સ્વભાવ વડે જેને જ્ઞાતાપણું જાણવામાં આવે છે. આહા..હા...! પહેલું તો એ કહ્યું હતું ને ? **'જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (–જાણવું) થતું નથી...'** એ પહેલો બોલ હતો. ત્યારે હવે (કહે છે), **'જેને...'** આહા..હા...! ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ સ્વરૂપને સ્વભાવ વડે તેને તેના સ્વભાવનું જ્ઞાન થાય છે. જ્ઞાતાનું જ્ઞાન સ્વભાવ વડે થાય છે. આવી વાત છે. મૂળ રકમની વાત છે. અરે...! આવી વાત સાંભળવા મળે નહિ. તે ક્યાં જાય ? શું કરે ? અરે...! ચોરાશીના અવતાર... આહા..હા...!

ભગવાન ત્રણલોકના નાથ, દેવ-ગુરુ અને શાસ્ત્રની શ્રદ્ધા પણ રાગ છે. આહા..હા...! પરને લક્ષે નહિ પણ પરની શ્રદ્ધા થઈ તે રાગ છે. આહા..હા...! રાગ વડે જેને જ્ઞાતાનું

જ્ઞાન થતું નથી. આહા..હા...! સામાન્ય જ્ઞાયક – જ્ઞાતા સ્વભાવ તેની સ્વભાવ નામ શુદ્ધતા, શુદ્ધ પરિણતિ દ્વારા જેને જ્ઞાતાનું જ્ઞાન થાય છે. આહા..હા...! આવી વાત છે, મુદ્દાની ગાથા છે, ભાઈ ! બાકી બધી વાતું ગમે એટલી કરે (બધી થોથાં છે).

પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું આ ફરમાન છે એ વાત સંતો જગત સામે જાહેર કરે છે. આહા..હા...! દિગંબર સંતો ! આહા..હા...! શ્વેતાંબર તો ડગલેને પગલે રાગથી મંદતાથી ક્ષયોપશમનું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય એમ લખે. આહા..હા...! ભાઈ ! આ ફેર છે, બાપુ ! આ તો સનાતન જૈન તત્ત્વ ! વીતરાગે જોયેલા સર્વજ્ઞ સ્વભાવથી (જોયેલા તત્ત્વો છે).

કહે છે કે, ઈ સર્વજ્ઞ સ્વભાવ જે છે એની પર્યાયમાં તેના સ્વભાવ વડે તેનું જ્ઞાતાનું જ્ઞાન થાય. આહા..હા...! બાકી બધી વાતું છે. આહા..હા...! ભાઈ ! (ઈ) એમ કહે છે કે, (આવું) સાંભળવા મળતું નથી. વાત એવી (છે), ભગવાન ! શું કહીએ ? આહા..હા...! ત્રણલોકના નાથનો પોકાર આ છે. પ્રભુ ! સ્વભાવ વડે જેને જ્ઞાતાનું જ્ઞાન થાય છે. આ..હા..હા..હા...! દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામથી તો બંધ થાય છે. અબંધ સ્વરૂપી ભગવાનઆત્મા ! એ અબંધ સ્વભાવ વડે કરીને જણાય એવો છે. આહા..હા...! આવી વાત છે. સમજાય છે કાંઈ ?

**'લિંગ દ્વારા નહિ...'** નિમિત્ત દ્વારા નહિ, રાગ દ્વારા નહિ, ઇન્દ્રિય દ્વારા નહિ. આહા..હા...! વ્યવહાર રત્નત્રયના વિકલ્પ દ્વારા નહિ. લિંગ દ્વારામાં આ બધું આવ્યું. પ્રભુ ! તારી મોટપનો પાર નથી ! તું રાગે જણાય એવો તું નથી. આહા..હા...! મોટાને મળવા જાવું હોય તો કેટલી સભ્યતા જોઈએ ! આહા..હા...! તો ભગવાન ત્રણલોકનો નાથ જ્ઞાતા ! એને અંતર નિર્મળ શુદ્ધ સ્વભાવ વીતરાગી પરિણતિ દ્વારા જેને જ્ઞાતાનું જ્ઞાન થાય છે. આહા..હા...! સ્વભાવ વડે એટલે વીતરાગી પર્યાય દ્વારા. જેને સ્વભાવ વડે એટલે વીતરાગી પર્યાય વડે જેને જ્ઞાતાનું જ્ઞાન થાય છે. આહા..હા...! આવી વાત છે.

**'તે અલિંગગ્રહણ છે;...'** આહા..હા...! **'આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે...'** એવો અર્થ અલિંગગ્રહણમાંથી નીકળે છે. આહા..હા...! ભગવાન 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું કે, આત્મા અલિંગગ્રહણ છે. લિંગથી જાણવામાં આવે એવો નથી. આહા..હા...! તો એનો અર્થ એવો થયો... આહા..હા...! કે, મનથી નહિ, વાણીથી નહિ, દેહથી નહિ, રાગથી નહિ, પર્યાયને લક્ષે પણ દ્રવ્ય જણાય એવું નથી. આહા..હા...! એનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એવી

જે પર્યાય, ક્ષયોપશમજ્ઞાન જે અનાદિનું છે એનાથી પણ જણાય એવો નથી. આહા..હા...! અહીં ક્યારે જાય ? (અહીં જાય) ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહા..હા...! ધર્મની પહેલી સીડી ! ધર્મનું પહેલું પગથિયું ! આહા..હા...!

સ્વભાવ વડે જેને જ્ઞાન થાય છે. જ્ઞાતા દ્રવ્યને સ્વભાવ વડે જેને જ્ઞાન થાય છે. આહા..હા...! થોડા શબ્દો, ગહન ભાવ ! સંતોના શબ્દો છે. દિગંબર સંતો વીતરાગી મુનિ છે. આહા..હા...! જેને આનંદના ઉભરા આવે છે ! અતીન્દ્રિય આનંદના; દરિયામાં જેમ પાણીની ભરતી આવે એમ ધર્માત્મા મુનિને અતીન્દ્રિય સ્વભાવ વડે જાણવામાં આવ્યો તેથી તેની પર્યાયમાં અતીન્દ્રિય આનંદની... આહા..હા...! ભરતી આવે છે !! આનંદની છોળું ઊઠે છે. આહા..હા...! મુનિ છે ને ? સમ્યક્દૃષ્ટિ આનંદ છે પણ ઈ અલ્પ છે. આને તો ઉગ્ર અતીન્દ્રિય આનંદની ધારા (વહે છે). આહા..હા...! પણ તે પણ કહે છે કે, અમને અતીન્દ્રિય આનંદની ધારાથી જે જાણવામાં આવ્યો, પ્રભુ ! એટલેથી અમને સંતોષ નથી. આહા..હા...! અમને તો પૂર્ણ અતીન્દ્રિય આનંદથી જાણે એ અમારે જોઈએ છે. બેનમાં આવે છે ને ? પાતળી ધારા ! એમાં વાત ઈ છે. આહા..હા...! ઘડામાંથી જેમા પાતળી ધાર આવતી હોય એમ ભગવાન આનંદનો ભરેલો ઘટ્ટ ઘડો (છે) ! આ..હા..હા...! એમાંથી અંતર લક્ષ કરતાં, સ્વભાવ વડે તેમાં જતાં અનંત આનંદની ધારા પર્યાયમાં આવે એ વડે તે જણાય એવો છે. આહા..હા...! આકરું કામ છે, ભાઈ ! એકલા વાડા બાંધીને બેસે અને લોકોને રાજી રાખવા, જુઓ ! ભાઈ ! આમ વ્યવહારથી પણ થાય, હોં ! ભગવાનનો સ્યાદ્‌વાદ માર્ગ છે. એકાંતે સ્વભાવથી જ થાય અને વ્યવહારથી ન થાય તે એકાંત છે. અરે... પ્રભુ ! ઈ સમ્યક્ એકાંત જ છે. સમ્યક્ એકાંત જ છે. નિશ્ચયનય, સ્વભાવથી જણાય તે સમ્યક્ એકાંત નય છે. આહા..હા...! નયનો વિષય એકાંત સ્વભાવ છે.

આહા..હા...! ગજબ વાત છે ! શું સંતોએ કર્યું ! અને કહ્યું ! શું કર્યું અને શું કહ્યું ! આહા..હા...! એ કહેવામાં ઈ બતાવે છે. અમે શું કર્યું ઈ કહેવામાં બતાવે છે. આ..હા...! અમે સ્વભાવ વડે કરીને ભગવાનને જાણ્યો અને વિશેષે ઉગ્ર સ્થિરતા દ્વારા અમે અનુભવ કરીએ છીએ. મુનિપણું એટલે ઓ..હો...! ગજબ વાત છે ! પરમેશ્વર ! 'જ્ઞાનાર્ણવ'માં તો કહ્યું છે કે, પંચમ આરામાં અત્યારે કોઈ બે-ત્રણ સાધુ હોય. એમ લખ્યું છે. આ..હા...! એટલે થોડા (હોય) એમ. એ (એક શ્વેતાંબર સાધુએ) લીધું. કીધું ને ? 'જ્ઞાનાર્ણવ'માંથી (લીધું કે) અત્યારે બે-ત્રણ (હોય). પણ તમારા શાસ્ત્રમાં એ વાત નથી. આ તો 'જ્ઞાનાર્ણવ'ની

વાત છે, દિગંબર ગ્રંથની વાત છે. 'શુભચંદ્રાચાર્યદેવ'નો 'જ્ઞાનાર્ણવ' (ગ્રંથ) છે. (એમાં) ધ્યાનનો વિષય (છે) એમાં કહ્યું છે કે, ઓ..હો..! આત્માનું ધ્યાન સ્વભાવથી આત્માને પકડે એવું ધ્યાન અને એમાંથી ઉગ્રપણે પકડે એવી સ્થિરતા સંતોને હોય છે. એ જીવ કોઈપણ હોય. કોઈ બે-ચાર જીવ હોય. એમ લખ્યું છે. આહા..હા...!

મુમુક્ષુ :– બે-ચાર કરતાં વધારે હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એટલે થોડા. બે-ચારનો અર્થ થોડા. બે-ત્રણ એટલે થોડા, બહુ થોડા. પણ ટોળાંના ટોળાં નહિ, બાપુ ! પંચમઆરામાં ન હોય, ભાઈ ! ઝીણી વાત, પ્રભુ ! સ્થાનકવાસી અને શ્વેતાંબરમાં તો કોઈ સાધુ હોઈ શકે જ નહિ, સમકિતી હોઈ શકે નહિ. ભાઈ ! આ..હા..હા...! આવી વાતું છે. અહીં તો જે સનાતન દિગંબર સંપ્રદાય છે એમાં પણ કહે છે, પંચમઆરામાં બહુ થોડા – બે-ત્રણ સાધુ (હોય), ભાઈ ! પછી 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ખુલાસો કર્યો (છે કે), બે-ત્રણ કીધા એટલે થોડા લેવા, બહુ થોડા. આહા..હા...! જેને ધ્યાનમાં આત્મા પકડાણો... આ..હા..હા...!

બીજે એમ કહ્યું છે ને ? 'દ્રવ્યસંગ્રહ' ! બે પ્રકારનો મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રગટે છે. આહા..હા...! એ વિકલ્પના વિચાર દ્વારા એ પકડાય એવો નથી. આહા..હા...! એનો અંતર વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વભાવ વડે અંદર ધ્યાનમાં જાય ત્યારે તે પકડાય એવો છે. આહા..હા...! અરે...! આવી મોંઘી વાતું ! કહે છે કે, 'સોનગઢવાળા'એ સમકિતને બહુ મોંઘું કરી દીધું, એમ કેટલાક કહે છે. અરે...! મોંઘું ને સોંઘું, બાપુ ! જેમ છે એમ છે. એમ કહે કે, ઘણાને સમકિત થાય, ઘણાને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (થાય). આ તો કહે, સમકિત તો કો'કને હોય. અરે...! કો'કને હોય એમાં તું ભળ ને ! તું શું કરવા એમ કહેવા માગે છે ? આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાન સ્વભાવનો ચૈતન્ય પરમાત્મા ! આહા..હા...! એ શુદ્ધ આનંદની ધારા દ્વારા જણાય એવો છે. એ શુદ્ધ જ્ઞાનની પરિણતિ દ્વારા જણાય એવો છે. જેને શુદ્ધ પરિણતિથી જેનું જ્ઞાન થાય છે. આહા..હા...! હવે આ વાત...! કહો, આ ક્યાંય સાંભળ્યું હતું ?

મુમુક્ષુ :– અત્યારે સમજાણું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બહુ મુશ્કેલી થઈ ગઈ, હોં ! વાત આખી ચૂકાઈ ગઈ. એના ખ્યાલમાં પણ આ વાત ન હોય તો ઈ અંદરમાં જાય શી રીતે ? જેના ખ્યાલમાં એમ આવે કે, અંતરના ધ્યાનથી તે સ્વભાવ વડે પકડાય એવો છે તો તો ઈ (બહારથી) અટકીને અંદરમાં

ધ્યાનમાં જાય. પણ જેને પરથી જણાય એવો છે (એવી શ્રદ્ધા છે) એ પરમાંથી હટે ક્યાંથી ? આહા..હા...! કહો, આવું સ્વરૂપ (છે). ઓ..હો..હો...! યથાર્થ વાસ્તવિક ચીજ આ જ છે.

છઠ્ઠો બોલ – છઠ્ઠીના લેખ ! આહા..હા...! લોકો છઠ્ઠીના લેખ લખે છે ને ? આ છઠ્ઠો (બોલ) અને એક ('સમયસાર'ની) છઠ્ઠી ગાથા. 'ઋ દઞ્ઢ ૡ્ઙદદ ઊઁઍઢજઢ્ઢલ્ઢ્ઙ ઋ ચ્ઢજઢ્ઢલ્ઢ્ઙ' ઈ પણ એ કહ્યું, ભગવાન પ્રમત્ત અને અપ્રમત્ત નથી. પ્રમત્ત-અપ્રમત્ત તો શુભ-અશુભ ભાવ હોય તો તે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ પડે, પણ ભગવાનઆત્મા શુભાશુભ ભાવપણે થયો નથી. કેમકે શુભાશુભ ભાવ છે, વ્યવહાર રત્નત્રયનો શુભ ભાવ છે એ જડ છે. ભગવાન જ્ઞાનસ્વભાવી પ્રભુ છે. એ જડપણે થાય તો જડ થઈ જાય. એ ચેતન ભગવાન શુભ ભાવપણે થઈ જાય તો જડ થઈ જાય. આહા..હા...! સમજાણું કાંઈ ? ત્યાં લખાણમાં છે કે, શુભાશુભ ભાવ છે એ પ્રમાણે જો આત્મા થઈ જાય તો શુભાશુભ (ભાવ) તો જડ છે, અચેતન છે. ચૈતન્ય સ્વરૂપ જે જ્ઞાતા સ્વરૂપ ભગવાન, જેમાં ચૈતન્યના પ્રકાશના નૂરનાં પૂર ભર્યા છે. આહા..હા...! એ શુભાશુભ ભાવપણે થાય તો શુભાશુભ ભાવ તો અચેતન (છે), જેમાં જ્ઞાનનો અંશ નથી, એ તો જડ છે. તો જ્ઞાયક સ્વભાવ ભગવાન શુભાશુભપણે થાય તો જડ થઈ જાય. અર..ર..ર...! આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાતું છે. આવું ક્યાંય સાંભળવાનું મળે એવું નથી. ધૂળમાં રોકાય, પૈસામાં ને આમાં (રોકાય). આહા..હા...! પ્રભુ ! તને ક્યાં રોકાવું છે ? તારું ઘર ક્યાં છે ? કે, અંદરમાં સ્વભાવ વડે જણાય એવું તારું ઘર છે. આહા..હા...!

**'લિંગ દ્વારા નહિ...'** અસ્તિ કહે છે. નાસ્તિ તો પાંચ બોલમાં કીધી. તેથી સરવાળામાં પહેલું એમ (કહ્યું કે), **'લિંગ દ્વારા નહિ...'** નાસ્તિથી વાત કરી નહિ **'પણ સ્વભાવ વડે...'** આ..હા..હા...! ચૈતન્યના જ્ઞાતા-દૃષ્ટાના આનંદના સ્વભાવ વડે... આહા..હા...! જેને જ્ઞાન થાય છે. સ્વભાવ વડે જેને જ્ઞાન થાય છે. આહા..હા...! ગ્રહણ એટલે જ્ઞાન, હોં ! જેને – ભગવાનને, સ્વભાવ વડે જેને જ્ઞાતાનું જ્ઞાન થાય છે. આહા..હા...! નિશ્ચય સમ્યગ્દર્શન પણ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એનો અર્થ ઈ કે, સ્વભાવ વડે પ્રાપ્ત થાય છે એટલે કે રાગનું લક્ષ છૂટીને સ્વભાવમાં જાય છે ત્યારે ધ્યાન થાય છે. આહા..હા...!

વિકલ્પ છે તેને તોડી અથવા તોડ્યા વિના અંદર સ્વભાવથી આમ દૃષ્ટિમાં જાય છે ત્યાં ઈ તૂટી જાય છે. આહા..હા...! એવા નિર્વિકલ્પ ચૈતન્યના સ્વભાવ વડે જેને જ્ઞાન થાય છે. શાસ્ત્રથી જ્ઞાન થાય છે એમ ન કહ્યું. આ..હા...! એનું જ્ઞાન શાસ્ત્રથી થાય છે અથવા

એને શાસ્ત્રથી જ્ઞાન થાય છે, જ્ઞાતા ભગવાનને શાસ્ત્રથી જ્ઞાન થાય છે એવો એ નથી. આહા..હા...! ઝીણી વાત બહુ, ભાઈ ! આહા..હા...! ધન્ય ભાગ્ય ! એની પહેલી દૃષ્ટિ તો કરે. દૃષ્ટિ સ્વભાવ વડે કરીને અંતરમાં જાય ત્યારે તેને યથાર્થ આત્મા જેવો છે તેનું જ્ઞાન થાય. આહા..હા...! અહીં તાકડે છઠ્ઠો બોલ આવ્યો, લ્યો ! આહા..હા...!

તારા રૂપ પ્રભુ એવા છે, જ્ઞાતા-દૃષ્ટાના રૂપ કે, જેને સ્વભાવથી જણાય એવો ઈ છે. આહા..હા...! જેમ આંખ વડે આ જગતનું રૂપ દેખાય છે એમ અતીન્દ્રિય જ્ઞાનની આંખ વડે ભગવાન જણાય છે એવો ઈ છે. અતીન્દ્રિય જ્ઞાનના નેત્ર વડે... આ..હા..હા...! તે જણાય છે. **'આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે...'** પ્રત્યક્ષ જ્ઞાતા છે (એ) પરોક્ષ નહિ રહી શકે. આહા..હા...! પ્રકાશ નામનો એમાં ગુણ છે. ભગવાનઆત્મામાં જેમ જ્ઞાન, આનંદ એવો ગુણ છે એવો એક પ્રકાશ નામનો ગુણ છે કે જેથી તે સ્વસંવેદનથી પકડાય એવો છે. પ્રકાશ ગુણનો સ્વભાવ એ છે કે તેનો આશ્રય લેતાં સ્વસંવેદનપણું પ્રગટ થાય તેનાથી તે જણાય એવો છે. આહા..હા...! આ બધું છોડી અહીં સુધી જાવું !

પહેલાં જ્ઞાનમાં તો એ વાતનો નિર્ણય કરે કે, એ કોઈ રીતે બાહ્યના સાધનથી જણાય એવો નથી. અંતર રાગથી ભિન્ન પડવાનું પ્રજ્ઞા સાધન, એ પ્રજ્ઞા સાધન કહો કે સ્વભાવ કહો એના વડે તે ભગવાન જણાય એવો છે. આહા..હા...! અત્યારે તો માણસને રાજી રાખવા, રંજન (કરવા એમ કહે) ભવાભિનંદી ! આમ થાય, ભગવાનના પેલાથી લાભ થાય. ભગવાનની ભક્તિ કરો (તો) ભવ ઘટી જશે. અહીં કહે છે કે, ભવ ઘટશે નહિ, પ્રભુ ! એના તરફના લક્ષમાં રાગ છે તે સંસાર છે. પ્રભુનો પોકાર છે. અમારા તરફનો પ્રેમ છે તે રાગ છે, પ્રભુ ! તને એ સંસાર છે. આહા..હા...! ભગવાન સ્વભાવ તો સંસારરહિત છે. પ્રભુનો સ્વભાવ તો સંસારરહિત છે. આ..હા...!

આમ તો ચૈદમા ગુણસ્થાન સુધી અસિદ્ધ કહ્યા. ઈ પર્યાયમાં (અસિદ્ધ કહ્યા છે). વસ્તુ છે એ તો સિદ્ધસ્વરૂપી જ ત્રિકાળ છે. અસિદ્ધ તો પર્યાયની અપેક્ષાએ ત્યાં કહ્યા (છે). ત્યાં સુધી હજી પર્યાયમાં સંસાર છે એમ કહે છે. આ..હા..હા..હા...! વસ્તુ છે તે સ્વભાવ વડે જણાણી એમાં તો અસિદ્ધપણું, ઉદયભાવ કે કંઈ છે જ નહિ. આહા..હા...! એમાં તો ક્ષાયિકભાવ પણ નથી. આહા..હા...! એવો આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. ઓ..હો..હો...!

સમ્યગ્દર્શનમાં અને સમ્યક્જ્ઞાનમાં પણ જ્ઞાન પરની અપેક્ષા રાખ્યા વિનાનું, સ્વની અપેક્ષાથી થયેલું જ્ઞાન (છે) એ જ્ઞાન તે આત્માને જાણવાનો સ્વભાવ છે. એ જ્ઞાન વડે આત્મા

જણાય એવો છે. આ..હા...! એટલે એવો પ્રત્યક્ષ આત્મા જ્ઞાતા છે. આહા..હા...! એવા અલિંગગ્રહણમાંથી આવો અર્થ પ્રગટ થાય છે. આ..હા...! 'કુંદકુંદાચાર્યદેવ'ને અલિંગગ્રહણમાં આ કહેવું છે. આહા..હા...! છઠ્ઠો બોલ થયો. ઈ દ્રવ્યની વાત કરી.

હવે, ઉપયોગની (વાત) કરે છે. આહા..હા...! **'જેને લિંગ વડે એટલે કે...'** આ..હા..હા...! **'ઉપયોગ નામના લક્ષણ વડે...'** આ..હા..હા...! જાણવા-દેખવાનો જે ઉપયોગ છે એ લક્ષણ વડે. **'ગ્રહણ એટલે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...'** આહા..હા...! જેના જ્ઞાનમાં – ઉપયોગમાં જ્ઞેય પદાર્થોનું આલંબન નથી. આહા..હા...! જેનો ઉપયોગ સ્વ-આલંબે પ્રગટ્યો છે એ ઉપયોગને પરજ્ઞેયનું આલંબન નથી. આહા..હા...! પેલી તો દ્રવ્યની વાત કરી હતી. હવે એના ઉપયોગની વાત કરે છે. આહા..હા...!

**'જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...'** ઉપયોગના લક્ષણમાં જ્ઞેય પદાર્થનું આલંબન નથી. આહા..હા...! જેના ઉપયોગમાં જ્ઞાતા ભગવાન છે તેનું આલંબન છે. આ શાસ્ત્રનું આલંબન, ભગવાનની વાણીનું આલંબન એ વડે ઉપયોગ છે નહિ. આહા..હા...! ગજબ વાત છે ! એ વસ્તુ તો સ્વભાવ વડે પકડાય પણ ઉપયોગને પણ પરજ્ઞેયનું આલંબન નથી કહે છે. હવે એની પરિણતિની (વાત કરે છે). આહા..હા...! ધીરેથી વાતું સમજવા જેવી છે, બાપુ ! આહા..હા...! ધીરાના કામ છે આ ! આહા..હા...! ઉતાવળે આંબો પાકે નહિ એમ કહે છે ને ? ગોટલી વાવી ને આંબો તરત થઈ જાય ? એમ આ ધીરજથી જોવાનું કામ છે. ઉતાવળે એકદમ આમ કરી નાખ્યું, આમ કરી નાખ્યું એમ નથી, બાપા ! આ..હા...!

જે ઉપયોગ નામનું લક્ષણ આત્માનું – ભગવાનઆત્માનું છે તેને જ્ઞેય પદાર્થનું આલંબન જ નથી. ઉપયોગને જ્ઞેય પદાર્થનું આલંબન નથી. આહા..હા...! ઉપયોગને જ્ઞેય પદાર્થનો આધાર નથી. આહા..હા...! શાસ્ત્ર પણ જ્ઞેય છે, દેવ-ગુરુ પણ જ્ઞેય છે. જ્ઞેય છે ને ? ઇન્દ્રિયમાં આવ્યું નથી ? કે, જડ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય અને ભગવાન પણ જ્ઞેય છે. ઇન્દ્રિય છે. તો કહે છે કે, જેના ઉપયોગને પરજ્ઞેયનું આલંબન નથી. આહા..હા...! એવો ઉપયોગ સ્વરૂપ ભગવાનઆત્મા છે. આવી વાતું છે !

**'જેને લિંગ વડે એટલે કે...'** ઉપયોગ નામનું તો એનું લક્ષણ છે એ લક્ષણ વડે જ્ઞાન થાય છે પણ તે વડે જ્ઞેય પદાર્થનું આલંબન નથી. જેનું લક્ષણ જ ઉપયોગ – જ્ઞાન છે એને જ્ઞેય પદાર્થના આલંબને ઉપયોગ લક્ષણ છે એમ નથી. આહા..હા...! એ ઉપયોગનું

આલંબન તો દ્રવ્ય છે. આહા..હા...! 'સંવર અધિકાર'માં કહ્યું ને ? ઉપયોગમાં ઉપયોગ છે. રાગાદિ અને વ્યવહારના વિકલ્પમાં ઉપયોગ નથી. આહા..હા...! ઉપયોગમાં (એટલે) શુદ્ધ જે ઉપયોગ લક્ષણ છે તેમાં આત્મા છે. તેના વડે જણાય છે માટે તેમાં એ આત્મા છે. આહા..હા...! રાગનો ઉપયોગ એ આત્મા નથી. એમાં આત્મા જણાતો નથી. આ..હા..હા..હા...!

અહીં એમ કહેવું છે, ઉપયોગ નામનું એનું લક્ષણ છે. એ લક્ષણનું આલંબન લક્ષ કહો. પણ પરજ્ઞેયના આલંબને એ લક્ષણ થાય, એ લક્ષણ ઉત્પન્ન થાય એમ છે નહિ. આહા..હા...! જાણવાનો જે ઉપયોગ છે એ જ્ઞેયના આલંબને ઉપયોગ થયો છે એમ નથી. આ..હા...! એ જ્ઞેયને જાણે, એ જ્ઞેય છે માટે જાણે છે એમ નથી. એ જાણવાનો ઉપયોગ જ સ્વતઃથી થયો છે. એનું લક્ષણ જ એ છે એ જ્ઞેયને જાણે માટે તેને ઉપયોગનું પરાધીનપણું છે એમ નથી. એ જ્ઞેયને જાણતો જ નથી. આહા..હા...! એ તો ઉપયોગ જે એનું લક્ષણ છે તે વડે ભગવાન જણાય એવો છે. એ ઉપયોગને જ્ઞેયનું આલંબન નથી પણ ભગવાનનું આલંબન છે. આહા..હા...! તીર્થંકરની વાણી અને તીર્થંકરનું પણ, ઉપયોગ લક્ષણ જેનું છે એમાં એનું આલંબન ક્યાં છે ? સમજાય છે કાંઈ ? આહા..હા...! વસ્તુ દુર્લભ છે, બાપુ ! અશક્ય નથી. દુર્લભ છે. આહા..હા...!

ઈ પોતાના ઉપયોગને જાણવા-દેખવાની દશા થાય છે એ તો એનું લક્ષણ છે. એનું લક્ષણ છે એને આનું (–પરનું) આલંબન નથી. આ..હા...! સમજાણું કાંઈ ? ઓ..હો..હો...! ઉપયોગને શાસ્ત્રનું પણ (આલંબન નથી). શાસ્ત્ર જ્ઞેય છે. ભગવાન પણ જ્ઞેય છે, એની વાણી પણ જ્ઞેય છે. ભગવાનઆત્માનું જાણન લક્ષણ તો લક્ષનું લક્ષણ છે, દ્રવ્યનું લક્ષણ છે. એ લક્ષણને જ્ઞેયને આલંબન નથી. ઓ..હો..હો...! ઉપયોગ પરના આલંબન વિના પ્રગટ થાય છે. કારણ કે એ તો ભગવાનઆત્માનું લક્ષણ છે. જેનું લક્ષણ છે એ લક્ષણ બીજા આલંબને કેમ પ્રગટે ? આહા..હા...!

ભગવાનની મૂર્તિ ને પૂજા ને વાણી એ દ્વારા ઉપયોગ પ્રગટે ? લક્ષણ તો ભગવાનઆત્માનું છે. લક્ષણ એનું છે તો એમાંથી તો લક્ષ દ્રવ્યમાં જાય અને એના લક્ષે લક્ષણ છે. આહા..હા...! એ લક્ષણ પરના ઉપયોગને લક્ષે (નથી), જ્ઞેયના આલંબને ઉપયોગ નથી. દ્રવ્યની તો શું વાત કરવી પણ એના ઉપયોગની પરિણતિને પરનું આલંબન નથી. આહા..હા...! આવી વાતું, ભાઈ ! આ તો વીતરાગ પરમેશ્વર જૈન પરમેશ્વર ! એમની આ સ્થિતિ છે. એમનું આ શાસન છે. આહા..હા...!

ભગવાનઆત્મા રાગથી કે વિકલ્પથી જણાય એવો નથી. એ તો એક કોર રાખો, પણ એનું જે ઉપયોગ લક્ષણ છે... આહા..હા...! જે ભગવાનઆત્માનું ઉપયોગ લક્ષણ છે – 'ઉવઓગો જીવ' ઉપયોગ એ જીવ (છે). એટલે લક્ષણ ઉપયોગ એ જીવ (છે). આહા..હા...! એ ઉપયોગને જ્ઞેયો – ઈશ્વર, પરમેશ્વર, એની વાણી કે શાસ્ત્રનું આલંબન નથી. આહા..હા...! લોકોને આકરું લાગે. એક કોર એમ કહેવું કે, 'જિનપ્રતિમા જિનસારખી' અને જિનપ્રતિમાના અવલંબને ઉપયોગ થાય એમ પ્રભુ ના પાડે છે.

**પ્રશ્ન** :– સાક્ષાત જિનેશ્વર હોય તોપણ ?

**સમાધાન** :– સાક્ષાત જિનેશ્વર કીધું ને ? 'જિનપ્રતિમા જિન સારખી' જિન નામે જિનપ્રતિમા. આહા..હા...!

એ પોતાના ઉપયોગ લક્ષણને તે જ્ઞેયનું આલંબન – આધાર નથી. આહા..હા...! આવી વાતું...! ભાઈ ! ત્યાં ક્યાંય મળે એવું નથી. 'મુંબઈ'માં આખો દિ' હા..હો, હા..હો... હોળી (સળગે છે). એમાં વળી નોકરી એવી મળે. આહા..હા...!

**પ્રશ્ન** :– શું કરવું ?

**સમાધાન** :– આ કરવું. ઈ તો વાત ચાલે છે કે, જીવને જાણવા માટે પરનું આલંબન તો છે નહિ પણ એના ઉપયોગ લક્ષણને પણ પરનું આલંબન નથી એમ નક્કી કરવું. આહા..હા...! અરે..રે...! અત્યારે તો એવા ગોટા ઊઠ્યા.. સેવા કરો, જગતની સેવા કરો, લ્યો ! દુઃખીને આમ કરો, પૈસાની મદદ કરો, તમને ધર્મ થશે ! ભાઈ ! અરે..રે...! જેને (આ) વસ્તુ સાંભળવા મળે નહિ એ કે દિ' અંતરના લક્ષમાં જાય ? આહા..હા...!

ઉપયોગ લક્ષણ વડે કરીને દ્રવ્ય જણાય એવું જે લક્ષણ (છે) તે જ્ઞેયના આલંબનવાળું નથી એમ કહે છે. આહા..હા...! કેમકે ઉપયોગ છે ને ? પરિણતિ છે ને ? દ્રવ્ય તો ધ્રુવ ત્રિકાળી (છે) પણ એનું લક્ષણ જે છે – જ્ઞાન ઉપયોગ છે... આહા..હા...! એને પણ પરજ્ઞેયના આલંબનની સ્થિતિ જ નથી. એ તો સ્વઆલંબે ઉપયોગ પ્રગટ્યો છે. આ..હા..હા..હા...! સમ્યક્જ્ઞાનનો ઉપયોગ સ્વ ત્રિકાળ ભગવાનને અવલંબે પ્રગટ્યો છે. એને પરજ્ઞેયનું આલંબન કિંચિત્ નથી. આહા..હા...! ભગવાનની વાણી મળી માટે ઉપયોગ ચોખ્ખો થયો... આહા..હા...! ભગવાન મળ્યા માટે ઉપયોગ લક્ષણ પ્રગટ્યું. પણ દ્રવ્યનું ઉપયોગ લક્ષણ તો ત્રિકાળ છે. આહા..હા...! એ લક્ષણને પ્રગટવા માટે પરના આલંબનની જરૂર નથી. આહા..હા...! તેથી એમાંથી કાઢી નાખે કે, જુઓ ! ભગવાનની મૂર્તિ જ નથી. પણ અહીં તો નિશ્ચયની વાત

છે. જ્યારે રાગ આવે ત્યારે રાગમાં એનું લક્ષ ત્યાં જાય. એને પણ જાણે. પણ બિલકુલ ભગવાનની પૂજાનો રાગ ન જ આવે, વીતરાગ થયા વિના રાગ ન આવે એમ હોય નહિ. છતાં એ રાગ ઉપયોગને મદદ કરે છે (એમ નથી). આહા..હા...! રાગ પણ પરજ્ઞેય છે. ઉપયોગને પરજ્ઞેયનું આલંબન નથી. આ..હા..હા..હા...! સમજાણું કાંઈ ?

ધીમેથી તો વાત ચાલે છે, ભાઈ ! થોડો વિચાર પણ કરતો જાય. આ..હા...! એમને એમ સાંભળે ઈ પણ (કામનું નહિ), થોડો વિચાર કરવો જોઈએ ને ? આહા..હા...! આવા ટાણા ક્યારે મળે ? આહા..હા...! નિગોદમાંથી નીકળીને ઇયળ થાય તો કહે છે કે, ચિંતામણિ હાથ આવ્યું. આહા..હા...! એટલા બધા નિગોદના જીવ પડ્યા છે ! આ લીમડાના ફૂલ હમણાં ખરે છે. આ તો ભાદરવો મહિનો છે તોપણ ફૂલ ખરે છે. પગથિયે ચડતાં... આહા..હા...! એટલા ફૂલ (હોય છે કે), પગ મૂકવો મુશ્કેલ પડે. એક એક ફૂલમાં એક કટકીમાં અસંખ્ય શરીર ! એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા જીવ !!

અહીં એક સાધુ આવ્યા હતા (ત્યારે) લીમડાના કોર હેઠે પડ્યા હતા (તોપણ) એની સામું જોવે નહિ, કચરી કચરીને ચાલે ! અરે...! આ તું શું કરે છે ? પ્રભુ ! આહા..હા...! આ લીમડે કોર બહુ હતી. આવ્યા હતા ને ? નામ નથી આપતા. આહાર કરીને આવ્યા. હેઠે જોવે નહિ કે, આ શું છે ? કચરીને કચ્ચરઘાણ કરીને આવ્યા. અરે..રે...! અરે.. ભાઈ ! એ અનંતા આત્માઓ છે. આહા..હા...! અરે...! એમાં તો પ્રભુ ! તારા પૂર્વના અનંતા માતા-પિતા ત્યાં બેઠા છે. અનંતકાળમાં અનંતા માતા-પિતા કર્યા, ભાઈ ! એ ત્યાં અંદર બેઠા છે. તું કોને કચરે છો ? આહા..હા...! તારો ઉપયોગ પરમાં એટલો કેમ જાય છે ?

ઉપયોગને પરના જ્ઞેયનું આલંબન નથી. સામે આવું નિમિત્ત છે માટે એવો ઉપયોગ પ્રગટ્યો એમ નથી. આહા..હા...! એ સ્વપરપ્રકાશક લક્ષણ સ્વતઃ પોતાથી પ્રગટ થાય છે. આહા..હા...! અત્યાર સુધી દ્રવ્યની વાત કરતા (હતા). પાંચ (બોલમાં) નાસ્તિ – (આનાથી) ન જણાય, ન જણાય (એમ કહ્યું). છઠ્ઠા (બોલમાં એમ કહ્યું કે), વસ્તુ જ્ઞાતા-દૃષ્ટા વસ્તુ જણાય, એમ કહ્યું. હવે સાતમા (બોલમાં) એનો ઉપયોગ લીધો. આહા..હા...! ગજબ શૈલી છે ! આહા..હા...!

આ રૂપાળું શરીર દેખાય પણ પ્રભુ ! એ તો જડ છે, માટી છે ને ! એને જાણતાં ઈ છે માટે જ્ઞાન થયું (એમ નથી). આહા..હા...! અહીંયાં આ ભવમાં એકવાર અગ્નિ ઊઠશે. હડ.. હડ... હડ... હડ.. બાપુ ! એ તો જડ છે. આહા..હા...! એના તરફને કારણે તને

જાણવાનો ઉપયોગ થાય છે એમ નથી એમ કહે છે. જ્ઞાનમાં એ જણાણું માટે એનાથી ઉપયોગ થયો (એમ નથી). આહા..હા...! ઘણી જ ગંભીરતા ! અલિંગગ્રહણમાં આચાર્ય મહારાજે (ઘણું ભરી દીધું છે). 'અમૃતચંદ્રાચાર્યદેવ' હજાર વર્ષ પહેલાં દિંગબર સંત (થયા). મોરપીંછી, કમંડળ (રાખતા) તે પણ બાહ્ય ઉપકરણ માને અને વાણીને અને સૂત્ર અધ્યયનને બાહ્ય ઉપકરણ માને. ગજબ વાત છે ! આહા..હા...! સૂત્રનું અધ્યયન કરવું એ બાહ્ય ઉપકરણ છે ! એ બાહ્ય ઉપકરનો એના ઉપયોગને અવલંબન નથી. આહા..હા...!

શું કહે છે ? આ સાંભળતા અંદર જે જ્ઞાન થાય માટે તે ઉપયોગને સાંભળવાનું નિમિત્ત છે, આધાર છે એમ નહિ. એનો ઉપયોગ ભગવાનઆત્માનું તો લક્ષણ છે. એ લક્ષણ છે ઈ પરને આલંબને કેમ હોય ? જેનું લક્ષણ છે તે પરાલંબે કેમ હોય ? આહા..હા...! ભાઈ ! આવી વાતું છે. આહા..હા...! રૂપિયા કાંઈક પાંચ-પચીસ લાખ મળે ત્યાં તો (ઓ..હો.. થઈ જાય) અને એને લઈને અહીં જ્ઞાન થાય છે (એમ નથી). જ્ઞાન, હોં ! (જ્ઞાન) એનું તો નથી પણ એને લઈને જાણવું થાય છે એમ પણ નથી. આહા..હા...! લક્ષ્મી આદિ બાહ્ય પદાર્થો જીવના છે નહિ પણ એને જાણતા તેને લઈને જાણવાનો ઉપયોગ થયો એ પણ નથી. આહા..હા...! એ ચીજ તો જીવની નથી, દ્રવ્યની નથી અને એના ઉપયોગની નથી. આહા..હા...! શરીર, વાણી, કર્મ, પૈસા, આબરુ-કીર્તિ, બાયડી, છોકરા, આ મકાનો એ બધા આત્માના તો નથી, એના ઉપયોગના તો નથી પણ ઉપયોગને એનું આલંબન પણ નથી. આહા..હા...! આવી વાતું સાંભળવા મળવી મુશ્કેલ પડે. આહા..હા...! છે ?

**'જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી...'** આહા..હા...! એનું જે અંદર જ્ઞાન થાય એ બાહ્ય પદાર્થના આલંબનવાળું જ્ઞાન નથી. ત્રણલોકના નાથના ઉપયોગવાળું જે જ્ઞાન (છે) એ સ્વના આલંબનવાળું જ્ઞાન છે. એમ કહે છે કે, શાસ્ત્રના વચનો કાને પડ્યા, આંખે જોયા માટે તે ઉપયોગને એનું આલંબન છે (એમ નથી). આહા..હા...! ઉપયોગની અસ્તિ આ જ્ઞેયને લઈને છે એમ નથી કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! થોડું કહ્યું ઘણું કરીને જાણજો, એમ લોકો કહે છે ને ? ભાઈ ! લગ્ન વખતે નથી લખતા ? લગ્ન હોય તો જમાઈને લખે, આ (જમાઈ) સત્તાપ્રિય હોય (એટલે લખે), ખરે ટાણે આવજો. થોડું લખ્યું ઘણું જાણજો. આહા..હા...! એમ સંતો કહે છે, એ ઉપયોગને પરનું આલંબન નથી. (એ) થોડું કહ્યું અંદરથી જાણી લેજો. આહા..હા...! ઓ..હો..હો...!

જે ઉપયોગનું લક્ષણ છે એ તો આત્માનું છે. એ લક્ષણ પરના આલંબનવાળું લક્ષણ કેમ હોય ? બીજી રીતે કહીએ તો એ લક્ષણ બીજાનું લક્ષ કરે છે માટે ઉપયોગ છે એમ નથી. શું કહ્યું ઈ ? ઉપયોગ નામનું લક્ષણ છે એ પરનું લક્ષ કરે છે માટે ઉપયોગ લક્ષણ છે (એમ હોય) તો તો ઉપયોગ લક્ષણ લક્ષનું થઈ ગયું (એટલે કે) પરનું થઈ ગયું. આહા..હા...! સમજાણું કાંઈ ? આ..હા...! આવી વાતું !

ભાઈ ! વીતરાગ સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ ! સર્વજ્ઞ સ્વભાવી નાથ ! એને તો પર્યાયનો પણ આશ્રય નથી પણ એના ઉપયોગના લક્ષણને શાસ્ત્રના શબ્દો (ઉપર) ભગવાનનું નજરે પડવું (થયું) માટે તે ઉપયોગ તેના આલંબનથી પ્રગટ્યો છે એમ નથી. આહા..હા...! પણ પહેલાં એ ઉપયોગ નહોતો અને પછી એ જ ઉપયોગ થયો તો એનું લક્ષ થયું ત્યારે એનો ઉપયોગ એને લઈને થયો કે નહિ ? આહા..હા...! સંતોએ તો જગતને ન્યાલ કરી દીધા છે ! આહા..હા...!

ભાઈ ! તારું દ્રવ્ય તો સ્વતંત્ર નિરાલંબી છે પણ તારો ઉપયોગ છે એ લક્ષણ તો દ્રવ્યનું છે, એ લક્ષણ બીજાને લક્ષ કરે તો લક્ષણ પ્રગટ થાય (એમ નથી). આહા..હા...! જે લક્ષણ છે એ તો જીવદ્રવ્યનું લક્ષણ છે તો એ લક્ષણને લક્ષનું આલંબન હોય તો લક્ષનું લક્ષણ થઈ ગયું. ઈ તો વસ્તુનું લક્ષણ ત્યાં ગયું. તો એમ તો છે નહિ. આહા..હા...! શું આચાર્યોએ દિગંબર સંતોએ તો જગતને (ન્યાલ કરી દીધા છે). આવી ચીજ ક્યાંય છે નહિ. આ..હા...! શ્વેતાંબરમાં પણ મોટા ગોટા ! (એના એક સાધુ) લખે છે ને ? એનામાં ઘણી વાત રહી ગઈ હોય. (શરૂઆતમાં આમાંથી) જ્યારે નીકળેલા એટલે અમુક વાત તો રહી ગઈ હોય. રહી હોય પણ એનો સરવાળો – પરના આલંબને થાય. ભગવાનના દ્રવ્યના આલંબનથી ભાવ થાય અને એ ભાવથી પછી ધર્મ થાય !

આ તો વીતરાગનું શાસન છે. એમાં દિગંબર સંતોએ પ્રસિદ્ધિ કરી કે, અમારો ઉપયોગ ગુરુએ કહ્યું એના આલંબને પ્રગટ્યો છે એમ નથી. આહા..હા...! કેમકે એ ઉપયોગ લક્ષણ તો દ્રવ્યનું છે. એ ઉપયોગ લક્ષણ કંઈ જ્ઞેયનું છે કે, જ્ઞેયને આલંબને ઉપયોગ પ્રગટે ? આહા..હા...! મિથ્યાત્વને ગાળવાનો આ માર્ગ છે. આહા..હા...!

**'આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું...'** આહા..હા...! ભગવાનની વાણીના આલંબનવાળો એ ઉપયોગ નથી. આ..હા..હા..હા...! એ ઉપયોગ તો આત્માનો ઉપયોગ તે આત્માનું લક્ષણ છે. એમાં ઉપયોગની શુદ્ધિ વધે માટે જ્ઞેયોના આલંબનથી વધી છે એમ

નથી. ખૂબ વાંચ્યું, ખૂબ સાંભળ્યું માટે ઉપયોગ વધારે શુદ્ધ થયો એમ નથી. આહા..હા...! વીતરાગ સિવાય આ વાત ક્યાં હોય ? ભાઈ ! આ..હા...! વીતરાગ એમ કહે કે, અમારી સામું જોતાં તને તારા લક્ષણનો ઉપયોગ પ્રગટ થાય એમ નથી. તારા ઉપયોગને અમારું આલંબન (હોય અને) અમને જોતાં તને ઉપયોગ થાય ઈ તું નહિ. આ..હા..હા...! એ આત્માનું લક્ષણ છે (તો) આત્માને જો. આહા..હા...! સમજાણું કાંઈ ?

બાહ્ય પદાર્થ (કહ્યું તો) બાહ્યમાં તો સર્વજ્ઞ આવ્યા, એની વાણી આવી, શાસ્ત્રો આવ્યા. જે જે કાળે તે જ્ઞાનઉપયોગ થાય તે તે કાળે તે જ્ઞેયનું જ્ઞાન તો થાય પણ એ જ્ઞાનને આલંબન એનું નથી, એ તો પોતાથી પ્રગટ્યો છે.

વિશેષ કહીશું...

## ભાદરવા સુદ ૪, રવિવાર તા. ૨૬-૦૮-૧૯૭૯
## ગાથા – ૧૭૨
## પ્રવચન નંબર–૧૭૭

'પ્રવચનસાર' અલિંગગ્રહણ(ના) સાત બોલ ચાલ્યા છે. આ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન એ કોઈ રાગથી કે નિમિત્તથી પકડાય એવી ચીજ નથી. આહા..હા...! અનંત કાળથી ચાર ગતિમાં રખડતા ચોરાશીના અવતાર કરતાં કરતાં એવા દુઃખ એણે સહન કર્યા છે એની એને ખબર નથી. કાંઈક બાહ્યમાં થોડીક સગવડતા જ્યાં મળે ત્યાં એમ માને કે અમે સુખી છીએ, ઠીક ! એ દુઃખી છે, ભાઈ ! તને ખબર નથી. આનંદના નાથને જ્યાં સુધી સંભાળે નહિ અને રાગની ક્રિયામાં રોકાઈ જાય એ દુઃખી છે. ભલે બહારથી પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ દેખાય, શરીર સુંદર દેખાય (તોપણ) એ બિચારા દુઃખી પ્રાણી છે. કેમકે આત્મા આનંદ અને શાંતિની સંપદાનું ઘર પ્રભુ છે એવી સંપદાના નાથને કોઈ દિ' જોયો નહિ. એવો ચૈતન્યરત્નાકર પ્રભુ ! એનો એણે કોઈ દિ' આદર ન કર્યો અને અનાદર કરીને, રાગનો આદર કરીને મિથ્યા ભ્રાંતિથી આત્માની શાંતિનો નાશ કરે છે. આહા..હા...!

પ્રશ્ન :– પર્યાયમાં શાંતિ તો હતી જ નહિ પછી નાશ ક્યાંથી થાય ?

સમાધાન :– સ્વભાવમાં શાંતિ છે એને પર્યાયમાં પ્રગટ થવાનો નાશ કર્યો છે. કર્તા-કર્મ (અધિકારમાં) નથી આવતું ? ભાઈ ! ૬૯-૭૦ (ગાથા). નિર્મળ પર્યાયની ઉદાસીન અવસ્થાને છોડી દઈને. ૬૯-૭૦ 'સમયસાર' ! (ઉદાસીન અવસ્થા) છે નહિ, પણ એને પ્રગટ તો નિર્મળ આનંદ થવો જોઈએ, પ્રભુ ! આ..હા...! નિર્મળાનંદના નાથની દશા નિર્મળ દશા, આનંદની દશા થવી જોઈએ એને ન કરતાં, એમ પાઠ છે ને ? ૬૯-૭૦ (ગાથામાં) એ વાત બહુ સરસ છે. કર્તા-કર્મ છે ને ? આ..હા...!

**‘હવે અહીં, જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા તેને ત્યાગ કરીને...’** એનો અર્થ શું થયો ? આહા..હા...! પ્રભુ ! તો આનંદ અને શાંત સાગર છે એમાંથી નિર્મળ શાંત અતીન્દ્રિય આનંદની દશા થવી જોઈએ. કર્તા-કર્મનો અધિકાર છે ને ? આહા..હા...! ભગવાનઆત્મા ! **‘આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે...’** ઓ..હો...! સ્વરૂપ શું છે એનું એને ભાન નથી. બહારમાં રખડપટ્ટી કરીને ચોરાશીના અવતારમાં મરી ગયો.

અહીં પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ કહે છે, પ્રભુ ! તારી જે નિર્મળ દશા ઉત્પન્ન થવી જોઈએ એને છોડી દઈને. એમ કીધું. છે ? **‘જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા...’** જ્ઞાતાદૃષ્ટાની પર્યાય થવી જોઈએ. આહા..હા...! એને છોડીને દઈને – એનો **‘ત્યાગ કરીને...’** ત્યાગ કરીને એટલે ? હતી તેનો ત્યાગ (કર્યો) એમ નહિ. જે અવસ્થા આમ થવી જોઈએ (તે નથી થઈ તેને ત્યાગ કર્યો એમ કહ્યું). આહા..હા...! ઝીણી વાતું, ભાઈ ! એણે અનંત કાળમાં વાસ્તવિક સત્ય શું છે એની ખબરું નથી. એ બધા બહારના ડાહ્યાના દીકરાઓ કહેવાય (એ) બધા મુર્ખાઓ ચોરાશીના અવતારમાં રખડી મરે છે. આહા..હા...!

અહીં કહે છે કે, **‘(જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા તેને ત્યાગ કરીને...’** ભાષા જુઓ ! ઈ શું કીધું ? કે, સ્વરૂપ તો આનંદ અને સચ્ચિદાનંદ પ્રભુ છે. એની અવસ્થા તો નિર્મળ આનંદ અને નિર્મળ જ્ઞાન(રૂપ) દશા થવી જોઈએ. એ અજ્ઞાનભાવને લઈને તે દશાનો ત્યાગ કરી દે છે. આહા..હા...! એટલે કે દશા ઉત્પન્ન તો આ થવી જોઈએ એમ કહે છે. આહા..હા...! પ્રભુ ! આનંદનો નાથ ! અંદર અતીન્દ્રિય આનંદનું દળ છે, પ્રભુ ! અંદર અતીન્દ્રિય આનંદનો સાગર છે. એ અતીન્દ્રિય આનંદના સાગરના અજ્ઞાનને લઈને જે અતીન્દ્રિય આનંદની દશા થવી જોઈએ તેનો ત્યાગ કરીને. ભાષા તો જુઓ ! આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

આહા..હા...! પ્રભુ ! તું અનંત આનંદનું દળ છો. અતીન્દ્રિય આનંદનો પિંડ છો. આહા..હા...! સાકર જેમ ગળપણથી ભરેલી છે, પ્રભુ ! એમ તારો નાથ આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. એ પોતાના સ્વભાવના અજ્ઞાનને લઈને જે આનંદની જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા થવી જોઈએ તેનો ત્યાગ કરે છે. અરે..રે...! વસ્તુનું સ્વરૂપ એવું છે, બાપુ ! જગત આ બધું બહારનું લાલ, પીળું દેખીને મોહીને મરી ગયા છે. અંતરનો નાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન (બિરાજે છે) એના અજ્ઞાનને લઈને, એના ભાન

વિના... આહા..હા...! તેની દશા તો જ્ઞાતાદૃષ્ટા અને આનંદની થવી જોઈએ તેને અજ્ઞાની તેનો ત્યાગ કરીને (પરિણમે છે). આવી વાત છે, પ્રભુ ! આહા..હા...! અરે..રે...! દુનિયા ક્યાં રખડે છે ? આહા..હા...!

આજે એક ઘોડું દેખ્યું, ઘોડું ! એને પાનીમાં (કંઈક થઈ ગયું હતું તો) ચાલી શકે નહિ, બેસી શકે નહિ. હવે ઈ પાની સારી થાય ત્યારે માણસ બેસી શકે. ત્યાં તો થઈ રહ્યું... મરી ગયો. આહા..હા...! આવા અવતાર ! પણ બહારી જરીક આ ધૂળની સગવડતા દેખે (ત્યાં) મૂઢ થઈને આત્માને મારી નાખે છે. આનંદનો નાથ એની જીવતી જ્યોત છે એને ન સ્વીકારતા 'તું નહિ, મને તો આ રાગ અને દયા, દાન કે વ્રત ને ભોગનો રાગ એ મારું અને એ મને મજા' એવી દૃષ્ટિવંતે ચૈતન્યને મારી નાખ્યો. ભાઈ ! આવી વાતું છે, બાપા ! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે, ભાઈ ! આહા..હા...!

કહે છે કે, એવી અવસ્થાનો ત્યાગ કરીને, તો અવસ્થાનો ત્યાગ કરીને (કહ્યું તો) અવસ્થા હતી ? પણ ભગવાન આનંદના નાથમાં તો નિર્મળ અવસ્થા થવી જોઈએ. વીતરાગી આનંદની દશા થવી જોઈએ. આહા..હા...! ભાઈ ! તે સ્વરૂપના અજ્ઞાનને લઈને તે આનંદની દશાની ઉત્પત્તિનો ત્યાગ કરીને. આહા..હા...! **'અજ્ઞાનભવનવ્યાપાર...'** આહા..હા...! રાગનો ભાવ જે શુભ-અશુભ ભાવ એને અહીંયાં ક્રોધ કીધો છે. એટલે ? સ્વરૂપની અરૂચિ કરી અને રાગની રુચિ કરી એણે આત્મા પ્રત્યે ક્રોધ કર્યો છે, પ્રભુ ! આહા..હા...! ઝીણી વાતું છે, બાપા ! અત્યારે સંપ્રદાયમાં ચાલે છે ઈ આખી લાઈન જુદી છે. આ માર્ગ જ કોઈ જુદો છે. આહા..હા...! દુનિયાની તો ખબર છે કે નહિ ? આહા..હા...!

કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ ! આહા..હા...! કર્તા-કર્મમાં વાત તો જુઓ ! આહા..હા...! પ્રભુ ! તું આનંદસ્વરૂપ છો ને ! અતીન્દ્રિય આનંદ હોં ! આ ઇન્દ્રિયનો આનંદ તો દુઃખ ને રાગ ને ક્લેશ છે. ભાઈ ! આ છ-છ હજારના પગાર ને આઠ હજારના પગાર... દુઃખી છે. ઈ તો આપણે (એક મુમુક્ષુના) દીકરા નથી ? તાતામાં છે. દસ હજારનો પગાર ! બીજો એક ગામમાં છે (એને) પંદર હજારનો પગાર ! 'મુંબઈ'માં છે. આહા..હા...! એકનો પંદર હજારનો છે, એકને દસ હજારનો છે, એકને આઠ હજારનો છે. ધૂળ પણ એવી તો પંદર-પંદર હજાર શું વીસ લાખ, લાખો મળ્યા એમાં શું થયું ? ઈ લાખ જડ, ધૂળ છે ઈ મળી એમાં મળ્યું શું તને એમાં ? પ્રભુ ! મળી મમતા ! એટલે કે દુઃખ. એ દુઃખના નિમિત્તો છે એવો શાસ્ત્રપાઠ છે. પૈસા, સ્ત્રી, કુટુંબ-પરિવાર એ બધા દુઃખના નિમિત્ત છે. આહા..હા...!

નિમિત્ત છે એટલે ? એનાથી દુઃખ થતું નથી. દુઃખ તો પોતે ઊભું કરે છે. આહા..હા...!

અતીન્દ્રિય આનંદનો સાગર અંદર ઊછળે છે, પ્રભુ ! આહા..હા...! એની ઉપર અજ્ઞાનીને અનંતકાળમાં નજરું નથી અને જેમાં નજરું છે ત્યાં એ આત્મા નથી. આહા..હા...! રાગ અને પુણ્ય ને પાપના ભાવ, અશુભ-શુભ ભાવ (થાય છે) ત્યાં એની નજરું (છે પણ) ત્યાં આત્મા નથી. આહા..હા...! તેથી ભગવાન 'કુંદકુંદાચાર્ય' ગાથા કહી એનો 'અમૃતચંદ્રાચાર્યદેવ' અર્થ કરે છે.

આહા..હા...! આ 'કુંદકુંદાચાર્યદેવ', આ 'અમૃતચંદ્રાચાર્યદેવ' ! આહા..હા...! દિગંબર સંતો ચાલતા સિદ્ધ છે !! આ..હા..હા...! અરે..રે...! એવા સંતોના વિરહ પડ્યા. આહા..હા...! ભગવાનના (તો) વિરહ પડ્યા પણ સાચા સંતના વિરહ પડ્યા. આહા..હા...! અહીં તો (અમે) ત્યાં હતા ને વિરહ પડ્યા એમ કહીએ ને ? અમે તો ભગવાન પાસે હતા, સંતો પાસે હતા, એના વિરહ પડ્યા. શરીરમાં રોગ એવો (થયો કે) સહન ન થયું. આ વખાનાં માર્યા આવી પડ્યા છીએ.

અહીં પરમાત્મા કહે છે... વખાના માર્યા સમજાય છે ? વખો એટલે વખત. અહીં આપણે એક બાઈ હતી. પાણી ભરતા ને ? એક બાઈ હતી. બાઈ દેખાવે સારી લાગે. સાધારણ ગરીબ જેવો દેખાવ ન લાગે એટલે મેં જરી પૂછ્યું, બેન તમે અહીં કેમ પાણી ભરો છો ? (તેણે કહ્યું), મહારાજ ! વખાના માર્યા આવી પડ્યા છીએ. છોકરો એવો જાગ્યો છે કે, મહા હેરાન કરે છે. ધણીને બિચારાને રેલનો પગાર મળે. આહા..હા...! વખત માળો એવો આવ્યો.. વખાના માર્યા એમ કાઠિયાવાડી ભાષા છે ને ? વખાના માર્યા – વખતના માર્યા અહીંયાં આવ્યા છીએ. (મેં) કીધું, બેન ! તમે આમ ગરીબ દેખાતા નથી. બેન, આ શું છે આ ? તમે છોકરાઓને પાણી આપો છો. (તેણે કહ્યું), મહારાજ ! અમને ગરીબાઈ થઈ છે. છોકરો આવો જાગ્યો છે, ધણી સાધારણ કામ કરે છે (એટલે) મારે આવી નોકરી કરવી પડે છે. આહા..હા...! અહીં ઘણા વર્ષ પહેલા (હતા). આહા..હા...!

અહીં કહે છે કે, પ્રભુ ! તું તો આનંદનો નાથ ! તને તારો વિરહ !! આ..હા..હા...!

મુમુક્ષુ :– તને તારો વિરહ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શું કીધું ? (મુમુક્ષુ : તને તારો વિરહ).

અહીં ઈ વાત છે. આહા..હા...! છતી ચીજ અતીન્દ્રિય આનંદમય પ્રભુ અંદર પડ્યો છે. અંતર અતીન્દ્રિય આનંદનો સાગર ડોલે છે. એની સામું ન જોતાં, એના અજ્ઞાનભાવને

લઈને જે આનંદની શાંતિના સાગરમાંથી શાંતિ ઉછળવી જોઈએ, અતીન્દ્રિય આનંદ જ્યાં આવવો જોઈએ તેનો ત્યાગ કરીને, એમ કહે છે. ભાઈ ! આવી વાતું છે, બાપા ! એ... જુવાની ઝોલા ખાશે, બાપા ! એ વૃદ્ધાવસ્થા આવશે (ત્યારે) એં... એં... થઈ જશે. અગ્નિમાં આ શરીર સળગશે. હડ... હડ... હડ... બળશે. બાપુ ! એ તો જડ છે, પ્રભુ ! આહા..હા...! ચૈતન્ય બળે એવો નથી. ભગવાન આનંદનો નાથ ! આજે તો આટલા શબ્દોમાં આ વાતની વ્યાખ્યા કરીએ છીએ. સમજાય છે કાંઈ ? ઘણી વાત આવી. આવી વાત સંતોની ક્યાંય છે નહિ.

ભાવલિંગી સંત અનુભવી આનંદના સાગર ! ઈ એમ કહે છે, પ્રભુ ! તું અનાદિના તારા અજ્ઞાનને લઈને, તારી ચીજ છે તેના બેભાન(પણાને) લઈને; બેભાન એટલે બેભાન હશે ? બેભાનનો અર્થ ભાન નહિ. નહીંતર તો ભાષા એવી છે – બેભાન – બે-ભાન. ઈ પારસી ભાષા છે. ખબર છે ? ઈ પારસીની ભાષા છે. આહા..હા...! તારી તને ખબરું વિના, ખબર વિના બહારમાં ખબરદાર થઈને પ્રભુ તું મરી ગયો છો. આહા..હા...! તેં તારા ચૈતન્યની ઝળહળ જ્યોતિનો અનાદર કરીને રાગનો આદર કરીને પ્રભુને મારી નાખ્યો. છે ને 'કળશટીકા'માં ? ભાઈ ! મરણતુલ્ય કરી નાખ્યો. છતી જળતી જ્યોત અંદર ચિદાનંદ ભગવાન પરમાત્મા એને તેં મરણતુલ્ય કરી નાખ્યો. તીર્થંકર ત્રિલોકનાથ અને સંતોની વાણીથી તે ભ્રાંતિ નાશ થઈ શકે છે. એટલે કે એને સમજે તો (નાશ થઈ શકે છે).

ત્રિલોકનાથ તીર્થંકરદેવ અને સંતો ! સંતો એ વીતરાગી સંત છે, બાપુ ! ઈ સંતોની સંતદશા કોઈ અલૌકિક છે ! આ..હા...! બહારથી નગ્ન થઈ ગયા ને ક્રિયાકાંડ કરીને સંત થઈ ગયા એ (સંત) નથી, બાપુ ! આહા..હા...!

અહીં કહે છે કે, (ઉદાસીન જ્ઞાતાદૃષ્ટા) અવસ્થાનો ત્યાગ કરીને. ભાષા તો જુઓ ! અરે.. નાથ ! તારી અવસ્થા તો અંદર આનંદની, જ્ઞાતાદૃષ્ટાની, શાંતિની થવી જોઈએ. કારણ કે તું આનંદ અને જ્ઞાતાદૃષ્ટા છો. છો, એમાંથી જ્ઞાતાદૃષ્ટાની દશા થવી જોઈએ. આહા..હા...! ખરેખર છો એમાંથી આનંદની દશા થવી જોઈએ. આહા..હા...! પણ તેનો ત્યાગ કરીને **'અજ્ઞાનભવનવ્યાપારરૂપ...'** એ રાગ ને પુણ્ય ને પાપ ને દયા ને દાન ને કામ ને ક્રોધ ને ભોગ ને રાગ (રૂપ) **'ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો...'** (અર્થાત્) સ્વરૂપ પ્રત્યે ક્રોધ કરીને રાગમાં પ્રવર્તતો. આહા..હા...! સમજાય છે કાંઈ ? બાપુ ! માર્ગ આવો છે, ભાઈ !

સ્વરૂપની અરુચિ તે સ્વરૂપ પ્રત્યે ક્રોધ છે. 'આનંદઘનજી' એ કહે છે. સમજાય છે ?

'દ્વેષ અરોચક ભાવ' એવો શબ્દ છે. ઈ દ્વેષનો પેટાભેદ ક્રોધ અને માન છે. દ્વેષનો પેટાભેદ ક્રોધ અને માન. રાગના પેટાભેદ માયા અને લોભ. આહા..હા...! 'દ્વેષ અરોચક ભાવ' પ્રભુ ! તને આનંદ ન રુચે (તો) તને દ્વેષ થયો છે. આહા..હા...! એને પડખેથી તું ખસી ગયો, પ્રભુ ! અને પુણ્ય ને પાપના રાગ જે વિકાર અને દુઃખ (છે) એને પડખે ચડી ગયો નાથ ! તેં આનંદની દશાનો ત્યાગ કર્યો. આહા..હા...! આમ બહારના ત્યાગી થયા પણ એ કંઈ ત્યાગ નથી. અંતરના રાગના ત્યાગથી આનંદની દશા ઉત્પન્ન થાય તેનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. આને કહે છે કે, અજ્ઞાનભાવે આનંદની દશાનો ત્યાગ કરી મિથ્યાત્વભાવે રાગની રુચિના પ્રેમમાં ઢસડાઈ ગયો. આહા..હા...! આવું છે, પ્રભુ ! આહા..હા...!

આ બહારના ભભકા તો મસાણના હાડકાના ફાસફૂસ જેવા દેખાય.

મુમુક્ષુ :– ચાર દિવસનું ચાંદલિયું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, આ તો નાની ઉંમરની વાત છે ને ! અત્યારે તો શરીરને નેવુ વર્ષ થયા. આ તો દસ વરસ, અગિયાર વરસની ઉંમર હતી, તેર વરસ સુધી જન્મસ્થાનમાં રહ્યા. 'ઉમરાળા' છે ને ત્યાં ? પછી નવ વરસ દુકાને (રહ્યા). 'પાલેજ'માં ઘરની દુકાન (હતી). 'ભરૂચ' (અને) 'વડોદરા' વચ્ચે ('પાલેજ' છે). નવ વરસ (ત્યાં રહ્યા). નાની ઉંમરના અને શરીર બહુ રૂપાળું ! આ તો નેવું થયા. બહાર નીકળીને (જોયું કે) આ સ્મશાનમાં શું છે ? (ત્યાં) સ્મશાન છે. ત્યાં એક જણો કહે કે, (ત્યાં) ભૂતડા છે, ભૂત ! ભૂત નહોતું પણ એના હાડકા હોય ને ? (એમાંથી) ચમક.. ચમક.. ચમક... ઊઠે. પણ પેલા નાના બાળકને ત્યાં જવા ન દે (એટલે એમ કહે કે), ઈ ભૂત છે ! પછી બીજાઓને પૂછ્યું કે, આ શું કહે છે ? ભૂતડું શું છે ? (તો કહ્યું કે), ભાઈ ! ભૂત નથી. ત્યાં તો મરી ગયેલાના બાળેલાના હાડકાં હોય ઈ અંદર ફાસફૂસ (ફોસ્ફરસને કારણે) ચમકે છે. માટે છોકરાઓએ ત્યાં ન જાવું, ભાઈ ! સમજાણું કાંઈ ?

અમારે 'પાલેજ'માં બીજો એક (પ્રસંગ) બન્યો. (સંવત) ૧૯૫૯ની સાલમાં 'પાલેજ' ગયા. તેર વરસની ઉંમર. '૫૯ ! નાની ઉંમર અને બહાર સૂતા હતા, એમાં પાછળ જીન હતું. ત્યાં રાતની કોર બાઈયું રાહડા લેતી. મેં પૂછ્યું કે, આ શું છે ? અમારી પાછળ જીન હતું. હવે તો મકાન થઈ ગયા. ત્યારે કહે કે, ચૂડેલ રાહડા લે છે ! આપણને (કાંઈ ખબર પડે નહિ), તેર વરસની (ઉંમર) ! કહે કે, ચૂડેલ રાહડા લે છે, ત્યાં ન જાવું. પછી તો વેપાર-ધંધા કરતા (હતા ત્યારે) એના માણસો અમારી પાસે માલ લેવા આવે અને અમે ઉધાર

પણ ધીરતા. સત્તર વરસની, દસ વરસની ઉંમરની વાતું છે, હોં ! આ તો ૭૨ વર્ષ પહેલાં ! પછી ઉઘરાણીએ જાઈએ ત્યારે (જોયું કે) આ તો માણસો છે. આ માણસો તો અમારા ઘરાક છે. ચૂડેલ અહીં ક્યાંથી આવી ? આહા..હા...! ચૂડેલ તો આ છે, પ્રભુ ! રાગ અને દ્વેષના વિકાર એ ચૂડેલ છે.

ભગવાન તો એમ કહે છે કે, આત્મા આનંદ-શરીર છે, રાગ તે ક્લેશ-શરીર – કલહ-શરીર છે અને આ શરીર તે જડ-શરીર છે. ત્રણ પ્રકારના શરીર વર્ણવ્યા. શરીર કાર્મણ આદિ જડ શરીર છે અને પુણ્ય-પાપના ભાવ ક્લેશરૂપી શરીર (છે). વિગ્રહનો એવો પાઠ છે. એ રાગ અને કષાયનું શરીર છે. ભગવાન તારું શરીર તો આનંદ અને જ્ઞાનનું શરીર છે. આહા..હા...! આવી વાતું ! માણસને ક્યાં (સાંભળવા મળે) ? અરે.. ભાઈ ! મનુષ્યપણું મળ્યું અને જો ચાલ્યું ગયું (તો) ક્યાંય પત્તો નહિ ખાય, ભાઈ ! આહા..હા...! નરક અને નિગોદમાં ગયો તો પાછો અનંતે કાળે માણસ નહિ થાય. બાપુ ! આ અવસર મળ્યા છે, ભાઈ ! આહા..હા...!

એ કહે છે, (ઉદાસીન અવસ્થાનો **'ત્યાગ કરીને અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિ વ્યાપારરૂપ...'** એટલે સ્વરૂપ પ્રત્યેનો અનાદર એટલે કે રાગનો પ્રેમ. એમાં **'પ્રવર્તતો પ્રતિભાસે છે...'** તે અજ્ઞાની રાગનો કર્તા છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? વ્યાખ્યા મોટી છે, આ તો 'અવસ્થાનો ત્યાગ કરીને' ઈ લેવું હતું.

અહીં કહે છે, આ..હા..હા...! આઠમો બોલ છે ને ? ભગવાનઆત્મા ! અરે...! એનો ઉપયોગ.. આ જે અહીંયાં ત્યાગની પર્યાય કીધી ને ? (ઈ). આહા..હા...! આત્મા આનંદસ્વરૂપ પ્રભુ ! એનો ઉપયોગ જાણવું-દેખવું તે એનો ઉપયોગ છે. એ જાણવું-દેખવું તે આત્માના આશ્રયથી ઉત્પન્ન થાય એવો જે ઉપયોગ. આહા..હા...! દ્રવ્ય તો નહિ, અહીં તો દ્રવ્યનું પરિણામ જે ઉપયોગ તેની વ્યાખ્યા છે. આહા..હા...! એ **'લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી...'** આહા..હા...! એ જાણવા-દેખવાના ઉપયોગને બહારથી લાવતો નથી. આહા..હા...! પેલા કહે કે, કર્મ જેટલો ક્ષયોપશમ થાય એટલો ઉપયોગ વધે અને કર્મ નડે, વિઘ્ન (કરે) એટલો ઉપયોગ હણાય. અરે...! એ વાત છે નહિ, ભાઈ ! આ..હા...! તારો ઉપયોગ જ અંદર રાગમાં અટક્યો છે તેથી સ્વરૂપની હિંસા થઈ છે. આહા..હા...! એ ઉપયોગ દ્રવ્યને આશ્રયે ઉત્પન્ન થતો, તે ચૈતન્ય દ્રવ્યનું લક્ષણ ઉપયોગ. એ **'નામના લક્ષણને ગ્રહણ કરતો નથી...'** એટલે ક્યાંયથી લાવતો નથી. આહા..હા...!

ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા...! એ જાણવા-દેખવાના પરિણામનો ઉપયોગ ક્યાંય બહારથી લાવતો નથી. વાંચીને લાવે, સાંભળીને લાવે ને એમ નથી કહે છે. અરે...! એ તો અંદર આનંદનો નાથ ! ઉપયોગનો પિંડ છે. ચૈતન્ય ઉપયોગ, દર્શન ઉપયોગનો ધ્રુવ પિંડ છે. તેનો ઉપયોગ જે પરિણમન (તે બહારથી લાવતો નથી). સમજાય છે ? 'उवओगो लक्षणम् जीवो' ઈ અહીં કહે છે. 'तत्त्वार्थसूत्र'માં શબ્દ છે – 'उवओगो लक्षणम् जीवो' ઉપયોગ લક્ષણ ક્યાંય બહારથી લાવી શકાતું નથી એમ કહે છે. વાંચીને આવે કે સાંભળીને આવે એમ નથી એમ કહે છે. ભાઈ ! આકરી વાતું છે, પ્રભુ ! આહા..હા...!

દ્રવ્ય તો ક્યાંયથી આવતું નથી પણ દ્રવ્યનો જે જાણવા-દેખવાનો ઉપયોગ (તે પણ બહારથી આવતો નથી). ઈ પહેલું તો કહી ગયા કે, એને જ્ઞેયનું આલંબન નથી. જાણવા-દેખવાના ભગવાનના ઉપયોગને... ભગવાન એટલે આ આત્મા, હોં ! અહીં તો ભગવાન એને કહીએ (છીએ), બાપા ! આહા..હા...! એના જાણવા-દેખવાના ઉપયોગને પરજ્ઞેય ભગવાન આદિનું પણ અવલંબન નથી. એ તો સાતમાં બોલમાં આવ્યું. આહા..હા...! આવો ઉપદેશ અને આવી વ્યાખ્યા ! પેલું તો સામાયિક કરો ને પોષા કરો ને રખડી મરો ! આહા..હા...! રાગનું કરવું અને રાગનું ભોગવવું એ તો મિથ્યાત્વ ભાવ અને સંસાર છે. રખડવાના પંથ છે. પ્રભુ ! તારા સુખના પંથ કોઈ જુદી જાતના છે. આહા..હા...!

તારો જે ઉપયોગ, જાણવા-દેખવાના પરિણામરૂપી પર્યાય... આહા..હા...! એ કોઈ બહારથી આવતી નથી. આહા..હા...! બહુ સાંભળ્યું માટે ઉપયોગ વધી ગયો એમ નથી કહે છે. એ ઉપયોગ તો અંદર દ્રવ્યના સ્વભાવમાં પડ્યો છે, ત્રિકાલી ઉપયોગ (પડ્યો છે) એનો આશ્રય લઈને જે ઉપયોગ પરિણામ થયા એ કોઈ બહારથી આવતા નથી, એ ઉપયોગ અંદરમાંથી આવે છે. આહા..હા...! આવી વાતું ! ભાઈ ! આહા..હા...! ભાઈ !

આ જુવાનિયા ! આહા..હા...! પ્રભુ ! એ જુવાન તો આ ધૂળ – માટી છે. પ્રભુ તો જુવાન ક્યારે કહેવાય ? રાગ અને પુણ્યને પોતાના માને ત્યાં સુધી એ બાળક, અજ્ઞાની, મૂઢ છે. આહા..હા...! પણ રાગના વિકલ્પ વિનાનો પ્રભુ ! એની દૃષ્ટિ અને એનો અનુભવ ને એનો આદર થાય ત્યારે તે આત્મા જુવાન થયો કહેવાય અને એ આત્મા જ્યારે સ્થિર થઈને કેવળજ્ઞાન પામે ત્યારે એ આત્મા વૃદ્ધ થયો કહેવાય. ઈ આત્માની બાળક, વૃદ્ધ અને યુવાન દશાની વાતું છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

કહે છે, **'લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને...'** પણ લક્ષણ જેનું છે એ લક્ષથી

લક્ષણ ઉત્પન્ન થાય કે લક્ષણ બાહ્યના નિમિત્તના અવલંબે થાય ? બહારથી આવે ? જેનું લક્ષણ છે ત્યાંથી લક્ષણ પ્રગટ થાય. આહા..હા...! ઝીણી વાત છે. આહા..હા...! આ તો અભિમાનને ગાળી નાખે એવી વાત છે. જાણવાનો ઉપયોગ બહારથી આવ્યો, પહેલા નહોતો, અહીં સાંભળીએ છીએ માટે જ્ઞાનનો ઉપયોગ આવ્યો. તો કહે છે, ના. એ ઉપયોગને ઉપયોગ જ કહેતા નથી. ઉપયોગ તો જીવદ્રવ્યનું લક્ષણ છે. એ લક્ષણ છે એ લક્ષના આશ્રયે લક્ષણ પ્રગટ થાય છે અથવા લક્ષણથી લક્ષ જણાય છે. એનો અર્થ એ થયો કે, દ્રવ્યનું લક્ષણ ઈ આત્માનું લક્ષણ એ આત્માથી પ્રગટ થાય છે. આહા..હા...! એ લક્ષણને છોડી દઈ અને બહારથી ઉપયોગ લક્ષણ આવે છે એ માન્યતા ભ્રમ, અજ્ઞાન છે. આહા..હા...! મિથ્યાત્વના ઘણા પ્રકાર છે એમાંનો આ એક મિથ્યાત્વનો ભાગ છે.

ઈ 'બંધ અધિકાર'માં આવે છે કે, પરને હું જીવાડી શકું, પરની દયા પાળી શકું, પરને મારી શકું ઈ એક મિથ્યાત્વનો અવયવ – ભાગ છે. આખું મિથ્યાત્વ એમાં નથી. મિથ્યાત્વના ઘણા પ્રકાર માંહેનો એક ભાગ છે એવું એમાં (આવ્યું) છે. 'બંધ અધિકાર'માં છે. મિથ્યાત્વનો એક ભાગ છે, એમ ત્યાં (લખાણ) છે. આહા..હા...! આ પણ એક મિથ્યાત્વનો ભાગ છે કે, મારું જાણવું-દેખવું બહારથી આવે (છે). એ મિથ્યાત્વનો ભાગ છે. આ..હા...! આવી વાતું !

આમ અમે પૈસેટકે સુખી છીએ, કુટુંબ, બાયડી, છોકરા બધા અનુકૂળ છે. દુઃખી છો, પ્રભુ ! મોટો દુઃખી છો, તને દુઃખની, સુખની ખબર નથી. આ..હા...! ઉપયોગ બહારથી આવ્યો એમ માનનારો દુઃખી છે. આહા..હા...! એ ઉપયોગ બહારથી આવતો નથી. **'લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી...'** આ..હા...! જેના ઉપયોગના ઢાળા દ્રવ્ય ઉપર ઢળ્યા ત્યાંથી ઉપયોગ પ્રગટ થાય છે. આહા..હા...! આવી વાતું ! આવો ઉપદેશ કઈ જાતનો ? બાપુ ! માર્ગ આ છે. વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વરની ધ્વનિ આ છે. લોકોને સાંભળવા ન મળ્યું એટલે કંઈ વસ્તુ બીજી થઈ જાય ? આહા..હા...!

**'તે અલિંગગ્રહણ છે;...'** ઉપયોગ બહારથી લાવતો નથી માટે બહારનું લિંગ એમાં નથી તેથી અલિંગગ્રહણ છે. આહા..હા...! જાણવા-દેખવાના જે ભાવ, એ ઉપયોગ બહારથી નથી આવતો. બીજી ભાષાએ કહીએ તો કર્મનો ક્ષયોપશમ થાય તેથી ઉપયોગ થાય છે એમ નથી. અરે.. અરે...! એ ઉપયોગ તો ભગવાન ત્રિલોકનાથ જેનું લક્ષણ છે તેના આશ્રયથી ઉપયોગ થાય છે. સમજાણું કાંઈ ? આવો ઉપદેશ ! ભાઈ ! માર્ગ બહુ જુદો છે. અત્યારે ચાલે છે ઈ આખી લાઈન જુદી છે. સંસારની રીત અને આખું મિથ્યાત્વનું પોષણ છે.

સમજાય છે ?

**'ઉપયોગ નામના લક્ષણને...'** ક્યાંયથી ગ્રહણ (કરાતો નથી), આવતો નથી. આત્મા ક્યાંયથી લવાતો નથી. **'આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે...'** આહા..હા...! પહેલા ઉપયોગ કહીને હવે જ્ઞાન (શબ્દ વાપરે છે). અંતર જ્ઞાનનો સાગર નાથ ! એની દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં જ્ઞાન દશા, આનંદ દશા પ્રગટ થાય એવા જ્ઞાનવાળો છે. શાસ્ત્રનું ભણ્યું અને આ થયું માટે જ્ઞાનવાળો છે એમ નહિ. આહા..હા...! અગિયાર અંગનું જ્ઞાન થયું માટે જ્ઞાનવાળો છે એમ નહિ. આહા..હા...! **'જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે...'** અહીં તો અંદરમાંથી આવે છે કહે છે. આહા..હા...! આવી વાતું છે.

એમ કહે કે, આ સાંભળવા મળ્યું માટે અંદર ઉપયોગ આવ્યો. એ જીવનો ઉપયોગ જ નથી. વાત ઝીણી છે, પ્રભુ ! તારી પ્રભુતાનો પાર નથી, નાથ ! તું અંદર કોણ છો ઈ તને ખબર નથી. આ..હા...! એ ભગવાન પરમાત્મસ્વરૂપ સહજાનંદ સ્વરૂપ છે. સહજાત્મ સ્વરૂપ છે, પ્રભુ ! એનો જે ઉપયોગ છે એ બહારથી આવતો નથી. આ..હા...! બહુ ચોપડીયું વાંચી ને બહુ ભણ્યા, આખો દિ' ચોપડી... ચોપડી... ચોપડી... આમ કર્યા કરે માટે ઉપયોગ (ત્યાંથી આવે છે એમ નથી). આહા..હા...!

'શ્રીમદ્' તો એમ કહે છે કે, બહુ વાંચન કરનારા વેદીયા થઈ જાય છે ! (આવે) છે. જાણે ત્યાંથી હું લઈ લઉં, વાંચી લઉં... વાંચી લઉં... વાંચી લઉં... એણે તો આમ કહ્યું છે કે, બહુ વાંચ્યા કરે... વાંચ્યા કરે એ વેદીયા થઈ જાય છે. અંતરમાં ઉતરતા નથી અને અંદરમાં જાગતા નથી અને અહીંને અહીં વગદ્યા કરે છે. આકરી વાતું છે, પ્રભુ ! આહા..હા...!

એ પોતાના જાણવા-દેખવાનો વેપાર તે આત્માના અવલંબનથી આવે છે. એ બહારથી આવતો નથી. બહારથી સાંભળ્યું માટે જ્ઞાનઉપયોગ શુદ્ધ આવ્યો એમ નથી. આહા..હા...! જ્ઞાનનો, દર્શનનો (ઉપયોગ) પણ ઈ શુદ્ધ છે. શુદ્ધ ઉપયોગ છે ઈ તો સ્થિરતાની વાત (છે) પણ આ જ્ઞાન-દર્શનનો શુદ્ધ ઉપયોગ છે. જે પરથી જાણે છે એ તો અશુદ્ધ છે. આહા..હા...! અને 'પરમાર્થ વચનિકા'માં કહ્યું છે કે, પરાલંબી જ્ઞાનને ધર્મી મોક્ષમાર્ગ માનતો નથી. આવે છે ? 'પરમાર્થ વચનિકા' ! આહા..હા...! જેટલું પરાલંબી જ્ઞાન નિમિત્તથી થયેલું (છે), ભલે થાય છે પોતાને પણ એ નિમિત્તના લક્ષે થયેલું જ્ઞાન તે જ્ઞાન નથી. તે મોક્ષના માર્ગનું જ્ઞાન નથી, તેને જ્ઞાની મોક્ષમાર્ગ માનતો નથી. મોક્ષમાર્ગનું જ્ઞાન છે તે આ નહિ. આહા..હા...! વાતું એવી છે. અરે..રે...! પરમસત્ય સાંભળવા ન મળે, સત્યની રીત અને પંથ શું છે એ

સાંભળવા ન મળે, એ ક્યારે સંતના પંથે, સત્‌ને પંથે જાય ? આહા..હા...!

જુઓ ! આચાર્યદેવે કરુણા કરીને આ ટીકાઓ (બનાવી). સંત... સંત દિગંબર સંત ! આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યે' એક ફેરી તો ૯૬ ગાથામાં કહ્યું, ભગવાન અમૃતનો સાગર મૃતક દેહમાં મુર્છાઈ ગયો. આ જડ મૃતક કલેવર ! અમૃત સાગર પ્રભુ મૃતક કલેવરમાં મુર્છાઈ ગયો. મૃતક(માં) મુર્છાઈ ગયો. આહા..હા...!

અહીં કહે છે કે, અમૃતના સાગરનો ઉપયોગ પરથી થાય (એમ નથી). આહા..હા...! સમજાય છે કાંઈ ? એના ઉપયોગની એને ખબર નથી. આહા..હા...! ઉપયોગ તો અંદરમાંથી – દ્રવ્યમાંથી આવે અને દ્રવ્યને લક્ષે આવે એ ઉપયોગને ઉપયોગ કહીએ. જ્ઞાન એને કહીએ કે દ્રવ્યમાંથી આવે એને જ્ઞાન કહીએ. એમ કહ્યું ને અહીંયાં ? **'જ્ઞાનવાળો'** ! એ જ્ઞાનવાળો છે. કેવો (છે) ? કે, ક્યાંયથી લવાતો નથી, નિમિત્તથી આવતો નથી એવા જ્ઞાનવાળો છે. આહા..હા...!

મુમુક્ષુ :– કૉલેજમાંથી તો જ્ઞાન મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળેય મળતું નથી. આહા..હા...! અજ્ઞાન છે બધું !

અહીં તો પ્રભુએ એમ કહ્યું કે, શ્રવણ કરતાં કરતાં જે જ્ઞાનનો ઉપયોગ થાય છે એ ઉપયોગ જ નથી. આહા..હા...! જ્ઞાન તો એને કહીએ કે, જે ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ છે તેને અવલંબે જે જ્ઞાન પ્રગટે તેને જ્ઞાન કહીએ. તેને જ્ઞાનવાળો આત્મા કહીએ. આહા..હા...! આવી વાત ! પછી એમ જ કહે ને કે, 'સોનગઢિયા' માળા એક જ વાતું કરે છે. પણ સાચી વાત આ છે. તારા બધા ગપ્પા – વ્રત કરીને, અપવાસ કરીને, ભક્તિ કરીને તને કલ્યાણ થાય (એવી વાત નથી). મરી જઈશ, રખડી મરીશ, સાંભળને ! સમજાય છે કાંઈ ? આહા..હા...!

(એકવાર) કીધું હતું, એક બાઈ, છોડી હતી. બે વરસનું લગ્ન હતું. એનો વર નવી પરણેલો. અમે તો બધાને ઓળખીએ છીએ. બે વરસનું લગ્ન ને નાની ઉંમરની (એમાં એને) શીતળા નીકળ્યા. શીતળે દાણે દાણે એળ્યું (પડી). તળાઈમાં સૂવડાવી. આમ પડખું ફરે ત્યાં હજારો એળ્યું આમ નીકળે, અહીં ફરે ત્યાં આમ નીકળે અને પીડા... પીડા...! દાણે દાણે એળ્યું, હોં ! (એ બોલી) બા ! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી, આ શું થયું ? આ શું થયું ? એની માને કહે. આહા..હા...! એને – બાઈને અમે જોયેલી. પીડા.. પીડા... પીડા... એ પીડા છે એ શરીરની દશા (છે) પણ એ દશા મને છે એવી માન્યતાથી પીડા છે. ઈ

તો જડ શરીરની દશા છે. રોગ તો શરીરની દશા છે, એ આત્માની દશા નથી. પણ અજ્ઞાનીને આત્માની ખબર નથી એટલે આને લઈને મને દુઃખ થાય છે (એમ માને છે). એ તો દુઃખનું નિમિત્ત છે. દુઃખ તો તેં ભ્રાંતિથી ઉત્પન્ન કરેલો વિકારી ભાવ તે દુઃખ છે. બહુ ફે..ર. દુનિયામાં અને આમાં ઘણો ફેર ! આહા..હા...! ઈ આઠમો બોલ (પૂરો) થયો.

નવમો. **'જેને લિંગનું એટલે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...'** આહા..હા...! જાણવા-દેખવાનો જે ઉપયોગ છે એને કોઈ કર્મ હરી શકે (એમ નથી). આહા..હા...! સમજાય છે કાંઈ ? જ્ઞાનાવરણીય કર્મનો ઉદય આવ્યો (એટલે) ઉપયોગ હણાય ગયો એ વાત છે નહિ. આહા..હા...!

(સંવત) ૨૦૧૩ની સાલમાં (એક વિદ્વાન) સાથે મોટી ચર્ચા થઈ હતી. બાવીસ વર્ષ થયા. દિગંબરના મોટા પંડિત કહેવાતા, વૈષ્ણવ હતા. ઈ કહે કે, આ જ્ઞાનાવરણીયનો ઉદય હોય એટલું જ્ઞાનઘાત થાય. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય એટલો ઊઘડે. મેં કીધું કે, એમ નથી. પોતે જ્ઞાનની પર્યાય હિણી કરે તો એ પોતાને કારણે છે અને અધિક કરે એ પોતાને કારણે, કર્મને કારણે નથી. નહીંતર તો એ દિગંબર બહુ (મોટા વિદ્વાન) કહેવાય. દેહ છૂટતી વખતે બહારનું મુનિપણું લીધું. હજી દૃષ્ટિ જ વિપરીત હતી ત્યાં મુનિપણું હતું કે દિ' ? આકરી વાતું બહુ, બાપુ ! એમાં લખાણ (આવ્યું હતું કે), 'કાનજીસ્વામી' આમ કહે છે કે, જ્ઞાનનો ક્ષયોપશમ કર્મના ક્ષયોપશમથી થતો નથી. જ્ઞાનનો ઘાત કર્મને કારણે થતો નથી. છે ને પુસ્તક ? હજારો પુસ્તક બનાવ્યા છે. અહીંના વિરોધ માટે હમણાં (બીજા) હજાર બનાવ્યા. જુઓ ! (આ વિદ્વાન) આમ કહે છે. વિદ્વાન શું ગમે તે કહે નહિ !

અહીં કહે છે, **'લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું...'** આહા..હા...! જાણવા-દેખવાનું જે આત્માનું લક્ષણ છે એ લક્ષણને કોઈ હરે (એમ નથી). આહા..હા...! અહીં તો દૃષ્ટિપ્રધાનમાં જે ઉપયોગ પ્રગટ્યો છે એને હણે કોણ ? આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! આ તો સિદ્ધાંતો છે. સિદ્ધ થયેલી (વાતો છે). પરમાત્મા ત્રણલોકના નાથ જિનેશ્વરદેવથી સિદ્ધ થયેલી વાત છે, ભાઈ ! પ્રભુ ! તારા ઉપયોગને કોઈ હણી શકે એવી કોઈની તાકાત નથી. કેમકે તેં (જે) ઉપયોગ દ્રવ્યને આશ્રયે પ્રગટ કર્યો એ દ્રવ્ય જેમ ધ્રુવ (છે) અને હણાય નહિ... આહા..હા...! એમ ધ્રુવને આશ્રયે જે ઉપયોગ પ્રગટ કર્યો પ્રભુ ! એ કોઈથી હણાય નહિ. આહા..હા...! આવી વાત છે.

ભાષામાં ભાવ ઘણો ભર્યો છે, હોં ! આ તો થોડું થોડું સ્પષ્ટીકરણ થાય. એને તો

એમ કહેવું છે કે, આ ભગવાનઆત્મા ઉપયોગસ્વરૂપ તો ત્રિકાળ છે. પણ એની પર્યાયમાં જે ઉપયોગ થાય એ ઉપયોગ ક્યાંયથી લવાતો નથી પણ તે ઉપયોગને કોઈ હરી શકતું નથી. આમ લાવી શકાતો નથી, બીજો લઈ શકતો નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! આવો ઉપદેશ હવે આમા સમજવું શું ? આહા..હા...!

કહે છે કે, ભગવાન દ્રવ્યસ્વરૂપ ખરેખર તો... 'નિયમસાર'માં તો કહ્યું છે કે, જ્ઞાન, દર્શન જે ત્રિકાળી ઉપયોગ છે એ તો ધ્રુવ છે. એને ઉપયોગ કહ્યો છે. 'નિયમસાર' ૯-૧૦ ગાથા. ત્રિકાળ જ્ઞાન, દર્શનના ઉપયોગસ્વરૂપ ! પણ તે ઉપયોગનો જેને ઉપયોગ થયો છે, તે ઉપયોગનો જેણે ઉપયોગ કર્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા...! જેણે નિમિત્તનો અને રાગનો ઉપયોગ છોડી દીધો છે. આહા..હા...! આવી વાતું છે. જેવું ગુજરાતીમાં સ્પષ્ટ આવે એવું હિન્દીમાં ન આવે. ઘણા હિન્દી લોકો (હિન્દીમાં લેવાનું) કહે પણ બાપુ ! થોડું શીખીને આવવું. (એક પંડિતે) કહ્યું કે, ત્યાં હિન્દી બોલાવવા કરતાં થોડું ગુજરાતી શીખીને જાવું. અહીં ઘણા આવે, આજે કો'ક બેન આવી હતી (કહેતી હતી કે), હિન્દી (લો). થોડુંક ગુજરાતી શીખીને આવવું જેથી ગુજરાતી સમજાય. હિન્દીમાં આવું સ્પષ્ટ ન આવે. ભાષા ગોતવા જઈએ ત્યાં ભાવ (ચાલ્યો જાય). આ તો અંદરમાંથી સહેજે વાત આવે. આહા..હા...!

કહે છે, '**લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું...**' અલિંગ કહેવું છે ને ? અલિંગગ્રહણ કહેવું છે ને ? એનું લિંગ છે ઈ પરથી હરાતું નથી. છે ? '**લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું...**' જાણવા-દેખવાનો જે વેપાર તે '**લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...**' આહા..હા...! જેનો ઉપયોગ દ્રવ્ય ઉપર જામી ગયો છે એને કોણ હણી શકે ? કહે છે. આહા..હા...! એ ઉપયોગ દ્વારા કેવળજ્ઞાન લેવાના ! એમ કહે છે. અંદર પ્રયત્ન ત્યાં છે ને ? અંદર દ્રવ્ય ઉપર (જોર છે). ઉપયોગનું લક્ષ દ્રવ્ય ઉપર છે. આહા..હા...! જેણે દ્રવ્યને લક્ષમાં લીધું છે એ લક્ષ કોઈ દિ' છૂટતું નથી. આ..હા...! સમજાણું કાંઈ ?

ભગવાન નિત્યાનંદ પ્રભુ ! એને લક્ષમાં લઈને જે ઉપયોગ પ્રગટ્યો એ ઉપયોગ લક્ષણને કોણ હરે ? આહા..હા...! પોતે દ્રવ્યનું લક્ષ છોડી દે તો હણાય જાય. પણ પરથી હણાય એ વાત નથી. આહા..હા...! તત્ત્વ તો કોઈ અલૌકિક છે પણ તત્ત્વનો ઉપયોગ પણ આવો છે એમ કહે છે. તત્ત્વથી પ્રગટેલો જે ઉપયોગ (તે પણ હણાતો નથી). ચૈતન્ય ઉપયોગમય ત્રિકાળ વસ્તુના આશ્રયે જે લક્ષથી ઉપયોગ પ્રગટ્યો... આહા..હા...! તે ઉપયોગને આત્માનું લક્ષણ કહીએ. તે લક્ષથી થયેલું લક્ષણ પરના લક્ષે હણાય એમ છે નહિ. આહા..હા...!

**'પરથી હરણ થઈ શકતું નથી (–બીજાથી લઈ જઈ શકાતું નથી) તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી...'** (અજ્ઞાની) કહે કે, અરે..રે...! અમારું જ્ઞાન કર્મ-ઉદય આવે એટલે અમને જ્ઞાન હણાય ગયું. પણ તેં દ્રવ્યને જાણ્યું નથી. તેથી તને કર્મના ઉદયે જ્ઞાન હણાયું એવી દૃષ્ટિ થાય છે. આ..હા..હા...! અરે... આવો માર્ગ એને સાંભળવા વખત ન મળે એ કે દિ' જાણે અને ક્યારે અંદર પ્રયોગ કરે ? આહા..હા...!

**'આ રીતે...'** (એટલે) આ પ્રકારે, એમ. **'આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાંથી આવો અર્થ નીકળે છે. એમ 'કુંદકુંદાચાર્યદેવ'ના 'અલિંગગ્રહણ'ના શબ્દમાંથી 'અમૃતચંદ્રાચાર્યદેવે' આ ટીકા કાઢી કે, આવો અર્થ નીકળે છે. ભેંસના આવમાંથી દૂધ નીકળે છે એમ કહે છે. આહા..હા...! ત્યાં કાંઈ પાણી ન નીકળે, ઝેર ન નીકળે. એમ ભગવાન આનંદનો નાથ પ્રભુ ! એનો જેણે આશ્રય લીધો ત્યાં ઉપયોગ પ્રગટ્યો, આનંદ અને શાંતિને લેતો ઉપયોગ પ્રગટ્યો ! આહા..હા...! એને જગતમાં કોઈ હરી શકે (એમ નથી). આહા..હા...! સંતો અપ્રતિહતની વાત કરે છે. ભાઈ ! અહીં તો કહે છે કે, અમને જે ઉપયોગ પ્રગટ્યો એ હવે હણાય એવો નથી. આહા..હા...! દિગંબર મુનિઓની વાતું...! પંચમ આરામાં સંત પાક્યા તે પાક્યા !!

અહીં તો કહે છે કે, અમને જે ઉપયોગ પ્રગટ્યો છે એ ઉપયોગ હવે પાછો પડી જાય એવા અમે નથી. આ..હા..હા...! ભાઈ ! આ દિગંબર સંત ! આ તો બહારમાં વેશ છોડે, નગ્ન થઈને કંઈક ક્રિયા કરે ત્યાં થઈ ગયા દિગંબર ! બાપુ ! એ શુભ ભાવની ક્રિયાઓ પણ કોઈ ધર્મ નથી. ભાઈ ! એ આત્માનો ઉપયોગ નથી. શુભ ઉપયોગ એ આત્માનો ઉપયોગ જ નથી. આહા..હા...! છેલ્લામાં કહેશે. વિકાર થતો જ નથી. એમ આગળ કહેશે. સમજાય છે ? આહા..હા...! છે ને ? છેલ્લામાં છે. (શ્રોતા : દસમામાં છે). હા, ઈ. બરાબર. આ..હા...!

કહે છે કે, અમે એને ઉપયોગ કહીએ કે જે દ્રવ્યને આશ્રયે થઈને શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો... આહા..હા...! એ હવે હરી શકાય એવો નથી. એનો નાશ નહિ થાય. દ્રવ્યનો નાશ થાય તો દ્રવ્યના ઉપયોગનો નાશ થાય. સમજાણું કાંઈ ? 'ધિંગ ધણી માથે કિયો કુણ ગંજે નરખેત...' ત્રણલોકના નાથને જેણે દૃષ્ટિમાં સ્વીકાર્યો 'ધિંગ ધણી માથે કિયો...' આહા..હા...! એ પર્યાયનો ધિંગ ધણી દ્રવ્ય (છે). 'ધિંગ ધણી માથે કિયો કુણ ગંજે નરખેત...' ગધેડાથી હણાય એવો નથી, કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! નવ બોલ થયા ને ?

દસમો (બોલ) વિશેષ આવશે...

## ભાદરવા સુદ ૫, સોમવાર તા. ૨૭-૦૮-૧૯૭૯
## ગાથા – ૧૭૨
## પ્રવચન નંબર–૧૭૮

'પ્રવચનસાર' અલિંગગ્રહણ છે ને ? દસમો બોલ છે, નવ થઈ ગયા, નવ. **'જેને...'** એટલે ભગવાનઆત્માને. આહા..હા...! **'લિંગમાં એટલે ઉપયોગ નામના લક્ષણમાં...'** જેનું ઉપયોગ લક્ષણ છે એવો પ્રભુ આત્મા ! આહા..હા...! તેને ગ્રહણ **'ગ્રહણ એટલ કે સૂર્યની માફ ઉપરાગ (–મિલનતા, વિકાર) નથી...'** સૂર્યમાં વિકાર ન હોય, સૂર્યમાં વિકાર, મલિનતા ન હોય. એમ ભગવાનઆત્માને શુભ-અશુભ ઉપયોગ(ની) મલિનતા ન હોય. આહા..હા...! સૂર્યના કિરણમાં પ્રકાશ છે, સૂર્યમાં પ્રકાશ છે એમ આત્મા શુદ્ધ ઉપયોગી છે, કહે છે. આહા..હા...! છે ? ઉપયોગમાં મલિનતા નથી. સૂર્યની માફક મલિનતા નથી. તે દ્રવ્યસ્વભાવ ચૈતન્ય જ્ઞાયક સ્વભાવભાવને શુદ્ધ ઉપયોગમય છે, એ શુભ અને અશુભ ઉપયોગમય નથી. આહા..હા...!

બીજી રીતે કહીએ તો એ શુદ્ધ ચૈતન્ય વસ્તુ શુદ્ધ ઉપયોગથી જણાય એવી છે. કેમકે શુદ્ધ ઉપયોગ સ્વભાવી છે. આહા..હા...! આવી ભારે વાતું ! અહીં કહે કે, વ્યવહાર રત્નત્રય તો રાગ છે, અનાત્મા છે. આહા..હા...! સૂર્યની માફક લક્ષણમાં ગ્રહણ એટલે ઉપયોગના લક્ષણમાં ગ્રહણ એટલે સૂર્યની માફક મલિનતા, વિકાર નથી **'તે અલિંગગ્રહણ છે;...'** આ દ્રવ્યસ્વભાવની વાત છે. એ દ્રવ્ય છે કેવું ? શુદ્ધ ઉપયોગ સ્વભાવી છે. આહા..હા...! એ શુભ અને અશુભ વિકાર સ્વાભાવી દ્રવ્ય નથી. આહા..હા...! બહુ ઝીણું !

ઈ શુદ્ધ ઉપયોગી પ્રભુ છે. શુદ્ધ ઉપયોગી ! આહા..હા...! અત્યારે તો આ (એક સાધુ) છે (ઈ એમ કહે છે) અત્યારે તો શુભ ઉપયોગ જ હોય, એમ કહે છે. શું થાય ? પ્રભુ !

એટલે કે અત્યારે સમકિત ન હોય (એમ) એનો અર્થ (છે). કેમકે આત્મા શુદ્ધ ઉપયોગી (છે તો) શુદ્ધ ઉપયોગમાં તેનું જ્ઞાન થાય છે. કેમકે એ શુદ્ધ ઉપયોગી છે. એ શુભ રાગ તો અનાત્મા છે, અજીવ છે. એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા...! બહુ સરસ વાત છે ! પાંચમનો દિ' છે, પજોસણનો પ્રથમ દિ' છે.

શુદ્ધ ઉપયોગ (સ્વરૂપ) છે, પ્રભુ ! સૂર્યમાં જેમ મલિનતા નથી એમ દ્રવ્યસ્વભાવમાં મલિનતા નથી એટલે કે નિર્મળ શુદ્ધ ઉપયોગી છે. આહા..હા...! શુદ્ધ ઉપયોગ તો પરિણામ છે, પણ સૂર્યમાં જેમ મલિનતા નથી એમ વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયક છે તેમાં મલિનતા નથી. એવી દૃષ્ટિ થતાં શુદ્ધ ઉપયોગ થાય છે. આહા..હા...! અને શુદ્ધ ઉપયોગમાં સમ્યગ્દર્શન થાય છે. ભગવાન વિકાર વિનાનો પ્રભુ (છે) એના દર્શન શુદ્ધ ઉપયોગમાં થાય છે. આહા..હા...! જડના ક્રિયાકાંડથી તો નહિ, પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા(ના) ભાવ છે તે આત્મા નથી. એ તો અનાત્મા છે. આવી વાત છે, ભાઈ ! છે ?

શુભ ઉપયોગ તે આત્મા નથી. આત્મા તો શુદ્ધ ઉપયોગસ્વભાવી છે. આહા..હા...! અહીં ક્યાં જાવું એને ? એ ઠેકાણે જાય નહિ અને બહારમાં ભટક્યા કરે. આ કરું ને આ કરું ને વ્રત પાળું ને ભક્તિ કરું ને અપવાસ કરું, તપસ્યા (કરું). પેલા 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ આવે છે ને ? વિષયકષાય. ઈ આમાં નાખ્યું છે. (શ્વેતાંબરના એક સાધુએ) નાખ્યું છે. ત્યાંથી લીધું છે. 'विषयकषाय आहारो त्यागो न विजती शेषम् लंघनम् विदु, उपवासो स ज्ञेयम् शेषम लंघनम् विदु' આહા..હા...! વિષય અને કષાયનો અશુભ ભાવથી રહિત 'विषयकषाय आहारो' જ્યાં નથી. આહા..હા...! 'विषयकषाय आहारो त्यागो न विजती, उपवासो स ज्ञेयम्' આ..હા...! એને અહીંયાં આત્મા શુદ્ધ સ્વરૂપની સમીપમાં વસે છે તેથી તેને શુદ્ધ ઉપયોગીને ઉપવાસ છે. આહા..હા...! ભારે આકરું કામ ! અત્યારે તો આ વ્યવહાર વ્યવહાર કરીને મારી નાખ્યા. એ રાગ અનંતવાર કર્યો છે. આહા..હા...!

મુમુક્ષુ :– 'નિયમસાર'માં આવે છે કે, આ શુભ ઉપયોગ અનંતવાર કર્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનંતવાર કર્યો છે. અરે...! કથનમાત્ર વ્યવહારરત્ન, એવો 'નિયમસાર'માં શબ્દ છે. કથનમાત્ર એવો જે વ્યવહાર રત્નત્રય કથનમાત્ર (છે), ઈ કંઈ વસ્તુ નથી એમ કહે છે. (એવો) શ્લોક છે. છે ને, ખ્યાલ છે બધો. એવું તો અનંતવાર કર્યું છે કહે છે. એ કંઈ આત્મા નથી. આહા..હા...!

(એક મુમુક્ષુનો) કાગળ (આવ્યો) છે. ત્યાં ગયા છે ને ? ત્યાં ચાલતાં ચાલતાં ઘરે

પહોંચતા દોઢ કલાક થઈ. એટલો કાદવ ! આહા..હા...! એવું બિચારાએ લખ્યું છે કે, આંખમાંથી આંસુ ચાલ્યા જાય, દેખતા એવું થઈ જાય. આહા..હા...! અને મંદિરમાં બહાર એટલો કાદવ છે કે અંદર પેસી શકાય નહિ. સાફ કરે કોણ ? આહા..હા...! ઉઘાડ્યું છે, એક પુજારી આવ્યો છે. ઓ..હો..હો...! ચારે કોર ગંદકી, ગંદકી, કાદવ ! આહા..હા...! (બીજા ભાઈ) કહેતા હતા કે, ભેંસ પાણીમાં તરતી તરતી અમારા ઓરડામાં ગરી ગઈ ! ઓ..હો...! આહા..હા...! કેટલા માણસો બિચારા નિરાધાર (થઈ ગયા). રહેવું ક્યાં ? ખાવાનું ક્યાં ? અનાજ પલળી ગયું, બધી દુકાનો પલળી ગઈ. સાફ ક્યારે કરે ને ક્યારે (ચાલુ થાય) ? આહા..હા...! આ દશા અનંતવાર થઈ છે. આહા..હા...! એ દશા ટાળવી હોય અને એવી ન થવા દેવી હોય તો ? એણે ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપી, શુદ્ધ ઉપયોગી છે તેનું જ્ઞાન કરવું.

**'આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...'** એમ છે ને ? આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી છે. આહા..હા...! ત્રિકાળ તો શુદ્ધ છે પણ વર્તમાનમાં એની શુદ્ધ ઉપયોગસ્વભાવી તે આત્મા છે. આ..હા...! આવી વાતું હવે ક્યાંય (સાંભળવા મળતી નથી). આ માર્ગ બાપા ઝીણો બહુ, ભાઈ ! એને માટે ઘણી લાયકાત જોઈએ, ભાઈ ! આહા..હા...! અરે...! ચોરાશીના અવતારમાં રખડી મરે છે. એણે એ લખ્યું છે (કે), દોઢ કલાકે તો ઘરે (પહોંચ્યો). રસ્તામાં ગંદકી, કાદવ, મરી ગયેલા ઢોરનાં મડદા પડ્યા હોય, પડી ગયેલા મકાન જ્યાં ખોલે છે ત્યાં હેઠે મડદા નીકળે છે. આહા..હા...! આ દશા...!

રાગમાં રુચિ કરી એ જ તારું મૃત્યુ થયું. સમજાય છે કાંઈ ? કેમકે ભગવાનઆત્મા ! આહા..હા...! હજી અહીં તો પાપના પરિણામથી પણ નિવૃત્તિ મળે નહિ. અહીં તો (કહે છે), પુણ્યના પરિણામ આત્મા નહિ. આહા..હા...! વ્રત પાળે ને ભક્તિ કરે ને પૂજા કરે... આહા..હા...! દ્રવ્યલિંગી સાધુ પ્રાણ જાય તોપણ (એને) માટે કરેલી ભિક્ષા પણ ન લે, એવી જેની ક્રિયા (છે) પણ એ બધો શુભરાગ છે. આ..હા...! પર તરફ વલણ છે ને ? અહીં (અંદરમાં) ક્યાં વલણ છે ? એને અહીંયાં ધર્મ મનાવવો ! પ્રભુ ! તને દુઃખ થશે. વર્તમાન(માં) પણ દુઃખની દૃષ્ટિ મિથ્યાત્વ થશે અને ભવિષ્યમાં દુઃખના કારણો (એવા) ભવનું તે કારણ થશે. શું કહ્યું ઈ ? આહા..હા...! કેમકે અહીં શુદ્ધ ઉપયોગી આત્મા (કહ્યો) તો શુભ રાગ જે છે એ દુઃખરૂપ છે, અનાત્મા છે, એ ચૈતન્યની દશા નહિ, તો એવા રાગ(થી) મને લાભ થશે એવી જે દૃષ્ટિ (છે તે) દુઃખદૃષ્ટિ – મિથ્યાદૃષ્ટિ (છે). વર્તમાન પણ દુઃખદૃષ્ટિ અને

ભવિષ્યમાં પણ તે દુઃખદષ્ટિના ફળ તરીકે ભવ મળશે. દુઃખ કરવાના ભવ મળશે, પ્રભુ ! આહા..હા...! સમજાય છે ? તેથી લોકો રાડ્યુ પાડે છે, એ..ઈ વ્યવહારનો લોપ કરે છે. પણ આત્મામાં વ્યવહાર છે જ નહિ પછી (પ્રશ્ન ક્યાં છે) ? અહીં શું કહે છે ? શું કહે છે ? અંદર છે કે નહિ ?

પ્રભુ ! તું કોણ છો ? કે, હું તો શુદ્ધ ઉપયોગસ્વભાવી છું ને ! હું શરીરવાળો નહિ, કર્મવાળો નહિ, શુભાશુભ ઉપયોગવાળો નહિ. આહા..હા...! છે ? ભાઈ ! છે એમાં ? **'શુદ્ધોપયોગસ્વભાવી છે...'** એમ કીધું. ભાઈ ! **'આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...'** દયા, દાન ને વ્રત ને શુભઉપયોગી આત્મા છે જ નહિ. અરે..રે...!

એણે બિચારાએ લખ્યું છે, આ દેખતા આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. એવી સ્થિતિ (થઈ છે). ગામમાં મસાણ દેખાય. હવે ઈ ક્યારે દુકાનના ધંધા ચાલે ને ક્યારે દુકાન ચાલુ (થાય) ? બિચારાએ લખ્યું છે, એક કાગળ આવ્યો છે. આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. ઘરે જતાં દોઢ કલાક (થયો) ! આમ નીચે દેખે (તો બધે) કાદવ, આ દશા...! ઓ..હો..હો...! પ્રભુ ! એ બધા અશુભ ઉપયોગના ફળ છે. અને સગવડતા, સ્વર્ગ ને શેઠાઈ આદિ શુભ ઉપયોગના ફળ છે. એ આત્માનું ફળ નહિ. આહા..હા...! ભાઈ ! આહા..હા...!

એના શેઠ આવ્યા હતા ને ? 'મુંબઈ' ! (પોતે) વૈષ્ણવ છે, ઘરે બૈરાઓ બધા શ્વેતાંબર જૈન છે અને પોતે વૈષ્ણવ (છે). પચાસ કરોડ ! પચાસ કરોડ રૂપિયા છે. અત્યારે 'મુંબઈ'માં દર્શન કરવા આવ્યા હતા. આવે, આવે તો ખરા ને બધા ? એક હજાર રૂપિયા મૂક્યા હતા. (કહ્યું કે), મહારાજ ! ઘરે પધારશો ? હતો વૈષ્ણવ. ઘરે બૈરા શ્વેતાંબર જૈન ખરા ને ? બૈરા બધા શ્વેતાંબર જૈન, આદમી બધા વૈષ્ણવ. (એમણે કહ્યું ઈશ્વર) કર્તા છે ને ? (મેં કીધું), ભાઈ ! 'નરસિંહ મહેતા' તમારા વૈષ્ણવમાં એમ કહે છે, 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' આમ કહે છે ને ? ત્યાં કર્તા વૈષ્ણવ એ ક્યાં આવ્યું ? આહા..હા...!

'ગીતા'માં પણ એમ છે, હું કોઈનો કર્તા નથી. સ્વતંત્ર વસ્તુ છે તેનો હું કર્તા નથી. એવો શબ્દ (છે), પણ ઈ પકડે નહિ અને પેલી બીજી વાત હોય એ પકડે. આહા..હા...! પચાસ કરોડ રૂપિયા ! અહીં અઢીસો કરોડનું નુકસાન થયું. આખા આત્માનું નુકસાન થયું એની ખબર નથી. એ શુભ રાગથી મને લાભ થશે... આહા..હા...! મોટું મિથ્યાત્વનું નુકસાન છે. કેમકે આત્મા શુભઉપયોગી છે જ નહિ. શુભ ઉપયોગ તો અનાત્મા છે. આહા..હા...!

ગજબ વાત છે ! આ ભગવાનની ભક્તિમાંથી ધર્મ મનાવે ઈ બધા શુભ ઉપયોગથી ધર્મ (મનાવે છે). આહા..હા...! ભાઈ ! આ શું તમારે ત્યાં 'અગાસ'માં ભક્તિ કરે ને ? ભક્તિથી આપણું (કલ્યાણ) થાશે. 'શ્રીમદ્'ની ભક્તિ કરો ! પણ પરદ્રવ્યની ભક્તિ તો શુભરાગ – વિકલ્પ છે.

**પ્રશ્ન** :– શુભ હોય એને પર કહેવાય ?

સમાધાન :– શુભ છે ઈ ખરેખર તો અશુભ છે. પણ શુભ તો કેમ (કહે છે ?) કે, પેલા પાપના પરિણામ કરતાં પુણ્યના (પરિણામ કરે છે) એ અપેક્ષાએ શુભ (છે), બાકી તો બન્ને પાપના પરિણામ છે. 'યોગીન્દ્રદેવ' તો એમ કહે છે. 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત છે. દોહરા છે. 'પાપ પાપને તો સૌ કહે, પણ અનુભવીજન પુણ્યને પાપ કહે છે' 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત ! આહા..હા...! પાપને તો બધા પાપ કહે પણ ધર્મી – અનુભવી જેમાંથી પાપ ઉત્પન્ન થતું નથી, પુણ્ય ઉત્પન્ન થતું (નથી) એવી ચીજને જેણે જાણી છે એ એમાંથી પતિત (થાય છે), શુભ ઉપયોગ થતાં પતિત થાય છે. માટે તે પાપ છે. આહા..હા...! આવું ક્યાં સહન થાય ?

પેલા (દિગંબરના) મોટા આચાર્યે છાપામાં – પત્રમાં છપાવ્યું (કે), અત્યારે શુભ રાગ જ હોય. અર..ર..ર...! (એટલે) અત્યારે આત્મા છે જ નહિ. અરે.. પ્રભુ ! શું કરે પણ ? બહારની ક્રિયા, નગ્નપણું, ભિક્ષા વ્હોરવા જાય, આમ (હાથ રાખીને વ્હોરાવે), લોકો(ને તો એમ થાય કે), આ..હા..હા...! પણ એ બધી ક્રિયા જડની છે. જડની છે અને અંદર કદાચ રાગ મંદ હોય તો એ પણ અનાત્માની ક્રિયા છે. આહા..હા...! પ્રભુ ! આ તો વસ્તુસ્થિતિ છે, હોં ! કોઈ વ્યક્તિને માટે વાત નથી. આ તો દાખલો આવી ગયો. બાકી તો સૌની જવાબદારી એની છે, પ્રભુ ! આહા..હા...! એના પરિણામના ફળ એને આવશે. આ..હા...!

અહીં તો કહે છે, **'સૂર્યની માફક...'** લિંગ એટલે કે ઉપયોગ. આહા..હા...! નામનું લક્ષણ તેનું ગ્રહણ એટલે **'સૂર્યની માફક ઉપરાગ (–મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે;...'** આ..હા..હા...! એ શુભભાવના લિંગથી પકડાય એવો નથી. એ શુદ્ધ ઉપયોગી ભગવાન છે. અરે..રે...! **'તે અલિંગગ્રહણ છે; આ રીતે...'** આ પ્રકારે ઉપયોગ નામના લક્ષણ દ્વારા. **'આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...'** આહા..હા...! ગજબ વાત કરી છે ને ! આહા..હા...! રાગ – વ્યવહાર રત્નત્રયનો રાગ એ તો અનાત્મા છે કહે છે, ઈ આત્મા નહિ. આહા..હા...! આત્મા તો એને કહીએ કે, શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્મા છે. આહા..હા...! હવે આ બધું

પાછું મંદિરો ને પૂજા ને એ હોય. એ શુભ ભાવ આવે એટલે હોય. પણ એ શુભ ભાવ આત્મા નથી. એ વ્યવહાર વચમાં આવે પણ એ વ્યવહાર આત્મા નથી અને આત્માને લાભદાયક નથી. આહા..હા...! આવી વાતું !

એકાવતારી ઇન્દ્રો સમકિતી ! ક્ષાયિક સમકિતી ! બહાર બાવન જિનાલય (છે). નંદીશ્વર દ્વિપે આઠમા દ્વિપે બાવન જિનાલય છે ને ? એક એક જિનાલયમાં એકસો આઠ રત્નની શાશ્વત પ્રતિમા છે. મનુષ્ય ત્યાં અઢી દ્વિપ બહાર ન જઈ શકે. ઇન્દ્રો અને દેવો ત્યાં જાય. એકાવતારી ઇન્દ્રો પણ ઘુઘરા બાંધીને ભગવાન પાસે નાચે. એ જાણે છે કે, આ ક્રિયા જડની છે. મને જે રાગ આવ્યો છે એ શુભ છે, એ હેય છે પણ આ આવ્યા વિના રહેતો નથી. આ..હા...! હું તો શુદ્ધ ઉપયોગસ્વરૂપી છું એમ એ જાણે છે. આહા..હા...! એ નાચતા (નાચતા) ઇન્દ્ર અને ઇન્દ્રાણીઓ ભગવાનની ભક્તિ કરે. મનુષ્યક્ષેત્ર તો અઢી દ્વિપ(માં) છે અને આ તો આઠમો દ્વિપ નંદીશ્વરદ્વિપ છે. ત્યાં મનુષ્ય જઈ ન શકે. ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ કોઈ ન જઈ શકે. ત્યાં સ્વર્ગના દેવો જ જઈ શકે. આહા..હા...! એ કેટલાક સમકિતી છે અને એની સાથે કેટલાક ભાઈબંધ આદિ મિથ્યાદૃષ્ટિ હોય એ પણ સાથે જાય. પણ એ બધો શુભ ભાવ છે. એ શુભ ભાવ આત્મા નહિ.

ત્યારે (કોઈ એમ) કહે કે, એ આવે કેમ ? જ્યાં સુધી વીતરાગતા ન હોય ત્યાં સુધી શુદ્ધ ઉપયોગસ્વભાવી દૃષ્ટિ અને અનુભવમાં હોવા છતાં રાગની મંદતાનો ભાવ આવ્યા વિના રહે નહિ. આહા..હા...! ઈ તો આપણે આવી ગયું નહિ ? કે, અશુભરાગ પણ જ્ઞાનીને હોય અને તેનો ઇલાજ પણ કરે. (ઈ) આવી ગયું. આહા..હા...! ઇલાજ કરે એમ કહે, ભાષા શું કહેવાય ? લોકો શું દેખે ? જુઓ ! આ પરણે છે, આ છોકરાં થયા, વિષય લેતો હશે ત્યારે (થયા) ને ? ભગવાન તીર્થંકર ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિત લઈને કેટલાક આવે છે. આ 'શ્રેણિક' રાજા ક્ષાયિક સમકિત લઈને આવશે. (અત્યારે) પહેલી નરકમાં છે. આવતી ચોવીસીના પહેલા તીર્થંકર છે. એ ક્ષાયિક સમકિત અને ત્રણ જ્ઞાન લઈને ત્યાં આવશે. છતાં જન્મ થયા પછી જ્યારે તેને રાગ આવે ત્યારે એ લગ્ન પણ કરે. આહા..હા...! પણ એ જાણે કે, આ ક્રિયા મારી નથી અને રાગ તે હું નથી. આવી વાતું ! આહા..હા...!

રાગ છે તે નુકસાનકારક છે, એ આત્માનું સ્વરૂપ નથી. એવું જાણવા છતાં નબળાઈને લઈને રાગ આવે અને શુભ રાગ હોય ત્યારે ભગવાનની ભક્તિ, પૂજા હોય. પણ તે વખતે જ્ઞાની એમ જાણે કે, જેટલી આ ચોખા મૂકવાની કે (પુષ્પ) મૂકવાની ક્રિયા (થાય છે) એ

ક્રિયા તો મારી છે જ નહિ, ઈ તો જડની છે. એમાં થતો શુભ રાગ (છે) એ મારી કમજોરીને કારણે છે. આહા..હા...! એને હેય તરીકે જાણવા છતાં ત્યાં ભક્તિ દેખાય, ઉલ્લાસ પણ દેખાય. આહા..હા...! પણ એ ઉલ્લાસનું હેયપણું છે. આહા..હા...! ભારે વાતું ભાઈ ! અરે...! જન્મ-મરણ રહિત (થવાનો) ઉપાય એ આત્મા (છે), જેમાં જન્મ-મરણ અને જન્મ-મરણના કારણ(રૂપ) ભાવ છે નહિ. એવો એ શુદ્ધ ઉપયોગસ્વરૂપી પ્રભુ (છે). આહા..હા...!

શુદ્ધ આત્મા ! '**શુદ્ધોપયોગસ્વભાવી...**' એ તો એનો સ્વભાવ જ આ છે. શુભરાગ, વિકાર એ એનો સ્વભાવ જ નથી. સૂર્યના કોઈ ભાગમાં મલિનતા હોતી નથી. એમ ભગવાનમાં શુભ ભાવ, અશુભ ભાવ હોતો નથી. આહા..હા...! આવી વાતું છે. અહીં તો (અજ્ઞાનીને) શુભરાગથી, ક્રિયાથી ધર્મ મનાવવો (છે) અને માનનારાને પણ આકરું લાગે એટલે કહે, બરાબર છે, બરાબર છે. એ... ગાડા હાંકે રાખ્યા ! ભાઈ ! પ્રભુ ! એ માર્ગ નથી, ભાઈ ! તારા સુખના પંથ નિરાળા છે, નાથ ! તું જુદો છો. એ શુભ ભાવથી મને સુખ મળશે પણ એ શુભભાવ પોતે દુઃખ છે અને એના ફળમાં પણ ભવભ્રમણનું દુઃખ મળશે. આહા..હા...! સમજાણું કાંઈ ?

આ તો ૐકારમાં આવે છે ને ? 'ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः। कामदं मोक्षदं चैव' ત્યાં બે આવ્યું ? કારણ કે રાગ બાકી રહે છે. 'ૐકાર'માં આવ્યું છે ને ? ભાઈ ! એમ આ ભગવાન ૐસ્વરૂપ જ છે. ૐકાર શબ્દ બે રૂપ (છે). એક આત્મિક ભાવ, એક પુદ્‌ગલ. 'બનારસીદાસ'માં આવે છે. સમજાય છે ? ૐકાર શબ્દના બે પ્રકાર – એક શબ્દરૂપ ૐ શબ્દ, વિકલ્પમાં પણ એ જડ શબ્દ અને એક આત્મા. શુદ્ધ નિર્મળ સ્વરૂપ જે ભગવાન તે ૐકારસ્વરૂપ આત્મા છે. આ શુદ્ધ ઉપયોગસ્વરૂપી તે ૐકારસ્વરૂપ છે. આહા..હા...! અને ૐ ૐ વિકલ્પ ઉઠાવીને વિકલ્પ કરવો એ આવે, કહે છે. તો એનું ફળ 'कामदं' (છે). સ્વર્ગ આદિ મળે. ધર્મીને પણ, હોં ! આહા..હા...! 'कामदं मोक्षदं चैव' બે છે ને એમાં ? ॐकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः। कामदं मोक्षदं चैव ॐ काराय नमोनमः। પણ એ રાગ આત્મા નહિ. છતાં આવ્યા વિના રહે નહિ. આહા..હા...! આ..હા...! છતાં ધર્મી તેને હેય જાણે (કે) એ મારી ચીજ નહિ. આહા..હા...! નિમિત્તને આધીન થઈને કેટલોક રાગ મને થાય છે. અશુભ રાગ પણ થાય છે. આહા..હા...! પણ એને ઝેર જેવું દુઃખ લાગે. કાળો નાગ જેમ દેખાય એમ શુભ-અશુભ ભાવ કાળા નાગ જેવો, ઝેર (જેવો) દેખાય. આહા..હા...! આવી વાતું !

બહારની વાત તો શું કરવી ? પ્રભુ ! શરીર, પૈસા-લક્ષ્મી એની તો વાત શું (કરવી) ? એ તો સ્વતંત્ર અનાત્મા (છે) પણ અંદરમાં શુભ રાગ (થાય છે) એ અનાત્મા (છે), ભાઈ ! એ આત્મા નહિ. આહા..હા...! શુભ ઉપયોગ છે ને ? દસમો બોલ છે – એકડા ઉપર મીંડું ચડ્યું. **'આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાંથી આવો અર્થ નીકળે છે. અલિંગગ્રહણ વાચક છે, એમાંથી વાચ્ય શુદ્ધ ઉપયોગી છે એવું નીકળે છે. આહા..હા...! જેમ સાકર શબ્દ વાચક છે એનું વાચ્ય સાકર ચીજ છે. એમ આ શુદ્ધઉપયોગી સ્વરૂપ ભગવાનઆત્મા એ અલિંગગ્રહણના શબ્દોમાંથી આ વાચ્ય નીકળે છે. અલિંગગ્રહણ એ જ વાચક શબ્દ છે. પણ એનું વાચ્ય શુદ્ધઉપયોગી આત્મા તે તેનું વાચ્ય છે. અરે...! આવી વાતું બહુ આકરી ! ભાઈ ! લોકોને નવરાશ નહિ. આ..હા...! માથે જે કહે ઈ માનીને જિંદગી ગાળે. આહા..હા...!

અરે... પ્રભુ ! જો આત્મા શુદ્ધઉપયોગી છે એ હાથ ન આવ્યો અને પ્રતીતમાં ને અનુભવમાં ન આવ્યો (તો) પ્રભુ ! તારા ભ્રમણ નહિ મટે. સમજાય છે કાંઈ ? બહારથી સંતોષાઈ જાઈશ, રાગની ક્રિયાના શુભ ભાવથી સંતોષાય જાઈશ (તો) પ્રભુ ! તારા ભવ નહિ મટે. કેમકે એ શુભભાવ ભવ જ છે. શુભભાવ ઘોર સંસાર છે. 'નિયમસાર'માં કળશમાં આવે છે, ભાઈ ! વિકલ્પ છે ઘોર સંસાર (છે). આહા..હા...! ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ શુદ્ધઉપયોગ સ્વભાવ ! એમાં એ વિકલ્પ છે એ ઘોર સંસાર છે. એનાથી પરિભ્રમણ મળશે ઈ પછી પણ ઈ પોતે વર્તમાન ઘોર સંસાર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પાપના પરિણામની તો શું વાત કરવી ? આહા..હા...! પણ શુભભાવના પરિણામ... આહા..હા...! અનાત્મા હોવાથી તે આત્મા નહિ.

આત્મા તો શુદ્ધઉપયોગસ્વરૂપી પ્રભુ છે. આહા..હા...! એ શુદ્ધ ઉપયોગના કાળમાં આત્મા જણાય છે. કેમકે એ શુદ્ધઉપયોગસ્વરૂપી છે. શું કહ્યું ઈ ? શુભભાવના કાળમાં એ જણાય એવો નથી. આહા..હા...! પણ એ રાગથી ભિન્ન પડી અને શુદ્ધ ઉપયોગ કરી અને શુદ્ધઉપયોગ તે આત્મા એમ જણાય એવો છે. અને સમ્યગ્દર્શનના કાળમાં શુદ્ધઉપયોગ થાય છે, એમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આ..હા...! આવી વાતું છે.

વીતરાગમાર્ગ કોઈ અલૌકિક (છે), બાપા ! એ બધું સ્પષ્ટીકરણ અને બધી વ્યાખ્યા દિગંબર સંતોમાં પ્રસિદ્ધ છે. આહા..હા...! પણ તેના પક્ષમાં પડ્યા હોય એને પણ ખબરું નથી. આ..હા..હા...! આ શું છે ? 'અમૃતચંદ્રાચાર્યદેવ' આ અર્થ કરે છે. 'કુંદકુંદાચાર્યદેવ'નો

શ્લોક છે. એ શ્લોકમાંથી આ ટીકા કાઢી. જેમ ગાયના આવમાં દૂધ છે એ બાઈ આમ ખેંચીને કાઢે. આમ (પકડે), હોં ! આમ ન હોય ઈ. આમ કરે. આ અંગૂઠો આમ ભેગો રાખે. આ તો બધું જોયેલું છે ને ! આવમાંથી દૂધ આમ ન નીકળે, પણ આમ અને આમ વચ્ચે કરે (ત્યારે નીકળે). આમ આમાં તર્ક કરીને અંદરથી ભાવ શું છે એ કાઢ્યા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! વાહ ! ગજબ (કરી છે) ! એ દસમો બોલ (પૂરો) થયો.

**'(૧૧) લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...'** આ..હા..હા...! **'ઉપયોગ નામના લક્ષણ દ્વારા...'** એના ઉપયોગ દ્વારા કર્મનું ગ્રહણ થવું જેને નથી. કારણ કે એ તો શુદ્ધઉપયોગી છે તો એ ઉપયોગ દ્વારા કર્મનું ગ્રહણ થવું એને નથી. આહા..હા...! જરીક ઝીણી વાત છે. થોડી ધીમે ધીમે (સમજવી).

**'લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને...'** એટલે આત્માને નથી. આ..હા..હા...! પર્યાયમાં મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ છે એ દ્રવ્યસ્વભાવમાં નથી. આહા..હા...! ઈ પર્યાયમાં જે રાગ-દ્વેષનું ગ્રહણ થાય છે અને એને લઈને કર્મનો સંબંધ છે એ દ્રવ્યસ્વભાવમાં એ રાગ-દ્વેષ નથી અને કર્મનો સંબંધ દ્રવ્યને નથી. એવી દૃષ્ટિ કરે તેને દ્રવ્યમાં નથી અને તેને કર્મ-ગ્રહણ નથી એમ થાય. શું કીધું ? જરી શાંતિથી સાંભળવું, બાપુ ! આ તો ભગવાનના પેટ છે ! દિગંબર સંતો એટલે વીતરાગી મુનિઓ ! પરમાત્મા પરમેશ્વરમાં ભળેલા ! પાંચ પદ છે ને ? તો પાંચ પદ (છે) એ પરમેશ્વર છે ને ? એ પદ કેવા હોય ? બાપા ! આહા..હા...!

એ સંતો આ જગતને જાહેર કરે છે, પ્રભુ ! તારો ઉપયોગ, એમાંથી કર્મ-ગ્રહણ થાય એ તારો ઉપયોગ જ નહિ. આહા..હા...! એટલે ? કે, દ્રવ્યસ્વભાવમાં દ્રવ્ય જે વસ્તુ છે તેને કર્મનો સંબંધ છે જ નહિ. પર્યાયમાં રાગ અને કર્મનો નિમિત્ત સંબંધ છે એ તો પર્યાયમાં છે પણ જેને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ... આ..હા..હા...! એ દ્રવ્યને અને દૃષ્ટિ થઈ તેને... આહા..હા...! તેના ઉપયોગથી કર્મ-ગ્રહણનો અભાવ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

ત્રણલોકના નાથનો માર્ગ બાપા ! વીતરાગ... વીતરાગ.. વીતરાગ... વીતરાગનો માર્ગ વીતરાગ ભાવથી હોય. વીતરાગનો માર્ગ રાગભાવથી ન હોય. આહા..હા...! આવું જ્યાં અહીં ચાલે ત્યાં લોકો (રાડ નાખે), એ.. એ તો નિશ્ચયાભાસી છે. વ્યવહારથી લાભ માનતા નથી. અરે... પ્રભુ ! પણ તને (ખબર નથી). વ્યવહારનો રાગ એ તો આત્મા નથી ને ? અને રાગથી ગ્રહણ થાય તે આત્મા નથી ને ? આત્મા તો કર્મ-ગ્રહણનો અભાવ થાય તે આત્મા

છે. આહા..હા...! નિશ્ચયમાં ભગવાનઆત્મા સર્વ આવરણરહિત પ્રભુ છે. તો પછી કર્મનું આવરણ આ દ્રવ્યને છે એમ છે નહિ. આહા..હા...!

**'ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...'** આ ગજબ વાત છે, પ્રભુ ! આહા..હા...! જેને રાગ છે અને કર્મનું ગ્રહણ છે એ આત્મા નહિ, એમ કહે છે. આહા..હા...! છઠ્ઠા ગુણસ્થાન સુધી હજી રાગ અને કર્મ-ગ્રહણ (છે) પણ ઈ તો જ્ઞાનમાં જાણે અને કર્મ-ગ્રહણ થયો એ પણ જાણે. 'મને થયો' એમ (માને) નહિ. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

આ અધિકાર જ બહુ સૂક્ષ્મ છે. 'અમૃતચંદ્રાચાર્યે' પહેલા કહ્યું હતું અને 'જયસેનાચાર્યદેવ'માં પણ છે કે, આ અલિંગગ્રહણ ખરેખર તો અલિંગગ્રાહ્ય છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે અને આમાં 'અમૃતચંદ્રાચાર્યદેવ'માં તો છે જ. અલિંગગ્રાહ્ય – લિંગ વડે, રાગ વડે, પર વડે પકડાય એવો આત્મા નથી. કહેવું છે એમ. છતાં અલિંગગ્રહણ કેમ કીધું ? કે, અલિંગગ્રહણમાંથી ઘણા અર્થો ઊભા થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એમાંથી આ પણ એક અર્થ નીકળે છે. અલિંગગ્રહણના શબ્દમાંથી વાચ્ય આ છે. આહા..હા...!

પરમાં તને હરખ શેનો આવે (છે) ? પ્રભુ ! આહા..હા...! હરખ છે એ તો વિકાર છે અને વિકાર કર્મ-ગ્રહણ કરે છે. આત્મામાં એ કર્મ-ગ્રહણનો અભાવ છે. આહા..હા...! ભારે વાતું, ભાઈ ! આનાથી કોઈ સહેલી વાત નહિ હોય ? સમાજને નવરાશ ન મળે, રુચિ કાંઈ નહિ. આ દુકાનના ધંધા આડે નિવૃત્તિ ન મળે તો આનાથી કંઈ બીજું સહેલું હશે કે નહિ ? આખો દિ' હોળી સળગે, આ કર્યા ને આ કર્યા ને આ કર્યા... એ તો કર્તા છે નહિ છતાં અશુભ ભાવનો (કર્તા) માને છે એ મિથ્યાત્વભાવ છે. એ વાત તું એક કોર છોડ !

અહીં તો (કહે છે કે), શુભભાવથી કર્મ-ગ્રહણ થાય તે શુભભાવ આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ ? ઈ તો શુદ્ધઉપયોગમાં કહ્યું પણ અહીં તો જે શુદ્ધનો ઉપયોગ (થયો) એ ઉપયોગ વડે કર્મનું ગ્રહણ અને સંબંધ થાય એવો આત્મા જ નથી. આહા..હા...! એક કોર એમ કહેવું કે, આત્મા આઠ કર્મ બાંધે. આયુષ્ય હોય તો આઠ બાંધે અને (આયુષ્ય) ન હોય તો સાત બાંધે. એ તો પર્યાયમાં થાય છે તેનું એને જ્ઞાન કરાવ્યું. આહા..હા...! વસ્તુ જે છે, ભગવાન ચિદાનંદ પ્રભુ ! એ પોતે કર્મનો સંબંધ થાય એવી એ ચીજ જ નથી. જેને કર્મનું ગ્રહણ થાય એવો પ્રભુ આત્મા જ છે નહિ. આહા..હા...! 'ગોમ્મટસાર'માં

એમ કહે કે, જ્ઞાનાવરણીય આદિ કર્મને ચોથે, પાંચમે, છઠ્ઠે બાંધે. એ પણ નબળાઈનું જ્ઞાન (કરાવ્યું) અને એનું ગ્રહણ થયું તેનું જ્ઞાન કરાવ્યું. આત્મા તેને ગ્રહે અને આત્મા તેના ગ્રહણના કારણરૂપે રાગ થાય ઈ આત્મા નહિ. આહા..હા...! ભાઈ ! આ લોટરી બહુ ઝીણી છે. આહા..હા...! અને (એમાં) ઠરીને અનંતા મોક્ષ પધાર્યા છે ને ? અનાદિકાળથી અનંત જીવો (એમ તર્યા છે).

છ મહિના ને આઠ સમયમાં છસ્સોને આઠ (જીવો) અઢી દ્વિપમાંથી ભગવાન પાસેથી અત્યારે પણ મોક્ષે જાય છે. કારણ કે ભરત અને ઐરાવતમાં તો મોક્ષ (અને) કેવળ છે નહિ. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. ત્યાં આગળથી કેવળ પામીને મોક્ષ જાય છે, અત્યારે ! છ મહિના અને આઠ સમયમાં છસ્સો અને આઠ પરમાત્મા થાય છે !! આહા..હા...! સમજાણું કાંઈ ? આ કાળમાં પણ અત્યારે પરમાત્મા થવાનો, એકાવતારી થવાનો અહીંયાં પ્રસંગ છે !! આહા..હા...! સમજાય છે કાંઈ ? રાગ આવે એટલે એને થોડો ભવ થાય.

જેમ પાંડવો, જુઓને ! પાંચ પાંડવો ! આહા..હા...! 'ભીમ' તે કેવો બળવાન ! જોરદાર ! એ મુનિ થઈને આત્માના આનંદમાં જ્યાં રમે છે (ત્યાં) લોઢાના દાગીના પહેરાવ્યા. સાંકળી પહેરાવી, હાર પહેરાવ્યા, માથે મુગટ (પહેરાવ્યા) પણ એ સંતોની દૃષ્ટિ શુદ્ધ ઉપયોગમાં રમતી હોય. એમાંથી બે મુનિને જરી વિકલ્પ આવ્યો. મોટા ભાઈઓ છે, સાધર્મી છે. સહઉદરી છે – એક ઉદરે – એક પેટે જન્મેલા છે. જેના પેટમાં સવા નવ મહિના એ રહ્યાં તેમાં હું પણ હતો. એવા સહોદરી અને એવા સાધર્મી, ત્રણ મોટા વડિલ ! એને આ ધગધગતા લોઢા (પહેરાવ્યા તો) કેમ હશે ? એવો વિકલ્પ આવ્યો. (એમાં) બે ભવ વધી ગયા. એ શુભ ભાવથી સર્વાથસિદ્ધનું આયુષ્ય બંધાઈ ગયું. છે મુનિ, હોં ! છઠ્ઠે-સાતમે ગુણસ્થાને હતા અને જ્યારે વિકલ્પ આવ્યો ત્યારે છઠ્ઠે હતા. આહા..હા...! એ સર્વાર્થસિદ્ધમાં ગયા. 'શેત્રુંજય'થી બે મુનિઓ – 'સહદેવ' અને 'નકુલ' સર્વાર્થસિદ્ધિમાં ગયા. ત્યાંથી ત્રણ (પાંડવો) સીધા મોક્ષમાં ગયા. જાત્રાનું કારણ તો આ છે કે, જે સ્થાનેથી મોક્ષ ગયા તે સ્થાનમાં નીચે યાદ કરવા કે અહીં પ્રભુ છે. એ વાત છે. ઓ..હો..હો...! માથે શિરછત્ર પ્રભુ ! ત્યાં બિરાજે છે. એવા સ્મરણને માટે જાત્રા છે. બાકી કાંઈ જાત્રા (નથી). તે પણ શુભભાવ છે. આ..હા...! પરદ્રવ્યનું સ્મરણ કરવું, પરદ્રવ્યને યાદ (કરવા) એ શુભરાગ છે.

અહીં તો કહે છે કે, એ શુભરાગથી કર્મ-ગ્રહણ થાય પણ આત્માને એ છે નહિ. આહા..હા...! **'આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ)...'** આહા..હા...! આઠ કર્મથી

સંબંધ (એમ કહે છે) એ તો પર્યાયની દશામાં છે. પણ વસ્તુમાં એ નથી અને જ્યાં વસ્તુની દૃષ્ટિ થઈ... આહા..હા...! એટલે (કે) ત્યાં શુદ્ધ ઉપયોગ થયો એ શુદ્ધ ઉપયોગને કર્મનું નિમિત્તપણે ગ્રહવું એ છે જ નહિ. આહા..હા...! શું વાત ! વાણિયાને આ નિર્ણય કરવાનો વખત ન મળે (એમ) પેલો 'જાપાનવાળો' કહે. 'જાપાનવાળો' કહે છે ને ઈ ? મોટો ઐતિહાસિક ! જૈનનો અભ્યાસ બહુ કર્યો એટલે છેલ્લે એણે એમ કહ્યું કે, જૈનધર્મ એટલે અનુભૂતિ. આત્માનો અનુભવ કરવો તે જૈનધર્મ. પણ એ જૈનધર્મ વાણિયાને મળ્યો અને વાણિયા વેપાર આડે નવરા ન મળે ! એમ એણે લખ્યું છે, હોં ! ભાઈ ! પેલા જાપાનીએ ! સત્યનો નિર્ણય કરવાનો, અનુભૂતિ પ્રગટ કરવાનો વખત નથી. આહા..હા...! જે જૈનધર્મ છે. પેલો અનાર્ય (ક્ષેત્રમાં) ઉત્પન્ન થયેલો 'જાપાન'નો ઐતિહાસિક આમ કહે છે. સમજાણું કાંઈ ? છાપામાં આવ્યું હતું. આહા..હા...!

આત્મા શુદ્ધ ઉપયોગનો અનુભવ કરે, અનુભૂતિ (કરે)... આહા..હા...! તે ધર્મ છે. જૈનધર્મ એ છે. રાગ અને દેહની ક્રિયા કે દયા, દાનના પરિણામ (થાય) એ કોઈ જૈનધર્મ નથી. આહા..હા...! પણ એ નિર્ણય કરવાનું ટાણું એને મળતું નથી. વેપારી આખો દિ' હોળી સળગે... આ કર્યું ને આ કર્યું ને આ લાવ્યા ને આ લાવ્યા.. 'મુંબઈ'થી માલ આવ્યો છે ને અહીંથી માલ આવ્યો છે ને અહીંથી આવ્યો છે... આહા..હા...! એકલી હોળી સળગી ! કષાય-અગ્નિ !

અમારે એક (માણસ) હતો ને ? ઈ બહુ 'મુંબઈ' જતો, હોશિયાર કહેવાતો. હું દુકાને બેઠો હોઉં (ત્યારે) 'મુંબઈ' (જવા માટે) નીકળે. 'મુંબઈ'નો પાસ લેતા. કારણ કે 'મુંબઈ'માં ઘણીવાર જાવું પડે એટલે 'મુંબઈ'નો પાસ (કાઢ્યો) હતો. પછી માલ લઈને આવે (ત્યારે) હાથમાં થપ્પી લટકતી (હોય). આ શું છે ? કીધું. માલ ઘણો લઈ આવે, દસ-દસ, વીસ હજારનો માલ લઈ આવે અને એટલું બધું એનું મગજ (ચાલે કે) આ કેટલા ભાવે માલ આવ્યો હતો અને કેટલો વેંચાઈ ગયો ? અને અત્યારે એનો ભાવ શું છે ? એવી ત્રણપટ્ટી ખબર (હોય). આહા..હા...! એ ભાઈ મરતાં છેલ્લે રોગ આવ્યો હતો તો ચાલી શકે નહિ, ઉપાડીને મૂકે અને એણે છેલ્લે એમ જ કહ્યું કે, અરે...! મને કોઈએ ધર્મ કર એમ ન કહ્યું. પણ કેમ કહે ? આ બધા સ્વાર્થના સગલા (છે) ! તમે પાપ કરીને અમારી દુકાને બેસો. છેલ્લે એમ બોલી ગયો કે, અરે...! મને કોઈએ ત્યાગનું ન કહ્યું અને આ વેપારની સ્થિતિમાં (રહી ગયો). પગ ચાલતો નહોતો તોપણ દુકાને બે કલાક જઈને બેસે ! ભાગ

કાઢી નાખેલો. આવે છે ને ? મોટાભાઈ આવે છે ને ? બે મોટાભાઈ આવે છે. આ..હા...! મરી ગયા બિચારા, છેવટે આમ કહે, અરે..રે...! મને કોઈએ નિવૃત્તિ લેવાનું કીધું નહિ. (મેં કીધું) મેં તને નહોતું કહ્યું ? પણ મરી ગયા પછી ખબર પડી કે, આમ બોલ્યો હતો. હવે કહેવું કોને ? મેં તો ઘણું કહ્યું (હતું) કે, એલા તું બાયડી-ભાયડો બે (જણા) અને લાખો રૂપિયા પડ્યા છે હવે આમાં તારે રળીને શું કામ છે ? ઈ બુદ્ધિવાળો હતો. અમારા 'કુંવરજીભાઈ' કરતાં બુદ્ધિવાળો હતો. 'કુંવરજીભાઈ'ની બુદ્ધિ તો બધી સમજવા જેવી હતી. પુણ્યને લઈને દુનિયા શેઠ... શેઠ કહેતી. એમાં (એક મુમુક્ષુએ) પૂછ્યું તોપણ જવાબ એવો ઠેકાણા વિનાનો આપ્યો. (એમણે પૂછ્યું) તમને શેઠ.. શેઠ કેટલીવાર કહે ? હજાર વાર કહે ? તો કહે, ના, ના. પાંચસો વાર કહે ! આહા..હા...! શું થયું ? બાપા ! ચાલ્યા ગયા. આહા..હા...!

જેને આ ભગવાનઆત્મા ! સૂર્ય જેમ મલિન ન હોય એમ ચૈતન્યપ્રકાશનો ભગવાન પૂર (છે) એને કર્મ-ગ્રહણનો ભાવ ન હોય. એને કર્મ-ગ્રહણનો ભાવ ન હોય માટે તેને કર્મ-ગ્રહણ હોતું નથી. આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યદેવે' તો ગજબ કામ કર્યાં ! આહા..હા...! મુનિ હજાર વર્ષ પહેલા (થયા), હજી તો આ પંચમઆરાના (સંત) ! હજાર વર્ષ પહેલાં અહીં ભરતક્ષેત્રમાં હતા પણ ગજબ કામ કર્યાં છે ! આહા..હા...! એવી વાતું ક્યાંય (નથી). કરણાનુયોગ અને ચરણાનુયોગમાં વાતો બીજી આવે અને આમાં બીજી વાત આવે એટલે લોકો સમજી ન શકે. ચરણાનુયોગમાં એવું આવે કે, વ્રત પાળે અને વ્રતનું આમ થાય, આ ક્રિયા પાળે ને ફલાણું કરે. અહીં તો કહે છે કે, વ્રતનો રાગ જ જ્ઞાનીને – આત્માને નથી. એ આવ્યો છે તે જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે. આહા..હા...! કારણ કે વ્રતના પરિણામ રાગ છે અને એનાથી તો પુણ્ય, શાતા આદિ બંધાય, કર્મનો સંબંધ થાય. અહીં તો (એની) ના પાડે છે.

ભગવાનઆત્મા ! **'ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...'** જેને એટલે આત્માને. આહા..હા...! જેને નથી... આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા ! ચૈતન્યની ઋદ્ધિથી ભરેલો પ્રભુ ! ચૈતન્ય બાદશાહ ! આહા..હા...! ચૈતન્ય જેનું સામ્રાજ્ય છે ! આહા..હા...! રાગ એનું સામ્રાજ્ય નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

એક ફેરી ગયા હતા ને ? 'જામનગર' ! 'જામનગર' દરબારને ક્રોડની ઉપજ છે. હું ત્યાં એના મકાન પાસે છેટે દિશાએ જતો. એમાં એને ખબર પડી. શું નામ કહ્યું ? નામ ભૂલી ગયા. પણ એને તાકડે આવી શકે નહિ (એમ હતું) પણ દર્શન કરવા આવવાનો

ભાવ હતો. આવી શકે નહિ એટલે એનો માણસ કહે કે, મહારાજ ! આમને આમ (રહે છે). દરબાર એમ કહે છે, દિશાએ તો (ત્યાં) જાઓ છો તો એને દર્શન કરવા છે. (ત્યાં) ગયા (હતા). પેલી કરી હતી, શું કહેવાય ? રંગોળી ! રાણી સામે આવી હતી. જંગલ ગયા પછી દસ મિનિટ બેઠા. (ત્યારે) કીધું, દરબાર ! આ સામ્રાજ્ય નહિ. આ ધૂળનું સામ્રાજ્ય એ રાજા નહિ. સાંભળે, અહીં અમારે ક્યાં કોઈની પાસે (કંઈ લેવાનું હતું). રાણી સાંભળતી હતી. રાણી પાસે તો ઘણા કરોડો રૂપિયા ! ઘણા કરોડો ! સામે બેઠા હતા. સવારના જંગલ જાઉં પછી વ્યાખ્યાન વાંચવાનો ટાઈમ થઈ ગયો એટલે આવી ગયો. દસ મિનિટ (બેઠા ત્યારે) જ્ઞાન ખાતે એક હજાર રૂપિયા મૂક્યા હતા. કીધું, દરબાર ! આ રાજ નહિ. આહા..હા...! આત્માનું સામ્રાજ્ય તો અંદર આનંદ અને જ્ઞાન પડ્યું છે એનું સામ્રાજ્ય એ છે. સાંભળતા હતા. અમારી પાસે શું કહે ? ત્યાં અમારે કંઈ (થોડું) માખણ ચોપડવું છે ? અને અહીં ક્યાં એની પાસેથી કંઈ લેવું હતું ? ઈ તો વળી એણે હજાર (રૂપિયા) મૂક્યા. આપણે (એનું નામ) નાખ્યું છે, નહિ ? ભાઈ ! 'મોક્ષશાસ્ત્ર'માં લખ્યું છે. 'મોક્ષશાસ્ત્ર'નું પુસ્તક છપાયું એમાં (લખ્યું છે કે), દરબારે એક હજાર આપ્યા છે. તે દિ'ની વાત છે. 'જામનગર' ચોમાસુ હતું ને ? (સંવત–૧૯૮૮). ૧૯૮૮ની વાત છે. પણ ક્યાં બિચારાને આ વાત સાંભળવા મળે નહિ. આ ધૂળના આટલા ગામ અને આટલી ઉપજ, મરી ગયા.

અરે...! આ ભગવાન અંદર સામ્રાજ્ય પડ્યો છે, ચૈતન્યનો બાદશાહ ! અંદર અનંત ગુણનું ચમત્કારિક તત્ત્વ પડ્યું છે ને પ્રભુ ! એનો બાદશાહ છે, એનો થા ને ! અને એનો બાદશાહ જેની દૃષ્ટિમાં થયો એને કર્મનું ગ્રહવું હોતું નથી. નબળાઈને કારણે રાગાદિ આવે ઈ પણ જ્ઞાનમાં જ્ઞેય છે અને એનું ગ્રહણ થતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'આત્મા દ્રવ્યકર્મથી...'** છે ને ? આત્માને એટલે દ્રવ્યને. **'દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) છે...'** જડ કર્મનું ગ્રહણ તે દ્રવ્યમાં નથી. જેને દ્રવ્યની દૃષ્ટિ થઈ એને જડનું ગ્રહણ નથી એમ કહે છે. આહા..હા...! અરે..રે...! મનુષ્યપણામાં આ વીતરાગની વાત એને ન બેસે અને ન રુચે એ ક્યાં જાશે ? ભાઈ ! ત્યાં કોઈ શરણ નથી. **'દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાંથી આવો ભાવ નીકળે છે.

વિશેષ કહેશે....

## ભાદરવા સુદ ૬, મંગળવાર તા. ૨૮-૦૮-૧૯૭૯
## ગાથા – ૧૭૨
## પ્રવચન નંબર–૧૭૯

'પ્રવચનસાર' ૧૭૨ (ગાથા). અગિયાર થઈ ગયા, બારમો બોલ છે. **'જેને લિંગો દ્વારા...'** આહા..હા...! ભગવાનઆત્માને લિંગો દ્વારા એટલે રાગાદિ લિંગો દ્વારા. **'ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...'** આહા..હા...! ઈ તો હમણાં પેલી અભોક્તા શક્તિ જોઈએ. આ..હા...! ભગવાનઆત્મામાં એક અભોક્તા નામની શક્તિ – ગુણ છે કે જે વિષયોના રાગને ભોગવે નહિ. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! પ્રભુ આત્મામાં એક અભોક્તા નામનો ગુણ છે ઈ અહીં કહે છે.

આત્મા વિષયોનો ઉપભોક્તા નથી. આહા..હા...! રાગનો ભોક્તા આત્મા નથી. રાગનું ભોગવવાપણું છે, જ્ઞાનના પ્રકાશની અપેક્ષાએ, કર્તા-ભોક્તા પર્યાય પરિણમે ઈ અપેક્ષાએ, પણ ભોગવવા લાયક છે તે રીતે ભોગવતો નથી. આહા..હા...! ઝીણું બહુ, બાપુ ! આત્મા એને કહીએ કે, ઇન્દ્રિયો દ્વારા જે વિષયનો ભોગ, રાગનો એ ભોક્તા નથી. એ તો આનંદ અને શાંતિનો ભોક્તા છે. આહા..હા...! આવી વાતું છે.

'આનંદઘનજી'એ કહ્યું છે ને ? કહ્યું હતું ને ? 'દેખણ દે રે સખી, દેખણ દે ચંદ્રપ્રભુ નૃપચંદ, સખી રે મને દેખણ દે.' સુમતિને કહે છે. સુમતિ (એટલે) જ્ઞાન. એણે તો બહારની વાત લીધી છે. સુમતિ – સમ્યક્ સુમતિ જ્ઞાન એને કહે છે કે, હે સુમતિ ! મને અંદર ભગવાનને દેખવા દે. આહા..હા...! મને ચંદ્રપ્રભુ – જિનચંદ્ર ! ભગવાન જિનચંદ્ર છે. આહા..હા...! એ જિન પ્રભુ છે એને એકવાર મને દેખણ દે, પ્રભુ ! સુમતિ – હે મતિજ્ઞાન ! એણે તો સુમતિ એમ જ ભાષા લીધી છે. પણ અમે તો અહીંયાં સુમતિ એટલે સમ્યક્જ્ઞાન

(એમ કહીએ છીએ). આહા..હા...! એ વડે ભગવાન ચંદ્રપ્રભુ જિનચંદ્ર મારો નાથ એને મને જોવા દે. મેં પરને તો ઘણીવાર જોયું. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય(માં) ક્યાંય મને હાથ ન આવ્યો. આહા..હા...! હવે અહીંયાં પંચેન્દ્રિયપણું મળ્યું છે પણ છતાં તેના વિષયનો ભોક્તા આત્મા નથી. આહા..હા...! કેમકે ઇન્દ્રિયોના વિષયો તરફનું વલણ જે રાગ, એ રાગનો કર્તા અને રાગનો ભોક્તા આત્મા નથી. ઝીણી વાતું બહુ, પ્રભુ !

એક બીજી વાત કે, એ અરૂપીનું મને રૂપ જોવા દે. ભગવાન અરૂપી છે એનું મને રૂપ એટલે સ્વરૂપ (જોવા દે). અરૂપીનું રૂપ અરૂપ. સમજાય છે કાંઈ ? મારો પ્રભુ ચન્દ્રપ્રભુ અંદર (છે). એણે તો 'ચંદ્રપ્રભુ' તીર્થંકરની વાત કરી છે. પણ આ તો આ ચંદ્રપ્રભુ અંદર છે. આત્મા જિનચંદ્ર છે. આહા..હા...! એ અરૂપીના રૂપને મને જોવા દે. આ..હા...! અરૂપીનું સ્વરૂપ. રૂપ એટલે સ્વરૂપ. અરૂપીનું રૂપ ! આહા..હા...! એવો જે ભગવાનઆત્મા અરૂપીનું રૂપ એટલે સ્વરૂપ. સચ્ચિદાનંદ પ્રભુને મને જોવા દે. એ મેં અનંતકાળમાં જોયો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ અહીં કહે છે, **'લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા...'** આહા..હા...! ગજબ વાત છે ! ઇન્દ્રિયો તો જડ છે અને ભાવેન્દ્રિય પણ ખરેખર તો અચેતન છે. એના દ્વારા જે વિષયનો ભોગ અને રાગ (લે) એનો આત્મા ભોક્તા નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ વાતું બાપુ ! આ તો જુદી જાત છે. સમ્યક્દૃષ્ટિ અંદર એમ જાણે છે કે, મારો આત્મા વિષયનો, રાગનો ભોક્તા છે નહિ. આહા..હા...! રાગ આવે છે તેનો હું જ્ઞાતા-દૃષ્ટા તરીકે (રહું છું). છે ને જ્ઞાતૃત્વ ? અભોક્તા શક્તિમાં છે. જ્ઞાતૃત્વથી જુદા જે ભાવ તેનો હું ભોક્તા નથી. આહા..હા...! ભાઈ ! ૪૭ શક્તિમાં અભોક્તા શક્તિ છે ને ? એમાં ઈ છે, ઈ મેં હમણાં 'સમયસાર'માં જોયું. આ યાદ આવ્યું ને એટલે (જોયું). આહા..હા...!

લ્યો, એ જ આવ્યું, જુઓ ! બે વાત છે – એક અકર્તાપણું છે. (એકવીસમી શક્તિ). **'સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ (તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ) અકર્તૃત્વશક્તિ.'** મારામાં છે. આહા..હા...! કર્મના નિમિત્તથી થતાં જે વિકારી પરિણામ, તેનો હું કર્તા નથી. આહા..હા...! અકર્તાગુણવાળો આત્મા, એને રાગના કરવાથી વિરમ છે, ઉપરમ છે, નિવૃત્ત છે. આહા..હા...! એમ અહીંયાં અત્યારે આપણે ભોક્તાની વાત છે.

**'સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા...'** જાણવા-દેખવા અને આનંદ આદિ પરિણામથી જુદા **'પરિણામોના અનુભવના (–ભોગવટાના) ઉપરમસ્વરૂપ...'** આહા..હા...! એ કર્મના નિમિત્તથી થયેલા રાગાદિ ભોગવવાનો ભાવ એનાથી હું ઉપરમ – નિવૃત્તસ્વરૂપ છું. અરે...! આવી વાતું છે. છે ? ઈ પરિણામોના **'અનુભવના (–ભોગવટાના) ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ.'** એ અહીં કહે છે. આહા..હા...! આ પણ 'અમૃતચંદ્રાચાર્યદેવ' (દ્વારા) શક્તિનું વર્ણન છે. આ (અલિંગગ્રહણમાં) પણ 'અમૃતચંદ્રાચાર્યદેવ'નું વર્ણન છે. આહા..હા...!

જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ સિવાય બીજા જે રાગાદિ પરિણામ (થાય છે) તેનો હું અકર્તાપણે છું અને તેનો હું અભોક્તા (છું), (મને તેનું) ભોક્તાપણું નથી. અરે...! આવી વાત છે. એક બાજુ એમ કહે કે, ધર્મીને જે રાગ આવે તેનો ભોક્તા (છે) ઈ જ્ઞાન જાણે છે. સમજાય છે કાંઈ ? જ્ઞાનપ્રધાન અધિકારમાં ૪૭ નય આવે ત્યાં એમ કહે કે, રાગના કર્તાપણે પણ પોતે પરિણમે છે અને ભોક્તા(પણાનું) પણ પોતે જ્ઞાન કરે છે. આહા..હા...! પણ એનું એ સ્વરૂપ – સ્વભાવ નથી. એ અહીં કહેવું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવો માર્ગ ! સાધારણ માણસને (સમજાય પણ નહિ). અરે...! આ વિના બાપા ! ભવના અંત નહિ, ભાઈ ! અરે...! પરિભ્રમણ કરીને (થોથો નીકળી ગયા).

જુઓને ! આ કીધું નહિ ? ૩૬ વર્ષનો જુવાન ! આહા..હા...! પાણી આવ્યું. સાડા ત્રણે દુકાન ઉઘાડીને બેઠેલો. આહા..હા...! પાણી એકદમ આવ્યું. દુકાન બંધ કરીને અંદર બેસી ગયો અને પાણી જોર (આવ્યું) તો માથે ભીંતડા પડ્યા. ખલાસ ! કપડાની દુકાન, ૩૬ વર્ષનો જુવાન ! એવા તો કંઈક મરી ગયા હશે. આહા..હા...! એ સ્થિતિ બાપુ ! અનંતવાર કરી, ભાઈ ! એની માટે નથી, તું પણ અનંતવાર એવી રીતે પીલાઈ ગયો છે, ભાઈ ! તને આત્માના ભાન વિના એવા ભાવ કર્યા એ ભાવના ફળ તરીકે એવી દશાઓ તને અનંતવાર થઈ છે. આહા..હા...! અને તે દુઃખનો ભોક્તા તું થયો છો. આહા..હા...! દુઃખનો ભોક્તા એ આત્મા નહિ, એમ અહીં કહે છે. આહા..હા...! એ તો આનંદનો ભોક્તા (છે), નાથ ! સચ્ચિદાનંદ પ્રભુ ! સચ્ચિદાનંદ – સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર, શાશ્વત પ્રભુ મોટો ભગવાન પરમાત્મા ! આહા..હા...! એ હલ્યો હલે નહિ, પરિણમે નહિ, બદલે નહિ એવી ત્રિકાળી ચીજ (છે). આહા..હા...! એમાં અભોક્તા નામનો ધ્રુવપણે (રહેતો) ગુણ છે. આહા..હા...! તે ગુણને કારણે... આહા..હા...! આકરી વાતું ! લોકોને બિચારાને ક્યાં જાવું ? સત્ય તો આ છે.

કર્મના નિમિત્તથી થયેલો ઇન્દ્રિયના વિષયનો ભોગ... આહા..હા...! તેનાથી તો હું રહિત છું. જો એ સહિત હોઉં તો મારો સ્વભાવ થઈ જાય. આહા..હા...! મારો એ સ્વભાવ નથી. આહા..હા...! એ અરૂપીના રૂપનો મને અનુભવ કરવા દે. હવે રાગનો ભોગવટો મારે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઝીણું છે, ભાઈ ! અરે...! અનંતકાળમાં ભાઈ કચરાઈને મરી ગયો છે.

એકવાર તો આવડી ઇયળ થાતી નથી ? લાંબી, દોઢ હાથ લાંબી (અને) પાતળી. એના ઉપર પાંચ મણનો પથરો પડ્યો. હવે નીકળવું શી રીતે ? ખેંચે તો મરી જાય. આહા..હા...! એવા મરણ પ્રભુ ! અનંતવાર કર્યા છે. એમ ન જોવું કે એને છે. પણ તને યાદ ન આવે એથી કરીને નહોતું એમ કેમ કહેવાય ? આહા..હા...! જીવતા જન્મ્યો ત્યારે બાર મહિનામાં શું થયું ? જુઓને ! નાના નાના છોકરાને આમ ખંભે લગાડીને રોવે તો આમ આમ કરે છે, આમ આમ ! એ હલાવે (એટલે) રોતો બંધ થાય. એની એને ખબર છે ? બાર વરસનો, ચૌદ વરસનો, પંદર (વરસનો) થયો તો ખબર છે કે મને આમ હતું ? અને જન્મતાનો એવો સિદ્ધાંત છે કે, જ્યારે જન્મે ત્યારે મોઢું તો સવા નવ મહિના બંધ હોય. ઈ બહાર જ્યાં નીકળે ત્યાં એની આંખ ઊંચી ન થાય. ભાઈ ! આ તો જન્મ વખતની વાત (છે). પણ મોઢું ફાડીને ઉંહકારથી પહેલી શરૂઆત કરે. સમજાણું કાંઈ ? આહા..હા...! ઊંઆ.. ઊંઆ... ઊંઆ.. તું ત્યાં અને હું અહીં. હવે મારે કાંઈ ન મળે. પહેલું ઊંઆ શરૂ કરે. આંખ્યું બંધ (હોય). પહેલા આંખ્યું ન ખોલે. આહા..હા...! એની માના જ્યાં જોવા જાય ત્યાં એનું મોઢું ઊંવા કરતું હોય (એટલું જોવે) પછી બાળક કન્યા છે કે છોકરો ઈ પછી. પણ ઈ મોઢું ફાડીને ઊંઆ કરે. આહા..હા...!

એમ આ ભગવાન અનાદિકાળથી અજ્ઞાની... આહા..હા...! રાગના ભોક્તા ઉપર દૃષ્ટિ પડી છે એ પર્યાયબુદ્ધિ છે, એ મિથ્યાબુદ્ધિ છે એમ કહે છે. આહા..હા...! પાંચ ઇન્દ્રિયના વિષય સંબંધીનો રાગ, એનો જે ભોક્તા (છે) એટલે એની દૃષ્ટિ રાગ ઉપર છે. એ પર્યાયબુદ્ધિ છે, દ્રવ્યબુદ્ધિ નથી. તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! આવી વાતું છે. ત્રણલોકનો નાથ આમ પોકારે છે. આ સાંભળવા જેવું છે. આહા..હા...! ભાઈ ! આવી વાતું છે. જગતની હોંશું મારી નાખે છે. આહા..હા...! બાપુ ! તને શેની હોંશ આવે ? ભાઈ ! એ પાપના પરિણામની તને હોંશ આવે ? પ્રભુ ! તારા સ્વરૂપને તું ભૂલી જાય છો, નાશ કરી નાખે છે. કેમકે તારામાં અભોક્તા નામનો ગુણ છે. પ્રભુ ! એ ઇન્દ્રિયના નિમિત્તથી થતો વિષયનો

ભોગ દ્રવ્યદૃષ્ટિ થતાં એનો પરમાર્થે તે ભોક્તા નથી. આહા..હા...! ભાઈ ! આવી વાતું છે. ક્યાંય 'કલકત્તા'-ફલકત્તામાં મળે એવું નથી. પેલો છોકરો ત્યાં 'અમેરિકા'માં ભટકે છે, રખડે છે. લોટરીમાં ચાર લાખ મળ્યા. રાજી રાજી થઈ જાય, એનો બાપ પણ રાજી થાય કે, આહા..હા...! છોકરો હજી તો લગ્ન કર્યા ને લોટરીમાં ચાર લાખ આવ્યા.

મુમુક્ષુ :– એમાં ક્યાં લાભ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે...! ધૂળેય નથી. એ ઇન્દ્રિયના વિષયની હોંશુંમાં પ્રભુ તારો આત્મા હણાય જાય છે. સમજાય છે કાંઈ ? એ પાંચ ઇન્દ્રિયના વિષયના રાગમાં તણાય ગયો, નાથ ! તારી ચીજ તે અભોક્તાપણાની ભિન્ન રહી ગઈ. આહા..હા...! અત્યારે તો આ કરો, આ કરો... વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો... આહા..હા...! અરે... પ્રભુ ! પ્રભુ !

એક ફેરી કહ્યું નહિ ? પેલો મહાઉપાધ્યાય કહેવાય. એક બાજુ ભગવાનની સ્તુતિ કરતા એમ કહે, પ્રભુ ! હું અસંયમી છું. મહા વિકારી છું, પ્રભુ ! મને તારો. એમ કહે. અસંયમી છું (એમ કહે) એક કોર મહાઉપાધ્યાય નામ ધરાવે. અરે...! જીવ આમને આમ સંપ્રદાયના મોહમાં મરી ગયો. આ..હા...! (એક શ્વેતાંબરના સાધુને તો) આગળ જતાં જરી એમ થઈ ગયું હતું કે, માળું સાધુપણું આવું ન હોય. પણ એ બહાર પાડવા જાય તો લોકો (એમ કહે કે), સાહેબ ! બહાર નીકળશો નહિ, અહીંને અહીં રહો. બહાર નીકળશે તો વળી કાંઈકનું કાંઈક કરી નાખશે. આહા..હા...! આ તો ભગવાન પાસે પોકાર કરે છે, મહાઉપાધ્યાય નામ ધરાવીને ! પ્રભુ ! હું અસંયમી છું, મહાવિકારી છું. 'મહાવીર' ભગવાનની સ્તુતિમાં બતાવ્યું હતું, ભાઈ ! જોયું હતું ત્યારે તરત હાથમાં આવી ગયું હતું. અરે... પ્રભુ ! તું અસંયમી છતાં તું સંયમી સાધુ છો એવું નામ ધરાવે, આ શું ? આહા..હા...!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથના ફરમાન (છે) એ સંતો કેવળીના કેડાયતો જગતને જાહેર કરે છે. ભાઈ ! પ્રભુ ! તું કોણ છો ? **'આત્મા વિષયોનો ઉપભોક્તા નથી...'** આહા..હા...! ક્યારે એવું થાય ? કે તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય ત્યારે એવું થાય. એનો આશય આ છે. ભાઈ ! આહા..હા...! આ..હા..હા...! ભગવાનમાં અભોક્તા નામનો ગુણ છે. તેથી જ્યાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે રાગનો ભોક્તા નથી તેમ થાય છે. આ..હા..હા..હા...!

પ્રશ્ન :– એ નીકળી જાય છે ને ?

સમાધાન :– એ નીકળી જાય છે એ વાત તો (સાચી) પણ આ તો છે તે વખતે એનો ભોક્તા નથી. કારણ કે એની ચીજ એ નથી. આહા..હા...! ધર્મી જીવ તો પોતાના આનંદ અને શાંતિના પર્યાયનો ભોક્તા છે. સમજાય છે કાંઈ ? છતાં 'પ્રવચનસાર'ની નયમાં આવે (કે) જેટલો રાગ છે તેટલો કર્તા અને તેટલો ભોક્તા (છે) પણ એ તો જ્ઞાન જાણે છે. જ્ઞાન જાણે છે કે મારામાં આ છે. સમજાણું ? પણ ખરેખર એ ચીજ મારા સ્વભાવમાં નથી. પર્યાયમાં છે એમ જાણે. આહા..હા...! આવો માર્ગ હવે સાંભળવા ન મળે. આહા..હા...! શું થાય ? પહેલી દર્શનશુદ્ધિની જ્યાં દરકાર નથી, ઠેકાણું નથી.

અહીંયાં એ કહ્યું, **'આ રીતે વિષયોનો ઉપભોક્તા નથી...'** આહા..હા...! છે ? **'વિષયોનો ઉપભોક્તા નથી તે અલિંગગ્રહણ છે;...'** લિંગ એટલે રાગનું ભોગવવું એનાથી રહિત અલિંગગ્રહણ છે. રાગનું જે ભોગનું વિષયનું ચિહ્ન છે એ લિંગથી રહિત અલિંગ છે. એના ભોક્તા રહિત અલિંગગ્રહણ છે. અરે..રે...! ક્યાં લઈ ગયા ? શરીરને તો ભોગવે નહિ એ તો પર છે... આહા..હા...! અજ્ઞાની પણ સ્ત્રીના શરીરને ત્રણકાળમાં ભોગવી શકે નહિ. સમજાય છે કાંઈ ? માને મૂઢ કે આ માંસ ને હાડકાંને હું ચૂંથું છું એમાં મને મજા પડે છે. અરે..રે...! એની તો અહીં વાત છે પણ નહિ. અહીં તો અંદરમાં થતો ભોગવવાનો રાગ એનો પણ આત્મા ભોક્તા નથી. કારણ કે એની પર્યાયમાં ભોક્તાપણું છે. એ દ્રવ્યદૃષ્ટિને આત્માને જોતાં તે એનો ભોક્તા નથી એમ કહે છે. એની પર્યાયમાં છે અને અનાદિથી તેનો એ ભોક્તા છે. પણ એ પર્યાયદૃષ્ટિવંતનું ભોક્તા અને કર્તાપણું છે. આહા..હા...! પણ દ્રવ્યદૃષ્ટિ એટલે આત્મદૃષ્ટિવંતને... આહા..હા...! એ વિષયોનું ગ્રહણ એટલે ઉપભોગ નથી. આહા..હા...! બહારથી તો સમકિતી પણ... આહા..હા...! આમ ભોગવવામાં રાગ અને સ્ત્રીના સંગમાં આવતો હોય છતાં પ્રભુ એના તરફ એનું લક્ષ નથી. એનું જોર છે વસ્તુના સ્વભાવ ઉપર. તેથી અંતરમાં તે એનો ભોક્તા છે નહિ. અરે...! આવી વાતું કેમ બેસે ? ભાઈ ! આવી વાતું છે, પ્રભુ !

તારી પ્રભુતાનો પાર નથી, નાથ ! તને એ પ્રભુતા બેસતી નથી. પામરતા બેસે છે, પ્રભુતા બેસતી નથી ! આહા..હા...! એની પ્રભુતા એ કે વિષયના રાગને ભોગવે એવી તારી પ્રભુતા છે. આહા..હા...!

**'આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની...'** અલિંગગ્રહણમાંથી આવા ભાવની **'પ્રાપ્તિ થાય છે.'** આહા..હા...! (એક મુમુક્ષુનો) કાગળ છે. એમાં એક શબ્દ આ

લખ્યો છે. અલિંગગ્રહણનું લખ્યું હશે. ઓ..હો...! હાથમાં પ્રત્યક્ષ છે એમ બતાવે છે. અરૂપીને રૂપી તરીકે બતાવે છે ! હવે તો હાથવેંતમાં છે એવું લાગે છે. આહા..હા...! અરૂપીને રૂપી તરીકે એનું રૂપ બતાવે છે. રૂપ એટલે સ્વરૂપ. પ્રભુ ! આ બધા જડ આંધળા છે અને રાગ પણ આંધળા (છે) એ તારું સ્વરૂપ નહિ, પ્રભુ ! આહા..હા...! તને રાગમાં શેના હરખ અને હોંશું આવે ? આહા..હા...! એ હરખ અને હોંશમાં પ્રભુ ! તારો આત્મા હણાય જાય છે. આહા..હા...! આવી વાત છે. 'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિનતણી સેવા' જિન એટલે આત્મા, હોં ! આહા..હા...! એ બાર બોલ (પૂરા) થયા. થયા ને ?

તેરમો (બોલ). **'લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે...'** એટલે પાંચે ઇન્દ્રિય આદિ. પાંચ ઇન્દ્રિય, મન-વચન-કાયા (એમ) આઠ, શ્વાસ અને આયુષ્ય. (એમ) દસ પ્રાણ છે ને ? આ..હા...! **'લક્ષણ દ્વારા...'** એવા ઇન્દ્રિય અને મન વગેરેના **'લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી...'** આહા..હા...! અહીં તો અત્યારે 'જીવો, જીવવા દ્યો' એનો પોકાર છે. આ બહારમાં જીવવું (તે). હવે અહીં વિરોધ કરે તો એનો વિરોધ કર્યો કે આ 'જીવો અને જીવવા દ્યો' એનો પણ 'સોનગઢવાળા' વિરોધ કરે છે. પણ સાંભળને પ્રભુ ! તું જે જીવો (કહે છે) એટલે પાંચ ઇન્દ્રિયના વિષયથી, પાંચ ઇન્દ્રિયથી જીવન (માને છે) એ તારું જીવન જ નથી. એ રીતે તું જીવ અને બીજાને જીવવા દે એમ ભગવાનનું વાક્ય છે જ નહિ. એ તો કોનું છે ? ભાઈ ! અંગ્રેજીનું બાઈબલનું છે.

અહીં તો જીવતર શક્તિથી જીવ (એમ કહે છે). પાંચ ઇન્દ્રિય અને મનથી જીવન (જીવે એ) તારા નહિ, નાથ ! આહા..હા...! પાંચ ઇન્દ્રિયો, મન, આયુષ્ય અને શ્વાસ એનાથી પ્રભુ ! તારા જીવન નહિ. એ જીવના જીવન નહિ. આહા..હા...! આવી વાતું છે. એ દિગંબર સંતો સિવાય ક્યાંય મળે એવું નથી. અત્યારે દિગંબરના સાધુ નામ ધરાવનાર પણ ગપ્પાગોળા ઉડાવે. આ કરો ને આ કરો ને આ કરો... આ તો સાચા સંત છે. એ પોકારે છે, જગતને જાહેર કરીને જગાડે છે, જાહેર કરીને જગાડે (છે) નાથ ! તું રાગમાં સૂતો છો એ તારું સ્વરૂપ નહિ. એ રાગનો ભોક્તા થઈને પડ્યો છે પ્રભુ ! એ તારી દશા નહિ, તારું સ્વરૂપ નહિ. આહા..હા...! શું હશે આ ? આહા..હા...!

જેની દૃષ્ટિ પર્યાય ઉપર રાગ ઉપર છે તે તેનો મિથ્યાદૃષ્ટિ ભોક્તા કહેવામાં, જાણવામાં આવે છે. પણ જે આત્મા જે રીતે છે એ પર્યાય કંઈ ખરો આત્મા નથી, ખરો આત્મા તો જ્ઞાયક ચિદાનંદ ચૈતન્ય જ્યોતિ જળહળ જ્યોતિ પરમાત્મ વીતરાગી આનંદનો સાગર

એવો જે ખરો આત્મા એની જેને દૃષ્ટિ થઈ તે આત્મા રાગનો ભોક્તા નથી. એથી (કહે છે કે), એ દૃષ્ટિવંત આત્મા... આ..હા..હા...! (જેમ) વસ્તુ ભોક્તા નથી તેમ એની દૃષ્ટિવંત ભોક્તા નથી. પેલામાં આવ્યું છે ને ? ભાઈ ! ૩૨૦ ગાથામાં. **'दिट्ठी जहेव णाणं'** પછી ત્યાં કીધું કે, જ્ઞાન પણ ત્યાં લેવું. જ્ઞાન તો લેવું પણ ક્ષાયિક જ્ઞાન પણ લેવું. એમાં – ૩૨૦ ત્રણ લીધું છે, ભાઈ ! આહા..હા...! સમજાણું કાંઈ ? શું એની શૈલી ! ગજબ શૈલી !

લોકોનો પોકાર આ (છે), 'મહાવીરનો સંદેશ જીવો, જીવવા દ્યો' એ બધા રાડ્યુ પાડે. અહીં ભગવાન ના પાડે છે કે, એ પાંચ ઇન્દ્રિયથી જીવન અને મનથી જીવન એ તારું સ્વરૂપ જ નથી.

પ્રશ્ન :– બીજાને જીવાડી શકે છે ?

સમાધાન :– બીજાને ત્રણકાળમાં જીવાડી શકે નહિ. પણ આ લોકોને સારું લાગે ને ! આહા..હા...! જીવો અને બીજાને જીવાડો ! બીજાને જીવાડી શકતો નથી. અરે...! વીતરાગી જીવન જીવે એને તું જીવાડી શકતો નથી, એને આપી શકતો નથી. એ કહ્યું નહિ ? 'બંધ અધિકાર'માં ! બંધ અને મોક્ષના પરિણામનો કર્તા તો ઈ છે, એમાં તું શી રીતે એના મોક્ષના પરિણામનો કર્તા થયો ? એ તો વીતરાગ ભાવ ઈ કરે એમાં તું એને મોક્ષ કરાવી દે ? આહા..હા...! અને એ અજ્ઞાનભાવે રાગથી બંધાય એને તું બંધન કરાવી દે ? તારી દૃષ્ટિ પરને બંધન કરાવું અને પરનો મોક્ષ કરાવું એ વિકલ્પ જ જૂઠો છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

આ પર્યુષણના દિવસ છે. આહા..હા...! ચૈતન્યસૂર્ય પરમાત્મા ! એનું જીવન પાંચ ઇન્દ્રિય અને મન ને પ્રાણથી નથી. દ્રવ્યપ્રાણથી તો નથી પણ ભાવપ્રાણથી પણ નથી. આ અશુદ્ધ ભાવપ્રાણ, હોં ! ચૈતન્યના જે ભાવપ્રાણ – જીવતર શક્તિના, જ્ઞાન, દર્શન, આનંદના (પ્રાણ) આવે છે ને પહેલી શક્તિ ? જીવતર શક્તિ એટલે દર્શન, જ્ઞાન, આનંદ અને સત્તા એ એના પ્રાણ છે તેનાથી એ જીવે છે. અરે.. અરે...! સમજાણું કાંઈ ? આવી વાતું છે, ભાઈ ! ઘાણીમાં જેમ તલ પીલાય એમ અનાદિથી રાગ અને વિકારમાં પીલાય ગયો છે, ભાઈ ! એનાથી રહિતની તને ખબરું નથી. એનાથી રહિત તું કોણ છો એની તને ખબર નથી. આહા..હા...!

અહીં એ કહે છે, **'લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે...'** વગેરે એટલે શ્વાસ, આયુષ્ય. પાંચ ઇન્દ્રિય, મન (એમ) છ થયા ને ? અને આયુષ્ય, શ્વાસ, મન-વચન

અને કાયા લેવું. મન-વચન ને કાયા, ઇન્દ્રિયમાં પાંચ (ઇન્દ્રિય એમ) આઠ અને શ્વાસ ને આયુષ્ય. એ રીતે **'મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ...'** એ **'દ્વારા ગ્રહણ...'** એટલે જીવનું **'જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી...'** આહા..હા...! પાંચ ઇન્દ્રિય અને મન-વચન ને કાય એ દસ પ્રાણ તે દ્રવ્યપ્રાણથી એનું જીવન નથી પણ અશુદ્ધ જે એની યોગ્યતાના ભાવપ્રાણ છે (તેનાથી પણ તેનું જીવન નથી). સમજાય છે કાંઈ ? અરે..રે...! જરીક કાંઈ સગવડતા મળે ને જ્યાં (એવું) થયું (એટલે એમ માને કે), આપણે ફાવ્યા ! આપણા છોકરાઓ સારા થયા, પૈસાવાળા થયા. શું છે પ્રભુ તને આ ?

મુમુક્ષુ :– સારા છોકરાને તો સારા જ કહેવાય ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– સારા કે દિ' હતા ? એ..ઈ ! આ છ-સાત હજારનો પગાર, આઠ હજારનો (પગાર લાવે) તો સારા હશે ? આ..હા...! એમાંથી સરકારને કેટલું જાતું હશે અને (પોતાને માટે) કેટલું રહેતું હશે ? આહા..હા...! એ તો પેલા 'અમેરિકા'માં બહુ માણસો જાય છે. લોકોને એમ થાય કે, આહા..હા...! અમારો છોકરો 'અમેરિકા'માં ગયો. પણ શું છે 'અમેરિકા'માં ? એને આઠ હજારનો પગાર, દસ હજારનો પગાર ! હવે ત્યાંના ભંગ્યાને દસ હજારનો પગાર હોય છે. આને ભાન ન મળે ને (એટલે એમ થાય કે) દસ હજારનો પગાર ! પણ એમાં બચે છે કેટલા તને ખબર છે ? અને ત્યાં મજૂરી કરે એટલે એમ થાય. પેલો ભંગ્યો વિષ્ટા લેવા આવે એને દસ હજારનો પગાર (હોય). મોટરમાં લઈને આવે ! એમાં (શું) ? (આને એમ લાગે કે) અમારા દીકરાએ પાંચ વરસમાં પચાસ હજાર પેદા કર્યા, વધાર્ય, આમ છે ને તેમ છે. આહા..હા...! શું છે તને આ ?

અહીં કહે છે, પ્રભુ ! તારું જીવન પ્રાણથી નથી. આ ઇન્દ્રિય અને મનના પ્રાણ. અંદર જે ચૈતન્યપ્રાણ આનંદ ને જ્ઞાનના પ્રાણ છે તેનાથી તારું જીવન છે. આવી વાતું ! આહા..હા...! ભાઈ ! આવી વાતું છે. આહા..હા...! ત્યારે તેં આત્માને જાણ્યો અને ધર્મ તને થયો. આહા..હા...! જેને પાંચ ઇન્દ્રિયના વિષયના રાગના પ્રાણથી અથવા દસ પ્રાણથી જીવન જેનું નથી એવી જેની પરથી દૃષ્ટિ ખસી ગઈ છે... આહા..હા...! અને જેનામાં જ્ઞાન, દર્શન, આનંદ ને સત્તા પ્રાણ છે એનું જે જીવન છે, જીવનું (છે), ત્યાં એની દૃષ્ટિ પડી છે. અરે..રે...! આવી વાતું છે.

સમ્યક્દૃષ્ટિ થતાં આ પાંચ ઇન્દ્રિય અને મનથી મારું જીવન છે એમ ઈ માનતો નથી. સમજાણું કાંઈ ? અહીં તો (કહે છે) આત્મા (તો) એ નથી એનો અર્થ (કે) જેની દૃષ્ટિ

આત્માની થઈ એને પણ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વ્યાખ્યા ! પેલું (સહેલું હતું) દયા પાળો. દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ. સ્થાનકવાસીમાં એ (બોલે). અમારા 'હીરાજી મહારાજ'(ને) કષાય ઘણા મંદ હતા, શાંત (હતા) પણ આ કહે, કોઈ પ્રાણીને ન હણો એ આખા સિદ્ધાંતનો સાર છે. એમ કહેતા. એ જેણે જાણ્યું એણે બધું જાણ્યું એમ કહેતા. આહા..હા...! બહુ મંદ કષાય (હતો), સ્થાનકવાસી સાધુ કહેવાય, એને માટે આહાર-પાણી (કર્યા હોય) એ લેતા નહિ. અત્યારે તો આ દિગંબર જૈન સાધુ તો એના માટે ચોકા કરીને આ બધા શેઠિયાઓ આપે અને બોલે જૂઠું ! ભાઈ ! આહાર અને પાણી એના માટે બનાવે અને વોરવા વખતે કહે કે, આહાર શુદ્ધ, મન શુદ્ધ, વચન શુદ્ધ... તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... ગપ્પેગપ્પા બધા ! આ શેઠિયાઓએ તો એવું બધું કર્યું હશે ને ? એને ખબર છે. આહા..હા...!

અમારે સંપ્રદાયના ગુરુજી હતા. અમારા જે સંપ્રદાયના ગુરુ હતા એ તો ગામડામાં સ્થાનકવાસીના પાંચ-છ ઘર હોય ત્યાં જાય, સાડા નવ પહેલા જાય નહિ, બહાર બેસે કારણ કે ત્યાં જાશું અને મારા માટે બનાવશે તો ? લોટ બંધાય ગયેલો હોય, દાળ-ભાત થઈ ગયા હોય અને રોટલી કરતા હોય ત્યાં લગભગ પોગે. જે હોય ઈ લઈ લ્યે. એવા હતા. પણ દૃષ્ટિ મિથ્યાત્વ. એ ક્રિયા એ ધર્મ (એમ માનતા). આહા..હા...! આહા..હા...! શું થાય ? એને તો કાને પણ નહિ પડેલું કે, આત્મા પરની દયા ન પાળી શકે એ શબ્દ કાને નહિ પડેલો. આહા..હા...! 'બોટાદ'વાળો (એક જણો) પૂછતો હતો. 'હિરાજી મહારાજ' ક્યાં કાળ (પામી) ગયા ? ત્યાં 'બોટાદ'માં (કોઈક) પૂછતા હશે. મેં કીધું, કાળ તો રસ્તામાં કરી ગયા. 'ખેરાળી'થી 'કૅમ્પ' વચ્ચે (કાળ કરી ગયા). પણ 'કૅમ્પ'ના પુલ હેઠે ભાળ્યા હતા. (સંવત) ૧૯૭૪ના ચૈત્ર વદ ૮, ભાળ્યા ૯. રસ્તામાં મરી ગયા ૮. ૧૯૭૪ના ચૈત્ર વદ ૯. રસ્તામાં ચાલીને પાંચ ગાઉ જાવું હતું, બે ગાઉ ચાલ્યા હતા ત્યાં ડચુરો ચડ્યો. એક સાધુ હતા (ઈ) મોઢા આગળ ચાલ્યા ગયા અને એક સાથે હતા. એને કહે કે, 'તમે જાવ, હું આવું છું.' ઈ જ્યાં જાય છે ત્યાં અહીં દેહ છૂટી જાય છે. ડચુરો ચડ્યો. થોડીવાર (શરીર) આમ પડ્યું રહ્યું. આહા..હા...! પછી 'મોહનલાલજી' હતા એને મોકલ્યા (કે), 'હિરાજી મહારાજ' કાળ પામી ગયા. ઈ આવ્યા ત્યારે મડદું પડ્યું હતું. મડદાને ઉપાડીને એક બાજુ ઝાડ તળે દૂર રાખ્યું. (સંવત) ૧૯૭૪ના ચૈત્ર વદ ૯ની વાત છે. આઠમે ગુજરી ગયા. આ..હા...! પણ આ ધર્મની દૃષ્ટિ (કે), પર જીવને ન મારવો એ આખા સિદ્ધાંતનો સાર છે ! આ જીવને

રાગથી ન મારવો ઈ સિદ્ધાંતનો સાર છે. આહા..હા...! બધી વાતમાં ફેર બહુ !

**'લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે...'** એટલે વચન, કાયા, શ્વાસ, આયુષ્ય વગેરે **'લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું...'** એવા પાંચ ઇન્દ્રિયના નવ પ્રાણથી જીવનું ધારી રાખવું તે **'જેને નથી...'** આહા..હા...! જડ દસ પ્રાણને ધારવા એ પણ જેમાં નથી અને ભાવપ્રાણ જે છે – અશુદ્ધ ભાવપ્રાણ, કારણ કે પેલા તો જડ છે પણ એની યોગ્યતા તો જીવમાં છે ને ? એ યોગ્યતાથી જીવવું એ જીવનું જીવન નથી. બહારના દસ જડ પ્રાણથી જીવવું એ તો જીવનું જીવન નથી પણ જે અશુદ્ધ ભાવપ્રાણ (છે) એટલે કે ઇન્દ્રિયો જે દ્રવ્યેન્દ્રિય છે (એનાથી) તો જીવવું નથી પણ ભાવઇન્દ્રિયથી પણ જેનું જીવન નથી. ભાવઇન્દ્રિય પણ પ્રાણ છે. આ..હા..હા..હા...! બહુ સમાડ્યું છે ! અલિંગગ્રહણમાં હથેળીમાં જેમ આમળો દેખાડે એમ આત્મા દેખાડ્યો છે !! પ્રભુ ! તું આ છોને ! ત્યાં જાને ! તારી નજરું ત્યાં કર ને ! ભગવાન બિરાજે છે. દસ પ્રાણે જીવે ઈ એનું જીવન નથી. એનું જીવન તો જીવતર શક્તિથી જીવે તે એનું જીવન છે. આહા..હા...! એ તો જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા, શાંતિના પ્રાણે પર્યાયે જીવે તે તેનું જીવન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાત માણસને સાંભળવા મળે નહિ અને અહીં છે તો (બૂમ પાડે છે કે), એ... એ તો નિશ્ચયાભાસ છે. એમ કરે (છે).

અશુદ્ધ ભાવપ્રાણ છે તેનાથી જીવન જીવવું એ તો મિથ્યાદૃષ્ટિ માને છે. સમ્યક્દૃષ્ટિ એમ માનતો નથી. એ તો કહે છે કે, હું જડ દ્રવ્યપ્રાણ અને યોગ્યતાના અશુદ્ધ ભાવપ્રાણનું જીવન એ મારું જીવન નથી. આહા..હા...! મારું જીવન જીવના સ્વભાવનું સ્વભાવથી જીવવું (એ છે). જ્ઞાનથી, દર્શનથી, આનંદથી, શાંતિથી, સ્વચ્છતાથી, પ્રભુતાથી એવી પર્યાયને પ્રગટ કરીને જીવવું એ મારું જીવન છે. આહા..હા...! શું થાય ?

અરે...! પ્રભુના વિરહ પડ્યા, પરમાત્મા રહી ગયા ત્યાં અને અહીં ગોથા ખાધા. સત્ય વાત જ્યાં આવી ત્યાં કહે, એ... એ તો નિશ્ચયાભાસી છે, ઈ મિથ્યાદૃષ્ટિ છે. એમ કહે. 'કરુણાદીપ'માં બહુ આવે છે, બહુ વિરોધ, ઘણો વિરોધ ! ભાઈ ! તને ખબર નથી, બાપુ ! તું કોનો વિરોધ કરે છે અને શેનો તું વિરોધ કરે છે ? ભાઈ ! પ્રભુ ! તારો વિરોધ તું કરે છે. આહા..હા...!

અહીં તો (કહે છે), જડ વ્યવહારપ્રાણ – આ દ્રવ્યેન્દ્રિય, આયુષ્ય અને અશુદ્ધ નિશ્ચયપ્રાણ (અર્થાત્) પ્રાણની પાંચ ઇન્દ્રિયની યોગ્યતા, મન-વચન-કાયાની યોગ્યતા, શ્વાસ આવે એની

યોગ્યતા, આયુષ્યની યોગ્યતા પ્રમાણે રહેવું, આયુષ્યને કારણે નહિ, તેટલું રહેવાની પોતાની યોગ્યતા. એ પ્રાણથી જીવવું એ જીવનું જીવન નથી. આહા..હા...!

**'જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી...'** આ..હા..હા...! ભગવાનઆત્માને પાંચ ઇન્દ્રિય ને ત્રણ મન-વચન-કાયા ને શ્વાસ, આયુની યોગ્યતાથી અને તેના જડથી જીવન જેને નથી. આહા..હા...! એ તો ચૈતન્યના શુદ્ધ ભાવપ્રાણ... આ..હા...! નિશ્ચય શુદ્ધ જ્ઞાન, આનંદ, શાંતિ એવા જે ભાવપ્રાણ – શુદ્ધ ભાવપ્રાણ તેનાથી તેના જીવન છે. આહા..હા...! આહા..હા...! કેટલું આમાં સમાડ્યું છે ! પૂરી વાત તો નીકળવી (મુશ્કેલ પડે) એટલું બધું સમાડ્યું છે !! ઓ..હો..હો...!

પાંચ ઇન્દ્રિય, મન-વચન-કાયા, શ્વાસ અને આયુષ્ય. એને 'જીવો અને જીવવા દ્યો' લોકો ઈ પોકારે છે અને 'મહાવીરનું વચન' એમ કહે છે. અહીં તો પરમાત્માનું એ વચન નથી પણ સંતોની પણ એ વાણી નથી. આહા..હા...! સંતોની એ વાણી છે કે, એ જીવનનું જીવન તારું નથી. આહા..હા...! અત્યારે બધે પોકારે છે ને ? 'મહાવીરનો સંદેશ' ! રથ ચાલતો હોય ને ? (એમાં પોકારે). આ શેઠિયા તો ત્યાંના પ્રમુખ છે એટલે બધું કર્યું હોય ને ? આહા..હા...!

(એક ભાઈ) હતા. તે અઠ્ઠમના પારણા કરતા. ઈ ગુજરી ગયા. ગુજરી ગયા ને બહારમાં અઠ્ઠમના પારણા કરતા (એટલે) આબરુ મોટી હતી અને હું ત્યાં હાજર હતો. રાતે લગભગ સ્થિતિ એવી થઈ, હું સૂતો હતો (મને એમ થયું કે) આને છૂટવાનું ટાણું છે. બે જણા હતા. નીચે ગાંધી છે, ગાંધીને કહેવડાવ્યું કે, (આમની) દેહ છૂટવાની તૈયારી છે. આહા..હા...! ઈ પ્રાણ છૂટ્યા પણ અંદરના પ્રાણ છૂટતા નથી એની ખબર નથી. મારે તો બીજું કહેવું છે. એની જ્યારે પાલખી નીકળી, આબરુ મોટી હતી ને ? આ તો (સંવત) ૧૯૮૧ના માગશર વદ ત્રીજની વાત છે અને હું (ત્યાં) હતો ખરો ને ! એટલે ગૃહસ્થોની દીકરીઓને દીકરો ન થાય એ હેઠેથી નીકળે ! પાલખી હેઠે (નીકળે), પણ એલા તમે મૂર્તિને ન માનનારા આ શું કરો છો ? (એ પાલખીની) હેઠે નીકળે. 'ચૂડા'વાળી એક બાઈ હતી. વાંઝણી હતી, કાંઈ છોકરું નહોતું. ઈ બાઈને છોકરું નહિ. પાલખી ઉપાડી, બહુ માન હતું. અઠ્ઠમ-અઠ્ઠમના પારણા કરતાં દેહ છૂટ્યો (એટલે એની હેઠેથી) નીકળે. પણ શું છે ? દીકરો થાય ! અર..ર..ર...! આવી ભ્રમણા ! આવું મિથ્યાદષ્ટિપણું અને (કહે) અમે જૈન છીએ !! આહા..હા...!

અહીં તો કહે છે, રાગ થાય અને દસ પ્રાણે જીવે એ એના જીવન નહિ. એ આત્માનું

જીવન નહિ, પ્રભુ ! આહા..હા...! એ તો પર્યાયદૃષ્ટિવાળો દ્રવ્યદૃષ્ટિ છોડનારો મિથ્યાદૃષ્ટિ દસ પ્રાણે જીવું (છું) એમ માનનારો છે. આહા..હા...!

'રાંદલપુર' ત્યાંના એક ગૃહસ્થ હતા. આ તો ઘણા વખતની વાત છે. દીકરી 'ચૂડા'ની હતી. હેઠેથી નીકળે. અંદર કો'કે વાત કરી કે, હેઠેથી નીકળે છે. હું અપાસરામાં હતો.

મુમુક્ષુ :– તાજીયાની હેઠેથી નીકળે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તાજીયાને પાણી નાખતા, અમને તો ખબર છે. સ્થાનકવાસી બાયું તાજીયાનો દિવસ હોય, તાજીયો સમજાય છે ? તાબુચ. ત્યાં પાણી નાખે. બેડા ભરીને પાણી નાખવા જતા. કાંઈ ખબરું ન મળે. તાબુચ પાસે પાણી નાખે. પેલી ધૂળ ઊડે નહિ ને (એટલે). પછી (ત્યાં) જાય અને તાબુચને પગે લાગે. અર..ર..ર...! અરે..રે...!

અહીં તો એ વાત તો બહુ સ્થૂળ મિથ્યાત્વ છે પણ દસ પ્રાણથી હું જીવું છું એ પણ મિથ્યાત્વ ભાવ છે. આહા..હા...! મારો પ્રભુ તો જ્ઞાન, દર્શન ને આનંદથી જીવનારો તે આ (જડ) પ્રાણથી જીવે ઈ કેમ બને ? આહા..હા...! ભાઈ ! આવી વાતું ત્યાં ક્યાંય સાંભળી હતી ? શ્વેતાંબર હતા ને ? આહા..હા...!

શું કહ્યું ? આહા..હા...! છે ને ? **'જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગગ્રહણ છે;...'** અલિંગ – લિંગ એટલે જીવન. જે પાંચ પ્રાણ ને ભાવપ્રાણથી જીવવું નહિ એ લિંગ છે. એ લિંગથી જીવન નહિ તે અલિંગ છે. આહા..હા...! ભાવ અને જડ દસ પ્રાણ તે લિંગ છે. તેનાથી જીવવું નથી તે અલિંગગ્રહણ છે. આહા..હા...! આવો વીતરાગ માર્ગ એને સાંભળવા ન મળે એ બિચારા ક્યાં જાય ? એમને એમ સંસારમાં ડૂબી મરે અને ચાર ગતિ થાય. આહા..હા...!

**'આ રીતે આત્મા...'** શું કહે છે હવે ? **'શુક્ર...'** નામ વીર્ય. **'આર્તવ...'** નામ લોહી, ઋતુ. સ્ત્રીનું લોહી અને પુરુષનું વીર્ય. એ **'શુક્ર અને આર્તવને અનુવિધાયી (–અનુસરીને થનારો) નથી...'** એને અનુસરીને થનારો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા ! પિતાજીનું વીર્ય અને માતાનું લોહી – ઋતુ, બે થઈને શરીર થાય છે ને અંદર ? એ રીતે એના જીવન નથી (એમ) કહે છે. આહા..હા...! આ..હા..હા...!

તીર્થંકર જેવો આત્મા, એ જ્યારે જન્મતો હશે, છતાં તેને ક્ષાયિક સમકિત અને ત્રણ જ્ઞાન (હોય) ! એનાં મા-બાપને તો પહેલાં સોળ સપના આવે. એની માને સપના આવે (અને) એના ધણીને પૂછે (કે આનું ફળ) શું છે ? તો કહે, અરે...! તીર્થંકરનો જીવ આવ્યો

છે ! એના પિતા વાત કરે. એ આવ્યો છે ત્યારથી એને એમ થઈ જાય કે, આ..હા..હા...! ભગવાન તીર્થંકરનો આત્મા છે !! એ ત્યાં આગળ પણ પ્રાણ(થી ત્યાં જીવે છે એવી દૃષ્ટિ નથી. સમકિત છે ને ? ત્રણ જ્ઞાનના ધણી છે. મતિ-શ્રુત અને અવધિ (ત્રણ જ્ઞાન લઈને આવ્યા છે). આહા..હા...! માતાના પેટમાં પણ તે તેના આયુષ્ય અને પ્રાણ જે ઇન્દ્રિય આદિથી જીવન (છે) એમ માનતા નથી. આહા..હા...! કેમકે દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે. માતાના પેટમાં હોવા છતાં ઈ પેટમાં છે જ નહિ. ઈ તો એના આત્મામાં છે. આ..હા...! એને શરીરનો પણ સ્પર્શ નથી તો માતાના પેટનો સ્પર્શ તો ક્યાંથી આવ્યો ? આવી વાતું ભારે આકરી ! અને આમ જન્મતા હશે ત્યારે (હરખ ન માય કે) તીર્થંકરનો આત્મા છે ! અને વૈરાગ્યની મૂર્તિ ! અને ગંભીર.. ગંભીર.. ગંભીર... બાળક (છે તોપણ) ગંભીર...! એટલી ગંભીરતા તો લઈને આવ્યા છે. જેના શરીરમાં એની ગંભીરતા દેખાય. જેમ વૃદ્ધ માણસ ઘણો ઠરી ગયેલો હોય એવું જ એનું શરીર પહેલેથી ઠરી ગયેલા એ વૃદ્ધ જેવું દેખાય. આહા..હા...! ચપળાઈ જેને ન દેખાય. એ સમ્યક્દૃષ્ટિ છે એટલે આ મારું જીવન છે એમ એ અંદર જાણતા નથી. આ..હા..હા...! ભાઈ ! આવી વાતું છે, બાપુ !

એ લોહી અને વીર્યને અનુસરીને થનારો નથી. લોહી અને વીર્યથી તો થનારું શરીર છે, એ તો જડ છે. આહા..હા...! ભગવાનઆત્મા એ લોહી અને વીર્યથી થનારો નથી. લોહી અને વીર્યથી થનારું તો જડ માટી, ધૂળ શરીર છે. આહા..હા...! એ માતાના પેટમાં પણ પછી એના અવયવો થાય. શરૂઆતમાં લોહી અને વીર્યનું બિંદુ હોય. એમાં આત્મા આવે ! આહા..હા...! પછી ક્રમે ક્રમે ક્રમે ઇન્દ્રિયોના બધા અવયવો થાય. અરે...! છતાં તે સમ્યક્દૃષ્ટિ છે... આહા..હા...! ત્યાં પણ એના ધ્રુવનું ધ્યેય ખસતું નથી !! આહા..હા...! આવી વાતું છે ! તેથી આ જીવન મારું છે એમ એ માનતા નથી. આહા..હા...! શરીરથી અને ઇન્દ્રિયથી જીવવું છે એમ એ માનતા નથી. એ બાળકપણે (પણ) માનતા નથી, અરે...! પેટમાં હોય તોપણ માનતા નથી, કહે છે. આહા..હા...!

શુક્ર અને લોહીથી અનુવિધાયી (એટલે) અનુસરીને થનારું તો શરીર છે. એનાથી થનારો પ્રભુ નથી. આહા..હા...! સંતોએ તો ખુલ્લી વાતું કરી છે. એને ક્યાં જગતની પડી છે ? આ..હા...! પિતાનું વીર્ય અને માતાનું લોહી – આર્ત બે થઈને શરીર ઊપજે છે. ભગવાનઆત્મા બેથી ઊપજતો નથી. આહા..હા...! સંતોને સત્ય કહેવામાં ક્યાં (શરમ) છે ? કે, આ વીર્ય અને લોહી તમે શું બોલો છો ? સાંભળને ! અમે વીતરાગી સંત છીએ, મુનિ છીએ. અમે

સત્ય વાતને પ્રસિદ્ધ કરીએ (છીએ). અમને એમાં રાગ નથી. આહા..હા...!

વીર્ય અને લોહીને અનુસરીને થનારું શરીર તે હું નથી. એને અનુસરીને હું થતો નથી. આહા..હા...! હું તો આત્મા આનંદ અને જ્ઞાનને અનુસરીને થનારી દશાવાળો છું. આહા..હા...! પેટમાં પણ ભગવાન સમકિતી આમ જાણે છે. ભલે આમ ખુલ્લી વાત ન હોય પણ અવ્યક્તપણે એની આ સ્થિતિ છે. આહા..હા...! માતાનો ખોરાક આવે માટે એનાથી હું જીવું છું, નાભિથી આંતરમાં રસ ચડે છે એ મારા જીવન નહિ. એ રીતે હું થનારો નહિ, એ રીતે હું ઊપજનારો નહિ. આહા..હા...! જુઓ ! સમ્યક્દૃષ્ટિની દ્રવ્યદૃષ્ટિ ! એ દ્રવ્યદૃષ્ટિએ જીવનારો તે હું. આનંદ અને જ્ઞાને જીવનારો, પણ આ જીવને જીવનાર એ હું નહિ. આહા..હા...! છે ?

**‘(–અનુસરીને થનારો) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.’** અલિંગગ્રહણમાં આવા ભાવની પ્રાપ્તિ થાય છે. આવો ભાવ એમાં છે એમ કહે છે. અલિંગગ્રહણ એક જ શબ્દ છે પણ એમાં આવા ભાવો ભરેલા છે. આવા અર્થની પ્રાપ્તિ થાય છે.

વિશેષ કહેશું...

## ભાદરવા સુદ ૭, બુધવાર તા. ૨૯-૦૮-૧૯૭૯
## ગાથા – ૧૭૨
## પ્રવચન નંબર–૧૮૦

('પ્રવચનસાર' ૧૭૨ ગાથા). (ચૌદમો બોલ). **'લિંગનું એટલે કે મેહનાકારનું...'** (અર્થાત્) આ પુરુષનું જે લિંગ છે કે સ્ત્રીનું જે લિંગ છે એ તો જડ છે. આહા..હા...! એ પુરુષા આદિ છે ને ? એમાં સ્ત્રી, નપુંસક બધા લેવા. એની જે ઇન્દ્રિય આદિનો આકાર (છે). આહા..હા...! શરીરની ઇન્દ્રિયનો ભાગ કઠણ થાય એ બધી જડની ક્રિયા છે. આહા..હા...! અજ્ઞાની એને 'એ ક્રિયા મારી છે' એમ માનીને જડને પોતાનું માને છે. આવી વાત છે, ભાઈ ! આહા..હા...!

જેમ ક્રોધ થતાં શરીરની સ્થિતિ લાલ આદિ થાય એ તો જડની દશા છે. એ ક્રોધનો પણ કર્તા અને શરીર લાલ થયું એનો પણ કર્તા (છું) એમ માને છે તે મિથ્યાદર્શન છે. આહા..હા...! એ હાસ્યાદિ ભાવ થતાં મોઢું પ્રફુલ્લતા આદિ થાય એ તો જડની ક્રિયા છે. આહા..હા...! એ જડની ક્રિયા મેં કરી અને એ ક્રિયા મારી છે, એ અજીવને જીવ માન્યો એ મિથ્યાત્વ છે. આહા..હા...! આવી વાત છે. શરીરમાં રોગ થતાં એ તો જડની દશા છે. ક્ષુધા, તૃષા થતાં એ પણ જડની દશા છે. શીત, ઉષ્ણ, ઠંડું, ગરમ અવસ્થા (થાય) એ પણ જડની અવસ્થા છે.

એમ આ પુરુષનું લિંગ કઠણ થાવું એ પણ જડની દશા છે. અરે..રે...! આહા..હા...! આકરું કામ, ભાઈ ! અજ્ઞાની મેહનાકાર જે વિષયનું લિંગ છે તે આકારનું **'ગ્રહણ જેને નથી...'** આહા..હા...! જડની ક્રિયા આત્માએ ગ્રહી નથી અને કરી નથી. એ લિંગ નામ શરીરનો આકાર – અલિંગ એને આત્માએ ગ્રહ્યો નથી (એવો એ) અલિંગગ્રહણ છે. આવી વાતું છે ! ઝીણી વાત, બાપુ ! આહા..હા...! મેં હાથથી સ્પર્શ્યો, જીભથી ચાખ્યું, આંખથી

જોયું, કાનથી સાંભળ્યું એ બધી પરાધીન દશા (છે) પોતાની માને છે. આહા..હા...! આ તો માટીની અવસ્થા છે. આ તો શરીર પરિણામને પ્રાપ્ત થયેલી છે. એ વડે કરીને મેં ચાખ્યું, જોયું, સાંભળ્યું એ બધી ક્રિયા જડની (છે). આહા..હા...! એ મેં કરી એ મિથ્યાત્વ ભાવ છે. જેને ચૈતન્ય સ્વભાવ જ્ઞાયક છે એવી દૃષ્ટિ થઈ નથી તેને આ ક્રિયાનું પોતાપણું માનવું (થતું) નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઝીણી વાત બહુ, ભાઈ !

પરની દયા પાળી શકતો નથી પણ પરની દયા પાળવાની શરીરની જે બચાવવાની ક્રિયા થાય (દા.ત.) પાણીમાં માખી પડી છે તો હાથની ક્રિયા પણ હું કરું છું અને એને બચાવવાની ક્રિયા પણ મારી છે (એમ અજ્ઞાની માને છે). ઝીણી વાત બહુ, ભાઈ ! અરે...! અનાદિનો રખડતો (આવ્યો છે). એમ શરીર વડે દીકરા, દીકરીયું થાય એ મારાથી થયા (એમ માને છે). આહા..હા...! આકરું કામ છે.

અહીં કહે છે, **'મેહનાકાર...'** આહા..હા...! લૌકિક સાધન – એ ઇન્દ્રિય છે એ લૌકિકસાધન (છે). આહા..હા...! એ મારાથી થાય છે... આહા..હા...! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! એ લિંગની કઠણ દશાને કેમ કરે ? જડની દશાને (કેમ કરે) ? આવી વાતું છે.

ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં એ ભાષા છે. ભાષાને આત્મા કેમ કરે ? ઝીણું છે, ભાઈ ! અરે...! એણે અનંતકાળમાં પોતાનું સ્વરૂપ જ્ઞાયક એ તો જાણનાર છે, રાગ અને પરનું કરનાર એનું સ્વરૂપ નથી (એને જાણ્યું નથી). શરીરના અવયવ વડે દીકરા થયા, આ મારી દીકરીયું થઈ... આહા..હા...! પણ એ શરીરનો જે અવયવ છે એ ક્રિયા તારી નથી (તો પછી) એનાથી મારા દીકરા થયા, દીકરીયું થઈ (એ ક્યાં આવ્યું) ? અરે..રે...! આકરું કામ બહુ, ભાઈ ! અરે..રે...! વીતરાગસ્વરૂપી ભગવાનઆત્મા ! એનું પરમાં કાર્ય કરી શકતો નથી. એને બીજા કાર્ય કરું એમ મનાવવું (એ મિથ્યા ભ્રાંતિ છે). આહા..હા...!

સવારમાં તો આવ્યું નહોતું ? સંયોગો ઘણા હોય છતાં એ બંધનું કારણ નથી. આહા..હા...! એમ શરીરનો અવયવ જે કઠણ થાય એ બંધનું કારણ નથી. એ આત્માથી થયો નથી. ભાઈ ! આ તો વીતરાગ માર્ગ છે, બાપુ ! આહા..હા...! ભગવાનઆત્મા ! જાણક સ્વભાવી આત્મા ! એ આ જડની ક્રિયા કરે એમ માનવું અને તે જડના પરમાણુની તે સમયે તે પર્યાય જડમાં ઉત્પન્ન થવાનો એનો કાળ છે. આહા..હા...! આકરું કામ બહુ ! સમજાય છે કાંઈ ? આ તો અજીવ છે. અજીવની આ ક્રિયા દેખીને મારી (ક્રિયા) થાય છે (એમ અજ્ઞાની માને છે).

પ્રશ્ન :– પ્રેરણા તો કરે ને ?

સમાધાન :– પ્રેરણા શું કરે ? પ્રેરણા કરે તો તો કર્તા થઈ ગયો. આહા..હા...! પક્ષઘાત થાય છે ત્યારે ઘણી પ્રેરણા કરે છે છતાં થતું નથી. કેમકે એની જડની ક્રિયા છે તે ત્યાં થવાની નથી. આહા..હા...! આ હોઠ હલે છે... પ્રભુ ! ઝીણી વાતું બહુ ! ઈ આ પરમાણની પર્યાય હલે છે, આમ આમ થાય છે. એ આત્માથી નહિ. આહા..હા...!

મુમુક્ષુ :– જીવ હોય તો થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ વાત જ જૂઠી છે. જીવ હોય તો જીવની પર્યાય થાય. જીવ હોય તો જડની થાય એવું કોણે કહ્યું ? સમજાણું કાંઈ ? જીવ હોય તો કાં અજ્ઞાનભાવે રાગ-દ્વેષને કરે ઈ એનામાં થાય અને જ્ઞાનભાવે જ્ઞાન કરે ઈ એનામાં થાય પણ જીવ છે માટે શરીર ચાલે અને બોલે છે (એમ નથી). આહા..હા...! બહુ ઝીણું ! આ તો અમે આટલા દીકરા કર્યા અને અમારા દીકરા ને આ મારી દીકરી (માને છે). બે જોડિયા આવે તો કોને રાજ આપવું એ મુશ્કેલ પડે, વિચારવું પડે. આવ્યું છે તો જડને કારણે. પહેલો આવ્યો હોય ઈ મોટો અને પાછળ આવ્યો હોય ઈ નાનો. સિદ્ધાંત પ્રમાણે તો પાછળ આવ્યો છે ઈ મોટો છે. કારણ કે પહેલો ઈ ત્યાં ઊપજ્યો છે. આ જડની પર્યાય પણ એની એનાથી થઈ છે. આહા..હા...!

ઈ કાલે કહ્યું હતું ને ? ભાઈ ! રાજનું કાંઈક (એક ભાઈ) કાલે વાત કરતા હતા. રાજમાં કુંભાર નાના મોટા હતા. એમાં પહેલો આવ્યો (ઈ) કહે હું મોટો, પાછળ આવ્યો ઈ કહે, હું મોટો. રાજ કોને દેવું ? એવી વાત કરી હતી. આહા..હા...! એ વાત થઈ હતી. કંઈક હતી ખરી, સાંભળી છે. આ તો એકવાર સાંભળ્યું હોય એ કાંઈ અંદરથી (જાય નહિ). આહા..હા...!

આ હાસ્યનો ભાવ થાય. એનો એ કર્તા થાય તો તે પણ અજ્ઞાની છે. આહા..હા...! અને હાસ્યને કાળે શરીર, મોઢું પ્રફુલ્લિત થાય એ તો જડની ક્રિયા છે. પાંપણ ઊંચી થાય એ જડની ક્રિયા છે. આત્માથી પાંપણ ઊંચી થાય (એ) ત્રણકાળમાં નથી. આહા..હા...! આમ થાય, આમ થાય એ તો જડની ક્રિયા છે. વીતરાગ માર્ગ બહુ જુદો, બાપા ! આહા..હા...! જીવની જાતને અજીવના કામ માનવા એ જન્મ-મરણ કરવાના ઉપાય છે, મિથ્યાત્વ (છે). આહા..હા...!

પેલામાં પણ આવે છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં, ભાઈ ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો ચોથો

અધ્યાય. મિથ્યાદર્શનની ક્રિયાનું વર્ણન છે ને ત્યાં ? 'લિંગકાઠિણ્યાદિ' શબ્દ છે. લિંગ એટલે શરીરની ઇન્દ્રિયનો જે અવયવ એ કઠણ થાય એ ક્રિયા જડની છે, આત્માની નહિ. અર..ર...! આવી વાતું ! એણે અજ્ઞાનભાવે એ રાગ કર્યો એ રાગનું નિમિત્ત છે અને શરીરની ક્રિયા તો સ્વતંત્ર થાય છે. નિમિત્તનો અર્થ કે એનાથી થયું નથી. આ..હા..હા..હા...! આવું છે.

સંતો વીતરાગી મુનિ છે એને કંઈ કહેવામાં (બાધ નથી). આવી વિષયની વાસના થાય અને લિંગ કઠણ થાય એ તારું કાર્ય નહિ, ઈ મુનિ સિવાય કોણ કહે ? આહા..હા...! જેને જગતની કાંઈ પડી નથી. આહા..હા...! જેને સત્ય છે તે અનુભવાણું છે હવે એને કોઈ પણ રીતે, કેમ બોલવું, ભાષા એવી (કરવી) એવું એને કંઈ છે નહિ. આહા..હા...! બહુ ઝીણી વાતું !

મુમુક્ષુ :– જૈનધર્મનો જય બોલાવે, જોરથી જય બોલાવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ વાત જ ખોટી છે. જોરથી બોલો ! કોણ બોલે ? ધીમેથી બોલો ! કોણ બોલે ? પ્રભુ ! ભાષાની પર્યાય કાળે ભાષા થાય એને તું કેમ કર ? આહા..હા...! જોરથી બોલો એ બધા ભાષા-વ્યવહાર છે. આહા..હા...! તાણીને બોલો (તો) મને કાંઈક સમજાય. એટલે કે એ શબ્દો ભલે એમ કહેવાય પણ તાણીને બોલવું એ જીવની ક્રિયા નથી. પ્રભુ ! આ બહુ કઠણ વાત, ભાઈ !

આહા..હા...! આ નાકનું કઠણ થવું એ જડની ક્રિયા છે. એ તો પરમાણુ માટીની તે સમયે તે ઉત્પન્ન થવાના ઉત્પાદનો કાળ છે. એ જડના કાર્ય (થાય) એ આત્માને લઈને નહિ. આહા..હા...! આ જીભનો લવો હલાવવો (એ જડનું કાર્ય છે). ભાઈ ! આવું ક્યાંય સાંભળ્યું નથી. આ તો માટી છે. માટી જડ અજીવ છે. એ આમ આમ થાય છે એ તો અજીવની ક્રિયા છે. મારાથી ત્યાં સ્વાદ લેવાય છે, જીભ દ્વારા હું સ્વાદ લઉં છું (એમ માનવું) પ્રભુ ! મોટી ભૂલ છે, હોં ! આહા..હા...! જડ દ્વારા હું પરનો સ્વાદ લઉં છું... આહા..હા...! બહુ માર્ગ (ઝીણો). અલિંગગ્રહણમાંથી કાઢ્યું જુઓને ! એક અર્થ નહિ એવા વીસ અર્થ કાઢ્યા ! આહા..હા...! આ તો ચૌદમો બોલ આવ્યો છે ને ?

આ..હા..હા...! ભગવાન તું ચૈતન્ય છો ને પ્રભુ ! અને તે તારો સ્વભાવ તો જાણક જ્ઞાયકભાવ છે ને પ્રભુ ! એ જ્ઞાયકભાવમાં જાણવા-દેખવાનું કાર્ય કરે. એ પણ ઉપચારથી છે. જાણવા-દેખવાનું કાર્ય અને કર્તા આત્મા (છે એમ કહેવું) એ પણ વ્યવહારનો ઉપચાર છે. આ..હા..હા...! અરે... પ્રભુ ! આ..હા...! અહીં તો જડની ક્રિયાથી ભિન્ન પડીને મરી

ગયો. હું એનો કર્તા છું નહિ, ઈ ક્રિયા જડની છે. આહા..હા...!

દુકાનમાં બેઠો હોય, આમ કાપડ વેચતો હોય. આહા..હા...! કાલે વાત ન કરી ? ૩૬ વર્ષનો છોકરો ! એકદમ પાણી આવ્યું. સાડા ત્રણે દુકાન ઉઘાડી, ત્યાં પાણી આવ્યું તો એક મિનિટમાં એક ફૂટ, બે મિનિટમાં બે ફૂટ, આઠ મિનિટમાં આઠ ફૂટ (આવ્યું). હવે (એમાં) ચાલવું શી રીતે ? એકદમ પાઈપ ફૂટીને ગારો લઈને બધું પાણી આવ્યું. ગારો... ગારો... ગારો... આટલું પાણી એમાં ચાલે શી રીતે ? બહાર નીકળવું અને ઉપર ચડવાનો વખત ક્યાં મળે ? આહા..હા...! એ ક્રિયા ન બની શકે, કહે છે. અને થાય તો તે જડને કારણે ચાલવાની ક્રિયા થાય છે. આહા..હા...! પાણીનું જોર આવ્યું માટે ચાલી શક્યો નથી એમ નથી. એ ચાલવાની જડની ક્રિયા ત્યાં થવાની નહોતી. આ..હા..હા...! આકરી વાત બહુ !

અહીં ચૌદમા બોલની અંદર તો ઓ..હો..હો..હો...! સંતો વીતરાગી મુનિ છે એને શું છે ? કહે છે કે, પ્રભુ ! તારી જે ઇન્દ્રિય છે – પુરુષની અને સ્ત્રીની ઇન્દ્રિયને એને પ્રફુલ્લિત કરવી કે કઠણ કરવી... આહા..હા...! એ પ્રભુ તારો અધિકાર નથી, હોં ! આહા..હા...! એને – સંતોને ક્યાં પડી છે ? વીતરાગી મુનિ છે. સત્ય છે તેને જાહેર કરે છે. આહા..હા...! આ..હા..હા...!

અરે...! એને ખબર પણ નથી કે, આ શું જડનું કાર્ય થાય છે ? મારાથી નહિ. એમ ખબર પણ નથી અને એમ કહે કે, અમે પરની દયા પાળીએ છીએ, અમે આ કરીએ છીએ, અમે સત્ય બોલીએ છીએ. બોલે કોણ ? આહા..હા...! અમે પરવસ્તુને આમ હાથથી ગ્રહણ કરીએ છીએ અને હાથથી આમ છોડીએ છીએ. પ્રભુ ! કોણ છોડે અને કોણ ગ્રહે ? ઝીણી વાત છે, ભાઈ ! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવનું આ પ્રકારે ફરમાન છે – પોકાર છે. અરે..રે...! જગતમાં તું લૂંટાઈ ગયો છો, પ્રભુ ! આ..હા..હા...!

એક (ફેરી) વાણિયાનું કાપડ જાતું હતું. ચોર આવ્યા. એટલે એણે (એણે કહ્યું), આવો... આવો.. આવો...! નામ નોંધાવો. આહા..હા...! એમાં એક જંગલનું મીંદડું નીકળ્યું. મીંદડાની સાક્ષીએ, પેલા ચોર જાણે કે, અમારે ક્યાં દેવું છે ? પણ એ બધી ક્રિયા જડની છે, પ્રભુ ! આહા..હા...! પછી જ્યારે કોર્ટમાં કેસ ચાલ્યો (ત્યારે પેલો કહે), 'મેં કંઈ લીધું નથી, કોઈ સાક્ષી છે ?' તો કહે, 'હા. ગામમાંથી મીંદડું લાવ્યા (અને કહ્યું), આ સાક્ષી (છે).' 'એ નહિ... એ મીંદડું નહોતું.' બસ, થઈ ગયું. એ નહોતું એટલે બીજું હતું. એટલે થઈ ગયું. આ નહોતું. પેલા ઉતાવળિયા, ઠેકાણા વિનાના. 'એક મીંદડું સાક્ષીમાં છે, જુઓ ! આમાં

લખ્યું.' 'જુઓ ! આ મીંદડું.' તો કહે, 'આ નહિ.' બસ, થઈ ગયું. ભલે જંગલનું મીંદડું ન હોય, આ નહિ, ઈ હતું. આહા..હા...! બોલવામાં પણ ભાન ન મળે. ઈ બોલવાની ક્રિયા જડની છે. આહા..હા...! અરે..રે...! ઈ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ચોથા અધ્યાયમાં છે. મિથ્યાદર્શન, જ્ઞાન અધિકાર છે જ્યાં છે ત્યાં (છે). આહા..હા...!

અહીં કહે છે, પ્રભુ ! અમારી વાત એકવાર સાંભળ તો ખરો. તને ભલે નિર્લજ્જ જેવી વાત લાગે કે, આવી વાતું શું કરે છે ? બાપુ ! સાંભળ, ભાઈ ! શરીરમાત્રના પરમાણુની પર્યાય એને કારણે કઠણ થાય અને એને કારણે નરમ પડી જાય. આહા..હા...! વીર્ય નીકળે એટલે ઇન્દ્રિય નરમ પડી જાય. પણ ઈ તો જડની પર્યાય છે, પ્રભુ ! તને ખબર નથી. આહા..હા...! સંતોએ તો અંદરથી કપાટ ખોલી નાખ્યા છે ! પ્રભુ ! એ ક્રિયા જડની (છે), નરમ થયું તોપણ જડની અને કઠણ થયું તોપણ જડની, વીર્ય પડ્યું તોપણ જડનું. આ..હા..હા..હા...! આકરું કામ છે, પ્રભુ ! વીતરાગમાર્ગ...! આહા..હા...!

**'લિંગનું એટલે મેહનાકારનું...'** (અર્થાત્) પુરુષો અને સ્ત્રીની ઇન્દ્રિયઓના આકાર જે થાય... આહા..હા...! એનું **'ગ્રહણ જેને નથી...'** એ આકારનું કાર્ય એનું નથી. આ..હા..હા...! કોણ સાંભળે ? આખો દિ' અમે આ કર્યું (એમ માને). એક જણ કહેતો હતો. છે ને પેલા ભાઈ ? 'લીમડીવાળા' નહિ ? અહીં પહેલા આવ્યો હતો ને ? મહિનો રહ્યો હતો. ઈ કહે, 'આ કર્યું, લ્યો !' અરે..રે...! કીધું, આ શું કરે છે ? આહા..હા...! શું તે કર્યું ? એમાં તને અંદર ખબર પડી ? તને વિકલ્પ થયો છે કે, આ કર્યું છે, ઈ તને ખબર છે ? કહે, 'જુઓ ! આ કર્યું મેં !' (સંવત) ૧૯૯૭ની વાત છે. મંદિર થતું હતું (ત્યારની વાત છે). ઈ તો બધા પાગલમાં પાગલ પ્રથમ હોય. એને બિચારાને દૃષ્ટિ તદ્દન મિથ્યાત્વ અને મિથ્યાત્વનું એટલું જોર કે, અત્યારે અમે અહીં કહીએ કે, પરની દયા પાળી શકે નહિ. તો ઈ કહે, આહા..હા...! આ તો અનાર્યની વાત છે ! આર્યની વાત નથી, એમ કહે. કહે છે, ખબર છે. ઈ પછી અહીં એક ફેરી આવ્યો હતો. આહા..હા...! અત્યારે તો ઈ ત્યાં સ્થાનકવાસીમાં મોટામાં ગણાય અને પોતે પણ (માને કે), હું સેવા કરું છું, સેવા કરવી એ તો મારું કામ છે. અહીં કહે છે, ત્રણકાળમાં પરની સેવા આત્મા કરી શકતો નથી. આહા..હા...!

એ લિંગનું કઠણ થવું એ તારાથી નહિ, પ્રભુ ! તારે શું કરવું છે ? તારો જે શરીરનો અવયવ કહેવાય... આ..હા..હા...! એ અવયવની ક્રિયાઓ પણ તારા અધિકારની નથી, પ્રભુ ! આહા..હા...! આવી વાત ક્યાં છે ? ભાઈ ! આહા..હા...! આ તો શાંતપણાની નીતરતી

વાત છે ! આહા..હા...!

(એવા લિંગનું) **'ગ્રહણ જેને નથી...'** એવો અલિંગગ્રહણ છે. **'આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી...'** આ..હા..હા...! ગજબ છે ! એ લૌકિક સાધન છે. શરીરની ઇન્દ્રિય એ સાધનમાત્ર આત્મામાં નથી, માત્રમાં જોર આપ્યું છે. આહા..હા...!

કરોડપતિ હોય છે, વિષય લેતા હોય અને દીકરો થાતો નથી અને એક સાધારણ (માણસ) હોય છે, વીસ વરસે, બાવીસ વરસે બે-બે વરસે છોકરા (થાય). બાવીસ વરસે ત્રણ-ચાર છોકરા થયા હોય. ઈ કોણ કરે ? બાપુ ! આહા..હા...! શું થાય ? અરે..રે...! જગત લૂંટાય છે. જડની ક્રિયા તે મારાથી થાય છે (એ માન્યતામાં) પ્રભુ ! તું લૂંટાય છો. આ..હા...! તને એના શેના હરખ આવે છે ?

મુમુક્ષુ :– ઈ હોશિયાર માણસ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હોશિયાર કોને કહેવા ? ધૂળના ! આહા..હા...! તમારા શેઠ હોશિયાર નથી ? પચાસ કરોડ રૂપિયા ! 'મુંબઈ'માં (એક) વૈષ્ણવ છે, બૈરાઓ બધા શ્વેતાંબર જૈન. ધણી, છોકરાઓ બધા વૈષ્ણવ. આવ્યા હતા. પચાસ કરોડ રૂપિયા ! આવ્યા હતા, દર્શન કરવા આવ્યા હતા. બૈરા કહે, ઘરે પગલા કરો. પણ એ શું વસ્તુ છે ? (એની કાંઈ ખબર ન મળે). ઈ કહે, કર્તા વિના થાય નહિ. ભાઈ ! કર્તા વિના ન થાય તો તમારા 'નરસિંહ મહેતા' શું કહે છે ? કે, 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્યો નહિ' ઈશ્વરે કરાવ્યું નહિ, એમ ત્યાં આવ્યું નથી. 'નરસિંહ મહેતા' કહે છે ને ? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી. શું કર્યું તપ ને તીર્થ કરવા થકી ? શું થયું જાપ ને જપ કરવા થકી ?' એ બધા બંધના કારણ (છે). ભગવાનઆત્મા ! એક પરમાણુને હલાવે એ પણ એનામાં તાકાત નથી. આહા..હા...!

'શ્રીમદ્'માં આવે છે, (લખે છે), 'અમારામાં તણખલાના બે કટકા કરવાની તાકાત નથી.' એટલે કે, એની ક્રિયા આત્મા કરી શકતો નથી. પણ લોકો ન સમજે. એક તણખલું એના બે કટકા, એ તો એની પર્યાય જ્યારે થવાની હોય ત્યારે ભેદથી છૂટી પડે. ભેદસંઘાત ! છે ને ? 'તત્ત્વાર્થસૂત્ર' ! ભેદસંઘાત ! એ છૂટુ પડવાને કાળે છૂટુ પડે પાછુ ભેગું થાય એ પરમાણુ એને કારણે ભેગા થાય. બીજો કહે કે, હું આને ભેગા કરું (એમ નથી). આહા..હા...! લાકડામાં ચૂંક મારીને ભેગું કરું, ઈ ચૂંક મારી છે એ મેં મારી છે. એ વાત તદ્દન જૂઠી છે.

મુમુક્ષુ :– દરજી કપડા સીવી દ્યે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સીવ્યા, રાગ કરે. એ કપડાની, સંચાની ક્રિયા મારાથી થાય છે (એવો રાગ કરે). આહા..હા...! કપડાવાળા વેપારીઓ આમ ખોલે ને ? અટલસ આમ ખોલે. તાકા ! વળી પાછા આમ ઘડી બેસાડી દે. કોણ કરે ? બાપુ ! એ ક્રિયા ક્યાં તારી છે ? એ પરમાણુઓમાં સ્કંધમાં તે પર્યાય તે પ્રકારે, તે ક્ષણે ઉત્પન્ન થવાની હતી તે ઉત્પન્ન થઈ છે. તારા હાથથી નહિ, તારા રાગથી નહિ, તારા આત્માથી નહિ.

અરે..રે...! આવું (કોણ માને) ? અહીં તો જ્યાં હોય ત્યાં અભિમાન... અભિમાન... અભિમાન... (હું) આમ બોલ્યો, મેં આમ સમજાવ્યો. કોર્ટમાં વકીલ પાસે દલીલ આપી. એ દલીલ શું આત્મા આપી શકે છે ? દલીલની ભાષા તો જડની છે. આહા..હા...! અહીં તો પાણી ઊતરી જાય એવું છે ! વકીલાત ને મોટા બેરિસ્ટરો ! બે-બે હજારના દનૈયા લેનાર ! પેલો નહિ ? મોટો નહોતો શું (નામ હતું) ? એક દિવસના બે હજાર રૂપિયા ! એટલે જાણે બહુ હોશિયાર માણસ ! મોટા લાંબા કોટ પહેરે ને... આહા..હા...! જાણે કંઈકને જીતાવ્યા ! શું છે આ ? મારી નાખ્યો છે આત્માને !

જીવતી જ્યોત જ્ઞાતા-દૃષ્ટાને 'આ કરું છું' એમ કરીને એ જીવતી જ્યોતનો તેં નકાર કર્યો, પ્રભુ ! જ્ઞાતા-દૃષ્ટા છે (એને) તેં ન માન્યો. આહા..હા...! અરે..રે...! આ વેપાર કરનારા બધા હોશિયાર નહિ ? આહા..હા...! છોકરાં આમ દુકાને વેપાર કરે ને (એને જોઈને)... આ..હા..હા...! એનો બાપ ખુશી થાય ! બાપ કોના ? દીકરાં કોના ? બાપા ! અરે..રે...! શું કરે છે, પ્રભુ તું ? તારી પ્રભુતા લૂંટાય છે, નાથ ! એ મારા દીકરા ને મારા દીકરા... આહા..હા...! શું કર્યું પ્રભુ તેં આ ? આહા..હા...! શું છે આ ? દુકાન બધા ચલાવે છે ને ? આહા..હા...! કોણ કરે ? ભાઈ ! (એમ બોલે) 'અમે હમણાં દુકાન જુદી કરી છે. અમારો વેપાર જુદો ચાલે છે.' વેપાર જુદો ચાલે છે ? કે એ વેપારની ક્રિયા તારાથી જુદી ચાલે છે ? આકરું કામ, ભાઈ ! વીતરાગમાર્ગમાં જડથી ચૈતન્ય જુદો અને ચૈતન્યની જડ જુદું. આહા..હા...!

એક પાંપણ પણ આત્માથી હલે નહિ, નાથ ! તું ચૈતન્ય પ્રભુ ! તું ભૂલીને શું કરે છે આ ? તારી પ્રભુતા તો જ્ઞાતા-દૃષ્ટામાં છે. તારી પ્રભુતા પરમાં કામ કરવામાં મોટપ લે (એવી) પ્રભુતા નથી. આહા..હા...!

મુમુક્ષુ :– કરી શકતો જ નથી ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કરી શકતો નથી પણ એ માને છે ને ? મેં આટલા કામ કર્યાં ! એ તો પેલું હમણાં આવ્યું હતું ને ? (એક મુમુક્ષુ) મિસ્ત્રીનું (કાંઈક) લાવ્યા હતા. દોઢ રૂપિયો દનૈયુ લેતો હતો અત્યારે કરોડ રૂપિયા છે ! મિસ્ત્રી છે. ફોટો લાવ્યા હતા. પેલો મિસ્ત્રી દોઢ રૂપિયાનું દનૈયું લેતો અત્યારે કરોડ રૂપિયા થઈ ગયા છે. એટલે જાણે આ...મ મોટો ફોટો હતો !! શું છે પણ આ ? આ પ્યાલા શા ફાટ્યા છે ? બાપા ! પાગલ – ગાંડો છો. એવો શબ્દ વાપર્યો છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ચોથા અધ્યાયમાં 'ગાંડો છે' એમ લખ્યું છે. એનું હિન્દીમાં 'પાગલ' હશે. આમાં છે. પાગલ છો તું, પ્રભુ ! આ..હા..હા...! આ આત્માને તો પરથી લૂલો – પાંગળો ઠરાવ્યો. આહા..હા...!

મુમુક્ષુ :– પાંગળો બનાવ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાંગળો જ છે. પરના કાર્ય માટે (પાંગળો જ છે). 'પરમાત્મ પ્રકાશ'માં છે. 'પરમાત્મ પ્રકાશ'માં એ લેખ છે કે, અરે...! આત્મા પાંગળો ? ઈ પાંગળો જ છે. ઈ જ્ઞાતા-દૃષ્ટા છે, ઈ પરનું કરવા માટે પાંગળો છે, કરી શકતો નથી. આહા..હા...! અહીં તો દુકાન (ચલાવવા માટે) બુદ્ધિ ઠીક હોય તો... આ..હા..હા...! અમારો (ભાણસ) હતો તે બુદ્ધિવાળો હતો. આમ બોલે... આમ બોલે... હું દુકાને બેઠો હોઉં. ઈ માલ લઈને આવે ત્યારે છત્રી આમ લટકતી (રાખે) અને આમ... આ..હા...! શું છે પણ આ ? માલ લઈ આવ્યો... ત્રણ-ચાર દિ'એ 'મુંબઈ' જાય, મહિનાના પાસ લીધેલા. મહિનામાં ઘણી વાર જાવું પડે. આહા..હા...! એ ભાઈ મરતાં... એમ બોલ્યો.. અરે...! મને કોઈએ ન કહ્યું. હું ધંધો બંધ કરનાર મને કોઈએ ન કહ્યું. એમ દેહ છૂટતાં બોલ્યો. આ..હા...! મને કોઈએ ન કહ્યું, બાયડી-ભાયડો બે (જણા), લાખો રૂપિયા ! પણ એલા મેં તને કહ્યું હતું ને ? એકલો છો ને તું આ (વેપાર પાછળ) મરી જાય છે ! 'મોટા ભાઈ આવ્યા, મોટા ભાઈ આવ્યા...' એમ આ બધા કહે. ફુલાવે ! મોટા ભાઈ આવો.. મોટા ભાઈ આવો... આવો...! ટપાલ આપે, વાંચે, બે કલાક બેસે... મફતના પાપ એકલા ! ભાગ કાઢી નાખ્યો હતો તોપણ, હોં ! આહા..હા...!

અહીં તો કહે છે, પ્રભુ ! તારા શરીરનો અવયવ પણ હલાવી શકતો નથી, નાથ ! આહા..હા...! અરે... પ્રભુ ! તું કોણ છો ? ક્યાં છો ? આહા..હા...! તું તો ચૈતન્ય સ્વરૂપ છો ને, પ્રભુ ! ઈ જડના અવયવોને હલાવે ઈ એનું કાર્ય છે ? પાગલ છે. આહા..હા...! એમાં શબ્દ છે, હોં ! ગાંડો છે, એમ છે. આહા..હા...! એવો શબ્દ છે ખરો ક્યાંક. 'ગાંડો' એક શબ્દ છે. બધું કાંઈ યાદ રહે છે ? આહા..હા...! ઈ એક ઠેકાણે ક્યાંક છે. અહીં

તો એ શબ્દ છે કે, '**હાથ વગેરેથી મેં સ્પર્શ્યું, જીભ વડે મેં સ્વાદ લીધો, નાસિકા વડે મેં સૂંઘ્યું, નેત્ર વડે મેં દીઠું, કાન વડે સાંભળ્યું.**' ઇત્યાદિ... છે ને ? '**મનોવર્ગણારૂપ આઠ પાંખડીવાળા ફૂલ્યા કમળના આકારે હૃદયસ્થાનમાં શરીરના અંગરૂપ દ્રવ્યમન છે જે દષ્ટિગમ્ય નથી, તેનું નિમિત્ત થતાં સ્મરણાદિરૂપ જ્ઞાનની પ્રવૃત્તિ થાય છે. એ દ્રવ્યમન તથા જ્ઞાનને એકરૂપ માની એમ માને છે કે 'મેં મન વડે જાણ્યું.'**'

'**વળી પોતાને જ્યારે બોલવાની ઇચ્છા થાય ત્યારે પોતાના પ્રદેશોને જેમ બોલવાનુ બને તેમ હલાવે છે...**' આહા..હા...! એ રીતે પોતાની માનેલી ક્રિયા પોતાની ઇચ્છાથી (થઈ એમ) માને છે. આહા..હા...! મિથ્યાત્વની ક્રિયા છે ને ? એવું એક ઠેકાણે છે. આ લિંગનું આવ્યું, લ્યો ! '**લિંગકાઠિણ્યાદિ થઈ જાય.**' 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બહુ ખુલાસો કર્યો છે. '**હવે એ સર્વને એકરૂપ માની આ એમ માને છે કે – 'એ બધા કાર્ય હું કરું છું.'**' એમ માને છે. સમજ્યા ? આહા..હા...! એ શબ્દ ક્યાંક છે. ત્રીજામાં હશે, ત્રીજો અધ્યાય છે ને ? છે ક્યાંક, છે અંદર. ગાંડો – પાગલ કહ્યું છે. હિન્દીમાં પાગલ (શબ્દ) હશે ને ? (એટલે પાગલ કહ્યું). ગાંડો છો, માળા ! આહા..હા...! મેં આ શરીરના અવયવોને હલાવ્યા ! શું થયું ? પ્રભુ ! તું કંઈ જડનો સ્વામી છો ? આહા..હા...!

મુમુક્ષુ :– આત્મા તો ભાવશક્તિવાળો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પોતા માટે છે. એટલે તો એ પ્રશ્ન થયો છે કે, અનંત શક્તિવાળો છે તો એક શક્તિ એવી પણ હોય કે, પરનું કામ કરે ! એ પ્રશ્ન હમણાં (થયો) હતો. એ 'કળશટીકા'માં છે. અનંત શક્તિ ભગવાનઆત્મામાં છે, મહાપ્રભુ છે ! આહા..હા...! તો પછી એમ કે, આ શરીરનું પણ કરે. એની પ્રભુતા અનંત શક્તિ છે (તો) એક શક્તિ એવી પણ હોય (કે પરનું કરે). તો કહે છે, ના, ના.

અનંત... અનંત... અનંત... અનંત... અનંતના ગુણનો પાર નહિ એવા ગુણો (છે) પણ કોઈ ગુણ એવો નથી કે, શરીરને હલાવે, શરીરના અવયવના કામ કરે. એવી કોઈ શક્તિ નથી. ભારે આકરું કામ ! આહા..હા...! દુકાને બેઠા હોય, માણસ સારા (હોય), લ્યો, આ કાપડ... લ્યો આ ફલાણું (એમ) કહે. એમાં વળી દરરોજ સો-બસો રૂપિયાની પેદાશ થાતી હોય (તો) જુઓ... પાગલ તમારે...! એ...ઈ...! કોણ કરે ? પ્રભુ ! તને ખબર નથી. શું થયું છે આ ? આહા..હા...!

'**આત્મા લૌકિકસાધનમાત્ર નથી...**' જેટલા ઇન્દ્રિયના, વિષયના, બહારના લૌકિક સાધન

(છે એ સ્વરૂપે આત્મા નથી). અહીં તો લૌકિક સાધન (એટલે) ઇન્દ્રિય. ઇન્દ્રિયનું કઠણ થવું, ઇન્દ્રિયનું નરમ થવું ને ઇન્દ્રિયનું જાગવું... આ..હા...! ઇન્દ્રિય ઊઠે, પ્રભુ ! એ કામ તારા નહિ. અર..ર..ર...! આહા..હા...! એ લૌકિકના સાધનમાત્ર નથી. એ લૌકિક સાધન તારું નહિ. આહા..હા...! પોકાર છે પરમાત્માનો ! સંતો દિગંબર મુનિઓનો પોકાર છે !! આ..હા..હા...! **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** આહા..હા...! પોણો કલાક ચાલ્યું. ઓ..હો..હો...! પંદરમો (બોલ).

**'લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી...'** આહા..હા...! મેહનાકારમાં નથી તો અમેહનાકાર એટલે લોકમાં વ્યાપક છે એમ છે ? છે ? **'લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી...'** આ..હા..હા...! એ ક્રિયા ભલે કરી શકે નહિ પણ લોકવ્યાપક આત્મા થઈ શકે કે નહિ ? અસંખ્યપ્રદેશી છે, કેવળીસમુદ્‌ઘાત કરે ત્યારે લોકવ્યાપક થાય છે. સમજાય છે કાંઈ ? વેદાંતની સામે દૃષ્ટિ છે. આહા..હા...!

**'અમેહનાકાર વડે...'** એટલે લૌકિક સાધનનું ઇન્દ્રિયના કામ વિના. **'જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી...'** લોકમાં વ્યાપે, આત્મા લોકવ્યાપક થાય એ નથી. આહા..હા...! એ તો શરીરાત્મક છે તે તેટલો છે. આહા..હા...! **'લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે;...'** આહા..હા...! પેલામાં (ચૌદમા બોલમાં) મેહનાકાર હતું ને ? એનાથી (વિરુદ્ધ) અમેહનાકાર (લીધું). એમ કે, એ ભલે લૌકિક સાધન ન કરે પણ આમ વ્યાપક તો થઈ શકે ને ? કરી (ભલે ન શકે) પણ વ્યાપક (થઈને) આખા લોક પ્રમાણે પ્રસરી જાય કે નહિ ? લોક પ્રમાણે પ્રસરવાની – વ્યાપવાની એની તાકાત છે કે નહિ ? તો કહે છે, ના.. ના.

**'લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી...'** આ..હા..હા...! **'તે અલિંગગ્રહણ છે;...'** એટલે વ્યાપવાપણામાં લિંગરહિત છે. એ તો પોતાના શરીર પ્રમાણે રહેનાર છે. આહા..હા...!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ઘણું સ્પષ્ટ કર્યું છે. ચોથા (અધિકારમાં) મિથ્યાદર્શનની વ્યાખ્યા લીધી છે (એમાં) બહુ ચોખ્ખું કર્યું છે. ત્યાં તો ત્યાં સુધી લીધું છે કે, એનું શાસ્ત્રનું જ્ઞાન થયું હોય પણ જો એમાં માનનું પ્રયોજન હોય તો તે જ્ઞાન યથાર્થ નથી. આહા..હા...! ધારણામાં જ્ઞાન આવ્યું એ જ્ઞાન વાસ્તવિક નથી. સ્વરૂપ સન્મુખ થઈને (જ્ઞાન) થયું નથી અને લક્ષમાં

સાંભળી સાંભળીને પોતાની યોગ્યતાથી થયું છે (એવું) ધારણાજ્ઞાન એ જ્ઞાન જ નથી. આ..હા..હા..હા...! ધારણામાં જે જ્ઞાન આવ્યું એ મને જ્ઞાન થયું એવું જે અભિમાન તે મિથ્યાદર્શન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ મારગડા જુદા, પ્રભુ ! આ..હા..હા...!

**'આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ...'** ભાષા જુઓ ! આ..હા..હા...! વેદાંત એમ કહે છે ને કે, આત્મા સર્વવ્યાપક છે. (અહીંયાં) કહે છે કે, એ પાખંડીઓ છે. 'શ્રીમદ્દે' એને નિશ્ચયાભાસી કહ્યા છે. જેણે પર્યાય માની નથી અને એકલું દ્રવ્ય જ વ્યાપક માન્યું છે એ નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! કેટલાકને આ નિશ્ચયની વાત સાંભળીને એવું લાગે (છે) કે, આ વેદાંત (કહે) છે તેવી આ વાત છે (પરંતુ) એમ નથી.

સંપ્રદાયમાં તો લૌકિક ક્રિયા માત્રની વાતું (છે) અને અહીં નિશ્ચયની વાત (આવે) કે, (આત્મા) રાગનો કર્તા નહિ, જડનો કર્તા નહિ. (તો કહે), 'આ તો વેદાંત થઈ ગયું.' અરે...! વેદાંત નહિ. વેદાંત તો પાખંડ છે. આકરી વાત છે, ભાઈ ! છે ? **'આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ...'** આહા..હા...! અરે..રે...! ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ અંતરમાં શરીર પ્રમાણે (છે) એને વ્યાપકપણે માનવો (એ) પાખંડ છે, કહે છે. અત્યારે એ ઘણું ચાલે છે – સર્વવ્યાપક ! મુસલમાનમાં પણ એ ચાલે છે. અનહલ હક્ક ! હું ખુદા છું. સુફી ફકીર થયા છે. સુફી ફકીર(ને) 'બોટાદ'માં (સંવત) ૧૯૮૦ની સાલમાં મેં જોયા છે. હું બહાર નીકળતો હતો ત્યાં ઊભા હતા. (મને આવતો જોઈને) એક કોર ઊભા રહી ગયા. પણ વૈરાગ્ય પણ ખરો. પણ (તત્ત્વની) ખબર નહિ. એમ કહે કે, હું ખુદા ! હમ હૈ ખુદ ખુદા, યારો ! હમ ખુદા હૈ, હમ પરમેશ્વર ભગવાન હૈ ! ઈ વ્યાપક તરીકે (કહેતો હતો) ઈ જૂઠી વાત છે.

આહા..હા...! ભગવાન તો શરીર પ્રમાણે જ છે. કેવળીસમુદ્દ્ઘાત થાય છતાં એ તો અમુક બે-ત્રણ સમય વ્યાપક રહે. સમજાણું કાંઈ ? પણ જીવને વ્યાપક માનવો, બધાના કામ (કરે એમ માનવું) કારણ કે એ પણ હું છું, એ પણ હું છું, એ પણ હું છું... માટે એ બધાં કાર્ય મારા છે. અહીં એમ કહેવું છે. એ હું છું, મારા છે. આ..હા...! મારો આત્મા ત્યાં પણ વ્યાપક છે ને ? આહા..હા...!

**'આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ...'** ભાષા જુઓ ! વીતરાગી મુનિઓની ભાષા છે. એ અનાદરની (ભાષા) નથી પણ વિપરીતને વિપરીત રીતે જણાવવા માટે ભાષા છે. વેદાંતનું ઘણું છે ને ? આત્મા એક જ છે. વળી, દ્રવ્ય ને ગુણ ને પર્યાય ને આ શું ? ઈ તો ત્યાં સુધી કહે છે કે, આત્મા અને આત્માનો અનુભવ – બે ક્યાંથી આવ્યું ? અદ્વૈત

છે ત્યાં બે ક્યાંથી આવ્યું ? એમ કહે છે. અલિંગગ્રહણમાંથી આટલું કાઢ્યું !

**'પાખંડીઓને પ્રસિદ્ધ...'** શું ? **'સાધનરૂપ આકારવાળો...' 'પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો – લોકવ્યાપ્તિવાળો નથી...'** લોકવ્યાપ્તિવાળો નથી. લોકમાં વ્યાપી જાય એવો ભગવાનઆત્મા છે નહિ. આહા..હા...! મોક્ષ થાય, કેવળજ્ઞાન થાય તોપણ શરીર પ્રમાણે રહીને કેવળજ્ઞાન થાય છે. એ પણ શરીરને કારણે (તે) પ્રમાણે (રહે છે) એમ નહિ. પોતાના આકારે પોતાને એટલો આકાર થાય છે. આહા..હા...!

અલોકનો આકાર લીધો છે ને ? આકાશનો આકાર. આકાશ.. આકાશ... અંત નહિ, ક્યાંય અંત નહિ. તોપણ એને વ્યંજનપર્યાય છે, એની આકૃતિ છે. એક પરમાણુ છે એને આકાર છે પણ એક નાનામાં નાનો પરમાણુ (છે) એના છ ભાગ છે – છ પાસા (છે). એક અંશથી એક પરની સાથે સંબંધ રાખે છે, આખો નહિ. એવી વાત છે. આ..હા...! એને ઠેકાણે આ કહે છે કે, આત્મા (આખા) લોકમાં વ્યાપે છે. આહા..હા...! આત્મા તો પરના સંબંધમાં એક સમયની પર્યાયના સંબંધથી સંબંધ છે. દ્રવ્યનો તો એને સંબંધ છે જ નહિ. આહા..હા...! આવી વાતું !

આ તો 'પ્રવચનસાર' ! ભગવાનની ત્રિલોકનાથના પ્રવચન ! પ્ર એટલે વિશેષે, વચન એટલે દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ ! ભગવાન ત્રણલોકના નાથ પરમાત્મા 'સીમંધર' ભગવાનની દિવ્યધ્વનિ સાંભળીને આવ્યા ત્યારે આ લખાણ (લખ્યું છે). 'કુંદકુંદાચાર્યદેવ' મહાવિદેહમાં ગયા હતા. પેલો (એક સાધુ) કહે છે કે, ના, એ ખોટી વાત છે. 'કુંદકુંદાચાર્યદેવ' મહાવિદેહમાં ગયા એ ખોટી વાત છે. હવે, આચાર્યો પોતે કહે (છે) ! 'પંચાસ્તિકાય'(ના) 'જયસેનાચાર્યદેવ'ની ટીકા છે. 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં ગયા હતા. 'અષ્ટપાહુડ'માં છે અને 'દર્શનસાર'માં છે. આચાર્ય પોતે (કહે છે). 'દેવસેનાચાર્ય' કહે છે કે, અરે...! ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' જો મહાવિદેહમાં ન ગયા હોત તો અરે...! આવું મુનિપણું અમને કેમ થાત ? 'દર્શનસાર'(નો) પાઠ છે. એને માને નહિ અને દસ-દસ હજાર માણસમાં વખાણ (કરે કે), 'કુંદકુંદાચાર્ય' એલાચાર્ય હતા. દિગંબર લોકો બિચારા (એને) પણ ભાન ન મળે. 'કુંદકુંદાચાર્યદેવ'ને 'એલાચાર્ય' કેમ કહ્યું ? કે, ત્યાં ગયા હતા (તો) ત્યાં પાંચસો ધનુષનો દેહ છે અને આમનો (દેહ) ફક્ત ચાર હાથનો. એટલે નાના આચાર્ય એમ કરીને કહેવામાં આવ્યું. (આમનું) ચાર હાથનું નાનું શરીર (અને) ભગવાનનો દેહ પાંચસો ધનુષનો છે અને બીજા કેટલાક મનુષ્યોના પણ પાંચસો ધનુષના (દેહ) છે. આ..હા...! જન્મે ત્યારે પણ મોટો હોય છે, નાનું આટલું બાળક હોય એવું નથી.

આહા..હા...! ત્યાં આઠ દિ' રહ્યા હતા. ત્યાં શ્રુતકેવળી પાસે કેટલાક પ્રશ્નો (પૂછીને) સમાગમનો નિર્ધાર કર્યો. ભગવાનને સાંભળ્યા, ત્યાંથી અહીં આવ્યા. એ હતા તો સમકિતી, સાચા મુનિ હતા પણ છતાં એમને ભગવાનની પાસે જવાનો વિકલ્પ આવ્યો. વિરહ (લાગ્યો). પ્રભુ ! તારા અમને અહીં વિરહ પડ્યા ! આ..હા...! અમે ક્યાં, પ્રભુ ! તું ક્યાં રહ્યો ? ભરતમાં તીર્થંકર રહ્યા નહિ પણ તમે જ્યાં છો ત્યાં અમને વિરહ પડ્યા. આહા..હા...! મોરપીંછી પડી ગઈ હતી. પણ ઈ તો મહાન... 'કુંદકુંદાચાર્યદેવ' એટલે આ..હા..હા...!

એ અહીં ગાથામાં અલિંગગ્રહણ કહે છે. એનો અર્થ કાઢે છે – 'અમૃતચંદ્રાચાર્ય'. આહા..હા...! કહે છે, (સંવત) ૧૯૯૯ની વાત છે. સાંભળવા આવે. માણસ બહુ આવે ને ! ૧૯૯૯માં 'કેમ્પ'માં, 'વઢવાણ'માં, 'જોરાવરનગર'માં, 'લીમડી'માં માણસ બહુ આવતું. એટલે સાંભળવા આવતા. એક લૂગડું પહેરીને (આવતા). સાંભળે (પછી કહે) એક છે. આહા..હા...! ઈ એક છે ઈ તો સામાન્યસ્વરૂપ છે ઈ એક છે. સંસારમાં આખામાં વ્યાપક થાય માટે એક છે એમ એક નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એક તો એનો ગુણ છે ને ? ભાઈ ! ૪૭ શક્તિમાં (આવે છે). એકપણું જે વસ્તુનું સ્વરૂપ છે તે એક એનો ગુણ છે અને અનેક પણ એનો ગુણ છે. ગુણ અને પર્યાય અનેક છે. એ પણ એનો ગુણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

(અહીંયાં) એમ કહે છે, **'પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ...'** પાખંડીઓનું સાધન એક વ્યાપક છે. એ **'આકારવાળો – લોકવ્યાપ્તિવાળો નથી...'** લોકમાં વ્યાપે (એવો નથી). **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાંથી આવો ભાવ નીકળે છે. 'કુંદુકંદાચાર્યદેવ' એમ કહેવા માગે છે. આ..હા..હા...! એ પંદર બોલ થયા.

વિશેષ કહેવાશે...

## ભાદરવા સુદ ૮, ગુરુવાર તા. ૩૦-૦૮-૧૯૭૯
## ગાથા – ૧૭૨
## પ્રવચન નંબર–૧૮૧

દસ લક્ષણી પર્વ. ચોથો સત્યધર્મ. આમા સત્યધર્મ છે ઈ આમાં શૌચ કહેવાય છે. ઉત્તમક્ષમા, ઉત્તમમાર્દવ, સરળતા અને નિર્લોભતા. શૌચને પછી નાખે છે. એમાં આ સત્યધર્મ છે. બીજે ઠેકાણે શૌચ આવે છે. ચાર બોલ આવે ને ?

('પદ્મનન્દિ-પંચવિંશતિ', શ્લોક–૯૧) **'મુનિઓએ સદાય એવું સત્ય વચન બોલવું જોઈએ...'** આમ તો સત્ય ધર્મ છે પણ વચન અને વિકલ્પનો વ્યવહાર કરીને વાત કરી છે. સત્ય વસ્તુ જે પરમ સત્ય છે એનો આશ્રય લઈને જે સ્થિરતા થાય એ સત્યધર્મ છે. પણ અહીંયાં વ્યવહાર વચન દ્વારા અસત્ય ન બોલવું, સત્ય બોલવું એવો વ્યવહાર નાખ્યો. **'જે પોતાને અને પરને પણ હિતકારી હોય,...'** એવું બોલવું, એમ કહે (છે). **'પરિમિત હોય,...'** (એટલે કે) મર્યાદિત હોય. આહા..હા...! અને **'અમૃત સમાન મધુર હોય. જો કદાચ આવું સત્ય વચન બોલવામાં બાધા જણાય...'** **'प्रविधेयं'**નો અર્થ છે ને ? **'प्रविधेयं'** એનો અર્થ છે બાધા.

**'એવી હાલતમાં બુદ્ધિરૂપ ધનને ધારણ કરનાર...'** આ..હા...! બુદ્ધિ (અર્થાત્) જ્ઞાનને જ્ઞાનમાં ધારનાર **'મુનિઓએ મૌનનું જ અવલંબન લેવું...'** એવો પ્રસંગ હોય કે સત્ય ન બોલાય અને વિરોધ ઉત્પન્ન થાય એવું હોય તો એણે મૌન રહેવું. બુદ્ધિધન પોતામાં રાખીને આનંદના સાગર ભગવાનને પોતામાં રાખીને મૌન રહેવું. (ક્યારેક) બહારમાં સત્ય બોલવામાં વિરોધ લાગે.

('પદ્મનન્દિ-પંચવિંશતિ', શ્લોક–૯૧) **'સત્ય વચનની સ્થિતિ થતાં જ વ્રત થાય છે...'** સાચું તો અંદર સત્ય સ્વરૂપ શુદ્ધ સમ્યગ્દર્શન હોય... આહા..હા...! ત્રિકાળી જ્ઞાયકભાવ

પરમસત્યનો આશ્રય હોય ત્યારે એને યથાર્થ ધર્મ થાય. સત્યધર્મ તો એ છે. આહા..હા...! અહીંયાં કહે છે કે, એની સ્થિતિએ વચન બોલવા નહિ, (એવો) વ્યવહાર લીધો. **'તેથી સજ્જન પુરુષ જગતપૂજ્ય તે સત્યવચનની આરાધના કરે છે.'** છે ને ? **'भारती' 'सद्भिर्जगत्पूज्या च भारती'** વીતરાગની જે સત્ય વાણી છે તેનું આરાધન કરે.

('પદ્મનન્દિ-પંચવિંશતિ', શ્લોક–૯૩) **'સત્ય વચન બોલનાર પ્રાણી સમયાનુસાર પરલોકમાં ઉત્તમ રાજ્ય...'** (શુભ) વિકલ્પ છે ને ? **'દેવ પર્યાય અને સંસારરૂપી નદીના પારની પ્રાપ્તિ અર્થાત્ મોક્ષપદરૂપ પ્રમુખ ફળ...'** વિકલ્પ છે એના (ફળમાં) સ્વર્ગ અને રાજ આદિ મળે અને બાકી અંદર જે સ્વરૂપની, સત્યધર્મની દૃષ્ટિ ને જ્ઞાન ને શાંતિ છે એનાથી એને મોક્ષ મળે.

**'એ તો દૂર રહો,...'** કહે છે કે, મોક્ષરૂપ પદ તો દૂર રહો **'પણ તે આ જ ભવમાં...'** સત્યવાદી... આહા..હા...! **'ચંદ્ર સમાન નિર્મળ યશ, સજ્જન પુરુષોમાં પ્રતિષ્ઠા અને સાધુતા પ્રાપ્ત કરે છે; તેનું વર્ણન કોણ કરી શકે છે ?'** પણ એ પરમ સત્ય વસ્તુની સ્થિતિ છે તેવું જાણીને બોલવું એમ (કહે છે). અને તેમાં કોઈ દોષ લાગતો હોય તો એને માટે બચાવ ન કરવો એમ કહે છે. સત્ય બોલવું. માર્ગ તો આ છે. ઈ કહેવું છે. આહાર આદિ એને માટે લ્યે એ સદોષ છે, એ તો મૂળગુણનો ભંગ છે. તો કહે છે, કદાચિત્ એવું હોય તો પણ સત્ય કહી દેવું. જે આહાર મારા માટે આવે છે એ મને ખપે નહિ, એ મારે દોષ(રૂપ) છે. સત્ય વચન બોલવામાં શંકા ન રાખવી (અર્થાત્) દુનિયાનો સંદેહ ન રાખવો. સત્ય છે તે સત્યને જાહેર કરવું.

આપણે અહીંયાં ('પ્રવચનસાર'માં અલિંગગ્રહણનો) સોળમો બોલ. 'ઇન્દોર'વાળા (આવ્યા) હતા ઈ ગયા લાગે છે. સવારમાં આવ્યા હતા ને ? શ્વેતાંબર હશે. 'અગાસ'થી આવ્યા હતા. 'શેત્રુંજય' ગયા હશે.

અલિંગગ્રહણનો સોળમો બોલ. **'જેને...'** એટલે ભગવાનઆત્માને. **'લિંગોનું એટલે કે...'** આહા..હા...! **'સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી...'** આ..હા..હા...! એટલે કે ભગવાન આનંદ અને જ્ઞાયક સ્વરૂપ છે એવો જે દૃષ્ટિનો અનુભવ થયો એને સ્ત્રી, પુરુષ, નપુંસકના લિંગો(નું ગ્રહણ નથી). નપુંસક હોય ઈ સમકિત પામી શકે છે. નારકીમાં બધા નપુંસક છે છતાં સમકિત છે. દેવમાં સ્ત્રી અને પુરુષ બે જ હોય. મનુષ્યમાં ત્રણે હોય – સ્ત્રી, પુરુષ અને નપુંસક. નારકીમાં એક જ હોય. તિર્યંચમાં પણ ત્રણે હોય. કહે છે કે, એ નપુંસક

દ્રવ્યવેદ છે, પુરુષનું દ્રવ્યવેદ છે અને સ્ત્રીનું દ્રવ્યવેદ છે (એટલે કે) આકાર એનો અને ભાવવેદની વાસના, બન્ને ચૈતન્યદ્રવ્યમાં નથી.

**'જેને...'** એટલે આત્માને. એ વિષયની વાસના અને દ્રવ્યલિંગ – જડ. બન્ને જેના સ્વભાવમાં છે નહિ. આહા..હા...! એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. ઝીણી વાત, ભાઈ ! આહા..હા...! અવેદપણું તો પ્રગટે નવમે (ગુણસ્થાને), છતાં અહીંયાં કહે છે... વેદ છે. વિષય-વાસના આદિ છે, દ્રવ્ય-લિંગ પણ છે પણ ચૈતન્યના અખંડ જ્ઞાયકભાવના ગ્રહણ આગળ એનું ગ્રહણ (એટલે કે) સ્વીકાર નથી. સ્વભાવમાં એનો સ્વીકાર નથી. આવી વાત છે, ભાઈ ! આહા..હા...!

સોળમો બોલ છે. બીજી રીતે કહીએ તો આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ છે, જેથી એ વિષય-વાસના અને જડ વેદનું કારણ આત્મા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? કેમકે વિષય-વાસના અને જડ (વેદનું) અહીં જ્ઞાન થયું... આહા..હા...! એને નથી એમ કહ્યું ને ? દ્રવ્ય-વેદ અને ભાવ-વેદ જેને નથી એવો જે આત્મા. દ્રવ્ય-વેદ અને ભાવ-વેદ, એનું તો ગ્રહણ નથી એટલે કે એનું એ કારણ નથી. આહા..હા...! પણ ખરેખર તો તેનું જે સ્વપર પ્રકાશક જ્ઞાન થાય છે, એ જ્ઞાનમાં પણ વિષય-વાસના અને દ્રવ્ય-(વેદનું) જ્ઞાન થાય પણ એ જ્ઞાનમાં એ કારણ નથી. સમજાણું કાંઈ ?

જ્ઞાન – જ્ઞાતા-દૃષ્ટા એવો ભગવાનઆત્મા ! એને દ્રવ્ય અને ભાવ વેદનો અભાવ છે, એમ કહે છે. આહા..હા...! એ દ્રવ્ય અને ભાવ વેદનું એ દ્રવ્યસ્વભાવ કારણ નથી. આહા..હા...! તેમ દ્રવ્ય અને ભાવ વેદ, ભગવાનનું જ્ઞાન થતાં, એ વસ્તુ જ્ઞાનીને આવે, હોય પણ એનું જ્ઞાન કરે છે એ જ્ઞાન એને લઈને નહિ. વાસના અને દ્રવ્ય-વેદનું જ્ઞાન, એ વાસના અને દ્રવ્ય-વેદને કારણે (થતું નથી). આવી વાતું છે. સમજાણું કાંઈ ? કેમકે ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એ સ્વના સામર્થ્યથી સ્વપરને જાણવાની પર્યાયને કરે છે. આહા..હા...! કીધું ને ? આ (વેદ આત્માને) નથી (એવો) નિર્ણય પણ પર્યાય કરે છે ને ? શું કહ્યું ઈ ? જેને (એટલે) આત્માને દ્રવ્ય અને ભાવ વેદ નથી ઈ નિર્ણય કોણ કરે છે ? સમજાય છે કાંઈ ? ઝીણી વાત, ભાઈ !

અલિંગગ્રહણની અલૌકિક વાતું છે ! આહા..હા...! ભગવાન સત્યસાહેબ ! અતીન્દ્રિય આનંદનો સાગર ! એને જેણે અનુભવ્યો અને પકડ્યો... આ..હા..હા...! એવા ધ્રુવ સ્વભાવની જેને દૃષ્ટિ અને અનુભવ થયો તેને; દ્રવ્યને તો (દ્રવ્ય અને ભાવ વેદ) નથી પણ તેને જાણનારને

પણ દ્રવ્ય-ભાવ વેદનું કારણ નથી અને દ્રવ્ય-ભાવ વેદને કારણે જ્ઞાન થાય એ પણ નથી. આ..હા..હા...! અરે...! આવી વાતું છે. સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા ! જ્ઞાનની મૂર્તિ ! જ્ઞાનનો પૂંજ ! જ્ઞાનનો ગંજ છે ! આહા..હા...! એનું જેને જ્ઞાન થયું તેને એટલે કે આત્માને – તે આત્માને. જેને જ્ઞાન થયું એવા આત્માને દ્રવ્ય અને ભાવ વેદનો જેમાં અભાવ છે. આ..હા..હા...! શું શૈલી !

આજે વળી વિરોધ આવ્યો છે. એમ કે, (એક દિગંબર સાધુ) આવ્યા હતા. સામા ગયા, આપણે સામા ગયા હતા, પણ પછી આવ્યા ત્યારે એણે પૂછ્યું કે, 'તમે આ શ્વેતાંબરનું કેમ છોડ્યું ? તો કલાક સુધી જવાબ ન આપ્યો.' કહો ! (એવું કાંઈ એમણે) પૂછ્યું જ નથી. આવા...! એને પછી લાગ્યું કે, આ કાંઈક બોલે. પછી એમ લાગ્યું કે, આ બોલશે તો અમારું બધું તત્ત્વવિરુદ્ધ છે. મંદ કષાયવાળા અને નરમ માણસ હતા, ભલે વસ્તુની ખબર નહિ. (એને એમ થયું કે) આ પ્રશ્ન કર્યો છે અને એક કલાક સુધી પૂછ્યું તોપણ જવાબ ન આપ્યો. (એમ લખ્યું છે). શ્વેતાંબર કેમ છોડ્યું ? અહીં તો પોકાર કરીએ છીએ. (બીજા એક વિદ્વાને) જવાબ આપ્યો છે કે, આ વાત ખોટી છે. કારણ કે અમને જ્યારે (પરિસ્થિતિ) જણાણી હતી ત્યારે કોઈ શ્વેતાંબરના પક્ષના પંડિતો બોલતા તો વિરોધ કરતા. લખ્યું છે. માર્ગ તો આ જ છે – એ તો પહેલેથી અંદરમાં છે. શ્વેતાંબર માર્ગ હોય તો શ્વેતાંબરમાં (તો) અમે હતા, અમારું માન ત્યાં ઘણું હતું. લોકો પ્રભુ તરીકે પૂજતા ! કારણ કે ક્રિયા એવી હતી, નાની ઉંમરમાં દુકાન સારી હતી ઈ છોડીને (દીક્ષા લીધી હતી). એટલે લોકો તો ગામડામાં, શહેરમાં જઈએ તો પ્રભુ તરીકે પૂજતા, પણ કીધું માર્ગ આ નથી, ભાઈ !

૬૬ વર્ષ પહેલાની વાત છે, મોટી દીક્ષા હાથીના હોદ્દે (લીધેલી). ભાઈને અમારા ઉપર બહુ પ્રેમ (હતો). (સંવત) ૧૯૮૭માં 'વીંછિયા'માં કીધું, માર્ગ આ નથી. આ વેશ એ સાધુપણું નથી. ભાઈ ! હું છોડી દેવાનો છું. મોટાભાઈને અમારો બહુ પ્રેમ હતો. પછી દુકાન છોડી. એટલું બોલ્યા કે, 'મહારાજ ! તમારી આબરુ મોટી છે, હળવે હળવે છોડજો.' નામ મોટું હતું. આહા..હા...! પછી તો અંતરમાંથી જ્યારે વાત બહાર આવી... આહા..હા...! ત્યારે કીધું, ભાઈ ! આ જૈનનું સાધુપણું પણ આવું ન હોય અને આ માર્ગ – શ્વેતાંબરનો જે માર્ગ છે ઈ જૈનધર્મ જ નથી. ભાઈ ! ૧૯૮૭ની વાત છે. 'વીંછિયા'માં ! નવો અપાસરો છે ને ? શું કહેવાય ઈ ? કઠોડો... કઠોડો ! બહાર હોય ને ? ત્યાં બોલાવીને ખાનગીમાં કીધું હતું, ભાઈ ! આ માર્ગ નથી, હું છોડી દેવાનો છું. ભાઈએ એમ કહ્યું, મહારાજ ! (પોતે) બહુ

સરળ હતા, ભદ્રિક હતા. ભલે વેપાર કરતા પણ ભદ્રિક હતા અને મનુષ્ય મરીને મનુષ્ય થયા છે એવો ખ્યાલ છે. આ તો બહુ સરળ હતા. (એમને કીધું), 'ભાઈ ! હું આમાં રહેવાનો નથી.' ૧૮૦૦ રૂપિયાનો ખર્ચ કરીને ૧૯૬૬માં હાથીના હોદ્દે દીક્ષા લીધી. ૬૬ વર્ષ પહેલાં ૧૮૦૦ (રૂપિયા ખર્ચ્યા હતા) ! 'માર્ગ નથી, ભાઈ ! આ માર્ગ નથી. અમને તો અંદરથી બીજી વાત આવી છે.' ૧૯૭૮માં ૐનો ધ્વનિ જ અંદરથી આવ્યો. (પછી) ૧૯૮૭માં કહી દીધું, હું આમાં નહિ રહું. આ જૈનધર્મ નથી.

હવે આ રીતે છોડ્યું (એની) પેલા મશ્કરી કરે કે, (સાધુએ) પૂછ્યું કે, 'તમે કેમ છોડ્યું ? તો જવાબ ન આપ્યો. એક કલાક મૌન રહ્યા.' આવી વાતું ! આહા..હા...! આવી વાત ક્યાં છે ? દિગંબર સંત સિવાય ક્યાંય છે જ નહિ. એમ અંતરથી આવ્યું. સમજાણું કાંઈ ? આહા..હા...! અને પૂર્વના સંસ્કાર હતા ખરા ને !

અહીં કહે છે, દ્રવ્ય અને ભાવ વેદ... આ..હા..હા...! એ જેને નથી એટલે આત્મામાં નથી. એટલે ? કે, જેને આત્માનું જ્ઞાન ને દર્શન અને અનુભવ થયો તેને પણ તેની પર્યાયમાં દ્રવ્ય અને ભાવ વેદનો અભાવ છે. પર્યાયમાં હોવા છતાં ! સમજાણું કાંઈ ? આહા..હા...! આવો માર્ગ !

ત્રણલોકનો નાથ અંદર નિર્વિકારી પ્રભુ બિરાજે છે ! જેની પર્યાય અંતરમાં વળી છે, જેની વર્તમાન પર્યાય દ્રવ્યમાં ઢળી છે એને... અહીં તો કહે છે કે, આત્માને નથી. પણ એનો અર્થ ઈ થયો કે, દ્રવ્ય અને ભાવ વેદ આત્માને નથી પણ આત્મા જેણે જાણ્યો એની પર્યાયમાં પણ એ ભાવ એના નથી. આ..હા..હા..હા...! એનું જ્ઞાન કરે, પણ એ જ્ઞાન કરે એનું કારણ વેદ નથી. સ્વપર પ્રકાશક જ્ઞાનનો સ્વભાવ હોવાને કારણે પોતાને જાણતા પરની અપેક્ષા રાખ્યા વિના જાણવું તેના કારણમાં દ્રવ્ય અને (ભાવ) વેદ કારણ નથી. તેમ એ જાણવાની પર્યાય દ્રવ્યવેદ અને ભાવવેદનું કારણ નથી. આ..હા..હા...! માર્ગ બહુ (ગંભીર). આવો માર્ગ છે, ભાઈ !

સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસક. નપુંસકને પણ સમકિત હોય છે. નારકી બધા નપુંસક છે. 'શ્રેણિક' રાજા અત્યારે પહેલી નરકમાં છે, છે નપુંસક પણ છતાં ક્ષાયિક સમકિત છે અને તીર્થંકર ગોત્ર સમયે સમયે ત્યાં બાંધે છે. તેથી અહીં તો એમ કહે છે, પ્રભુ ! આત્મામાં દ્રવ્ય અને ભાવ વેદ તો નથી પણ આત્માને જાણનારની પર્યાયમાં દ્રવ્ય અને ભાવ વેદનો આદર નથી. આહા..હા...! ગજબ વાતું છે ! ભાઈ ! પૈસાની કિંમત આમાં છે ? છોકરો

ચાર લાખ, પાંચ લાખ લોટરીમાં (કમાણો). ધૂળ ! મિથ્યાત્વ આવ્યું. 'મને આ મળ્યા' એ ભાવ મિથ્યાત્વભાવ છે. આહા..હા...!

મુમુક્ષુ :– ભલે મિથ્યાત્વભાવ છે પણ અત્યારે તો મળ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યાં મળ્યા છે એને ? એને તો મમતા મળી છે. આહા..હા...! આ તો એક દૃષ્ટાંત છે. અમારે આ બધાય છે ને ? મોટા વેપાર કરે છે. મોટી લાખોની પેદાશ.. આ ને આ.. ધૂળધાણી છે ! આ..હા...!

અહીં કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ ! આહા..હા...! વસ્તુ જે ભગવાનઆત્મા જેનો દ્રવ્યસ્વભાવ અનાદિ શુદ્ધ અને ચૈતન્યઘન છે, અવિકારી સ્વભાવનો એ પિંડ છે એને દ્રવ્ય અને ભાવ વેદ (નથી). આ..હા..હા...! નપુંસકનો વેદ કે પુરુષનો દ્રવ્યવેદ (નથી). આ..હા...! એ આવી ગયું હતું કે, જેને દ્રવ્યવેદનું ગ્રહણ નથી. એ તો આવી ગયું છે. દ્રવ્ય લિંગ જે છે તેનું કાર્ય આત્માનું નથી. એ તો જડનું છે. આવી ગયું હતું ને ? લિંગ કઠણ થાય... આહા..હા...! પ્રભુ... પ્રભુ... પ્રભુ ! તારી વાતું... સંતોએ જગતને જાહેર કરવા જગતને લજ્જા આવે એવી વાતું લખી નાખી છે. એ તો બ્રહ્મચારી છે, એને શું છે ? આહા..હા...!

એક તો એવી વાત છે, 'આદિપુરાણ'ના કર્તા નહિ ? 'જિનસેનઆચાર્ય' ! એમાં કથામાં એક (વાત આવે) છે. 'જિનસેનાચાર્યે' 'આદિપુરાણ' બનાવ્યું. એમાં એકવાર વિષયની, ભોગની એવી વ્યાખ્યા મૂકી. પોતે તો મહા બ્રહ્મચારી ! પણ એવી વાત મૂકી કે, સાંભળનાર લોકોના વીર્ય છૂટી ગયા !! આહા..હા...! અખંડાનંદ બ્રહ્મચારી હું છું. મારામાં વિષય અને દ્રવ્યવેદ છે જ નહિ. મારી પર્યાયમાં પણ દ્રવ્યવેદ અને (ભાવ)વેદનો આદર નથી. દ્રવ્યમાં નથી તેથી પર્યાયમાં આદર નથી. અને પછી વિષય આમ લેવા ને આમ કરે... એવી એણે સભામાં માંડી... એવી માંડી.. માંડી.. પોતે તો અંદર (અતીન્દ્રિય સ્વરૂપમાં છે). આહા..હા...! સાંભળનાર લોકોના વીર્ય છૂટી ગયા !

ઈ આમાં ન આવ્યું ? ભાઈ ! 'સમયસાર'માં ! બાળ, સ્ત્રી (આવ્યું છે). એને તો સત્ય કહેવું છે. બાળ, સ્ત્રી, પુરુષને ભોગ અને યોગ નથી પણ યુવાન થતી તે પુરુષને બાંધે છે. આવે છે ? એ તો સત્ય જાહેર કરવું છે એમાં (શું) ? આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! ત્યાં 'મુંબઈ'માં મળે એવું નથી. ત્યાં તો બધી હોળી છે. આહા..હા..! વાહ, પ્રભુ !

અહીં તો ભગવાનનો અવેદી સ્વભાવ (છે તેને) પુરુષ, નપુંસક અને સ્ત્રીવેદનું ગ્રહણ

નથી. ગ્રહણ નથી એટલે કે તેને પકડતો નથી. એને જાણવાનું કાર્ય પણ પોતાથી કરે છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ, જે જીવમાં દ્રવ્યવેદ અને ભાવવેદ નથી એવા દ્રવ્યનો જ્યાં અંદર સ્વીકાર અને સત્કાર થયો છે તો એની પર્યાયમાં પણ વિષયની વાસનાનો આદર નથી. દ્રવ્યવેદનો આદર નથી. આ..હા..હા..! પહેલું સ્ત્રી લીધું, નહિ ?

**'જેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી...'** પકડ નથી, આદર નથી, **'ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે;...'** આહા..હા..! લિંગનું જેને ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે. પુરુષવેદની વાસના, સ્ત્રીવેદની વાસના, નપુંસક(વેદની) વાસના અને દ્રવ્ય(વેદ) જેને તેની પકડ નથી, જેને તેનો આદર નથી એ અલિંગગ્રહણ છે. એ લિંગથી રહિત અલિંગગ્રહણ છે. આ..હા..હા..!

**'આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે...'** આહા..હા..! ખરેખર તો અકાર્યકારણ સ્વભાવ છે માટે રાગ અને નિમિત્ત દ્રવ્યનું કારણ નથી તેમ તેનાથી તેનું – આત્માનું જ્ઞાન થયું તે કાર્ય એનાથી નથી (થયું).

બીજું, આત્મામાં દૃષ્ટિની અપેક્ષાએ અભોક્તા નામનો ગુણ છે. આમ તો નયની અપેક્ષાએ કર્તા અને અકર્તા, ભોક્તા અને અભોક્તા બન્ને ગુણ છે. શું કહ્યું ઈ ? કે, ભગવાનઆત્મામાં દૃષ્ટિના વિષયની શક્તિની અપેક્ષાએ એક અકર્તા અને અભોક્તા નામનો ગુણ છે તો એ વિષયની વાસનાનો કર્તા પણ નથી તેમ તેનો ભોક્તા નથી, તો જડની ઇન્દ્રિયોનો કર્તા અને ભોક્તા તો હોય ક્યાંથી ? આહા..હા...! સમજાય છે કાંઈ ? પણ જ્યારે જ્ઞાનની વાત ચાલે ત્યારે એને વેદવાસનાનું પરિણમન પર્યાયમાં છે એમ જ્ઞાન જાણે. 'આ મારા છે' એમ દ્રવ્યની દૃષ્ટિ છે માટે માનતો નથી પણ પર્યાયમાં વાસનાનું જ્ઞાન થાય છે તેથી પર્યાયમાં વાસના છે. એના કર્તાપણે પણ પરિણમનારો હું છું એમ જાણે. એમ જાણે ! અરે.. અરે...! આવી વાતું ! એક કોર (કહે) એને નથી અને એક કોર કહે, એની પર્યાયમાં (છે). દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! પણ પર્યાયમાં જે રાગનું, વિષયની વાસનાનું પરિણમન છે એટલો કર્તાપણે જાણે છે અને એટલું ભોક્તાનું, વાસનાનું દુઃખનું વેદન છે એ પણ જાણે છે. સમજાય છે ?

નય અધિકારમાં કર્તા અને અકર્તા, ભોક્તા અને અભોક્તા બે લીધા પણ દૃષ્ટિના વિષય ને અધિકારમાં 'સમયસાર'માં અકર્તા અને અભોક્તા બે જ લીધા. કર્તા, ભોક્તા લીધું નથી. કારણ કે દૃષ્ટિનો વિષય અભેદ છે. આહા..હા...! પણ જ્ઞાન જે થયું એ જ્ઞાન

ત્રિકાળીમાં (વાસના) નથી એમ પણ જાણે છે અને પર્યાયમાં રાગની વાસના છે, વેદ છે એમ જાણે છે. આવી વાતું ! ઘડીકમાં હા અને ઘડીકમાં ના ! કઈ અપેક્ષા છે ? બાપુ ! સમજાણું કાંઈ ?

**'એ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી...'** આ..હા..હા...! **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** એનો અર્થ એ છે, દ્રવ્યમાં એ નથી તેથી દ્રવ્યદૃષ્ટિવાનને પણ પર્યાયમાં તેનું વેદન અને ભોક્તાપણું નિશ્ચયથી નથી. આહા..હા...! પર્યાયદૃષ્ટિમાં છે ઈ વ્યવહાર છે. અરે.. અરે...! સમજાણું કાંઈ ? આવો માર્ગ ! એ સોળ બોલ થયા.

૧૭. **'લિંગોનું એટલે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી...'** આહા..હા...! શું કહે છે ? ધર્માત્મા – જે દ્રવ્ય ધર્મી થયો એ દ્રવ્યમાં, દ્રવ્યલિંગના નગ્નપણું અને દ્રવ્યલિંગના અઠ્યાવીસ મૂળગુણો દ્રવ્યમાં નથી. આ..હા..હા...! અંદર યતિના જે લિંગો છે – વિકલ્પ આદિ, અઠ્યાવીસ મૂળગુણ, પંચ મહાવ્રત (આદિના) વિકલ્પ.

આ..હા..હા...! **'લિંગોનું એટલે ધર્મચિહ્નોનું...'** મુનિના ધર્મચિહ્ન એટલે રાગાદિ અને નગ્નપણું દ્રવ્યમાં નથી, આત્મામાં એ નથી અને તેથી તેની આત્માની પર્યાયમાં પણ દ્રવ્યલિંગ અને ભાવલિંગનો આદર નથી. તેનું જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ ? પહેલાં વેદનું (આવ્યું) હતું અને સાધુપણાના આ દ્રવ્યલિંગ અને ભાવલિંગ જે ચિહ્ન છે. અહીં તો સમકિતીની વાત છે ને ? આ ધર્મ સમકિતીને માટે છે. જેને દ્રવ્યદૃષ્ટિ થઈ છે... તેને આત્માને. એમ (કહેવું છે). અને તેને – આત્માને યતિના બાહ્યલિંગો એનામાં નથી. એ વ્યવહારના પંચ મહાવ્રતના વિકલ્પ ઊઠે અને નગ્નપણું, એ બધું વસ્તુમાં નથી અને વસ્તુમાં નથી તેથી વસ્તુની દૃષ્ટિવંતની પર્યાયમાં પણ (તેનો) આદર નથી. આહા..હા...! સમજાણું ?

એક જણ કહેતો હતો. બ્રહ્મચારી નહિ ? 'ઉદયપુર'ના ! 'સ્વાધ્યાય મંદિર'માં પ્રશ્ન કર્યો હતો કે, મુનિ આ વસ્ત્ર ઉતારે કે નહિ ? અને ત્યાં 'ઉદયપુર' ગયા હતા તોપણ ખાનગીમાં પૂછે કે, 'પણ પર્યાય તો એની છે કે નહિ ?' ભાઈ ! સાંભળ, બાપુ ! અહીંયાં તો પર્યાયમાં છે ઈ વાત જ્ઞાન જાણે પણ દૃષ્ટિના દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિમાં એ લિંગો છે જ નહિ. આહા..હા...! પહેલા દૃષ્ટિના વિષયના સ્વીકાર વિના પર્યાયનું જ્ઞાન યથાર્થપણે કરી શકે નહિ, એમ કહે છે. શું કીધું ઈ ?

દ્રવ્યમાં, આ જે લિંગો (છે), મુનિપણાના, પંચ મહાવ્રતના કે નગ્નપણું તો વસ્તુમાં છે જ નહિ, એ તો જડ છે, વિકલ્પ પણ જડ છે અને નગ્નપણું તો તદ્દન જડ છે. એ આત્મામાં

તો નથી પણ આત્મા જેની દૃષ્ટિમાં આવ્યો એની પર્યાયમાં પણ એનો આદર નથી. આહા..હા...! આવું કામ છે. અહીં તો બહારમાં વેશ લઈને (બેસી જાય). અત્યારે તો મૂળગુણના પણ ક્યાં ઠેકાણા છે ? એને માટે ચોકા કરીને લ્યે અને આ બધા શેઠિયા આપે (અને માને કે) આહાર-પાણીના દાન આપ્યા. પાપ કર્યું છે. આહા..હા...! બહુ આકરું કામ, બાપા ! પ્રભુનો માર્ગ કોઈ સરળપણાનો છે. આહા..હા...!

કહે છે કે, **'લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું...'** એ ધર્મના ચિહ્નો છે. પંચ મહાવ્રત આદિ વિકલ્પ અને નગ્નપણું – એ ચિહ્નોનું **'ગ્રહણ જેને નથી...'** આહા..હા...! એના દ્રવ્યમાં નથી અને દ્રવ્યની દૃષ્ટિવંતની પર્યાયમાં પણ તેનો આદર નથી. આહા..હા...! યતિનું જે અંતર અને બાહ્ય લિંગ (છે એ) બન્નેનો જ્ઞાની – ધર્માત્માને આદર નથી. આહા..હા...! એને ઠેકાણે અત્યારે તો બાહ્ય નગ્નપણું (લે અને) પંચ મહાવ્રતના કાંઈક પરિણામ થાય એટલે ઓ..હો..હો...! (થઈ જાય). સમજાણું કાંઈ ? આવી વાતું !

'અમૃતચંદ્રાચાર્ય' સંત મુનિ દિગંબર આચાર્ય પોકાર કરીને કહે છે કે, વેદના, લિંગના, યતિના આચરણનો રાગ એ અમારામાં નથી. અમારે તો એ પરજ્ઞેય તરીકે જાણવામાં છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એક પણ ન્યાય ફરે તો આખું તત્ત્વ ફરી જાય, બાપુ ! આ (તો) ભગવાન ત્રણલોકના નાથ ! કેવળીઓના કેડાયતો – સંતોની કથની છે. આહા..હા...!

ધર્મના ચિહ્નો એમ કીધું ને ? ભાઈ ! વ્યવહારક્રિયા, નગ્નપણું, પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણ, એના માટે (થયેલો) આહાર ન લેવો (એવો) વિકલ્પ એ બધા ધર્મના ચિહ્નોનું **'ગ્રહણ જેને નથી...'** જેના જ્ઞાનમાં, જેના દ્રવ્યમાં તેની પકડ નથી. આ..હા..હા...! **'તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બહિરંગ...'** એટલે નગ્નપણું આદિ. આહા..હા...! **'(બાહ્ય) યતિલિંગોનો અભાવ છે...'** ઈ બાહ્યકૃત છે. નગ્નપણું અને પંચ મહાવ્રતના પરિણામ પણ બાહ્ય છે. આહા..હા...! છે ? **'બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે...'** આહા..હા...!

'સમાધિશતક'માં એક (વાત) આવે છે. (એક જણ કહેતો હતો કે), 'જુઓ ! આમાં આવું લિંગ હોય એના આગ્રહની ના પાડે છે.' ઈ તો 'આનાથી મને લાભ થાય' એ આગ્રહની ના પાડે છે, પણ લિંગ તો એ જ હોય. મુનિ સાચા હોય એને તો નગ્નપણું જ હોય અને અઠ્યાવીસ મૂળગુણના જ વિકલ્પ હોય. હોય તો એ જ હોય. તેનો એ આગ્રહ ન કરે કે, આનાથી મને લાભ થાય અને ધર્મ થાય. ઈ પ્રશ્ન આવ્યો હતો (કે), 'સમાધિશતક'માં આમ કહ્યું છે. 'ગમે તેવું લિંગ હોય, લિંગનો આગ્રહ ન કરવો.' પણ લિંગનો આગ્રહ ન

કરવાનો અર્થ શું ? નગ્નપણું છે એ મારું છે, ધર્મ છે અને ધર્મનું સાધન છે એમ આગ્રહ ન કરવો. સમજાણું કાંઈ ? મુનિ સાચા ભાવલિંગી સંત હોય એને અંતર આનંદના ઘૂંટડા આવતા હોય છતાં એને બાહ્યમાં વિકલ્પ અને નગ્નપણું હોય જ. સમજાણું કાંઈ ? છતાં એનાથી કલ્યાણ થાશે એમ નથી. અરે... અરે...! આવી વાતું ! 'સમાધિશતક'માં છે. આવો આગ્રહ ન કરવો. (લાવીને કહ્યું કે), 'જુઓ ! આમાં આગ્રહની ના પાડી છે.' કીધું, શું કીધું છે ? ત્યાં તો એને પરિગ્રહ છે જ નહિ અને સંયોગની વિશેષતાએ અંદરમાં મમતા વિશેષ છે, એમ છે જ નહિ. આહા..હા...! ચક્રવર્તીના રાજ હોય તોપણ એકત્વબુદ્ધિ અને મમતા (તોડી) દે છે, અસ્થિરતાનો ભાવ રહી ગયો છે અને મુનિ થઈને કાંઈ સંયોગ ન હોય, નગ્ન થઈને ફરે છતાં અંદરમાં રાગની એકતાથી ધર્મ છે એમ માને છે એને અંદર બધા ભાવ પડ્યા છે, પરિણામમાં બધા ભાવ પડ્યા છે. આહા..હા...! ભલે સંયોગ છૂટી ગયો છે, પણ સંયોગીભાવ (છે). સંયોગ – ચીજ છૂટી ગઈ પણ સંયોગી રાગાદિનો ભાવસંયોગ છે એનો જ્યાં આદર છે એ પૂરો મિથ્યાદૃષ્ટિ છે. શું કહ્યું એ સમજાણું ? મુનિ હોય એને પંચમહાવ્રતના વિકલ્પો આવે. તેનું જ્ઞાન થયું પણ પર્યાયમાં તેનો આદર નથી. અરે.. અરે..! આવી વાતું ! ક્યાં ફેર પડે છે ?

**'ધર્મચિહ્નોનું ગ્રહણ...'** નામ પકડ **'જેને નથી...'** મારા છે, એમ એ માનનારો નથી. આહા..હા...! તે માટે ગમે તેવું લિંગ હોય, એમ કહે છે. એમ નથી. હોય તો આવું જ હોય પણ એના દ્રવ્યમાં નથી અને અનુભવની પર્યાયમાં પણ એનો આદર નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? **'આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે...'** બાહ્ય જે યતિલિંગ – પુણ્યના, દયા, દાનના, પંચ મહાવ્રતના પરિણામ એ બાહ્ય લિંગ છે, અંતરનું નહિ. આહા..હા...!

'લિંગેણ' આવ્યું હતું ને ? ભિન્ન ભિન્ન પ્રકારના લિંગથી આત્મા જણાય છે. લિંગ એટલે ગુણ. ત્યાં લિંગ એટલે ગુણ છે. 'પ્રવચનસાર'માં આવ્યું છે. પહેલા સામાન્યદ્રવ્યની વાત કરી પછી જીવ, અજીવ, લોકાલોક પછી ક્રિયાવર્તી અને ભાવવર્તી શક્તિ પછી લિંગથી વાત કરી. 'લિંગેણ' દરેક દ્રવ્ય તેના લિંગથી જણાય એટલે તેના ગુણથી જણાય. ત્યાં એ લિંગ એટલે ગુણ. અહીં લિંગ એટલે વિકલ્પ અને નગ્નપણું. સમજાણું કાંઈ ? આવો માર્ગ છે, ભાઈ ! એનાથી ઓછું, અધિક ને વિપરીત માને (તો મિથ્યાત્વ થાય છે). સમજાણું કાંઈ ?

અરે...! જન્મ-મરણ રહિતની વાતું, બાપા ! આહા..હા...! ભવના અંતની વાત ! વસ્તુમાં

ભવ છે નહિ અને વસ્તુમાં (ભવ) નથી તેનું ભાન થયું એને હવે ભવ નથી. એકાદ-બે ભવ હોય પણ તે જ્ઞાનના જ્ઞેય તરીકે જાણે છે. સમજાણું કાંઈ ? થોડું સમજવું ઝીણું પડે. ન સમજાય તો રાત્રે પૂછવું. આહા..હા...!

બે વાત શું કરી સમજાણી ? 'પ્રવચનસાર'માં કહ્યું કે, દરેક દ્રવ્ય પોતાના લિંગથી જણાય છે. એ લિંગ એટલે ગુણ. જ્ઞાનથી આત્મા જણાય, વર્ણ-ગંધથી જડ જણાય એમ એના ગુણથી (જણાય). એ લિંગ જુદું અને આ લિંગ જુદું. આહા..હા...! આ લિંગ તો અંદર જે પંચ મહાવ્રતનો વિકલ્પ છે અને નગ્નપણું (છે) એને અહીં બાહ્ય લિંગ કીધું. વસ્તુના સ્વરૂપમાં નથી માટે એને બાહ્ય લિંગ કીધું. પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણ જે છે એ બાહ્ય છે, વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા...!

ત્યારે કેટલાક એમ કહે છે ને ? જુઓ ! લિંગો એમાં નથી તો પછી ગમે તેવું (લિંગ) હોય. 'ભરત' ચક્રવર્તી અરીસાભુવનમાં દાગીના, લૂગડાં હતા અને કેવળ(જ્ઞાન) પામ્યા છે. (એ) ખોટી વાત છે. મુનિપણાનો ભાવ પ્રગટ્યા વિના કેવળજ્ઞાન આવે જ નહિ. અરીસાભુવનમાં તો એણે નવ કોટિનો ત્યાગ કર્યો હતો. વસ્ત્ર અને દાગીના પહેર્યા છે અને મુનિ થઈ ગયા છે કે કેવળી થયા છે, એ વાત ત્રણકાળમાં સાચી નથી. આ..હા...! અહીં તો જે ન્યાય છે એ રહેશે. આડુંઅવળું કાંઈ (ચાલશે નહિ). એમ કહે છે, અમારી દીક્ષામાં પણ એમ ગાયું હતું. 'ભરત' ચક્રવર્તી વસ્ત્રસહિત કેવળ પામ્યા. આહા..હા...! એવી વાત ૬૬ વર્ષ પહેલાં (બોલતા). બધી ખોટી વાતો ! કેવળ થાય તેને મુહપત્તી હોય જ નહિ અને વસ્ત્ર હોય જ નહિ. આહા..હા...! પણ છતાં એ વસ્ત્રરહિતપણું અને પંચમહાવ્રતપણું સ્વભાવમાં નથી. એ જાણવાલાયક ચીજ છે. આહા..હા...! આવું છે. એ સત્તર બોલ થયા.

૧૮. **'લિંગ એટલે કે ગુણ...'** જોયું ? **'એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી...'** આ..હા..હા...! શું કહે છે ? આત્માને ગુણ એવું ભેદપણું નથી. આત્મા ગુણી અને જ્ઞાન ગુણ એવું ભેદપણું વસ્તુમાં નથી. આહા..હા...! ૧૮-૧૯-૨૦ (આ) ત્રણ બોલ આકરા છે.

**'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ...'** એટલે કે ગુણીનો ગુણનો ભેદ, તેની પકડ એ અર્થાવબોધ. શબ્દ તો આવો છે – અર્થાવબોધ (એટલે) એટલે અર્થનું જ્ઞાન. પણ ઈ એકલું જ્ઞાન ન લેવું. બધા ગુણો લેવા. શબ્દ તો જ્ઞાનપ્રધાનતા(થી) કથન છે. અર્થાવબોધ – પદાર્થનો બોધ. એટલે પદાર્થના ગુણ એમ લેવું. સમજાણું કાંઈ આમાં ? એ જ્ઞાનપ્રધાનતાથી

કથન કર્યું. પણ એના જેટલા ગુણ છે તે ગુણનો ગુણીમાં ભેદ નથી. એ તો અભેદ ચીજ છે. આહા..હા...! આવી વાતું !

**'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ...'** એટલે ? ગ્રહણ એટલે ? અર્થાવબોધ (અર્થાત્) પદાર્થનો – ગુણીનો ગુણ. **'તે જેને નથી...'** (અર્થાત્) એવો ભેદ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ગજબ વાતું છે ! જેના સ્વભાવમાં પંચ મહાવ્રત આદિના વિકલ્પો (અને) જડની પર્યાયો તો નથી પણ આ આત્મા ગુણી છે અને આ ગુણ છે, એવો ભેદ પણ જેની દૃષ્ટિમાં નથી. વસ્તુમાં એવો ભેદ નથી. સમજાણું કાંઈ ?

**'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન)...'** એટલે પદાર્થનો ગુણ. પદાર્થ તો ગુણી છે તેનો ગુણ. **'તે જેને નથી...'** ગુણીને ગુણ નથી. અરે..રે...! આવી વાતું ! (અહીં) શબ્દ તો 'જ્ઞાન' લીધો પણ અહીં તો ગુણીને ગુણનું વિશેષપણું નથી. એ તો સામાન્ય છે. આહા..હા...! ધીમેથી સમજવું, ભાઈ ! આ તો ત્રણલોકના નાથ જિનેશ્વરની વાણી છે. મુનિઓ કહે છે એ કેવળીની વાણી છે. શું કહ્યું ઈ ?

**'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે...'** ગુણી અને ગુણનું ગ્રહણ એટલે કે ગુણી અને ગુણની વિશેષતા. **'તે જેને નથી...'** ગુણી એવું જે સામાન્ય દ્રવ્ય તેમાં ગુણ એવો જે વિશેષ, તે એનામાં નથી. આહા..હા...! ધીમેથી સમજવું, ત્રણ બોલ બહુ ઝીણા આવશે. આ અઢારમો ઝીણો છે, ઓગણીસ ઝીણો અને વીસમો બહુ ઝીણો છે. આહા..હા...! આવા પર્યુષણના કાળમાં... અલૌકિક વાત છે, બાપા !

**'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી...'** આહા..હા...! ગુણીને ગુણનો ભેદ નથી, સામાન્યને વિશેષપણું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ...'** એટલે ? ગ્રહણ એટલે ? પદાર્થના ગુણો તે જેને નથી. સામાન્ય અને વિશેષ ગુણો – એવો ભેદ નથી. સામાન્યમાં ગુણનું વિશેષપણું એ એનામાં નથી. આહા..હા...!

રાગ તો નથી, જડની ક્રિયાઓ તો એમાં નથી પણ એ ગુણીમાં ગુણનું વિશેષપણું તે પણ સામાન્યમાં નથી. ફરીને ધ્યાન રાખો, ભાઈ ! આ તો વીતરાગના મંત્રો છે. આ કાંઈ વાર્તા-કથા નથી. આ તો ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાનની પાસે ગયા અને આ વાત લાવ્યા હતા. મુનિને અંતર અનુભવ તો હતો, એ તો ચારિત્રવંત (હતા) પણ આવી સ્પષ્ટતા લાવ્યા. 'અમૃતચંદ્રાચાર્યદેવ' ગયા પણ નથી પણ અંદરમાં જઈને લાવ્યા. અંદર આ

ભગવાન પાસે ગયા હતા. આહા..હા...!

કહે છે કે, **'લિંગ એટલે કે ગુણ...'** જેને નથી. એમ આવ્યું ને ? **'ગુણ એવું જે ગ્રહણ એટલે કે...'** પદાર્થો છે તેના ગુણો. પદાર્થ છે તેના ગુણો. **'તે જેને નથી...'** આહા..હા...! એટલે ? કે, **'આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત...'** આ..હા..હા...! ભગવાનઆત્મા ત્રિકાળી સામાન્ય વસ્તુ છે તે ગુણવિશેષને સ્પર્શતો નથી. આ..હા...! સમજાણું કાંઈ ? આ છેલ્લા ત્રણ બોલ ઘણા આકરા છે. આહા..હા...! અમૃતની ધારા (વહે છે) !

કહે છે કે, વસ્તુ સામાન્ય જે છે – ગુણી એને ગુણવિશેષનો સ્પર્શ નથી. વિશેષને તે અડતો પણ નથી. એમાં છે ને સામે ? પાઠ છે કે નહિ અંદર ? આહા..હા...! એ રીતે લિંગ એટલે કે પદાર્થના વિશેષ ગુણો, એ જે લિંગ **'તે જેને નથી તે અલિંગગ્રહણ છે;...'** ગુણી એવો જે ભગવાનઆત્મા દ્રવ્ય તેને ગુણ એવા જે વિશેષ, એવું વિશેષપણું સામાન્યને નથી. આહા..હા...! દ્રવ્યસ્વભાવ જે ત્રિકાળ, એને ગુણના વિશેષનું આલિંગન નથી, ગુણના ભેદનો સ્પર્શ નથી. આહા..હા...! રાગનો સ્પર્શ તો ક્યાંય ગયો. મહાવ્રતના પરિણામ એ તો એના પર્યાયમાં પણ નથી અને પેલામાં (–સ્વરૂપમાં) પણ નથી, આ તો ગુણ છે, પણ એ દ્રવ્ય જે વસ્તુ છે એ દ્રવ્ય સામાન્ય જે છે તે વિશેષને દ્રવ્ય સ્પર્શતું નથી. તે ગુણ એવા વિશેષ ભેદને તે અભેદ સ્પર્શતું નથી. આહા..હા...! આવું છે.

ત્રીજી ગાથા એમ કહે, 'સમયસાર'(ની) ત્રીજી ગાથા ! દરેક દ્રવ્ય પોતાના ધર્મને સ્પર્શે છે. એ બીજી વાત છે. ત્રીજી ગાથા ! **'एयत्तणिच्छयगदो'** ત્યાં શું કીધું ? કે, દરેક વસ્તુ પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે પણ પરને સ્પર્શતું નથી ઈ ત્યાં સિદ્ધ કરવું છે. પરને સ્પર્શતું નથી એ સિદ્ધ કરવું છે અને અહીંયાં સામાન્ય જે ત્રિકાળ વસ્તુ છે તે વિશેષને અડતી પણ નથી, સ્પર્શતી નથી. વાત બેસે છે ? ભાઈ ! આહા..હા...! વીતરાગતાના વ્હેણ વાવ્યા છે ! વેણલા ભલે વાવ્યા વીતરાગતાના, હોં ! આહા..હા...! આ તો બાયું, છોકરાઓ (પાસે) બોલે ને ? 'વેણલા ભલે વાવ્યા રે...'

આ તો કહે છે કે, ગુણી ગુણને – વિશેષને સ્પર્શતો નથી એવું એનું સ્વરૂપ છે. દૃષ્ટિનો વિષય જે સામાન્ય (છે)... આહા..હા...! વિશેષ એવા જે ગુણો તેને તે અડતો નથી, સ્પર્શતો નથી, આલિંગન કરતો નથી. આહા..હા...! અહીં જે પરને આલિંગન કરે એ આલિંગન તો કરતો જ નથી. આ એને અડતો પણ નથી. સમજાણું કાંઈ ? પછી રાગ થાય તેને પણ અડતો નથી. આ અપેક્ષાએ. નહીંતર પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે છે. ઈ પરથી જુદું પાડવાની

અપેક્ષાએ (વાત છે). સમજાણું કાંઈ ? આહા..હા...!

હવે, અંદરમાં વસ્તુ જે છે વસ્તુ, અભેદ... જે ગુણ પી ગયું છે. અભેદમાં ભેદ દેખાતો નથી. ઈ આવી ગયું છે, ભાઈ ! સાતમી (ગાથામાં). અભેદમાં ભેદ દેખાતો નથી. કેમકે અભેદ તે ભેદમાં આવતો નથી. આહા..હા...! દૃષ્ટિ જ્યાં અંદરમાં પડે છે ત્યાં અભેદ ઉપર દૃષ્ટિ પડે છે. આ ગુણ છે અને આ ગુણી છે એવા ભેદ દૃષ્ટિમાં આવતા નથી. આ..હા..હા...! છે ?

**'તે જેને નથી...'** ગુણની વિશેષતા જેને નથી. **'આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત...'** આ..હા..હા...! **'એવું શુદ્ધ દ્રવ્ય છે...'** એવું શુદ્ધ દ્રવ્ય છે. **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'**

વિશેષ કહેવાશે...

## ભાદરવા સુદ ૯, શુક્રવાર તા. ૩૧-૦૮-૧૯૭૯
## ગાથા – ૧૭૨
## પ્રવચન નંબર–૧૮૨

'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. અલિંગગ્રહણ(નો) અઢારમો બોલ ચાલ્યો ને ? સપનામાં એમ આવ્યું, કો'ક પૂછતું હતું કે અઢારમો બોલ ફરીને લેવો. એમ સપનામાં આવ્યું હતું. કોઈ વૃદ્ધ માણસ હતો, યાદ નથી. ઊંઘ ઓછી ને ! એક વૃદ્ધ માણસ આવ્યો હતો (એણે કહ્યું), 'મહારાજ ! આ ગુણનો બોલ ફરીને લ્યો.' કીધું, લઈશું, હોં ભાઈ ! ઈ કો'ક ૬૫-૭૦ વરસનો વૃદ્ધ આદમી હતો. જાણીતો હતો, એણે પૂછ્યું કે, 'આ ગુણનો બોલ ફરીને વધારે લ્યો.' કીધું, લઈશું ભાઈ હોં !

મુમુક્ષુ :– સવારે આપે કીધું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કહ્યું હતું. આહા..હા...!

ભાઈ ! ભગવાન ! તારી ચીજ એવી છે, પ્રભુ ! અત્યારે શું કરવું ? અત્યારે પ્રવાહ આખો ફેરફાર થઈ ગયો. આહા..હા...! ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે (છે) કે, પ્રભુ ! તું કોણ છો ? તું તો દ્રવ્ય છો. દ્રવ્ય એટલે વસ્તુ છો. આહા..હા...! એ વસ્તુ પરને તો સ્પર્શતી નથી, પરને તો અડતી નથી. આવી વાતું છે. એ કર્મને અડતી નથી. આહા..હા...! એ રાગને સ્પર્શતી નથી. પ્રભુ ! વાત એવી છે. (અત્યારે) ભક્તિવાળાને દેવ-ગુરુની ભક્તિ કરે તો જાણે કલ્યાણ થશે, ક્રિયાકાંડીઓને (એમ લાગે છે કે), આ રાગ ને દયા, વ્રત અમે પાળીએ તો (કલ્યાણ થાય). અરે..રે...! ભાઈ ! માર્ગ કોઈ જુદો છે. આહા..હા...!

અહીંયાં તો ત્યાં સુધી કહ્યું, **'લિંગ એટલે કે...'** છે ? **'ગુણ...'** લિંગ એટલે ગુણ. આમ તો કાલે કહ્યું હતું કે, લિંગ જે ગુણ છે તેનાથી તે જણાય. એ જાણવાની અપેક્ષાએ વાત

થઈ. પણ અહીં ગુણ જે છે... આહા..હા...! **'એવું જે ગ્રહણ...'** ગુણ એવું જે... છે ? **'ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ...'** એટલે કે ગુણસ્વભાવ. (આમાં એટલું સમજવું કે), આ કથન જ્ઞાનથી કર્યું છે. અર્થાવબોધ – પદાર્થનું જ્ઞાન તે જેને નથી. આહા..હા...! એટલે ? ભગવાનઆત્મા ! સચ્ચિદાનંદ પ્રભુ ! એવી જે ચીજ છે તે ગુણને ગ્રહણ કરતી નથી. ગુણનો ભેદ છે તેને એ ગ્રહણ કરતી નથી. આહા..હા...! ઝીણું (છે), ભાઈ ! આહા..હા...! જન્મ-મરણના અંતની વાતું કોઈ અલૌકિક છે, ભાઈ !

કહે છે, પ્રભુ ! તારામાં જે ગુણ છે ને ? જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, એવા જે અનંત ગુણ છે... આહા..હા...! તેને... આહા..હા...! **'તે જેને નથી...'** ગુણ જેને નથી. આહા..હા...! શું કહ્યું ? ભાઈ ! આ તો ધર્મની વાતું છે. ત્રણલોકના નાથની આજ્ઞાનું આ ફરમાન છે... આહા..હા...! કે, તારામાં જે ગુણ છે ને ? જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એ ગુણી એવું જે દ્રવ્ય, જ્ઞાન આદિ અનંત ગુણને તે અડતો નથી, સ્પર્શતો નથી. શાંતિથી સમજવા જેવી વાત છે, બાપુ ! આહા..હા...!

**'ગુણ એવું જે ગ્રહણ...'** ગ્રહણ એટલે ? **'અર્થાવબોધ તે જેને નથી...'** એમ. વસ્તુ જે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એને ગુણની વિશેષતા, ગુણ એનો વિશેષ ભાવ છે તે તેને નથી. જે વિશેષ ભાવ છે તે તેને નથી. આહા..હા...! અહીં તો હજી પુણ્યને અધર્મ ક્યાં કહ્યો ? એ અમને કહો, નહીંતર અમે (ન માનીએ). અર..ર..ર...! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! ૮૩ ગાથામાં ન કહ્યું ? પુણ્ય તે જૈનધર્મ નથી. ભાઈ ! 'ભાવપાહુડ' ! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ (હોય) એ જૈનધર્મ નથી, એ વસ્તુનો ધર્મ નથી. ભાઈ ! આવી વાતું છે, બાપા ! આહા..હા...! અરે..રે...! દુનિયાને એ વાત કહેતા એવું લાગે કે, આ એકાંત છે. પ્રભુ ! સાંભળ, ભાઈ ! (આ) સમ્યક્ એકાંત છે. નય છે ને ? સમ્યક્ એકાંત છે.

જેની દૃષ્ટિ – ધર્મીની દૃષ્ટિ જે દ્રવ્ય ઉપર પડી છે એ દ્રવ્ય, ગુણને સ્પર્શતું નથી. એવી (વસ્તુ) દૃષ્ટિમાં છે. ધીમેથી સમજવું, ભાઈ ! અનંતકાળથી આ દુઃખી પ્રાણી છે. ચોરાશીના દુઃખમાં (પીલાઈ રહ્યો છે). આહા..હા...! જુઓને ! આ 'મોરબી'ની (વાત નથી આવી ?) એક સિનેમામાંથી ૩૫૦ મડદા નીકળ્યા. કારણ કે શનિવારનો દિવસ (હતો એટલે) પૈસા ભરીને (ફિલ્મ) જોવા ગયા હશે. સાડા ત્રણ વાગે શનિવાર, અને શનિવારે સિનેમા ઉઘાડુ (રહે). આહા..હા...! બાપુ ! કેટલી હોંશે ગયા હશે ? અને પૈસા ભરીને સિનેમા જોવા (ગયા

હશે) એમાં પાણી આવ્યું. વીસ ફૂટ ! એક મિનિટે એક ફૂટ, બે, આઠ-દસ મિનિટે દસ ફૂટ, ત્યાં થઈ રહ્યું...! અરે...! પાંચ-છ ફૂટ થાય તો થઈ રહ્યું. આહા..હા...! અને એ પાણીના દળનું જોર આવતું હોય ત્યાં એની સામે બહાર નીકળવાનું પણ થઈ શકે નહિ. બહાર ક્યાં નીકળે ? ત્યાં પણ પાણીનું જોર (હોય). એવા મરણ વખતે એને શું થતું હશે ? આહા..હા...! તરફડિયા મારી દેહ છૂટે. પણ એ દેહ એનો છે નહિ, કહે છે. દેહ એનો નથી પણ કર્મ જે છે એ એના નથી. ભગવાન ! તું કર્મ તો નથી પણ તેને રાગ પણ નથી. ભાઈ ! કહ્યું ને ? પુદ્‌ગલ પરિણામ કહ્યા. પુણ્યને પુદ્‌ગલ પરિણામ કહ્યાં. પ્રભુ ! આહા..હા...! અને જીવ અધિકારમાં એને અજીવ કહ્યાં. પુણ્ય પરિણામ એ જીવ નહિ, બાપુ ! આહા..હા...! એ જીવને લાભકર્તા નહિ.

અહીં તો કહે છે, આહા..હા...! આ તો બધા જુવાન, વૃદ્ધો, બાળકો, માતા, બેનું, દીકરીયું બધાને સમજવા જેવી વાત છે, બાપા ! આહા..હા...! અત્યારે પ્રવાહ ચાલતો નથી એટલે લાગે કે, આ તો એકાંત નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય (છે). ભાઈ ! નિશ્ચય એટલે સત્ય. આ નવા આવે છે ને ? 'શ્રીમદ્'વાળા આવે એને એવું લાગે કે, પરની ભક્તિ-બક્તિ કરવી એ ધર્મ નહિ !

અહીં તો (કહે છે), એ તો નહિ પણ પ્રભુ ! એકવાર સાંભળ ! તારો નાથ અંદર પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ ! એ દ્રવ્ય છે તે ગુણને અડતું નથી. સામાન્ય જે વસ્તુ છે એ વિશેષમાં આવતી નથી, વિશેષને અડતી નથી. આહા..હા...! પ્રભુ... પ્રભુ...! તારી વાતું બીજી છે, બાપા ! આહા..હા...! પણ વિશેષનું લક્ષ જાય તો તો રાગ થાય. દૃષ્ટિમાં એને એ (અભેદ) વિષય ન આવે. એ માટે કહે છે. શું કહ્યું ઈ ?

સામાન્ય જે ગુણી છે, ગુણના લક્ષમાં જો આવે, લક્ષ કરનારો ગુણના ભેદના લક્ષમાં આવે તો તો રાગ ઊઠે. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે..રે...! આહા..હા...! દેવ-ગુરુની ભક્તિ, પરદ્રવ્યની ભક્તિ તો રાગ (છે) અને પ્રભુએ તો ત્યાં સુધી કહ્યું કે, **'परदव्वादो दुग्गई'** પ્રભુ ! આહા..હા...! ત્રણલોકનો નાથ એમ કહે, મારી ભક્તિ(નો ભાવ આવે) એ તારી દુર્ગતિ છે. 'મોક્ષપાહુડ' સોળમી ગાથા છે ને ? આહા..હા...! દુર્ગતિ છે, પ્રભુ ! ચૈતન્ય ભગવાન ! એ રાગમાં આવ્યો ઈ ચૈતન્યની ગતિ નહિ. ઈ ચૈતન્યની પરિણતિ, દશા નહિ. આ..હા..હા..હા...! એ તો નહિ... આહા..હા...! પણ ભગવાનઆત્મા વસ્તુ છે ને ? ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ ! એ વસ્તુ છે એ ગુણના વિશેષને સ્પર્શતી નથી. સામાન્ય જે જ્ઞાયક

ત્રિકાળી વસ્તુ છે એ વિશેષ ગુણના ભેદને સ્પર્શતી નથી. અરે..રે...!

એક કોર ત્રીજી ગાથામાં એમ કહે, એ કાલ કહ્યું હતું કે, દરેક વસ્તુ (અર્થાત્) ભગવાનઆત્મા અને આ પરમાણુ જડ, માટી. આ એક પરમાણુ નથી, અનંત પરમાણુ (છે). (એના) કટકા કરતાં કરતાં છેલ્લો Point રહે એ પરમાણુ (છે). પરમ-અણુ (એટલે) નાનામાં નાનો ભાગ, એમાં પણ પરમાણુના અનંત ગુણ (છે). આ..હા...! એ દ્રવ્ય તે (બીજા પરમાણુ) દ્રવ્યને અડતું નથી. એ તો નથી અડતું પણ અહીંયાં દ્રવ્ય જે વસ્તુ છે તે પોતાના ગુણના વિશેષ ભાગને સ્પર્શતી નથી. અરે..રે...! આવી વાતું ! ભાઈ ! છે ? આ 'સોનગઢ'નું છે ? પેલા કહે કે, 'સોનગઢિયા' ! અરે...! પણ પ્રભુ ! શું કરે છે તું ? આહા..હા...!

એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય એ કહેવા માટે કહે છે કે, એ દ્રવ્ય (છે) તે ગુણના વિશેષને સ્પર્શતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? બહુ કામ (આકરું) ! આહા..હા...! સપનામાં આવ્યું, કીધું ને ઈ ? કો'કે પૂછ્યું. કારણ કે ઊંઘ ઓછી ને ? આખી રાત ઊંઘાણું નહિ. કોણ જાણે શું થયું અંદર ? પડ્યા રહીએ પછી એમને એમ. (એમાં) આ કાંઈક આવ્યા કરે. ધર્મનો વરઘોડો નીકળ્યો છે ને... અને અહીં એક માણસ આવીને ઊભો રહ્યો (અને કહ્યું), 'મહારાજ' ! આ અઢારમો ગુણનો બોલ ફરીને લેજો, હોં ! સપનામાં (આવ્યું) ! આહા..હા...! કીધું, હા, ભાઈ ! ફરીને લઈશું, હોં ! આહા..હા...!

આ બહારના થોથાં, શરીર, વાણી, મન તો ક્યાંય (રહી ગયા), એ તો પુદ્ગલની ચીજ છે પણ તારામાં રાગ થાય એ પણ પુદ્ગલના પરિણામ છે. કેમકે તારી જાતની એ જાત નથી. એથી તે રાગ તે અજીવ અને પુદ્ગલના પરિણામ (છે), પ્રભુ ! એનું લક્ષ કરીશ નહિ. અરે...! એનું તો નહિ પણ દ્રવ્ય જે વસ્તુ છે એમાં અનંતા ગુણો અભેદમાં પડ્યા છે, છતાં તે ભેદ ઉપર તું લક્ષ કરીશ નહિ. એ સાતમી (ગાથામાં) આવી ગયું છે, નહિ ? ભાઈ ! અભેદને દેખતા ભેદ દેખાતા નથી. એમાં આવી ગયું છે. આહા..હા...!

અભેદ ચીજ એક વસ્તુ – દ્રવ્ય છે, ભાઈ ! તું તત્ત્વ છો, પ્રભુ છો, પરમેશ્વર છો. ભાઈ ! એને કેમ બેસે ? આહા..હા...! બે બીડી સરખી પીવે ત્યારે પાયખાના, જંગલ ઉતરે. આવા અપલખણ ! હવે એને આવું કહેવું કે, તું પરમાત્મા (છો). પ્રભુ ! તું બીડીને તો અડતો નથી, બીડી પીતો પણ નથી. ઈ તો આવ્યું ને ? ભાઈ ! ઇન્દ્રિયના વિષયને ભોગવતો નથી. આમાં આવી ગયું. આહા..હા...! બારમા બોલમાં (આવી ગયું). ભગવાનઆત્મા ઇન્દ્રિયના વિષયને ભોગવતો જ નથી. આહા..હા...! કારણ કે રાગને ભોગવે તે તો અનાત્મા છે.

આહા..હા...! ભગવાનઆત્મા રાગના ભોગને ભોગવતો નથી. આહા..હા...! આ મૂળ સમ્યગ્દર્શન વિના બધી ત્યાગની અને બહારની વાતું એકડા વિનાનાં મીંડાં છે.

'ભાવપાહુડ'માં તો એ કહ્યું છે ને ? ભાઈ ! ભાવની ભાવના વિના. પણ ઈ ભાવ કોણ ? જૈન ભાવ. જૈન ભાવ એટલે વીતરાગી ભાવ. જિનભાવના વિના તું અનંતવાર મરી ગયો, પ્રભુ ! આહા..હા...! જિનભાવના એ કે, ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેને દૃષ્ટિમાં લઈ અને વીતરાગી પર્યાય પ્રગટ કરવી એ જિનભાવ છે. 'અષ્ટપાહુડ' છે. ચારે કોરથી જુઓ તો એક જ સિદ્ધાંત ઊભો થાય છે. આહા..હા...!

કાલે અર્થાવબોધ કીધું હતું. અહીંયાં અર્થનો અવબોધ જ્ઞાન લીધું છે. જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી છે. બાકી તો અનંતા ગુણો તે ભેદ છે તેને દ્રવ્ય અડતું નથી. સામાન્ય વિશેષને અડતું પણ નથી. આહા..હા...! અત્યારે ગુણવિશેષ છે, પર્યાયવિશેષ પછી આવશે. આહા..હા...!

ભલે થોડું હોય પણ સત્ય હોવું જોઈએ. મોટી મોટી વિદ્વત્તાની વાતું કરે અને લોકને રંજન કરે ! ભાઈ ! એમાં તારા જન્મ-મરણ નહિ મટે. પ્રભુ ! તારો દેહ છૂટવાના ટાણા આવશે. આ જ ભવમાં આવશે. આહા..હા...! આ જ ભવમાં આવશે, એમ કીધું પછી ગમે તે ટાણે (આવે). (દેહ) છૂટે છૂટકો, દેહ અને (આત્મા) બે જુદી ચીજ છે. એકક્ષેત્રાવગાહે છે છતાં જુદી ચીજ છે પણ એકક્ષેત્રાવગાહથી જુદી પડે ત્યારે લોકોને એમ થાય કે, આ જુદી પડી. એક ક્ષેત્રમાં રહેલી જુદી ચીજ છે. આહા..હા...!

પુણ્યનો રાગ થાય એને વ્યભિચાર કહ્યો છે. 'નિર્જરા અધિકાર'માં ભાઈ ! અનિયત આવ્યું છે ને ? એક, અનેક, વ્યભિચારી... આહા..હા...! તારા નાથને તેં જોયો, અનુભવ્યો નહિ અને તેં રાગને અનુભવ્યો તો તેં વ્યભિચાર કર્યો ! આહા..હા...! સંયોગી ભાવને વેદ્યો અને તેમાં તું અટક્યો, પ્રભુ ! તેં વ્યભિચાર કર્યો. જેમ વ્યભિચારી સ્વસ્ત્રીને છોડીને પરસ્ત્રીનો સંગ કરે એમ આ રાગ પરવસ્તુ છે. આહા..હા...! ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ! આનંદની મૂર્તિ એ દુઃખને વેદે અને દુઃખમાં આવે...! આહા..હા...! અહીં તો (કહે છે), એ વાત તો મૂકી દે ! આખિરમાં આખિરનું તત્ત્વ છે આ !

ઈ અર્થાવબોધ એટલે કે પદાર્થના ગુણો તે જેને નથી. પદાર્થના ગુણ તે જેને નથી. આ તે શું કહે છે ? ભગવાનઆત્મા ! અતીન્દ્રિય આનંદનો સાગર ! કહે છે કે, એ દ્રવ્ય જે છે તે આનંદ આદિ વિશેષને અડતો નથી. અરે..રે...! આવી વાતું ! ('સમયસાર'ની) ત્રીજી ગાથામાં એમ કહ્યું કે, દરેક દ્રવ્ય પોતાના ધર્મને સ્પર્શે છે એમ શબ્દ છે. પરમાણુ

પણ એના દ્રવ્ય, ગુણ અને પર્યાયને સ્પર્શે છે. આત્મા પણ પોતાના ગુણ-પર્યાયને (સ્પર્શે છે) પછી ભલે રાગ આદિ હો પણ એ પોતાનો ધર્મ છે એટલે પોતામાં છે. એને એ સ્પર્શે છે પણ પરને અડતું નથી.

હવે, અહીં તો હજી ત્યાંથી આઘા લઈ ગયા. આહા..હા...! ત્યાં તો બીજાથી જુદું પાડવાની વાત કરી. હવે અહીં તો ગુણીના ગુણનો ભેદ એનાથી – ભેદથી પણ તું રહિત છો. આહા..હા...! આવી વાતું ! આવો ઉપદેશ, બિચારા નાનાં બાળક હોય (એણે) સાંભળ્યું પણ ન હોય, સાંભળવા કોઈ દિ' નવરો ન (હોય). અરે..રે...! ભાઈ ! તારા ઘરની વાતું (છે), ભાઈ ! આહા..હા...!

કહે છે કે, વસ્તુ જે ગુણી – દ્રવ્ય છે તે પદાર્થવિશેષ જે છે એને અડતી નથી. **'તે જેને નથી તે અલિંગગ્રહણ છે.'** લિંગ એટલે ગુણ તેને અડતો નથી, ગ્રહતો નથી માટે અલિંગગ્રહણ છે. લિંગ એટલે ગુણ, એને ગ્રહતો નથી માટે અલિંગગ્રહણ છે. આહા..હા...! ભાષા તો સાદી (છે), પ્રભુ ! આહા..હા...! દેવ-ગુરુની ભક્તિ કરીએ તો આમ થઈ જાય, દેવની ભક્તિ કરીએ તો (કલ્યાણ થઈ જાય એમ માનનારને) આ કેમ બેસે ? અને એને એવું લાગે કે, આ એકાંત (છે), આ અનેકાંત માર્ગ નથી. ઈ એમ કહે. અનેકાંત એટલે આ કે, દ્રવ્યવિશેષને – ગુણને સ્પર્શતું નથી તે રીતે છે અને સ્પર્શે છે, એમ નથી. સ્પર્શે છે એમ નથી, સ્પર્શતો નથી એમ છે. આહા..હા...!

આ..હા..હા...! (ગુણવિશેષથી) **'નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે...'** જ્ઞાયક સ્વભાવ શુદ્ધ દ્રવ્ય છે. તે દ્રવ્યસામાન્ય છે. તે તેના ગુણવિશેષો છે તેને અડતું નથી, ગ્રહતું નથી. તે ગુણ તે ગુણીમાં નથી. આહા..હા...! ભગવાન ! આ તો તારા ઘરની વાતું છે, પ્રભુ ! આવી વાતું સાંભળવા મળવી મુશ્કેલ પડે એવું છે. આહા..હા...! જૈન વીતરાગ ત્રણલોકનો નાથ પોકાર કરીને કહે છે એ સંતો જગતને જાહેર કરે છે, આ સંતો આડતિયા છે. આહા..હા...!

પ્રભુ ! તું દ્રવ્ય છો ને ! એ દ્રવ્ય જે વસ્તુ છે; દ્રવ્ય એટલે પૈસો નહિ, હોં ! આહા..હા...! ઈ પ્રશ્ન આવ્યો હતો ને ? 'દ્રવ્યદૃષ્ટિ તે સમકિતદૃષ્ટિ' છે ને અંદર ? એક દેરાવાસી (માણસ) આવ્યો હતો. ઈ કહેતા હતા, મહારાજ ! આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ (એટલે) ? ઈ જાણે કે અહીં પૈસાવાળા બહુ આવે છે. એટલે (એને એમ થયું કે આ દ્રવ્યદૃષ્ટિ – પૈસાવાળા તે સમકિતદૃષ્ટિ). ભાઈ ! અહીં પૈસાવાળાનું શું કામ છે ? લખેલું હતું ને ? પહેલા માથે

હતું, હવે આમ આવ્યું. દ્રવ્યદષ્ટિ તે સમકિતદષ્ટિ – દ્રવ્ય એટલે વસ્તુ, પ્રભુ ! એની દષ્ટિ તે સમ્યક્દષ્ટિ છે. તેની દષ્ટિ સાચી છે. આહા..હા...! દ્રવ્ય એટલે પૈસા નહિ. આહા..હા...! દ્રવ્ય એટલે કર્મ દ્રવ્ય નહિ. આહા..હા...! આ તો ચૈતન્યદ્રવ્ય ભગવાન ! એવી પરિપૂર્ણ અભેદ ચીજ છે તેની દષ્ટિ કરનારને ભેદ દેખાતો નથી એટલે એમાં ભેદ છે નહિ. આહા..હા...! અરે...! આવી વાતું છે !

**'આ રીતે આત્મા...'** છે ? **'ગુણવિશેષથી નહિ આલિંગિત...'** ગુણવિશેષથી (લખ્યું છે) જોયું ? ગુણવિશેષ છે ને ? દ્રવ્ય છે ઈ સામાન્ય છે અને ગુણવિશેષ ભેદ પડ્યો. **'ગુણવિશેષથી નહિ આલિંગિત...'** સામાન્ય એવો જે ભગવાનઆત્મા ગુણના ભેદના વિશેષથી નહિ આલિંગિત. ગુણના ભેદના વિશેષથી નહિ સ્પર્શતો **'એવું શુદ્ધ દ્રવ્ય છે...'** અત્યારે આવું બધું સાંભળવા મળે એવું નથી, બાપા ! એવો ફેરફાર થઈ ગયો છે, શું કરીએ ? આ..હા...! ત્રણલોકના નાથનો પોકાર છે ! આ..હા..હા...! એ સંતો જાહેર કરે છે.

પ્રભુ ! તું દ્રવ્ય છો ને ! એ દ્રવ્ય છે એના ગુણના ભેદોનો વિચાર કરીને અડે એ તારામાં છે નહિ, કહે છે. ઓ..હો..હો...! એ ગુણવિશેષથી (નહિ આલિંગિત). આહા..હા...! રાગવિશેષથી, નિમિત્તના વિશેષથી તો પ્રશ્ન છે જ નહિ. આહા..હા...! ગુણવિશેષથી નહિ સ્પર્શતો. આલિંગિત એટલે નહિ સ્પર્શતો. ગુણના ભેદના વિશેષને નહિ અડતો, નહિ આલિંગન કરતો. આહા..હા...! અહીં તો હજી (એમ માને કે) શરીરને આલિંગન કરું, છોકરાને બચ્ચી ભરું... અરે...! પ્રભુ ! શું કરે છે તું ? એ બચી (ભરવામાં) તારું મોઢું તેના ગાલને અડતું પણ નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...! તને ભ્રમ થાય છે કે, હું આ છોકરાને આમ બચ્ચી ભરું છું.

અહીં તો પ્રભુ જે દ્રવ્ય – વસ્તુ છે... આહા..હા...! એ ગુણના વિશેષોને આલિંગન – સ્પર્શ કરતો નથી. આહા..હા...! કેમકે દષ્ટિ જ્યાં દ્રવ્ય ઉપર પડી ત્યારે તેના ગુણભેદ છે તે દેખાતા નથી. આહા..હા...! ભાષા તો સાદી છે, પ્રભુ ! તારા ઘરની વાત છે, નાથ ! આહા..હા...! દ્રવ્યે તો બધા સાધર્મી છે. આહા..હા...! કોને તું ઊંચ-નીચ ગણીશ ? કહે છે. આહા..હા...! એ દ્રવ્ય છે તે ગુણના વિશેષને અડતું નથી એવું એનું દ્રવ્ય છે, એવું તારું દ્રવ્ય છે. આહા..હા...!

**'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લ્યો ! શું કીધું ? **'આ રીતે આત્મા ગુણવિશેષથી...'** (અર્થાત્) ગુણના ભેદોને **'નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે...'** આ..હા..હા...! દષ્ટિમાં એકલું

શુદ્ધ દ્રવ્ય તરવરે છે, કહે છે. ભાઈ ! આવી વાતું (છે) ! આહા..હા...! ઈ ૧૮ બોલ (પૂરો) થયો.

૧૯. **'લિંગ એટલે કે પર્યાય...'** હવે, આ બીજો બોલ આવ્યો. પેલો ગુણ હતો. હવે લિંગ એટલે પર્યાય. આહા..હા...! **'એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ...'** એટલે કે બધા ગુણોની પર્યાયવિશેષ. બધા ગુણોની પર્યાયવિશેષ **'તે જેને નથી...'** આહા..હા...! અનંતા ગુણોની નિર્મળ પર્યાય તે જેને નથી. અર..ર..ર...! અહીં તો હજી બાયડી મારી, છોકરા મારા (એમ માને). ક્યાં પિલાઈ ગયો ? પ્રભુ ! શું થયું તને આ ? આ..હા..હા...!

લિંગ એટલે પર્યાય – અવસ્થા **'એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ...'** પદાર્થની, ગુણની વિશેષતા. અર્થાવબોધ એટલે અર્થનો – પદાર્થનો અવબોધ એટલે જ્ઞાન આદિ વિશેષ. અનંત ગુણની વિશેષ પર્યાયો તે જેને નથી. રાગ જેને નથી, શરીર જેને નથી, કર્મ જેને નથી, બાયડી, છોકરા જેને નથી... આહા..હા...! પણ જેને પર્યાય નથી. કેમકે પર્યાય દ્રવ્યને અડતી નથી, પર્યાય ઉપર ઉપર રહે છે. આહા..હા...! ઝીણી વાતું, ભાઈ ! અત્યારે તો આ ભક્તિ કરો ને દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો ને... આઠ દિ' કર્યા કરો, આ દિગંબરમાં દસ દિ' ગોટા ઊઠે. આ વ્રત પાળ્યા ને આટલા આ કર્યા ને આ કર્યું ને પડિમા લીધી ને દીક્ષા લીધી છે ને.. શેની દીક્ષા ? બાપુ ! આહા..હા...! હજી અંતર દ્રવ્ય વસ્તુ જે છે તે ભેદ વિનાની ચીજ છે એની દૃષ્ટિ થઈ નથી એ વિના તારા વ્રત ને તપ આવ્યા ક્યાંથી ? આહા..હા...! એ તો બાળવ્રત ને બાળતપ છે.

અહીં કહે છે, **'લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ...'** ગ્રહણ એટલે ? કે, ગુણોની જે પર્યાયવિશેષ. **'તે જેને નથી...'** આ..હા..હા...! ગુણ જેને નથી પણ ગુણની પર્યાય છે તે જેને નથી. આહા..હા...! **'તે અલિંગગ્રહણ છે;...'** પર્યાય દ્રવ્યમાં નથી. આહા..હા...! આવો વીતરાગ જૈન ધર્મ, બાપુ ! (આ વાત) જૈનધર્મ સિવાય ક્યાંય છે નહિ. આહા..હા...! અને તે પણ અત્યારે તો સંપ્રદાયમાં બહુ ફેરફાર થઈ ગયો, શું થાય ? નાસ્તિથી એવી વાત છે, બાકી અસ્તિથી કહીએ તો આ છે. આ..હા...!

વસ્તુ છે, પૂર્ણાનંદનું તત્ત્વ છે ને ? આત્મતત્ત્વ પદાર્થ છે ને ? એ પદાર્થ જે દ્રવ્ય છે તે એની વર્તમાન અવસ્થા નિર્મળ આદિ, હોં ! આ..હા...! પણ એ પર્યાય દ્રવ્યમાં નથી. આહા..હા...!

પ્રશ્ન :– એ ક્યાંથી આવે છે ?

સમાધાન :– આવે છે અધ્ધરથી ! વ્યવહારથી એમ કહેવાય કે દ્રવ્યમાંથી આવે (છે). ખરેખર દ્રવ્યમાંથી પર્યાય આવે તો સરખી પર્યાય આવવી જોઈએ. શું કીધું ઈ ? દ્રવ્ય છે ઈ તો ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ પૂર્ણ છે. એમાંથી પર્યાય આવે તો પર્યાય સરખી આવવી જોઈએ, પણ સરખી નથી આવતી માટે એમાંથી નથી (આવતી) પણ પર્યાય સ્વતંત્ર આવે છે. આવે છે તો એમાંથી પણ પર્યાયની ઓછીવત્તી અવસ્થા (થાય છે). એકરૂપ અવસ્થા નથી એનો અર્થ શું ? વસ્તુ તો એકરૂપ ત્રિકાળ છે, તો ત્રિકાળી એકરૂપમાંથી પર્યાય આવે તો એની સરખી આવવી જોઈએ અને આ ઓછીવત્તી આવે છે એનો અર્થ શું ? એટલે ખરેખર તો પર્યાય દ્રવ્યને અડતી નથી, તે પર્યાય સ્વતંત્ર આવે છે. આવી વાતું ! અરે... પ્રભુ ! આહા..હા...! ભવિ ભાગન જોગ વીતરાગની વાણી આવે છે ! આ..હા..હા...!

બાપુ ! ખરું તો આ છે. અરે...! દેહ છૂટી જશે. એ રઝળતો, રખડતો ક્યાં જશે ? આહા..હા...! મિથ્યાત્વભાવ છે ત્યાં વંટોળિયાના તરણા ઊડીને ક્યાં પડશે ? એમ જેને મિથ્યાત્વભાવ છે (કે) પર્યાય જેટલો હું, રાગ એ હું... આહા..હા...! એવો મિથ્યાત્વભાવ એ ઊડીને ક્યાં રખડશે ? બાપા ! ક્યાં જશે ? ચોરાશીની પાટ પડી છે. આ..હા...! એને ઉગારવો હોય તો નાથ ! દ્રવ્યને પર્યાય અડતી નથી એમ નક્કી કર ! આહા..હા...!

આ..હા...! **'અર્થાવબોધ જેને નથી...'** (અર્થાત્) પર્યાય જેને નથી. આહા..હા...! પર્યાય પર્યાયમાં છે, પર્યાય દ્રવ્યમાં નથી. આહા..હા...!

મુમુક્ષુ :– પર્યાય દ્રવ્યમાંથી આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભલે આવે છે દ્રવ્યમાંથી પણ જો ખરેખર દ્રવ્યમાંથી (આવતી હોય તો બધી પર્યાય) સરખી આવવી જોઈએ. એ અપેક્ષાએ પર્યાય સ્વતંત્ર થઈને આવે છે. બીજી ભાષાએ કહીએ તો પર્યાય કર્તાની સ્વતંત્રતાપણે પર્યાય થાય છે. પર્યાયમાં ષટ્કકારક છે કે નહિ ? કર્તા સ્વતંત્રપણે પર્યાય કરે છે. એ દ્રવ્યનો આશ્રય (લે) એટલે એ પરાલંબી નથી. લક્ષ જાય છે ત્યાં (–દ્રવ્ય ઉપર). સમજાણું કાંઈ ? નિર્મળ પર્યાય થવામાં (અર્થાત્) સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થવામાં લક્ષ જાય છે દ્રવ્ય ઉપર, પણ એ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને લક્ષ જાય છે. આહા..હા...! પર્યાયને દ્રવ્યનો આશ્રય છે એટલે પરાધીન છે એમ નથી. અરે...! આવી વાતું છે. (અત્યારે તો લોકોએ) માર્ગને વાડામાં બાંધી મૂક્યો છે. બકરા વાડામાં બંધાય. સિંહના વાડા હોય ? આહા..હા...! સિંહનો પગ તૂટી ગયો હોય તોપણ પાંજરાપોળવાળા એને ન રાખે. આહા..હા...! એમ અંદર ત્રણલોકનો નાથ ગરજતો સિંહ !

દ્રવ્ય સ્વભાવ જે પૂર્ણાનંદથી ભરેલો ! કહે છે કે, એ દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહા..હા...! હજી આનાથી ઊલટી વાત આવશે, હોં ! આહા..હા...! ૧૮, ૧૯ અને ૨૦ (બોલમાં) તો ગજબ વાત છે ! આ ૧૮, ૧૯ અને ૨૦ ત્રણ બોલ (ગજબ છે) ! આહા..હા...!

**'અર્થાવબોધવિશેષ જેને નથી...'** જે દ્રવ્યને પર્યાયવિશેષ નથી. **'તે જેને નથી તે અલિંગગ્રહણ છે;...'** પર્યાય લિંગ છે તે જેને નથી તે અલિંગગ્રહણ છે. આ..હા..હા...! પકડાય છે પર્યાયથી, સમજાય છે ? પણ પકડનારી ચીજમાં પર્યાય નથી. આહા..હા...! શું કહ્યું ? પર્યાયથી (દ્રવ્ય) પકડાય છે. સમ્યગ્દર્શનની પર્યાયથી દ્રવ્યને પકડાય છે છતાં તે પર્યાય દ્રવ્યમાં નથી. આહા..હા...! સામાન્ય છે એને અંદર પર્યાયવિશેષ ક્યાં આવી ? વિશેષ વિશેષમાં રહ્યું, સામાન્ય સામાન્યમાં રહ્યું. આહા..હા...! કહો, ભાઈ ! આવું છે, બાપુ ! 'રસિક જ્યું રૈન કા સપના, પ્રભુ તેરા કોઈ નહિ અપના' 'રસિક જ્યું રૈન કા સપના, પ્રભુ નહિ કોઈ તેરા અપના.' પર્યાય તારી નહિ, નાથ ! આ..હા..હા...!

જેને દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી એ દૃષ્ટિ(ની) પર્યાય પણ તેમાં નથી. પાણીના દળ ઉપર જેમ તેલના ટીપા ઉપર ઉપર રહે, અંદર પ્રવેશ ન કરે. આહા..હા...! એમ આનંદનો નાથ પૂર્ણાનંદનું દળ અંદર છે એમાં પર્યાયનો પ્રવેશ નથી. ભાઈ ! આવું ત્યાં સાંભળવાનું નથી, 'ભાવનગર'માં (હમણાં) નિરાંતે પડ્યા છે. બાપુ ! માર્ગ આ છે, ભાઈ ! આહા..હા...!

પર્યાય જેને નથી. એટલે કે **'આ રીતે આત્મા પર્યાયવિશેષથી...'** પેલું ગુણવિશેષથી હતું. (અહીંયાં) પર્યાયભેદથી **'નહિ આલિંગિત...'** પર્યાયના વિશેષથી પ્રભુ આલિંગિત છે જ નહિ. આહા..હા...! પર્યાયને દ્રવ્ય અડતું નથી, આલિંગન કરતું નથી. આહા..હા...! ('સમયસાર'ની) ત્રીજી ગાથામાં એમ કહે કે, પોતાના ધર્મને સ્પર્શે છે. એ તો પરથી છૂટું કરવાની અપેક્ષાએ (કહ્યું). હવે, આમાંને આમાં જ્યાં (કહેવું) છે (ત્યાં એમ કહે કે) દ્રવ્ય પર્યાયને આલિંગન કરતું નથી. આહા..હા...! ભાઈ ! આ વાતે કાંઈ વડા થાય એવું નથી. અંદર આ વસ્તુ છે. આ..હા..હા...!

આ રીતે અલિંગગ્રહણ છે. **'આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત શુદ્ધ દ્રવ્ય છે...'** બન્નેમાં એમ લીધું. **'ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે'** **'પર્યાયવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે'** ગુણના ભેદને નહિ અડતું એવું શુદ્ધ દ્રવ્ય છે, પર્યાયના વિશેષને નહિ સ્પર્શતું એવું દ્રવ્ય છે. આહા..હા...!

એક કુહાડો લાકડાને છોલે ને ? તો એ કુહાડો લાકડાને અડતો નથી. એ કેમ બેસે ?

એ કુહાડો ભિન્ન છે, લાકડું છોલાય છે એ પોતાની પર્યાયથી છોલાય છે. (કુહાડો) એને અડતો પણ નથી. હવે, આ વાત ન બેસે એને પર્યાય દ્રવ્યને અડતી નથી (એ ક્યારે બેસે ?) આહા..હા...!

આ હાથ છે, જુઓ ! આમ થાય છે એ કહે છે, આ ગાલને હાથ અડતો પણ નથી. આમ ખાડો પડ્યો ને ? જુઓને ! આમ.. આમ... તો કહે (છે), અંગુલી એને અડી નથી અને ખાડો પડ્યો છે. એની પોતાની પર્યાયનો તે કાળ છે તો એ રીતે થયું છે, અંગુલીને લઈને નહિ. અંગુલિ તો એને અડતી પણ નથી. પ્રભુ ! (આ) સ્થૂળ વાત ન બેસે એને દ્રવ્ય પર્યાયને અડતી નથી (એ કેમ બેસે ?)

**'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** હવે એનાથી ઊંધું લેશે. (આ) ત્રણ બોલ બહુ સૂક્ષ્મ છે. આહા..હા...!

**'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...'** વીસમો બોલ, આ છેલ્લો બોલ છે. **'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...'** પ્રત્યભિજ્ઞાન એટલે ? આ છે, કાલે હતું તે આ છે અને આ છે તે આ રહેશે – એવું જે ધ્રુવ. **'પ્રત્યભિજ્ઞાનનું કારણ...'** પ્રત્યભિજ્ઞાન એટલે અત્યારે છે, એ પહેલાં હતું અને રહેશે. એવું પ્રત્યભિજ્ઞાન એટલે હતું તે આ છે. એવું જે **'પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય...'** આ..હા..હા..હા..! જેને પર્યાયના વેદનમાં દ્રવ્યનું સામાન્ય ત્યાં અડતું નથી.

પહેલું એમ કહ્યું હતું કે, દ્રવ્ય પર્યાય અડતી નથી. હવે, અહીં પર્યાયમાં દ્રવ્યસામાન્ય તે પોતે પર્યાયને અડતું નથી. આહા..હા...! અહીં વેદનની અપેક્ષાએ વાત લેવી છે. શું કહેવું છે ? કે, જે **'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય...'** એટલે દ્રવ્ય. એટલે કે પર્યાયમાં – વેદનમાં તે દ્રવ્ય નથી. આહા..હા...! દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે છતાં વેદનમાં એ દ્રવ્ય આવતું નથી, વેદનમાં પર્યાય વેદાય છે. ધ્રુવ વેદાય ? દૃષ્ટિ ધ્રુવ ઉપર છે છતાં અહીંથી વેદવાની અપેક્ષાએ વાત લીધી છે. દૃષ્ટિ ધ્રુવ ઉપર હોવા છતાં વેદનમાં ધ્રુવ આવતો નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

જિનેશ્વરના પંથમાં આ વાત છે, બાપુ ! બીજે ક્યાંય છે નહિ. આહા..હા...!

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યદેવ'ના પંથમાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા...! ભલે બીજા સંતોએ પણ ગૌણપણે (વાત કરી છે). મુખ્યપણે આ 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્ય'. બીજા આચાર્યોએ પણ ગૌણપણે કરણાનુયોગ,

ચરણાનુયોગમાં વાત નાખી છે. આહા..હા...!

**પ્રશ્ન** :– પર્યાય વેદે કોને ?

સમાધાન :– પર્યાય વેદે પર્યાયને.

અહીં તો ઈ કહે છે... આહા..હા...! **'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...'** એટલે કે કાયમ રહેવાવાળી ચીજ – ધ્રુવ દ્રવ્ય. **'એવું જે ગ્રહણ...'** એટલે કાયમ રહેનારી ધ્રુવ ચીજ. એ **'અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** એ પર્યાયમાં દ્રવ્ય નથી. સમજાણું કાંઈ ?

પહેલા (આવ્યું) હતું કે, દ્રવ્યમાં પર્યાય નથી. હવે અહીં કહે છે, પર્યાયમાં દ્રવ્ય નથી આવતું. વેદન જે છે, અતીન્દ્રિય આનંદનું વેદન જે સમ્યગ્દર્શનમાં છે, સમકિતનું વેદન છે, જ્ઞાનનું વેદન છે, અનંતા ગુણનું જે પ્રગટ – વ્યક્ત વેદન છે એ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. એ દ્રવ્યનું વેદન હોતું નથી. આ..હા..હા..હા...! ગજબ કામ કર્યું છે ને !! એ વેદન કયું ? અહીંયાં નિર્મળ પર્યાયની વાત છે, હોં ! આ..હા...! રાગ અને પુણ્યની વાતું અહીં છે જ નહિ. આહા..હા...! નિર્મળ પર્યાય વેદન છે તે આત્મા છે એમ કહે છે. જોયું ?

લિંગ એટલે પ્રત્યભિ એટલે કાયમ રહેનારા જ્ઞાનને જાણનારું – કાયમ રહેનારને જાણનારું જ્ઞાન એવું જે ગ્રહણ એ અર્થાવબોધ સામાન્ય એટલે દ્રવ્ય. (અર્થાવબોધ એટલે) અર્થ – પદાર્થનો અવબોધ સામાન્ય એટલે દ્રવ્ય. **'તે જેને નથી...'** આહા..હા...! પહેલું એમ કહ્યું હતું કે, દ્રવ્યમાં પર્યાય નથી. હવે આ વેદનની પર્યાયમાં દ્રવ્ય નથી આવતું. આહા..હા...!

સમ્યગ્દર્શન, જ્ઞાન ધર્મનું વેદન જે છે એ વેદન પર્યાયનું વેદન છે. પર્યાયના વેદનમાં ધ્રુવ આવતો નથી, ધ્રુવનું વેદન હોઈ શકે નહિ. આ..હા..હા..હા...! ભાઈ ! ત્યાં 'કલકત્તા'માં સાંભળ્યું છે ? રૂપિયાનું સાંભળ્યું છે. આહા..હા...! આ તો તારા ઘરની વાતું (છે), પ્રભુ ! આહા..હા...! આઠ વર્ષનો બાળક હોય (તે) પણ આવો અનુભવ કરી શકે છે. એને ઉંમરની કંઈ જરૂર છે નહિ. આહા..હા...!

અહીં તો કહે છે, દ્રવ્ય તે જેને નથી. દ્રવ્ય તે જેને નથી. પર્યાયના વેદનમાં દ્રવ્ય તેને નથી. આહા..હા...! દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવા છતાં દૃષ્ટિની પર્યાયના વેદનમાં દ્રવ્ય આવતું નથી. આહા..હા...! શું કહે છે ? કે, સમ્યગ્દર્શનની પર્યાયનું ધ્યેય તો દ્રવ્ય છે. છતાં તે પર્યાયના વેદનમાં દ્રવ્ય આવતું નથી. પર્યાયમાં તેનું જે સામર્થ્ય છે એનું જ્ઞાન થાય છે અને વેદનમાં એ પર્યાય વેદાવામાં આવે છે. અનુભવમાં પર્યાય વેદાવામાં આવે છે. અનુભવમાં દ્રવ્ય અનુભવાય છે એમ નથી. આહા..હા...! ગજબ વાત કરી છે ને !

જુઓ ! અહીંયાં (એમ કહ્યું) પર્યાય જેને નથી. દ્રવ્યસામાન્ય જે ધ્રુવ છે તે પર્યાયમાં આવતું નથી. એટલે કે વેદનમાં દ્રવ્ય આવતું નથી એટલે કે અનુભવમાં ધ્રુવ આવતો નથી. દૃષ્ટિ ધ્રુવ ઉપર છે. આહા..હા...! છતાં ધ્રુવ વેદનમાં આવતો નથી. આહા..હા...! ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ! એ દૃષ્ટિનો વિષય છે અને દૃષ્ટિ ત્યાં છે. છતાં તે દૃષ્ટિ ત્યાં હોવા છતાં એનું વેદન પર્યાયમાં આવતું નથી. પર્યાયનું વેદન પર્યાયમાં હોય છે. આ..હા..હા..હા...! સમજાણું કાંઈ ? આ તો અલૌકિક વાતું છે, બાપુ !

આ તો 'પ્રવચનસાર' (છે). વીતરાગની દિવ્યધ્વનિનો સાર ! ત્રણલોકના નાથ પરમાત્મા ! આ..હા..હા...! સર્વજ્ઞ ઈ એમ કહે છે કે, ત્રિકાળી વસ્તુ જે ધ્રુવ છે, અભેદ છે, દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાયનું ત્યાં લક્ષ છે છતાં તે લક્ષ વેદાતું નથી, લક્ષને વેદતું નથી. આહા..હા...! વેદનમાં તો પર્યાય આવે છે. અતીન્દ્રિય આનંદ આવ્યો, સમકિત આવ્યું, અનંત ગુણની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતાં દ્રવ્ય(માં) જેટલા ગુણો છે તેનો એક અંશ વ્યક્તપણે પર્યાયમાં આવ્યો. એ પર્યાયનું વેદન છે, ધ્રુવનું નહિ. આહા..હા...! ધ્રુવ તો ફક્ત દૃષ્ટિનો વિષય છે પણ ધ્રુવનું વેદન નહિ. આહા..હા...!

પ્રશ્ન :– પર્યાય તો ક્ષણિક છે ને ?

સમાધાન :– પર્યાય ક્ષણિક છે એનું જ વેદન છે. ધ્રુવનું વેદન હોય ? ધ્રુવ ક્યાં પર્યાયમાં આવે છે ? આહા..હા...! પર્યાય ક્ષણિક છે તે જ વેદન છે. અહીં તો હજી વિશેષ કહેશે.

શું કહે છે ? જુઓ ! '**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે...**' સામાન્ય દ્રવ્ય '**તે જેને નથી...**' તે પર્યાયમાં નથી, વેદનમાં નથી. આહા..હા...! અરે...! આવી વાતું !

અહીં તો કહે છે કે, દૃષ્ટિ દ્રવ્ય ઉપર – ધ્રુવ ઉપર હોવા છતાં વેદાવામાં ધ્રુવ નથી આવતો, વેદનમાં પર્યાય આવે છે. આટલી ભિન્નતા બતાવવી (છે). પહેલા ૧૯(મા બોલમાં) એમ હતું કે, પર્યાય દ્રવ્યમાં નથી. અહીં કહે છે કે, દ્રવ્ય પર્યાયમાં આવતું નથી, દ્રવ્યનું વેદન નથી, વેદન પર્યાયનું છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પ્રગટ્યા એ પર્યાય પણ પ્રગટી છે દ્રવ્યને આશ્રયે, પણ તે દ્રવ્યને આશ્રયે હોવા છતાં તે પર્યાયનું વેદન છે, દ્રવ્યનું વેદન નથી. આવી વાતું છે.

આહા..હા...! સૂક્ષ્મ વાત (છે), ભાઈ ! કઈ રીતે કહે છે ? આ વીસમો બોલ છે. પછી નય લઈશું, હોં ! પાંચ બોલ (માટે) કો'કનો પત્ર હતો. નય લેવાની છે, ૪૭ નય.

એમાં વિશેષ છે. ભલે હમણાં બાર મહિના પહેલા આવી ગયું છે. બાર મહિના પહેલાં નય, શક્તિ, અલિંગગ્રહણ બધું આવી ગયું છે. ચાર મહિનાના વ્યાખ્યાનમાં (આવી ગયું છે). પણ જ્યારે કરો ત્યારે કંઈક નવીન ચીજ – વાત આવે ! સમજાણું કાંઈ ? હવે તો પાંચ દિ' રહ્યા ને ? આજે પાંચમો દિ' છે. શું કીધું ?

લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ એટલે દ્રવ્ય. એવું જે દ્રવ્યનું ગ્રહણ એટલે કે દ્રવ્યનું ગ્રહણ પર્યાયમાં નથી. વેદનમાં દ્રવ્યનું વેદન નથી. આહા..હા...! દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવા છતાં વેદન દ્રવ્યનું નથી. કેટલી સ્વતંત્રતા ! ઓ..હો..હો...! અર્થાવબોધ એવું જે દ્રવ્ય તે પર્યાયમાં નથી. જેને એટલે પર્યાયને નથી તે અલિંગગ્રહણ છે. આહા..હા...! શું કીધું ?

લિંગ એટલે દ્રવ્ય. લિંગ એટલે દ્રવ્ય તે પર્યાયમાં નથી. અલિંગગ્રહણ ! લિંગ એટલે દ્રવ્ય. એમ આવ્યું ને ? લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ (એવું) દ્રવ્ય. એવું જે ગ્રહણ એટલે અર્થાવબોધ દ્રવ્ય તે પર્યાયમાં નથી. વેદનમાં (દ્રવ્ય) નથી, વેદનમાં તો પર્યાયનું વેદન છે. આહા..હા...! કેવળીને પણ વેદન છે એ પર્યાયનું વેદન છે. આહા..હા...! એમ ધર્મી જીવને દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવા છતાં પર્યાયનું વેદન છે, દ્રવ્યનું નહિ. આ..હા..હા...! આવી વાતું છે. લોકોને આકરું લાગે.

અરે... ભાઈ ! જન્મ-મરણના દુઃખો... આહા..હા...! 'વાદીરાજ' (મુનિ) તો કહે છે, મુનિ છે, ભાવલિંગી સંત છે, શરીરમાં કોઢ હતો ને ? પછી પ્રભુને કહે છે, પ્રભુ ! આની શું વાત કરું ? ગયા કાળના દુઃખોને યાદ કરું છું તો છરાના ઘા વાગે એમ વાગે છે. આહા..હા...! અનંત અનંત દુઃખો ! નરકના, નિગોદના અનંત કાળ (કાઢ્યો), એમાં તું વર્તમાનમાં ક્યાં ભરમાઈ ગયો ? પ્રભુ ! ત્રિકાળી જ્ઞાયક ભગવાનને ભૂલીને તું શું કરે છો ? પણ એ ભગવાનને દૃષ્ટિમાં લીધો છતાં તે દ્રવ્યનું વેદન નથી. પર્યાયના વેદનમાં દ્રવ્યનું વેદન નથી. પર્યાયના વેદનમાં દ્રવ્ય આવતું નથી. જેને નથી (એટલે) પર્યાયમાં દ્રવ્ય જેને એટલે પર્યાયને નથી. આહા..હા...!

**'આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...'** ભાષા જુઓ ! આત્મા દ્રવ્યને નહિ અડતો, ધ્યેય હોવા છતાં પર્યાય દ્રવ્યને નહિ અડતાં અને દ્રવ્ય પર્યાયમાં નથી આવતું. આહા..હા...! પર્યાયમાં દ્રવ્ય જેટલું છે તેનું જ્ઞાન પૂરું આવ્યું. પ્રતીતમાં પૂર્ણ આવ્યું પણ એ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી. વેદનમાં દ્રવ્ય આવે નહિ. આ..હા..હા...!

**'આ રીતે આત્મા દ્રવ્યથી નહિ...'** સ્પર્શાતું. આહા..હા...! આ આત્મા દ્રવ્યથી નહિ સ્પર્શાતો

(એવો) **'શુદ્ધ પર્યાય છે...'** આત્મા દ્રવ્યથી નહિ અડતો (એવો) શુદ્ધ પર્યાય આત્મા છે. સમજાણું કાંઈ ? આવી વાતું છે, બાપુ ! **'આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...'** આ..હા..હા..હા...! ભગવાનઆત્મા દ્રવ્યને નહિ અડતો, નહિ સ્પર્શતો, ધ્યેય હોવા છતાં (નહિ સ્પર્શતો). પર્યાયનું ધ્યેય ત્યાં હોવા છતાં તે દ્રવ્ય પર્યાયને અડતું નથી, પર્યાયમાં આવતું નથી. આ દ્રવ્ય નથી આવતું. આહા..હા...! જેટલું દ્રવ્ય છે તેનું સામર્થ્યનું જ્ઞાન આવ્યું એ જ્ઞાન એને લઈને નથી આવ્યું. સમજાણું કાંઈ ? સ્વપરપ્રકાશક પર્યાય જે પ્રગટ થઈ (તેનું) ધ્યેય તો ધ્રુવ દ્રવ્યનું છે છતાં ધ્રુવ તે પર્યાયમાં આવ્યો નથી. જે પ્રગટ પર્યાય થઈ છે એ વેદનની છે, એ આત્મા શુદ્ધ પર્યાયરૂપ છે, વેદનમાં એ દ્રવ્યરૂપ નથી. ભાઈ ! આવું કોઈ દિ' ત્યાં સાંભળ્યું નથી. ગજબની વાત છે ! ત્રણલોકના નાથનો પોકાર છે.

તને દૃષ્ટિમાં અભેદ દ્રવ્ય જ છે છતાં દૃષ્ટિ છે તેમાં દ્રવ્ય આવતું નથી. દૃષ્ટિના વેદનમાં, જ્ઞાનના વેદનમાં દ્રવ્ય આવતું નથી. આહા..હા...! **'આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે...'** આત્મા શુદ્ધ પર્યાય છે ! વેદનમાં આવ્યો એટલો આત્મા શુદ્ધ પર્યાય છે. **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લ્યો !

વિશેષ આવશે...

## ભાદરવા સુદ ૧૦, શનિવાર તા. ૦૧-૦૯-૧૯૭૯
## ગાથા – ૧૭૨
## પ્રવચન નંબર–૧૮૩

આ વીસમો બોલ થોડો (ફરીને લઈએ). વીસમો બોલ છે ને ? સૂક્ષ્મ છે. કાલે ચાલ્યો હતો પણ (એક ભાઈએ) કહ્યું કે, થોડું (ફરીને) લેવું. ઝીણી વાત છે, ભાઈ !

આ આત્મા જે છે એ ધ્રુવ જે દ્રવ્ય છે દ્રવ્ય, આહા..હા...! તેનું ધ્યેય કરીને દૃષ્ટિ થતાં દૃષ્ટિનો વિષય દ્રવ્યને બનાવીને... આહા..હા...! જે પર્યાય(માં) દ્રવ્યદૃષ્ટિ થઈ તો પર્યાયમાં આનંદનું વેદન આવ્યા વિના રહે નહિ. આહા..હા...! જ્યાં વસ્તુ એક સમયમાં પરિપૂર્ણ છે એની દૃષ્ટિ થઈ, શરૂઆત (થઈ) – આ ધર્મની શરૂઆત છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ કોઈ ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી. આહા..હા...!

જુઓ ! કેમ કહે છે ? પેલા નિયતવાદ સ્થાપે છે. આ બધી વસ્તુ છૂટી ગઈ (અને) એકલું શરીર રહ્યું એટલી આકુળતા ઘટી ગઈ. એમ નથી. સંયોગ નથી માટે આકુળતા ઘટી ગઈ એમ નથી. અંતરમાં આનંદસ્વરૂપ ભગવાનની દૃષ્ટિ થતાં, એનું જ્ઞાન થતાં, તેમાં એકાગ્રતા થતાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન પર્યાય પ્રગટ થાય, તેમાં કહે છે કે, જે ધ્રુવનું ધ્યેય કર્યું તો એનું પરિણામ પર્યાયમાં શું આવ્યું ? આકરી વાત, ભાઈ ! જૈનધર્મ બહુ સૂક્ષ્મ છે.

આહા..હા...! આત્મા વસ્તુ દ્રવ્ય છે. છે ? વીસમો બોલ ફરીને લઈએ છીએ. **'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...'** એટલે કે ત્રિકાળી ધ્રુવ. આહા..હા...! ઉત્પાદ-વ્યયની જે પર્યાય છે એનાથી રહિત ધ્રુવ. એ **'પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય...'** એટલે કે દ્રવ્ય જે ધ્રુવ વસ્તુ છે એની જેણે દૃષ્ટિ કરી છે એને એ દ્રવ્યસ્વભાવ જે છે એ વેદનમાં આવતો નથી. આહા..હા...! ઝીણું બહુ, ભાઈ !

અત્યારે તો આ બહારનું છોડો... બહારનું છોડો (ઈ જ ઉપદેશ ચાલે છે). પણ બહારનો

ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. બહારનો ત્યાગ અને બહારનું ગ્રહણ એ તો સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા...! આ વસ્તુ... કહે છે, પ્રભુ ! ધ્રુવ છે અને તે ધ્રુવનું ધ્યાન થઈને, ધ્યેય બનાવીને જ્યારે પર્યાયમાં સમ્યગ્દર્શન થયું ત્યારે તેને સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્આનંદનું વેદન થયું એ આત્મા (છે). આહા..હા...!

ધ્રુવનું ધ્યેય બનાવ્યું. સમ્યગ્દર્શન પ્રથમ ત્રિકાળી દ્રવ્યને ધ્યેય બનાવ્યું ત્યારે પર્યાયમાં શું થયું ? કે, પર્યાયમાં આનંદ આવ્યો, પર્યાયમાં અનંત ગુણ જે છે તેની શક્તિમાંથી દરેક ગુણની અંશ વ્યક્તિ વ્યક્તતા પ્રગટ થઈ અને તે પ્રગટ થઈ તેમાં આનંદ આવ્યો. એ ધ્રુવનું ધ્યેય કર્યું તો એના પરિણામમાં એને આનંદ આવવો જોઈએ. એમને એમ ધ્રુવને પકડ્યું, જ્ઞાયક છે... જ્ઞાયક છે... એમ નહિ, કહે છે. આહા..હા...! ઝીણી વાત, ભાઈ !

લિંગ નામ પ્રત્યભિજ્ઞાન એવું જે ગ્રહણ નામ દ્રવ્ય – વસ્તુ. જ્ઞાયકભાવ પરમ પારિણામિક ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ભાવ, તેનું ધ્યેય બનાવીને જે દૃષ્ટિ થઈ અને જ્ઞાન થયું તેમાં તેને આનંદનું વેદન થયું તે આત્મા તેને અડતો પણ નથી. આનંદના વેદનમાં આત્માનું દ્રવ્ય આવતું નથી. આહા..હા...! બહુ (આકરી) વાતું, બાપા !

અહીં તો ઈ સિદ્ધ કરવું છે કે, ભાઈ ! દ્રવ્ય – વસ્તુ ભગવાન છે, એનો આદર કર્યો, સ્વીકાર કર્યો, સત્કાર કર્યો, અસ્તિની રુચિ થઈ, પરમ અસ્તિ તત્ત્વ છે એની દૃષ્ટિ થઈ તો દૃષ્ટિના પરિણામમાં આવે શું ? આહા..હા...! સમજાય છે ? એ **'અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** આહા..હા...! આત્માને વેદનમાં અર્થાવબોધ દ્રવ્ય છે નહિ. અરે... અરે...! આવી વાતું છે. સમજાય છે ?

વર્તમાન પર્યાય જે છે તેને દ્રવ્ય તરફ ઢાળતાં, દ્રવ્ય તરફ વાળતાં, કહે છે કે, એ દ્રવ્ય છે એ વેદનમાં આવતું નથી. વેદનમાં તો એની પર્યાય આવે છે. શાંત, આનંદ, સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ, ચારિત્ર, આનંદ(ની પર્યાય વેદનમાં આવે છે). આહા..હા...! આ ચોથા ગુણસ્થાનની વાત છે. હજી તો સમકિત કોને કહેવાય એની ખબર ન મળે. અને સમકિત થાય તો કહે છે કે, એની દૃષ્ટિનું ધ્યેય તે ત્યાં દ્રવ્ય ઉપર છે, પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ તેને પરિણામમાં કંઈ ફેર પડ્યો કે નહિ ? અનાદિનું રાગ અને પુણ્ય-પાપના વિકલ્પનું વેદન હતું એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ તો વેદનમાં કાંઈ ફેર પડ્યો કે નહિ ? અને વેદનમાં ફેર ન પડે તો દૃષ્ટિ ધ્રુવ ઉપર છે જ નહિ. આહા..હા...! ભાઈ ! આહા..હા...! વસ્તુ એવી છે.

અત્યારે તો બધી ગડબડ એવી ચાલી (છે). પેલો નિયતવાદ સ્થાપે (છે). મોટો લેખ (આવ્યો છે). બધું નિયત છે, નિયત છે. એટલે કે આ જે બધી ચીજો છે એનાથી રહિત થઈ જવું, એક શરીરમાત્ર પરિગ્રહ રહે. પણ ઈ શરીરરહિત જ છે. જે ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ પ્રભુ ! એ તો પરદ્રવ્યથી રહિત જ ત્રિકાળ છે. એને રહિત થવું છે એ છે જ નહિ. આહા..હા...! ફક્ત એને રાગનું – વિકારનું વેદન જે છે તે વેદનમાં ફેર ક્યારે પડે ? કે, તેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં વેદનમાં આનંદનું વેદન આવે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પરમાત્મા આમ વર્ણવે છે એ સંતો વર્ણવે છે. આહા..હા...! કહે છે કે, હું ધર્મ પામ્યો (એમાં) એને શું થયું ? ધર્મ પામ્યો, ધર્મી જીવ છે તેને દૃષ્ટિમાં લઈને ધર્મ પામ્યો તો ધર્મ પામ્યો તો ત્યાં શું થયું ? આહા..હા...! જે ધર્મ પામ્યો અને ધર્મ થયો તેની દૃષ્ટિ તો ધર્મી ઉપર છે. આહા..હા...! પણ એના પરિણામમાં જે ધર્મ થયો એમાં આનંદનું વેદન આવ્યું. રાગનું વેદન છૂટી અને આનંદનું વેદન (આવ્યું). આહા..હા...! સમજાણું ?

કાલે તો ઘણું ચાલ્યું હતું. આજે તો વળી (એક ભાઈએ) કહ્યું કે, થોડું લેવું. વીતરાગમાર્ગનો પાર નથી, બાપા ! પ્રભુ ! અંદર એ ચીજ છે, જેમાં પરદ્રવ્યના ગ્રહણ અને ત્યાગથી તો ત્રિકાળી શૂન્ય છે. આહા..હા...! અહીં (અજ્ઞાની તો એમ માને છે કે), પરદ્રવ્યથી ખસી જાય એટલે જાણે અંદર ત્યાગ થઈ ગયો ! પણ પરદ્રવ્યથી તો ત્રિકાળ ખસેલો જ છે. અજ્ઞાનીનો આત્મા પણ પરદ્રવ્યથી તો અભાવ સ્વભાવ રૂપે જ છે. આહા..હા...!

અહીં તો અસ્તિ જે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ ! ભાઈ ! માર્ગ જુદી જાત(નો) છે. આહા..હા...! અસ્તિ સ્વભાવ રુચિ કરી, અસ્તિ સ્વભાવ, એક સમયમાં પરિપૂર્ણ સ્વભાવ, સત્તા ચૈતન્ય તત્ત્વ, અખંડ ધ્રુવ ! એની દૃષ્ટિ નહોતી ત્યારે પર્યાયમાં રાગ અને વિકારનું વેદન હતું. હવે એની દૃષ્ટિ થઈ એટલે પર્યાયનો સ્વીકાર હતો, રાગનો સ્વીકાર હતો ત્યાં તો દુઃખનું – રાગનું વેદન હતું. સમજાણું કાંઈ ? આહા..હા...! પણ દૃષ્ટિ જ્યાં દ્રવ્ય ઉપર જાય છે, પરમાનંદના નાથને જ્યાં દૃષ્ટિ શ્રદ્ધામાં લ્યે છે, જ્ઞાનની પર્યાયમાં તેનું (આખું) જ્ઞેય કેવડું છે ઈ બધું જ્ઞાનમાં આવે છે ત્યારે તેની પર્યાયમાં આનંદનું, શાંતિનું, સ્વચ્છતાનું, પ્રભુતાનું... આ..હા..હા...! વેદન આવે છે. એ આનંદ આદિનું વેદન ન હોય તો એને ધ્રુવની દૃષ્ટિ થઈ છે એ વાત ખોટી છે. ભાઈ ! આવો માર્ગ છે, પ્રભુ ! શું થાય ?

હજી તો પ્રથમ સમ્યગ્દર્શન (થાય) પછી ચારિત્ર હોય. આહા..હા...! અહીં કહે છે

કે, સમ્યગ્દર્શન – સમ્યક્ – સત્ય દર્શન. સત્‌સ્વરૂપ જે ભગવાન પૂર્ણ સ્વરૂપ તેનો જ્યાં આદર થઈને સત્કાર થયો અને સ્વીકાર થયો ત્યારે તેને ધ્રુવની દૃષ્ટિ થઈ, એણે પૂર્ણાનંદના નાથને સ્વીકાર્યો, એ સ્વીકાર્યો ત્યારે એની પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ, આનંદ આદિ દશા થઈ એનું વેદન આનંદનું છે. કીધું ને અહીંયાં ? **'અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** અર્થાવબોધસામાન્ય દૃષ્ટિમાં છે પણ એના વેદનમાં નથી. આવી વાત છે, બાપા ! એ..ઈ...! ભાઈ ! આવી વાતું છે, આમાં તકરારમાં અને બહારના સંઘમાં ક્યાં ઊભા રહેવું ? બહારમાં વાત એવી આવે કે, 'ભાવનગર'માં વિરોધ છે, ટ્રસ્ટીઓમાં વિરોધ છે. અર..ર..ર...! અરે...! ભાઈ ! આવી ચીજ મળી, બાપુ ! આહા..હા...! એને વિરોધ કોની સાથે ? આહા..હા...!

પ્રભુ એમ કહે છે, ત્રણલોકના નાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે, તું ધર્મ પામ્યો અને ધર્મ થયો ઈ કઈ અપેક્ષાએ થયું ? કે, ઈ ધર્મ થાય એ દ્રવ્યની દૃષ્ટિ થાય ત્યારે ધર્મ થાય. ધર્મ થાય તો પર્યાયમાં ફેર શું પડ્યો ? ભાઈ ! આવું છે, બાપુ ! આહા..હા...! આ દિગંબર સંતોના હૃદયો છે ! આ..હા..હા...! 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્યદેવ' આમ કહેવા માગે છે.

પ્રભુ ! એકવાર સાંભળ ! તેં જો આત્મા જેટલો અને જેવડો છે એવો જો દૃષ્ટિમાં અને જ્ઞાનમાં જાણ્યો અને માન્યો... આહા..હા...! તો એ જાણવા અને માનવાની પર્યાયમાં એ દ્રવ્ય આવતું નથી. આહા..હા...! કીધું ને ? **'અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** આહા..હા...! શું કહે છે આ ? ગજબ વાત છે ! વીસમા બોલનો સરવાળો છે. કો'ક કહેતું હતું ને ? આખો સરવાળો છે. આહા..હા...! આ તો ત્રણલોકના નાથે જે કહ્યું તે અનુભવ્યું. એને અનુભવીને કહે છે કે, પ્રભુ ! એકવાર સાંભળ ! આહા..હા...!

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ ! એક સમયે સત્ ! હમણાં આપણે નયના અધિકારમાં આવશે. આહા..હા...! જે ત્રિકાળી સત્ જ્ઞાયકભાવ નિત્યાનંદ ભાવ, ધ્રુવ ભાવ, સામાન્ય ભાવ, સદૃશ ભાવ, કારણપરમાત્મા ભાવ, કારણજીવ ભાવ... આહા..હા...! બીજેથી દૃષ્ટિ હટાવી અને જેણે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકી છે તે જીવને પર્યાયમાં દ્રવ્યનું વેદન આવતું નથી. દ્રવ્યનું જ્ઞાન આવ્યું, દ્રવ્યની શ્રદ્ધા આવી પણ દ્રવ્યનું વેદન એમાં – વેદનમાં આવતું નથી. આહા..હા...! શું કહ્યું સમજાણું આમાં ? આહા..હા...! એનું (–દ્રવ્યનું) વેદન ન આવ્યું. વેદન પર્યાયનું આવે. આહા..હા...! આ તો વીતરાગના માર્ગની મૂળ ચીજ છે. આમાં કોઈ આડુંઅવળું કરવા જાય તો દૃષ્ટિ ખોઈ બેસે એવું છે. આહા..હા...!

શું કહ્યું ? લિંગ એટલે પ્રત્યભિજ્ઞાન. એટલે કે આ છે... છે... છે... છે... છે... છે... છે... છે... એવી જે નિત્ય ધ્રુવ વસ્તુ ભગવાન ! **'એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** આહા..હા...! જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી પણ દ્રવ્યની પર્યાયમાં – વેદનમાં તે દ્રવ્ય નથી આવતું. આહા..હા...! શું કહ્યું ? ભાઈ ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ ! આ કાંઈ હાલીદુઆલીની વાત નથી. આહા..હા...!

પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા ! એની પ્રતીતિ શ્રદ્ધામાં (આખું) જ્ઞેય જેટલું છે, જેવડું (છે) તેની પ્રતીતિ થઈ અને જેવડી, જેટલી વસ્તુ છે તેટલું અહીં જ્ઞાનમાં તેટલું આ છે એવું જ્ઞાન આવ્યું, પણ એ જ્ઞાનની પર્યાય અને શ્રદ્ધાની પર્યાયની સાથે જે આનંદની પર્યાય (થઈ) એમાં એ દ્રવ્ય (આવતું નથી). સમકિતની શ્રદ્ધા થઈ એ શ્રદ્ધામાં દ્રવ્ય આવ્યું નથી. દ્રવ્યનું સામર્થ્ય જેટલું છે એ પ્રતીતિમાં આવ્યું. દ્રવ્ય એમાં આવતું નથી. તેમ જ્ઞાનમાં પર્યાયમાં તત્ત્વનું જેટલું સામર્થ્ય છે તેટલું જ્ઞાન આવ્યું પણ એ જ્ઞાનમાં જ્ઞેય આવ્યું નહિ. આહા..હા...! આવી વાતું, બાપા ! અરે..રે...! જગતમાં સત્યનો વિરહ પડી ગયો. આહા..હા...! આ સત્ય વાત કહે તોપણ (એમ કહે કે), આ તો નિશ્ચયની (વાતો) છે, આ તો નિશ્ચયની (વાતો છે). એટલે સત્યની છે. એમ કે, પૂજા ને વ્રત ને તપ ને ભક્તિ કરો ઈ તો કહે છે કે, ઈ ધર્મ નથી, એ તો રાગ છે. એ ધર્મનું કારણ પણ નથી.

ધર્મની પર્યાયનું કારણ દ્રવ્યસ્વભાવ છે. ધર્મની પર્યાયનું કારણ વસ્તુસ્વભાવ છે. તે કારણની દૃષ્ટિ હોવા છતાં તેની શ્રદ્ધામાં આખી ચીજ જેવડી છે તે પ્રતીતમાં આવી, જ્ઞાનની પર્યાયમાં જેટલું જ્ઞેય જેવડું છે તેવું જ્ઞાન આવ્યું છતાં તે શ્રદ્ધા અને જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય આવ્યું નહિ. આહા..હા...! આવી વાતું છે. તેમ સાથે જે સમ્યગ્દર્શનનું વેદન, જ્ઞાનનું વેદન, શાંતિનું વેદન, અતીન્દ્રિય આનંદનું વેદન (આવ્યું) એ વેદનમાં દ્રવ્ય આવ્યું નહિ. વેદનમાં દ્રવ્ય ન આવે. વેદનમાં એ આત્મા છે જ નહિ. આ..હા..હા..હા...! ભાઈ ! આવું કોઈ દિ' સાંભળ્યું નથી એવી વાત છે આ તો !

પ્રશ્ન :– વેદનમાં દ્રવ્ય આવે તો નુકસાન શું થાય ?

સમાધાન :– પણ વેદનમાં આવે શી રીતે ? પર્યાયમાં દ્રવ્ય આવે શી રીતે ? વેદનમાં દ્રવ્ય શી રીતે આવે ? ઈ તો અહીં કહ્યું. **'અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** પ્રભુ ! આ તો શાંતિનો માર્ગ છે, બાપા ! આહા..હા...! બહારથી (બધું) છોડીને બેસે અને શરીર એકલું રહે માટે સમ્યગ્દર્શન થયું એમ નથી. આહા..હા...! અભ્યંતરના મિથ્યાત્વના ત્યાગ વિના

બાહ્યનો ત્યાગ નિમિત્તપણે પણ કહી શકાતો નથી. એ અભ્યંતરના રાગના અને મિથ્યાત્વના ત્યાગમાં ભગવાન પૂર્ણાનંદના નાથ(નો) સ્વીકાર થાય છે ત્યારે તેને મિથ્યાત્વ અને રાગનો ત્યાગ થઈ જાય છે. રાગ અને મિથ્યાત્વનો ત્યાગ થતાં રહે છે શું ત્યારે ? આહા..હા...! ત્યાગ તો નાસ્તિથી (વાત) થઈ. પણ થાય છે શું ત્યાં ?

વર્તમાન પર્યાયમાં ધર્મ થતાં શું થાય છે ? કે, દૃષ્ટિ દ્રવ્ય ઉપર જોવા છતાં તે દ્રવ્ય તે પર્યાયમાં જેને નથી. છે ? **'અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** જેને એટલે વેદનમાં નથી. આહા..હા...! જરી ઝીણું છે પણ હવે (શું થાય ?) આ બધું સમજવા જેવું છે, હોં ! રળીને (કમાય) એમાં ધૂળમાં કાંઈ નથી. આહા..હા...! બાહ્ય ત્યાગ કરીને બેસે તો એમાં પણ કાંઈ નથી. સ્ત્રી છોડી, વસ્ત્ર છોડ્યા પણ હજી વસ્તુ જે છે એને પકડી નથી તો રાગનો, મિથ્યાત્વનો ત્યાગ એમાં ક્યાંથી થાય ? અને મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રતનો ત્યાગ શી રીતે થાય ? સમજાય છે કાંઈ આમાં ? ખરે ટાણે (આવ્યા છો), આ ખરું ટાણું છે. આહા..હા...!

આહા..હા...! લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ એટલે કે ધ્રુવ છે... છે... છે... છે... છે... એવું જે ગ્રહણ એટલે કે એનો આદર હોવા છતાં, એની આદરની પર્યાયમાં તે દ્રવ્ય આવતું નથી. અર..ર..ર...! આ..હા..હા...! પર્યાયે એનો આદર કર્યો, સ્વીકાર કર્યો પણ તે આદરની પર્યાયમાં દ્રવ્યનું જેવું સામર્થ્ય છે તેવું આવ્યું પણ એ દ્રવ્ય છે ઈ પર્યાયમાં – આદરમાં આવ્યું નહિ. આવો માર્ગ છે. આહા..હા...! સમજ મેં આયા ? આહા..હા...!

આ તો જેને અંદર આત્માની પડી હોય... આહા..હા...! ભવભ્રમણનો અભાવ કરવો હોય, એ અભાવ ક્યારે થાય ? એના સ્વભાવમાં પરના અભાવ સ્વભાવરૂપ ગુણ છે. એનો અભાવ કરવો પડતો નથી, અભાવ સ્વભાવ રૂપ ગુણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અર્થાવબોધસામાન્ય એટલે દ્રવ્ય. અર્થાવબોધસામાન્ય એટલે ધ્રુવ તત્ત્વ. **'તે જેને નથી...'** તે વેદનના પર્યાયમાં તે દ્રવ્ય નથી. કહો, ભાઈ ! હવે તો આ બહુ સ્પષ્ટ થયું. આ તો બાપા ! ઘરની વાતું છે. આ તો અંતરની વાતું છે. આહા..હા...! **'તે અલિંગગ્રહણ છે;...'** આ અલિંગગ્રહણ ! એટલે ? આહા..હા...! લિંગ એટલે દ્રવ્ય તે જેની પર્યાયમાં વેદનમાં આવતું નથી તે અલિંગગ્રહણ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...'** આ..હા..હા...! આ રીતે આત્મા દ્રવ્યને નહિ અડતો, નહિ સ્પર્શતો **'એવો શુદ્ધ પર્યાય છે...'** આ..હા..હા...! કહો, ભાઈ ! સમજાય છે કે નહિ આ ? આવી વાત છે, પ્રભુ ! આહા..હા...! કહે છે કે, પ્રભુની પ્રભુતાનો જેને

સ્વીકાર થયો તો એ સ્વીકારની પર્યાયમાં પ્રભુનું જ્ઞાન, શ્રદ્ધા આવી પણ એ પ્રભુ પોતે પૂર્ણ પરમાત્મા પરમેશ્વર આત્મા છે, એ પર્યાયમાં વેદનમાં નથી આવતો. સમજાણું કાંઈ ?

આમ તો આપણે ઘણીવાર કહીએ છીએ કે, જ્ઞાનની પર્યાય જ્ઞેય છે તેને જાણે છતાં તે પર્યાયમાં જ્ઞેય આવતું નથી. પણ અહીં તો વેદનની મુખ્યતાથી વાત કરવી છે. જ્ઞાનની પર્યાયનું વેદન છે એ જ્ઞાનમાં પૂર્ણ જ્ઞેય જણાણું છે પણ જ્ઞાનની પર્યાયનું વેદન છે, એનું જે જ્ઞાન છે, એની જે શ્રદ્ધા છે એમાં દ્રવ્ય આવતું નથી. અરે... અરે...! આવી વાતું ! વીતરાગ સિવાય આ વાત ક્યાંય હોય નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'આ રીતે આત્મા દ્રવ્યથી...'** એટલે વસ્તુથી. **'નહિ આલિંગિત...'** (અર્થાત્) આત્મા વસ્તુને નહિ અડતો, નહિ સ્પર્શતો. **'એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લ્યો, એ પૂરું થયું. અડધો કલાક થયો. (આ ભાઈએ કહ્યું હતું કે), વિષય થોડો (ફરીને લ્યો). વાતમાં પાર ન મળે, બાપા ! એવી વસ્તુ છે. આહા..હા...! હવે નય. છે ? ૪૯૩ પાનું છે. હવે વિષય બદલાય છે. ૪૯૩ (પાનું).

**'(હવે ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વડે પરિશિષ્ટરૂપે...)'** (અર્થાત્) છેલ્લા સાર રૂપે કંઈક કહે છે. (ટીકા) પૂર્ણ કરીને (પરિશિષ્ટરૂપે કહે છે). ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ, દિગંબર મુનિ ! એક હજાર વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં ચાલતા સિદ્ધ હતા !! આહા..હા...! એ 'કુંદકુંદાચાર્યદેવ'ના ભાવને અર્થમાં – ટીકામાં લઈ એ પૂરું કર્યું. હવે (કહે) છે કે, હું કાંઈક વિશેષપણે કહું છું.

**'આ આત્મા કોણ છે ?'** આ આત્મા કેવો છે ? એવો જેનો પ્રશ્ન હોય એને આ ઉત્તર દેવામાં આવશે. આહા..હા...! ભાઈ ! આ તો સર્વજ્ઞ પરમાત્માનો પંથ છે. આ કોઈ હાલીદુઆલીની વાત નથી. જેના સો ઇન્દ્રો તળિયાં ચાટે ! જે એકાવતારી ઇન્દ્રો પણ જેની સભામાં કૂતરીના બચ્ચા.. શું કહેવાય ઈ ? પીલ્લા.. પીલ્લા ! આહા..હા...! એ વાણી અને એ પ્રભુ કેવા હશે ! આહા..હા...! જેના બત્રીસ લાખ વિમાન, એનો સ્વામી શકરેન્દ્ર એકાવતારી છે. એક ભવે મોક્ષ જનારા છે, સમકિતી છે. એ મહાવિદેહમાં પરમાત્મા પાસે દર્શન કરવા જાય છે. શાંતિથી, પગ ઉપર પગ ચડાવ્યા વિના સાંભળે એ વાત કેવી હોય ? ભાઈ ! શકરેન્દ્ર ત્રણ જ્ઞાનનો ધણી ! સમકિતી – ક્ષાયિક સમકિતી ! એક ભવે મોક્ષ જનાર ! પરમાત્માની વાણીમાં (આવ્યું) છે. એ ઇન્દ્ર સાંભળે બાપુ ! એ વાણી કેવી હોય ? આહા..હા...!

અહીં શિષ્યનો એ પ્રશ્ન છે, પ્રભુ ! આપે વાત તો બહુ કરી પણ અમારે વધારે સ્પષ્ટ

જોઈએ છે કે, આત્મા કોણ છે ? કેવો છે ? આ તે છે કેવો ભગવાન અંદર ? આહા..હા...! અંદર આત્મા રાગ અને પર વિનાનો એવો આત્મા છે કેવો ? એક વાત. **'અને કઈ રીતે પ્રાપ્ત કરાય ?'** અને ક્યા ઉપાયે તેની પ્રાપ્તિ થાય ? બે પ્રશ્ન છે. **'એવો પ્રશ્ન કરવામાં આવે...'** ભાષા જોઈ ? આવો જેને જિજ્ઞાસાનો પ્રશ્ન કરવામાં આવે એને આ ઉત્તર દેવામાં આવે છે. સાંભળવા ખાતર સાંભળવા આવ્યા હોય એને આ ઉત્તર નહિ મળે, કહે છે. આહા..હા...!

અંતરમાંથી જેને પ્રશ્ન ઊઠ્યો, પ્રભુ ! આત્મા કોણ ? અને કેવો છે ? કેવો છે`અંદર ? એમાં શું છે ? શું એમાં ભરેલું છે ? તે કેવો છે ? અને તેની પ્રાપ્તિ ક્યા ઉપાયથી થાય છે ? આવું છે, ભાઈ ! એણે એમ પૂછ્યું નથી કે, ભગવાન ! તમારી ભક્તિ કેમ થાય ? પૂજા કેમ થાય ? વ્રત કેમ પાળે ? એવું પૂછ્યું નથી. આહા..હા...!

આત્મા કેવો છે ? અંદર વસ્તુ ભગવાન પરમેશ્વર ! ઈ પરમેશ્વર આત્મા છે કેવો ? આહા..હા...! એ ('સમયસાર'ની) ૩૮ ગાથામાં આવી ગયું હતું. પોતાનો પરમેશ્વર આત્મા તેને ભૂલી ગયો. પરમેશ્વર પોતે છે, પ્રભુ ! તને ખબર (નથી). આહા..હા...! ભગવત્ સ્વરૂપ છે. ભગવાન સ્વભાવ તેનો છે. જો ભગવાન સ્વભાવ ન હોય તો પર્યાયમાં ભગવાનપણું આવશે ક્યાંથી ? આહા..હા...! અરે...! આવી વાતું, લ્યો !

એ આત્મા કેવો છે ? અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે ? એને પ્રાપ્ત કરવાની રીત શું છે ? ભગવાન ! તને કેમ પ્રાપ્ત થાઓ ? ભક્તિ કેમ પ્રાપ્ત થાય ? એમ એનો પ્રશ્ન નથી. આહા..હા...! **'એવો પ્રશ્ન કરવામાં આવે તો...'** આવી જિજ્ઞાસાથી જેને પ્રશ્ન થયો હોય તેને **'તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે :– '** આહા..હા...! ગજબ છે !

**'પ્રથમ તો, આત્મા...'** હવે ઉત્તર આપે છે. પહેલામાં પહેલી વાત એ છે કે, **'આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે...'** આહા..હા...! ભગવાન ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ એ સામાન્ય વડે વ્યાપ્ત **'અનંત ધર્મોનું અધિષ્ઠાતા...'** છે. આ..હા..હા...! આત્મા કેવો છે ? કે, ખરેખર ચૈતન્યસામાન્ય વડે ત્યાં અનંત ધર્મો પરિણમ્યા છે. એમાં અનંત ધર્મ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, રાગ, રાગનું કરવાપણું, રાગનું ભોગવવાપણું, રાગનું અકરવાપણું, રાગનું અભોક્તાપણું એવા અનંતા ધર્મો એમાં છે. આહા..હા...! દૃષ્ટિના વિષયની અંદર આ જ્ઞાન(ની) વાત ન આવે. જ્ઞાનની (પર્યાય) સ્વપર પ્રકાશક દ્રવ્યને પણ જાણે અને રાગાદિ પર્યાય (છે) તેને

પણ જાણે. એ બધા રાગને, અરાગી સમ્યગ્દર્શન આદિ અને અનંત ગુણ, એનો એ અધિષ્ઠાતા છે (અર્થાત્) આત્મા એનો આધાર છે. ઈશ્વર અધિષ્ઠાન છે ઈ નહિ.

આ અધિષ્ઠાન પહેલાં ક્યાંક આવી ગયું છે, ભાઈ ! ૪૮૧ પાને. ૪૮૧ પાનું છે એમાં ? ૨૬૮ ગાથા. છે ટીકા ? **'(૧) વિશ્વનો વાચક 'સત્' લક્ષણવાળો એવો જે આખોય શબ્દબ્રહ્મ...'** શું કહે છે ? આખા જગતને – લોકાલોકને સત્ શબ્દથી કહી શકાય છે. એ વાણી – શબ્દ (છે). સત્ (કહેતાં) આખો લોકાલોક સત્ છે. એવું શબ્દવાચક કહ્યું. વિશ્વનો કહેનારો (એમ જે કહ્યું) એ પહેલી વાણીની વાત છે. **'સત્' લક્ષણવાળો એવો જે આખોય શબ્દબ્રહ્મ...'** સત્ એ શબ્દબ્રહ્મ. સારા લોકાલોકને જણાવનારો શબ્દ છે. એને પણ જાણનારો ભગવાન છે એમ કહે છે. આહા..હા...! શું કહ્યું ઈ ?

(અહીંયાં) આ અધિષ્ઠાન કહ્યું ને ? વિશ્વનો વાચક – આખા લોકાલોકને કહેનાર શબ્દ. સત્ લક્ષણ(વાળો છે). સત્ છે. 'છે' **'એવો જે આખોય શબ્દબ્રહ્મ...'** પૂર્ણ શબ્દબ્રહ્મ, આખું સત્ **'અને તે શબ્દબ્રહ્મનું વાચ્ય...'** એ શબ્દબ્રહ્મ શબ્દ અને શબ્દનું વાચ્ય લોકાલોક – વિશ્વ. શું કહે છે ? **'શબ્દબ્રહ્મ અને તે શબ્દબ્રહ્મનું વાચ્ય 'સત્' લક્ષણવાળું જે આખુંય વિશ્વ...'** પહેલા (કહ્યું કે), વિશ્વને કહેવાવાળો શબ્દબ્રહ્મ અને હવે (કહે છે), આખું વિશ્વ જે શબ્દબ્રહ્મથી કહેવામાં આવે છે એ પર ચીજ. આહા..હા...!

**'આખુંય વિશ્વ તે બન્નેના જ્ઞેયાકારો...'** આહા..હા...! સારા લોકાલોકને સત્ કહેનારું, એનું પણ જ્ઞાન જ્ઞેયાકારરૂપે જણાય છે. આહા..હા...! એ જ્ઞેયોનું જ્ઞાન અહીંયાં જ્ઞેયાકાર જ્ઞાનમાં થાય છે અને વિશ્વ જે જ્ઞેય છે તેનું પણ જ્ઞાનમાં જ્ઞાનાકાર થાય છે. સારા શબ્દબ્રહ્મનું અને વિશ્વ – બન્નેનો જ્ઞાનાકાર આત્મા જાણનારો થાય છે. ૨૬૮ ગાથા છે. ૨૬૮ની ટીકા. છે ?

અહીં તો અધિષ્ઠાન સિદ્ધ કરવું છે. અધિષ્ઠાન એટલે શું ? કે, વિશ્વનો કહેનારો સત્. સામાન્ય સત્ બધું છે. આખા વિશ્વ – લોકાલોકને કહેનારો સત્ શબ્દ, એ શબ્દબ્રહ્મ અને શબ્દબ્રહ્મથી કહેનારું જે વાચ્ય છે... સમજાણું કાંઈ ? એ સત્ લક્ષણવાળું આખું વિશ્વ. સત્ લક્ષણવાળું વિશ્વ. સત્‌ને કહેનારો શબ્દબ્રહ્મ અને સત્ વસ્તુ. **'આખુંય વિશ્વ તે બન્નેના...'** એક શબ્દબ્રહ્મ સત્ અને શબ્દબ્રહ્મે કહેલું વિશ્વ છે એ સત્ – બન્ને સત્. પેલી પાંચ ગાથા કરતાં આમાં વિશેષ છે. પાંચમાં તો ફક્ત મોક્ષમાર્ગ આવો છે (એમ કહ્યું). આ તો બીજી વાત છે.

કહે છે કે, તું આત્મા કેવો છે ? કેવડો છે ? શબ્દબ્રહ્મ સત્ એમ શબ્દથી કહેવાતું આખું જગત અને એનું વાચ્ય સારો લોકાલોક (એમ) બન્ને. લોકાલોક – વિશ્વ. વિશ્વમાં અલોક પણ આવી ગયું અને શબ્દમાં પણ સારા લોક-અલોકને કહેવાની વાણીની તાકાત છે. એ શબ્દને અને શબ્દના વાચ્ય(ભૂત) પદાર્થને. **'બન્નેના જ્ઞેયાકારો પોતાનામાં યુગપદ્ ગુંથાઈ જવાથી...'** આહા..હા...! ભગવાનઆત્મા ! વિશ્વ નામ લોકાલોકનું જ્ઞાન (કરે છે), એમાં અનંતા સિદ્ધોનું જ્ઞાન... આહા..હા...! અનંતા નિગોદ જીવનું જ્ઞાન, આખા વિશ્વનું જ્ઞાન અને શબ્દનું જ્ઞાન. શબ્દબ્રહ્મ જે કહ્યો કે આખું વિશ્વ આમ સત્ છે. એ શબ્દનું જ્ઞાન અને વિશ્વવસ્તુ તેનું જ્ઞાન. આહા..હા...!

આ તો અલૌકિક વાતું છે, બાપુ ! પાંચ (દિ' પૂરા થયા) પછી આ લેવું (એમ) વિચાર હતો. (એક મુમુક્ષુએ) કહ્યું, નય લેવી. વિચારમાં એ આવ્યું હતું. સાંભળે તો ખરા ! ગમે તે અધિકાર હોય તે સામાન્ય નથી. આહા..હા...!

કહે છે કે, તું કેવડો આત્મા ? શબ્દથી કહેવાતું સારું વિશ્વ એવા શબ્દનું પણ જ્ઞાન થનાર અને આ સારા વિશ્વનું પણ જ્ઞાન થનાર. આહા..હા...! અનંતા સિદ્ધોનું પણ જ્ઞાન થનાર, અનંતા નિગોદનું પણ જ્ઞાન થનાર. કારણ કે વિશ્વ નામ સત્. તો સત્માં તો લોકાલોક (બધું) આવ્યું. અનંતા સિદ્ધ આવ્યા, અનંતા નિગોદના જીવ આવ્યા, અનંતા જીવની સંખ્યા કરતાં અનંતગુણા પરમાણુ આવ્યા, પરમાણુની સંખ્યા કરતાં ત્રણ કાળના સમય આવ્યા, સમય કરતાં આકાશના પ્રદેશ અનંતગુણા આવ્યા – એ વિશ્વ સત્ (છે). ભાઈ ! ઝીણી વાત (છે), બાપુ ! એ સારા સત્ના શબ્દનું જ્ઞાન કરનાર પ્રભુ અને સારું વિશ્વ જેટલું છે તેનું અહીં જ્ઞાન કરનાર, એવો એ આત્મા છે. આહા..હા...! એનું પોતામાં યુગપદ્ ગુંથાઈ જવું. એક સમયમાં ! આહા..હા...! લોકાલોક (કહ્યું) એમાં અનંતા સિદ્ધ, તીર્થંકરો... ઓ..હો..હો...! ભૂત-ભવિષ્યના અનંત તીર્થંકરો... આ..હા..હા...! ભૂત-ભવિષ્યના અનંતા સંતો એ બધું વિશ્વમાં જાય. આહા..હા...!

ણમો અરિહંતાણંમાં એ આવે છે. ણમો અરિહંતાણંમાં છેલ્લો શબ્દ આવે છે. ણમો લોએ સવ્વ સાહુણં. તો ત્યાં એવું છે, ણમો લોએ સવ્વ અરિહંતાણં. આવું પદ આવે છે. ણમો લોએ સવ્વ સિદ્ધાણં. પણ એથી આગળ જઈને એવું આવે છે કે, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. એવો 'ધવલ'માં પાઠ છે. આ તો ટૂંકો શબ્દ કરીને સમજાવ્યું છે, બાકી 'ધવલ'માં તો ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં (એમ આવે છે). આ..હા..હા...!

ગયા કાળમાં અરિહંતો થયા, અત્યારે અરિહંતો બિરાજે છે, ભવિષ્ય અનંત અરિહંતો થશે, **આ આત્મા પણ ભવિષ્યમાં અરિહંત થશે એને નમસ્કાર કરું છું.** આહા..હા...! ગજબ વાત છે, પ્રભુ ! આહા..હા...! એને અત્યારથી કહે છે કે, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. આહા..હા...! ભવિષ્યમાં થનારાને પણ હું અત્યારે નમસ્કાર કરું છું. આ તે વાતું, બાપા ! આહા..હા...!

ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં ! પોતે પણ ભવિષ્યમાં સિદ્ધ થવાનો છે તો એને પણ હું અત્યારે નમસ્કાર કરું છું. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આયરિયાણં ! આચાર્યપદ તો આવે, ન આવે પણ અરિહંત અને કેવળપદ તો આવે જ. સમજાણું કાંઈ ? ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આયરિયાણં. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવ્વજ્ઝાયાણં અને ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. આહા..હા...! નવકારની આ વાત છે ! 'ધવલ'માં લેખ છે. લોકોએ સાંભળ્યું ન હોય એટલે (શું) ? આ તો ભગવાનના ઘરની અનાદિની વાત છે. આહા..હા...!

અહીં કહે છે, ત્રિકાળવર્તી અરિહંતો, ત્રિકાળવર્તી સિદ્ધો, ત્રિકાળવર્તી આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને ત્રિકાળવર્તી નિગોદ અને સિદ્ધ – એ બધા વિશ્વમાં આવે છે. એનું અહીં જ્ઞાનાકારે બધું એને જણાય. એટલી જ્ઞાનની તાકાત છે ! એવો ભગવાન જાણનારો સારા વિશ્વને પણ જ્ઞાન(માં) જાણે છે અને શબ્દ પણ જ્ઞાનરૂપમાં જણાય છે. ઝીણું પડે (તો) રાત્રે થોડું થોડું પૂછવું. અરે.. ભાઈ ! મારગ આવા (છે), ભાઈ ! આહા..હા...! છે ?

એ જ્ઞેયાકારો એટલે જ્ઞેયો. અનંત સિદ્ધો, અનંત પરમાણુઓ, ત્રણકાળના સમયો, આકાશ આદિ વગેરે અને એક એક દ્રવ્યના અનંત ગુણો – એ બધા જ્ઞેય છે. વિશ્વ એટલે જ્ઞેય છે અને શબ્દ જે છે – સત્ એવો જે શબ્દબ્રહ્મ, તેનું અહીં જ્ઞાન (થાય છે) અને વાચ્ય જે વસ્તુ છે તેનું અહીં જ્ઞાન (થાય છે). એમ અહીં કહે છે કે, એનો તે જાણનાર-દેખનાર ભગવાન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

**'પોતાનામાં યુગપદ્ ગુંથાઈ જવાથી...'** એક સમયમાં ! શબ્દબ્રહ્મ સત્ આખું લોકાલોક એવો શબ્દ અને વિશ્વ – સારું લોકાલોક. બન્નેનું એક સમયે ગુંથાઈ જવું (એવું) જ્ઞાન. આત્મામાં એક સમયમાં બન્નેનું જ્ઞાન થઈ જાય છે. ક્યારે ? કેવળજ્ઞાન થાય ત્યારે નહિ. આહા..હા...! પ્રભુ ! તારી બલિહારી છે, ભાઈ ! એમ કહીને ત્રિકાળી દ્રવ્ય જે જગતની વસ્તુ છે – સર્વજ્ઞો, આચાર્યો, ઉપાધ્યાયો, નિગોદ એનો તું જાણનાર (છો). તારું જ્ઞાન તે રૂપે પરિણમે એ જાણનાર તું છો. એ મારા છે, એમ માનનારો નહિ. પંચ પરમેષ્ઠી પણ મારા છે એમ

માનનારો નહિ. તેમ અનંતા નિગોદના જીવ મારા છે એમ માનનારો નહિ. આહા..હા...! અને સ્ત્રી, કુટુંબ ને પરિવાર એ બધા મારા છે એમ માનનારો નહિ પણ તેનું જ્ઞાન થાય, તેનો જ્ઞાનાકાર થનારો તું છો. ભાઈ ! આ ચૈતન્યહીરલાની વાતું છે, બાપા ! અરે..રે...! અત્યારે તો બહારની કડાકૂટ (ચાલી છે). વ્રત કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો ને... એ તો બધો રાગ છે. આહા..હા...! આ..હા..હા...!

કહે છે કે, આત્મા કેવો ? અને (કેવડો) છે ? કોણ છે ? અને કેવો છે ? કે, એ આત્મા એવો છે કે, શબ્દબ્રહ્મ – એક શબ્દથી કહેવાવાળું આખું જગત – લોકાલોક સત્‌નું પણ જ્ઞાન કરનાર છે અને સારું વિશ્વ લોકાલોક છે સત્ પદાર્થનું પણ જ્ઞાન કરનાર છે. એક આત્મા એક સમયમાં શબ્દબ્રહ્મ અને તનું વાચ્ય – બન્નેનું જ્ઞાન કરનારો ભગવાન છે. આહા..હા...! કોઈની દયા પાળનારો, કોઈની હિંસા કરનારો – એ આત્મા નથી, કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અને એ વાણીનો કરનારો અને બીજાને સમજાવનારો એ આત્મા નહિ. આહા..હા...! સમજાવવામાં જે વાણી આવે અને પેલા સમજે ઈ બન્નેનો જાણનાર છે. આવી વાત છે, પ્રભુ !

આહા..હા...! આ તો સંતોની વાણી, બાપા ! આહા..હા...! એ કેવળીના કેડાયતો છે. અલ્પકાળમાં કેવળ લેવાના છે. એને હાથવેંતમાં કેવળ છે ! આ હાથની વેંત આ ! ઈ બહારથી લેવું છે ? આહા..હા...! એ સંતોને હાથવેંતમાં કેવળ છે, પ્રભુ ! એવા સંતોની આ વાતું એમ કહે છે, પરમાત્માને બદલે પોતે કહે છે. કેવળીના કેડાયતો છે, ઈ આડતિયા છે. આહા..હા...! આવી વાતું છે. આહા..હા...!

કહે છે કે, જ્ઞેયો અને જ્ઞેયને બતાવનાર સત્ શબ્દ – એ બન્નેનું જ્ઞાન એક સમયમાં ગુંથાઈ જાય, જણાય જાય એવો આત્મા છે. છે ? '**ગુંથાઈ જવાથી (–જ્ઞાતૃતત્ત્વમાં એકીસાથે જણાતા હોવાથી) તે બન્નેના અધિષ્ઠાનભૂત...**' (અર્થાત્) બન્નેના આધારભૂત. છે નીચે (ફૂટનોટમાં) ? 'જ્ઞાતૃતત્ત્વનો સ્વભાવ શબ્દબ્રહ્મને અને તેના વાચ્યરૂપ વિશ્વને યુગપદ્ જાણવાનો છે તેથી તે અપેક્ષાએ જ્ઞાતૃતત્ત્વને શબ્દબ્રહ્મનું અને વિશ્વનું અધિષ્ઠાન (આધાર)...' આહા..હા...! આધારનો અર્થ આ – એનો જાણનાર છે. આહા..હા...!

રાગનો કરનાર પણ નથી અને રાગનો ટાળનાર પણ નથી. બંધનો કરનાર પણ નથી અને બંધનો ટાળનાર નથી. એ તો બંધને અને મોક્ષને – સારા જ્ઞેયને જાણનારો છે. આહા..હા...! એ ('સમયસાર') ૩૨૦ (ગાથામાં) આવ્યું ને ? ભાઈ ! ૩૨૦ ગાથા. આત્મા

ઉદય ને નિર્જરા, બંધ ને મોક્ષને કરતો નથી. આહા..હા...! એટલે ? કે, એ તો જ્ઞેય છે તેનો જાણનારો ભગવાન છે. આહા..હા...! રાગ, દયા, દાન આદિના વિકલ્પ છે તે જ્ઞેયમાં છે. એ જ્ઞેયમાં – વિશ્વના ભાવમાં એ બધા ભાવ આવ્યા. એને પોતે જ્ઞાનરૂપે જાણનારો છે. આહા..હા...! ભારે વાત, ભાઈ !

આ..હા..હા...! કેવો આત્મા છે ? એમ જો તેં પ્રશ્ન કર્યો હોય તો એનો ઉત્તર કહીએ છીએ કે, એવડો એ છે કે, સત્ શબ્દથી શબ્દબ્રહ્મ જે વાણી અને તેનાથી કહેવાતી વાચ્ય વસ્તુ – આખી દુનિયા લોકાલોક (તે બન્નેનો જાણનારો છે). કોઈ દ્રવ્યને મદદ આપે કે કોઈ દ્રવ્યથી મદદ લ્યે, એ આત્મા નહિ. આહા..હા...! આત્મા તો એને કહીએ, પરમાત્મા એને આત્મા કહે કે, શબ્દબ્રહ્મમાં આખી દુનિયા – લોકાલોક વાચ્ય આવી ગઈ. એ શબ્દબ્રહ્મને પણ જાણે અને લોકાલોક વિશ્વ છે તેને જાણે. આ..હા..હા...! ત્રિકાળી સિદ્ધો, ત્રિકાળી અરિહંતો... આહા..હા...! એ બધું વિશ્વમાં જાય છે. તો એ વિશ્વને પોતે જ્ઞાનમાં જાણે. ભવિષ્યના, ભૂતના, વર્તમાનના જે તીર્થંકરો, કેવળીઓ, નિગોદના જીવો... આહા..હા...! તેને એક સમયમાં યુગપદ્ – શબ્દનું જ્ઞાન અને વિશ્વનું જ્ઞાન એક સમયમાં યુગપદ્, ગુંથાઈ ગયેલું જ્ઞાન તે જ્ઞાનાકાર તે આત્મા છે. ભાઈ ! આવું બાપા ! ક્યાંય સાંભળ્યું નથી. અત્યારે મૂકીને આવ્યા છે ને ! આવી વાત છે, ભાઈ ! ભાગ્યશાળી છે, મૂકીને આવ્યા અને અહીં પડ્યા છે. આહા..હા...! બાપુ ! આ તો ઘરની વાતું છે, ભાઈ !

અહીં તો (લોકો કહે છે કે) વ્રત પાળો ને આ પાળો. તો કહે છે કે, વ્રતનો જે વિકલ્પ છે એ વિશ્વમાં – જ્ઞેયમાં જાય છે. ભગવાનની ભક્તિનો રાગ છે એ વિશ્વમાં – જ્ઞેયમાં જાય છે. તેનું (એટલે કે) વિશ્વનું અને વાણીનું એક સમયે ગુંથાઈ ગયેલું જ્ઞાનાકારરૂપ આત્મા છે તે આત્મા છે. આહા..હા...! અરે...! આવા પર્યુષણ... ભગવાન !

મુમુક્ષુ :– સોનામાં સુગંધ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આત્માની ગંધ આવી, કહે છે. કેવી ગંધ આવે ? કે, વિશ્વને અને વિશ્વને કહેનારા શબ્દને – બન્નેને જ્ઞાનપણે જાણે એવો એ ગંધવાળો આત્મા છે ! આ..હા..હા...! થોડા શબ્દમાં ઘણું સમાડી દીધું છે ! મુનિરાજ 'અમૃતચંદ્રાચાર્યદેવ' આ..હા..હા...!

અંતરનો અનુભવ અને તેની ચારિત્રની દશા, વીતરાગી આનંદ. આનંદનો અનુભવ એ ચારિત્ર. કહે છે કે, એ બધું મારું ચારિત્ર, મારો આત્મા અને મારા ગુણો, પરના આત્મા, પરના ગુણો, પરદ્રવ્ય અને પરદ્રવ્યના ગુણો – એ બધું વિશ્વમાં જાય છે. આ..હા..હા...!

મારા આત્માના ગુણ અને પર્યાયને પણ વિશ્વમાં નાખીને તેનો હું જાણનારો છું. આ..હા..હા...! એક કોર ભગવાન જ્ઞાતા અને એક કોર સર્વ જ્ઞેય અને વાણી. આહા..હા...! આવું ક્યાંય 'કલકત્તા'માં નથી. આહા..હા...!

આ..હા...! પ્રભુ ! આ તો મંત્રો છે, બાપા ! આહા..હા...! ઓ..હો..હો...! કેવડો છે ? કોણ છે ? પ્રભુ ! કોણ છે ? (લોકો) નથી કહેતા ? કોણ આવ્યું આ ? ખ્યાલમાં ન હોય તો એમ કહે ને ? કોણ છે આ ? એમ આ આત્મા કોણ છે ? પ્રભુ ! આહા..હા...! પ્રભુ ! એવડો છે. કોણ છે અને કેવડો છે ? પ્રભુ ! એવડો છે કે, શબ્દમાં આખી દુનિયા કહેવાય એવો શબ્દબ્રહ્મ અને સારું વિશ્વ – લોકાલોક તેનું જ્ઞાન કરનારો, જ્ઞેયાકારપણે જાણનારો એવો છે.

વિશેષ કહેવાશે...

अथ कथममूर्तस्यात्मनः स्निग्धरूक्षत्वभावाद्बन्धो भवतीति पूर्वपक्षयति -

**मुत्तो रूवादिगुणो बज्झदि फासेहिं अण्णमण्णेहिं।**
**तव्विवरीदो अप्पा बज्झदि किध पोग्गलं कम्मं।।१७३।।**

**मूर्तो रूपादिगुणो बध्यते स्पर्शैरन्योयैः।**
**तद्विपरीत आत्मा बध्नाति कथं पौद्गलं कर्म।।१७३।।**

मूर्तयोर्हि तावत्पुद्गलयो रूपादिगुणयुक्तत्वेन यथोदितस्निग्धरूक्षत्वस्पर्शविशेषादन्योन्य-बन्धोऽवधार्यते एव। आत्मकर्मपुद्गलयोस्तु स कथमवधार्यते; मूर्तस्य कर्म पुद्गलस्य रूपादि-गुणयुक्तत्वेन यथोदितस्निग्धरूक्षत्वस्पर्शविशेषसंभवेऽप्यमूर्तस्यात्मनो रूपादिगुणयुक्तत्वाभावेन यथोदितस्निग्धरूक्षत्वस्पर्शविशेषासंभावनया चैकाङ्गविकलत्वात्।।१७३।।

---

अथामूर्त शुद्धात्मनो व्याख्याने कृते सत्यमूर्तजीवस्य मूर्तपुद्गलकर्मणा सह कथं बंधो भवतीति पूर्वपक्षं करोति - **मुत्तो रूवादिगुणो** मूर्तो रूपरसगन्धस्पर्शत्वात् पुद्गलद्रव्यगुणः **बज्झदि** अन्योन्यसंश्लेषण बध्यते बंधमनुभवति, तत्र दोषो नास्ति। कैः कृत्वा। **फासेहिं अण्णमण्णेहिं** स्निग्धरूक्षगुणलक्षणस्पर्शसंयोगैः। किंविशिष्टैः। अन्योन्यैः परस्पर निमित्ते। **तव्विवरीदो अप्पा बज्झदि किध पोग्गलं कम्मं-** तद्विपरीतात्मा बध्नाति कथं पौद्गलं कर्मेति। अयं परमात्मा निर्विकारपरमचैतन्यचमत्कारपरिणतत्वेन बंधकारणभूतस्निग्धरूक्षगुणस्थानीयरागद्वेषादिविभाव-परिणामरहितत्त्वाद्मूर्तत्त्वाच्च। पौद्गलं कर्म कथं बध्नाति, न कथमपीति पूर्वपक्षः।।१७३।।

હવે અમૂર્ત એવા આત્માને સ્નિગ્ધ – રૂક્ષપણાનો અભાવ હોવાથી બંધ કઈ રીતે થઈ શકે એવો પૂર્વપક્ષ રજૂ કરે છે :–

**અન્યોન્ય સ્પર્શથી બંધ થાય રૂપાદિગુણયુત મૂર્તને;**
**પણ જીવ મૂર્તિરહિત બાંધે કેમ પુદ્‌ગલકર્મને ? ૧૭૩.**

અન્વયાર્થ :– **(मूर्तः)** મૂર્ત (એવાં પુદ્‌ગલ) તો **(रूपादिगुणः)** રૂપાદિગુણવાળાં હોવાથી **(अन्योन्यैः स्पर्शैः)** અન્યોન્ય (–પરસ્પર બંધયોગ્ય) સ્પર્શો વડે **(बध्यते)** બંધાય છે; (પરંતુ) **(तद्विपरीतः आत्मा)** તેનાથી વિપરીત (–અમૂર્ત એવો આત્મા) **(पौद्‌गलिकं कर्म)** પૌદ્‌ગલિક કર્મ **(कथं)** કઈ રીતે **(बध्नाति)** બાંધી શકે ?

**ટીકા :–** મૂર્ત એવાં બે પુદ્‌ગલો તો રૂપાદિગુણોવાળાં હોવાથી યથોક્ત સ્નિગ્ધ – રૂક્ષત્વરૂપ *સ્પર્શવિશેષને લીધે તેમનો અન્યોન્ય બંધ જરૂર સમજી શકાય છે; પરંતુ આત્મા અને કર્મપુદ્‌ગલનો બંધ થતો કઈ રીતે સમજી શકાય ? કારણ કે મૂર્ત એવું કર્મપુદ્‌ગલ રૂપાદિગુણવાળું હોવાથી તેને યથોક્ત સ્નિગ્ધ – રૂક્ષત્વરૂપ સ્પર્શવિશેષનો સંભવ હોવા છતાં પણ અમૂર્ત એવો આત્મા રૂપાદિગુણો વિનાનો હોવાથી તેને યથોક્ત સ્નિગ્ધ – રૂક્ષત્વરૂપ સ્પર્શ વિશેષનો અસંભવ હોવાને લીધે એક અંગ વિકળ છે (અર્થાત્ બંધયોગ્ય બે અંગોમાંથી એક અંગ ખામીવાળું છે – સ્પર્શગુણ વિનાનું હોવાથી બંધની યોગ્યાતાવાળું નથી). ૧૭૩.

**સૂચના : અહીંથી હવે પછીના ત્રણ પ્રવચનો – ૧૮૩-A, ૧૮૩-B, ૧૮૩-Cમાં અવાજ અસ્પષ્ટ હોવાથી જ્યાં સ્પષ્ટ સંભળાતુ નથી ત્યાં ... કરીને વાક્ય છોડી દેવામાં આવેલ છે.**

**કારતક વદ ૧૦, રવિવાર તા. ૧૦-૧૧-૧૯૬૩**
**ગાથા – ૧૭૩, ૧૭૪**
**પ્રવચન નંબર–૧૮૩-A**

'પ્રવચનસાર' 'જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકાર' ૧૭૨ ગાથા પૂરી થઈ. ૧૭૩ (ગાથા). નિશ્ચયનું વાસ્તવિક જ્ઞાયકસ્વરૂપ અલિંગગ્રહણ વડે પ્રસિદ્ધ કર્યું. હવે જડ કર્મ અને આત્માનો નિમિત્ત-નૈમિત્તક સંબંધ (છે) એવા વ્યવહારનયનું જ્ઞાન કરાવે છે.

મુમુક્ષુ :– વ્યવહારનય અભૂતાર્થ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અભૂતાર્થ છે તો (જ્ઞાન) કરાવે નહિ ? બન્નેનો સંબંધ કેમ છે ? ભાવબંધ અને દ્રવ્યબંધ અથવા જીવ અમૂર્ત અને દ્રવ્યબંધ નિમિત્તરૂપે શું છે તેનું વ્યવહારનયથી જ્ઞાન કરાવે છે. કેટલાક કહે છે ને ? કે, અમૂર્ત આત્માને વળી મૂર્તનો બંધ શો ? વ્યવહાર શો ? અને સંબંધ શો ? એટલો પણ સંબંધ શો ? એમ કોઈને શંકા હોય (તો તેનું સમાધાન કહે છે). ઈ તો હમણાં આવ્યું છે ને ? કાલે, પરમ દિવસે લખાણમાં આવ્યું હતું. લઈ ગયા ? અમૂર્તનો, મૂર્તનો કાલે પત્ર આવ્યો હતો. પ્રશ્ન આવ્યો હતો.

**'હવે અમૂર્ત એવા આત્માને...'**

મુમુક્ષુ :– કહે છે કે, આત્મા મૂર્તિક જ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ તો નિમિત્તના કારણે કહ્યો. મૂર્ત ત્રણ કાળમાં (નથી). જ્યાં દ્રવ્યનું વર્ણન કર્યું ત્યાં કીધું ને કે, એક (દ્રવ્ય) મૂર્ત છે અને પાંચ (દ્રવ્ય) અમૂર્ત છે. પાંચના અમૂર્ત ગુણ છે, એક પુદ્ગલના મૂર્ત ગુણ છે. ઈ બધું પહેલા શરૂઆતમાં ૧૨૫-૧૨૬ ગાથાઓમાં આવી ગયું છે.

અહીં કહે છે કે, **'અમૂર્ત એવા આત્માને...'** પ્રશ્ન તો આ ઊઠાવ્યો છે.

મુમુક્ષુ :– પેલા કહે છે કે, અમૂર્ત જે લખ્યું છે ઈ ખોટું લખ્યું છે. આત્મા અમૂર્ત

છે જ નહિ, મૂર્ત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ તો વ્યવહારનયથી (કહે છે).

પ્રશ્ન :– બે નય છે ને ?

સમાધાન :– પણ ઈ તો જાણવા માટે (છે). અરે...! જેવું છે એમ જાણવું જોઈએ કે નહિ ? કે એથી વિપરીત જાણ્યું હોય તો સમ્યક્‌જ્ઞાન કહેવાય ? જ્ઞાનનો વિષય યથાર્થ હોય કે અયથાર્થ હોય ?

**'અમૂર્ત એવા આત્માને સ્નિગ્ધ-રૂક્ષપણાનો...'** તો ભગવાનઆત્મામાં અભાવ છે. આટલું તો સિદ્ધ કર્યું છે. એક તો અમૂર્તપણું (કહ્યું) અને અમૂર્તપણામાં શું નથી ? કે, જેમાં સ્નિગ્ધ અને રૂક્ષપણાનો અભાવ (છે). આ બે વાત સિદ્ધ કરી. એવો હોવાથી **'બંધ કઈ રીતે થઈ શકે એવો પૂર્વપક્ષ રજુ કરે છે :–'** અહીંયાં બે વાત તો સિદ્ધ કરે છે.

**मुत्तो रूवादिगुणो बज्झदि फासेहिं अण्णमण्णेहिं।**
**तव्विवरीदो अप्पा बज्झदि किध पोग्गलं कम्मं।।१७३।।**

**અન્યોન્ય સ્પર્શથી બંધ થાય રૂપાદિગુણયુત મૂર્તને;**
**પણ જીવ મૂર્તિરહિત બાંધે કેમ પુદ્‌ગલકર્મને ? ૧૭૩.**

શિષ્યનો પ્રશ્ન છે. જુઓ ! કાલે એકદમ નિર્મળ વાત ત્યાં સુધી લીધી હતી કે, ભગવાનઆત્મા નિશ્ચયથી એને કહેવો કે, જેને અનુભૂતિની શુદ્ધ પર્યાય પરિણમેલી (હોય એવી) અનુભૂતિ તે જ આત્મા છે, ત્યાં સુધી છેલ્લી વાત લઈ ગયા. પાધરી છેલ્લી વાત પાછી ! સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા ! એક સમયમાં શુદ્ધ આનંદ, જ્ઞાનાનંદ સ્વરૂપ ધ્રુવ દ્રવ્ય (છે) એનો જે અનુભવ (થાય), પુણ્ય અને પાપ અને કર્મના સંબંધ વિનાનો પોતાના ચૈતન્યને અનુસરીને, શુદ્ધતાને અનુસરીને ભવવું (એટલે કે) જે થવું, અનુભવ રૂપે દશા થવી, આત્માની અનુભૂતિ તે ધર્મ (છે) અને તેને જ અહીંયાં, તે આત્મા શુદ્ધપર્યાય રૂપ છે એમ છેલ્લું કહ્યું છે. એવા એ આત્માને કર્મના નિમિત્તનો સંબંધ 'અમૂર્તધારી છું' (એવું) વ્યવહારનું જ્ઞાન કરાવવા પ્રશ્ન ઉઠાવ્યો છે. સમજાય છે કાંઈ ?

વ્યવહારનો વિષય નથી ? નય છે, નય છે તે વિષયી છે. વિષયી હોય એને વિષય હોય જ. નય છે તે વિષયી છે. નિશ્ચય હો કે વ્યવહાર હો, વિષયીનો વિષય હોય. એ આદરણીય છે કે અનાદરણીય છે એટલો પ્રશ્ન (છે). જાણવાનો તો વિષય નથી ? વ્યવહારનયનો કર્મ સાથે કેટલો સંબંધ છે ઈ જ્ઞાન કરે છે, આદરમાં તો અંદર (શુદ્ધ આત્મા છે તે છે). આત્મા શુદ્ધ આનંદકંદનું નિર્મળ પરિણમન થયું એ જ આત્મા શુદ્ધ અનુભવથી (પૂર્ણ) છે, એમ કહીને ત્યાં પૂર્ણ કર્યું અને હજી સાધકજીવને અમૂર્ત હોવા છતાં મૂર્તનો થોડો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બાકી (છે) તેનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ ?

**ટીકા :– 'મૂર્ત એવાં બે પુદ્ગલો તો...'** મૂર્ત એવા બે પુદ્ગલો એટલે બન્ને મૂર્ત છે. અમૂર્તને મૂર્ત સાથે શી રીતે વ્યવહાર સંબંધ લગાડી દ્યો છો ? **'મૂર્ત એવાં બે પુદ્ગલો તો રૂપાદિગુણવાળાં હોવાથી...'** એક પુદ્ગલમાં રૂપાદિ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (અને) બીજા પુદ્ગલમાં પણ રૂપ, રસ, ગંધ, અને સ્પર્શ (છે). એ **'યથોક્ત...'** યથા-ઉક્ત – યથા કહેલો. **'સ્નિગ્ધ-રૂક્ષત્વરૂપ સ્પર્શવિશેષને લીધે...'** સ્પર્શવિશેષ (એટલે) ખાસ. બે અધિક છે. બે અધિક એવા વિશેષને લીધે **'તેમનો અન્યોન્ય બંધ જરૂર સમજી શકાય છે;...'** શિષ્ય પ્રશ્ન કરે છે.

એક પુદ્ગલમાં સ્પર્શની અધિકતા, બીજામાં બે સ્પર્શની હિનતા. એનો પણ ચીકાશ-ચીકાશ, લુખાશ-લુખાશ વગેરે બે પુદ્ગલોમાં રૂપાદિ ગુણપણું છે તો **'તેમનો અન્યોન્ય...'** અન્યોન્ય (એટલે) આનો એમાં અને એનો આમાં, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ **'જરૂર સમજી શકાય છે; પરંતુ આત્મા અને કર્મપુદ્ગલનો બંધ થતો કઈ રીતે સમજી શકાય ?'** આ પ્રશ્ન છે. આત્મા અરૂપી – એક પક્ષ લૂલો. આગળ કહેશે (કે), એક અંગ વિકળ છે. આત્મામાં ચિકાશ-લુખાશ નહિ (અને) પુદ્ગલમાં ચિકાશ-લુખાશ. એક અંગ તો વિકળ છે (તો) બેનો મેળ સંબંધ શી રીતે થાય ? સમજાય છે કાંઈ ?

ઘણા પ્રશ્ન ચાલે છે, હોં ! (સંવત) ૧૯૮૪ની સાલમાં એક સ્થાનકવાસી સાધુ આવ્યા હતા. અહીં આવ્યા હતા. એણે પ્રશ્ન કર્યો હતો કે, 'આ આત્માને અને પુદ્ગલને સંબંધ શો ? એ તો જડ છે, કર્મનો બંધ ક્યો ?' સાધુ થયા હજી એની શંકા (થાય). (કાંઈ) ઠેકાણા ન મળે. ઘણા વર્ષ થયા, હોં ! પછી ઘડિયાળનો દાખલો આપ્યો હતો. અહીં બેઠા હતા અને પ્રશ્ન કર્યો હતો કે, આ શું ?

(મેં) કીધું, જ્ઞાન અરૂપી છે કે નહિ ? ઈ રૂપી ઘડિયાળને જાણે છે કે નહિ ? જાણે છે પોતાનો પર્યાય, પણ આ છે... આ કાંટો અત્યારે અહીં છે, સાડા આઠ ને નવ, એવું

અહીં જ્ઞાન પોતાથી પોતામાં થયું તો આ આમ છે એમ અહીં જણાણું છે કે નહિ ? તો આ અરૂપીને રૂપી કેમ જણાયું ? સંબંધ કેમ થયો ? જેમ અરૂપી અને રૂપીનો જાણવામાં એમ સંબંધ છે, એમ આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સંબંધમાં રૂપી સાથે બિલકુલ સંબંધ જ ન હોય તો તો એમ થાય, પણ રૂપી સાથે સંબંધ તો દેખાય છે (કે), આ બરાબર સાડા આઠ ને દસ થઈ. જ્ઞાન થયું પોતાનું, પોતામાં, પોતાથી. કોઈને લઈને નહિ.

પ્રશ્ન :– ઘડિયાળને લઈને નહિ ?

સમાધાન :– નહિ.

પ્રશ્ન :– આ ભાઈ ઉપાડી લ્યે તો ?

સમાધાન :– કોણ ઉપાડે ? મૂકે કોણ ? અને ઉપાડે કોણ ? ત્યાં જ્ઞાનનો પર્યાય ખ્યાલમાં આવ્યો કે સાડા આઠ ને દસ (થઈ છે). ઈ સ્વને જાણનારું અને પરને જાણનારું જ્ઞાન (છે) એમાં જણાયું કે, સાડા આઠ ને દસ (થઈ). પણ સાડા આઠ ને દસ ત્યાં છે કે નહિ ? પોતાના જ્ઞાનમાં જ્ઞાનને લઈને એનો ખ્યાલ આવ્યો કે નહિ ? એટલો સંબંધ થયો. ઈ કહેશે, હમણાં દાખલો આપશે. ૧૭૪માં ઉત્તરમાં ઈ જ આપશે.

મુમુક્ષુ :– ઈ તો સહેલું છે એનો દાખલો આપશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સહેલું છે ત્યારે સંબંધ બતાવે છે, સંબંધ કાંઈ છે કે નહિ ? શરીર જણાય છે કે નહિ ? લ્યો, પહેલું (આ કહો). આ જ્ઞાન તો અરૂપી છે. આ શરીર સુંવાળુ છે, કર્કશ છે, આજે રોગ છે (એમ) ખ્યાલ આવે છે કે નહિ ? તો આનો સ્વાદ તો રૂપી છે. એનો ખ્યાલ જ્ઞાનમાં કેમ આવ્યો ? (ખ્યાલ) આવે છે જ્ઞાનમાં જ્ઞાનને લઈને. આ રૂપીનો ખ્યાલ કેમ આવ્યો ? જો એટલો સંબંધ ન હોય તો રૂપીનો ખ્યાલ આવવો (ન જોઈએ).

આત્મા પ્રમાણરૂપ છે, આ (રૂપી દ્રવ્ય) પ્રમેય છે. આત્મા પ્રમાણ અને પ્રમેય બન્ને રૂપ છે. આ પ્રમાણ અને એ પ્રમેય એટલો સંબંધ છે કે નહિ ? જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે કે નહિ ? બસ ! એમ બંધ્ય-બંધક સંબંધ છે. એ વ્યવહાર છે, આ પણ વ્યવહાર છે, પેલો પણ વ્યવહાર છે.

હવે કહે છે કે, એક આત્મા અરૂપી અને આ કર્મ રૂપી. તો પુદ્‌ગલો પુદ્‌ગલો બેનો સંબંધ તો જાણવામાં સમજાય છે. '**પરંતુ આત્મા અને કર્મપુદ્‌ગલોનો બંધ થતો કઈ રીતે સમજી શકાય ? કારણ કે મૂર્ત એવું કર્મપુદ્‌ગલ રૂપાદિગુણવાળું...**' પુદ્‌ગલ પરમાણુ તો વર્ણ, ગંધ, રસ(વાળો છે). રૂપી એટલે વર્ણ, ગંધ, રસ. એ જડ પરમાણુ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા

છે.

**'તેને યથોક્ત સ્નિગ્ધ-રૂક્ષત્વરૂપ સ્પર્શવિશેષનો સંભવ હોવા છતાં...'** પુદ્‌ગલમાં સ્પર્શનો, રૂક્ષ, ચિકાશનો સ્પર્શવિશેષ એટલે જે કંઈ બંધ થવાને લાયક (હોય) તે. (એમ) **'હોવા છતાં પણ અમૂર્ત એવો આત્મા...'** આત્મા તો અરૂપી છે. જ્ઞાનઘન છે એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શના બિલકુલ અંશ રહિત છે, છાંટ નથી. તે **'રૂપાદિગુણો વિનાનો હોવાથી તેને યથોક્ત...'** યથા એટલે જેવું કહ્યું (તેવું). બેની, ચારની ચીકાશ આદિ. **'સ્નિગ્ધ-રૂક્ષત્વરૂપ સ્પર્શવિશેષનો અસંભવ હોવાને લીધે...'** ભગવાનઆત્મામાં તો સ્પર્શ છે નહિ. બિલકુલ સ્પર્શ નથી પછી વળી આ બે અધિક ને ચાર અધિકનો તો સંભવ છે જ ક્યાં ?

**'એક અંગ વિકળ છે...'** દેખો ! ભગવાનને કહે છે ને કે, પ્રભુ ! હું રાગી અને તું વીતરાગી. મારે તારી સાથે શી રીતે મેળ કરવો ? એ 'દેવચંદજી'ના સ્તવનમાં આવે. 'હું કરમે ફંદિયો, તું વીતરાગી અબંધ...' પ્રભુ ! તું તો વીતરાગ... વીતરાગ... (છો). હું રાગ, મારે તારી સાથે શી રીતે મેળ કરવો ? પ્રભુ ! તારી સાથે મેળ ત્યારે થાય કે રાગરહિત અંતર અનુભવની દૃષ્ટિ થઈ (તો) તારી સાથે મેળ થયો. સમજાણું કાંઈ ? આ તો બીજી રીત છે. રાગનું લક્ષ પર ઉપર જાય એમાં વીતરાગ સાથે મેળ ખાય નહિ.

એમ અહીંયાં કહે છે, **'(બંધયોગ્ય બે અંગોમાંથી...)'** બે અંગ એટલે એક આત્મા અને એક પુદ્‌ગલ. **'(એક અંગ ખામીવાળું છે...)'** એટલે આત્મામાં તો ચીકાશ, લુખાશ પણ નથી પછી વળી બે અધિક ને ચાર અધિક વિશિષ્ટ ખાસ બંધનું કારણ તો એનામાં છે નહિ. (જ્યાં) ચીકાશ, લુખાશ નથી (ત્યાં) વળી ખાસ બંધનું કારણ જે છે એ તો છે નહિ.

**'(સ્પર્શગુણ વિનાનું હોવાથી બંધની યોગ્યતાવાળું નથી).'** આત્મામાં ચીકાશ-લુખાશની બંધની યોગ્યતા નથી તો આત્મા અને કર્મ બેનો, મૂર્ત અને અમૂર્તનો સંયોગ શી રીતે થયો ? ઈ શી રીતે થાય ? લ્યો, ભાઈ ! કેવો પ્રશ્ન છે ! આ ભગવાન 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે અને 'અમૃતચંદ્રાચાર્યદેવે' (મથાળું) બાંધ્યું, જુઓ !

**'હવે આત્મા અમૂર્ત હોવા છતાં...'** એમ સિદ્ધ કર્યું છે, લ્યો ! **'તેને આ પ્રમાણે બંધ થાય છે એવો સિદ્ધાંત નક્કી કરે છે :–'** લ્યો !

મુમુક્ષુ :– સિદ્ધાંત આવ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સિદ્ધાંત આવ્યો. એમાંથી એમ કેમ થાય ? એમ કેમ થયું ? શેમાં છે ઈ ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' દૂસરે અધિકાર કે પૃષ્ઠ ૩૫ પર

ઇસપ્રકાર લિખા હૈ કિ, **'મૂર્તિક-મૂર્તિક કા તો બંધાન હોના બને, અમૂર્તિક- મૂર્તિક કા બંધાન કૈસે બને ?'** તો ત્યાં ઇન્દ્રિયગમ્યનો દાખલો આપ્યો છે. **'ઇન્દ્રિયગમ્ય નહીં ઐસે સૂક્ષ્મ પુદ્‌ગલ, તથા વ્યક્ત ઇન્દ્રિયગમ્ય હૈં ઐસે સ્થૂલ પુદ્‌ગલ – ઉનકા બંધન હોના માનતે હૈં,...'** એમ થાય છે. તેનું સમાધાન. આ કેમ થાય છે એટલા પૂરતું (લખ્યું છે). જરી લાંબી વાત છે. પછી કહેશે, આત્મા અમૂર્તિક હૈ ક્યોંકિ આત્મા મેં મૂર્તત્વ કે હેતુભૂત સ્પર્શાદિ નહીં પાયે જાતે. યહ કથન નિશ્ચયનય કી અપેક્ષા સે હૈ. ક્યોંકિ નિશ્ચયનય કી દૃષ્ટિ સે આત્મા અબંધ હૈ. મોક્ષમાર્ગ મેં ઉક્ત કથન નિશ્ચયનય કી અપેક્ષા સે તો હૈ નહીં. મોક્ષમાર્ગ મેં ઉક્ત કથન નિશ્ચયનય કી અપેક્ષા સે તો હૈ નહીં. નિશ્ચયનય સે તો અમૂર્ત હૈ. ક્યોંકિ ઉક્ત કથન મેં આત્મા ઔર પુદ્‌ગલમય કર્મ કે બંધ કા સ્વીકાર કરતે હૈં, ઐસા આ ગયા હૈ. મૂર્તિક-અમૂર્તિક કા બંધ હોતા હૈ. 'વીરસેનસ્વામી'ને મૂર્ત ઔર અમૂર્ત કે બંધ કા નિષેધ કિયા હૈ. લ્યો ! જૈસા કિ 'ધવલ' પુસ્તક મેં... હૈ, એની બધી વાત કરી છે. કથંચિત્ મૂર્તપને કો પ્રાપ્ત હુએ જીવ કે સાથ મૂર્ત કર્મ કા સંબંધ બન જાતા હૈ. લ્યો, ઠીક !

અહીં મૂર્તપણું વ્યવહારે સિદ્ધ કર્યા વિના મૂર્તપણાની સાથે સંબંધ નહિ થાય. એમ શંકા કરી છે. એ જ અહીં ઉત્તર આપે છે, જુઓ ! સીધો અમૂર્ત રાખીને ભગવાન જવાબ આપે છે. **'એવો સિદ્ધાંત નક્કી કરે છે :–'** ૧૭૪ (ગાથા).

**रूवादिएहिं रहिदो पेच्छदि जाणादि रूवमादीणि।**
**दव्वाणि गुणे य जधा तह बंधो तेण जाणीहि।।१७४।।**

**જે રીત દર્શન–જ્ઞાન થાય રૂપાદિનું – ગુણ–દ્રવ્યનું,**
**તે રીત બંધન જાણ મૂર્તિરહિતને પણ મૂર્તનું. ૧૭૪.**

અહીં તો આ ચોખ્ખો પાઠ લીધો. માણસને વાત બંધબેસતી છે એમ નહિ કરતાં પોતાની વાત ઊડાડવી (છે).

મુમુક્ષુ :– આમાંથી ભૂલ કાઢે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ભૂલ કાઢે છે. અરે...! શું થાય ?

अथैवममूर्तस्याप्यात्मनो बंधो भवतीति सिद्धान्तयति :-

**रूवादिएहिं रहिदो पेच्छदि जाणादि रूवमादीणि।**
**दव्वाणि गुणे य जधा तह बंधो तेण जाणीहि।।१७४।।**
**रूपादिकै रहितः पश्यति जानाति रूपादीनि।**
**द्रव्याणि गुणांश्च यथा तथा बंधस्तेन जानीहि।।१७४।।**

येन प्रकारेण रूपादिरहितो रूपीणि द्रव्याणि तद्गुणांश्च पश्यति जानाति च, तेनैव प्रकारेण रूपादिरहितो रूपिभिः कर्मपुद्गलै किल बध्यते; अन्यथा कथममूर्तो मर्तं पश्यति जानाति चेत्यत्रापि पर्यनुयोगस्यानिवार्यत्वात्। न चैतदत्यन्तदुर्घटत्वाद्दार्ष्टान्तिकीकृतं, किंतु

---

अथैवममूर्तस्याप्यात्मनो नयविभागेन बंधौ भवतीति प्रत्युत्तरं ददाति - **रूवादिएहिं रहिदो** अमूर्तपरमचिज्ज्योतिः परिणतत्त्वेन तावदयमात्मा रूपादिरहितः। तथाविधः सन् किं करोति। **पेच्छदि जाणादि** मुक्तावस्थायां युगपत्परिच्छित्तिरूपसामान्यविशेषग्राहककेवलदर्शनज्ञानोपयोगेन

---

હવે આત્મા અમૂર્ત હોવા છતાં તેને આ પ્રમાણે બંધ થાય છે એવો સિદ્ધાંત નક્કી કરે છે :–

**જે રીત દર્શન–જ્ઞાન થાય રૂપાદિનું – ગુણ–દ્રવ્યનું,**
**તે રીત બંધન જાણ મૂર્તિરહિતને પણ મૂર્તનું. ૧૭૪.**

---

મુમુક્ષુ :– 'ગોમટ્ટસાર'માં પણ મૂર્ત કહ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'ધવલ'માં પણ કહ્યો છે ને....

અહીંયાં કહે છે, દેખો ! હવે ટીકા જુઓ ! **'જે પ્રકારે રૂપાદિરહિત (જીવ) રૂપી દ્રવ્યોને...'** જુઓ ! આ સિદ્ધાંત ! ભગવાનઆત્મા રૂપરહિત છે. તેમાં કાંઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ, છતાં **'રૂપી દ્રવ્યોને...'** આ રૂપી દ્રવ્ય છે ને ? જુઓને ! શરીર આદિ. અને **'તેમના...'** રૂપી **'ગુણોને...'** જુઓ ! દેખો ! રૂપી દ્રવ્યોને અને **'તેમના ગુણોને...'** રૂપી પર્યાય દેખાય છે કે નહિ ? આ કાળી છે, આ ધોળી છે, લાલ છે ઈ તો જડ છે, રૂપી છે અને આત્મા

दृष्टान्तद्वारेणाबालगोपालप्रकटितम्। तथाहि - यथा बालकस्य गोपालकस्य वा पृथगवस्थितं मृद्बलीवर्दं बलीवर्दं वा पश्यतो जानतश्च न बलीवर्देन सहास्ति संबंधः, विषयभावावस्थितबलीवर्दनिमित्तोपयोगाधिरूढबलीवर्दाकारदर्शनज्ञानसंबंधो बलीवर्दसंबंध-व्यवहारसाधकस्त्वस्त्येव, तथा किलात्मनो नीरूपत्वेन स्पर्शशून्यत्वान्न कर्मपुद्गलैः सहासित संबंधः, एकावगाहभावावस्थितकर्मपुद्गलनिमित्तोपयोगाधिरूरागद्वेषादिभावसंबंधः कर्मपुद्गलबंध व्यवहारसाधकस्त्वस्त्येव।।१७४।।

---

यद्यपि तादात्म्यसंबंधो नास्ति तथापि ग्राह्यग्राहकलक्षण संबंधेन पश्यति जानाति। कानि कर्मतापन्नानि। **रूवमादीणि दव्वाणि** रूपरसगंधस्पर्शसहितानि मूर्तद्रव्याणि। न केवलं द्रव्याणि **गुणे च जधा** तद्गुणांश्च यथा। अथवा यथा कश्चित्संसारी जीवो विशेषभेदज्ञानरहितः सन् काष्ठपाषाणाद्यचेतनजिनप्रतिमां दृष्टा मदीयाराध्योऽयमिति मन्यते। यद्यपि तत्र सत्तावलोकदर्शनेन सह प्रतिमायास्तादात्म्यसंबंधो नास्ति तथापि परिच्छेद्य परिच्छेदकलक्षणसंबंधोऽस्ति। यथा वा

---

અન્વયાર્થ :– [यथा] જે રીતે [रूपादिकैः रहितः] રૂપાદિરહિત (જીવ) [रूपादीनि] રૂપાદિકને– [द्रव्याणि गुणान् च] દ્રવ્યોને તથા ગુણોને (રૂપી દ્રવ્યોને તથા તેમના ગુણોને) [पश्यति जानाति] દેખે છે અને જાણે છે, [तथा] તે રીતે [तेन] તેની સાથે (–અરૂપીને રૂપી સાથે) [बंधः जानीहि] બંધ જાણ.

---

તો અરૂપી છે. એને જાણે છે કે નહિ કે, આ આ છે ? **'તેમના ગુણોને દેખે છે અને જાણે છે,...'** આમાં ગુણ શબ્દે એની પર્યાય લઈ લેવી.

**'તે જ પ્રકારે રૂપાદિરહિત (જીવ) રૂપી કર્મપુદ્ગલો સાથે બંધાય છે;...'** આ પ્રકાર કહ્યો. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનું તત્ત્વ આત્મા ! એનો જ્ઞાનનો પર્યાય પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો (છે). એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી રૂપી જડની પર્યાય (છે) એને જ્ઞાન જાણે છે કે, આ કાળી છે, આ ખાટી છે. અવસ્થા જાણે છે કે નહિ ? આંબલી ખાટી (છે). એ તો રૂપી છે (છતાં જ્ઞાન) જાણે છે કે નહિ ? ખાટું તો જડ છે, રૂપી છે, દૃશ્ય છે. આ (આત્મા) તો અરૂપી છે. એટલો સંબંધ જાણ્યો કે નહિ ? આ ખાટી છે, ખારી છે આદિ.

समवसरणे प्रत्यक्षजिनेश्वरं दृष्ट्वा विशेषभेदज्ञानी मन्यते मदीयाराध्योऽयमिति। तत्रापि यद्यप्यवलोकनज्ञानस्य जिनेश्वरेण सह तादात्म्यसंबंधो नास्ति तथाप्याराध्याराधकसंबंधोऽस्ति। तह बंधो तेण जाणीहि तथा बंधं तेनैव दृष्टान्तेन जानीहि। अयमत्रार्थः - यद्यप्ययमात्मा निश्चयेनामूर्तस्तथाप्यनादिकर्मबंधवशाद्व्यवहारेण मूर्तः सन् द्रव्यबंधनिमित्तभूतं रागादि विकल्परूपं भावबंधोपयोगं करोति। तस्मिन्सति मूर्तद्रव्यकर्मणा सह यद्यपि तादात्म्यसंबंधो नास्ति तथापि पूर्वोक्तदृष्टान्तेन संश्लेषसंबंधोऽस्तीति नास्ति दोषः ।।१७४।।

---

**ટીકા :–** જે પ્રકારે રૂપાદિરહિત (જીવ) રૂપી દ્રવ્યોને તથા તેમના ગુણોને દેખે છે અને જાણે છે, તે જ પ્રકારે રૂપાદિરહિત (જીવ) રૂપી કર્મપુદ્ગલો સાથે બંધાય છે; કારણ કે જો એમ નથી કે આ વાત (અરૂપીનો રૂપી સાથે બંધ થવાની વાત) અત્યંત દુર્ઘટ છે તેથી તેને દષ્ટાંતરૂપ બનાવી છે (–દષ્ટાંતથી સમજાવી છે), પરંતુ દષ્ટાંત દ્વારા આબાલગોપાલ સૌને પ્રગટ થાય તેથી દષ્ટાંત વડે સમજાવવામાં આવી છે. તે આ પ્રમાણે : જેવી રીતે બાળને અથવા ગોપાળને પૃથક્ રહેલા માટીના વૃષભને અથવા (સાચા) વૃષભને દેખતાં અને જાણતાં

---

**'તે જ પ્રકારે રૂપાદિરહિત (જીવ) રૂપી કર્મપુદ્ગલો સાથે બંધાય છે;...'** એ જ પ્રકારે (બંધાય છે). જેવો આ આત્મા અરૂપી (છે) છતાં રૂપીને જાણવા-દેખવાના સંબંધવાળો સિદ્ધ છે એમ આત્મા અરૂપી (છે) છતાં પુદ્ગલ સાથે નિમિત્ત રૂપે સંબંધ (ધરાવે છે). બરાબર છે ? હજી દષ્ટાંત આપશે, હોં ! આ તો હજી એનો સાધારણ શબ્દાર્થ કર્યો.

**'કારણ કે જો એમ ન હોય તો અહીં પણ (દેખવા-જાણવાની બાબતમાં પણ) એ પ્રશ્ન અનિવાર્ય છે...'** દેખો ! **'કે અમૂર્ત મૂર્તને કઈ રીતે દેખે છે અને જાણે છે ?'** પાછો એ પ્રશ્ન ઊભો રહેશે કે, આત્મા અમૂર્ત છે અને મૂર્તને કેમ જાણે-દેખે છે ? પણ પ્રત્યક્ષ જાણે-દેખે છે ને ! એટલો પ્રમેય અને પ્રમાણનો (સંબંધ છે). પ્રમાણ એટલે જ્ઞાન (અને) પ્રમેય એટલે પર, જડ. અત્યારે મૂર્તની વાત લેવી છે. તેને જાણવાનો સંબંધ પ્રત્યક્ષ દેખાય છે. નહીંતર તો આ પ્રશ્ન પણ ઊભો રહેશે કે, અરૂપી રૂપીને કેમ જાણે ? અરૂપીને રૂપી સાથે સંબંધ કેમ (છે) ?

**'વળી એમ નથી કે આ વાત...'** જુઓ ! 'અમૃતચંદ્રાચાર્યદેવ' (વિશેષ કહે છે). **'(અરૂપીનો રૂપી સાથે બંધ થવાની વાત) અત્યંત દુર્ઘટ છે તેથી તેને દાષ્ટાંતરૂપ બનાવી છે (–દષ્ટાંતથી**

વૃષભ સાથે સંબંધ નથી, તોપણ *વિષયપણે રહેલો વૃષભ જેમનું નિમિત્ત છે એવાં જે ઉપયોગમાં આરૂઢ વૃષભાકાર દર્શન –જ્ઞાન તેમની સાથેનો સંબંધ વૃષભ સાથેના સંબંધરૂપ વ્યવહારનો સાધક જરૂર છે; તેવી રીતે આત્મા અરૂપીપણાને લીધે સ્પર્શશૂન્ય હોવાથી તેને કર્મપુદ્‌ગલો સાથે સંબંધ નથી, તોપણ એકાવગ્રાહપણે રહેલાં કર્મપુદ્‌ગલો જેમનું નિમિત્ત છે એવા જે ઉપયોગમાં આરૂઢ રાગદ્વેષાદિભાવો તેમની સાથેનો સંબંધ કર્મપુદ્‌ગલો સાથેના બંધરૂપ વ્યવહારનો સાધક જરૂર છે.

**ભાવાર્થ :–** 'આત્મા અમૂર્તિક હોવા છતાં મૂર્તિક કર્મ પુદ્‌ગલો સાથે કેમ બંધાય છે?' એવા પ્રશ્નનો આચાર્ય ભગવાને ઉત્તર આપ્યો છે કે – આત્મા અમૂર્તિક હોવા છતાં મૂર્તિક પદાર્થોને કેમ જાણે છે ? જે રીતે તે મૂર્તિક પદાર્થોને જાણે છે તે જ રીતે મૂર્તિક કર્મપુદ્‌ગલો સાથે બંધાય છે.

ખરેખર અરૂપી આત્માને રૂપી પદાર્થો સાથે કાંઈ સંબંધ નહિ હોવા છતાં અરૂપીને રૂપી સાથે સંબંધ હોવાનો વ્યવહાર પણ વિરોધ પામતો નથી. 'આત્મા મૂર્તિક પદાર્થને જાણે છે' એમ કહેવામાં આવે છે ત્યાં પરમાર્થે અમૂર્તિક આત્મા ને મૂર્તિક પદાર્થ સાથે કાંઈ સંબંધ નથી; આત્માને તો માત્ર મૂર્તિક પદાર્થના આકારે થતું જે જ્ઞાન તેની સાથે જ સંબંધ છે અને તે પદાર્થાકાર જ્ઞાન સાથેના સંબંધને લીધે જ 'અમૂર્તિક આત્મા મૂર્તિક પદાર્થને જાણે

---

**સમજાવી છે),...'** એમ નથી. સીધી વાત છે, એમ કહે છે. આટલી વાત લઈને તમે રૂપી-અરૂપીનો દાખલો આપ્યો. અરૂપી રૂપીને જાણે – એનો દાખલો આપીને તમે અરૂપીની સાથે રૂપીનો સંબંધ બતાવ્યો. સમજાણું ?

**'એમ નથી કે આ વાત (અરૂપીનો રૂપી સાથે બંધ થવાની વાત) અત્યંત દુર્ઘટ છે તેથી તેને દાષ્ટાંતરૂપ બનાવી છે...'** એટલે ? અરૂપી રૂપીને જાણે એમ તમે સિદ્ધ કર્યું. એમાંથી અરૂપી રૂપીને બંધ છે એમ તમે સિદ્ધ કર્યું. અરૂપી રૂપીને જાણે એવો દાખલો આપીને તમે અરૂપી (રૂપનો) બંધ સિદ્ધ કર્યો. એ દુર્ઘટ છે માટે સિદ્ધ કર્યો એમ નથી. સાંભળ !

શિષ્ય પ્રશ્ન કરે છે અથવા પોતે (પ્રશ્ન) ઉઠાવે છે કે, અહીંયાં તમે અરૂપી રૂપીને જાણે-દેખે છે એવો પ્રશ્ન કહીને અરૂપી-રૂપીનો સંબંધ સિદ્ધ કર્યો એટલે અમારો દષ્ટાંત આ વાતને દુર્ઘટ છે એમ નથી. એ વાત બરાબર છે, એનો અમે દાખલો આપીને સિદ્ધ કરશું. સમજાય

છે' એવો અમૂર્તિક – મૂર્તિકના સંબંધરૂપી વ્યવહાર સિદ્ધ થાય છે. એવી જ રીતે, 'અમુક આત્માને મૂર્તિક કર્મપુદ્‌ગલો સાથે બંધ છે' એમ કહેવામાં આવે છે ત્યાં પરમાર્થે અમૂર્તિક આત્માને મૂર્તિક કર્મપુદ્‌ગલો સાથે કાંઈ સંબંધ નથી; આત્માને તો કર્મપુદ્‌ગલો જેમાં નિમિત્ત છે એવા રાગદ્વેષાદિભાવો સાથે જ સંબંધ (બંધ) છે અને તે કર્મનિમિત્તક રાગદ્વેષાદિભાવો સાથે સંબંધ (બંધ) હોવાને લીધે જ 'આ આત્માને મૂર્તિક કર્મપુદ્‌ગલો સાથે બંધ છે' એવો અમૂર્તિક – મૂર્તિકના બંધરૂપ વ્યવહાર સિદ્ધ થાય છે.

જોકે મનુષ્યને સ્ત્રી – પુત્ર – ધનાદિક સાથે ખરેખર કાંઈ સંબંધ નથી, તેઓ તે મનુષ્યથી તદ્દન ભિન્ન છે, તોપણ સ્ત્રી – પુત્ર – ધનાદિક પ્રત્યે રાગ કરનારા મનુષ્યને રાગનું બંધન હોવાથી અને તે રાગમાં સ્ત્રી – પુત્ર – ધનાદિક નિમિત્ત હોવાથી 'આ મનુષ્યને સ્ત્રી – પુત્ર – ધનાદિકનું બંધન છે' એમ વ્યવહારથી જરૂર કહેવામાં આવે છે; તેવી જ રીતે, જોકે આત્માને કર્મપુદ્‌ગલો સાથે ખરેખર કાંઈ સંબંધ નથી, તેઓ આત્માથી તદ્દન ભિન્ન છે, તોપણ રાગદ્વેષાદિભાવો કરનારા આત્માને રાગદ્વેષાદિભાવોનું બંધન હોવાથી અને તે ભાવોમાં કર્મપુદ્‌ગલો નિમિત્ત હોવાથી 'આ આત્માને કર્મપુદ્‌ગલોનું બંધન છે' એમ વ્યવહારથી જરૂર કહી શકાય છે. ૧૭૪.

---

છે કાંઈ ?

**'પરંતુ દૃષ્ટાંત દ્વારા આબાલગોપાલ સૌને પ્રગટ થાય...'** **'દૃષ્ટાંત દ્વારા આબાલ...'** બાળકથી માંડીને **'ગોપાળ...'** (એટલે) વૃદ્ધ આદિ. એને **'સૌને પ્રગટ થાય તેથી દૃષ્ટાંત વડે સમજાવવામાં આવી છે.'** આ વાત દૃષ્ટાંત વડે સમજાવવામાં આવે છે. **'તે આ પ્રમાણે :'**

**'જેવી રીતે બાળને અથવા ગોપાળને...'** બાળક હોય કે ગોપાળ એટલે વૃદ્ધ માણસ હોય, ગોવાળિયો હોય. **'પૃથક્ રહેલા માટીના વૃષભને...'** શું કહેવાય ? એક માટીનો બળદ બનાવ્યો. આ ગારાનો બનાવે છે ને ? ગારા કહતે હૈં ન ? ક્યા કહતે હૈં ? મિટ્ટી કા (બનાતે હૈં). ચોમાસામાં માટીનો (વૃષભ) બનાવે. એ માટીનો વૃષભ અને ગોપાળનો સાચો વૃષભ. ગોવાળીયાનો સાચો બળદ, હાથી કે ગાય. (તેને) **'દેખતાં અને જાણતાં...'** દેખો ! એ છોકરો છે એણે (માટીનો) ખોટો બળદ બનાવ્યો હોય અને પેલાનો સાચો બળદ હોય, એ બન્નેને **'દેખતાં અને જાણતાં વૃષભ સાથે સંબંધ નથી...'** ખરેખર એ બાળકને માટીના

બળદ સાથે અને ગોવાળીયાને ગાય સાથે કે બળદ સાથે કાંઈ સંબંધ નથી.

**'તોપણ વિષયપણે રહેલો વૃષભ...'** દેખો ! છે ને નીચે (ફૂટનોટ) ? 'વૃષભ અર્થાત્ બળદ વૃષભાકાર દર્શન-જ્ઞાનનું નિમિત્ત છે.' અહીં દર્શન-જ્ઞાન થાય એમાં બળદ નિમિત્ત છે. **'વિષયપણે રહેલો વૃષભ જેમનું નિમિત્ત છે...'** કોનું ? **'એવાં જે ઉપયોગમાં આરૂઢ વૃષભાકાર...'** અહીં વૃષભાકારે જ્ઞાન પરિણમ્યું. પરિણમ્યું છે પોતાને કારણે. બાળકને માટીનો બળદ છે અને પેલાને સાચો બળદ છે. (બન્નેને) જ્ઞાનમાં (જણાય છે કે) આ બળદ, આ બળદ. એમ જ્ઞાનમાં જ્ઞેયાકાર **'એવો જે ઉપયોગમાં આરૂઢ વૃષભાકાર દર્શન-જ્ઞાન તેમની સાથેનો સંબંધ વૃષભ સાથે સંબંધરૂપ વ્યવહારનો સાધક જરૂર છે;...'** એ વૃષભનું અહીં જ્ઞાન થયું એ જ્ઞાનમાં અને એ વૃષભને બન્નેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જરૂર (છે). છે કે નહિ ? જેવો બળદ છે એવું અહીં પોતાને જ્ઞેયાકારરૂપે જ્ઞાન થયું. જેવું એ જ્ઞેય છે એવું અહીં પોતાને કારણે જ્ઞાન થયું. એટલો સંબંધ થયો કે નહિ ? બળદનું એવું જ જ્ઞાન થયું. માટીનો બળદ હોય તો માટીનો અને પેલો (સાચો બળદ) હોય તો એવું જ જ્ઞાન થયું.

**'વૃષભાકાર દર્શન-જ્ઞાન તેમની સાથેનો સંબંધ...'** કોને ? પોતાને. **'ઉપયોગમાં આરૂઢ વૃષભાકાર દર્શન-જ્ઞાન તેમની સાથેનો સંબંધ...'** એ વૃષભ સાથેના સંબંધરૂપ વ્યવહાર. **'તોપણ વિષયપણે રહેલો વૃષભ જેમનું નિમિત્ત છે...'** વિષય છે ને સામે ? જેમનું (એટલે) કોનું ? કે, ઉપયોગમાં એ નિમિત્ત છે. **'ઉપયોગમાં આરૂઢ વૃષભાકાર...'** અહીં દર્શન-જ્ઞાનની જે પર્યાય થઈ **'તેમની સાથેનો સંબંધ વૃષભ સાથેના સંબંધરૂપ વ્યવહારનો સાધક જરૂર છે...'** નિશ્ચય-સાધક વૃષભાકારનો જ્ઞાન સાથે સંબંધ છે. એવું જે અહીંયાં જ્ઞાન થયું એટલો વિષયનો સંબંધ છે. સમજાણું કાંઈ ? આ તો બળદનો દાખલો આપ્યો પણ ખાટા ઢોકળા, તીખા, આંબલી (વગેરે) કોઈપણ (પદાર્થ). આ ગોળ ગળ્યો છે. ગોળ કહતે હૈં ન ? ક્યા કહતે હૈં ? (એ) ગળ્યાપણાનો જ્ઞાનનો આકાર અહીં પોતામાં થયો કે નહિ ? જ્ઞાનનો આકાર. એ ગળ્યાપણું અહીં નથી આવ્યું, મીઠાપણું અહીં નથી આવ્યું. પણ ગળ્યાપણાનો જ્ઞાનનો આકાર થયો કે નહિ ? એ આકારને નિમિત્તનો સંબંધ છે કે નહિ ? કે, આ ગળ્યું છે. બસ !

એમ ખટાશ. આ ખાટું લીંબુ... લીંબુ (છે). જ્ઞાનમાં એ ખટાશના આકારવાળું પોતાનું જ્ઞેયાકાર જ્ઞાન થયું એમાં એ નિમિત્ત છે. જ્ઞેયાકાર થયું પોતાથી પોતાના ઉપાદાનથી. જેવું ખાટું છે એવા જ ખાટા આકારે જ્ઞાન પરિણમ્યું છે. એટલો સંબંધ એનો (છે). એ ખાટાના

જ્ઞેયાકારનો સંબંધ આત્મા સાથે (છે) પણ જ્ઞેયાકારમાં પેલો વિષય છે કે નહિ ? એનો સંબંધ વ્યવહારે સિદ્ધ થઈ જાય છે. નિશ્ચયથી પોતાનું જ્ઞાન આવ્યું, વ્યવહાર એનું નિમિત્ત છે એટલે એનું જ્ઞાન કહેવાણું અથવા એને જાણે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ભાઈ ! ખાટા ઢોકળા આ તમારે બધા ખાય છે કે નહિ ? (એમ કહે કે), મોઢું ખાટું થઈ ગયું. ખાટું મોઢું કાંઈ થતું નથી. ખાટી પર્યાય તો એની છે. મોઢું ઈ મોઢું છે. જીવ ખાટો થાય છે ? જીવ ક્યારેય ખાટો થાય છે ? જીવ ખાટો થાય તો આત્મા જડ થઈ જાય.

મુમુક્ષુ :– ખાય છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ખાતો નથી. ધૂળમાં થાય છે. જીવ ખાટો થાય છે ? જીવ તીખો થાય છે ? જીવ મીઠો – ગળ્યો થાય છે ? એ તો ગળ્યા, મીઠા, ખાટાનો જ્ઞાનને વિષય છે. એ જ્ઞેયાકારરૂપે પરિણમેલું પોતાનું જ્ઞાન (છે) એની સાથે ખરેખર નિશ્ચયથી સંબંધ છે. પણ એ જ્ઞેયાકાર પરિણમેલાનો વિષય સામે નિમિત્ત છે એટલો વ્યવહાર સંબંધ છે એમ સિદ્ધ કરતાં કર્મ સાથે પણ જીવને નિમિત્ત સંબંધ છે. એમાં કાંઈ વિરોધ આવતો નથી.

જુઓ ! આ અમૂર્ત સાથે મૂર્તનો સંબંધ સિદ્ધ કર્યો. વળી નિમિત્ત કર્મ છે માટે અહીં મૂર્ત છે, માટે મૂર્ત સાથે અમૂર્તને સંબંધ છે એમ સિદ્ધ જ નથી કર્યું. આહા..હા...! પણ દરેક વાતમાં પ્રત્યક્ષ દેખાય છે ને ? ખાટું, ગળ્યું, કડવું... બહુ કડવું આમ કડવું... કડવું... કડવું...! કડવું કડવું તો ખરેખર મોઢું પણ થયું નથી. કડવી પર્યાય છે. ખાવામાં આવે ને ? આ કાળીજીરી કે કોઈ કડવી ચીજ. એ કડવી પર્યાય વિષય (છે). કોનો (વિષય) ? કે, જ્ઞાનનો. એ જ્ઞાન જેવું જ્ઞેય છે એવા આકારે અહીં જ્ઞાન પોતામાં પોતાને કારણે પરિણમ્યું એમાં એ વિષય થયો. એટલો વ્યવહાર સંબંધ થયો. આ કડવું છે એવું જ્ઞાન અહીં પોતાને કારણે થયું. પણ કડવું ઈ જડ છે અને જ્ઞાન થયું એ ચૈતન્ય (છે). એટલો સંબંધ થયો.

(કોઈ અજ્ઞાની) ના પાડે છે. ‘અમૂર્ત સાથે (સંબંધ) નહિ. જુઓ ! આમાં નિષેધ કર્યો છે, ફલાણા (શાસ્ત્રમાં) આમ કહ્યું છે.’ ભાઈ ! ત્યાં વ્યવહારથી વાત કરી છે, સાંભળને ! વ્યવહારથી એટલે ? મૂર્તનું મૂર્તપણું કહી અને મૂર્ત સાથે સંબંધ (કહ્યો છે). એકલો અમૂર્ત-મૂર્ત સાથે સંબંધ ન હોય. એમ કહીને ત્યાં વ્યવહારથી વાત (કરી છે).

અમૂર્ત એવા આત્માને જ્ઞાનમાં મૂર્ત એવી ચીજનો જેવો આકાર ત્યાં છે, જેવું એનું સ્વરૂપ છે તે પ્રકારે, તે ક્ષણે જ્ઞાન પોતાને કારણે પરિણમતું જ્ઞાન જ્ઞેયાકારના ભાવે પોતાના સ્વભાવની પર્યાયપણે પરિણમે છે. એના જ્ઞેયાકારમાં એ વિષય નિમિત્ત જ્ઞેય છે. એટલો

સંબંધ તો અહીંયાં પ્રત્યક્ષ દેખાય છે. બસ ! એમ કર્મ સાથે સંબંધ છે. એમાં શું છે ? કહો, આમાં સમજાણું કાંઈ ?

ખરેખર તો જે અહીં કર્મ છે એવું જ અહીં જ્ઞાનાકારપણે જ્ઞાન પરિણમ્યું છે ને ? કર્મ છે એમ કીધું ને ? કર્મ છે તો અહીં જ્ઞાને જાણ્યું કે, છે. જ્ઞાનમાં જે જ્ઞેયાકાર સામે છે એવું જે કર્મ, એના સંબંધીનું પોતાનું જ્ઞાન જ્ઞેયાકારરૂપે પરિણમ્યું છે એમ અહીં કર્મ નિમિત્ત દેખાય છે. એમ બંધ ઘટાવી લેવો મૂળ તો એમ કહે છે.

ત્યાં 'કર્તા-કર્મ'માં લીધું છે ને ? કે, જ્ઞાનીને કર્મબંધન તો જ્ઞેય છે. એમ આવ્યું કે, ચોથા ગુણસ્થાને આટલી પ્રકૃતિ છે, આટલો ઉદય છે, આટલી સત્તા છે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન જ્ઞેયાકારપણે પરિણમવાની તાકાતવાળું પોતાથી પરિણમ્યું છે એમાં એ જ્ઞેય નિમિત્ત છે. જાણવામાં નિમિત્ત છે, ઉદય બંધમાં નિમિત્ત છે એ જ્ઞાનીને છે નહિ. સમજાણું કાંઈ ? દાખલો આપ્યો છે ને ? ભાઈ ! દૂધ-દહીંનો ! દૂધ-દહીંનો દાખલો આપ્યો છે ને ? 'કર્તા-કર્મમાં' ! જેમ આ દૂધનું દહીં થાય છે એમ તટસ્થ પુરુષ એને દેખે છે, એનો કર્તા નથી. દેખે છે કે આ દૂધમાંથી દહીં થાતું જાય છે. એમ જોડે બેઠેલો તટસ્થ (દેખે છે). એમ જ્ઞાની – સમ્યક્‌જ્ઞાની, અહીં તો સાધારણ વાત કરી છે, પણ સમ્યક્‌જ્ઞાનીને આટલા કર્મ છે, એનો આટલો ઉદય છે ને પ્રકૃતિ આટલી છે ને સત્તા આટલી હોય અને ઉદય આમ સંક્રમણ થાય એમ જ્યારે ખ્યાલમાં આવે છે, ત્યારે તેનું એવું જ્ઞાન પોતે કરે છે, તે જ્ઞાનના પરિણમનનો કર્તા છે, એ ચીજનો કર્તા નથી. સમજાણું કાંઈ ?

લ્યો, છતે કર્મે અને નવો બંધ આટલો થાય તોપણ કહે કે, ઈ જ્ઞાન કરનારો છે ! જ્ઞાન કરે છે, ખ્યાલમાં આવ્યું કે, આ સત્તામાં આટલી પ્રકૃતિ છે અને આટલો બંધ (છે). એને એક ક્ષણમાં પોતાના જ્ઞાયકસ્વભાવથી જ્ઞાન કરતો તેનું પણ જ્ઞાન કરનારો તટસ્થ છે. એ બંધને કરતો નથી અને જૂનાને વેદતો નથી અને જૂનાને અડતો નથી. જૂના અને નવા બન્નેનું જ્ઞાન કરે છે. ઓ..હો..હો...! ઝીણી વાત ભારે ! ભાઈ ! અહીં કહે (છે) કે, એવું જ્ઞાનીને ખ્યાલમાં આવ્યું કે અહીં બંધાય (છે) એનું એ જ્ઞાન કરે છે. દૂધનું દહીં થાય એને જાણનારો તટસ્થ જાણે છે. એમ કર્મની પર્યાયને જ્ઞાની તટસ્થ રીતે જાણે છે. જાણે છે ! આહા..હા...! સમજાણું કાંઈ ? એ ચૈતન્યચમત્કાર સ્વભાવની દશાનું માહાત્મ્ય ન આવે ત્યારે એને (એમ લાગે કે), આ મેં કર્યું, મેં આ બાંધ્યું. અરે...! બાંધે-ફાંધે કોણ ? સાંભળ તો ખરો !

આ તો એક વ્યવહારથી સમજાવે છે કે, અમૂર્તને મૂર્તનો સંબંધ બિલકુલ હોઈ શકે નહિ. તો કહે છે, ના, હોઈ શકે છે. મૂર્તને અમૂર્ત સાથે જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે, એમ થતાં તે જ્ઞેય જ્ઞાયકમાં આવ્યું નથી. એમ અહીંયાં મૂર્ત કર્મને આત્માની સાથે સંબંધ છે. આત્મા મૂર્ત થાય તો જ મૂર્ત સાથે સંબંધ થાય એમ નથી.

(પર પદાર્થનું કાર્ય) કરતો-બરતો નથી, કરે કોણ ? પરનું કરવાની ક્યાં વાત છે ? (કાં ઈ) જાણે કાં માને કે હું આ કરું છું. જાણે કે આ સંબંધ છે, વસ્તુ છે. કહો, સમજાણું આમાં ?

શું કહ્યું ? દેખો ! **'વૃષભ સાથેના સંબંધરૂપ વ્યવહારનો સાધક જરૂર છે;...'** લ્યો, સંબંધ (કહ્યો) ! જ્ઞેયાકારપણે બળદનું જ્ઞાન થયું એમાં પેલો વિષય નિમિત્ત પડ્યો તેથી તે જાણવા-દેખવાનો વ્યવહાર સિદ્ધ થાય છે. **'તેવી રીતે આત્મા અરૂપીપણાને લીધે...'** લ્યો ! **'સ્પર્શશૂન્ય હોવાથી તેને કર્મપુદ્‌ગલો સાથે સંબંધ નથી, તોપણ એકાવગાહપણે રહેલાં...'** ત્યાં એક ક્ષેત્રે રહેલાં કર્મ પરમાણુ **'કર્મપુદ્‌ગલો જેમનું નિમિત્ત છે એવા જે ઉપયોગમાં આરૂઢ રાગદ્વેષાદિભાવો...'** અહીં તો રાગ-દ્વેષ ભાવ લેવો છે ને ? પહેલામાં જ્ઞાનનો દાખલો આપ્યો.

અહીં તો અરૂપીપણાને લીધે સ્પર્શશૂન્ય હોવાથી તેને કર્મપુદ્‌ગલો સાથે સંબંધ નથી. હવે સંબંધ કઈ રીતે છે ? (કે), **'એકાવગાહપણે રહેલાં કર્મપુદ્‌ગલો જેમનું નિમિત્ત છે એવા જે ઉપયોગમાં આરૂઢ રાગદ્વેષાદિભાવો...'** તેની સાથે સંબંધ છે. પેલામાં તો એમ લીધું હતું, ભાઈ ! કે, જ્ઞેયાકાર સાથે સંબંધ છે. આને રાગ-દ્વેષ, મોહ સાથે સંબંધ છે, બસ ! દાખલામાં જ્ઞેયના આકારપણે પરિણમેલું જ્ઞાન, એની સાથે વ્યવહાર સંબંધ છે. એમ અહીંયાં રાગ-દ્વેષ, મોહની સાથે સંબંધ છે. સમજાણું કાંઈ ? અહીં તો હજી અજ્ઞાનીની વાત સિદ્ધ કરવી છે ને ?

કહે છે કે, **'એકાવગાહપણે રહેલાં કર્મપુદ્‌ગલો જેમનું નિમિત્ત છે...'** જેમનું એટલે કોનું ? કે, **'જે ઉપયોગમાં આરૂઢ રાગદ્વેષાદિભાવો...'** જેણે રાગ-દ્વેષ અને મોહભાવ કર્યો, જીવ એમાં આરૂઢ થયો એમાં પેલા પુદ્‌ગલ નિમિત્ત છે. પુદ્‌ગલ નિમિત્ત છે. તેટલો (પુદ્‌ગલને અને) આ રાગ-દ્વેષને સંબંધ છે. રાગ-દ્વેષ, મોહ ખરેખર અરૂપી છે. રાગ-દ્વેષ, મોહ કાંઈ પરમાણુ નથી, રાગ-દ્વેષ, મોહ કાંઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. (એને) પુદ્‌ગલના પરિણામ કહ્યા એ તો અપેક્ષાથી કહ્યા છે. એ હિનાધિક થાય, નીકળી જાય (છે માટે પુદ્‌ગલના પરિણામ કહ્યા છે). એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રાગ-દ્વેષના પરિણામ છે એમ કાંઈ નથી. એને જડ

કહ્યા, અચેતન કહ્યા, પુદ્ગલ પરિણામ કહ્યા, અજીવ કહ્યા. દૃષ્ટિના સ્વભાવમાં નથી માટે બધું કહ્યું પણ એમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી.

જુઓને અહીં અરૂપી સિદ્ધ કરે છે ! ભગવાન અરૂપી અને જેને રૂપી કર્મ નિમિત્ત છે એવાં રાગ-દ્વેષ, મોહના અરૂપી પરિણામ એને અને પેલા રૂપીને સંબંધ વ્યવહારે સિદ્ધ થાય છે. હવે, આવી વાત તો પ્રત્યક્ષ સિદ્ધ કરે છે પણ માળા, કોણ જાણે પોતાની દૃષ્ટિમાં ન બેસે એટલે (વિરોધ કરે).

મુમુક્ષુ :– અહીં તો વ્યવહારનો પ્રસંગ છે એમાં નિશ્ચયનું...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ આ નિશ્ચય નાખ્યું ને ! આ શું નાખ્યું ?

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યદેવે' નાખ્યું ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ 'અમૃતચંદ્રાચાર્યદેવે' નાખ્યું, 'કુંદકુંદાચાર્યદેવે' નાખ્યું, બન્નેએ (નાખ્યું). શું નાખ્યું આ ? એમ કે, બીજા આચાર્યએ (નથી નાખ્યું). ત્યાં આગળ બીજી રીતે વાત કરી હોય, એથી કરીને આ ખોટું છે ? ત્યાં પણ આ વાત કરી છે.

મુમુક્ષુ :– ઈ એમ કહે છે, વ્યવહારે વ્યવહારનો સંબંધ તમે કરો, આ નિશ્ચય અમૂર્ત છે એની સાથે સંબંધ કેમ થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એની સાથે (સંબંધ) છે, અહીં એ વાત સિદ્ધ કરવી છે. એકલા જીવના નહિ પેલા રાગ-દ્વેષ, મોહના જે પરિણામ (થાય છે તેની સાથે સંબંધ છે). જીવના જ્ઞાનમાં બળદનું જ્ઞેયાકાર પરિણમન (થયું) ત્યાં આરૂઢ છે. પણ એ જ્ઞેયાકારમાં બળદ નિમિત્ત છે એટલે વ્યવહાર સાધકથી થાય છે. એમ આત્મામાં (થતાં) રાગ-દ્વેષ, મોહ જેને નિમિત્ત છે એવા રાગ-દ્વેષ, મોહ એને અને કર્મને સંબંધ છે. એમ સિદ્ધ કરવું છે. બહુ સરસ વાત છે ! સમજાય છે ? અરૂપી સાથે સિદ્ધ કરવું છે.

ભગવાનઆત્મા અરૂપી (હોવા) છતાં, બાળકને અને ગોપાળને જેમ તે બળદના આકારે પરિણમેલું જ્ઞેયાકાર જ્ઞાન (છે), જ્ઞાન તો એમાં આરૂઢ (થયેલું) છે. આરૂઢ કાંઈ પરમાં – બળદમાં નથી (થયું). પણ બળદ સંબંધીનો અહીં પોતામાં પરિણમેલો જે જ્ઞેયાકાર જ્ઞાનનો પર્યાય (છે) એને અને પેલાને વ્યવહાર સાધક સિદ્ધ થાય છે. એમ ભગવાનઆત્મામાં રાગ-દ્વેષ, મોહમાં જે કર્મ નિમિત્ત છે, રાગ-દ્વેષ, મોહમાં જે નિમિત્ત છે એવા રાગ-દ્વેષ, મોહમાં આરૂઢ થયેલો જીવ, એની સાથે પેલા બંધને નિમિત્તપણે સંબંધ સિદ્ધ થાય છે. શું કીધું સમજાણું આમાં ?

પેલામાં એમ કહ્યું હતું, જુઓને ! **'માટીના વૃષભને અથવા (સાચા) વૃષભને દેખતાં અને જાણતાં વૃષભ સાથે સંબંધ નથી, તોપણ વિષયપણે રહેલો વૃષભ જેમનું નિમિત્ત...'** કોનું (નિમિત્ત) ? કે, **'એવાં જે ઉપયોગમાં આરૂઢ વૃષભકાર દર્શન-જ્ઞાન...'** દર્શન-જ્ઞાન જે અહીં પરિણમ્યું એનું બળદ નિમિત્ત છે. **'તેમની સાથેનો સંબંધ વૃષભ સાથેના સંબંધરૂપ વ્યવહારનો સાધક જરૂર છે;...'** એ દૃષ્ટાંત થયો.

એમ અહીંયાં આત્માના જ્ઞાનમાં પોતે જ્ઞાનમાં રહી શક્યો નથી (તેને) પૂર્વનું કર્મ નિમિત્ત છે. કોને ? કે, રાગ-દ્વેષ, મોહને. એવા રાગ-દ્વેષ, મોહમાં આરૂઢ થયેલો આત્મા, એને પેલું કર્મ નિમિત્ત છે એટલો સંબંધ સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ ? **'કર્મપુદ્ગલો સાથેના બંધરૂપ વ્યવહારનો સાધક જરૂર છે.'** ભાષા કેવી કરી છે ! સમજાણું કાંઈ ? એકલો આત્મા નહિ પણ જેને કર્મ નિમિત્ત છે, પોતાના કરેલા પરિણામ ઉપાદાન (છે), કોના ? જીવના. જેમ બળદનું જ્ઞાન પોતાનું પોતાને કારણે થયું પણ એમાં એવો બળદ એટલે વૃષભ નિમિત્ત છે. તેટલો સંબંધ સિદ્ધ થાય છે. એમ રાગ-દ્વેષ, મોહમાં કર્મ નિમિત્ત (છે), રાગ-દ્વેષ, મોહના ઉપાદાનપણે પોતે પોતાને કારણે પરિણમેલો જીવ (છે), એવા રાગ-દ્વેષ, મોહને અને કર્મના પુદ્ગલ સાથે વ્યવહાર નિમિત્ત સાધક સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ ? આ તો જરી ન્યાયનો વિષય (છે), ભાઈ !

અહીં તો ફક્ત પહેલાં દૃષ્ટાંતમાં શું કહ્યું ? કે, બાળક છે એને માટીનો બળદ છે અને બીજો માણસ છે એને જીવતો બળદ છે. બન્નેને વિષય એના જ્ઞાનમાં છે. જ્ઞાન જ્ઞેયાકાર બન્યું છે, એના આકારે પરિણમવામાં જ્ઞાન આરૂઢ તો અહીં છે, તો એ જ્ઞેયાકારમાં એ વિષય છે માટે નિમિત્ત છે, તેટલો સંબંધ જ્ઞેયાકારને અને તે જ્ઞેયને વ્યવહાર સંબંધ સિદ્ધ થાય છે. એમ આત્મામાં જૂનું કર્મ નિમિત્ત છે એવા જે રાગ-દ્વેષ અને મોહ એમાં આરૂઢ થયેલો. જુઓને ! **'ઉપયોગમાં આરૂઢ રાગદ્વેષાદિભાવો...'** અહીં આરૂઢ છે. ભાષા એટલી સિદ્ધ કરી છે કે, રાગ-દ્વેષ, મોહમાં જીવ આરૂઢ છે, એ ઉપયોગમાં આરૂઢ છે, પરમાં આરૂઢ નથી. જેમ બળદના જ્ઞાનમાં જ્ઞાન આરૂઢ છે, બળદમાં આરૂઢ નથી પણ જ્ઞેયાકાર (જ્ઞાનમાં) જેમ બળદનું નિમિત્ત છે એટલું વ્યવહાર સાધક સિદ્ધ થાય છે. એમ આત્મા, ઉપયોગમાં આરૂઢ રાગ-દ્વેષ આદિ ભાવ. (ત્યાં) જ્ઞેયાકાર હતું અહીં રાગ-દ્વેષ આદિ ભાવ (છે). બળદના જ્ઞેયાકાર (જ્ઞાનમાં) પોતે આરૂઢ હતો ત્યારે પેલું નિમિત્ત છે એટલું સિદ્ધ કર્યું. એમ અહીંયાં આત્મા પોતાના ઉપયોગમાં રાગ-દ્વેષ, મોહમાં આરૂઢ છે, એને કર્મનું નિમિત્ત છે, બસ !

સમજાણું કાંઈ ? ન્યાય અને Logicથી સિદ્ધ કરે છે, લ્યો !

આમાં ન્યાય આવે છે કે નહિ ? કે બીજા ન્યાય શાસ્ત્રમાં આવે છે ? આમાં ન્યાય ભર્યો છે કે નહિ ? આમાં ખૂબી પાછી શું કરી છે ? કે, દાખલો આપતાં એ બળદ તેમાંથી જ્ઞેયાકાર પરિણમ્યો છે એમ નહિ. બાળકને કે વૃદ્ધને, (એક) બળદ માટીનો અને એક જીવતો (હોય), માટે જ્ઞાન જ્ઞેયાકારપણે પરિણમ્યું એમ નહિ. અહીંયાં જ્ઞાન જ્ઞેયાકારે પરિણમવામાં પોતે પોતાને કારણે આરૂઢ (થયું) છે. એમ એ જ્ઞેયાકારમાં બળદ નિમિત્ત છે એટલો વ્યવહાર સિદ્ધ થાય છે. એમ ભગવાનઆત્મા પોતાના ઉપયોગમાં (પોતે આરૂઢ થયો છે). અહીં કર્મનો સંબંધ સિદ્ધ કરવો છે ને ? પેલામાં બળદનો જ્ઞેય-જ્ઞાયક સંબંધ સિદ્ધ કર્યો. આત્મામાં – ઉપયોગમાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વ ભાવમાં જીવ આરૂઢ છે, આરૂઢ છે એને પેલું કર્મ નિમિત્ત થાય છે. માટે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ થઈ જાય છે. સમજાય છે કે નહિ ? કહો, આ અમૂર્તને મૂર્તની સાથે સંબંધ સિદ્ધ કર્યો. ઓ..હો..હો...!

અહીંયાં તારો અમૂર્તિક જ્ઞાનાકાર જ્ઞેયાકારપણે પરિણમવામાં આરૂઢ છે કે નહિ ? જુઓ ! આ સવા નવ વાગ્યા, તો અહીં જ્ઞાનમાં જ્ઞેયાકારરૂપ પરિણમન છે કે નહિ ? એ પરિણમનમાં અહીં આરૂઢ છે કે નહિ ? પરિણામ આરૂઢ છે. કોણ આરૂઢ છે ? એ જ્ઞેયાકારરૂપ પરિણમન, સવા નવ થયા એવું પરિણમન (છે) એમાં જીવ આરૂઢ હોવા છતાં એમાં એ નિમિત્ત છે એટલો સંબંધ સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– રાગ-દ્વેષ સાથે સંબંધ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એની સાથે સંબંધ છે. આખા જીવદ્રવ્ય સાથે નહિ. પેલામાં જે જ્ઞેયાકાર પર્યાય છે એની સાથે નિમિત્તનો સંબંધ છે, આખા દ્રવ્ય સાથે નહિ. અહીંયાં એમ કહ્યું. બળદને અને એને કાંઈ આખા આત્મા સાથે સંબંધ છે ? એ વખતે તે સંબંધીનું જ્ઞેયાકારરૂપ પરિણમેલું જ્ઞાન, તેની સાથે નિમિત્તને સંબંધ છે. પર્યાય સાથે સંબંધ છે. એમ અહીંયાં આત્માના ઉપયોગમાં, રાગ-દ્વેષ, મોહ છે એમાં આરૂઢ થયેલો, એ પર્યાયમાં કર્મનું નિમિત્ત છે, બસ ! એટલો સંબંધ છે. ઓ..હો...! (તત્ત્વ) કેટલું સરસ (સિદ્ધ) કર્યું છે !!

ખરેખર પરદ્રવ્યને નિમિત્ત થાય એ દ્રવ્યનો સ્વભાવ જ નથી. ('સમયસાર'ના) 'કર્તા-કર્મ અધિકાર'ની ૧૦૫ ગાથામાં (કહ્યું છે કે), (વિજ્ઞાનઘનસ્વભાવથી) ભ્રષ્ટ, વિકલ્પપરાયણ (અજ્ઞાનીજીવ) પરમાં નિમિત્ત થાય છે, ઉપચારથી કર્તા થાય છે. ૧૦૫ (ગાથા) ! નિર્વિકલ્પ (સ્વભાવથી) ભ્રષ્ટ, વિકલ્પપરાયણ પુદ્ગલકર્મનો ઉપચારથી, વ્યવહારથી કર્તા (થાય છે).

નિર્વિકલ્પ (સ્વભાવથી) ભ્રષ્ટ થયેલો માન્યો છે. એમાં તો લખ્યું છે કે, જીવ ખરેખર કર્મને નિમિત્ત નહિ હોવા છતાં. એમ લખ્યું છે, જુઓ ! ૧૦૫ (ગાથા). ખરેખર તો નિમિત્ત છે જ નહિ. પરને બાંધવામાં જીવદ્રવ્ય નિમિત્ત હોય ? કઈ ગાથા કીધી ? ૧૦૫ ! **'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં,...'** દેખો ! કર્મ આને નિમિત્ત નહિ, આ એને નિમિત્ત નહિ. વસ્તુના સ્વભાવમાં (એવું) ક્યાં છે ?

**'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં...'** એટલે કે કર્મ થાય એને રાગ-દ્વેષ ભાવ નિમિત્ત હોય એવું સ્વભાવદૃષ્ટિમાં છે નહિ. રાગ-દ્વેષ અહીં થાય અને સામાને નિમિત્ત થાય એવો સંબંધ દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ. સમજાણું કાંઈ ? તેથી અહીંયાં વાત લીધી છે. રાગ-દ્વેષ, મોહમાં આરૂઢ થયેલો. ૧૦૫ ગાથા છે. એ તો હમણાં ઉપમા આપી હતી, પંડિતજીએ આધારમાં આપી હતી, 'તત્ત્વજ્ઞાન મિંમાંસા'માં પણ આપ્યું છે. ૧૦૫ ગાથા તો મહા જબ્બર છે !

ટીકા, **'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી...'** એની સ્વભાવદૃષ્ટિથી જોઈએ તો. સ્વભાવથી કહો કે સ્વભાવદૃષ્ટિવાન કહો, સ્વભાવ એવો છે અને સ્વભાવદૃષ્ટિવાન બન્ને **'પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં...'** પૌદ્ગલિક કર્મના જડના બંધમાં રાગ-દ્વેષ થવા એવો આત્માનો સ્વભાવ નથી, સમ્યક્દૃષ્ટિને એવો ભાવ હોતો નથી. તે **'પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે...'** પર્યાયના અજ્ઞાનને લીધે. વસ્તુની દૃષ્ટિ અને વસ્તુનો સ્વભાવ પુદ્ગલને નિમિત્ત થાય એવા પરિણામ એમાં હોઈ શકે જ નહિ. પુદ્ગલને નિમિત્ત થાય, હોં ! પુદ્ગલ બાંધે એની વાત નથી. નવા બંધાય એને નિમિત્ત થવું એ જીવસ્વભાવમાં નથી અને સ્વભાવદૃષ્ટિવાનને નથી.

**'છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં,...'** કોને ? પેલા નવા કર્મને અજ્ઞાન પરિણામ નિમિત્ત થતાં **'પૌદ્ગલિક કર્મ ઉત્પન્ન થાય છે,...'** અહીં નિમિત્ત થાય, ત્યાં ઉત્પન્ન થાય છે. **'તેથી 'પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું' એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી, ભ્રષ્ટ,...'** મિથ્યાદૃષ્ટિ. મિથ્યાદૃષ્ટિ **'વિકલ્પપરાયણ, અજ્ઞાનીઓનો વિકલ્પ છે;...'** નવા કર્મને હું વ્યવહારે બાંધું છું એ વિકલ્પ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિનો છે.

મુમુક્ષુ :– વ્યવહારનો ધણી થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહારનો ધણી થાય તે બંધને નિમિત્ત કહેવાય. જે વ્યવહારનો

સ્વામી નથી, નિશ્ચયનો સ્વામી સમ્યક્દૃષ્ટિ છે (તે) વ્યવહારનો સ્વામી નથી એટલે એ બંધમાં નિમિત્ત નથી. એટલે એને બંધન છે નહિ. ઓ..હો..હો...! અહીંયાં વસ્તુ એમ છે.

જેને રાગની એકતાબુદ્ધિ છે તેવા રાગવાળો જીવ નવા બંધનમાં નિમિત્ત – વ્યવહાર થાય છે. જ્ઞાની અને જ્ઞાનીના જ્ઞાનનો વિષય જે સ્વભાવ (છે) એનામાં તો નવા બંધની નિમિત્તપણાની લાયકાત જ નથી. એને તો બંધ અને રાગને જ્ઞેય કરવાની, જ્ઞાન કરવાની તાકાત એનામાં છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

વસ્તુ સ્વભાવ જુઓ તો ચૈતન્ય અબંધસ્વભાવી છે અને દૃષ્ટિ પણ અબંધસ્વભાવી થઈ. સમ્યગ્દર્શન અબંધસ્વભાવી દૃષ્ટિ છે. અબંધસ્વભાવી દૃષ્ટિ છે ! તો દૃષ્ટિએ અબંધસ્વભાવનો વિષય કર્યો ત્યારે એને નવા કર્મ બંધાય એમાં રાગ-દ્વેષ, મોહનું જે નિમિત્તપણું (છે તે) એને હોતા નથી. અજ્ઞાની અજ્ઞાનપણે પરિણમેલો, વસ્તુના સ્વભાવની દૃષ્ટિથી ભ્રષ્ટ થયેલો અજ્ઞાનપણે પરિણમેલો તે નવા બંધને નિમિત્ત થાય (છે). હું નિમિત્ત થયો માટે આ ઉપજ્યું માટે વ્યવહારથી હું એનો કર્તા (છું). વ્યવહારથી કર્તા (છે), ઉપાદાનની તો વાત જ નથી. વ્યવહારથી – ઉપચારથી એનો કર્તા મિથ્યાદૃષ્ટિ માને છે. માને છે, છે નહિ. માન્યતા ઉભી કરી છે, ભાઈ ! ઝીણી વાત ભારે, ભાઈ !

અરે...! ભગવાન ચૈતન્યમૂર્તિ ! જ્ઞાયકસ્વભાવ ! એની દૃષ્ટિ અને વિષય – બન્ને બંધના પરિણામ ઉત્પન્ન કરતા જ નથી. અબંધસ્વભાવી દૃષ્ટિ અને અબંધસ્વભાવી દ્રવ્ય – બન્ને નવા કર્મને વ્યવહારે બાંધનાર છે એ વસ્તુના સ્વરૂપમાં નથી. નિશ્ચય તો નથી પણ વ્યવહારે હું આ બાંધું છું એવો વિકલ્પ પણ વસ્તુની દૃષ્ટિ વિનાના જીવને, અજ્ઞાને પરિણમેલા જીવને નવા બંધમાં અજ્ઞાન નિમિત્ત થાય છે માટે 'મેં વ્યવહારે તો બાંધ્યું ને ?', વ્યવહાર કહો કે ઉપચાર કહો, 'મેં ઉપચારે તો બાંધ્યું ને ?' એવો ભાવ મિથ્યાદૃષ્ટિને હોય છે. સમ્યક્દૃષ્ટિને એ ભાવ હોતો નથી. સમજાણું કાંઈ ? એ અંતરના ખેલો (છે), બાપા...! ભાઈ !

અબંધ પરિણમન કહો, સમ્યગ્દર્શન કહો, અબંધસ્વભાવી વસ્તુની શ્રદ્ધા – દૃષ્ટિ કહો, તો દૃષ્ટિ પણ અબંધપરિણામી દૃષ્ટિ થઈ ગઈ. દૃષ્ટિ અબંધપરિણામીનો અર્થ મોક્ષનો માર્ગ થઈ ગયો. અબંધ પરિણામ પ્રગટ થયા, સમ્યગ્દર્શન અબંધ પરિણામ છે. અબંધસ્વભાવીની દૃષ્ટિ તે અબંધ પરિણામ છે. અબંધ પરિણામ કહો કે મોક્ષમાર્ગના પરિણામ કહો. સમજાય છે કાંઈ ?

અહીં ઈ જ કહ્યું કે, જે ઉપયોગમાં આરૂઢ રાગ-દ્વેષ, મોહ આદિ ભાવ. એ અજ્ઞાની

આરૂઢ છે. એ રાગ-દ્વેષ, મોહનું નિમિત્ત છે એમ અહીં રાગ-દ્વેષ, મોહમાં આરૂઢ જીવ છે એ બેનો વ્યવહારે સંબંધ ગણાય. નિશ્ચયે તો રાગ-દ્વેષ, મોહ આત્મામાં છે જ નહિ, જ્ઞાનીમાં પણ છે નહિ. આ સંબંધ અજ્ઞાનીના સિદ્ધ કર્યા છે. શું કહ્યું ? જે ચૈતન્યસ્વભાવી આત્મામાં આરૂઢ નથી, ભગવાનઆત્મા ચૈતન્ય સહજાત્મસ્વરૂપ શુદ્ધ છે એમાં આરૂઢ નથી એને પુરાણા – જૂના કર્મ નિમિત્ત છે એવા રાગ-દ્વેષ, મોહમાં, ઉપયોગમાં જે આરૂઢ છે, એ રાગ-દ્વેષ, મોહમાં અજ્ઞાનભાવથી આરૂઢ તો પોતે પોતાથી છે, એને કર્મનો બંધ વ્યવહાર છે એમ સિદ્ધ થાય છે. એ બધું ૧૦૫ (ગાથામાં પણ) એકનું એક આવી ગયું. ૧૦૫માં કહ્યું ને ? કે, કર્મબંધન તો ઉપાદાન (એવી) એની પર્યાયથી થાય, પણ ઉપચારે હું કર્તા (છું), એ મિથ્યાદષ્ટિને હોય છે. જડનો ઉપચાર કર્તા, હોં !

એ જ વાત અહીં કરી કે, ભગવાનઆત્મા જે ચૈતન્યસ્વભાવ વસ્તુ ! એની દૃષ્ટિમાં આરૂઢ નથી અને જે રાગ-દ્વેષ, મોહમાં આરૂઢ છે એ પોતાની પર્યાયમાં નિશ્ચયથી આરૂઢ છે, એ મારા બંધનું નિમિત્ત છે એટલો વ્યવહાર અજ્ઞાનીનો સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ ?

એક દાખલો (પણ કેવો આપ્યો છે) ! **'दव्वाणि गुणे य जधा तह बंधो तेण जाणीहि'** લ્યો ! જેમ એ રૂપી સાથે જ્ઞાનના આકારનું પરિણમન તો પોતામાં આરૂઢ છે, એ જ્ઞેયાકારના પરિણમનમાં પેલું નિમિત્ત છે, વિષય છે. વિષય છે ને ? એટલો વિષયી અને વિષયનો સંબંધ થયો. વિષયી જ્ઞાન, વિષય એ ચીજ – એટલો સંબંધ થયો. પોતે વિષયી. એ વિષય છે તે સંબંધીના વિષયના જ્ઞાનપણે પરિણમેલો આત્મા છે. એને આવો વિષય છે એટલો સંબંધ થયો. એમ અજ્ઞાની રાગ-દ્વેષ, મોહના ઉપયોગમાં આરૂઢ છે એમાં કર્મના નિમિત્તનો સંબંધ થાય છે, બસ ! આટલી વાત છે. બિલકુલ જ્ઞેય-જ્ઞાયકની સાથે સંબંધ ન હોય તો આ સંબંધ ન હોય, આ ન હોય (પણ) આ સંબંધ છે. આ ન્યાય છે, એ પણ ન્યાય છે. સંબંધ છે, જ્ઞાનીને જાણવાલાયક છે. અજ્ઞાની બરાબર રાગ-દ્વેષ ઉપર આરૂઢ છે તેથી તેને નિમિત્તનો સંબંધ થાય છે. સંબંધ થાય છે, સંબંધ છે, પૂર્વનો સંબંધ છે. બધું સિદ્ધ થાય છે. સમજાણું આમાં કાંઈ ?

'કુંદકુંદાચાર્યદેવ'ના શાસ્ત્રો, એક એક શ્લોકો ચૌદ પૂર્વના રહસ્યભૂત છે ! ઓ..હો..હો...! વસ્તુ જુઓને કેવી શૈલીથી લીધી ! પાઠમાં છે ને ? **'दव्वाणि गुणे य जधा तह बंधो'** 'અમૃતચંદ્રાચાર્યદેવે' એમાંથી વાત કાઢી. ભાઈ ! રૂપવાળા પદાર્થનું જ્ઞાન જ્ઞેયાકારપણે તારામાં

તારાથી પરિણમેલું ભાસે છે કે નહિ ? તો એટલો જ્ઞેયાકાર સાથે નિમિત્તનો સંબંધ છે કે નહિ ? આ વિષયી અને ઈ વિષય. એમ ભગવાનઆત્મા પોતાને ભૂલી રાગ-દ્વેષ, મોહપણાની પર્યાયમાં આરૂઢ છે એને કર્મનો નિમિત્ત સંબંધ સિદ્ધ થાય છે. એ પણ એક વિષય છે. સમજાણું કાંઈ ?

**'એવા જે ઉપયોગમાં...'** જુઓને ! **'એકાવગાહપણે રહેલાં કર્મપુદ્‌ગલો...'** એ પુદ્‌ગલો **'જેમનું નિમિત્ત છે...'** પેલા જૂના કર્મ ! બંધ સિદ્ધ કરવો છે ને ? **'એકાવગાહપણે રહેલાં...'** અત્યારે (ઉદયમાં) આવેલાની વાત નથી. જૂના સાથે બંધનો સંબંધ સિદ્ધ કરવો છે ને ? **'એકાવગાહપણે રહેલાં કર્મપુદ્‌ગલો જેમનું નિમિત્ત છે...'** નિમિત્ત કોનું થાય ? અહીંયાં નવા કર્મની વાત નથી. જૂના કર્મ જેમનું નિમિત્ત થાય. બંધ સિદ્ધ કરવો છે ને ? આ બેનો બંધ સિદ્ધ કરવો છે.

**'જેમનું નિમિત્ત છે એવા જે ઉપયોગમાં આરૂઢ રાગદ્વેષાદિભાવો...'** ઉપયોગમાં આરૂઢ રાગદ્વેષાદિભાવો (કહ્યું) ! ઓ..હો...! જેને ચૈતન્યમાં ચૈતન્યનો ઉપયોગ જોઈએ એને ઠેકાણે રાગ-દ્વેષભાવમાં આરૂઢ (છે). **'તેમની સાથેનો સંબંધ કર્મપુદ્‌ગલો સાથેના બંધરૂપ વ્યવહારનો સાધક જરૂર છે.'** ભાઈ ! સમજાણું કે નહિ ?

મુમુક્ષુ :– જૂના સાથે સિદ્ધ કર્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જૂના પણ, આ બંધ સિદ્ધ કરવો છે તો કોની સાથે કરવો ? એની સાથે બંધ છે કે નહિ ? અરૂપીને રૂપી સાથે (બંધ છે કે નહિ ?) જુઓ ! આ છે. આ રીતે છે કે નહિ ? જુઓને ! દેખાય છે કે નહિ ? કહો, સમજાણું ?

એ ટીકા પૂરી થઈ, લ્યો ! ભાવાર્થ લઈશું....

**કારતક વદ ૧૧, સોમવાર તા. ૧૧-૧૧-૧૯૬૩**
**ગાથા – ૧૭૪, ૧૭૫**
**પ્રવચન નંબર–૧૮૩-B**

'પ્રવચનસાર', 'જ્ઞેયતત્ત્વ અધિકાર' ચાલે છે. ભગવાન તીર્થંકરદેવ જેમને ત્રણકાળનું જ્ઞાન થયું ત્યારે જે વસ્તુનું સ્વરૂપ (જ્ઞાનમાં આવ્યું) હતું એવું વાણી દ્વારા આવ્યું. એ વાણીને અહીંયાં પ્રવચન કહેવામાં આવે છે. એ પ્રવચનનો સાર 'કુંદકુંદાચાર્ય મહારાજ' વર્ણવતા અત્યારે બંધ અધિકારનું વર્ણન ચાલે છે. શું કહ્યું ? જરી ઝીણી વાત છે. ભાવાર્થ છે, જુઓ ! ટીકા પૂરી થઈ. શું કહે છે ?

આ આત્મા છે ને ? આત્મા ! એ આત્મા, છે તો એનો સ્વભાવ પવિત્ર ને શુદ્ધ ને આનંદ. છતાં એની વર્તમાન દશામાં – પર્યાયમાં રાગ-દ્વેષ અને મોહ કરે છે. કરે છે કે નહિ ? એ રાગ-દ્વેષ, મોહ વિકાર સાથે જીવને સંબંધ છે. એ રાગ-દ્વેષ, મોહને પૂર્વનું કર્મ નિમિત્ત (છે) એ બંધની સાથે એને સંબંધ છે. સમજાય છે ? આ આત્મા છે ને ? વસ્તુ ! ભગવાનઆત્મા ! એ શુદ્ધ ચૈતન્ય આનંદ અને જ્ઞાયક કેવળજ્ઞાનનો પિંડ આત્મા છે. આત્મા વસ્તુ છે એ તો જ્ઞાન ને આનંદનો રસકંદ આત્મા છે પણ અનાદિથી એની વર્તમાન દશામાં એ ત્રિકાળ શુદ્ધ સ્વભાવને ભૂલીને જે રાગ ને દ્વેષ ને મોહ – મિથ્યા ભ્રમણા, એવો ભાવ કરે છે એ જીવને ભાવબંધ સાથે સંબંધ છે. એ ભાવબંધ છે. એ ભાવબંધને જૂના કર્મ નિમિત્ત થાય છે એથી ભાવબંધને દ્રવ્યબંધ સાથે સંબંધ છે એટલું અહીંયાં સિદ્ધ કરવું છે. બરાબર છે ?

આત્મા અમૂર્તિક હોવા છતાં, આત્મા તો રૂપ વિનાનો (છે), એમાં કાંઈ રંગ, ગંધ, સ્પર્શ (નથી). એ આત્મા તો અરૂપી છે. એને રંગ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી, અરૂપી છે. છતાં મૂર્તિક કર્મપુદ્‌ગલો સાથે, આ પરમાણુ ઝીણા કર્મ રજકણ છે, જેને કર્મ

કહીએ, એવા મૂર્તિક એ તો રંગ, ગંધ, સ્પર્શવાળા પરમાણુ છે. એની સાથે કેમ બંધાય ? એમ શિષ્યનો પ્રશ્ન છે. એવા પ્રશ્નનો આચાર્ય ભગવાને ઉત્તર આપ્યો છે કે, આત્મા અમૂર્તિક હોવા છતાં મૂર્તિક પદાર્થને કેમ જાણે છે ? આત્મા છે તો અરૂપી. છતાં આ પુદ્‌ગલ જડ બધું છે એને જાણે છે કે નહિ ? ભાઈ ! આ શરીર જડ છે, આ તો માટી છે, પુદ્‌ગલ છે, અજીવ છે. આત્મા જીવ છે એ અરૂપી છે. તો અરૂપી આ રૂપીને જાણે છે કે નહિ ? આ રૂપી શરીર છે, આ માટી છે, આ હાથ છે, પગ (છે) એમ આત્મા જાણે છે ને ? તો અરૂપી આત્મા આ રૂપી ચીજને (જાણે છે). અમૂર્તને મૂર્તને જાણવાનો જેમ સંબંધ છે (એમાં) કાંઈ વિરોધ દેખાતો નથી.

**'મૂર્તિક પદાર્થને કેમ જાણે છે ? જે રીતે મૂર્તિક પદાર્થને જાણે છે તે જ રીતે મૂર્તિક કર્મપુદ્‌ગલો સાથે બંધાય છે.'**

મુમુક્ષુ :– આ નવા થયા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નવા ભલે પણ પૂર્વના પુદ્‌ગલો એણે બંધરૂપ પડ્યા છે એનું એને નિમિત્ત થાય છે. રાગ-દ્વેષ, મોહને (નિમિત્ત થાય છે) તો રાગ-દ્વેષ, મોહથી નવા બંધાય એટલો સંબંધ થાય છે. પૂર્વના કર્મ રાગ-દ્વેષને નિમિત્ત છે એવા ભાવબંધ સાથે જીવને સંબંધ છે પણ એને જૂના કર્મ રાગ-દ્વેષ, મોહમાં નિમિત્ત છે. એ નિમિત્ત છે એ નવા કર્મ બંધાય એટલો એને સંબંધ છે. સંબંધ છે (તેમાંથી) સમ કાઢી નાખે તો એટલો બંધ છે.

**'ખરેખર અરૂપી આત્માને...'** આત્મા તો અરૂપી છે પણ એની એને ખબર ન મળે. એમને એમ અનાદિથી ગાડું હાંક્યે જાય છે. હું કોણ છું ? ને ક્યાં છું ? એની ખબર નથી. આ વાત શું કરવા કરે છે ? કે, આત્મા અરૂપી છે છતાં રૂપી પદાર્થ સાથે કંઈ સંબંધ નથી. ખરેખર તો રૂપી સાથે કાંઈ સંબંધ નથી. જડને અને આત્માને શું ? આ શરીર ક્યાં ? કર્મ ક્યાં ? આ બધું જડ. આત્મા અરૂપી, આ રૂપી એને કાંઈ સંબંધ છે નહિ. પછી બાયડી, છોકરા સાથે કાંઈ સંબંધ નથી એમ કહેશે, હોં ! ધૂડ સાથે કાંઈ સંબંધ નથી. એ તો પર વસ્તુ છે. તું અરૂપી, બીજા આત્મા એના શરીર જુદાં, તારે અને એને કાંઈ સંબંધ નથી.

**'ખરેખર અરૂપી આત્માને રૂપી પદાર્થો સાથે કાંઈ સંબંધ નહિ હોવા છતાં અરૂપીને રૂપી સાથે સંબંધ હોવાનો...'** અરૂપીને રૂપી સાથે સંબંધ હોવાનો **'વ્યવહાર પણ વિરોધ પામતો નથી.'** વ્યવહાર ! અરૂપીને રૂપી સાથે – આ મૂર્ત (પદાર્થ) સાથે સંબંધનો વિરોધ પામતો

નથી. **'આત્મા મૂર્તિક પદાર્થને જાણે છે...'** હવે આ વાત કરે છે. જાણે છે કે નહિ ? આ ખાટું, મીઠું શું ? આત્મા તો અરૂપી છે. આ ગોળ મોઢામાં પડ્યો અને ગળ્યો લાગ્યો તો એ ગળ્યો જડ છે. બરાબર છે ? શું છે ? ગળ્યું જડ છે. શું છે ? આ પેંડો શું છે ? જડ છે, માટી છે.

આત્મા રૂપ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો હોવા છતાં, આ પેંડો ગળ્યો (છે) ઈ જાણે છે કે નહિ ? આત્મા ગળ્યો થાતો નથી. પણ ગળ્યો તો જડ છે, અજીવ એટલે માટી છે. બરાબર છે ? પેંડો માટી હશે ?

મુમુક્ષુ :– ખાતાં સુખ લાગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાંય સુખ નથી. એ તો જાણે છે એમ અહીં કહે છે. અહીં તો આત્મા જ્ઞાનમાં જાણવાનો સ્વભાવ છે કે, આ પેંડો ગળ્યો (છે), આ આંબલી ખાટી (છે), આ મરચું તીખું (છે), આ મરી તીખાં (છે). મરી... મરી ! એ તો બધાં જડ છે, રૂપી છે, જડ છે, દૃશ્ય છે. જેમાં રંગ, ગંધ, સ્પર્શ (છે). મરચામાં, તીખામાં, પેંડામાં, સાકરમાં, ગોળમાં જડપણું (છે). રંગ, ગંધ, રસ, સ્પર્શપણું પડ્યું છે અને આત્મા તો રંગ, ગંધ, સ્પર્શ વિનાનો છે. છતાં એ જ્ઞાનમાં જેમ રૂપી જણાય છે એટલો સંબંધ છે એ કંઈ વિરોધ પામતો નથી. સમજાય છે કે નહિ કાંઈ ? આ..હા..હા...! હજી હું કોણ છું ? ને ક્યાં છું ? ને શું થાય ? એની એને ખબર ન મળે. અને એને ધર્મ કરવો (છે) !

અહીં તો કહે છે કે, જેમ આત્મા અરૂપી હોવા છતાં આ રૂપી ચીજને જાણવાનો સંબંધ છે કે નહિ ? જો જાણવાનો સંબંધ ન હોય તો એ જાણી શકે જ નહિ કે, આ ગોળ ગળ્યો, આ મરચું તીખું (છે). એ તો બધું જડ છે. ઈ બધાં જડ, રૂપી, માટી છે, જેને ભગવાન પુદ્ગલ કહે છે. આત્મા આ તો જીવ છે અને આ પુદ્ગલ છે. પેંડો, સાકર, ગોળ, રોટલી, દાળ, ભાત, શાક, મોસંબીના પાણી એ બધાં જડ છે, રૂપી છે. રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ છે. આત્મા રંગ, ગંધ, સ્પર્શ વિનાનો છે તો એ રંગ, ગંધ, રસ, સ્પર્શને જાણે છે કે નહિ ? અરૂપી રૂપીને જાણે છે કે નહિ ? (તો) એટલો સંબંધ થઈ ગયો. સમજાણું કાંઈ ? વેદાણું તો અહીં ગળ્યું કેમ જાણ્યું ? હજી તો આ ભાઈનો પ્રશ્ન હતો કે પેંડો ખાઈએ તો સુખ થાય છે. ધૂળેય (સુખ) નથી. એ તો મૂઢને જાણવામાં આવે છે કે આ ગળી ચીજ (છે). (એમાં) એને કલ્પના થાય છે કે, મને ઠીક (છે). એ રાગ કરે છે. એ રાગને વેદે છે. પેંડાને ખાતો નથી. કોઈ જીવ ત્રણકાળ ત્રણલોકમાં (ખાતો નથી).

રોટલી, દાળ, ભાત, શાકને આત્મા ખાઈ શકતો નથી એમ ભગવાન કહે છે. ફક્ત તે કાળે જ્ઞાન તેને જાણતાં રાગ કરે છે કે, આ ઠીક (છે), આ ઠીક (છે). એ રાગને એ ખાય છે. બરાબર (છે) ? ભાઈ ! રાગ ખાતો હશે ? દુનિયામાં તો એમ કહેવાય છે. ભગવાન એમ કહે છે. સાંભળ ત્યારે ને ? તને ખબર ક્યાં છે કે તું શું ખાય છે ?

તારું જ્ઞાન સ્વરૂપ છે. આત્મા ચૈતન્યસૂર્ય છે. જેમ આ સૂર્ય પરમાણુનો છે એમ આત્મા ચૈતન્યસૂર્ય (છે). દેહમાં ઢંકાયેલા ચામડાની પાછળ એકલું ચૈતન્યબિંબ, જ્ઞાયકમૂર્તિ આત્મા (બિરાજે છે). એ જ્ઞાન વડે આને જાણ્યું કે, ખાટું, ખારું, ગળ્યું, મોળું, તીખું (છે) વગેરે. એ બધું જડ છે. આ આત્મા ચૈતન્ય અને આ જડ, આત્મા અરૂપી અને આ રૂપી, આત્મા અમૂર્ત અને (આ) મૂર્ત, આત્મામાં રસ, ગંધ, સ્પર્શ નહિ અને પેલામાં રંગ, ગંધ, સ્પર્શ (છે). છતાં એ જાણવાના સંબંધનું કામ કરે છે કે નહિ ? બસ ! જેમ જાણવાનું કામ કરે (છે) એટલો સંબંધ નક્કી થયો.

**'એમ કહેવામાં આવે છે ત્યાં પરમાર્થે અમૂર્તિક આત્માને મૂર્તિક પદાર્થ સાથે કાંઈ સંબંધ નથી;...'** ધ્યાન રાખજો ! હજી જાણવામાં વાત કરે છે. ગળી, ખાટી, તીખી ચીજ છે તેને અને આત્માને કાંઈ સંબંધ નથી. ઈ જડ છે અને આત્મા અરૂપી છે, ઈ રૂપી છે. બેને સંબંધ છે નહિ. જાણવાનો સંબંધ છે. **'આત્માને તો માત્ર...'** હવે, જુઓ ! (શું કહે છે) ? **'મૂર્તિક પદાર્થના આકારે થતું જે જ્ઞાન તેની સાથે જ સંબંધ છે...'** જુઓ ! શું કહે છે ? કે, આ ગળ્યું, આ ખાટું, આ કડવું એવી ચીજ (છે) એ તો જડ (છે), એનું અહીં પોતાને જ્ઞાન થયું. એ સંબંધીનું પોતામાં જ્ઞેયાકાર જ્ઞાન થયું. ઈ જ્ઞાન સાથે આત્માને સંબંધ છે. સમજાણું કાંઈ ? જુઓ !

**'મૂર્તિક પદાર્થના આકારે...'** એટલે સામે સાકર, ગોળ, દાળ, ભાત, શાક કે કોઈપણ (પદાર્થ હો) તેના આકારે એટલે તેનું જે સ્વરૂપ છે એવું તેને પોતાને જ્ઞાન થાય છે. જ્ઞાન થાય છે. એ જ્ઞાનની સાથે જીવને સંબંધ છે. આત્માને તે જ્ઞાન સાથે સંબંધ છે. કહો, બરાબર છે ? કહો, સમજાણું કાંઈ ?

હું કોણ છું ? જ્ઞાયક. એ જ્ઞાયકમાં જે જણાય છે તે આકારે જ્ઞાન પોતાને કારણે પરિણમે છે. એ જે જણાય છે તેને આકારે પરિણમતા જ્ઞાનની સાથે આત્માને સંબંધ છે. છતાં **'તે પદાર્થાકાર જ્ઞાન સાથેના સંબંધને લીધે જ...'** આ પદાર્થ ગળ્યો છે, કડવો છે, ખાટો છે એનું જ્ઞાન થયું. એ જ્ઞાનનો આકાર તો પોતામાં – આત્મામાં થાય છે. પોતે આત્મામાં

(થાય છે). **'તે પદાર્થાકાર જ્ઞાન સાથેના સંબંધને લીધે જ...'** ઈ શું કીધું ? પદાર્થાકાર જ્ઞાન સાથેના જીવને સંબંધને લીધે **'અમૂર્તિક આત્મા મૂર્તિક પદાર્થને જાણે છે' એવો અમૂર્તિક-મૂર્તિકના સંબંધરૂપ વ્યવહાર સિદ્ધ થાય છે.'** એણે તો અહીં જ્ઞાનાકાર જ્ઞાન કર્યું પણ એ જ્ઞાનાકારમાં એ નિમિત્ત છે તેથી જ્ઞાનાકારે આને જાણ્યું એવો વ્યવહાર સંબંધ સિદ્ધ થાય છે. પોતામાં જ્ઞેયાકાર થયું એ નિશ્ચય સંબંધ છે. શું કહ્યું ? નિશ્ચય એટલે સાચો. કડવી, તીખી, ગળી, દાળ-ભાતને જાણતું જ્ઞાન અહીં જ્ઞાનાકાર પરિણમે, જ્ઞાનાકાર થાય (એટલે કે) ઈ પદાર્થઆકાર જ્ઞાન થાય. પદાર્થ જેવો છે એવું જ્ઞાન થાય. ખરેખર નિશ્ચયથી તો આત્માને ઈ જ્ઞેયાકારે જ્ઞાન થયું એની સાથે સંબંધ છે, પણ જ્ઞેયાકારમાં જ્ઞાન જ્ઞાનાકાર થયું એમાં પેલું નિમિત્ત છે એટલો સંબંધ કહીને આત્મા જ્ઞાનથી રૂપીને જાણે છે એવો વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

**'પદાર્થાકાર જ્ઞાન સાથેના સંબંધને લીધે જ 'અમૂર્તિક આત્મા...'** અહીં ઈ પદાર્થાકાર જ્ઞાન થયું છે ને ? એને અને પેલા પદાર્થને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. નૈમિત્તિક દશા પોતામાં જાણવાની થઈ, પેલું નિમિત્ત છે. જ્ઞેયાકારપણે જ્ઞાન પરિણમ્યું એનો સંબંધ જીવને છે. પોતાનું જ્ઞાન છે એટલે. હવે, એવા જ્ઞેયાકારમાં પેલો પદાર્થ નિમિત્ત છે એથી જ્ઞેયાકાર જ્ઞાન એને જાણે છે એવો વ્યવહાર સિદ્ધ થઈ શકે છે. કહો, સમજાણું ?

એવી જ રીતે, હવે આ દાખલો આપીને સિદ્ધાંત સિદ્ધ કરે છે. **'અમુક આત્માને મૂર્તિક કર્મપુદ્ગલો સાથે બંધ છે'** અમુક આત્માને છે ને ? કંઈ બધા આત્માને છે ? **'મૂર્તિક કર્મપુદ્ગલો સાથે બંધ છે' એમ કહેવામાં આવે છે...'** આત્માને, કર્મના રજકણ છે ને ? એની સાથે બંધ છે એમ કહેવામાં આવે છે ને ? **'ત્યાં પરમાર્થે અમૂર્તિક આત્માને...'** આત્મા તો અમૂર્ત છે અને પેલા કર્મના રજકણ (છે) તે મૂર્ત છે, જડ છે, માટી છે – ધૂળ છે. જેમ આ પેંડો, દાળ, ભાત, શાક ધૂળ છે એમ પેલા રજકણ પણ ધૂળ છે. રૂપિયો શું છે ? રૂપી જડ છે. એ રૂપિયાના આકારે અહીં જ્ઞાન થયું એ જ્ઞાનાકાર સાથે આત્માને સંબંધ છે, પણ જ્ઞેયાકારપણે જ્ઞાન થયું એનો સંબંધ પેલા નિમિત્તથી છે તેથી એમ કહ્યું કે, આ જ્ઞાને એને જાણ્યું.

એમ હવે આત્મામાં પુદ્ગલ સાથે સંબંધ કરે છે. **'પરમાર્થે અમૂર્તિક આત્માને મૂર્તિક કર્મપુદ્ગલો સાથે કાંઈ સંબંધ નથી;...'** આત્માને તો કર્મપુદ્ગલો જેમાં નિમિત્ત છે... જુઓ ! કર્મપુદ્ગલો જેમાં નિમિત્ત છે (એમ કહ્યું) એટલે કે પૂર્વના. શું કીધું ? પૂર્વના **'કર્મપુદ્ગલો**

**જેમાં નિમિત્ત છે એવા રાગદ્વેષાદિભાવો સાથે જ સંબંધ (બંધ) છે...'** જીવને સંબંધ કોની સાથે છે ? આ એણે રાગ-દ્વેષ અને મલિન મોહભાવ કર્યો એની સાથે એને સંબંધ છે. જેમ પેલા રૂપીને જાણવાના જ્ઞેયાકારરૂપ જ્ઞાન સાથે આત્માને સંબંધ છે છતાં જ્ઞેયાકારપણે પરિણમેલું જ્ઞાન તેને નિમિત્ત છે માટે પરને જાણે છે એમ વ્યવહાર કહેવામાં આવે છે. એમ આત્મા અરૂપી છે એને મૂર્તિક સાથે કાંઈ સંબંધ છે નહિ. પણ આત્મા રાગ-દ્વેષ ને મોહ, અજ્ઞાન કરે છે એવા ભાવ સાથે આત્માને ભાવબંધ – સંબંધ છે. ભાવબંધનો સંબંધ છે. એ ભાવબંધ છે. ભાવબંધ છે એમ નક્કી થાય તો પછી એ ભાવબંધને જે નવા કર્મ આવે એને એ નિમિત્ત કહેવામાં આવે. એટલો બંધનો સંબંધ કહેવામાં આવે છે.

દ્રવ્યબંધમાં નિમિત્ત છે – દ્રવ્યબંધને ભાવબંધ નિમિત્ત છે અને ભાવબંધમાં પૂર્વના કર્મ નિમિત્ત છે. સમજાણું કાંઈ ? આમ નક્કી કરે કે, મારામાં મને તો પુદ્ગલ જડ સાથે તો કાંઈ સંબંધ નથી પણ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને, આનંદને, અબંધ સ્વભાવીને ભૂલી અને રાગ-દ્વેષ, મોહ કરે એવા ભાવબંધ સાથે સંબંધ છે – બંધ છે. ઈ વિકાર સાથે સંબંધ છે. એ વિકારને નિમિત્ત અને નવા કર્મો આવવા તેટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખીને જીવને રૂપી સાથે બંધ છે, સંબંધ છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. કેમકે પર ચીજ છે માટે વ્યવહાર (કહ્યો). સમજાણું કાંઈ ?

અહીં તો (કહે છે કે) આત્મા અબંધ સ્વભાવી (છે), એના ભાવબંધમાં રાગ-દ્વેષ કરે તે ભાવબંધ (છે) એને દ્રવ્યબંધ સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. એમ ત્રણ (વાત) સિદ્ધ કરવી છે. સ્વરૂપ તો એનું અબંધ સ્વરૂપી છે. વસ્તુ તો અબંધ છે. ચિદાનંદ ભગવાનઆત્મા (સ્વરૂપ છે) પણ પર્યાયમાં ભાવબંધને ઉભો કરે છે, પર્યાયમાં – અવસ્થામાં રાગ-દ્વેષ ને મિથ્યાત્વ ઉભું કરે છે એથી એ અબંધસ્વભાવી હોવા છતાં પર્યાયમાં ભાવબંધનો સંબંધ એને પ્રત્યક્ષ દેખાય છે અને એ ભાવબંધ નવા કર્મનું નિમિત્ત થાય છે એથી નવા બંધનું નિમિત્ત આ છે, એટલો સંબંધ વ્યવહારે સિદ્ધ થાય છે. શુદ્ધ આત્મા સાથે નહિ. વિકાર સાથે (સંબંધ છે).

આખો આત્મા છે, લ્યો ! હવે ઈ આત્મા(માં) ખાટું, ખારું આખા આત્મામાં જણાણું ? આખા આત્મામાં એક વર્તમાન તે પ્રકારનું જ્ઞેયાકારે જ્ઞાન પરિણમ્યું એટલા સાથે આત્માને પર્યાયમાં સંબંધ છે અને તેની સાથે પેલા ખાટા, ખારાને સંબંધ છે. સમજાણું કે નહિ ?

મુમુક્ષુ :– આત્માનો જ્ઞાન સાથે સંબંધ છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એટલા જ્ઞેયાકાર સાથે સંબંધ (છે), આખા જ્ઞાન સાથે નહિ. જેટલું જ્ઞેયાકાર થયું એની સાથે પેલાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સમજાણું કાંઈ ? આ ધૂળમાં શું છે ? આ પૈસામાં ને બાયડીમાં ને છોકરામાં મૂઢે (સુખ) માન્યું (છે). ઈ જ કહે છે કે, પહેલા નક્કી કર કે, મારા પરિણામમાં રાગ-દ્વેષ, મિથ્યા ભ્રમણા થાય છે એ ભાવબંધ છે. એમ નક્કી કરે તો અબંધ સ્વભાવી આત્માની દૃષ્ટિ કરીને મિથ્યાત્વનો – ભાવબંધનો નાશ કરે તો દ્રવ્યબંધનો – મિથ્યાત્વનો નાશ થયા વિના રહે નહિ. આ ધર્મની રીત છે.

પહેલું એને ખરેખર બંધન કોની સાથે છે ? કે, ખરેખર બંધ તો એને વિકાર ભાવની સાથે છે. એ વિકારભાવમાં જૂના કર્મ નિમિત્ત થાય છે, એ વિકારભાવ નવા બંધને નિમિત્ત થાય છે. એટલો સંબંધ દેખીને આત્માને જડ કર્મ સાથે સંબંધરૂપ બંધ વ્યવહારે કહેવામાં આવે છે. હવે, એ જ્ઞાન થાય તો એને વર્તમાનમાં રાગ-દ્વેષ ને મોહ, પુણ્ય-પાપના ભાવ ને મિથ્યાત્વ ભાવબંધ છે. હું એક શુદ્ધ ચિદાનંદ અબંધસ્વભાવી આત્મા છું એવી દૃષ્ટિ થતાં ભાવબંધમાં મિથ્યાત્વનો જે બંધ છે એનો નાશ થાય. એથી સામે દ્રવ્યબંધમાં મિથ્યાત્વનો પણ નાશ થાય. નવો દ્રવ્યબંધ – મિથ્યાત્વ પણ આવે નહિ. અને સ્વરૂપની સ્થિરતા થતાં, રાગ-દ્વેષનો અસ્થિરતાના ચારિત્રદોષનો ભાવબંધ હતો એ સ્થિર થતાં નાશ થાય, ત્યારે ચારિત્રમોહનું જે નવું બંધન હતું તે એને થતું નથી. એ ચારિત્રમોહનો દ્રવ્યબંધ પણ છૂટી જાય છે. આ ક્રિયા (સાચી) છે પણ એને ખ્યાલમાં ન આવે અને બહારથી (ધર્મ) માને (છે). અનાદિથી રખડ્યા કરે છે. ચોરાશીના અવતારમાં અનંતવાર દુર્જન થયો, અનંતવાર સ્વજન થયો, રાજા થયો, દેવ થયો, નિગોદ અનંતવાર થયો. એમાં ક્યાંય સુખ છે નહિ. ચાર ગતિમાં એકલું દુઃખ, દુઃખ ને દુઃખ છે. કહો, સમજાણું આમાં ?

મુમુક્ષુ :– આ તો વ્યવહાર સિદ્ધ કર્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહાર સિદ્ધ કરીને પાછો અશુદ્ધનિશ્ચય સિદ્ધ કર્યો. અશુદ્ધનિશ્ચય સિદ્ધ કર્યો, એની સાથે વ્યવહાર સિદ્ધ કર્યો. અશુદ્ધનિશ્ચય સિદ્ધ કરીને શુદ્ધ નિશ્ચયનો આશ્રય લે તો અશુદ્ધનિશ્ચયના બંધનો નાશ થાય, તો કર્મ તો એની મેળે નાશ થઈ જાય. આમાં બધું ભેગું છે.

કહેવાનું પ્રયોજન શું (છે) આમાં ? એકલી આ વાત સમજાવવી એ પ્રયોજન છે ? એમાં પ્રયોજન ઈ છે કે, વિકારપણે તું પરિણમે છે ત્યારે નવા કર્મ આવે છે એટલો વ્યવહાર સંબંધ છે. હવે વિકારપણે તું પરિણમે છે ત્યારે તારે જો ધર્મ કરવો હોય; પ્રયોજન તો

એ ભાવબંધનો અંશ જે છે તેટલો આત્મા નથી. આત્મા ત્રિકાળ જ્ઞાયક આનંદમૂર્તિ છે. એની મહાન સત્તાની શ્રદ્ધા કરી અને અલ્પ ભાવબંધનો જે મિથ્યાત્વ ભાવ (છે) એનો નાશ કર. એ એનું કહેવાનું પ્રયોજન છે. સમજાણું કાંઈ ?

ભાવબંધ કે દ્રવ્યબંધ કઈ રીતે નાશ થાય ? કે, એ ભાવબંધના રાગ-દ્વેષના પરિણામ, એ રાગ-દ્વેષ વિનાનો આત્માના ત્રિકાળી સ્વભાવનો આશ્રય કર તો ભાવબંધનો એટલો નાશ થાય, તો એટલો દ્રવ્યબંધ પણ તને થાય નહિ. પૂર્ણ સ્વભાવનો આશ્રય કરીને સ્થિરતા કરે તો ભાવબંધ બિલકુલ ઉત્પન્ન થાય નહિ તો નવીન કર્મ બિલકુલ આવે નહિ. આ આત્માનું ભેદજ્ઞાન છે. આનું નામ ભગવાન ધર્મ કહે છે, ભાઈ !

વીતરાગ ત્રિલોકનાથ જૈન પરમેશ્વર જિનેન્દ્રદેવ કહે છે કે, તું ભાવબંધને ઓળખ, પુણ્ય-પાપના ભાવ એ તો ભાવબંધ છે. અહીં તો હજી (અજ્ઞાની એમ માને કે) પુણ્યના ભાવ થાય (એનાથી) મને ધર્મ થાય. હજી ભાવબંધને ઓળખે નહિ ઈ ધર્મ કરવા કેમ તૈયાર થાય ?

... શુભ ને અશુભ રાગ બન્ને આસ્રવ (છે). કારણ કે બંધ સિદ્ધ કરવો છે ને ? શુભ ને અશુભ રાગ બન્ને ભાવબંધ છે. હવે ભાવબંધ છે એનાથી કેમ ધર્મ થાય ? એ તો વિકાર છે. એ ભાવબંધ એક સમયની દશામાં છે. એને નવા જડ કર્મનો બંધ નિમિત્ત તરીકે સંબંધ છે. એ બેને ઓળખી મારું સ્વરૂપ જ્ઞાયક ચૈતન્ય છે, શુદ્ધ છે, પવિત્ર છે (એમ) આખા પૂર્ણ સ્વભાવને દૃષ્ટિમાં લઈ અને દૃષ્ટિ એમાં એકાકાર થાય એટલે ભાવબંધમાં જે મિથ્યાત્વની ઉત્પત્તિ થતી હતી એ ઉત્પત્તિ થાય નહિ. એને સમ્યગ્દર્શન – ધર્મ કહે છે. કહો, સમજાણું આમાં ?

આ વીતરાગ કહે છે (એ) નવ તત્ત્વ ઓળખે નહિ. છ દ્રવ્ય, નવ તત્ત્વ, પંચાસ્તિકાય પરમેશ્વર શું કહે છે ? (એની ખબર ન હોય અને માને કે અમે) વાડામાં જન્મ્યા માટે જૈન છીએ, લ્યો ! પણ પરમેશ્વર જૈન શું કહે છે એની ખબર ન મળે. કોથળીની અંદર કરિયાતુ ભર્યું હોય અને નામ લખે સાકર એટલે કરિયાતા કડવા મટી જાય ? કરિયાતા સમજતે હૈં ? આ તાવ (આવે ત્યારે) નથી દેતા ?

મુમુક્ષુ :– હવે ઈ કોણ દે છે, દવાના ઢગલા થઈ ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હવે તો ઢગલા થઈ ગયા. ઇંજેક્શન પાધરા (આપી દ્યે). આ ડૉક્ટર ઇંજેક્શન (આપી દ્યે). કંઈક વાગે તો ઇંજેક્શન, ઢીકણું તો કહે, ઇંજેક્શન ! પણ

કેટલા ઇંજેક્શન ?

મુમુક્ષુ :– પણ તરત મટાડી દ્યે છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાંય મટતા નથી. એકમાંથી બીજું થાય, ત્રીજું થાય. એ વખતે તાત્કાલિક (સારુ) લાગે ને પછી અંદર બીજું (ઉભું થાય). એ કૃત્રિમ દવા એવી છે. પેલી દવાથી પણ ક્યાં મટે છે ? એ તો પરમાણુની પર્યાય પલટવાનો હોય તો પલટે. હવે તો એવા કૃત્રિમ થઈ ગયા ને, ઇંજેક્શન લ્યો, નહીંતર ધનુર થાશે.

મુમુક્ષુ :– પણ કો'ક, કો'કને થાય છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે...! દસ વર્ષમાં કો'કને થાય. કોઈ દિ' કો'કને થાય એમાં એને (ઇંજેક્શન) લગાવી દ્યે ! દસ હજારમાં કો'કને થાય એમાં બધાને લગાડી દ્યે ! ઈ તો થાવું હોય એમ થાય, અશાતાનો ઉદય જે પ્રમાણે હોય (અને) એની પર્યાય થવાની હોય એમાં કંઈ પલટે છે ?

અહીં કહે છે કે, તું પલટી જા ! રોગને કાળે શરીરનો રોગ હોય. સમજાય છે ? સવળો પુરુષાર્થ કરવો. આંખ્યું વીંચીને કાંઈ કૂવામાં કૂદકો મારે છે ? કહે છે ને, શું કૂવામાં આમ પડે (છે ને) ? કોશિયો ! કૂવામાં કોશ પડે ને ? કૂવામાં પડે એમ આમાં પડવું છે ? આ આત્મા શું છે ? ભગવાન કેવળજ્ઞાની શું કહે છે ? કે, અરે...! તારા આત્મામાં તો અનંત આનંદ અને શાંતિ પડી છે. તું ત્યાં નજર કરતો નથી અને જે આ વિકાર થાય (છે) ત્યાં નજર કરીને પડ્યો છો. એને લઈને હેરાન હેરાન થઈ રહ્યો છો, એમ કહે છે. આ શરીરમાં કાંઈક થાય તો (એમ કહે કે), આમ થયું. એ તો ધૂળ છે. થાય છે (અને) થવા કાળે થયા વિના રહેશે નહિ. ઉપરથી ઇન્દ્ર ઉતરે તોપણ થયા વિના નહિ રહે, લે ! એ શરીરમાં અને રાગ કાળે રાગ પણ થાશે, પણ હવે તારે નજર ક્યાં કરવી છે ? રાગ ઉપર ? શરીર ઉપર ? કે, અંદર રાગ વિનાનો ચિદાનંદમૂર્તિ આત્મા છે એમાં નજર નાખે તેને સંતોષ અને શાંતિ મળે એવું છે. બાકી ધૂળમાંય ક્યાંય મળે એવું નથી. બધા કરોડોપતિ, રાખપતિ, ધૂળપતિ મરી ગયા ! કંઈ સાથે લઈને ગયા નહિ. ભાઈ ! ધૂળ લઈ જાય ? રાગ કરીને ચાલ્યા જાય. રખડો ચાર ગતિમાં ! સમજાણું કાંઈ ? અનાદિઅનંત આત્મા છે. આત્મા કંઈ શરીર સાથે નાશ થાય એવો છે ?

કહે છે કે, આ એકવાર ઓળખ કે, તને બંધન કોનું ? અને વ્યવહાર બંધન કેમ કહેવાય છે ? ઈ અહીં કહેવા માગે છે. તને ભાવવિકારનું બંધન છે. રાગ ને દ્વેષ, પર

વસ્તુને કરી દઉં, પરનું ભલુ-ભૂંડું કરું, પરથી મારામાં ભલું-બૂરું થાય, શરીર સારું હોય તો મને ઠીક પડે. એવી મિથ્યા માન્યતાનું તને બંધન અને તેનું તને દુઃખ છે. એ દુઃખમાં નિમિત્ત નવા દ્રવ્યકર્મનો સંબંધ આવે એટલો એને વ્યવહાર સંબંધ કહેવામાં આવે છે. દુઃખ ટાળવું હોય, પર્યાયમાં દુઃખ છે તેને ટાળવું હોય તો સ્વભાવ ઉપર દૃષ્ટિ કર. એમ છે.

'ઔષધ વિચાર ધ્યાન' નથી આવતું ? 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન' વિચાર ને ધ્યાન એટલે અંદર આત્માનો વિચાર અને ધ્યાન કરવું તે ગુલાંટ ખાવાનો રસ્તો છે. અહીં કરોળિયાની જાળની જેમ બહારને બહાર ભટક્યા કરે છે. એ... આમથી આમ ને આમથી આમ ને આમથી આમ... પછી આમ કરશું, પછી આમ કરશું, પછી આમ કરશું...

એક જણની પાઘડી ખોવાઈ ગઈ હતી, (એવી વાત) છોકરાઓમાં આવે છે ને ? નથી આવતું ? એ... આ પડી ? પડી શું ? માથેથી હેઠે પડી. હાથ શું આવે તને ? તારી છે ઈ તો. એમ આ વિચાર કરે એમાં ઘોડા દોડે. આનું આમ થાશે ને પછી આમ થાશે, પછી છોકરા કરશું, પછી આમ રળશું, એના છોકરા થશે, એના છોકરા થશે.. એ બોલાવશે, બાપા ! પુડલો ખાવા ચાલો ! ત્યારે આ કહે, નહિ.. નહિ, નહિ... ત્યાં પેલો પુડલો માથે પડ્યો. ઘીનો હતો ને ઘીનો ? ઘીનો પુડલો ગયો હેઠે ! ઈ આવે છે ને કથામાં ? માથે પુડલો હતો એમાં ત્રણ આનાની મજૂરી હતી. હવે અત્યારે વધી ગયા છે. એ ત્રણ આનાનું પછી આમ લેશું, પછી લેશું બકરી ને પછી એમાંથી પાંચ શેર દૂધ થાશે ને પાંચ શેર દૂધમાંથી આપણે પૈસા પેદા કરીશું અને એમાંથી બાર મહિને ત્રણસો રૂપિયા વધશે એમાંથી પછી ગાય લઈશું ને ગાયમાંથી ભેંસ લઈશું, ભેંસમાંથી બાયડી લઈશું ને બાયડીમાંથી છોકરો થાશે અને છોકરો પુડલા કરીને તેડવા આવશે ! ત્યાં સુધી ગયો ! પછી (છોકરો) કહે, પુડલા થયા (છે), ચાલો બાપા ! તો કહે, ના, ના. ત્યાં પડ્યો માથે ! ત્રણ આના પણ ગયા ને બધું ગયું. એમ આ કલ્પનાના ઘોડા દોડાવે. ભગવાન ચિદાનંદમૂર્તિ પ્રભુ ! નિત્ય આનંદકંદ આત્મા છે એની એને ખબર નથી. પર્યાયમાં (જોડાણો), પછી આમ થયું ને મને હવે સરખું આવ્યું, હવે આ છોકરાએ આમ કર્યું ને, હવે આમ કર્યું એમાંથી વી.સી. કરતો હતો, ઈ છોકરાને પાંચ લાખ મળશે, હવે એની આશા...

મુમુક્ષુ :– છે એમ જ પણ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ જ શેનું પણ ? એક જોશી કહેતો હતો કે, તમારા દીકરાને

ઘરે હાથી આવશે. ધૂળેય હાથી ન આવ્યો ને ઈનો ઈ પગાર ને ઈનું ઈ બધું, એમને એમ આખી જિંદગી (કાઢી). લ્યો ! એક જોશીએ અમને કહ્યું છે કે, તમારા મોટા દીકરાને પાંચ લાખ આવશે. ઓ..હો..હો...! પછી દોડાવે ઘોડા ! ધૂળમાં હજી નોકરી કરે છે. ઈ કરીને મરી ગયો. જગતની મમતા... મમતા... મમતા...

અહીં એ કહે છે કે, ઈ મમત્વનું તને બંધન છે. એને લઈને ખરેખર બંધન પરનું તો નથી પણ મમત્વને નિમિત્ત અને નવા કર્મનો સંબંધ દેખીને અરૂપીને રૂપી સાથે વ્યવહાર સંબંધનો બંધ છે એમ કહેવામાં આવે છે. અને એમ કહેવાનો આશય (એ છે કે), ભાવબંધને તોડ અને સ્વભાવની દૃષ્ટિ કર. ત્યારે તને પ્રયોજન સિદ્ધપણે થાય. વિચાર.. વિચાર.. નિર્વિકારી આત્મસ્વરૂપ છે એની ઓળખ કર, એની શ્રદ્ધા કર. વિકારીપણે હું છું એટલી દૃષ્ટિ ભાવબંધની પરિણમી છે અને પછી રાગ-દ્વેષનો ભાવ રહેશે એટલો નવા કર્મ સાથે જાણવા લાયક સંબંધ રહેશે. સ્વરૂપની સ્થિરતા થતાં રાગ-દ્વેષ ટળીને નવો બંધ થશે નહિ. એકલો અબંધસ્વભાવી છે એવો પર્યાયમાં પ્રગટ થશે એને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં ?

**'આત્માને તો કર્મપુદ્ગલો જેમાં નિમિત્ત છે એવા રાગદ્વેષાદિભાવો સાથે જ સંબંધ (બંધ) છે...'** જુઓ ! કૌંસમાં બંધ કહ્યું છે. સંબંધનો અર્થ બંધ કર્યો. **'અને તે કર્મનિમિત્તક રાગદ્વેષાદિભાવો સાથે સંબંધ (બંધ) હોવાને લીધે જ 'આ આત્માને મૂર્તિક કર્મપુદ્ગલો સાથે બંધ છે' એવો અમૂર્તિક-મૂર્તિકના બંધરૂપ વ્યવહાર સિદ્ધ થાય છે.'** કેટલી વાત સિદ્ધ કરી છે ! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– વ્યવહારે તો છે...:

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરની સાથે ધૂળમાંય કાંઈ સંબંધ નથી. મફતનો મરી જાય છે. હવે આવ્યું, જુઓ !

**'જોકે મનુષ્યને...'** હવે આવ્યું. લ્યો, આવ્યું ! ભાઈ ! સાંભળજો ! **'સ્ત્રી-પુત્ર-ધનાદિક સાથે ખરેખર કાંઈ સંબંધ નથી,...'** રાગને લઈને પોતે ત્યાં જાય છે. કહો, સમજાણું ? આ..હા..હા...! પેલો દાખલો નથી આપતા ? (એક ભાઈ) ઘરમાંથી રીસાણો અને ગયો બહાર, હવે એને (પાછું) ઘણું જાવું, પણ કરવું શું ? પછી એની ઘરની પાડી બહાર ફરતી હતી. એક દિ', બે દિ' ખાવા ન મળ્યું, રિસાઈને ભાગ્યો (હતો). (એને એમ થયું) બહાર નીકળ્યો, હવે પાછું આવવું શી રીતે ? એ ઘરની પાડી ફરતી હતી એનું પૂછડુ પકડી (લીધું). પેલી પાડી દોડીને આવી. (એટલે પેલા ભાઈએ કહ્યું), આ પાડી મને ઘરમાં લાવી.. આ પાડી કોઈ

રીતે માનતી નહોતી. પણ તેં પૂછડું પકડ્યું (અને) પાડી ઘરની હતી તો ઘરે દોડીને આવી. (આ ભાઈને) ઘરમાં આવીને ખાવુ હતું અને બીજાનો મનાવ્યો માને એમ નહોતો, એની મેળાએ (આવ્યો). ભૂખ બહુ લાગી હતી ને ! .... (પછી કહે) આ પાડી માનતી નથી, હોં ! ઈ પાડી મને પકડીને લાવી. પણ તેં પૂછડું કોનું પકડ્યું હતું ?

એમ આ મારો છોકરો મને ગળે વળગ્યો છે, હોં ! આ બાયડી એવી ગળે (વળગી છે). અરે...! મૂઢ તું વળગ્યો છે એમ કહે ને ! મફતનો શેનો વળગ્યો છો ? બરાબર છે ? આ છોકરા સાથે મને એવો પ્રેમ છે.. એમ કરીને માળો રાગનું પૂછડું પકડે છે. આ વચેટ છોકરા સાથે ગમે એ રીતે મારે જુદુ પડવું પડે તો એના ભેગો હું રહીશ. .... કહો, સમજાણું કાંઈ ? ...... મારે જુદા પડવાનું થાશે, ચાર છોકરા છે તો આ છોકરા ભેગુ મારે રહેવું છે. એટલે એમ કરીને પહેલો રાગ બાંધે તો એને અનુકૂળતા મળે. એ રાગનો માર્યો એની સાથે સંબંધ કરે છે (પણ) એને ને એને કાંઈ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ ?

**'જોકે મનુષ્યને સ્ત્રી-પુત્ર-ધનાદિક...'** આદિ એટલે ઘર, આદિ શબ્દ પડ્યો છે ને ? **'ધનાદિક...'** એ ઘર સાથે, દાગીના સાથે, લૂગડાં સાથે, પાડા-પાડી સાથે, એના ઘરના ઘોડા-ઘોડી સાથે, મોટર સાથે **'ખરેખર કાંઈ સંબંધ નથી,...'** ક્યાં ઈ ચીજ અને ક્યાં તું ? તારે અને એને શું (સંબંધ) છે ? ઈ એને કારણે પલટતી ચીજો ત્યાં રહે, તું તારે કારણે (રહે). બેને કાંઈ સંબંધ છે નહિ. શરીર પણ આમાં સાથે લેવું, હોં ! આદિમાં શરીર લેવું. મનુષ્યને સ્ત્રી-પુત્ર, લક્ષ્મી, શરીર, ઘોડાગાડી, મોટર (સાથે) **'ખરેખર કાંઈ સંબંધ નથી,...'**

**'તેઓ તે મનુષ્યથી તદ્દન ભિન્ન છે,...'** ભિન્ન – તદ્દન જુદા છે ને ? **'તોપણ સ્ત્રી-પુત્ર-ધનાદિક પ્રત્યે રાગ કરનારા મનુષ્યને...'** જોયું ? **'રાગ કરનારા મનુષ્યને...'** એમ (કહ્યું છે) ! રાગ કરે છે. **'રાગનું બંધન હોવાથી....'** દેખો ! એને બંધન કોનું છે ? રાગનું, પરનું નહિ. (અજ્ઞાની એમ કહે કે), મારે હવે ઘણો ધર્મ કરવો છે પણ આ એક નાનો છોકરો છે. હમણાં આઠ વરસનો થયો છે, નવી (બાયડીનો) છે અને જૂનીના છોકરા એને (પરણાવશે) કે નહિ (કોણ જાણે) શું કરશે ? ઈ એક ગળે વળગ્યો (છે). ઈ તને ગળે નથી વળગ્યો, રાગ ગળે વળગ્યો છે, એમ કહે ને ! આ ક્યાં મફતની મૂઢતા સેવે છે ? આને લઈને મને આમ છે. તદ્દન વાત ખોટી છે. આહા..હા...! સમજાણું ? એને એક દીકરી હોય, સોળ વરસની દીકરી (છે હું) એનું ધ્યાન ન રાખું તો એનું શું થશે ? .... ઈ જો ઠેકાણે પડે ને... ત્યાં બીજુ જાગશે. ઈ તો તારા ઘરમાં હોળી સળગ્યા જ કરશે. આત્મા કોણ છે ?

એના ભાન વિના આ તૃષ્ણાના દોર તેં અનંતવાર સેવ્યા. એને લઈને નવા કર્મના સંબંધ થયા અને એને લઈને ચાર ગતિમાં રખડ્યો. સમજાણું કાંઈ ?

**'તોપણ સ્ત્રી-પુત્ર-ધનાદિક પ્રત્યે રાગ કરનારા મનુષ્યને...'** રાગ કરનારા મનુષ્યને, હોં ! ન કરે એને કાંઈ નહિ. **'રાગનું બંધન હોવાથી...'** અજ્ઞાનીને તો રાગનું બંધન છે, પેલા સ્ત્રી-પુત્રનું કાંઈ બંધન નથી. રાગ કરે છે તેથી રાગનું બંધન છે અને એ રાગમાં પેલા સ્ત્રી-પુત્ર નિમિત્ત છે, બસ ! પેલા તો રાગમાં નિમિત્ત છે.

**'આ મનુષ્યને સ્ત્રી-પુત્ર-ધનાદિકનું બંધન છે' એમ વ્યવહારથી જરૂર કહેવામાં આવેછે;...'** વ્યવહારથી કહેવામાં આવે છે કે, આને સ્ત્રી-પુત્રનું બંધન છે. શું કરે ? નાના છોકરા, એની માં મરી ગઈ, હવે આ બધું (કેમ કરવું ?) ખરેખર તો એને રાગનું બંધન છે, એનું બંધન નથી. રાગના બંધનમાં એ નિમિત્ત છે એટલે વ્યવહારથી કહેવામાં આવે છે કે, આને આનું બંધન છે. સમજાણું કાંઈ ?

**'તેવી જ રીતે, જોકે આત્માને કર્મપુદ્‌ગલો સાથે કાંઈ સંબંધ નથી,...'** આત્મા અરૂપી (છે અને) પરમાણુ જડ માટી – ધૂળ છે, લોગસ્સમાં આવે છે ને ? ભાઈ ! 'વિહુયરયમલા' લોગસ્સમાં આવે છે. 'એવં મએ અભિથુઆ, વિહુયરયમલા' અર્થ પણ સમજે નહિ. એક તકરાર હતી.

એક ડોસી લોગસ્સ બોલવા મંડી. દશાશ્રીમાળીની બાઈ બોલતી હતી, વિસારોઈમળ્યા ! પણ એલા લોગસ્સમાં વિસારોઈમળ્યા ક્યાંથી આવ્યું ? 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયહે જિણે;' લોગસ્સ આવે છે ને ? ભગવાનની સ્તુતિ ! ઇચ્છામી પડીકમણા... લોગસ્સમાં આવે છે. પણ ભાન ન મળે, બેઠા ઈ બેઠા. ... પેલા બેને તકરાર (હતી). વિસારોઈમળ્યા ! આ વિસારોઈમળ્યા ક્યાંથી આવ્યું ? ......

'વિહુયરયમલા' એટલે કે 'વિહુય' એટલે ટાળ્યા છે. હે ભગવાન ! વીતરાગદેવ ! આપે ટાળ્યા છે. 'રજમળ' રજ એટલે આઠ કર્મની ધૂળ. રજ છે ને ? રય... રય ! (એટલે) આઠ કર્મની ધૂળ. મળ એટલે રાગ-દ્વેષ અને મોહ. રાગ-દ્વેષ અને મોહ અરૂપી મેલ છે. એને હે નાથ ! આપે ટાળ્યા. અંદર રજકણ (છે તેને) આપે ટાળ્યા. આવા અર્થની પણ કાંઈ ખબર ન મળે. સીત્તેર વરસ થાય તોપણ ગડિયા હાંકે જાય...! ભાઈ ! અર્થ આવડે (છે) ? ... અમે સામાયિક કરીને બેઠા હતા. કેટલી કરી ? એક પથરણે પાંચ ! અર્થ આવડે છે ? તો કહે, ના. (તો) ભાવ વિના તારી સામાયિક ક્યાંથી આવી ? ..... કાંઈ ખબર ન મળે

કે શું છે આ ?

આત્મા શું છે ? આ વિકાર શું છે ? આ સંસારનું નિમિત્ત શું છે ? બંધ શું છે ? એની સ્વતંત્રતા શું છે ? ઈ બંધ કેમ ટળે ? એના જ્ઞાન વિના ધાર્મિકક્રિયા કોને આશ્રયે કરશે ? જ્યાં આત્મા સ્વભાવે પવિત્ર છે, વિકાર ક્ષણિક છે, કર્મ સાથે નિમિત્ત સંબંધ છે એટલું જ્ઞાન થયા વિના ભાવબંધને ટાળવા સ્વભાવ સન્મુખની વૃત્તિ કરવી એ એને સૂઝ પડશે નહિ અને સૂઝ પડ્યા વિના મિથ્યાત્વ કોઈ દિ' ટળશે નહિ, મિથ્યાત્વ ટળ્યા વિના કોઈ દિ' ધર્મ થશે નહિ. ભાઈ ! કેટલી સામાયિક કરી હતી ? નહિ ? પાથરણું પાથરીને (બેસી જાય અને માને કે) સામાયિક કરી ! ગડિયા બોલે, ભાઈ ! ણમો અરિહંતાણં... ભાઈ ! ઈ તો શુભરાગ છે, સાંભળને ! અને આ જડની ક્રિયા હું કરું છું ઈ તો મિથ્યાત્વ ભાવ છે. આમ મોઢુ કરવું ને માળા ફેરવવી ઈ તો જડની ક્રિયા (છે) એ તો માટી છે. એના આકારે તારું જ્ઞાન થાય, જ્ઞાન (થાય) એમાં તું માન કે આ મારે લઈને થાય છે, તો મિથ્યાત્વ થાય. એ મિથ્યાત્વનો ભાવબંધ છે તેને જડબંધનું નિમિત્તપણું છે, નવું બંધાય છે એટલે, એટલો વ્યવહાર કહેવામાં આવે છે. એ વ્યવહાર – અશુદ્ધ નિશ્ચયનું બંધન તોડવું હોય તો શુદ્ધ સ્વભાવ કોણ છે ? કઈ રીતે (છે) ? કેવો (છે) ? ક્યાં (છે) ? કેમ છે ? એનું જ્ઞાન કરીને, એનું બહુમાન થઈને એમાં અંતરદૃષ્ટિ કરે ત્યારે તેને ભાવબંધમાં મિથ્યાત્વનો નાશ થાય. આ ધાર્મિક ક્રિયા છે, બીજી કોઈ ક્રિયા છે નહિ. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ભાવ કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજું શું કરે ? આમ કાગળ આવે ત્યાં એમ થઈ જાય કે, ઓ..હો...! આપણને દીકરો સંભારે છે, હોં ! પણ તેને એમાં શું લાડવો થયો ?

પ્રશ્ન :– મજા પડે ઈ લાડવો નહિ ?

સમાધાન :– રાગ થયો, ઈ તો કીધું. રાગ તેં કર્યો, એ રાગમાં પેલું નિમિત્ત પડ્યું એટલે એમ (થયું) કે, આને લઈને મને રાગ થયો. રાગ થયો (છે) તારે લઈને, પરને લઈને નહિ. સમજાણું કાંઈ ?

**'તેઓ આત્માથી તદ્દન ભિન્ન છે,...'** કોણ ? આ પુદ્‌ગલ, નવા જડ કર્મ. **'તોપણ રાગદ્વેષાદિભાવો કરનારા આત્માને રાગદ્વેષાદિભાવોનું બંધન હોવાથી...'** એટલે કે આત્માને પર્યાયમાં રાગ-દ્વેષનો સંબંધ હોવાથી **'તે ભાવોમાં કર્મપુદ્‌ગલો નિમિત્ત હોવાથી...'** એ જૂના (કર્મો નિમિત્ત હોવાથી), અહીં તો એમ લીધું. **'તે ભાવોમાં કર્મપુદ્‌ગલો નિમિત્ત હોવાથી 'આ**

**આત્માને કર્મપુદ્ગલોનું બંધન છે; એમ વ્યવહારથી જરૂર કહી શકાય છે.'** વ્યવહારથી કહેવાય છે કે, આનું બંધન છે કે આ જડનું થાય છે. પરની સાથે સંબંધ તે વ્યવહાર છે. ખરેખર તો વિકારભાવનો જ બંધ અને સંબંધ છે. એના પ્રદેશમાં, એના ભાવમાં આ છે. એમ એને અહીં જણાવ્યું છે. કહો, સમજાણું આમાં ?

સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા સિવાય આવી વાત ક્યાંય હોઈ શકે નહિ. જૈન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ સિવાય આવી ચીજ ક્યાંય હોઈ (શકે નહિ). આત્મા ને એને ભાવબંધ ને નવા પરમાણુનો બંધ ને એમાં નિમિત્ત ને ભાવબંધ સાથે સંબંધ ને પેલો વ્યવહાર સંબંધ ને નિશ્ચયમાં સંબંધ નહિ ને... આ વાત સર્વજ્ઞ સિવાય, વીતરાગમાર્ગ સિવાય ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય હોઈ શકે નહિ. એવું એણે જ્ઞાન કરી અને આત્મા તરફની દૃષ્ટિ કરવા, સ્વભાવનું માહાત્મ્ય કરવા આ વાત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

૧૭૪ (ગાથા પૂરી) થઈ. આ વાત તો ટીકામાં કાલે આવી ગઈ હતી. (ભાવાર્થમાં) ખુલાસો – ચોખવટ કરી છે. ટીકામાં બહુ સરસ ખુલાસો કર્યો છે.

**'હવે ભાવબંધનું સ્વરૂપ જણાવે છે :–'** જુઓ ! ભાવબંધ છે ને ? આત્મામાં બંધન તો એને રાગ-દ્વેષ અને મિથ્યાત્વનું બંધન છે. રાગ કરે છે એનું એને બંધન છે. જડનો બંધ તો વ્યવહારે છે. એ ભાવબંધ એણે ઓળખવો જોઈએ કે નહિ ?

પ્રશ્ન :– .... તેનું શું કરવું ?

સમાધાન :– એની વાતું ક્યાં છે ? તું ભાવબંધ કરે છે, જુઓ ! આમાં ઈ લીધું. બીજાને લઈને થયું ઈ વાત જ અહીંયાં ક્યાં છે ? અહીં તો જ્ઞેય અધિકાર (છે) એટલે તારું જ્ઞેય, તારી પર્યાયમાં વિકાર કરીને અટકે એ ભાવબંધ તારા જ્ઞેયમાં તારે કારણે છે, પરદ્રવ્યને કારણે નથી. એમ તો અહીં સિદ્ધ કરવું છે. એને તો અહીં વ્યવહાર કીધો. આ કંઈ જાણપણું કરવું નહિ અને એમ ને એમ જિંદગી (પૂરી) થઈ જાય. કાંઈક થોડુ કર્યું (એમ) માની... થોડું વિચારી માનતા... અરે...! ક્યાંય શાંતિ દેખાતી નથી. અરે...! ક્યાં જાવું આમાં ? એમાં છ મહિના, બાર મહિના, બે વરસ જો શરીરની જીર્ણતા(ને લઈને) એક પથારીવશ રહેવું પડે... અને આખો દિ' પછી કેટલાક સંભાળનારા હોય ? કોઈક ક્યાંક ચાલ્યા જાય, કોઈક ક્યાંક ચાલ્યા ગયા હોય. બે-બે, ત્રણ-ત્રણ વરસ સુધી મંદવાડ ચાલે અને હળવે હળવે એમાં ભરાવો થાય, એકદમ શરીર પડે નહિ ઈ એને (વસમું પડે). અરે..રે...! ક્યાં છું ? પણ ક્યાં છે ? સાંભળને ! જો તો ખરા અંદર (આત્મા છે). પછી આમ નજરું કરે (અને

બોલે) 'અમે રળી રળીને મોટા કર્યા અને તમને કંઈ (પડી નથી).' એના ઉપર દ્વેષ કરે. ભાઈ ! પણ તારી મમતાને કારણે તને દુ;ખ છે. શરીરને કારણે નહિ, સેવા નથી કરતા એને કારણે નહિ. હે... શરીર અમારું ભાંગી ગયું, ૬૦ વરસ થયા રળી રળીને આપ્યું, છોકરાઓને સૌને વહેંચી દીધા અને હવે સૌ સૌનું કરે, મારી સામું કોઈ જોતું નથી. વખારમાં પડ્યા હોય એમ ખાટલે પડ્યા છીએ.

અમારે તો ઘણું જોવા મળ્યું હોય ને ? ૮૦-૮૦ વરસના ડોસા, છોકરાઓ મોટા ગામમાં વેપારી (હોય), સૌ જુદા, ડોસી-ડોસા જુદા. (પછી બોલે) 'મહારાજ ! આ છોકરાઓ (છે), મોટી દુકાન (છે) પણ અમને રોટલા પણ ખવડાવતા નથી.' એટલા પુણ્ય તમારા. જ્ઞાતીમાં હોશિયાર કહેવાય, પાંચસો-પાંચસો, હજાર-હજાર રોજના કમાય. પુણ્ય ઓછા હોય (તો) છોકરાઓને શું ભાવ થાય ? અમે ૮૦ વરસના થયા, ઘરના મોટા છોકરાઓ, ત્રણ-ત્રણ મોટી દુકાનો ચાલે .... અમે બે ડોસી-ડોસા જુદા ને અમારે રાંધવાનું... સમાધાન કરો કે, કોઈ કોઈનું નથી. કોઈ માટે તમે કર્યું નહોતું, તમારા રાગ માટે તમે કર્યું હતું. એને રાગ નથી માટે નથી કરતા. .....

નિરાલંબ આત્મા છું. અ..હો...! મારી ચીજમાં આનંદ (છે એમ) ભગવાન કહે છે પણ મને ભાસે છે. કેમકે આ દુઃખની અવસ્થા છે એ કૃત્રિમ છે, ક્ષણિક છે, ઉપાધિ છે અને એ અવસ્થાની પાછળ આખો આનંદ પડ્યો છે. એ આનંદ ઉપર નજર કર તો તને સમાધાન થઈ જશે. આ સેવા કરવા આવ્યા, ન આવ્યા, મેં આનું કર્યું હતું (એમ નહિ થાય). તેં રાગનું કર્યું હતું. મરતા સુધી રાગનું કર્યું હતું. બરાબર હશે ? ભાઈ ! ઈ માટે તો આ વાત કરીએ છીએ, સ્ત્રી-પુત્રનો દાખલો આપ્યો. કોઈ તારા નથી, મફતનો શેનો ડૂબ્યો ? તારા રાગને લઈને બધા કલ્પનાના ઘોડા, શેખચલ્લીની પેઠે દોડાવ્યા. એ જ્યારે મરવાના ટાણા આવે... આ..હા..હા...! અરે...! બાપુ ! આ ઉભું થાય નહિ, આ શરીર ઊંચું થાય નહિ.

એક ડોસી મરતી હતી (એને) ઇયળું પડી હતી. મરી ગયા પછી મોટો દાડો કર્યો. લાડવાનો દાડો કર્યો. માણસમાં વાતું તો ચાલે કે નહિ ? લાડવાનું જમણ ! મરી ત્યારે હેઠે ગોદડા, ગાદલા પણ નહિ. ગોદડા ને એમાં પેસાબ ને પાણી ને એમાં ઇયળું પડી. લાંબુ ચાલ્યું તો છોકરાઓ ક્યાં સુધી કરે ? એમ ને એમ (મરી ગઈ) પછી પાછળથી દાડો કરો બે લાખ ખર્ચીને એટલે પેલું ધોવાઈ જાય. ઈ બધા રાગના માર્યા (કરે છે). કારણ કે પછી

अथ भावबंधस्वरूपं ज्ञापयति -

**उवओगमओ जीवो मुज्झदि रज्जेदि वा पदुस्सेदि।**
**पप्पा विविधे विसये जो हि पुणो तेहिं सो बंधो।।१७५।।**
**उपयोगमयो जीवो मुह्यति रज्यति वा प्रद्वेष्टि।**
**प्राप्य विविधान् विषयान् यो हि पुनस्तैः स बंधः।।१७५।।**

अयमात्मा सर्व एव तावत्सविकल्पनिर्विकल्पपरिच्छेदात्मकत्वादुपयोगमयः। तत्र यो हि नाम नानाकारान् परिच्छेद्यानर्थानासाद्य मोहं वा रागं वा द्वेषं वा समुपैति स नाम तैःपरप्रत्ययैरपि मोहरागद्वेषैरुपपरक्तात्मस्वभावत्वान्नीलपीतरक्तोपाश्रयप्रत्ययनीलपीतरक्तत्वैरुपक्तस्वभावः स्फटिकमणिरिव स्वयमेक एव तद्भावद्वितीयत्वाद्वन्धो भवति।।१७५।।

---

છોકરા વરે, નહિ તો છોકરા વરે નહિ, ઈ કાંઈ ડોસી માટે કરતા નથી. રાગ ને દ્વેષને કારણે કરે અને માને કે આના માટે કરીએ અને આના માટે કરીએ. કહે છે કે, તને બંધન તારા રાગ-દ્વેષનું છે, જડનું નહિ. એ બાયડી-છોકરાનું પણ તને બંધન છે નહિ. એમ પહેલું ઓળખ તો ખરો. સંભળાય છે કે નહિ ?

૧૭૫ (ગાથા). **'હવે ભાવબંધનું સ્વરૂપ જણાવે છે :–'**

**उवओगमओ जीवो मुज्झदि रज्जेदि वा पदुस्सेदि।**
**पप्पा विविधे विसये जो हि पुणो तेहिं सो बंधो।।१७५।।**
**વિધવિધ વિષયો પામીને ઉપયોગ –આત્મક જીવ જે**
**પ્રદ્વેષ – રાગ –વિમોહભાવે પરિણમે, તે બંધ છે. ૧૭૫**

હે જીવ ! તારા રાગ-દ્વેષ અને અજ્ઞાનનું તને બંધન છે, ભાઈ ! એ જડનું બંધન કહેવું વ્યવહાર (છે). એ તને ખબર પડ્યા વિના તારી સ્વતંત્રતાને કોણ સંભાળશે ? સમજાય છે ? એ માટે ભાવબંધનું સ્વરૂપ કહે છે.

કહે છે, **'પ્રથમ તો આ આત્મા આખોય ઉપયોગમય છે,...'** દેખો ! ભગવાનઆત્મા તો જ્ઞાન, દર્શનનો પિંડ આત્મા છે. એના મૂળ સ્વભાવમાં તો રાગ-દ્વેષ અને અજ્ઞાન છે જ નહિ. બરાબર છે ? ભાવબંધનું સ્વરૂપ જણાવતા એમ કહે છે કે, પહેલો તો આ આત્મા

एवं शुद्धबुद्धैकस्वभावजीवकथनमुख्यत्वेन प्रथमागाथा, मूर्तिरहितजीवस्य मूर्तकर्मणा सह कथं बंधो भवतीति पूर्वपक्षरूपेण द्वितीया, तत्परिहाररूपेण तृतीया चेति गाथात्रयेण प्रथमस्थलं गतम्। अथ रागद्वेषमोहलक्षणं भावंबधस्वरूपमाख्याति - **उवओगमओ जीवो** उपयोगमयो जीवः, अयं जीवो निश्चयनयेन विशुद्धज्ञानदर्शनोपयोगमयस्तावत्तथाभूतोऽप्यनादिबंधवशात्सोपाधिस्फटिकवत् परोपाधिभावेन परिणतः सन्। किं करोति। **मुज्झदि रज्जेदि वा पदुस्सेदि** मुह्यति रज्यति वा प्रद्वेष्टि द्वेषं करोति। किं कृत्वा पूर्वं। **पप्पा** प्राप्य। कान्। विविधे विसये निर्विषयपरमात्मस्वरूपभावनाविपक्षभूतान्विविधपञ्चेन्द्रियविषयान्। जो हि पुणो यः पुनरित्थंभूतोऽस्ति जीवो हि स्फुटं, तेहिं संबंधो तैः संबंद्धो भवति, तैः पूर्वोक्तरागद्वेषमोहैः कर्तृभूतैर्मोहरागद्वेषरहितजीवस्य शुद्धपरिणामलक्षणं परमधर्ममलभमानः सन् स जीवो बद्धो भवतीति। अत्र योऽसौ रागद्वेषमोहपरिणामः स एव भावबंध इत्यर्थः।।१७५।।

---

કોણ છે ? શું છે ? તને ખબર છે કે, તું કોણ છો ? ભગવાન જાણે, આમાં કાંઈક છે. આ હાલે-ચાલે ઈ આત્મા. હાલે-ચાલે કોણ ? ઈ તો જડ હાલે-ચાલે (છે). બોલે ઈ આત્મા. વાણી બોલે એ તો જડ બોલે છે. તું બોલે છે ? તું તો અંદર ધ્રુવ આત્મા છો. આત્મા એટલે આખો ઉપયોગમય.

**'કારણ કે તે સવિકલ્પ અને નિર્વિકલ્પ પ્રતિભાસસ્વરૂપ છે (અર્થાત્ જ્ઞાન અને દર્શનસ્વરૂપ છે).'** જુઓ ! આત્માની વ્યાખ્યા કરી. આત્મા એટલે કર્મ નહિ, શરીર નહિ, બાયડી નહિ, છોકરા નહિ, કુટુંબ નહિ. આ રાગ-દ્વેષના ભાવ ઈ ભાવબંધ આત્મા છે નહિ. આત્મા હોય તો એમાંથી છૂટા પડે નહિ. રાગ અને દ્વેષ એ આત્મા નથી. એની ઊંધી દશા તે આત્મા નહિ. **'આત્મા આખોય ઉપયોગમય છે.'** જુઓ ! ભાષા કેવી લીધી છે ! **'अयमात्मा सर्व एव तावत'** એમ છે ને ? **तावत** ! પ્રથમ. મુખ્ય રકમ તો ઈ છે કે, વાણિયા મુખ્ય રકમ કહે કે નહિ ? મૂળ રકમ લાવ ને, વ્યાજ તો ખાધા, તુ રૂપિયા લાવ. પાંચ લાખ કે દિ'ના આપ્યા હતા. વીસ વરસથી (આપ્યા હતા). હવે રૂપિયા લાવ, મૂળ રકમ લાવ. એમ અહીં ભગવાન કહે છે કે, મૂળ રકમ તું કોણ છો ? અંદરમાં તું છો કોણ મૂળ રકમ ? કે, જાણવા-દેખવાના સ્વભાવની ચીજ તે તું આત્મા છો. કહો, સમજાણું ? એ રાગ-દ્વેષ આત્માનું સ્વરૂપ નથી. બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા. મરે ત્યારે ત્યાં હોય પણ ખરા અને ન પણ હોય. ......

હવે ભાવબંધનું સ્વરૂપ જણાવે છે :–

**વિધવિધ વિષયો પામીને ઉપયોગ –આત્મક જીવ જે**
**પ્રદેષ –રાગ –વિમોહભાવે પરિણમે, તે બંધ છે. ૧૭૫**

અન્વયાર્થ :– (यः हि पुनः) જે (उपयोगमयः जीवः) ઉપયોગમય જીવ (विविधान् विषयान्) વિવિધ વિષયો (प्राप्य) પામીને (मुह्यति) મોહ કરે છે, (रज्यति) રાગ કરે છે (वा) અથવા (प्रद्वेष्टि) દ્વેષ કરે છે, (सः) તે જીવ (तैः) તેમના વડે (–મોહરાગ વડે) (बंधः) બંધરૂપ છે.

ટીકા :– પ્રથમ તો આ આત્મા આખોય ઉપયોગમય છે, કારણ કે તે સવિકલ્પ અને નિર્વિકલ્પ પ્રતિભાસસ્વરૂપ છે (અર્થાત્ જ્ઞાન અને દર્શનસ્વરૂપ છે). તેમાં જે આત્મા વિવિધાકાર પ્રતિભાસ્ય (વિવિધ આકારવાળા પ્રતિભાસવાયોગ્ય) પદાર્થોને પામીને મોહ, રાગ અથવા દ્વેષ કરે છે, તે આત્મા – કાળો, પીળો, અને રાતો [૧] આશ્રય જેમનુ નિમિત્ત છે આવા કાળાપણા, પીળાપણા અને રાતાપણા વડે ઉપરક્ત સ્વભાવવાળા સ્ફટિકમણિની માફક – પર જેમનું નિમિત્ત છે એવા મોહ, રાગ અને દ્વેષ વડે [૨] ઉપરોક્ત આત્મસ્વભાવવાળો હોવાથી, પોતે એકલો જ બંધ (–બંધરૂપ) છે, કારણ કે મોહરાગદ્વેષાદિભાવ તેનું [૩] દ્વિતીય છે. ૧૭૫.

---

(છોકરાઓ) જોડે હોય તોપણ એકબીજાને કાંઈ સંબંધ નથી એમ કહે છે. સંબંધ શેનો પણ ? એ જ્ઞાનમાં જણાય એવો જ્ઞેયાકારની પર્યાયમાં નિમિત્તને એટલો સંબંધ. પણ પોતાને સંબંધ તો તે સંબંધીનું અજ્ઞાન થયું એનો. એનો આ રાગ કરે કે આ મારો ને આ મારો ને આ તારો. એને ભાવસંબંધ છે. એ આત્માનું સ્વરૂપ છે નહિ. આહા..હા...! જુઓને ! ભાષા કેવી કરી ! **'सर्व एव'** !

આહા..હા...! અહીં તો આખોય આત્મા. આખો એટલે ? વસ્તુ તરીકે અંદર આત્મા જેને કહીએ એ તો જ્ઞાન અને દર્શનનો પિંડ છે. આ પુણ્ય-પાપ ને કામ, ક્રોધ ને વિકાર થાય એ તો કૃત્રિમ ભાવબંધ ને આસ્રવ છે. શરીર ને કર્મ એ તો પર ચીજ છે. તારું સ્વરૂપ ચૈતન્ય, જ્ઞાન ને દર્શનનો કંદ સૂર્ય છે. આહા..હા...! એવી આત્માની દૃષ્ટિ કર્યા વિના એના કોઈ દિ' શાંતિ વળે નહિ. જાણનાર-દેખનાર છે, એમ કહે છે.

(વિશેષ કહેશે....)

## કારતક વદ ૧૨, મંગળવાર તા. ૧૨-૧૧-૧૯૬૩
## ગાથા – ૧૭૫, ૧૭૬
## પ્રવચન નંબર–૧૮૩-C

'પ્રવચનસાર' 'જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકાર' ૧૭૫ ગાથા. શું અધિકાર છે આ ? ભાવબંધ ! આત્મા વસ્તુ છે, આત્મા એના ભાન વિના (જીવ સંસારમાં રખડે છે). શુદ્ધ ઉપયોગમય આત્મા છે, એકલો જાણનાર-દેખનાર (એવો) **'પ્રથમ તો આ આત્મા આખોય ઉપયોગમય છે.'** આત્મા એને કહીએ કે, જાણવા અને દેખવાના ઉપયોગ સ્વરૂપ તે આત્મા. આખો આત્મા એવો છે. સમજાણું ?

**'કારણ કે તે સવિકલ્પ અને નિર્વિકલ્પ પ્રતિભાસસ્વરૂપ છે...'** આત્મા વસ્તુ – પદાર્થ છે એમાં સવિકલ્પ એટલે જ્ઞાન (સ્વરૂપ છે અને) નિર્વિકલ્પ એટલે દર્શન એ **'પ્રતિભાસસ્વરૂપ...'** (છે). એમાં બધું સામાન્ય-વિશેષ જણાય એવો એનો સ્વભાવ છે. કહો, સમજાય છે આમાં ?

આત્મા તો સવિકલ્પ અને નિર્વિકલ્પ ઉપયોગ (સ્વરૂપ છે). ઉપયોગ એટલે જાણવું અને દેખવું. દેખવું એ દર્શન – નિર્વિકલ્પ. નિર્વિકલ્પ એટલે જેમાં ભેદ વિના દેખે. કોઈપણ ચીજને – પોતે અને પરને, જુદુ પાડ્યા વિનાનો જે વેપાર તેને દર્શનઉપયોગ – નિર્વિકલ્પ ઉપયોગ કહે છે. નિર્વિકલ્પ કહો કે અભેદ ઉપયોગ કહો (બન્ને એકાર્થ છે).

જ્ઞાન એટલે સવિકલ્પ. આ આત્મા છે, આ પર્યાય છે, આ પર છે એમ ભેદ પાડીને જે જાણવાનો સ્વભાવ (છે) એને સવિકલ્પ જ્ઞાનભાવ કહે છે. એ આત્મા તો એકલો દર્શન અને જ્ઞાન ઉપયોગમય આત્મા આખો એ છે. છતાં એને બંધન કેમ થાય છે ? એ વાત કરે છે.

મુમુક્ષુ :– સવિકલ્પ એટલે રાગવાળો અને નિર્વિકલ્પ એટલે રાગ વિનાનો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ અહીં નહિ, એ વાત અહીં છે નહિ. સવિકલ્પનો અર્થ કર્યો

ને ? શું કર્યો ખબર છે ? હમણા સવિકલ્પનો અર્થ કર્યો. સવિકલ્પ એટલે પૃથક્ પૃથક્ વસ્તુને જાણે એવા જ્ઞાનને સવિકલ્પ કહેવામાં આવે છે. કારણ કે સ્વ અને પરના ભેદજ્ઞાનસ્વરૂપ જે જાણવાનો વેપાર એને સવિકલ્પજ્ઞાન કહે છે. સવિકલ્પ એટલે રાગ નહિ. ભાઈ ! આ તમને પૂછ્યું હોત તો ન આવડત, લ્યો !

મુમુક્ષુ :– અહીં આવ્યા છીએ તો આપ શીખવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શીખવે કોણ ? જાતે શીખે કે કો'ક શીખવાડે ? કહો, સમજાણું ?

અહીં શું કહે છે ? કે, વસ્તુ જે આત્મા છે ને ? આત્મા ! એ આત્મા એટલે શું ? કે, જાણવા અને દેખવાનો સ્વભાવ તે આત્મા. પ્રતિભાસસ્વરૂપ – પ્રતિભાસ એટલે જેમાં સામાન્ય અને વિશેષ બધું જણાય અને દેખાય એવો આત્મા, એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું આમાં ?

હવે, એને આ ભાવબંધ કેમ થાય છે ? આત્મા આખું તત્ત્વ જાણન-દેખન સ્વરૂપ છે એમ જેની દૃષ્ટિ થાય એને તો શુદ્ધ પરિણામરૂપ ધર્મની પ્રાપ્તિ થાય. શું કીધું સમજાણું આમાં ? ફરીને કહીએ ! આત્મા જાણવું અને દેખવું એટલે સવિકલ્પ અને નિર્વિકલ્પ એટલે કે સ્વ-પરને જાણવાના વિશેષ પ્રકારવાળું તેને જ્ઞાન કહીએ અને સ્વ-પરના ભેદ વિનાનો દર્શન– નિરાકાર નિર્વિકલ્પ વેપારને અહીંયાં દર્શન ઉપયોગ કહેવાય (છે). એ દર્શનવેપાર અને જ્ઞાનવેપાર (બન્ને મળીને) આખો આત્મા છે. એવા આત્માને અવલંબીને જેને શુદ્ધ પરિણામરૂપ ધર્મની પ્રાપ્તિ થાય એને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

શુદ્ધ સ્વરૂપ દર્શન-જ્ઞાન ઉપયોગ(મય) આખો આત્મા – વસ્તુ. વસ્તુ (એટલે) પદાર્થ. એની ઉપર લક્ષ, દૃષ્ટિ કરીને એ જ દર્શન અને જ્ઞાનવેપારમય જે આખો આત્મા, તેનું અંતર અવલંબન કરીને જે શુદ્ધ પરિણામરૂપ ધર્મની પ્રાપ્તિ થાય એ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ (થાય તે) શુદ્ધ પરિણામની પર્યાય છે. પણ એ શુદ્ધ પરિણામ (પ્રગટ થયા) એ નિર્વિકલ્પ (છે). એટલે પુણ્ય-પાપના રાગ વિનાના ત્રિકાળ દર્શન-જ્ઞાન ઉપયોગમય આત્મા, એના લક્ષે થયેલા શુદ્ધ પુણ્ય-પાપના પરિણામ વિનાના, શુદ્ધ પરિણામરૂપ ધર્મ એ એનું ધર્મસ્વરૂપ (છે) એટલે મોક્ષના માર્ગનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ ?

ધર્મ એટલે કેમ થાય ? એમ પણ બતાવ્યું અને પછી ભાવબંધની સાથે ધર્મની વાત કરી. એમાં નથી કરી પણ એના અર્થમાં – 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે, ભાઈ ! શુદ્ધ પરિણામલક્ષણ ધર્મની પ્રાપ્તિ વિનાનો જીવ ભાવબંધ છે. એનું લક્ષણ એમાંથી બાંધે છે ને ?

પાછું કીધું છે શું ? સમજાય છે ? **'शुद्धपरिणामलक्षणं परमधर्ममलभमानः' 'शुद्धपरिणामलक्षणं परमधर्ममलभमानः सन् स जीवो बद्धो'** તે જીવને બંધ થાય.

ફરીને, આત્મામાં શરીર પણ નથી, કર્મ પણ નથી, પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે ઈ વસ્તુમાં નથી. આત્મા એટલે એકલો જાણવા-દેખવાના સ્વભાવવાળું તત્ત્વ (છે). ઉપયોગ – જાણવું-દેખવું, સાકાર-નિરાકાર એટલે સવિકલ્પ-નિર્વિકલ્પ. ચીજને ભેદથી જાણે કે ચીજને અભેદથી દેખે. સ્વ-પર બન્ને, ભેદ-અભેદ. એવો ઉપયોગમય, તેને અહીંયાં આત્મા કહે છે. એ આત્મા, પોતાના શુદ્ધ દર્શન-જ્ઞાનમય આત્માનો આશ્રય કરીને જે કંઈ પરિણામ પ્રગટ થાય એ શુદ્ધ પરિણામરૂપી પરમધર્મ જેનું લક્ષણ (છે), એ શુદ્ધ પરિણામ કહો કે મોક્ષનો માર્ગ – સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહો (બન્ને એકાર્થ છે).

ભગવાનઆત્મા દેહાદિની ક્રિયા, જડની ક્રિયા, વાણીની ક્રિયા જડની, કર્મ જડ, આ હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ વાસના, એ પાપ (પરિણામ). દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો, પૂજાનો વિકલ્પ ઊઠે એ પુણ્ય (પરિણામ). એ આત્માનો સ્વભાવ નથી. એ આત્માની મૂળ ચીજમાં નથી. સમજાણું કાંઈ ? એના આત્માના પેટમાં તો દર્શન અને જ્ઞાન ભર્યાં છે.

કહો, પેટ્રોલના કૂવા નથી નીકળતા ? પછી એમાંથી પેટ્રોલ નીકળે ને ? એમ આત્મા જાણવા અને દેખવાનો મોટો કૂવો છે ! શું હશે આ ? કહે છે કે, આ શરીર હું, વાણી હું, મન હું, આ હું કાં દયા, દાનના પરિણામ થાય એ આત્મા, હિંસા, જૂઠના ભાવ થાય એ આત્મા કાં અલ્પજ્ઞ અને એક સમયની પર્યાય તે આત્મા. (એ) અનાત્મબુદ્ધિ અને વ્યવહારબુદ્ધિ છે.

વસ્તુ ભગવાનઆત્મા – વસ્તુ આત્મા એને કહીએ કે, અરૂપી અસ્તિપણું (છે) એની મર્યાદામાં સાકાર અને નિરાકાર એટલે સવિકલ્પ અને નિર્વિકલ્પ, દર્શન અને જ્ઞાન ઉપયોગને આત્મા કહીએ કે જે આત્મા પોતાના એવા શુદ્ધ દર્શન, જ્ઞાનના સ્વભાવનો મોટો દરિયો ! અંતર્મુખ દૃષ્ટિ કરીને જે શુદ્ધ પરિણામ પ્રગટ થાય એને ધર્મ કહે છે, એને અબંધ પરિણામ કહે છે. અહીં બંધ લેવો છે ને ? (એટલે અહીંયાં) અબંધ પરિણામ કહે છે. અબંધ પરિણામ કહો કે ધર્મ પરિણામ કહો કે મોક્ષમાર્ગના પરિણામ કહો કે શુદ્ધ પરિણામરૂપી પરમ ધર્મ જેનું લક્ષણ કહો.

પ્રશ્ન :– અહીં ઉપયોગના વ્યાપારની વાત છે ?

સમાધાન :– વેપારની વાત નથી. અહીં તો આખો આત્મા દર્શન-જ્ઞાનમય છે એમ

કહેવું છે ને ? પરિણતિમાં કે વેપારનો ઉપયોગ એ જુદી વાત છે. આ તો વસ્તુ પોતે આત્મા આખો દર્શન-જ્ઞાનમય છે. આખો દર્શન, જ્ઞાનનો પિંડ ! એની પર્યાયનો લબ્ધ-ઉઘાડ બન્ને એકસાથે હોય. છદ્મસ્થને ઉપયોગનો વેપાર એક પછી એક (થાય) ઈ (વાત) અત્યારે નથી. સમજાણું કાંઈ ?

**'પ્રથમ તો આ આત્મા...'** જે આ નવ તત્ત્વ છે, સાત તત્ત્વ અને નવ પદાર્થ (છે) એમાં આત્મા કોને કહેવો એની આ વ્યાખ્યા (ચાલે) છે. આત્મા શરીર નહિ, વાણી નહિ, મન નહિ, કર્મ નહિ, રાગ નહિ, પુણ્ય-પાપ ભાવ છે એ આત્મા નહિ. એ તો જાણન-દેખન (સ્વભાવનો) પિંડ, ચૈતન્ય ગોળો, જાણન-દેખનનો ગોળો છે ઈ આત્મા છે. કહો સમજાણું આમાં ? એ આખો ઉપયોગમય છે.

**'કારણ કે તે સવિકલ્પ અને નિર્વિકલ્પ પ્રતિભાસસ્વરૂપ છે (અર્થાત્ જ્ઞાન અને દર્શનસ્વરૂપ છે).'** સવિકલ્પ એટલે સ્વ-પરને જાણવાના ભાસસ્વરૂપ અને સ્વ-પરને એકસાથે દેખવાના સ્વરૂપ(મય) આત્મા છે. ઓ..હો..હો...! અત્યારે જગતને આ મૂળ ચીજની ખબર નહિ લોકો કંઈના કંઈ રવાડે ચડી ગયા ! જ્યાં શોધવું છે એ શું ચીજ છે ? જેને શોધવી છે, ગોતવી છે એ છે શું ? જ્ઞાન અને દર્શનનો પિંડ ઉપયોગ છે.

**'તેમાં જે આત્મા...'** પોતાના ઉપયોગમાં ત્રિકાળ જ્ઞાન-દર્શન સ્વરૂપનું અવલંબનને છોડી અને બાહ્ય પદાર્થનું જ્ઞાન અને દર્શન કરતાં આત્મા **'વિવિધાકાર પ્રતિભાસ્ય (વિવિધ આકારવાળા પ્રતિભાસવાયોગ્ય) પદાર્થો...'** આ (આત્મ) પદાર્થ પડ્યો રહ્યો. જાણવા-દેખવાનો જે સ્વભાવ (છે એ સ્વરૂપ જે) આત્મા, એને જાણવું-દેખવું (થાય), એના પરિણામ થાય એ તો ધર્મરૂપ – અબંધપરિણામરૂપ પર્યાય થઈ. એ તો અબંધ પરિણામ થયા. હવે બંધ સિદ્ધ કરવો છે ને ? ભાવબંધ સિદ્ધ કરવો છે. ભાવબંધ કહો કે અધર્મ પરિણામ કહો. સમજાય છે ?

ત્રિકાળ દર્શન-જ્ઞાનનો પિંડ પ્રભુ ! જ્યાં અટક્યો છે એવું બીજુ રૂપ એની વ્યાખ્યા ચાલે છે. જાણન-દેખન ભગવાન ! એ ઉપયોગવાળો આત્મા આવો હોવા છતાં, **'તેમાં જે આત્મા વિવિધાકાર પ્રતિભાસ્ય...'** જગતના ભિન્ન ભિન્ન આકારવાળા, ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા પદાર્થ પ્રતિભાસવા યોગ્ય છે. એ પ્રતિભાસવાયોગ્ય છે અને આ પ્રતિભાસ્યમાન છે, પ્રતિભાસ સ્વરૂપ છે. શું કીધું ?

આત્મા જાણવા અને દેખવાના પ્રતિભાસ સ્વરૂપ છે અને પ્રતિભાસ્યમાન પરપદાર્થ છે.

સર્વ શરીર, વાણી, મન, કર્મ, દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર વગેરે બધું. એ વિવિધ સ્વરૂપવાળા, વિવિધ આકારવાળા પ્રતિભાસવાયોગ્ય (એટલે કે) અહીંયાં જણાવાયોગ્ય છે (અને) આ (આત્મા) જાણનાર છે. આ પ્રમાણ છે, એ પ્રમેય છે. આ જ્ઞાન છે, એ જ્ઞેય છે. સમજાણું કાંઈ ? આ ધર્મની વાત ભારે, ભાઈ ! અપવાસ કરી નાખ, ઉપધાન કરી નાખ, ભક્તિ કરી નાખ, પાંચ લાખ ખર્ચીને જાત્રા કાઢ... એમાં કાંઈ સમજવું (–સમજવાનું) છે ? એમાં કાંઈ જરીયે ધર્મ છે ? ત્યાં ધૂળમાંય ધર્મ નથી. તારા પાંચ લાખ શું પચાસ લાખ ખર્ચ ને ! રાગની મંદતા હોય તો પુણ્યનો ભાવ બંધાય પણ (જે) બંધાય એ અબંધ પરિણામ નહિ, એ ધર્મમાર્ગ અને મોક્ષમાર્ગ નહિ. સમજાણું ?

**'(વિવિધ આકારવાળા પ્રતિભાસવાયોગ્ય) પદાર્થોને પામીને...'** એમ કહ્યું, જુઓ ! જાણન-દેખન ઉપયોગસ્વરૂપને પામે ત્યાં તો અંદર શુદ્ધ પરિણામનો ધર્મ થાય. આ જાણન-દેખન ભગવાન, એ પ્રતિભાસવાયોગ્ય સામા પદાર્થને પામીને **'મોહ, રાગ અથવા દ્વેષ કરે છે,...'** આ મારો, આ ઇષ્ટ અને અનિષ્ટ એવો મોહ, રાગ-દ્વેષ કરે છે તે બંધ પરિણામ છે, તે બંધ ભાવ છે, એ ભાવબંધ છે, એ અધર્મ ભાવ છે. સમજાણું કાંઈ ?

અબંધ પરિણામ, અબંધ સ્વભાવ – જાણવા-દેખવાના ઉપયોગવાળું તત્ત્વ, એ ઉપયોગરૂપ તત્ત્વને પામે તો પર્યાયમાં શુદ્ધ ધર્મના પરિણામ પ્રગટ થાય. એ તો અબંધ પરિણામ છે. એ તો અબંધ પરિણામ છે એટલે મોક્ષમાર્ગના પરિણામ છે એટલે કે ધર્મના પરિણામ છે. એમ જાણન-દેખન ઉપયોગ ભગવાન, એ પરપદાર્થને પામીને એટલે દેખીને આ મારો, આ મને ઠીક, આ મને અઠીક એવા મોહ અને રાગ-દ્વેષના પરિણામ કરે છે, તે અબંધ સ્વભાવી ભગવાનઆત્માના અબંધ પરિણામ થવા જોઈએ, એનાથી ઉલ્ટા તે બંધ પરિણામ છે. તેને અહીંયાં ભાવબંધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

એ **'પદાર્થોને પામીને મોહ, રાગ અથવા દ્વેષ કરે છે,...' 'પદાર્થોને પામીને...'** (એમ કહ્યું છે). જાણે એમ નહિ આ તો પામીને આ મારા (એમ કરીને) ભાગલા પાડે છે. આ ઠીક અને આ અઠીક. આત્મા જાણન-દેખન (સ્વરૂપ છે) એમાં બધા પદાર્થો એકલા જ્ઞેયરૂપ છે. જ્ઞેયરૂપ છે, પ્રમેયરૂપ છે, પ્રતિભાસવા (યોગ્ય છે) પણ જ્ઞેયરૂપ ન જાણતાં, એને જ્ઞાનરૂપમાં જ્ઞેયરૂપે ન જાણતાં, જાણનાર જ્ઞેયને પામીને મોહ અને રાગ-દ્વેષને કરે છે એ પરિણામને અધર્મ પરિણામ, બંધ પરિણામ અથવા ભાવબંધ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ ?

**'તે આત્મા – કાળો, પીળો અને રાતો આશ્રય જેમનું નિમિત્ત છે...'** (હવે) દૃષ્ટાંત

આપે છે. કાળો, પીળો અને રાતો (હોય) એવું વાસણ કે પાંદડાં હોય, પાંદડાં ! પત્ર ! એમાં સ્ફટિક મૂક્યું હોય, સ્ફટિક ! **'કાળો, પીળો અને રાતો આશ્રય...'** (એટલે કે) જેમાં સ્ફટિકમણિ મૂકેલો હોય તે વસ્તુ. એ નિમિત્ત છે. **'એવા કાળાપણા, પીળાપણા અને રાતાપણા વડે ઉપરક્ત...'** કોણ ? સ્ફટિક. કાળા, પીળા અને રાતાપણા વડે મલિન **'સ્વભાવવાળા સ્ફટિકમણિની માફક...'** સ્ફટિક તો સ્વચ્છ સ્વભાવનું સ્વરૂપ છે, સ્ફટિક તો સ્વચ્છ સ્વભાવ સ્વરૂપ છે. કાળા, રાતા, પીળા પાંદડાં કે વાસણમાં મૂકવાથી એમાં જે કાળી, પીળી, રાતી ઝાંય પડે છે એ સ્ફટિકની મલિનતા છે. એ સ્ફટિકની મલિનતા છે. સમજાણું કાંઈ ?

સ્ફટિક સ્વચ્છ છે પણ અહીં કાળા, પીળા, રાતા (પદાર્થને કારણે), આ હોય કે નહિ ? સ્ફટિકમાં અંદર ધોળી, પીળી, રાતી (ઝાંય) પડે છે એ એની મલિનતાનો અંશ છે. સમજાય છે કાંઈ ? ઉપરક્ત ! **'રાતાપણા વડે ઉપરક્ત...'** એટલે મલિન **'સ્વભાવવાળા સ્ફટિકમણિની માફક...'** મેલા સ્વભાવવાળા સ્ફટિકમણિની માફક. સ્ફટિકમણિનો સ્વચ્છ નિર્મળ સ્વભાવ (છે) પણ કાળા, રાતા, પીળા વાસણમાં મૂકો તો કાળી, રાતીની મલિન પર્યાય દેખાય. એ સ્ફટિકનું બીજુ રૂપ છે. સ્વચ્છતા એનું મૂળ રૂપ છે અને કાળુ, રાતુ, પીળુ એનું દ્વિતીય – બીજુ રૂપ છે. મલિન એનું બીજુ રૂપ છે.

એની માફક **'પર જેમનું નિમિત્ત છે એવા મોહ, રાગ અને દ્વેષ વડે...'** જુઓ ! પેલામાં પાંદડાં કે વાસણ નિમિત્ત કીધું હતું. શેમાં ? સ્ફટિકમાં. પાંદડાં સમજતે હૈં ? પત્ર, પત્ર ! તમાલપત્ર ને એ આવે છે ને ? એમાં મૂકે તો એવી ઝાંય દેખાય. એમ આત્મા સ્ફટિક જેવો ચૈતન્ય – જ્ઞાન, દર્શન ઉપયોગવાળો છે એને પરપદાર્થનું નિમિત્ત (છે). પરપદાર્થમાં મોહ અને રાગ-દ્વેષ કરે છે. કેવા છે મોહ અને રાગ-દ્વેષ ? કે **'પર જેમનું નિમિત્ત છે એવા મોહ, રાગ અને દ્વેષ વડે...'** દેખો ! પર નિમિત્ત છે. એવા મલિન **'આત્મસ્વભાવવાળો હોવાથી,...'** લ્યો, **'ઉપરક્ત'** શબ્દ પડ્યો છે ને ? એ ઉપરક્ત એટલે વિકારી, મલિન. આ બધી ભાષા એવી ને, નવા માણસને તો ગ્રીક લેટિન જેવું લાગે ! અરે...! અમે તો વીતરાગમાર્ગ – ધર્મ સાંભળવા આવ્યા છીએ. આમાં તો કાંઈ સામાયકિ ને પોસા ને પડિકમણા ને દયા પાળવાની વાત જ આવતી નથી. પણ ક્યાં તું સાંભળ તો ખરો! તારામાં શું છે અને તું શું કરી શકે છો ?

તારામાં તો જાણન-દેખન ઉપયોગ સ્વભાવ સ્વરૂપ છે. ભગવાન ચૈતન્યમૂર્તિ સ્ફટિક જેવો (છે). એ સ્ફટિક જે પાત્રમાં મૂક્યું હોય એવી ઝાંય એમાં દેખાય એ એનું બીજુ રૂપ

મલિનતા છે. એમ ભગવાનઆત્મા, કર્મ જેનું નિમિત્ત, પરવસ્તુને પામીને મોહ અને રાગ-દ્વેષ કરે એ એને નુકસાન છે. એ મલિન આત્મસ્વભાવવાળો હોવાથી, એ મલિન પર્યાય આત્મામાં થઈ. જુઓ ! એને મલિનઆત્મસ્વભાવ કહ્યો ! શું કહ્યું ? પેલામાં (–દૃષ્ટાંતમાં) કહ્યું હતું ને ? ઉપરક્ત સ્વભાવવાળો સ્ફટિક. તે પણ મલિન સ્વભાવવાળો સ્ફટિક.

પ્રશ્ન :– સ્ફટિકનો સ્વભાવ મલિન ?

સમાધાન :– હા, એનો સ્વભાવ... આ..હા..હા...!

મુમુક્ષુ :– એને સ્વભાવ ન કહેવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધું કહેવાય, સાંભળને ! આમ ત્રિકાળી સ્વભાવને ચૂક્યો તો પર્યાયધર્મનો સ્વભાવ કીધો. ....

પોતાની પર્યાયમાં, સ્ફટિકને જેમ મલિન પર્યાયવાળો કહ્યો, એ મલિન પર્યાય સ્વભાવવાળો થયો, એમ મોહ અને રાગ-દ્વેષ વડે મલિન આત્મસ્વભાવ હોવાથી, **'પોતે એકલો જ બંધ (–બંધરૂપ) છે,...'** જુઓ ! ખૂબી જુઓ ! રાગ-દ્વેષ-મોહનું નિમિત્ત છે ને એ તો નિમિત્ત કીધું. એ તો એકલો જ બંધરૂપ છે. એટલે ? કે, જાણન-દેખન ભગવાન સ્વરૂપ પ્રભુ ! એને ભૂલીને પરપદાર્થનું લક્ષ કરીને મોહ, રાગ, દ્વેષને ઉત્પન્ન કરે કે જેમાં કર્મનું નિમિત્ત છે. એવો આત્મા મલિન સ્વભાવવાળો **'ઉપરક્ત સ્વભાવવાળો...'** થવાથી તે તેનું બીજુ રૂપ છે. એક સ્વભાવ સ્વરૂપ છે અને બીજું બંધ (સ્વરૂપ છે). એવો **'પોતે એકલો જ...'** થાય છે.

મુમુક્ષુ :– નિમિત્ત છે ત્યાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્ત ભલે હો પણ નિમિત્તથી – બેથી થયું નથી. નિમિત્તનો અર્થ બેથી થાય તો નિમિત્ત ન રહ્યું. થયું છે આનાથી, નિમિત્ત ત્યાં છે, એમ. એકલો જ ભાવબંધરૂપ છે. નિમિત્તને ભેળવીને ભાવબંધરૂપ થયો છે એમ નથી. ભેળવે તો બે એક થઈ જાય. નિમિત્ત નિમિત્તપણે રહ્યું. નોકર્મ નોકર્મપણે રહ્યા. નોકર્મ એટલે જે કોઈ પરપદાર્થ જ્ઞાન-દર્શનમાં દેખાય એ ત્યાં રહ્યા. દ્રવ્યકર્મ અંદર જડમાં (રહ્યા), એ દ્રવ્યકર્મનું નિમિત્ત (થયું). એમાં આ જાણવા-દેખવાના ઉપયોગવાળો આત્મા પરપદાર્થને – નોકર્મને પામીને મોહ અને રાગ-દ્વેષ કરે એમાં પેલું કર્મ નિમિત્ત (છે). એવા જે મોહ, રાગ-દ્વેષના પરિણામ (થયા તેમાં) એકલો ભાવબંધસ્વરૂપ (પોતે થાય છે). તેને મલિન આત્મસ્વભાવવાળો ભાવબંધ કહેવામાં આવે છે. ભાઈ ! બરાબર છે ?

મુમુક્ષુ :– નિમિત્ત બહાર પડ્યું રહ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બહાર પડ્યું રહ્યું. એને શું પણ (લેવાદેવા) ?

અરે...! આત્મા એની વાત જાણે અને નક્કી તો કરે. અરે...! આ શું થઈ રહ્યું છે ? મારામાં અધર્મ કેમ થાય છે ? અને ધર્મ કેમ થાય ? બન્ને વાત છે. આહા..હા...! અરે...! ભાઈ ! તારા જ્ઞાનની અંદર સમજણની આવી કિંમત ન થાય ત્યાં સુધી તું શું કરીશ ? અને ક્યાં જઈશ ? ક્યાં ઠરીશ ? સમજાણું કાંઈ ?

કહે છે કે, એ ચૈતન્યપ્રભુ આખોય, પાઠમાં **'सर्व'** એમ શબ્દ પડ્યો છે ને ? **'सर्व एव'** એમ લીધું છે. એટલે આખો એમ કીધું. **'अयमात्मा सर्व एव'** આખોય. એ આવી ગયું. (આવી) ગયું ને ? આખોય ઉપયોગમય છે. એમાં જુઓ તો અનાદિઅનંત જાણવું-દેખવું સ્વભાવમય આત્મા વસ્તુ છે. અનાદિઅનંત શુદ્ધ જ્ઞાન-દર્શનમય (વસ્તુ છે). દ્રવ્ય ત્રિકાળ, હોં ! એવા ઉપયોગમય આત્માને, પોતાના ઉપયોગમય સ્વરૂપ તરફ ન વાળતા એ ઉપયોગની પર્યાયમાં જે પરપદાર્થ જણાય એને પામીને, આનું અસ્તિત્વ મારે લઈને અને મારું અસ્તિત્વ એને લઈને, એમ જે મોહભાવ કરે, આ મને ઠીક અને આ મને અઠીક, એવા એક પ્રકારના જ્ઞેયના બે ભાગલા રાગ-દ્વેષને લઈને કરે. સમજાણું કાંઈ ?

નિરોગ શરીર હોય તો મને ઠીક, સરોગ શરીર એ ઠીક નહિ. એમ એ ઠીક હોય તો મને ઠીક પડે, એ મિથ્યાત્વ (ભાવ છે). એમ આ નિરોગશરીર ઠીક, એ રાગ (થયો) અને સરોગશરીર ઠીક નહિ, એ દ્વેષ (થયો). સમજાણું કાંઈ ?

**'પર જેમનું નિમિત્ત છે એવા મોહ, રાગ અને દ્વેષ વડે ઉપરક્ત આત્મસ્વભાવવાળો હોવાથી, પોતે એકલો જ બંધ (–બંધરૂપ) છે,...'** એકલો જ બંધ છે. જેમના સંગ(માં આવીને) પોતાના સંગને ચૂકીને અને પરના સંગવાળા જે મોહ, રાગ-દ્વેષના પરિણામ કર્યા એ પર્યાય થઈ. છે અરૂપી વિકારી મલિન પર્યાય, એને અહીંયાં ભાવબંધ – અબંધસ્વભાવી આત્માથી વિરુદ્ધ ભાવ અથવા અબંધ પરિણામ મોક્ષના માર્ગથી વિરુદ્ધ ભાવ એવા ભાવબંધ પરિણામને એકલો જ ઉત્પન્ન કરે છે.

કહે છે, અરે...! અનાદિથી પોતે ચૈતન્ય ઉપયોગમય આખું દળ છે, જેમ આખી સૂરણની ગાંઠ હોય, એ જ્યાં જુઓ ત્યાં એનો રસકંદ જ પડ્યો છે. સૂરણ કહે છે ને ? જમીનકંદ (થાય છે). એમ આત્મા જ્યાં જુઓ ત્યાં અસંખ્ય પ્રદેશમાં એકલો જ્ઞાન-દર્શનનો રસ જ પડ્યો છે. જ્ઞાન-દર્શનનું ઢીમ છે ! આત્મા એટલે જ્ઞાન-દર્શનનું ઢીમ ! જ્ઞાન-દર્શનનો પૂર્ણ કંદ ! જ્ઞાન-દર્શનનું સ્ફટિક રત્ન ! જ્ઞાન-દર્શનસ્વરૂપ એવો ચૈતન્યપ્રભુ પોતાને ભૂલી, પોતાના

સ્વભાવની આટલી તાકાત (છે) અને આવો છું તેને લક્ષમાંથી ચૂકી પરપદાર્થને પામીને જેમાં કર્મ નિમિત્ત છે એવા મોહ, રાગ-દ્વેષ ભાવને કરે એ મલિન પરિણામને અહીંયાં ભાવબંધ અને અધર્મ પરિણામ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં ?

**'કારણ કે મોહરાગદ્વેષાદિભાવ તેનું દ્વિતીય છે.'** જુઓ ! આ..હા...! કર્મ દ્વિતીય છે એમ નહિ. આત્મા એક અને કર્મ બીજુ એમ નહિ. એ જડકર્મ તો પર છે. તને અડ્યા પણ નથી. તારી પર્યાયનો અડેલો ભાવ, પર્યાયમાં અડેલો હોં ! દ્રવ્ય-ગુણનો નહિ, પર્યાયમાં – અવસ્થામાં સ્પર્શેલો મોહ, રાગ-દ્વેષનો ભાવ, એ ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય-સ્ફટિક આખું દળ, એ એક અને મોહ, રાગ-દ્વેષ પરિણામ બે. એ દ્વિતીય થઈ ગયું. એક નિર્મળ ત્રિકાળી સ્વભાવ (અને) એક કૃત્રિમ ક્ષણિક વિકારી ભાવ. એ બે થઈ ગયા. કર્મ (દ્વિતીય) નહિ. એક ત્રિકાળી ભાવ અને એક મલિન ભાવ. એમ બે ભાવ છે. સમજાણું કાંઈ ? આમાં એને કેટલી ધીરજ જોઈએ ! એમને એમ વેગે ચાલ્યો જાય, વેગ... વેગ... વેગ... વેગ... આ કર્યું ને આ કર્યું ને આ કર્યું... અને આ છોડ્યું એ બધો (પણ) એક જાતનો વેગ છે.

ભગવાનઆત્મા દર્શન-જ્ઞાનનો પિંડ પ્રભુ ! એ પરને પામીને મોહ અને રાગ-દ્વેષ ભાવ કરે, એ આત્મસ્વભાવ જે એકલો જ્ઞાન-દર્શનનો પિંડ એ એક (થયો) એમાં મોહ – મિથ્યાત્વ અને ઇષ્ટ-અનિષ્ટનો રાગ-દ્વેષ (થાય) એ બીજી ચીજ થઈ. એક કોર આખું નિર્મળ દળ, એક કોર કૃત્રિમ ક્ષણિક પર્યાયની મલિનતા. એકનો બે થયો, એકનો બે થયો. કર્મ નહિ, હોં ! ૭૭મી ગાથામાં છે – ભાવબંધ અને દ્રવ્યબંધ. અહીં તો એકલું ભાવબંધનું સ્વરૂપ આવું છે.

હવે આ સમજીને શું કરવું ? જ્ઞાન-દર્શન ઉપયોગમય પ્રભુ ! આખો સૂર્ય ! એ પરને પામીને મોહ, રાગ-દ્વેષ કરી અટકે છે, એને સ્વભાવ તરફની દૃષ્ટિ કરી કે જેથી મોહનો, મિથ્યાત્વ ભાવબંધનો (નાશ થાય). અબંધસ્વભાવીના આશ્રયે સમ્યક્‌ના અબંધપરિણામ પ્રગટ થયે ભાવમિથ્યાત્વનો – ભાવબંધનો નાશ થાય છે. સમજાણું કાંઈ ? મિથ્યાત્વનો નાશ કેમ થાય ? કોઈક કહે, આમથી થાય ને આમથી થાય. અરે..રે...! સમજાણું ? (કોઈક કહે), ભગવાનના દર્શનથી થાય. આમ (પરની) સામું જોઈને થાય ? પેલો અંદર આખો મોટો રહી જાય છે ને ! શુભરાગ થાય, એ ચીજને લઈને રાગ થયો, એવી માન્યતાવાળો મોહ ભેગો થયો. સમજાય છે ? અને એના સિવાય કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર ન દેખે તો દ્વેષ ભેગો થયો.

એ મોહ અને રાગ-દ્વેષના ભાવ, એ મોહ-રાગ-દ્વેષાદિભાવ, આદિ શબ્દે વિષય-કષાય

આદિના જે પરિણામ થાય તે **'તેનું દ્વિતીય છે.'** જુઓ ! (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટ આપેલ છે). દ્વિતીય એટલે બીજુ. કોનું ? આત્માનું દ્વિતીય. 'બંધ તો બે વચ્ચે હોય,...' બંધ બે વચ્ચે હોય, બંધ એક વચ્ચે હોય ? 'એકલો આત્મા બંધસ્વરૂપ કેમ હોઈ શકે ?' એમ કોઈને પ્રશ્ન થાય. એકલો આત્મા તે બંધ રૂપે કેમ થાય ? '(એવા પ્રશ્નનો ઉત્તર એ છે કે, એક તો આત્મા અને બીજો મોહરાગદ્વેષાદિભાવ...)' એક તો આત્મા ઉપયોગમય ત્રિકાળી અને એક મોહ, રાગ-દ્વેષાદિ ભાવ. '(એમ હોવાથી, મોહરાગદ્વેષાદિભાવ વડે મલિન સ્વભાવવાળો આત્મા પોતે જ ભાવબંધ છે).'

એ નિમિત્તની મિત્રતા ન છોડે, વર્તમાન પુણ્ય-પાપનું લક્ષ અને રુચિ ન છોડે એને પુણ્ય-પાપ અને મિથ્યાત્વભાવ થયા વિના રહે નહિ. સમજાણું ? હજી તો નિમિત્તની મિત્રતા ન છોડે તો અહીં સ્વભાવ તરફ આવે શી રીતે ? ત્યાં મિત્રતામાં એની સાથે જોડાણ કર્યું. એમાં પાછો, આ મને ઠીક પડે અને આ મને ઠીક ન પડે (એવો ભાવ કરે). સારા શરીરની અવસ્થા હોય તો ઠીક પડે, ઉંઘ જો છ કલાક સરખી આવે તો ઠીક પડે, ઉજાગરો થાય તો ઠીક પડે નહિ.

મુમુક્ષુ :– ઉત્તમ શરણમાં હોય તો ઠીક પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉત્તમ શરણમાં હોય તો એ તો પર સાથે રાગ થયો અને એને લઈને મને સ્થિરતા થાય (એમ માને એ તો) મિથ્યાત્વ થયું. સમજાણું ?

આત્મા, પોતાના જાણવા-દેખવાના સ્વભાવના સ્થાનને મૂકીને પરનું લક્ષ કરીને, લક્ષ કરીને, મોહ અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવ કરે એને આત્માનું બીજુ રૂપ – મેલું રૂપ કહે છે. કહો, સમજાણું ? એને અહીંયાં ભાવબંધ કહેવામાં આવે છે કે જે અધર્મના પરિણામ છે. કહો, સમજાણું ? એ મોહ, રાગ-દ્વેષ કોનાથી થયા ? બાયડી, છોકરાથી થયા ? એમાં તો એટલું કહ્યું કે, જે પદાર્થને પામીને પોતે કરે છે એમ ત્યાં હતું. સમજાણું ? અને આ વિકાર પણ પોતે કરે (છે). ભલે કર્મનું નિમિત્ત એમાં હો. વિકાર કરે તો એને નિમિત્ત કહેવાય. સ્વભાવની દૃષ્ટિ કરે તો એ કર્મનું નિમિત્ત પણ કહેવાય નહિ. સમજાણું ? કેવી વાત છે, જુઓને !

મુમુક્ષુ :– પોતે જ ગુનેગાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજો કોણ છે ત્યારે ? ઈ જ કહે છે. ગુનેગાર તું છો. કો'કને લઈને નહિ, એમ કહે છે. હે આત્મા ! તું તારો ગુનો કરે છે, એમ કહે છે. નહિ કર્મને

લઈને, નહિ બાયડીને લઈને, નહિ છોકરાને લઈને, નહિ આબરુ, અણઆબરુને લઈને, કોઈને લઈને નહિ. એને પામીને તારામાં તારી એકતાબુદ્ધિ છૂટીને, પર સાથે એકતાબુદ્ધિ કરે છે એ ગુનો તેં ઊભો કર્યો છે. તું અપરાધી થઈને અપરાધ કરે છે, તું અપરાધી થઈને અપરાધ કરે છો. સમજાણું કાંઈ ? એ અપરાધનો જો તને બરાબર ખ્યાલ આવે કે, આ અપરાધ તો મારો કરેલો છે. કર્મનો નહિ, નોકર્મ એટલે બાહ્ય ચીજનો નહિ. મારો કરેલો (છે) તો મારાથી ટળી શકે છે. પોતે કરાવ્યો હોય, પોતે કર્યો હોય, મદદમાં પોતાથી થયો હોય, ઈ ટેકો આપે તો વળી ટળે. ....

કહો, આ મરવા ટાણે સેવા-ચાકરી સરખી હોય, આ હોય (તો) પરિણામ સારા રહે, એ બરાબર હશે ? વાત પરને લઈને છે નહિ. ઈ તો અહીં વાત ચાલે છે.

....

એ પદાર્થ નડતા નથી. એ તો જાણવા-દેખવાને પ્રાપ્ત થયા કે, આમ થયું, અત્યારે આમ છે. એ પ્રાપ્ત થઈને અંદર રાગ-દ્વેષ કરે એ સ્વતંત્ર કરે છે. પરને કારણે નહિ કે, આમ સવળું નહોતું માટે નહિ કે આમ નહોતું માટે નહિ. ભાઈ ! આહા..હા...! 'એક રે દિવસ એવો આવશે...' બધાને આવશે કે નહિ ? ખબર નથી ? '... સગી રે નારી તારી એ આમ ઉભી ટગમગ જોવે, આ રે કાયામાં હવે કાંઈ નથી, એ ઉભી ધ્રુસકે ધ્રુસકે રોવે... કાઢો રે કાઢો એને સૌ કહે' કાઢો...! ભાઈ ! એમ થાશે કે નહિ ? આહા..હા...!

અરે...! ચૈતન્ય જોને ભાઈ ! તને આવા પળ મળ્યા છે, કાળ મળ્યો છે. કહે છે કે, આ (કર). જાણવા-દેખવાના ભાવમાં, પહેલાં એને પ્રતિભાસ (સ્વરૂપ) તો કીધું, એ પ્રતિભાસ થવા લાયક છે, પણ રાગ-દ્વેષ અને મોહ કરવા લાયક છે એમ નથી. અને આ જાણવા-દેખવા લાયક છે પણ જાણનાર-દેખનાર (છે એમ) જાણીને મોહ અને રાગ-દ્વેષ કરે એવું એનામાં સ્વરૂપ નથી.

એ શરીરની સ્થિતિ, વાણીની સ્થિતિ... અને અંદર ગળા સૂકાતા હોય, જીભ તાળવે ચોંટતી હોય અને અંદર ઉપયોગ સાધ્ય હોય... હવે શું કહેવું ? ક્યાં કહેવું ? ભાઈ ! અહીં અંદર જોને ! જ્યાં સમાધાન થાય એવું ભાન પડ્યું છે ને અંદર ! સમાધાન થાય એવું ભાન અંદર છે. અહીં બહાર જોઈશ તો બધા અસમાધાનના ભાવ ઉત્પન્ન થશે. એટલે કહે છે કે, અરે...! આત્મા ! એ જ સમયે તારા ઉપયોગને ભૂલી અને મોહ, રાગ અને દ્વેષના બંધનનો દ્વિતીય ભાવ તેં ઉભો કર્યો. કોણે ઉભો કર્યો ? આ જ્ઞેયનો અધિકાર ચાલે

अथ भावबंधयुक्तिं द्रव्यबंधस्वरूपं च प्रज्ञापयति -

**भावेण जेण जीवो पेच्छदि जाणादि आगदं विसये।**
**रज्जदि तेणेव पुणो बज्झदि कम्म त्ति उवदेसो।।१७६।।**
**भावेन येन जीवः पश्यति जानात्यागतं विषये।**
**रज्यति तेनैव पुनर्बध्यते कर्मेत्युपदेशः।।१७६।।**

अयमात्मा साकारनिराकारपरिच्छेदात्मकत्वापरिच्छेद्यतामापद्यमानमर्थजातं येनैव मोहरूपेण रागरूपेण द्वेषरूपेण वा भावेन पश्यति जानाति च तेनैवोपरज्यत एव। योऽयमुपरागः स खलु स्निग्धरूक्षत्वस्थानीयो भावबंधः। अथ पुनस्तेनैव कर्म बध्यत एव। इत्येष भावबंधप्रत्ययो द्रव्यबंधः।।१७६।।

---

अथ भावबंध युक्तिं द्रव्यबंधस्वरूपं च प्रतिपादयति - **भावेण जेण** बावेन परिणामेन येन **जीवो** जीवः कर्ता **पेच्छदि जाणादि** निर्विकल्पदर्शनपरिणामेन पश्यति सविकल्पज्ञानपरिणामेन जानाति। किं कर्मतापन्नं, **आगदं विसये** आगतं प्राप्तं किमपीष्टानिष्टं वस्तु पञ्चेन्द्रियविषये। **रज्जदि तेणेव पुणो** रज्यते तेनैव पुनः आदिमध्यान्तवर्जितं रागादिदोषरहितं चिञ्ज्योतिःस्वरूपं

---

છે. એટલે સ્વજ્ઞેયમાં એ ભાવબંધની પર્યાય છે. એ ભાવબંધની પર્યાય પરજ્ઞેયમાં નથી. સમજાણું કાંઈ ?

**'મોહ, રાગ અને દ્વેષ વડે ઉપરક્ત સ્વભાવવાળો હોવાથી, પોતે એકલો જ બંધ (–બંધરૂપ) છે, કારણ કે મોહરાગદ્વેષાદિભાવ તેનું દ્વિતીય છે.'** બીજામાં (–અન્ય મતમાં) વાતું કરી પણ આ તત્ત્વજ્ઞાનની વાત ન મળે. 'ભોજો ભગત' કહે છે ને ? 'મરનારાને શીદ રોવો તમે ? તેઓ મારા નથી રહેનાર રે...' 'રોનારા નથી રે રહેનારા, મરનારાને તમે શીદને રોવો ?' એ મરે-જીવે કોણ એની ખબર વિના એણે તરવું ક્યાં એની ખબર ન મળે. એણે તરવાનો સ્વ-વેપાર અંતર્મુખ થઈને (રહેવું તે છે).

એને પહેલા એટલું તો માહાત્મ્ય આવવું જોઈએ કે, હું તે કાંઈ આટલી ચીજ છું ? આ રાગ-દ્વેષ થાય એટલો (જ છું) ? અને રાગ-દ્વેષને વર્તમાન જાણવાની દશા પૂરતો છું ?

निजात्मद्रव्यमरोचमानस्तथैवाजानन् सन् समस्तरागादिविकल्पपरिहारेणाभावयंश्च तेनैव पूर्वोक्तज्ञानदर्शनोपयोगेन रज्यते रागं करोति इति भावबंधयुक्तिः। **बज्झदि कम्म त्ति उवदेसो** तेन भावबंधेन नवतरद्रव्यकर्म बध्नातीति द्रव्यबंधस्वरूपं चेत्युपदेशः।।१७६।।

---

હવે ભાવબંધની યુક્તિ અને દ્રવ્યબંધનું સ્વરૂપ કહે છે :–

**જે ભાવથી દેખે અને જાણે વિષયગત અર્થને,**
**તેનાથી છે ઉપરક્તતા; વળી કર્મબંધન તે વડે. ૧૭૬.**

અન્વયાર્થ :– (जीवः) જીવ (येन भावेन) જે ભાવથી (विषये आगतं) વિષયમાં આવેલ પદાર્થને (पश्यति जानाति) દેખે છે અને જાણે છે, (तेन एव) તેનાથી જ (रज्यति) ઉપરક્ત થાય છે; (पुनः) વળી તેનાથી જ (कर्म बध्यते) કર્મ બંધાય છે; –(इति) એમ (उपदेशः) ઉપદેશ છે.

---

એ અસ્તિ મૂકી, અનાદિઅનંદ ખાણ આખી, ચૈતન્યનો ગાંસડો પડ્યો છે એની અંતરદષ્ટિ કરતાં મિથ્યાત્વનો નાશ થાય અને શાંતિ થાય. બાકી ત્રણકાળ ત્રણલોકમાં બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ ?

**'હવે ભાવબંધની યુક્તિ અને દ્રવ્યબંધનું સ્વરૂપ કહે છે :–'** હવે ૧૭૬ (ગાથામાં) યુક્તિ કહે છે અને દ્રવ્યબંધનું સ્વરૂપ (કહે છે).

**भावेण जेण जीवो पेच्छदि जाणादि आगदं विसये।**
**रज्जदि तेणेव पुणो बज्झदि कम्म त्ति उवदेसो।।१७६।।**

**જે ભાવથી દેખે અને જાણે વિષયગત અર્થને,**
**તેનાથી છે ઉપરક્તતા; વળી કર્મબંધન તે વડે. ૧૭૬.**

**ટીકા :–** આ આત્મા સાકાર અને નિરાકાર પ્રતિભાસ્વરૂપ (–જ્ઞાન અને દર્શનસ્વરૂપ) હોવાથી પ્રતિભાસ્ય (–પ્રતિભાસવાયોગ્ય) પદાર્થ સમૂહને જે મોહરૂપ, રાગરૂપ કે દ્વેષરૂપ ભાવથી દેખે છે અને જાણે છે, તેનાથી જ ઉપરક્ત થાય છે. જે આ ઉપરાગ (–મલિનતા, વિકાર) છે તે ખરેખર *સ્નિગ્ધ – રૂક્ષત્વસ્થાનીય ભાવબંધ છે. વળી તેનાથી જ જરૂર પૌદ્‌ગલિક કર્મ બંધાય છે. આમ આ દ્રવ્યબંધનું નિમિત્ત ભાવબંધ છે. ૧૭૬.

---

**ટીકા :– 'આ આત્મા...'** .... શબ્દ છે. પહેલામાં (–૧૭૫ ગાથામાં) આખો આત્મા ઉપયોગમય કહીને સવિકલ્પ-નિર્વિકલ્પ કહ્યો હતો. હવે અહીં સાકાર અને નિરાકાર શબ્દ વાપરીને બીજી રીતે સ્પષ્ટ કરે છે. ખૂબી જુઓ !

પહેલામાં એમ કહ્યું હતું કે, આ આત્મા વસ્તુ એકલી જ્ઞાન-દર્શન (સ્વરૂપ છે). કેવી ? કે, સવિકલ્પ-નિર્વિકલ્પ. એમ કહ્યું હતું. અહીંયાં પાછુ ફેરવ્યું. વસ્તુ તો ઈની ઈ કહેવી છે. સવિકલ્પ એટલે સાકાર અને નિર્વિકલ્પ એટલે નિરાકાર.

**'આ આત્મા સાકાર અને નિરાકાર પ્રતિભાસસ્વરૂપ...'** સાકાર એટલે જ્ઞાન, જેને સવિકલ્પ કહ્યું હતું. સાકાર એટલે પરનો આકાર પડે એમ નહિ. પરનો અહીં આકાર પડે એમ નહિ પણ સ્વ-પરને જાણવાનો પર્યાય થાય તેને સાકાર કહેવામાં આવે છે. પરવસ્તુનો આકાર પડે તો એ તો રૂપી અને આ તો અરૂપી છે. રૂપીનો આકાર કંઈ અરૂપીમાં પડે ? આ આવડો મોટો લાંબો લીમડો અને આ બધુ જુઓ ! પણ સ્વ અને પર સંબંધીને જાણવાની સવિકલ્પ પરિણતિને સાકાર કહેવામાં આવે છે.

એ કાલે આવ્યું હતું ને ? કે, તમે આમ માનો છો તો (દિગંબરના વિદ્વાને) કહ્યું કે, મને ક્યાં તમે આમાં નાખ્યો ? હું તો કહું છું કે, પરના પદાર્થનો પર્યાય ઝળકે, ભૂત-ભવિષ્યનો (ઝળકે) એમ કીધું. ઝળકે એમ કીધું. ભૂત-ભવિષ્યની પર્યાય સર્વજ્ઞ ન જાણે એમ ક્યાં કીધું છે ?

પ્રશ્ન :– ઝળકે છે ઈ કોનો સ્વભાવ છે ?

સમાધાન :– એ તો રૂપી પુદ્‌ગલનો સ્વભાવ છે.

સવિકલ્પ – સાકારનો એમ અર્થ નથી કે, એનો આકાર અહીંયાં આવે. ફક્ત તેનું સ્વરૂપ અને પોતાનું સ્વરૂપ છે તે જ્ઞાનમાં જણાય, એવી દશાને સાકાર દશા કહેવામાં આવે

છે. વાત આમ છે. આહા..હા...!

એક જણ કહેતો હતો. એક સ્થાનકવાસી સાધુ રસ્તામાં મળ્યો હતો. (એણે કહ્યું) આત્મા તો સાકાર છે. જ્ઞાન છે તે રૂપી છે, દર્શન છે તે અરૂપી છે. .... (સંવત) ૧૯૯૯ની સાલ, 'રાજકોટ' ! આત્માને સાકાર કહ્યો છે. (મેં) કીધું, સાકાર એમ નથી. સાકાર એટલે આ જડનો આકાર એમાં છે ? સમજાય છે ? આ સાકાર એટલે આત્માના પ્રદેશગુણને લઈને જે આત્માનો વ્યંજનનો આકાર થાય છે એ આકાર છે ? શું કીધું ?

આકારના ઘણા પ્રકાર છે. આ જડનો આકાર આત્મામાં છે માટે આકાર કહેવાય છે ? ના. તેમ આત્મામાં એક પ્રદેશત્વ નામનો ગુણ છે. એને લઈને આખા આત્મામાં આકાર થાય છે. ઈ આ છે ? ના. આ તો જ્ઞાનને સાકાર કહ્યું છે. એટલે જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરને જાણવાનો ભાસ (થાય) એને સાકાર કહેવામાં આવે છે. એને વિશેષ કહો, સાકાર કહો, સવિકલ્પ કહો, પરમ શુદ્ધ કહો. એ દરેક વસ્તુને ભિન્ન ભિન્ન પાડીને જાણવાનો સ્વભાવ, એવા ભાવને અહીંયાં સાકાર કહેવામાં આવે છે. આહા..હા...! અરે...! ત્યાગી થાય, આ થાય (પણ) મૂળ વસ્તુની ખબર નથી. (એમ કહે), આત્મા સાકાર છે, રૂપી છે. જ્ઞાનની અપેક્ષાએ રૂપી છે અને દર્શનની અપેક્ષાએ અરૂપી છે. આ સાકાર-નિરાકાર થયો કે નહિ ? ભાઈ ! લ્યો ! આત્મા સાકાર છે. ત્યારે (કોઈ) કહે, ના, ના. નિરંજન નિરાકાર છે. એ બીજી વાત છે. નિરંજન નિરાકારનો અર્થ એમાં બીજો આકાર નથી, જડનો એમાં આકાર નથી. સમજાય છે ? બાકી એનો આકાર છે. આ સિવાયનો બીજો આકાર એક છે. એના શરીર પ્રમાણે પોતાના પ્રદેશત્વગુણને લઈને આકારપણે પરિણમવું એ પણ એક આકાર છે. એ પ્રદેશત્વગુણનો આકાર છે. ઈ આ નથી.

આ તો સાકાર એટલે જ્ઞાનસ્વરૂપ, જાણવા-દેખવાનો વેપાર કે જેમાં સ્વ અને પર બે જણાય. માટે સાકાર કહ્યું છે. બે જણાય માટે સવિકલ્પ કહ્યું છે. બધાને ભેદ સહિત જાણે, દ્વૈત અને અદ્વૈત બધું એકસાથે જાણે એવી દશાને સવિકલ્પ નામ સાકાર જ્ઞાન કહેવામાં આવે છે. (અજ્ઞાનીઓ એમ) વાત કરે, ઈશ્વરની ભક્તિ કરો. વસ્તુ શું છે અને ક્યાંથી વળવું ? શું કહેવાય છે ? એની કાંઈ ખબર ન મળે. સમજાણું કાંઈ ?

**'આ આત્મા સાકાર અને નિરાકાર પ્રતિભાસસ્વરૂપ (–જ્ઞાન અને દર્શનસ્વરૂપ) હોવાથી પ્રતિભાસ્ય (–પ્રતિભાસવાયોગ્ય) પદાર્થ સમૂહને...'** અહીં ભાષા બીજી રીતે કરી. ત્યાં પદાર્થને પામીને મોહ, રાગ-દ્વેષ કરે છે એમ હતું. અહીં કહે છે, એ **'પદાર્થ સમૂહને કે દ્વેષરૂપ**

**ભાવથી દેખે છે અને જાણે છે,...**' એમ અહીં લેવું છે. શું કીધું ? ત્યાં (૧૭૫ ગાથામાં) એમ કહ્યું હતું કે, પદાર્થ પ્રતિભાસવા યોગ્ય – જણાવા યોગ્ય છે, જાણનાર પોતે (છે), તેને પામીને મોહ, રાગ-દ્વેષને કરતો હતો. અહીં કહે છે, પ્રતિભાસ સ્વરૂપ એવા જે પદાર્થો, પ્રતિભાસ્યમાન એવો જે આત્મા, એને મોહ અને રાગ-દ્વેષ ભાવથી દેખે છે. આ મારા, એમ દેખે છે. આ મને ઠીક, એમ દેખે છે. આ મને અઠીક, એમ દેખે છે, એમ જાણે છે. સમજાણું ? એને પામીને રાગ-દ્વેષ, મોહ કરતો હતો એમ હતું. અહીં પદાર્થ સમૂહને દેખે છે, જાણે છે કઈ રીતે ? જાણવા-દેખવાનો તો સ્વભાવ છે. પણ દેખે છે, જાણે છે કઈ રીતે ? કે, મોહરૂપ અને મિથ્યાત્વ ભાવથી દેખે છે. કહો, સમજાણું કાંઈ ?

પચાસ છોકરા હોય એને એનો બાપ દેખે છે કે નહિ ? પચાસમાંથી આ મારો, (એમ દેખે છે) એનું કારણ (શું) ? પચાસને દેખે છે. જુદો ક્યાં પડ્યો ? પચાસ છે, પર છે. પચાસને જાણ્યું એમાં એમ કહે, આ મારું. ઈ ક્યાંથી આવ્યું ? એમ જગતના બધા પદાર્થને જાણે છે. (એમાં) આ મને ઠીક, ઈ ક્યાંથી આવ્યું ? પચાસ ઘર હોય. આમ આખું ગામ દેખતો નથી ? આ ઘર મારું ! પણ એનો અર્થ શું ? ભાઈ ! કહે છે કે, એ મોહ, રાગ-દ્વેષના ભાવથી દેખે-જાણે છે.

એની વિશેષ વાત આવશે...

**કારતક વદ ૧૩, બુધવાર તા. ૧૩-૧૧-૧૯૬૩**
**ગાથા – ૧૭૬, ૧૭૭**
**પ્રવચન નંબર–૧૮૩-D**

'પ્રવચનસાર' 'જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકાર' ૧૭૬ ગાથા ચાલે છે. જુઓ ! આમાં શું કહે છે ? આત્માને ભાવબંધ થાય એની યુક્તિ અને દ્રવ્યબંધનું સ્વરૂપ (એમ) બે વર્ણવે છે. આત્મા અબંધસ્વભાવી વસ્તુ હોવા છતાં એને ભાવબંધ જે થાય છે, એની યુક્તિ વર્ણવે છે અને એ ભાવબંધ નવા દ્રવ્યબંધનું – જડ (કર્મ બંધાવાનું) કારણ છે. એનું સ્વરૂપ જણાવે છે.

**ટીકા :– 'આ આત્મા સાકાર અને નિરાકાર પ્રતિભાસસ્વરૂપ (–જ્ઞાન અને દર્શનસ્વરૂપ)...'** સાકાર એટલે જ્ઞાન. નિરાકાર એટલે દર્શન. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરને ભિન્ન ભિન્ન જેમ હોય તેમ જાણવાનો સ્વભાવ છે અને દેખવાનો સ્વભાવ ભિન્ન પાડ્યા વિના સામાન્ય રૂપે જુદું પાડ્યા વિના દેખવાનો સ્વભાવ છે. એવું જે જ્ઞાન અને દર્શન રૂપ એમાં **'પ્રતિભાસ્ય...'** (અર્થાત્) પ્રતિભાસવાયોગ્ય પદાર્થનો. પોતે પ્રતિભાસસ્વરૂપ (છે) એટલે (કે) જેમાં બીજા (પદાર્થો) પ્રતિભાસે અને પ્રતિભાસ્ય (એટલે) પ્રતિભાસવાયોગ્ય જે પદાર્થ(નો) સમૂહ.

(તે પદાર્થ સમૂહને) **'જે મોહરૂપ, રાગરૂપ કે દ્વેષરૂપ ભાવથી દેખે છે...'** જાણવા-દેખવાનો સ્વભાવ હોવા છતાં પરને મોહથી, રાગથી અને દ્વેષથી દેખે અને જાણે છે એનાથી તે **'ઉપરક્ત થાય છે.'** એનાથી જ મલિન થાય છે, એમ કહ્યું, જુઓ ! શું કહ્યું ? કે, જાણનાર દેખનાર સ્વભાવ બીજી ચીજને જાણતા-દેખતા મોહ અને રાગ-દ્વેષથી જાણે-દેખે એ જ એની મલિનતા છે.

આત્મા જ્ઞાન અને દર્શન પ્રતિભાસસ્વરૂપ (છે), જેમાં પ્રતિભાસ એટલે બીજી ચીજો જેમાં જણાય અને દેખાય. બીજી ચીજો પ્રતિભાસ્ય (છે અર્થાત્) પ્રતિભાસમાં જાણવા-દેખવાને

લાયક (છે). બસ, આટલો સંબંધ છે. છતાં એ ઉપરાંત જાણવા દેખવાનો સ્વભાવ અને પરપદાર્થનો જણાવા દેખાવાનો સ્વભાવ (છે), છતાં એવા પદાર્થસમૂહને મોહરૂપ (જાણે દેખે છે). એટલે પરમાં સાવધાની કરીને (જાણે દેખે છે). આ મારા કર્તવ્ય છે, હું એ કરું છું એ મારા છે, હું એનો છું એવો મોહભાવ. એ મોહભાવથી દેખે છે. સમજાય છે કાંઈ ?

કાલે દાખલો આપ્યો નહોતો ? કે, આમ પચાસ છોકરા હોય, પચાસ ! આમ દેખે છે તો પચાસને છતાં એક ઉપર (નજર જાય ત્યાં) 'આ મારો' (એમ લાગે છે). હવે, એમાં દેખવામાં તો દેખે છે, પ્રતિભાસ છે. ત્યાં ઈ પ્રતિભાસ છે. એ સિવાય 'આ મારો' એમ જે થયું એ મિથ્યા મોહભાવ થયો.

મુમુક્ષુ :– ત્યાં છે ને અહીં થયું ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યાં છે પણ ? શું છે ? ઈ તો પરજ્ઞેય છે. 'આ મારો દીકરો' એમ ક્યાંથી આવ્યું ? મારું ક્યાંથી આવ્યું ? આત્મા તો જાણવા દેખવાનો સ્વભાવ છે. ઈ જણાવા દેખાવાનો એનો સ્વભાવ છે – પ્રતિભાસ્ય (છે). તો પચાસ (છોકરાઓને) દેખે છે અને જાણે છે, એમાં 'આ મારો' એમ એણે જુદું ક્યાંથી પાડ્યું ? ઈ મોહ અને મિથ્યાત્વ ભાવથી તે 'આ મારો' એમ માને છે.

એમ પચાસ મકાન છે. એમાં પચાસને દેખવા જાણવાનો સ્વભાવ છે. આમ દેખે, જાણે. પણ 'આ મારું' ઈ ક્યાંથી આવ્યું ? બીજાનું તો છે જ નહિ, બીજો બીજાનો છે, પોતાનું પોતાનું છે. જાણવું દેખવું (એવો) સ્વભાવ એ પોતાનો છે અને પ્રતિભાસ્ય (અર્થાત્) એમાં પ્રતિભાસવા યોગ્ય તેનો સ્વભાવ, બસ ! પ્રમેયનો – જ્ઞેયનો એટલો સ્વભાવ કે, જણાવાયોગ્ય હોય. આ જાણવાયોગ્ય થાય, બસ એટલું. હવે, વચ્ચે આ ક્યાંથી લાવ્યો ? વચ્ચે આ ક્યાંથી લાવ્યા કે, પચાસ ઘરમાં આ ઘર મારું ? પચાસ દીકરામાં આ દીકરો મારો.

મુમુક્ષુ :– ઘરમાં રહેતો હોય તો એનો ન કહેવાય તો કોનો કહેવાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યાં રહે છે ? રહે છે તો અહીંયાં અસંખ્ય પ્રદેશમાં. અસંખ્ય પ્રદેશમાં જાણવા દેખવાના ભાવમાં રહેલો આત્મા છે. પોતામાં (રહેલો છે). એમ આ પચાસ ઘરમાં, પચાસ દીકરામાં, પચાસ દાગીનામાં, પચાસ ગાયુમાં. ગાયુનું ઘણ ચાલ્યું જતું હોય કે નહિ ? ઘણ સમજાય છે ને ? ગાયોનો સમૂહ સવારે, સાંજે ચાલ્યો જતો હોય, પચીસ, પચાસ, સો ગાય એકસાથે હોય. એ તો પ્રતિભાસયોગ્ય છે, જણાવાયોગ્ય છે. (એમાં) આ ગાય મારી (એમ કહે). અમારે એક પટેલ હતા. ઈ સાથે આવેલ. ગુજરી ગયા ઈ પટેલ

નહિ ? ઈ પટેલ કહેતા, આ મારી ગાય મેં ફલાણાને આપી છે. મેં કીધું, આ મારું આવ્યું ક્યાંથી ? મોહથી એણે 'આ મારું' એમ મોહ દ્વારા જાણે અને દેખે છે. જાણે દેખે છે ઈ તો એનો સ્વભાવ (છે) અને પર જણાય અને દેખાય ઈ એનો સ્વભાવ (છે) પણ 'આ મારા છે' એમ ક્યાંથી લાવ્યો ? ભાઈ ! બરાબર છે ? ભાઈ ! શું છે ? આ બરાબર છે ?

મુમુક્ષુ :– પણ મોહ તો છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– લ્યો, ઠીક ! બરાબર છે, એમ ન આવ્યું. મોહ છે, ઈ આવ્યું.

મુમુક્ષુ :– બધાના ભાવમાં જુદી વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ એના માટે તો વાત થાય છે. ભાઈ ! તું તો આખો જ્ઞાન દર્શન ઉપયોગમય છે. આવ્યું છે કે નહિ ? આવ્યું કે નહિ ? આખોય ઉપયોગમય છો. છે કે નહિ ? **'આખોય ઉપયોગમય છે'** ૧૭૫ (ગાથામાં) આવી ગયું છે.

આત્મા એટલે ? જેમ સાકર એટલે કે ગળપણ અને સફેદનો પિંડ એ સાકર, ગાંગડો. ગળપણ, ગળપણ સમજાય છે ને ? મીઠાશ. મીઠાશ અને સફેદાઈ, આ તો મુખ્ય, હોં ! મુખ્ય વાત (છે). (તેનો) પિંડ તે સાકર. એમ આત્મા એટલે જાણવું અને દેખવાનો ઉપયોગમય આત્મા (છે). જાણવું અને દેખવું (એવો) આખો ઉપયોગમય આત્મા. ઓ..હો...! જાણન દેખન સ્વભાવમય આત્માને જાણવા દેખવાનો સ્વભાવ તો છે અને આ આત્મા સિવાય બીજી બીધી ચીજો જ્ઞેય થવાને, પ્રતિભાસ્ય થવાને યોગ્ય છે. આ તો વસ્તુની મર્યાદા છે. એ ઉપરાંત વચમાં નાખ્યું કે, આ મારું ઈ તો એણે જ્ઞાન દર્શનથી જોવું જોઈએ કે, આ છે. એને ઠેકાણે મોહથી વચમાં જોયું કે, આ મારા. એને મિથ્યાત્વ ભાવ કહે છે. ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ?

શરીર છે. બધાના શરીર એકસાથે છે. પચાસ, સો, બસો માણસ (છે) એમાં આ શરીરને એમ દેખવું એ તો બધાનું છે. એમાં આ શરીર મારું, એમ ક્યાંથી આવ્યું ?

મુમુક્ષુ :– લાગે તો દુઃખે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને લઈને દુખતું નથી. (એને લઈને દુઃખ થાય એ) બિલકુલ ખોટી વાત છે. અંદર દ્વેષ કરે તો દુઃખ થાય છે. આને લઈને દુઃખ છે જ નહિ. ઈ દ્વેષ કરે છે માટે આત્માને જ્ઞાનમાં જોડવો (કે) હું જ્ઞાન ચૈતન્ય છું. જાણનાર દેખનાર દ્વેષ-બેશ મારામાં છે જ નહિ. શેની માંડી છે અહીંયાં ? આત્માની (માંડી) છે. સમજાણું કાંઈ ? શાંતિ કેમ મળે ? ઓ..હો...!

હું એક જાણનાર દેખનાર (છું). એ જાણનાર દેખનારની કિરણ નીકળતાં, જાણવા દેખવાનું કિરણ નીકળતાં ભેગું 'આ મારું' એવા મોહને જોડી દેવો એ ભાવબંધ છે. એ મોહથી જોવે છે કાં રાગથી જોવે છે. આ મને ઇષ્ટ છે. સમજાય છે ? મારી માટે આ દયા પાળવાલાયક આ જીવ છે. મારી માટે આ મારી નાખવા લાયક છે. ઈ દયા પાળવા લાયક છે, એવું તેં કેમ જોયું ? ઈ તો જ્ઞેય છે. તારા જ્ઞાનમાં જણાવાલાયક જ્ઞેય છે. આ મારે દયા પાળવાલાયક છે, ઈ રાગથી એણે જોયું. રાગથી – મિથ્યા અભિપ્રાયથી જોયું. એને જોતાં આવડ્યું નથી. સમજાય છે કાંઈ ?

આહા..હા...! આ ઘણા શરીરો છે, વાણી પણ ઘણા પ્રકારની છે. એમાં 'આ વાણી મારી' એમ ક્યાંથી આવ્યું ? જગતની જડ લક્ષ્મી પણ પ્રતિભાસયોગ્ય છે, જ્ઞાનમાં પ્રતિભાસયોગ્ય અને આ જાણનાર – પ્રતિભાસ સ્વરૂપ, એમાં 'આ લક્ષ્મી મારી' એવું ક્યાંથી આવ્યું ? ભાઈ ! ન્યાયથી તો વાત છે કે નહિ ? આહા..હા...! માનેલી માન્યતા ઊંધી છે. ભ્રમણા એટલે એની માનેલી માન્યતા છે.

પ્રશ્ન :– આ શરીર નથી ?

સમાધાન :– શરીર શરીર છે.

પ્રશ્ન :– એમાં દુઃખ નથી થતું ?

સમાધાન :– દુઃખ શરીરને લઈને થતું નથી.

પ્રશ્ન :– સારું હોય ત્યારે કેમ થાતું નથી ?

સમાધાન :– સારું કોને કહેવું પણ ? એને કારણે એની પર્યાય (થાય) એમાં સારી-નરસી કહેવી કોને ? જે પર્યાય જે રીતે જે કાળે તેની થાય તેમાં સારી-નરસી કહેવી કોને ? વિષ્ટારૂપ પરમાણુ થયા એ નરસા (છે એમ) કહ્યું કોણે ? ત્યાં અંદર Trade mark માર્યો છે કે આ નરસા કહેવાય ? કોણે કર્યું અંદર ? ઈ સમયની પુદ્ગલની અવસ્થા છે. મોસંબીના પાણીપણે પરિણમવું અને પરમાણુ સારાપણે પરિણમ્યા, ઈ સારા કહ્યું કોણે ? ત્યાં (છાપ) મારી છે ? Register છે કે આ સારા ?

મુમુક્ષુ :– ઈ વૈદ્યોએ કહ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વૈદો બધા મૂર્ખ છે. એ..ઈ...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

જે ચીજ જે રીતે છે તે રીતે પોતામાં પ્રતિભાસ ન કરતાં પ્રતિભાસસ્વરૂપને જાણવા દેખવામાં ન રાખતાં એ ઉપરાંત વચ્ચે આ લાકડું નાખે (ઈ મિથ્યાત્વ ભાવ છે).

**'રાગરૂપ...'** આ મને ઇષ્ટ છે. ત્યાં અંદર ઇષ્ટની છાપ છે ? ઈ ઇષ્ટ છે ? વસ્તુ ઇષ્ટ છે ? મોસંબી ઇષ્ટ છે (એમ) છે છાપ અંદર મોસંબીમાં ? મરવા ટાણે (એમ કહે) એને જો સાધ્ય હોય તો નાખો મોસંબી ! અર..ર..ર...! હજી માંડ માંડ શ્વાસ લેવાય છે એમાં મોસંબી નાખવી ! મારાથી બોલાય એવું નથી, શું કરવું ? સમજાણું ?

અહીંયાં એક છોકરો મરી ગયો ને ? ગુરુકુળમાં એક છોકરો હતો. બે-ત્રણ ભાઈઓ વચ્ચે એક જ છોકરો (હતો), ઘણા મોટા ગૃહસ્થ (છે). આ તો બિચારા છેલ્લું સરખું કરવા ગયા કે, બહુ (પીડા) છે તો મોસંબી નાખીએ. મોસંબી નાખી ભેગો શ્વાસ છૂટી ગયો, દેહ છૂટી ગયો. ત્યાં સલવાઈ ગઈ. આમ હવા લેવાનું માંડ (બનતું હોય). છેલ્લે અહીંથી શ્વાસ ઊંચો ઉપડ્યો હોય. અહીં પેલો બળખો નડતો હોય, એમાં પેલો પા શેર મોસંબી નાખે. ઈ જાણે કે, કાંઈક સારું કરવા જઈએ છીએ. આમ કરતાં હેઠે ઉતરે નહિ. કોને સારું કહેવું ? કેમ, ભાઈ ? જોયું નહિ એ વખતે ? એક જરીક પાણી નાખતા હતા તો વિચાર આવતો હતો કે, તેને નડશે નહિ ને ? જરીક પાણી નાખતા (હતા) ત્યારે વિચાર આવતો હતો, હોં ! એને નડે છે, અહીં બળખો નડે છે. એમ થતું હતું, વિચાર આવતો હતો પણ આટલું જરી જશે તો ઉતરી જશે. એને તો ખબર ન હોય. આ..હા..હા..હા...!

અરે...! જગતની ચીજ ક્યાં અને તું ક્યાં ? બાપા ! એ મોસંબી તૃષા વખતે સારી લાગતી હોય ઈ વખતે એને એમ થાય, બોલાય નહિ, અરે...! આ ! જુવાન દસ વરસનો, બાર વરસનો છોકરો (હતો) શ્વાસ નીકળી ગયો. અહીં કંઈક નાખ્યું. એને બિચારાને તો સારો ભાવ થયો, એને તો કાંઈ (હતું નહિ) પણ ત્યાં શ્વાસની નળી જ માંડ ચાલતી હોય, માંડ ચાલતી હોય તે જોરથી પરસેવા ઉતરી જાય. પરસેવા ઉતરી જાય કે આટલી સળી એમાં ઈ શ્વાસ (લઈ શકે નહિ) અને મરવાની છેલ્લી સ્થિતિ ! હા.. હા.. એમ અંદર થાતું હોય એમાં પેલા મોસંબી નાખે. (કેમ ઈ) સારી હતી ને ? ક્યાં ગઈ પાછી ? સારી કેમ ચાલી ગઈ ? બાપુ ! સારું-નરસું નથી, એ તો જગતના પદાર્થ છે. જાણવા દેખવાલાયક છે.

વિષ્ટા... અં..હ..હ...! એ વિષ્ટા ભૂંડ ખાય. પ્રીતિથી ખાય. પ્રીતિથી આમ જીભ અડાડીને આમ લેપ કરીને વિષ્ટા ખાય. એમને એમ (ગળે) ઉતારે નહિ, વિષ્ટા આમ ચાટે, ચાટીને આમ ચારે કોર સરખું કરીને ભૂંડ (ખાય). કહો, કોને ખરાબ કહેવું ? એ પરમાણુઓ એ સમયની અવસ્થાપણે પરિણમ્યા છે. તે તેનો કાળ અને તે તેનું રૂપ છે. હવે, તેના રૂપમાં

ઇષ્ટ-અનિષ્ટ કલ્પવું કઈ રીતે ? બરાબર છે ? આહા..હા...!

કહે છે, એનો પ્રતિભાસ સ્વભાવ હોવા છતાં... બાપુ ! અહીં તો ધર્મની વાત છે. એથી દુનિયાથી તદ્દન ઊંધી હોય. દુનિયાથી બીજી લાગે. અહીં તો વાસ્તવિક સત્ય શું છે અને એ સત્યમાં અસત્ય ગોટાળો કેમ ઊભો કરે છે ? (તેની વાત છે).

કહે છે, એ પ્રતિભાસ્ય નામ **'(–પ્રતિભાસવાયોગ્ય) પદાર્થો સમૂહને જે મોહરૂપ,...'** ભાવથી. મોહરૂપ ભાવથી દેખે જાણે છે. **'રાગરૂપ,...'** ભાવથી દેખે, જાણે છે. **'દ્વેષરૂપ ભાવથી દેખે છે અને જાણે છે,...'** આમ જાણવા દેખવાનો ભાવ છે એ રીતે જાણવું દેખવું હોય તો એને ઠેકાણે મોહ, રાગ ને દ્વેષ ભાવથી જાણે, દેખે છે. એ ભાવ છે એ મલિન પરિણામ (છે), મિથ્યાત્વ સહિતના મલિન વિકાર છે. કહો, સમજાય છે કાંઈ ?

અહીં તો પ્રવચનમાં જ્ઞેયતત્ત્વનું (નિરૂપણ ચાલે છે). જ્ઞેય એટલે જેવા જ્ઞેય જે રીતે છે તેનું વર્ણન છે. આ જ્ઞેય આત્મા જાણવા દેખવાના ઉપયોગમય છે અને બધા પર જ્ઞેય પ્રતિભાસ થવાલાયક જ્ઞેય છે. એ સિવાય એમાં ત્રીજું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...!

એ પદાર્થ સમૂહને જે મોહરૂપ ભાવથી, રાગરૂપ ભાવથી, દ્વેષરૂપ ભાવથી, પર્યાયથી દેખે જાણે છે તેનાથી જ મલિન થાય છે. દેખો ! ઉપરક્ત એટલે મલિન વિકાર. તેનાથી જ વિકાર થાય છે. કર્મથી થાય એમ નથી કહ્યું. એ જ્ઞાનને જાણવા દેખવાથી નથી કહ્યું. પરવસ્તુ જણાય દેખાય એનાથી નથી કહ્યું. વચમાં મોહ ને રાગ-દ્વેષ ઊભો કરીને દેખે જાણે તેનાથી મલિન થાય છે. બરાબર છે ? કહો, આમાં સમજાયું આમાં કાંઈ ?

ક્યાંના ક્યાંય છોકરા હતા, બાયડીનો જીવ ક્યાંય હતો. એક થોરમાં હતો, એક લીમડામાં હતો, અહીં ભેગા થઈ ગયા. ક્યાં એમાં કોને (મારા) કહેવા ? સમજાણું કાંઈ ? એ (એક જણાએ) પ્રશ્ન કર્યો હતો. (સંવત) ૧૯૮૭માં ! ૧૯૮૬નું 'અમરેલી'નું ચોમાસુ પૂરું થયું ને ? ત્યાં 'ચિતળ' ગયા, આ 'મનસુખ'નું સગપણ કરવું હતું ને ? સગપણ કર્યું. (એક જણાએ પૂછ્યું) 'મહારાજ ! આ શી રીતે જોડાતું હશે ?' કીધું, શું જોડાય ? ધૂળ ! એક આવે ક્યાંક થોરમાંથી અને એક આવે ક્યાંક ઇયળમાંથી ! આ બધા (કહે) ભેગા (થયા). કોને કહેવા ભેગા ? અને કોને કહેવા જુદાં ? બાપુ ! જુદી ચીજો છે. (સંવત) ૧૯૮૬માં 'અમરેલી'નું ચોમાસુ પૂરું કરીને ૧૯૮૭માં 'ચીતળ' ગયા હતા ને ? આ પ્રશ્ન કરેલો કે, આ બધો મેળ ખાય જાય છે, આ મૂરતીયો અને આ કન્યા. શું હશે ? (બે વચ્ચે) કાંઈ હશે ? શું હોય ?

ધૂળ...! કોઈને એવા પૂર્વ કર્મનો મેળ હોય. બાકી તો એક ક્યાંનો (અને બીજો ક્યાંનો) ? અને તે પણ ભિન્ન ભિન્નને કારણે. કો'ક ઈયળમાંથી જીવ આવ્યો અને કો'ક થોરમાંથી આવ્યો. નિગોદમાં અનંત થોર પડ્યા છે. અહીં આ મારા ને આ મને ઇષ્ટ અને આ મને અનિષ્ટ, એની કલ્પનાથી માંડીને સંસારનું ઘર ઊભું કર્યું છે.

મુમુક્ષુ :– પાછા જુદા પડી જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જુદા તે (એવા) પડે કે, અનંતકાળમાં કોઈ દિ' ક્યાંય ભેગા પણ થાય નહિ. કાંઈ મેળ ન મળે કે, આ શું છે ?

મુમુક્ષુ :– લંકાની લાડી અને ઘોઘાનો વર !

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ઈ કહે છે એવું પણ અંદરમાં માને છે ક્યાં ? માનવું જોઈએ કે, ઈ ક્યાંના ક્યાં ? કોઈ કોઈના છે નહિ. કોઈ કોઈની ચીજ છે નહિ. આમ કહે કે, આ છોકરા ઉપર મને એવો પ્રેમ થાય છે ને કોણ જાણે શું છે ? તારા રાગને લઈને (એવું લાગે છે). શું છે શું વળી ? મફતનો શેની માંડી ? પેલાને સારું લગાડવા. ચાર છોકરામાં પેલો કાંઈક જરી સેવા-બેવા કરતો હોય (એટલે એમ કહે કે), આના ઉપર મને પ્રેમ આવે છે. ઓ..હો...! શું છે ? મૂઢ મોહ ઊભો કરીને તું મોહને લડાવે છો. સમજાય છે કાંઈ ? સાચી વાત છે કે નહિ ? અને તમારે તો છ છોકરા છે લ્યો ! આમને વળી દસ ! કોને દસ અને છ ? કહેવા કોના ? આહા..હા...! જગતની વાત !

અનંત જ્ઞેય છે એ પોતપોતાને કારણે પરિણમીને ટકી રહ્યા છે. એમાં ઈ જાણનાર જોનાર ભગવાનઆત્મા ! એ પરવસ્તુને મોહ અને રાગ-દ્વેષે જોવે એ જ એને બંધન છે. એ જ એની મલિનતા થાય. જુઓ ! તેનાથી જ મલિનતા થાય. એટલે એ પોતે જ મલિન છે, એમ. કર્મથી મલિનતા થાય છે કે જાણવું દેખવું (થાય છે) એ મલિનતાનું કારણ નથી. આ વચ્ચે લપ નાખીને જોયું એ જ મલિનતાનું કારણ છે. બરાબર છે ? ભાઈ ! ન્યાયથી તો એને સમજવું પડશે કે નહિ ?

**'જે આ ઉપરાગ (–મલિનતા, વિકાર) છે...'** ઈ તો ઉપરક્ત કહો કે ઉપરાગ કહો (બન્ને એકાર્થ છે). એ મલિનતા વિકાર છે **'તે ખરેખર...'** જીવને **'સ્નિગ્ધ-રૂક્ષત્વસ્થાનીય ભાવબંધ છે.'** ચીકાશ અને લુખાશમાં સમાન તે જીવને ભાવબંધની પર્યાય ભાવબંધ છે. ઓ..હો...! ક્યાંનો આવ્યો અને ક્યાં ગુંચાણો ! આ અમારો સંપ્રદાય, આ અમારા ત્યાગી, અમારા સાધુ અને આ અમારા (ફલાણા)... ક્યાં બાપા તારા કોણ છે ? ભાઈ ! હજી તને

ખબર (નથી), તું જ્ઞાનસ્વરૂપ જાણનાર દેખનાર (છો). આ મારા શિષ્યો (છે) એને માટે તમારે આટલું કરવું પડે, એને અમારે સાથ દેવો પડે. ઈ કંઈ ભૂલ કરે તો એની ભૂલને ગોપવવી પડે, દુનિયામાં પ્રસિદ્ધ થયેલી હોય તોપણ ! કહે છે, એણે દેખવામાં જાણવામાં મોહની લપ નાખી છે. રાગ-દ્વેષને કારણે એ દેખે જાણે છે.

**'તે ખરેખર સ્નિગ્ધ-રૂક્ષત્વસ્થાનીય...'** જુઓ ! (મૂળ ગ્રંથમાં) નીચે (ફૂટનોટમાં) ખુલાસો (છે). સ્નિગ્ધ એટલે ચીકાશપણું. રૂક્ષત્વ એટલે લુખાપણું. સ્થાનીય એટલે સમાનતા. સ્નિગ્ધ-રૂક્ષ સ્થાનીય. એટલે સ્નિગ્ધતા-રૂક્ષતા સ્થાનીય એટલે સમાન. ચીકાશ ને લુખાશ જેમ પરમાણુમાં પુદ્‌ગલમાં ભેગું થવામાં, પુદ્‌ગલે પુદ્‌ગલમાં ચીકાશ અને લુખાશ બે, ચાર, ત્રણ, પાંચ આદિ ચીકાશના અંશો હોય તો આ બે ભેગા થઈને આ દેખાય છે. ઈ એના સ્નિગ્ધ ને લુખાશના ભાવ જડમાં હોય છે. એના સમાન આત્મામાં રાગ-દ્વેષની ચીકાશનો ભાવ આત્મામાં હોય છે. કહો, સમજાણું ?

**'તે ખરેખર...'** સ્નિગ્ધત્વ નામ ચીકાશપણું જેમ જડમાં છે અને લુખાપણું જેમ જડમાં છે એમ આત્મામાં એના સમાન આત્મામાં રાગ-દ્વેષ અને મોહ એ ભાવબંધ (છે એ) ચીકાશ સમાન અને લુખાશ સમાન છે. જુઓ ! ભાવબંધ ! ઓ..હો...! જાણન દેખન ભગવાન ! એને જાણન દેખનપણે ન રાખે અને આ રીતે દેખે તે ભાવબંધ છે. એ ભાવબંધને ટાળવાનો ઉપાય જાણન દેખનમય મારો ઉપયોગ એકલો આખો આત્મા જ્ઞાન દર્શન ઉપયોગ સ્વરૂપ પૂર્ણ છું. એવો આશ્રય દૃષ્ટિને ઉપયોગનો મળે એટલે આત્માનો મળે એટલે ઈ ચીકાશ લુખાશનો જે સમાન મોહ છે એ ઉત્પન્ન થાય નહિ. કહો, સમજાણું ?

**'વળી તેનાથી જ જરૂર પૌદ્‌ગલિક કર્મ બંધાય છે.'** જુઓ ! આવા ભાવબંધના મોહ ને રાગ-દ્વેષના પરિણામ કરે એનાથી જરૂર નવા પૌદ્‌ગલિક કર્મ બંધાય છે. **'આમ આ દ્રવ્યબંધનું નિમિત્ત ભાવબંધ છે.'** આ નવા બંધનું નિમિત્ત આ ભાવબંધ છે. જીવે મોહ ને રાગ-દ્વેષથી જોવા દેખવાનું ઊભું કર્યું એ ભાવબંધ (છે). નવા દ્રવ્યબંધનું આ ભાવબંધ નિમિત્ત કારણ છે. પેલો બંધાવાનો યોગ તો એનો પર્યાય છે. પરમાણુનો જડનો બંધાવા યોગ્ય તો એનો પર્યાય (છે), નિમિત્તપણે આને કહેવામાં આવે છે.

એનો અર્થ એ નથી કે, આણે મોહ ને રાગ-દ્વેષ કર્યો એટલે પરમાણુને દ્રવ્યબંધપણે થવું પડ્યું, એમ નથી. જો એને દ્રવ્યબંધ આને કારણે થાય તો આ નિમિત્ત રહ્યું નહિ. એ તો એનું કરનારું થઈ ગયું એટલે એમાં ઘુસી ગયો. સમજાણું કાંઈ આમાં ? આ નિમિત્તમાં

મોટા ગોટા છે ને ?

અહીં કીધું કે આ નિમિત્ત છે. દેખો ! એનો અર્થ શું ? તે સમયમાં જેવો આણે ભાવબંધ કર્યો એ જ પ્રમાણે પરમાણુ સ્કંધ જગતના કર્મવર્ગણાને યોગ્ય છે એ કર્મપણે પરિણમવાની લાયકાતવાળા પોતાથી તે પરિણમ્યા છે. તે પરિણમવાને લાયક તે કાળે એ રીતે પરિણમવાની યોગ્યતાથી તે પરિણમ્યા છે. તેથી આના ભાવના રાગ-દ્વેષને નિમિત્ત કહેવામાં આવે છે. આણે રાગ-દ્વેષ કર્યો માટે કર્મને પરિણમવું પડ્યું એમ છે નહિ. સમજાણું કાંઈ ? **'આ આ દ્રવ્યબંધનું નિમિત્ત ભાવબંધ છે.'** લ્યો ! ૧૭૬ (ગાથા પૂરી) થઈ. હવે એક ગાથા દ્વારા ત્રણ બંધની વ્યાખ્યા કરે છે.

**'હવે પુદ્‌ગલબંધનું સ્વરૂપ, જીવબંધનું સ્વરૂપ અને તે બન્નેના બંધનું સ્વરૂપ જણાવે છે :–'** ત્રણ પ્રકારના બંધનું સ્વરૂપ એક ગાથામાં જણાવે છે. પુદ્‌ગલ પુદ્‌ગલપણે જુના અને નવાનો બંધ કેમ થાય ઈ પુદ્‌ગલબંધ. જીવને વિકારનું પરિણમન (તે) જીવબંધ અને બન્નેનું એક ક્ષેત્રમાં વિશિષ્ટ નિમિત્ત-નૈમિત્તિક સંબંધે રહેવું એ ઉભયબંધ (કહેવાય છે). ૧૭૭ (ગાથા).

**फासेहिं पोग्गलाणं बंधो जीवस्स रागमादीहिं।**
**अण्णोण्णमवगाहो पोग्गलजीवप्पगो भणिदो।।१७७।।**

**રાગાદિ સહ આત્મા તણો, ને સ્પર્શ સહ પુદ્‌ગલ તણો,**
**અન્યોન્ય જે અવગાહ તેને બંધ ઉભયાત્મક કહ્યો. ૧૭૭.**

ઓ..હો...! જ્ઞેયનું સ્વરૂપ કઈ રીતે સ્વતંત્ર જ્ઞેયો પોતાથી પરિણમી, બદલીને ટકી રહ્યા છે એના પ્રકારના વર્ણનમાં આ ત્રણ બંધનું સ્વરૂપ સ્વતંત્ર છે એમ બતાવે છે.

**'પ્રથમ તો અહીં, કર્મને જે સ્નિગ્ધતા-રૂક્ષતારૂપ સ્પર્શવિશેષો...'** શું કહે છે ? કર્મમાં જે ચીકાશ અને લુખાશરૂપ સ્પર્શવિશેષ (છે) એટલે બે ગુણ, ચાર ગુણ, છ ગુણ, આઠ ગુણ કે ત્રણ ને પાંચ વગેરે જેમ છે ને ? એ **'(–ખાસ સ્પર્શો) સાથે એકત્વપરિણામ તે કેવળ પુદ્‌ગલબંધ છે;...'** એ જૂના કર્મ અને નવા કર્મનું થવું એ એકત્વ પરિણામ તે કેવળ પુદ્‌ગલબંધ છે. એ પુદ્‌ગલ પુદ્‌ગલમાં પણ નવામાં બે, ત્રણ, ચાર, અનંત પરમાણુના સ્કંધો, એની ચીકાશ, લુખાશની બે, ચાર, ત્રણ, પાંચ આદિની યોગ્યતા પ્રમાણે બંધાય એનું નામ

अथ पुद्‌गलजीवतदुभयबंधस्वरूपं ज्ञापयति -

**फासेहिं पोग्गलाणं बंधो जीवस्स रागमादीहिं।**
**अण्णोण्णमवगाहो पोग्गलजीवप्पगो भणिदो।।१७७।।**
**स्पर्शैः पुद्‌गलानां बंधो जीवस्य रागादिभिः।**
**अन्योन्यमवगाहः पुद्‌गलजीवात्मको भणितः।।१७७।।**

यस्तावदत्र कर्मणां स्निग्धरूपक्षत्वस्पर्शविशेषैरकत्वपरिणामः स केवलपुद्‌गलबंधः। यस्तु जीवस्यौपाधिकमोहरागद्वेषपर्यायैरेकत्वपरिणामः स केवलजीवबंधः। यः पुनः जीव कर्मपुद्‌गलयोः परस्परपरिणामनिमित्तमात्रत्वेन विशिष्टतरः परस्परमवगाहः स तदुभयबंधः ।।१७७।।

---

एवं भावबंधकथनमुख्यतया गाथाद्वयेन द्वितीयस्थलं गतम्। अथ पूर्वनवतरपुद्‌गलद्रव्यकर्मणोः परस्परबंधो, जीवस्य तु रागादिभावने सह बंधो, जीवस्यैव नवतरद्रव्यकर्मणा सह चेति त्रिविधबंधस्वरूपं प्रज्ञापयति - फासेहिं पोग्गलाणं बंधो स्पर्शैः पुद्‌गलनां बंधः।

---

પુદ્‌ગલબંધ કહેવામાં આવે છે અથવા જૂના કર્મ સાથે નવા બંધાય એમાં પણ એની સ્પર્શની ચીકાશ, લુખાશની યોગ્યતા પ્રમાણે બંધન થાય છે. સમજાણું કાંઈ ? શું કહ્યું ?

કર્મને જે ચીકાશ અને લુખાશરૂપ સ્પર્શવિશેષ (એટલે) ખાસ સ્પર્શ – બે, ચાર, ત્રણ, પાંચ, સાત, નવ, અગિયાર, તેર વગેરે, સોળ, અઢાર જે એને યોગ્ય છે એ પ્રમાણે ચીકાશ-લુખાશના ખાસ સ્પર્શથી એકત્વપરિણામ (થાય તે). નવા પુદ્‌ગલો કર્મ બંધાય એમાં પણ આવા સ્પર્શવિશેષને કારણે એકત્વપરિણામ થાય. જૂના સાથે નવા થાય એને પણ આ રીતે એકત્વ પરિણામ થાય. સમજાણું કાંઈ ?

**'એકત્વપરિણામ તે કેવળ પુદ્‌ગલબંધ છે;...'**

પ્રશ્ન :– જૂના-નવા ભેગા થઈને બંધાય ?

સમાધાન :– કેમ ? બંધાતા નથી ? જૂના પડ્યા હોય અને નવા પાછા નથી આવતા ? એમાં પણ ચીકાશ-લુખાશની યોગ્યતાથી સ્કંધરૂપે થાય છે. ત્યાં એની મેળાએ સ્કંધરૂપે થાય છે ને ? પૂર્વના પડ્યા (હતા) અને નવા આવ્યા ઈ પણ એની ચીકાશ-લુખાશની યોગ્યતા

पूर्वनवतरपुद्गलद्रव्यकर्मणोर्जीवगतरागादिभावनिमित्तेन स्वकीयस्निग्ध-रूक्षोपादानकारणेन च परस्परस्पर्शसंयोगेन योऽसौ बंधः स पुद्गलबंधः। जीवस्स रागमादीहिं जीवस्य रागादिभिः। निरुपरागपरमचैतन्यरूपनिजात्मतत्त्वभावनाच्युतस्य जीवस्य यद्रा-गादिभिः। सह परिणमनं स जीवबंध इति। अण्णोण्णमवगाहो पोग्गलजीवप्पगो भणिदो अन्योन्यस्यावगाहः पुद्गलजीवात्मको भणितः। निर्विकार स्वसंवेदनज्ञानरहितत्वेन स्निग्धरुक्षस्थानीयरागद्वेषपरिणतजीवस्य बंधयोग्य स्निग्धरूक्षपरिणामपरिणतपुद्गलस्य च योऽसौ परस्परावगाहलक्षणः स इत्थंभूतबंधो जीवपुद्गल इति त्रिविधबंधलक्षणं ज्ञातव्यम्।।१७७।।

---

હવે પુદ્ગલબંધનું સ્વરૂપ, જીવબંધનું સ્વરૂપ અને તે બંનેના બંધનું સ્વરૂપ જણાવે છે :–

**રાગાદિ સહ આત્મા તણો, ને સ્પર્શ સહ પુદ્ગલ તણો,**
**અન્યોન્ય જે અવગાહ તેને બંધ ઉભયાત્મક કહ્યો. ૧૭૭.**

અન્વયાર્થ :– [स्पर्शैः] સ્પર્શો સાથે [पुद्गलानां बंधः] પુદ્ગલોનો બંધ [रागादिभिः जीवस्य] રાગાદિક સાથે જીવનો બંધ અને [अन्योयम् अवगाह्ः] અન્યોન્ય અવગાહ તે [पुद्गलजीवात्मकः भणितः] પુદ્ગલજીવાત્મક બંધ કહેવામાં આવ્યો છે.

---

પ્રમાણે ત્યાં સ્કંધરૂપે થાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! કોણ એને કહે છે કે, એલા આ પૂર્વના પરમાણુ ચાર સ્પર્શવાળા છે અને નવા હોય તો છ થઈને અહીં છપણે આ થાય અથવા છ આ છે ને પેલા ચાર છે અને ચોંટીને છરૂપે થાય, અ..હો...! એનો પર્યાયનો સ્વભાવ !

સત્તાના કર્મ સાથે નવો બંધ થાય છે તે પણ તેના સ્પર્શવિશેષને કારણે બંધ થાય છે. સમજાય છે ? સમજાય છે કે નહિ ? ભાઈ ! નવા રજકણે રજકણ ભેગા થઈને સ્કંધરૂપે બંધાય એમાં પણ તેના સ્પર્શવિશેષ જે બે, ચાર, ત્રણ, પાંચ, સાત, નવ, અગિયાર, તેર, સોળ, અઢાર એની જે યોગ્યતા છે એ પ્રમાણે એ નવા સ્કંધ થાય. જૂના સાથે નવાનો બંધ પણ આ પ્રમાણે (તેની) યોગ્યતાએ સ્કંધનું બંધન થાય છે. સમજાણું કાંઈ ? બધા સ્કંધે

ટીકા :– પ્રથમ તો અહીં, કર્મને જે સ્નિગ્ધતા – રૂક્ષતારૂપ સ્પર્શવિશેષો (–ખાસ સ્પર્શો) સાથે એકત્વપરિણામ તે કેવળ પુદ્ગલબંધ છે; અને જીવને જે ઔપાધિક મોહ–રાગ–દ્વેષરૂપ પર્યાયો સાથે એકત્વપરિણામ તે કેવળ જીવબંધ છે; વળી જીવ અને કર્મપુદ્ગલને જે પરસ્પર પરિણામના નિમિત્તમાત્રપણે વિશિષ્ટતર પરસ્પર અવગાહ તે ઉભયબંધ છે (અર્થાત્ જીવ અને કર્મપુદ્ગલ એકબીજાને પરિણામમાં નિમિત્તમાત્ર થાય એવો (ખાસ પ્રકારનો) જે તેમનો એકક્ષેત્રાવગાહસંબંધ તે પુદ્ગલજીવાત્મક બંધ છે). ૧૭૭.

---

સ્કંધો એની ચીકાશ લુખાશની યોગ્યતા પ્રમાણે આ બધા બંધરૂપ થઈને આહાર વર્ગણાની આ સ્થિતિ ઊભી થઈ છે. કંઠ ને આ ને આ ને આ.. આ.. આ (રૂપે થયા છે તે) આત્માને લઈને નહિ. અહીં તો કર્મબંધની વાત છે પણ આ નોકર્મમાં પણ એમ છે. આ બધા સૌ સૌને કારણે (બંધાયા છે). આમાં અનંત સ્કંધ છે. આ બધું એક સ્કંધ નથી. એમાં જે એક એક સ્કંધ રૂપે એના સ્કંધોમાં બે, ચાર, ત્રણ, પાંચ વગેરેની યોગ્યતા હોય તે તે પ્રકારે તેનો બંધ થાય છે. એવો જ એનો પર્યાયધર્મ છે. અહીં તો કર્મનું વર્ણન છે. સમજાણું કાંઈ ?

**'કર્મને જે સ્નિગ્ધતા-રૂક્ષતારૂપ સ્પર્શવિશેષો (–ખાસ સ્પર્શો)...'** ખાસ સ્પર્શો એમ. એકલો સ્પર્શ એમ નહિ પણ એના જે ખાસ (સ્પર્શો) હોય એ. બે, ચાર આદિ. એની સાથે **'એકત્વપરિણામ...'** લ્યો ! એની યોગ્યતાથી બે એકત્વપરિણામ (થાય) **'તે કેવળ પુદ્ગલબંધ છે;...'** એકલો પુદ્ગલનો બંધ છે. ઈ એકત્વપરિણામ સ્કંધની યોગ્યતાવાળું થવું એ પુદ્ગલબંધ છે.

**'અને જીવને જે ઔપાધિક મોહ-રાગ-દ્વેષરૂપ પર્યાયો સાથે એકત્વપરિણામ તે કેવળ જીવબંધ છે;...'** ભાષા જુઓ ! એવી લીધી. ઓ..હો...! ભગવાન જાણન દેખન અબંધ (અસ્પર્શી). અબંધ અને અસ્પર્શી ચીજના અનુભવ વિના, એની દૃષ્ટિ વિના, એના આશ્રય – આલંબન વિના ભગવાન પોતાને ભૂલીને **'ઔપાધિક મોહ-રાગ-દ્વેષરૂપ પર્યાયો...'** જુઓ ! ઈ ત્રણે પર્યાયો છે. મોહ ને રાગ ને દ્વેષરૂપ વિકારી પર્યાયો સાથે. એ જીવને ઔપાધિક પરિણામ સાથે એકત્વપરિણામ. એ જીવને ઉપાધિ પર્યાય સાથે એકત્વપરિણામ **'તે કેવળ જીવબંધ છે;...'** હજી તો લોકોને સમજવું કઠણ (પડે). કહો, સમજાણું કાંઈ ?

**'જીવને જે ઔપાધિક મોહ-રાગ-દ્વેષરૂપ પર્યાયો સાથે...'** ભગવાન ત્રિકાળ સ્વભવ(ને)

વિકારી પર્યાય સાથે એકત્વપરિણામ – એકરૂપ પર્યાય (થાય) તે કેવળ જીવબંધ – એકલો જીવબંધ છે. પેલો એકલો પુદ્ગલબંધ છે, આ એકલો જીવબંધ છે. વિકાર બંધવૃત્તિરૂપ થયો ને ? સ્વભાવ શુદ્ધ (છે). સ્ફટિકનો દાખલો આપ્યો છે ને ? ભગવાનઆત્મા નિર્મળાનંદ શુદ્ધ ઉપયોગ ચૈતન્યમય, એ ઉપયોગમાં આનંદ આદિ એની શુદ્ધતાનો આખો ભંડાર, એવા સ્વભાવ સાથે, એવી ચીજ સાથે મોહ અને રાગ-દ્વેષની પર્યાયનું એકત્વ પરિણામ (થવા) – એકપણું થવું એને ભાવબંધ કહે છે. સમજાણું ?

સાત તત્ત્વમાં આવે છે ને ? જીવ, અજીવ, આસ્રવ, બંધ. તો બંધ શું છે એને જાણવો પડશે ને ? સાત તત્ત્વમાં બંધતત્ત્વ આવે છે ને ? અજીવનો બંધ, જીવનો બંધ, એને જાણનારો આત્મા. જાણનારો થયો પછી એ બંધ પૃથક્ રહ્યો, એ બંધને એકત્વપરિણામ થતાં નથી. જાણનાર દેખનાર ભગવાન, એવા સ્વભાવનું ભાન (થયા) પછી બંધ સાથે એકત્વપરિણામ (થતા) નથી. એ પૃથક્ ભેદ છે. ત્યારે એણે બંધને જાણ્યો કહેવાય. સમજાણું કાંઈ ?

બે વાત થઈ – એક પુદ્ગલોનું ચોંટવું. એની સ્પર્શની જે ખાસ યોગ્યતા છે એનાથી એકત્વપરિણામને પામે તેને પુદ્ગલબંધ કહેવામાં આવે છે અને જીવને મલિનતા કેમ થઈ ? નિર્મળાનંદ પ્રભુ હોવા છતાં એને મોહ ને રાગ-દ્વેષના ઉપાધિ પરિણામ સાથે એકત્વપર્યાય થઈ એને ભાવબંધ કહે છે. નિરાળી ચીજ તો ભાવબંધ તણા ક્ષણિક (ભાવથી) ત્રિકાળી શુદ્ધ નિરાળું તત્ત્વ છે. છતાં પર્યાયમાં ભાવબંધનો ભાવ ઉત્પન્ન થયો. બુદ્ધિ પર્યાય ને મોહ ને રાગ-દ્વેષ ઉપર છે માટે.

વસ્તુ સ્વભાવ તો એમને એમ છે તે છે, પણ મોહ ને રાગ-દ્વેષના પરિણામને કારણે એક સમયની પર્યાયમાં ઉપાધિથી એકપણાના પરિણામરૂપ ભાવબંધ ઊભો થયો છે. સમજાણું કાંઈ ? અરે...! પોતાનું કામ કરવું હોય એને આમાં વખત ક્યાં છે ? કો'કની સાથે ઝગડા કરવાનો (સમય) છે ? આહા..હા...!

મુમુક્ષુ :– વખત મળતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મળતો નથી, એ પણ છે. પરના પડની આડે સમજવાનો વખત પણ મળતો નથી. ભાઈ ! પરની પીંજણ પીજવા બેઠો (એમાં) પોતાનું વિખાણું. શું છે ? હું ક્યાં છું ? આ શું છે ? ક્યાં જઈશ ? શું થાશે ? બે દિ' જાવું પડે તો સાથે ઢેબરા લઈને વિચાર કરે, કોઈ માણસ સાથે હોય, બાયડી એકલી ન જાય, એક છોકરો સારો હોય તો મોઢા આગળ એને સાથે ચલાવે. દસ વરસનો (છોકરો) મોઢા આગળ અને પોતે

પાછળ (ચાલે). એક મોઢા આગળ હોય, ભાતું હોય કારણ કે આપણે બહુ આગળ જાવું છું. શહેરમાં બહુ આઘે જાવું હોય તો એક છોકરો સાથે લઈ જાય. આ છાણ વીણવા જાય તો છોડીયું સાથે એક છોકરો લઈ જાય છે ! એમ અહીંથી ક્યાં જાવું છે ? કોઈ સાથે છે ? ભાઈ ! આ બધા સાથે આવશે કે નહિ ? આહા..હા...!

કહે છે, ભાઈ ! તને બંધ ચોંટ્યો કેમ ? તને આ બંધનું ભૂતડું – વળગાડ વળગ્યો કેમ ? કે, ભગવાન ઉપયોગમય જ્ઞાનાનંદ છે એની સંભાળ કરી નહિ માટે. એ ભાવબંધનું ભૂતડું વળગ્યું છે. બીજો તો કાંઈ વળગાડ નથી. બાયડી, છોકરા, કર્મ, નોકર્મ એ તો વ્યવહાર વળગાડ છે. એ કર્મનું વ્યવહાર નિમિત્ત (છે એમ) કહેશે. નિશ્ચયથી તને આ વળગાડ વળગ્યો છે. સમજાણું કાંઈ ? વળગાડ આપણી કાઠિયાવાડી ભાષા છે. હિન્દીમાં કાંઈક હશે. શું હશે ? એ..ઈ...! અમારે વળગાડ કહીએ, તમારી હિન્દી ભાષા શું (છે) ? ચોંટતા હૈ ! આ નથી કહેતા ? આ બાઈ ચોંટી. વળગાડ ! ભૂતડું વળગે ને (એને) અમારે વળગાડ કહે છે.

કહે છે, ઓ..હો...! આ કોણ કરે ? કહે છે. એ પુદ્ગલમાં, એ પરમાણુઓમાં એ વસ્તુની પર્યાયનો એનો ધર્મ (છે). એની સ્નિગ્ધતા, રૂખાશની જેટલી બંધને માટે યોગ્યતા જોઈએ એવા ખાસ સ્પર્શપણે પરિણમતા પરમાણુઓ એ એને કારણે પુદ્ગલે પુદ્ગલનો બંધ – એકપણાનો પર્યાય દેખાય છે. અને જીવ પોતાના જ્ઞાયક સ્વરૂપના ઉપયોગને ભૂલી દુનિયાને રાજી કરવા મથ્યો અને દુનિયાથી રાજી થવા ઊભો રહ્યો. દુનિયાને રાજી કરવા રોકાણો અને દુનિયાથી રાજી થવા મલકાયો. આહા..હા...! એવા મિથ્યા અભિપ્રાય અને રાગ-દ્વેષમાં એના એકત્વપરિણામથી એનું ભાવબંધન છે. એ અરૂપી છે. ભાવબંધન એ અરૂપી છે. પુદ્ગલે પુદ્ગલનો બંધ છે તે રૂપી છે.

હવે, ત્રીજું. અહીં બે બંધનની વાત (કર્યા પછી) ત્રીજા બંધની વાત કરવા માગે છે. સમજાણું કાંઈ ? **'વળી, જીવ અને કર્મપુદ્ગલને જે પરસ્પર પરિણામના...'** પરસ્પર પરિણામના **'નિમિત્તમાત્રપણે...'** આમાં પરસ્પર પરિણામના નિમિત્તમાત્રપણે (એમ કહ્યું). જીવ અને પુદ્ગલ – બે અહીં એકક્ષેત્રાવગાહ ભેગા કેમ રહ્યા ? (એમ) કહે છે. અહીં અંદર આઠ કર્મ છે, આત્મા છે. આત્માએ ભાવબંધ કર્યો, પુદ્ગલે પોતાને કારણે પુદ્ગલબંધ કર્યો. હવે, બે અહીંયાં જોડે કેમ રહ્યા ? આ પુદ્ગલો અહીં રહ્યા અને આની સાથે આ રહ્યો, એની સાથે આત્મા રહ્યો અને આત્મા સાથે (કર્મ રહ્યા). નિમિત્ત-નૈમિત્તિકપણે, હોં ! બીજાના કર્મને ત્યાં એના આત્માનું નિમિત્તપણું (રહ્યું), આના કર્મને આનું નિમિત્ત-નૈમિત્તિકપણું (છે). ઈ

બે કેમ (સાથે રહ્યા) ? કે, એ **'પરસ્પર પરિણામના નિમિત્તમાત્રપણે...'** છે.

**'વિશિષ્ટતર પરસ્પર અવગાહ...'** ઈ પરસ્પર અવગાહ તો જ્યાં કર્મ છે ત્યાં આત્મા રહ્યો છે, આત્મા છે ત્યાં કર્મ રહ્યા છે. પણ ઈ વિશિષ્ટતર પરસ્પર અવગાહ છે. નહિતર તો ત્યાં ધર્માસ્તિ અને અધર્માસ્તિ પણ રહ્યા છે (પણ) એ ખાસ આવો જે વિશિષ્ટતર પરસ્પર અવગાહ એનામાં નથી. આ તો ખાસ (અવગાહ છે). આ વિકાર કરે, ત્યાં (કર્મ) બંધાય એનો ઉદય આવે અને અહીંયાં પોતે વિકાર કરે તો (વિકાર થાય). એવો ખાસ બે વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધવાળો, એને અહીંયાં એકક્ષેત્રાવગાહ રહ્યા એને ઉભયબંધ કહેવામાં આવે છે.

ફરીને, **'જીવ અને કર્મપુદ્ગલને જે પરસ્પર પરિણામના...'** અહીં જીવના પરિણામ (થાય એ) એને નિમિત્ત (છે) અને એના પરિણામ આને (–જીવને) નિમિત્ત. એવા યોગ્ય નિમિત્ત-નૈમિત્તિક થવાની લાયકાતવાળા **'પરસ્પર પરિણામના નિમિત્તમાત્રપણે વિશિષ્ટતર..'** નામ ખાસ **'પરસ્પર અવગાહ...'** એકલો પરસ્પર અવગાહ નહિ. એકલો પરસ્પર અવગાહ તો આત્મા છે ત્યાં આકાશ, ધર્માસ્તિ, કાળ પણ છે. પણ આ પુદ્ગલકર્મને આત્મા સાથે તો વિશિષ્ટતર અવગાહ (છે), પરસ્પર અવગાહ, પાછું. વિશિષ્ટતર અને પરસ્પર ! જ્યાં પુદ્ગલ છે ત્યાં આત્મા છે, આત્મા છે ત્યાં કર્મ છે. બેની વચ્ચે **'નિમિત્તમાત્રપણે વિશિષ્ટતર પરસ્પર અવગાહ તે ઉભયબંધ છે...'** આહા..હા...!

સંતોએ જંગલમાં રહી આત્મા સાધ્યો અને આ શાસ્ત્ર રચાઈ ગયા. આત્મા સાધતા સાધતા શાસ્ત્રો એમને એમ રચાય ગયા, હોં ! એ કાળે રચાવાના હતા. ઈ પુદ્ગલનું અક્ષરનું પરિણમન થાય છે અમે એના કર્તા નથી એમ કહે છે. એ તો એના વિશિષ્ટ ખાસ ચીકાશ-લુખાશની યોગ્યતાપણે અક્ષરો પરિણમે છે અને શબ્દરૂપ થઈને ગ્રંથરૂપ થાય છે, અમારાથી નહિ, અમે એના કર્તા નહિ.

અહીં તો કહે છે, પુદ્ગલકર્મ જૂના અને નવા ભેગા થાય એના અમે કર્તા નહિ. નિમિત્તમાત્ર હો એ જુદી ચીજ છે.

મુમુક્ષુ :– નિમિત્ત તો છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્તમાં કર્તા ક્યાં આવ્યો ? એ માટે તો (કહે) છે. નિમિત્તના લાકડા એમ છે કે, અહીં નિમિત્ત છે માટે ત્યાં થયું. બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ ? એને કારણે એનો બંધ થયો, આત્માને કારણે આત્માનો (બંધ થયો). એને કારણે અહીં

નહિ અને આને કારણે ત્યાં નહિ. પુદ્ગલના બંધને કારણે રાગ-દ્વેષ નહિ અને રાગ-દ્વેષને કારણે પુદ્ગલનો બંધ નહિ. ત્યારે તો પરસ્પર ખાસ નિમિત્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું ?

**'(અર્થાત્ જીવ અને કર્મપુદ્ગલ એકબીજાને પરિણામમાં નિમિત્તમાત્ર થાય એવો...'** નિમિત્તમાત્ર થાય એવો. આને લઈને અહીં (થાય) અને આને લઈને આ (થાય) એમ નહિ. (એમ હોય) તો તો એકબીજાના કર્તા થઈ જાય. જીવે રાગ-દ્વેષ કર્યો માટે કર્મ બંધાણા (એમ) બિલકુલ નહિ. કર્મબંધન થયું માટે અહીં રાગ-દ્વેષ થયો (એમ) બિલકુલ નહિ. ફક્ત પરસ્પર નિમિત્તમાત્ર વિશિષ્ટતર સંબંધથી (તેઓ સાથે રહ્યા છે). **'એવો (ખાસ પ્રકારનો) જે તેમનો એકક્ષેત્રાવગાહ...'** એક ક્ષેત્રમાં રહેવું એવો સંબંધ. નિમિત્ત-નૈમિત્તિકમાત્રથી એક ક્ષેત્રમાં રહેવું. સૌ સૌનું (કામ કરે). એનું કામ ઈ કરે, આનું કામ ઈ કરે. પુદ્ગલનું કામ પુદ્ગલ કરે અને જીવનું કામ જીવ કરે. એક જગ્યાએ રહ્યા છતાં બન્ને બન્નેના કામ ભિન્ન ભિન્ન કરે. કોઈનું કામ કોઈ કરે નહિ. જીવના ભાવબંધનું કામ પુદ્ગલ ન કરે, પુદ્ગલના દ્રવ્યબંધનું કામ જીવ ન કરે. સમજાણું કાંઈ ?

**પ્રશ્ન** :– .... આમાં આવી ગયું ?

સમાધાન :– બધું એમાં આવી ગયું. નિમિત્ત તો માત્ર એક વસ્તુ છે એટલું છે. પણ એને લઈને અહીં થાય અને આને લઈને (ત્યાં) થાય (તો) નિમિત્ત ક્યાં રહ્યું ? આમાં વાંધા ઉઠાવે છે કે નહિ ? લ્યો ! નિમિત્ત કંઈક કર્તા તો લાગે છે, કહે છે. બીજું ગમે ઈ કર્તા કરો. અરે... ભગવાન ! શું થાય ? ભાઈ ! શું કરીશ તું આને ? કર્મનું તારે કરવું છે ? આનું કરવું છે ? શું કરીશ તું ? આહા..હા...!

એકવાર દેહ છૂટવાની સ્થિતિને જોવે તો એને ખબર પડે. જોવે તો ! આમથી આમ જોઈને ચાલ્યો જાય, એમ નહિ. નીરખીને જરી જોવે કે, આ શું છે પણ આ રમતું ? આ દેહ અને આ આત્મા. પેલો પરમેશ્વર અહીં સલવાણો, દૃષ્ટિમાં ! ત્યાં તો થવું હોય ઈ (થાય). અં.હ..હ... એમ કરવા જાય તો ન થાય, એ અં..હ..હ... થવાની શક્તિનો જડનો પર્યાય થવાનો હોય તે થાય. જીવમાં શક્તિ હતી માટે અં..હ..હ... કરે છે એમ નથી. આહા..હા...! ભ્રમણા તો જુઓ ! એમ કે, જીવમાં કંઈક શરીરશક્તિ રહી તો અં..હ..હ... થયું. પણ ઈ અં..હ..હ... થયું ઈ જડનું (થયું), આ અટકી ગયો ઈ જડનું (કાર્ય થયું). આત્માએ રાગમાં રાગના પરિણામ સાથે એકત્વ થઈને એની સામું જોયું, બાકી બીજું કાંઈ કર્યું નથી. સમજાણું કાંઈ ?

**'(તેમનો એકક્ષેત્રાવગાહ...)'** અવગાહ એટલે રહેવું – વ્યાપવું. એવો સંબંધ **'તે પુદ્ગલજીવાત્મક બંધ છે).'** કહો, બરાબર છે ? ત્રણ બંધ સિદ્ધ થઈ ગયા. ત્રણ બંધ ! ત્રણ બંધ થયા ને ? પુદ્ગલબંધ, જીવબંધ અને ઉભયબંધ – ત્રણની વ્યાખ્યા થઈ.

ફરીને, ઉપરથી જુઓ. પુદ્ગલો જે પરમાણુઓ છે, રજકણો (છે), એ રજકણોમાં ચીકાશ લુખાશની અધિકતા હિનતાની જે યોગ્યતાએ બંધ થાય તેવા ખાસ વિશેષ પરમાણુના ચીકાશ લુખાશને લઈને કર્મનું બંધન છે. કર્મના પુદ્ગલો બંધાય છે. એને આત્મા બાંધતો નથી અને આત્મા જાણવા દેખવાના સ્વભાવવાળો હોવા છતાં મોહ અને રાગ-દ્વેષના ચશ્મા નાખીને બીજાને જોવે દેખે છે. ભગવાનઆત્મા જાણવા દેખવાના સ્વભાવવાળો હોવા છતાં આ મારા, હું એનો, આ ઇષ્ટ અને અનિષ્ટ – એવી મલિન પર્યાય દ્વારા જાણવા દેખવાનું કામ કરે છે એ મલિન પર્યાય તેને ભાવબંધ રૂપ છે. એને ભાવબંધ રૂપ છે. અને પરમાણુએ પરમાણુ ભેગા થઈને ચીકાશ લુખાશની યોગ્યતાએ બંધ પડે એ દ્રવ્યબંધ છે અને બન્નેનું પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકપણે રહેવું અને એક જગ્યાએ ખાસ નિમિત્તપણાને કારણે રહેવું એને બેને ઉભયબંધ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં ?

જેને બંધ જાણીને છેદવો હોય એણે આને સમજી કે, મારા કારણે મને બંધ છે, કર્મને લઈને નહિ, બીજા દ્રવ્યને લઈને નહિ, કુટુંબને લઈને નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રને લઈને નહિ. મારા(પણે) જોવા જાણવામાં, મારા અને તારા(પણાની) માન્યતા અને ઇષ્ટ-અનિષ્ટનો રાગ-દ્વેષ (કરે છે) એ તને દુઃખદાયક બંધ છે. એ સંસાર અને અધર્મ છે. એ અધર્મ ટાળવો હોય, ભાવબંધનો એક સમયનો પર્યાય જો ટાળવો હોય તો ત્રિકાળી અબંધ સ્વરૂપી ભગવાનઆત્મા ઉપયોગ દર્શન જ્ઞાનમય છે, આનંદમય છે એવા ચૈતન્યની ઉપર દૃષ્ટિ કરવાથી એના ભાવબંધનો મિથ્યાત્વ ભાવ ઉત્પન્ન થતો નથી. આ એનો ધર્મનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. કહો, બરાબર છે ?

કર્મનું બંધ નહિ એ તો નિમિત્ત છે. બાયડી, છોકરા, કુટુંબ ને આ દુનિયાની ચીજોનું બંધન જીવને છે જ નહિ. એ તો બહારની ચીજ છે. એનું બંધન એના જાણવા દેખવાના ચશ્મા મૂકીને વચમાં મોહ, રાગ-દ્વેષના ચશ્મા આડમાં નાખે છે એથી જ્ઞેયને જ્ઞેય તરીકે ન જાણતા આ જ્ઞેય મારું, આ ઇષ્ટ ને અનિષ્ટ (છે), એવી માન્યતાપૂર્વક રાગ અને દ્વેષને ઊભા કરે છે એ એને દુઃખદાયક અધર્મ અને ભાવબંધ છે.

મુમુક્ષુ :– કરવાના ભાવ થઈ જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ કહે છે થઈ જાય છે ? મફતનો ત્યાં ગોથા ખાય છે.

પ્રશ્ન :– પણ વિચાર કરે કોણ ?

સમાધાન :– લાવે છે માટે કરે છે. એ રાગ લાવે છે, અંદર ડોકિયું મારે છે. આમ થઈ જાય. પછી (કહે), હું દુકાને જાતો નથી. પણ અહીં અંદર તો દરરોજ જાય છે ! છોકરો ના પાડે, 'કંઈ કામ નથી, બાપુ ! તમે અહીં રહો.' આને જરૂર નહિ. ઈ ત્યાં જાય તો હવે એને કાંઈ આવડે નહિ. બેસે અમસ્તા, થોથાની જેમ ! છોકરાઓ ને નોકરોને ઈ બધા (કામ) કરે. કોણ ઊભા કરે છે ? કર્મ ઊભા કરે છે ?

મુમુક્ષુ :– ઈ તો આપ બતાવો કે, કોણ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંદર એને મૂર્ચ્છા ભ્રમણા આવે (છે), ભ્રમણા ! એ આનું આમ થઈ ગયું, આનું આમ થઈ ગયું, આનું આમ કરીએ તો, આનું આમ કરીએ તો... એ... વિકલ્પની મોહની જાળ ઊભી કરી. અંદર પાછો સમાધાન પણ કરે ! ઈ છોકરો સંભાળી લેશે કાં તો આમ કરી નાખીએ, ફલાણું થઈ જશે... એમ કરીને માળો ગડબડ ગડબડ ઊભી કરે છે ને ! ઈ ઊભી કરે છે, એની મેળાએ નથી થતી. એની મેળાએ ક્યાંથી થાય ? ધૂળમાં થાય ? એની મેળાએ તો આનંદ થાય. જ્ઞાનસ્વરૂપ સહજ સ્વભાવની દૃષ્ટિ કરે તો જ્ઞાન અને આનંદ થાય. આ તો કૃત્રિમતા ઊભી કરે છે. અંદર પ્રેમ છે, રસ છે રસ ! કોઈને ટેલિફોન આવે અને સમાધાન કરે, દુકાન ઠીક ચાલે છે, વાંધો નહિ. અને આ મગજમાં વિકલ્પથી સમાધાન કરે (કે), ઠીક ચાલે છે, અંદર ટેલિફોન ઈ કરે છે ! ભાઈ ! હવે આ બધું કરવાનું છે. બે ચાલ્યા ગયા, જોયું નહિ ? આવ્યું કોઈ સાથે ? ધૂળેય ધૂળ નથી, બધા થોથે થોથાં ! મફતની માંડી છે.

ઢોરા ઉપર પીંજણ ! ઈ સમજાય છે ? ઊંચી જમીન હોય ને ? ઊંચી ખુલ્લી ! અને પીંજારા નથી હોતા ? પીંજારા ! ટાંક હોય છે ને ? એને મારે.. શું કહેવાય એનું ઈ ? લાકડાનું હોય ને ? ધોકો ! પણ ઈ તો ઉપર પવન હોય તો બધું ક્યાંય ઊડીને ચાલ્યું જાય. ત્યાં હેઠે કાંઈ ભેગું ન થાય. એટલે અમારા કાઠિયાવાડમાં ઈ કહે છે, ઢોરા ઉપર પીંજણ ! સમજાય છે કે નહિ ? તમારે હિન્દીમાં કાંઈક હશે.

મુમુક્ષુ :– ઢોરા ઉપર પીંજણ હવા મેં નહીં કરતે, કમરે મેં કરતે હૈં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હાં, કમરે મેં કરે. નહિતર આમ આમ ધોકો મારે ત્યાં છૂટું પડતું જાય અને પવન લાગતો જાય એટલે એક પુમડી આમ જાય અને એક પુમડી આમ જાય.

ત્યારે તારી તળાઈ કે દિ' થાય ? સમજાય છે ? એમ અજ્ઞાની પોતાના સ્વભાવને ભૂલી અને ઢોરા ઉપર પીંજણ કરે (છે). ઊંચો થઈને કરે, હું કાંઈક આવો છું, હું કાંઈક આવો છું અને આ મારા આ છે. એ... રાગ ને દ્વેષ ને મોહની પીંજણ કરે અને ચાર ગતિમાં રખડે.

મુમુક્ષુ :– આમાં તો ન ભેગું થાય ત્યાં તો થાતું હશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાં પણ થાતું નથી. શું થયું છે ? ભેગું કે દિ' થયું છે ? ઈ તો પરમાણુ પરમાણુ (ભેગા થઈને રહ્યાં છે). અહીં શું કહે છે ? એક સ્કંધની યોગ્યતાના કારણે બધા ભેગા થઈને ત્યાં પડ્યા છે. એ તારા કારણે નહિ. એ રૂપિયો ત્યાં પડ્યો છે અને અહીં આવે છે (એ) એના સ્કંધની યોગ્યતાના ચીકાશની તારમ્યતાને કારણે એ આવે અને જાય છે. એ શક્તિ એના પરિણમનમાં, કોઈ ભૂકો થાય, કોઈ કટકા થાય કે ભેગું થાય (ઈ) એની યોગ્યતાથી થાય છે, તારે કારણે બિલકુલ નહિ. આહા..હા...!

માળો પણ જ્યાં હોય ત્યાં મંડી પડ્યો ! અહીં આવ્યો તો અહીં, નરકમાં જાય તો ત્યાં (મંડી પડે), ઢોરમાં જાય તો ત્યાં (મંડી પડે). હાથી થાય તો પૂછડું આમ ને મોઢું આમ... શું કહેવાય ? સૂંઢ ! આ જાણે આ બધું આ ! અરે...! પણ એ તો બધા જ્ઞેયો જડની પર્યાય (છે), તારે અને એને કાંઈ સંબંધ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં ૧૭૭ (ગાથામાં) ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' ત્રણ બંધ સિદ્ધ કર્યા.

મુમુક્ષુ :– એક બંધ જાય એટલે બધા ચાલ્યા જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાવબંધ ગયો એટલે દ્રવ્યબંધ ગયો અને એકક્ષેત્રાવગાહ પણ ગયો, બધું જાય. એક વિકાર, મોહ, મિથ્યા ભાવ – મેં આનું કર્યું ને મારાથી આ થાશે ને મેં આનું કરી દીધું ને મેં આ દયા પાળી ને મેં આનું આ કર્યું... જે જગતના જ્ઞેયો જાણવા લાયક છે એને ઠેકાણે પાળવા લાયક છે, રક્ષા કરવા લાયક છે અને મારવા લાયક છે – એવી માન્યતાનો મિથ્યા મોહ, અજ્ઞાન (છે). એણે ભાવબંધના લાકડા નાખ્યા છે. એને સ્વભાવની દૃષ્ટિ (થતી નથી). કોણ સ્વભાવ ? શું છે ? એની દૃષ્ટિ કરે તો નાશ થાય, બીજો કોઈ નાશ થવાનો ઉપાય નથી.

अथ द्रव्य बंधस्य भावबंधहेतुकत्वमुज्जीवयति -

**सपदेसो सो अप्पा तेसु पदेसेसु पोग्गला काया।**
**पविसंति जहाजोग्गं चिट्ठंति य जंति बज्झंति।।१७८।।**
**सप्रदेशः स आत्मा तेषु प्रदेशेषु पुद्गलाः कायाः।**
**प्रविशन्ति यथायोग्यं तिष्ठन्ति च यान्ति बध्यन्ते।।१७८।।**

अयमात्मा लोकाकाशतुल्यासंख्येयप्रदेशः। अथ तेषु तस्य प्रदेशेषु कायवाङ्ममनो-वर्गणालंबनः परिस्पंदो यथा भवति तथा कर्मपुद्गलकायाः स्वयमेव परिस्पंदवन्तः प्रविशन्त्यपि तिष्ठन्त्यपि गच्छन्त्यपि च। अस्ति चेज्जीवस्य मोहरागद्वेषरूपो भावो वध्यन्तेऽपि च। ततोऽवधार्यते द्रव्यबंधस्य भावबंधो हेतुः।।१७८।।

---

अथ 'बंधो जीवस्स रागमादीहिं' पूर्वसूत्रे यदुक्तं तदेव रागत्वं द्रव्यबंधस्य कारणमिति विशेषेण समर्थयति - सपदेसो सो अप्पा स प्रसिद्धात्मा लोकाकाशप्रमितासंख्येयप्रदेशत्वात्तावत्सप्रदेशः। तेसु पदेसेसु पोग्गला काया तेषु प्रदेशेषु कर्मवर्गणायोग्यपुद्गलकायाः कर्तारः पविसंति प्रविशन्ति। कथम्। जहाजोग्गं मनोवचनकायवर्गणालंबनवीर्यन्तरायक्षयोपशमजनितात्मप्रदेश-परिस्पंदलक्षणयोगानु-सारेण यथायोग्यम्। न केवलं प्रविशन्ति चिट्ठंति हि प्रवेशानन्तरं स्वकीयस्थितिकालपर्यन्तं तिष्ठन्ति हि स्फुटम्। न केवलं तिष्ठन्ति जंति स्वकीयोदयकालं प्राप्य फलं दत्त्वा गच्छन्ति, बज्झंति रुपेण बध्यन्ते च। अत एतदायातं रागादिपरिणाम एव द्रव्यबंधकारणमिति। अथवा द्वितीय व्याख्यानम् - प्रविशन्ति प्रदेशबंधास्तिष्ठन्ति स्थितिबंधाः फलं दत्वा गच्छन्त्यनुभागबंधा बध्यन्ते प्रकृतिबंधा इति।।१७८।।

---

હવે દ્રવ્યબંધનો હેતુ ભાવબંધ છે એમ પ્રગટ કરે છે :–

**સપ્રદેશ છે તે જીવ, જીવપ્રદેશમાં આવે અને,**
**પુદ્‌ગલસમૂહ રહે યથોચિત્ત, જાય છે, બંધાય છે. ૧૭૮.**

**અન્વયાર્થ :–** [सः आत्मा] તે આત્મા [सप्रदेशः] સપ્રદેશ છે; [तेषु प्रदेशेषु] એ પ્રદેશોમાં

[पुद्‌गलाः कायाः] પુદ્‌ગલસમૂહો [प्रविशन्ति] પ્રવેશે છે, [यथायोग्यं तिष्ठन्ति] યથાયોગ્ય રહે છે, [यान्ति] જાય છે [च] અને [बध्यन्ते] બંધાય છે.

**ટીકા :–** આ આત્મા લોકાકાશતુલ્ય અસંખ્ય પ્રદેશવાળો હોવાથી સપ્રદેશ છે. તેના એ પ્રદેશોમાં કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાના આલંબનવાળો પરિસ્પંદ (કંપ) જે પ્રકારે થાય છે, તે પ્રકારે કર્મપુદ્‌ગલના સમૂહો સ્વયમેવ પરિસ્પંદવાળા વર્તતા થકા પ્રવેશે પણ છે, રહે પણ છે અને જાય પણ છે; અને જો જીવને મોહ–રાગ–દ્વેષરૂપ ભાવ હોય તો બંધાય પણ છે. માટે નક્કી થાય છે કે દ્રવ્યબંધનો હેતુ ભાવબંધ છે. ૧૭૮.

**કારતક વદ ૧૪, ગુરુવાર તા. ૧૪-૧૧-૧૯૬૩**
**ગાથા – ૧૭૮, ૧૭૯**
**પ્રવચન નંબર–૧૮૩-E**

'પ્રવચનસાર' જ્ઞેય અધિકાર ચલતા હૈ. જ્ઞેય અધિકાર ! જ્ઞાન મેં જાનને યોગ્ય જો જ્ઞેય ઉસકા ક્યા સ્વરૂપ હૈ વહ કહતે હૈં. ૧૭૭ (ગાથા) આ ગઈ. ૧૭૮ (ગાથા).

**'અબ, ઐસા બતલાતે હૈં કિ દ્રવ્યબંધ કા હેતુ ભાવબંધ હૈ :–'** ક્યા કહતે હૈં ? આત્મા જ્ઞાન, દર્શન, આનંદ શુદ્ધ સ્વરૂપ હૈ. ઉસે ચૂકકર આત્મા કે પ્રદેશ મેં જો પરિસ્પંદ કંપન હોતા હૈ ઔર આત્મા મેં જો રાગ-દ્વેષ ઔર મોહ, ઐસા પરિણામ હોતા હૈ વહ ભાવબંધ કહલાતા હૈ. યહ ભાવબંધ દ્રવ્યબંધ કા નિમિત્ત હૈ. નયે જડ કર્મ કા દ્રવ્યબંધ હોતા હૈ ઉસમેં વહ ભાવબંધ નિમિત્ત હૈ.

**'દ્રવ્યબંધ કા હેતુ ભાવબંધ હૈ :–'** દેખો ! સમજ મેં આયા ? આત્મા જૈસા ભાવ (કરતા હૈ) ઔર (આત્મ) પ્રદેશ મેં (જો) કંપન (હોતા હૈ), સ્વભાવ કો ભૂલકર જિતના મોહ – મિથ્યાત્વ ભાવ ઔર રાગ-દ્વેષ ભાવ કરતા હૈ વહ ભાવબંધ હૈ. વહ નયે જડકર્મ કા હેતુ – નિમિત્ત હૈ. સમજ મેં આતા હૈ ?

મુમુક્ષુ :– રાગ ન કરે તો બંધ ન હો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિકાર ન કરે તો બંધ કી યોગ્યતા ન હો. બંધ મેં બંધ હોને કી યોગ્યતા ભી ન હો. વિકાર ન કરે... અભી વહ ૧૭૯ (ગાથા મેં) આયેગા. યહાં તો અભી હેતુ બતલાતે હૈં. દેખો ! ૧૭૮ (ગાથા).

**सपदेसो सो अप्पा तेसु पदेसेसु पोग्गला काया।**
**पविसंति जहाजोग्गं चिट्ठंति हि जंति बज्झंति।।१७८।।**

ઉસકી ટીકા. **'યહ આત્મા...'** હૈ વહ **'લોકાકાશતુલ્ય અસંખ્યપ્રદેશી હોને સે સપ્રદેશ હૈ.'** ક્યા કહતે હૈં ? કિ, એક પરમાણુ હૈ પરમાણુ – Point – રજકણ, વહ જિતની જગહ રોકે ઉતની જગહ કો યહાં પ્રદેશ કહતે હૈં. ઐસા આત્મા અસંખ્યપ્રદેશી ચૌડા હૈ. સમજ મેં આયા ? આત્મા દેહ સે ભિન્ન (હૈ). યહ શરીર ઔર કર્મ સે ભિન્ન (હૈ). અસંખ્યપ્રદેશી આત્મા હૈ. અસંખ્ય પ્રદેશ કા અર્થ – એક પરમાણુ જિતની જગહ રોકે ઉતની જગહ કો પ્રદેશ કહને મેં આતા હૈ. ઐસા આત્મા અસંખ્યપ્રદેશી હૈ.

કહતે હૈં કિ, **'યહ આત્મા લોકાકાશતુલ્ય...'** સંખ્યા કહતે હૈં, હં ! લોકાકાશ (મેં) વ્યાપક (હૈ), ઐસા નહિ. જિતને લોકાકાશ કે અસંખ્ય પ્રદેશ હૈં ઉતને અસંખ્યપ્રદેશી હોને સે, ઉતના ચૌડા (હૈ), ઐસા નહિ (પરંતુ) ઇતની સંખ્યા મેં **'સપ્રદેશ હૈ.'** આત્મા સપ્રદેશ હૈ. અસંખ્યપ્રદેશ હોને સે સપ્રદેશ હૈ. કાળાણુ આદિ તો અપ્રદેશી હૈ. ઉસકા દૂસરા પ્રદેશ હૈ નહીં. આત્મા અસંખ્યપ્રદેશી (હૈ) ઇસલિયે સપ્રદેશ હૈ.

(યહાં) પહલે કંપન લેના હૈ. **'ઉસકે ઇન પ્રદેશોં મેં...'** આત્મા કે પ્રદેશોં મેં **'કાયવર્ગણા,...'** (અર્થાત્) ઇસ શરીર કી વર્ગણા, ઇસ પરમાણુ કી મિટ્ટી. વર્ગણા યાની જડ કા સમૂહ. ઐસી **'વચનવર્ગણા...'** વચન કે પરમાણુ કા સમૂહ. **'ઔર મનોવર્ગણા...'** યહાં મન કે રજકણ કા સમૂહ. ઉસકે **'આલંબનવાલા...'** ઉસકા આલંબન નામ નિમિત્તવાલા. અપના **'પરિસ્પન્દ (કમ્પન) જિસ પ્રકાર સે હોતા હૈ,...'** આત્મા મેં અસંખ્ય પ્રદેશ મેં કંપન (હોતા હૈ), જો મન-વચન-કાય કી વર્ગણા કે નિમિત્ત મેં અપને મેં જિતના, જિસ પ્રકાર કા કંપન હોતા હૈ, **'ઉસ પ્રકાર સે કર્મપુદ્ગલ કે સમૂહ સ્વયમેવ પરિસ્પન્દવાલે હોતે હુએ...'** ક્યા કહતે હૈં ? જબ આત્મા અપને અસંખ્ય પ્રદેશ મેં કંપન – પરિસ્પંદ કરતા હૈ... સમજ મેં આતા હૈ ? સમજ મેં આતા હૈ યા નહીં ?

આત્મા વસ્તુ અંદર ભિન્ન હૈ ન ? યહ તો શરીર હૈ. કર્મ મિટ્ટી – ધૂલ હૈ. અંદર

આઠ કર્મ હૈ વહ ભી ધૂલ હૈ, અજીવ ધૂલ – મિટ્ટી હૈ. વાણી ભી ધૂલ હી હૈ. ધૂલ ઉડતી હૈ, દેખો ! વહ આત્મા નહીં. આત્મા તો અંદર મેં અસંખ્ય પ્રદેશ ચૌડા (હૈ). ઉસ અસંખ્ય પ્રદેશ મેં મન-વચન-કાયા કી વર્ગણા જો જડ સમૂહ હૈ ઉસકે નિમિત્ત સે અપને પ્રદેશ મેં પરિસ્પંદ નામ કંપન નામ કંપતા હૈ. પરિસ્પંદ – કંપન !

વર્ગણા કા આલંબનવાલા. આલંબન (નામ) નિમિત્તવાલા. વહ વર્ગણા જિસમેં નિમિત્ત હૈ. ઐસે આત્મા મેં અસંખ્ય પ્રદેશ મેં પરિસ્પંદ હોતા હૈ. તો જિસ પ્રકાર સે કંપન હોતા હૈ, **'ઉસ પ્રકાર સે કર્મપુદ્ગલ કે સમૂહ...'** વહ કર્મ હોને યોગ્ય જડ પરમાણુ મિટ્ટી હૈ. કર્મ હોનેયોગ્ય પુદ્ગલ મિટ્ટી જડ ભિન્ન હૈ વે **'સ્વયમેવ પરિસ્પંદવાલે હોતે...'** હૈં. ઉસકે પ્રદેશ સ્વયમેવ કંપનવાલે હોતે હૈં.

(પરિસ્પંદવાલે) **'હોતે હુએ પ્રવેશ ભી કરતે હૈં,...'** આત્મા અસંખ્યપ્રદેશી હૈ વહાં કંપન કે પ્રમાણ મેં જડ પરમાણુ કા સમૂહ અંદર પ્રવેશ કરતે હૈં. પ્રદેશ કી સંખ્યા સે પ્રવેશ કરતે હૈં. ઉસે પ્રદેશબંધ કહતે હૈં. ભાઈ ! સમજ મેં આતા હૈ ? આત્મા અસંખ્ય પ્રદેશી વસ્તુ કા જિતના કંપન હોતા હૈ ઉસ પ્રમાણ મેં પરમાણુ (જો) કર્મ હોને યોગ્ય (હોતે હૈં વે) સ્વયમેવ અપને કારણ સે (પ્રવેશ કરતે હૈં). કંપન હુઆ તો ઉસે પ્રવેશ કરના પડા, ઐસા નહીં. પરમાણુ મેં ઉસ સમય મેં પરિસ્પંદ હોકર અસંખ્યપ્રદેશી આત્મા હૈ ઉસમેં પ્રવેશ કરતે હૈં. એકક્ષેત્રાવગાહ કે રૂપ મેં પ્રવેશ કરતે હૈં. અસંખ્ય પ્રદેશ મેં ઘૂસ જાતે નહીં.

જહાં અસંખ્ય પ્રદેશી આત્મા, યહાં કંપન કે પ્રમાણ મેં ઉસ પરમાણુ કી યોગ્યતા સે કર્મવર્ગણા કા સમૂહ હૈ (જો) સ્વયમેવ કંપનવાલા હૈ (ઉસમેં) સ્વયમેવ કંપન હોકર, અસંખ્ય પ્રદેશી જો આત્મા હૈ ઉસમેં પ્રદેશ કી સંખ્યા સે પ્રવેશ કરતે હૈં. ભાઈ ! સંપ્રદાય મેં તો ઐસા કભી સુના ભી નહીં હોગા. દયા પાલો, બસ ! હો ગયા.

દેખો ! **'કર્મપુદ્ગલ કે સમૂહ સ્વયમેવ...'** ઐસા કહતે હૈં. આત્મા મેં કંપન હુઆ તો ઉસ કારણ સે કર્મ કો આના પડા, ઐસા નહીં. ઐસા નહીં. વહ કર્મ કી વર્ગણા સ્વયમેવ કંપનવાલી હૈ વહ અપની યોગ્યતા સે અંતરમેં પ્રવેશ કરતી હૈ. સમજ મેં આયા ? બાદ મેં બંધ કિસે હોતા હૈ ઔર (કિસે) બંધ નહીં હોતા હૈ, દોનોં બાત ૧૭૯ (ગાથા મેં) કહેંગે. યહાં તો અભી બંધ કી બાત કરતે હૈં ન ?

**'રહતે ભી હૈં,...'** આત્મા કા જિતના મોહ, રાગ-દ્વેષ પરિણામ હૈ ઉસ પ્રમાણ મેં સ્થિતિરૂપ પુદ્ગલ વહાં રહતે હૈં. રહતે હૈં વહ સ્થિતિ હૈ. સમજ મેં આયા ? આત્મા કે પ્રદેશ (મેં)

જિસ પ્રકાર સે કંપન હોતા હૈ ઉસ પ્રકાર સે કર્મયોગ્ય પરમાણુ સ્વયમેવ – અપને કારણ સે પ્રવેશ કરતે હૈં ઔર અપને કારણ સે વહાં સ્થિતિરૂપ રહતે હૈં, ટિકતે હૈં.

**'ઔર જાતે ભી હૈં;...'** ઔર અનુભાગ હોકર ક્ષય ભી ઉસકે કારણ સે હોતે હૈં. સ્વયમેવ ઉસકા પાક આ જાયે તો જાતે હૈં, નાશ હોતા હૈ. (લેકિન) ઉસકે કારણ સે (હોતા હૈ). **'ઔર યદિ જીવ કે મોહ-રાગ-દ્વેષરૂપ ભાવ હોં...'** યદિ ઉસમેં કંપન કે સાથ જિતને પ્રમાણ મેં મિથ્યાત્વ ભાવ હો કિ, મૈં પર દ્રવ્ય કા કર સકતા હૂં, પર દ્રવ્ય સે મેરે મેં (કાર્ય) હોતા હૈ, મુજે જો પાપ ભાવ (હોતા) હૈ વહ ઠીક હૈ, પુણ્ય ભાવ હો તો મુજે ધર્મ હોતા હૈ, ઐસી જો મિથ્યાશ્રદ્ધા હૈ ઉસે મોહભાવ કહતે હૈં ઔર ઉસકે સાથ રાગ ઔર દ્વેષ (હોતા હૈ), જો પરજ્ઞેય જાનને લાયક હૈ ઉસમેં ઇષ્ટ-અનિષ્ટ(પના) માનકર જિતને પ્રમાણ મેં આત્મા મેં મોહ ઔર રાગ-દ્વેષ હોતા હૈ ઉતને પ્રમાણ મેં વે (કર્મ) પ્રકૃતિ બંધતી ભી હૈં. સમજ મેં આયા ? ચારોં આ ગયે – પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ઔર અનુભાગ. સમજ મેં આયા ?

(લોગોં કો) અભ્યાસ નહીં, જૈનદર્શન મેં જન્મ લિયા ફિર ભી તત્ત્વ ક્યા હૈ ? તત્ત્વ કા ક્યા સ્વરૂપ હૈ ? (ઉસકી) ખબર નહીં ઔર ધર્મ કરના (હૈ), કહાં સે ધર્મ હોગા ? આત્મા ક્યા ચીજ હૈ ? ઉસમેં કૈસે કંપન હોતા હૈ ? ઉસમેં મોહ, રાગ-દ્વેષ ભાવ કૈસે હોતે હૈં ? ઔર વહી નયે દ્રવ્યકર્મ મેં બંધ હેતુ કહને મેં આતા હૈ. કહો, સમજ મેં આયા ? ફિર, બંધ કા નાશ કૈસે હોતા હૈ વહ બાત ૧૭૯ (ગાથા મેં) કહેંગે.

(અજ્ઞાની ઐસા કહતે હૈં આત્મા) સર્વવ્યાપક હૈ, એક હૈ યા એક ઈશ્વર હૈ. કરો ઉસકી ભક્તિ ! અરે...! લેકિન ઈશ્વર તો યહ આત્મા હૈ. ઈશ્વર તો સિદ્ધ હો ગયે તો ગયે, વે કહાં આત્મા કો મદદ કરતે હૈં ? ઐસા આતા હૈ, હં, ભાઈ ! 'ધવલ' કે તેરહવેં (ભાગ મેં ઐસા) આતા હૈ કિ, સર્વ જીવ કે અનુગ્રહ મેં ભગવાન તત્પર હૈં. લો ! વ્યવહાર-ગ્રંથ મેં ઐસે શબ્દ બહુત આતે હૈં. અનુગ્રહ કરને મેં તત્પર ! ભગવાન અનુગ્રહ કરને મેં તત્પર હૈં. ઐસી ભાષા પકડ લે તો ઐસા અર્થ સમજ મેં નહીં આતા હૈ. ઉસમેં હૈ. કહાં હૈ ?

કૈસા હૈ ભગવાન ? ૩૭વીં ગાથા હૈ. 'જગત મેં શ્રેષ્ઠ જિન ભગવાન જો ઉનકો નહીં પ્રાપ્ત હુએ ઐસે અન્ય જીવોં કા ભી અનુગ્રહ કરને મેં તત્પર રહતે હૈં...' શબ્દ પકડે તો કામ નહીં આતા. વહ તો નિમિત્ત સે કથન હૈ. ઉસકા અર્થ કિ, જિસકી સમજને કી

તૈયારી હૈ ઉસે ભગવાન નિમિત્ત પડતે હૈં, તબ ભગવાન અનુગ્રહ કરને મેં તત્પર હૈં, ઐસા કહને મેં આતા હૈ. વે તો વીતરાગ હૈં. શબ્દ તો ઐસા પડા હૈ, દેખો ! 'अणुवगये पराणुगह परायणा' બસ, દેખો ! ભાષા કા અર્થ પકડે કિ, ઇસમેં લિખા હૈ, ઇસમેં લિખા હૈ... વહ સબ લિખા હૈ (ક્યોંકિ યહ) વ્યવહારનય કા ગ્રંથ હૈ. વ્યવહારપ્રધાનતા સે બહુત કથન આતે હૈં.

પાઠ તો ઐસા લિયા હૈ કિ, 'જીવોં કા અનુગ્રહ કરને મેં તત્પર રહતે હૈં...' તત્પર રહતે હૈં ! વીતરાગ સર્વજ્ઞદેવ (તત્પર રહતે હૈં). લો, યહ 'ધવલ' (હૈ). અંદર 'વીરસેનસ્વામી' કી ગાથાએઁ હૈં. (અન્ય જીવોં કા) કલ્યાણ હો, ભગવાન કો વિકલ્પ હોતા હોગા ? ભગવાન તો વીતરાગ હૈં, વે તો સર્વજ્ઞ હૈં. જીવોં કા કલ્યાણ હો, ઐસી ઉન્હેં ભાવના હોતી હોગી ? વે કરુણાસંપન્ન હી કહને મેં આતે હૈં. અકષાયભાવ ઉત્પન્ન હુઆ, વીતરાગભાવ ઉત્પન્ન હુઆ ઉસમેં સબ જીવોં પર કરુણા કરનેવાલા ઔર અનુગ્રહ કરને મેં તત્પર હૈં, ઐસા ઉપચાર સે કહને મેં આતા હૈ. આહા..હા...! સમજ મેં આયા ? વીતરાગ તો સર્વજ્ઞદેવ હૈં, પરમાત્મા હૈં, પૂર્ણ વીતરાગ (હૈં), ઇચ્છા ભી નહીં હૈ. ઇચ્છા ભી નહીં હૈ કિ, વાણી નિકલે યા નહીં નિકલે. વે તો એક સમય મેં તીન કાલ તીન લોક કો જાનતે - દેખતે હૈં. ઉસ સમય મેં વાણી નીકલેગી, ઉસ સમય વહ સમજેગા, ઉસ સમય મેં વહ સુનેગા (ઐસા) સબ કેવલજ્ઞાન મેં જાના હૈ. ભાષા કા અર્થ કરે તો કહે કિ, 'વીરસેનસ્વામી' ને ઐસા કહા હૈ. તેરહવેં ભાગ મેં ઐસા કહા હૈ. યે તો અભી પઢતા થા ન ? શુક્લધ્યાન ! ઉસમેં દેખતે દેખતે યહ આ ગયા. સમજ મેં આયા ? ક્યા કહા ? દેખો !

'अणुवगये' જિન્હેં નહીં પ્રાપ્ત હુએ ઉન્હેં પ્રાપ્ત હોતે હૈં, 'ઐસે અન્ય જીવોં કા ભી અનુગ્રહ કરને મેં તત્પર રહતે હૈં ઔર ઉન્હોંને રાગ-દ્વેષ, મોહરૂપ વિજય પ્રાપ્ત કર લી હૈ. ઇસલિયે વે અન્યથાવાદી નહીં હો સકતે.' ભગવાન સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ, જિન્હેં રાગ-દ્વેષ (ઔર) અજ્ઞાન નાશ હુઆ. પૂર્ણ સર્વજ્ઞપદ પ્રાપ્ત હુઆ (તો વે) અન્યથાવાદી નહીં હૈં, વાણી તો યથાર્થ નીકલતી હૈ ઔર દુનિયા કે પ્રતિ અનુગ્રહ કરને મેં તત્પર (હૈં). અનુગ્રહ જિસે હોતા હૈ ઉસમેં નિમિત્ત પડતે હૈં (ઉસે) તત્પર કહને મેં આયા. ગૂલાંટ ખાકર (દૂસરી રીત સે) બાત કહી. સમજ મેં આયા ?

(ઐસા પઢકર લોગ કહતે હૈં કિ), દેખો ! ભગવાન કો ભી સમકિત કે આઠ આચાર હૈં. નિઃશંક, નિઃકાંક્ષિત, કરુણા, વાત્સલ્ય (ઇત્યાદિ). જગત પર વાત્સલ્ય હૈ. સમકિત કે

આઠ બોલ આતે હૈં ન ? પરંતુ વાત્સલ્ય (કા અર્થ) ક્યા ? પ્રેમ હૈ ? વિકલ્પ હૈ ?

યહાં કહતે હૈં કિ, ભગવાન તો મોહ, રાગ-દ્વેષ રહિત હૈં ઔર આત્મા અનાદિકાલ (કા) હૈ, જિસમેં મોહ ઔર રાગ-દ્વેષ હોતે હૈં. મોહ નામ મિથ્યાત્વ ભાવ. મિથ્યાત્વ ભાવ (યાની) પાપ પરિણામ હોતે હૈં (ઉસમેં) ઠીક (લગતા) હૈ, હિત લગતા હૈ, પુણ્ય પરિણામ વિકાર (હૈ), રાગ કા પરિણામ પુણ્ય હૈ ઉસમેં ધર્મ માનતા હૈ, પરપદાર્થ કો મૈં લે સકૂં, છોડ સકૂં, ઐસી જો માન્યતા હૈ વહ મિથ્યાત્વ ભાવ હૈ. ઉસ મિથ્યાત્વ ભાવ કે સાથ રાગ-દ્વેષ ભાવ (હોતે) હૈં વહી ભાવબંધ હૈ, વહી ભાવબંધ હૈ ઔર ઉસકે કારણ સે નયે કર્મ આકર પ્રકૃતિરૂપ હોકર બંધતે હૈં. સમજ મેં આયા ?

**'ઇસલિયે નિશ્ચિત હોતા હૈ કિ દ્રવ્યબંધ કા હેતુ ભાવબંધ હૈ.'** લો ! ઇસલિયે નિશ્ચય હુઆ કિ, જડ બંધ – નયા કર્મ કા બંધ હોતા હૈ ઉસમેં જીવ કા ભાવબંધ પરિણામ હેતુ નામ નિમિત્ત કહને મેં આતા હૈ. ઉપાદાન તો ઉસકી પર્યાય મેં આને કી, બંધને કી યોગ્યતા સે કર્મ સ્વયમેવ (આતે હૈં). ઇસલિયે સ્વયમેવ શબ્દ લિયા હૈ. સ્વયમેવ અપને કારણ સે પ્રવેશ કરતે હૈં, સ્થિતિ રહતી હૈ, અનુભાગ હોતા હૈ ઔર બંધતે હૈં. ઉસકે કારણ સે (હોતા હૈ). ઉસમેં ભાવબંધ કો નિમિત્ત કહને મેં આતા હૈ. બસ ! ઇતની બાત હૈ. સમજ મેં આયા ?

**'અબ, ઐસા સિદ્ધ કરતે હૈં કિ – રાગ પરિણામમાત્ર જો ભાવબંધ હૈ સો દ્રવ્યબંધ કા હેતુ હોને સે વહી નિશ્ચયબંધ હૈ :–'** વાસ્તવ મેં બંધ તો વિકારી ભાવ – મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ કે પરિણામ (હૈં). રાગ શબ્દ કા અર્થ મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ, ચીકના ભાવ. મિથ્યા અભિપ્રાય – જૂઠા અભિપ્રાય ઔર રાગ-દ્વેષ. ઇન તીનોં કો યહાં રાગ શબ્દ સે કહને મેં આયા હૈ.

**'અબ, ઐસા સિદ્ધ કરતે હૈં કિ – રાગ પરિણામમાત્ર જો ભાવબંધ હૈ...'** રાગ પરિણામમાત્ર જો ભાવબંધ હૈ, માને ક્યા ? કિ, રાગ, દ્વેષ, પુણ્ય ઔર મિથ્યાત્વ ભાવ જો હુઆ વહી માત્ર ભાવબંધ હૈ, વહી માત્ર ભાવબંધ હૈ. **'સો દ્રવ્યબંધ કા હેતુ હોને સે વહી નિશ્ચયબંધ હૈ :–'** વાસ્તવ મેં તો નિશ્ચયબંધ વહ હૈ. ભગવાનઆત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, અકેલા શુદ્ધ ઉપયોગમય (હૈ), ઉસે ભૂલકર જિતના પુણ્ય ઔર પાપ કા ભાવ હો ઔર જિતના મિથ્યા અભિપ્રાય કા ભાવ હો, વહી નિશ્ચય સે ભાવબંધ કહને મેં આયા હૈ. વહી નિશ્ચય સે આત્મા કો બંધન હૈ. કહો, સમજ મેં આતા હૈ ? જડ કા બંધન તો નિમિત્તરૂપ

अथ द्रव्य बंधहेतुत्वेन रागपरिणाममात्रस्य भावबंधस्य निश्चयबंधत्वं साधयति -

**रत्तो बंधदि कम्मं मुञ्चदिकम्मेहिं रागरहिदप्पा।**
**एसो बंधसमासो जीवाणं जाण णिच्छयदो।।१७९।।**
**रक्तो बध्नाति कर्म मुच्यते कर्मभी रागरहितात्मा।**
**एष बंधसमासो जीवानां जानीहि निश्चयतः।।१७९।।**

यतो रागपरिणत एवाभिनवेन द्रव्यकर्मणा बध्यते, न वैराग्यपरिणतः; अभिनवेन द्रव्यकर्मणा रागपरिणतो न मुच्यते, वैराग्यपरिणत एव; बध्यत एव संस्पृशतैवाभिनवेन

---

एवं त्रिविधबंधमुख्यतया सूत्रद्वयेन तृतीयस्थलं गतम्। अथ द्रव्यबंधकारणत्वान्निश्चयेन रागादिविकल्परूपो भावबंध एव बंध इति प्रज्ञापयति - रत्तो बंधदि कम्मं रक्तो बध्नाति कर्म। रक्त एव कर्म बध्नाति, न च वैराग्यपरिणतः। मुच्चदि कम्मेहिं रागरहिदप्पा बध्नाति

---

હવે, રાગપરિણામમાત્ર એવો જે ભાવબંધ તે દ્રવ્યબંધ હેતુ હોવાથી તે જ નિશ્ચયબંધ છે એમ સિદ્ધ કરે છે :–

**જીવ રક્ત બાંધે કર્મ, રાગ રહિત જીવ મુકાય છે;**
**– આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય જાણજે. ૧૭૯.**

**અન્વયાર્થ :–** [रक्तः] રાગી આત્મા [कर्म बध्नाति] કર્મ બાંધે છે, [रागरहितात्मा] રાગ રહિત આત્મા [कर्मभिः मुच्यते] કર્મથી મૂકાય છે; –[एषः] આ, [जीवानां] જીવોના [बंधसमासः] બંધનો સંક્ષેપ [निश्चयतः] નિશ્ચયથી [जानीहि] જાણ.

---

સે (હૈં). ભાવબંધ હૈ વહી નિશ્ચયબંધ હૈ. યહ ૧૭૯ (ગાથા મેં) કહતે હૈં, દેખો !

**रत्तो बंधदि कम्मं मुच्चदि कम्मेहिं रागरहिदप्पा।**
**एसो बंधसमासो जीवाणं जाण णिच्छयदो।।१७९।।**

द्रव्यकर्मणा चिरसञ्जितेन पुराणेन च न मुच्यते रागपरिणतः; मुच्यत एव संस्पृशतैवाभिनवेन द्रव्यकर्मणा चिरसञ्जितेन पुराणेन च वैराग्यपरिणतो न बध्यते; ततोऽवधार्यते द्रव्यबंधस्य साधकमत्वाद्रागपरिणाम एव निश्चयेन बंधः।।१७९।।

---

कर्म। रक्त एव कर्म बध्नाति, न च वैराग्यपरिणतः। मुच्चदि कम्मेहिं रागरहिदप्पा गुच्यते कर्मभ्यां रागरहितात्मा। मुच्यत एव शुभाशुभकर्मभ्यां रागरहितात्मा, न च बध्यते। एसो बंधसमासो एष प्रत्यक्षीभूतो बंधसंक्षेपः। जीवाणं जीवानां संबंधी। जाण णिच्छयदो जानीहि त्वं हे शिष्य, निश्चयतो निश्चयनयाभिप्रायेणेति। एवं रागपिरणाम एव बंधकारणं ज्ञात्वा समस्तरागादिविकल्पजालत्यागेन विशुद्धज्ञानदर्शनस्वभावनिजात्मतत्त्वे निरंतरं भावना कर्तव्येति ।।१७९।।

---

**ટીકા :–** રાગપરિણત જીવ જ નવા કર્મથી બંધાય છે, વૈરાગ્યપરિણત બંધાતો નથી; રાગપરિણત જીવ નવા દ્રવ્યકર્મથી મુકાતો નથી, વૈરાગ્યપરિણત જ મુકાય છે; રાગપરિણત જીવ સંસ્પર્શ કરતા (–સંબંધમાં આવતા) એવા નવા દ્રવ્યકર્મથી અને ચિરસંચિત (લાંબા કાળથી સંચય પામેલા) એવા જૂના દ્રવ્યકર્મથી બંધાય જ છે, મુકાતો નથી; વૈરાગ્યપરિણત જીવ સંસ્પર્શ કરતા (–સંબંધમાં આવતા) એવા નવા દ્રવ્યકર્મથી અને ચિરસંચિત એવા જૂના દ્રવ્યકર્મથી મૂકાય જ છે, બંધાતો નથી; માટે નક્કી થાય છે કે દ્રવ્યબંધનો સાધકતમ (–ઉત્કૃષ્ટ હેતુ) હોવાથી રાગપરિણામ જ નિશ્ચયથી બંધ છે. ૧૭૯.

---

ઉસકી ટીકા. **'રાગપરિણત...'** રાગ શબ્દ કા અર્થ મિથ્યાશ્રદ્ધા ઔર રાગ-દ્વેષ ભાવ, વિષયકષાય ભાવ (હોતે હૈં ઇન) સબ કો યહાં રાગ કહને મેં આયા હૈ. સમજ મેં આયા ? ક્યા (કહા) ? મિથ્યાશ્રદ્ધા કો ભી યહાં રાગ કહને મેં આયા હૈ. મિથ્યા અભિનિવેશ – સાત તત્ત્વ કી વિપરીત શ્રદ્ધા. 'तत्त्वार्थ श्रद्धानम् सम्यग्दर्शनम्' સાત તત્ત્વ કી જૈસી હૈ વૈસી અંતર મેં શ્રદ્ધા (હોની) ઉસે સમ્યગ્દર્શન (કહને મેં આતા હૈ). ઉસસે વિપરીત શ્રદ્ધા (હૈ) વહ મિથ્યાદર્શન (હૈ). મિથ્યાદર્શન કો ભી યહાં રાગ કહને મેં આયા હૈ. સમજ મેં આયા ?

જીવ કો અજીવ માનના, અજીવ કો જીવ માનના, રાગ કો ધર્મ માનના, પુણ્ય કી

મીઠાશ કરના, પાપ મેં હિતબુદ્ધિ (કરની) યે સબ મિથ્યાત્વ ભાવ હૈં. યહ મિથ્યાત્વ, તત્ત્વાર્થ શ્રદ્ધાન સે વિપરીત ભાવ હૈ. ઉસ ભાવ કો યહાં રાગ કહને મેં આયા હૈ. સમજ મેં આયા ?

**'રાગપરિણત જીવ હી...'** દેખો, ભાષા કૈસી હૈ ! રાગ (અર્થાત્) મિથ્યાશ્રદ્ધા આદિ વિકાર પરિણત જીવ હી. પરિણત (કહા વહ) પર્યાય હૈ. રાગ, દ્વેષ, મિથ્યાશ્રદ્ધા પરિણત જીવ હી **'નવીન દ્રવ્યકર્મ સે બંધતા હૈ,...'** કહો, ઇસમેં સમજ મેં આતા હૈ ? કિસકા બંધ કહા ? ભાવ કા. ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ કો ભૂલકર, જ્ઞાતા-દૃષ્ટા હૈ ઉસે છોડકર – ભૂલકર મિથ્યા શ્રદ્ધા કા જો પરિણામ હુઆ, રાગ-દ્વેષ કા કર્તા હોના, પરદ્રવ્ય કી ક્રિયા કા કર્તા હોના, રાગ-દ્વેષ મેં મીઠાસ કી અનુકૂલતા માનના, ઐસા જો મિથ્યાત્વ ભાવ, ઉસકે સાથ રહનેવાલા ઇષ્ટ-અનિષ્ટ (વસ્તુ મેં હોતા) રાગ-દ્વેષ ભાવ, સબ કો યહાં **'રાગપરિણત જીવ'** કહને મેં આયા હૈ. ઓ..હો...!

**'રાગપરિણત જીવ હી નવીન દ્રવ્યકર્મ સે બંધતા હૈ,...'** નવીન દ્રવ્યકર્મ સે બંધતા હૈ (યહ) વ્યવહાર સંબંધ કહા. દ્રવ્યકર્મ તો અપને કારણ સે બંધતા હૈ, યહ તો પહલે કહ ગયે. પરંતુ ઉસકા સંબંધ કિસે હોતા હૈ ? કિ, રાગ ઔર મિથ્યા શ્રદ્ધા કરનેવાલા જીવ (હૈ) ઉસે બંધન હોતા હૈ.

**'વૈરાગ્યપરિણત નહીં...'** અબ, મહાસિદ્ધાંત લિયા, દેખો ! ક્યા કહતે હૈં ? મૈં તો જ્ઞાતા-દૃષ્ટા હૂં. રાગ ઔર દ્વેષ મલિન પરિણામ ભી વાસ્તવ મેં મેરે નહીં, મૈં તો જ્ઞાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ કા અનુભવ કરનેવાલા હૂં, ઐસા વૈરાગ્યપરિણત – સમ્યક્દૃષ્ટિ જ્ઞાની જીવ. વહ **'વૈરાગ્યપરિણત નહીં બંધતા;...'** સમજ મેં આયા ?

વૈરાગ્ય કી વ્યાખ્યા 'સમયસાર' મેં 'પુણ્ય-પાપ અધિકાર' મેં પહલે લી હૈ. પર સે ઉદાસીન, યહ તો એક સાધારણ બાત હૈ. પરંતુ શુભ-અશુભ દો પ્રકાર કા ભાવ હૈ, વહ દોનોં રાગ હૈ ઉસસે વૈરાગ્ય. ઉસમેં શુભ પરિણામ ઠીક હૈ, અશુભ અઠીક હૈ (ઐસા માનનેવાલા) મિથ્યાદૃષ્ટિ હૈ, વહ રાગપરિણત જીવ હૈ. સમજ મેં આયા ?

પુણ્ય-પાપ અધિકાર મેં લિયા હૈ. વૈરાગ્ય – વૈરાગ્ય કા અર્થ – દેહ, વાણી, મન તો પર હૈં, વે તો મેરે મેં હૈં હી નહીં. પરંતુ પર્યાય મેં શુભ-અશુભ ભાવ હોતા હૈ ઉસસે ભી વૈરાગ્ય, ઉસસે ઉદાસ. મૈં યહ નહીં. મૈં તો જ્ઞાન, દર્શન ઔર આનંદ હૂં. ઐસી જિસકી દૃષ્ટિ હુઈ (વહ) પુણ્ય-પાપ કે દો ભાગ મેં એકરૂપ માનતા હૈ – દોનોં બંધ કા કારણ હૈ. મૈં અબંધ સ્વભાવી આત્મા હૂં. ઐસી જિસકી દૃષ્ટિ હુઈ, ઉસે વૈરાગ્યપરિણત કહને

મેં આતા હૈ. સમજ મેં આયા ? ઉસે ધર્મપરિણત કહને મેં આતા હૈ. વૈરાગ્યપરિણત કહો કિ ધર્મપરિણત કહો, (સબ એકાર્થ હૈ). સમજ મેં આયા ?

ભગવાનઆત્મા ! જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ ઉપયોગમય ચીજ કી દૃષ્ટિ હુઈ તો પુણ્ય ઔર પાપ દોનોં ભાવ એકરૂપ બંધ હૈ, મૈં ઉસસે નિરાલા હૂં, ઐસી જિસકી સમ્યક્ દૃષ્ટિ હુઈ, ઐસા સમ્યક્જ્ઞાન હુઆ ઔર સ્વરૂપ મેં સ્થિરતા કા રાગરહિત પરિણત હુઆ, ઉસે યહાં વૈરાગ્યપરિણત કહને મેં આતા હૈ. સમજ મેં આયા ? વહ આતા હૈ ન ? 'સમયસાર' મેં આતા હૈ. પુણ્ય-પાપ (અધિકાર), દેખો !

ઇસમેં (૧૫૦ ગાથા મેં) યહી શબ્દ હૈ. **'रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो।** યહાં ચલતી ૧૭૯ ગાથા મેં ઐસા કહા). **'रत्तो बंधदि कम्मं मुच्चदि कम्मेहिं रागरहिदप्पा। 'रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो। एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज।।१५०।।'** દેખો ! **'રક્ત અર્થાત્ રાગી અવશ્ય કર્મ બાંધતા હૈ, ઔર વિરક્ત અર્થાત્ વિરાગી હી કર્મ સે છૂટતા હૈ.' ઐસા જો યહ આગમવચન હૈ સો, સામાન્યતયા રાગીપન કી નિમિત્તતા કે કારણ શુભાશુભ દોનોં કર્મોં કો અવિશેષતયા બંધ કે કારણરૂપ સિદ્ધ કરતા હૈ ઔર ઇસલિયે દોનોં કર્મોં કા નિષેધ કરતા હૈ.'** લો, વૈરાગ્ય કા અર્થ યહ હૈ.

પુણ્ય-પાપ કા ભાવ દોનોં મલિન પરિણામ એકરૂપ બંધ કા કારણ હૈ, મૈં ઉનસે ભિન્ન હૂં. શરીર, વાણી, મન, કર્મ તો અજીવ દ્રવ્ય હૈં, ઉનસે તો મૈં ભિન્ન હૂં. વહ અજીવ કી શ્રદ્ધા હુઈ કિ, અજીવ ભિન્ન હૈ ઔર મેરા જીવ ભિન્ન હૈ. ઔર પુણ્ય-પાપ દો આસ્રવ તત્ત્વ હૈં, બંધ કા ભાવ હૈ વહ ભિન્ન હૈ, મેરા જ્ઞાયકસ્વભાવ ઉસ બંધ ભાવ સે ભિન્ન હૈ. ઐસે અપને જ્ઞાયકભાવ કા શ્રદ્ધા-જ્ઞાન કિયા, ઉસે પુણ્ય-પાપ સે વિરાગ હુઆ. વિરાગ હુઆ (માને) ઉપેક્ષિત હુઆ, અપેક્ષિત ન રહા. અપેક્ષિત નામ યહ પુણ્ય હૈ તો ઠીક હૈ, ઐસી અપેક્ષા નહીં. (જો) પુણ્ય-પાપ સે ઉપેક્ષિત હુઆ. ઉપેક્ષિત નામ લક્ષ છોડ દિયા ઔર સ્વભાવ કે લક્ષ મેં આ ગયા, ઐસા વૈરાગ્યપરિણત જીવ નવીન કર્મ સે બંધતા નહીં. સમજ મેં આતા હૈ ?

દેખો ! ક્યા લિખા હૈ ? **'રાગપરિણત જીવ હી નવીન દ્રવ્યકર્મ સે બંધતા હૈ,...'** ઔર **'વૈરાગ્યપરિણત નહીં...'** વૈરાગ્ય કી વ્યાખ્યા યહ હૈ કિ, જો મિથ્યાશ્રદ્ધા કા ભાવ (હૈ) ઔર પુણ્ય-પાપ કા ભાવ (હોતા હૈ ઉન) સબકો રાગ કહા હૈ. શુભ-અશુભ ભાવ ઔર મિથ્યાશ્રદ્ધા –

સબકો યહાં રાગ કહા. ઐસા રાગપરિણત જીવ નયે કર્મ સે બંધતા હૈ. ઐસે રાગ સે વિરક્ત જીવ વૈરાગ્યપરિણત જીવ નયે કર્મ સે બંધતા નહીં.

આ..હા...! દેખો ! વૈરાગ્યપરિણત ઉસે કહા કિ, જિસમેં શુભ-અશુભ ભાવ હોતે હૈં, દોનોં રાગ (હૈ), ઉસસે ઉદાસ હોકર સ્વભાવસન્મુખ કી દૃષ્ટિ મેં રાગરહિત અપની પરિણતિ હુઈ ઉસે યહાં વૈરાગ્યપરિણત જીવ, ધર્મપરિણત જીવ, મોક્ષમાર્ગપરિણત જીવ કહને મેં આતા હૈ. સમજ મેં આયા ? ઐસી બાત હૈ.

**'વૈરાગ્યપરિણત નહીં...'** નહીં માને ? નવીન દ્રવ્યકર્મ સે બંધતા નહીં. કહો, સમજ મેં આયા ? દો બાત હી કહી હૈ. ભગવાનઆત્મા ચિદાનંદ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપ ! ઉસે ભૂલકર જિતના મિથ્યાશ્રદ્ધા ઔર પુણ્ય-પાપ કા ભાવ કરતા હૈ, ઉન સબ કો રાગ પરિણામ કહને મેં આયા હૈ ઔર વહ રાગ હી નયા કર્મ (બંધને મેં) નિમિત્ત હોતા હૈ. વહ રાગી (જીવ) નયે કર્મ સે બંધતા હૈ. ઔર શુભાશુભ પરિણામ સે વૈરાગ્ય હોકર, ઉસકા લક્ષ છોડકર, ઉસકા આશ્રય છોડકર, દયા, દાન, વ્રત કા, શુભ રાગ કા આશ્રય છોડકર – અવલંબન છોડકર – પ્રીતિ છોડકર સ્વભાવ કી રુચિ મેં પરિણમન કરતા હૈ, ઉસે રાગ સે રહિત વૈરાગ્યપરિણત કહને મેં આયા હૈ. કહો, સમજ મેં આયા ? અભી તો પહલી બાત હી ક્યા હૈ વહ સમજ મેં ન આવે, ઉસકી દૃષ્ટિ મેં ન બૈઠે તબ તક સમ્યગ્દર્શન કહાં સે હોગા ? ભાઈ ! બરાબર હૈ ? દેખો ! હિન્દી હૈ હિન્દી ? આજ હિન્દી લિયા. આજ દો હિન્દીભાઈ આયે હૈં તો ઉનકો ભી ઠીક પડેગા. હમારે યહ એક ભાઈ ભી હિન્દી હૈ. સમજ મેં આયા ?

એક બાત કિ, ભગવાનઆત્મા શુદ્ધ વીતરાગપરિણત આત્મા હૈ. વસ્તુ કા સ્વરૂપ તો વીતરાગવિજ્ઞાન હૈ. ઐસી જિસકી અંતર (દૃષ્ટિ હુઈ). શરીર, વાણી, મન કા લક્ષ છોડકર, ઉસકે અસ્તિત્વ મેં મૈં નહીં, શરીર, વાણી, કર્મ કી હયાતી મેં મૈં નહીં ઔર પુણ્ય-પાપ કે ભાવ મેં મૈં નહીં. મેરે સ્વભાવ મેં પુણ્ય-પાપ ઔર શરીર, કર્મ નહીં. ઐસે અપના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ મેં રાગ સે રુચિ છોડકર, પુણ્ય-પાપ કે પરિણામ કી રુચિ, શ્રદ્ધા, વિશ્વાસ કિ, ઉસસે મેરા કલ્યાણ હોગા, ઐસા વિશ્વાસ છોડકર, અપને સ્વભાવ સન્મુખ હોકર રાગ સે રહિત શ્રદ્ધા, જ્ઞાન ઔર પરિણતિ કરતા હૈ, ઉસે વૈરાગ્યપરિણત જીવ કહને મેં આયા હૈ. ઉસ વૈરાગ્યપરિણત જીવ કો બંધન હોતા નહીં. સમજ મેં આયા ?

વૈરાગી યાની સ્ત્રી, પુત્ર કો છોડકર ચલ પડે વહ વૈરાગી નહીં. પૂરા કુટુંબ છોડ દિયા,

ઉદાસ રહતે હૈં, ઉદાસીન રહતે હૈં વહ ઉદાસીન નહીં. અંદર મેં શુભ-અશુભ રાગ આતા હૈ, ઉસસે ઉદાસીન હોકર. આગે આસન લગાના. શુભાશુભ ભાવ મેં આસન – દૃષ્ટિ ન લગાકર, શુભાશુભ (સે) ઉદાસીન... ઉદાસીન... વહાં સે આસન છોડકર અપને સ્વભાવ મેં આસન – દૃષ્ટિ લગાના. ઉદાસીન આશ્રમ મેં ઉદાસીન હોતા હૈ ન ? અરે... ભાઈ !

ભગવાનઆત્મા ! જાણન-દેખન સ્વભાવ, શુદ્ધ વીતરાગ સ્વભાવ, આનંદમૂર્તિ વીતરાગવિજ્ઞાનઘન આત્મા ! ઉસમેં આસન લગાના, દૃષ્ટિ ઉસમેં લગાના ઔર પુણ્ય-પાપ કે ભાવ સે દૃષ્ટિ છોડના, ઉસકા નામ વૈરાગ્યપરિણત જીવ કહને મેં આયા હૈ. વૈરાગ્યપરિણત જીવ નયે કર્મ સે નહીં બંધતા. વહ ધર્મપરિણત હુઆ તો ધર્મપરિણત સે બંધન હોતા નહીં ઔર મિથ્યાશ્રદ્ધા ઔર પુણ્ય-પાપ ભાવ (હોતે હૈં) વહ તો રાગપરિણતિ હૈ. રાગપરિણતિ તો અધર્મ ભાવ હૈ, ઉસસે નયા બંધન હોતા હૈ. ઐસી બાત હૈ. સમજ મેં આયા ?

**'રાગપરિણત જીવ નવીન દ્રવ્યકર્મ સે મુક્ત નહીં હોતા,...'** પહલે બંધતા હૈ ઐસા કહા, અબ નવીન કર્મ સે મુક્ત નહીં હોતા, નાસ્તિ સે લેતે હૈં. અનેકાન્ત કરતે હૈં, દેખો ! ઓ..હો..હો...! 'અમૃતચંદ્રાચાર્યદેવ' ! ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' દિગંબર મુનિ ! સંવત ૪૯ મેં હુએ. ઉનકા યહ શ્લોક હૈ. દિગંબર મુનિ જંગલવાસી વનવાસી ભાવલિંગી સંત થે ! વે ભગવાન કે પાસ ગયે થે. 'સીમંધર' ભગવાન કે પાસ ગયે થે ઔર આઠ દિન રહે થે. યહાં આકર યહ શાસ્ત્ર રચા હૈ, બનાયા હૈ. તો (ઇસ) શાસ્ત્ર કો દો હજાર વર્ષ હુએ ! 'પ્રવચનસાર', 'સમયસાર' આદિ. ઉનકી ટીકા કરનેવાલે 'અમૃતચંદ્રાચાર્ય' હૈં. વે ૯૦૦ વર્ષ પહલે દિગંબર મુનિ વનવાસી સંત થે. ઉન્હોંને યહ ટીકા કી હૈ. (ઐસા) નિમિત્ત સે કથન હૈ.

**'રાગપરિણત જીવ...'** અર્થાત્ ભગવાનઆત્મા શુદ્ધ આત્મા હૈ, ઐસી દૃષ્ટિ નહીં ઔર પુણ્ય-પાપવાલા મૈં હૂં, મૈં શુભ-અશુભ ભાવવાલા હૂં, ઐસા રાગપરિણત જીવ, ઐસા મિથ્યાત્વ પરિણત જીવ. સમજ મેં આયા ? શરીરવાલા મૈં હૂં, કર્મવાલા મૈં હૂં વહ તો રાગપરિણત – મિથ્યાત્વપરિણત હૈ હી. પરંતુ પુણ્ય-પાપ ભાવવાલા મૈં હૂ, વહ ભી મિથ્યાત્વ પરિણત જીવ હૈ. ક્યોંકિ પુણ્ય-પાપ આસ્રવ તત્ત્વ હૈ, જ્ઞાયક જીવ ભિન્ન હૈ. દો કો એક માનતા હૈ વહ મિથ્યાત્વ સહિત રાગપરિણત જીવ મિથ્યાત્વપરિણત હૈ. સમજ મેં આયા ? દેખો ! બંધ અધિકાર લેકર યહાં બંધ ઔર અબંધ દોનોં કી બાત કહી. કિતને સમય સે યે સબ ગાથાએં ચલતી હૈં !

(એક ભાઈ કહતે થે કિ), 'એક ઘંટા બરાબર ચલતા નહીં, વિચાર કહાં કા કહાં દૂર ચલા જાતા હૈ.' યહાં ક્યા હૈ ? વિચાર ઔર જગહ જાને કા કુછ કારણ હૈ ક્યા ? ઠપકા તો બહુત દેતે હૈં. સબેરે આયે (ઔર કહને લગે કિ), 'મહારાજ ! આજ લકડી મારિયે !' તો યહાં લકડી કમ મારતે હૈં ? ઇસે યાદ કરે, ઉસે યાદ કરે, કુછ લેના-દેના હૈ ? કારણ હૈ ? કિસકા પુત્ર હૈ ? યહાં તો કહતે હૈં, પર ચીજ મેરી માનના યહ મિથ્યાત્વ ભાવ હૈ. પુત્ર-પુત્રી, કુટુંબ, શરીર, વાણી, મન સબ પર હૈ.

યહ જ્ઞેયતત્ત્વ અધિકાર હૈ. પરજ્ઞેય કો અપના માનના ઉસકા નામ મિથ્યાત્વ ભાવ હૈ. મિથ્યાશ્રદ્ધા – મિથ્યાદૃષ્ટિ કા ભાવ હૈ. ઔર પરજીવ ઔર પરઅજીવ મેરા માનના વહ તો મિથ્યાત્વ ભાવ હૈ હી, લેકિન શુભ-અશુભ દોનોં આસ્રવ તત્ત્વ હૈ, વહ આસ્રવ તત્ત્વ મેરા હૈ, ઐસા માનના ભી મિથ્યાદૃષ્ટિ કા મિથ્યાત્વ ભાવ હૈ. વહ યહાં કહતે હૈં. સમજ મેં આયા ? વહ બાત તો કહાં રહ ગઈ ! બાહર કી બાત કહાં રહ ગઈ ! યહ લક્ષ્મી મેરી, યહ મેરી લક્ષ્મી હૈ, મેરા પુત્ર હૈ. કહાં તેરા હૈ ? તેરા હો તો તેરે સે જુદા ક્યોં હોતા હૈ ? તેરી ચીજ તેરે સે જુદી પડે વહ ચીજ તેરી નહીં. જુદી પડે વહ તેરી નહીં ઔર નહીં જુદી પડે વહ તેરી. તો શરીર, કર્મ, સ્ત્રી આદિ તો પર હૈં, (વહ ચીજ તો) છૂટ જાતી હૈ. ઔર પુણ્ય-પાપ ભી તેરી (ચીજ) નહીં, ક્યોંકિ વહ ભી છૂટ જાતી હૈ. શુભ-અશુભ ભાવ ભી છૂટ જાતા હૈ. છૂટા કો ક્યા કહતે હૈં ? અલગ હો જાતા હૈ. તો અલગ હો જાયે ઉસે અપના માનના ઉસકા નામ મિથ્યાત્વ ભાવ ઔર મિથ્યાદૃષ્ટિ કા પરિણામ (કહને મેં આતા) હૈ. આ..હા..હા...! બરાબર હોગા ? ક્યા હોગા ? (બાહર મેં) કૈસે યાદ આતા હૈ ? આહા..હા...! (વિચાર) આના અલગ બાત હૈ, પરંતુ વહ ઔર વિકલ્પ મેરા, દોનોં મેરા (હૈ), યહ માન્યતા મિથ્યાત્વ હૈ. વહ આત્મા કો મારતા હૈ. આહા..હા...!

યહાં જ્ઞેય તત્ત્વ અધિકાર હૈ ન ? અપના જ્ઞેય જાનનેલાયક શુદ્ધ આત્મા જ્ઞાયકમૂર્તિ યહ અપના જ્ઞેય (હૈ) ઔર ઇસકે સિવાય સ્ત્રી, કુટુંબ અરે...! દેવ-ગુરુ-શાસ્ત્ર સબ પરજ્ઞેય હૈં. ઉસે અપના માનના વહ મિથ્યાત્વ ભાવ હૈ. ઔર પુણ્ય-પાપ દોનોં આસ્રવ ભાવ હૈં. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા – સાત તત્ત્વ. 'तत्तवार्थ श्रद्धानम् सम्यग्दर्शनम्' તો સાત (તત્ત્વ) ભિન્ન ભિન્ન હૈં. ભિન્ન ભિન્ન (કો) એક માનના, જો ભિન્ન હૈં ઉસે એક માનના વહી વિપરીત માન્યતા હૈ. શરીર, વાણી, કર્મ યે સબ ચીજ તો પર હૈં, ઉસકી પર્યાય ચલતી હૈ, પર્યાય વહ ભી તેરે સે પર હૈ, તેરે કારણ સે ઉસકી પર્યાય નહીં હોતી.

પર્યાય નામ (–અર્થાત્) હાલત. યહ શરીર ચલતા હૈ ન ? વહ પર્યાય જડ કી હૈ ઔર જડ કી પર્યાય જડ સે હોતી હૈ, તેરે સે નહીં. (અજ્ઞાની તો) કહે કિ, હમારે સે શરીર કી પર્યાય હોતી હૈ. તો અજીવ કો અપના માના. વહી મિથ્યા દૃષ્ટિ હૈ.

તત્ત્વાર્થ શ્રદ્ધાન સે વિપરીત ભાવ હુઆ. મેરે સે કર્મ બંધા હૈ, મૈં કર્મ બાંધનેવાલા હૂં. (ઐસા માનતા હૈ તો) અજીવ કા સ્વામી હોતા હૈ. જો કિ, જડ ઉસકે કારણ સ્વયમેવ પરિણમતે હૈં. સમજ મેં આયા ? (ખુદ) કહીં ઉપસ્થિત હો ઔર બાહર કી કુછ વ્યવસ્થા કા કામ હો જાયે તો (કહે કિ), મેરે સે હુઆ. ઔર અવ્યવસ્થિત હો તો (કહે કિ), મેરા ધ્યાન નહીં લગા તો ઐસા હો ગયા. ધ્યાન બરાબર લગા નહીં ઔર મૈં હોતા તો ઐસે ખરાબ નહીં હોને દેતા. કહતે હૈં કિ, મૂઢ હૈ. વહ તો પરપદાર્થ હૈ. ઉસકી અવસ્થા હોના વહ તો ઉસકે કારણ સે હૈ. તેરે ધ્યાન કે કારણ સે ઉસમેં અવસ્થા નહીં હુઈ હૈ. કૌન ધ્યાન રખ સકતા હૈ ? વિકલ્પ ઉઠાયે, પર મેં કૌન કર સકતા હૈ ? બરાબર હોગા ? ભાઈ ! બહુત ધ્યાન રખે તો ઠીક ચલે તો ક્યોં ઉલટા હોતા હૈ ? ક્યોં ખલબલી (હોતી હૈ) ? ક્યોં કરતા હૈ ? ઐસા (ઉન્હોંને) પૂછા થા. ઊલટા પડતા હૈ, ઉસે સમજ નહીં હૈ, વિપરીત (સમજ) કરતા હૈ ઇસલિયે. સમજાણું કાંઈ ?

કહતે હૈં કિ, **'રાગપરિણત જીવ...'** પહલી (પંક્તિ મેં) **'નવીન દ્રવ્યકર્મ સે બંધતા હૈ,...'** ઐસા કહા થા. યહાં **'નવીન દ્રવ્યકર્મ સે મુક્ત નહીં હોતા,...'** ઐસા કહતે હૈં. **'રાગપરિણત જીવ...'** (અર્થાત્) જો પર ચીજ હૈ ઉસે મેરી માનતા હૈ ઔર પુણ્ય-પાપ જો મલિન પરિણામ હૈ વહ મેરી ચીજ મેં હૈ, ઐસા (જો) માનતા હૈ, ઐસે જીવ કો રાગપરિણત કહને મેં આયા હૈ. વહ **'નવીન દ્રવ્યકર્મ સે મુક્ત નહીં હોતા,...'** યાની ઉસે બંધન નહીં હો, ઐસા હૈ નહીં. **'નવીન દ્રવયકર્મ સે મુક્ત નહીં હોતા,...'** (એસા કહા) દેખો !

**'વૈરાગ્યપરિણત હી મુક્ત હોતા હૈ;...'** પહલે મેં બંધતા નહી ઇતને શબ્દ કહે થે. **'વૈરાગ્યપરિણત હી મુક્ત હોતા હૈ;...'** ઓ..હો...! નયે કર્મ સે મુક્ત. મુક્ત નામ બંધન નહીં હોતા. કિસે ? વૈરાગ્યપરિણત (કો). ઇસમેં તો ઐસા કહા હૈ, ભાઈ ! વૈરાગ્યપરિણત ! ઓ..હો...! મૈં તો જાનને-દેખનેવાલા હૂં. ક્યા હોતા હૈ ? પર મેં ઉસકે કારણ સે હો. દયા પલી તો ઉસકે કારણ સે પલી, પર જીવ મરા તો ઉસકે કારણ સે. (યહાં અંદર મેં) ભાવ હુઆ વહ ભી મલિન હૈ. મૈં તો ઉસકા (જાનનેવાલા) ભિન્ન જ્ઞાયક તત્ત્વ હૂં. ઐસા જ્ઞાયક તત્ત્વ કા જ્ઞાતા હોકર રાગ-દ્વેષ કા ભી જ્ઞાતા હોકર, રાગ-દ્વેષ મેં એકત્વ ન હોકર, રાગ-

દ્વેષ સે પૃથક્ હોકર વૈરાગ્યપરિણત જીવ હુઆ વહ નયે કર્મ સે મુક્ત હોતા હૈ અર્થાત્ ઉસે બંધન હોતા નહીં. સમજ મેં આયા ?

શર્તે બહુત ! શર્ત કહતે હૈં ન ? ક્યા કહતે હૈં ? ઇતની શર્ત તુમ્હેં પાલની હોગી. નિયમ... નિયમ ! હમારે ઘર મેં આના હો તો તુમ કહીં ધુઆં નહીં કરના. કિરાયેવાલે શર્ત નહીં રખતે ? કોયલા જલાના હોગા, ઐસી લકડી નહીં, ઐસા ગોબર નહીં, એક કોને મેં કરના પડેગા. ધુંઆ (ઉઠે તો) કોયલા ઇત્યાદિ બાહર કરના હોગા, બાદ મેં અંદર લાના. ભાઈ ! યે સબ આપ કા સુના હોતા હૈ ન ? હમને કહાં દેખા હૈ. જલાતે હૈં ન ? બાહર જલાતે હૈં. બાહર જલાયે ફિર ધુંઆ નિકલે, બાદ મેં અંદર જાયે. ઉસમેં યે સબ શર્ત હોતી હૈં. યદિ ઇસમેં કુછ ફેરફાર હોગા તો આપકો કરકે દેના હોગા, ફલાના કરના પડેગા... વૈસે (યહાં) શર્ત (હૈ). વિકાર સે એકત્વ માનનેવાલા વિકારી નયા બંધન કરતા હૈ. વહ નયે બંધન સે મુક્ત હોતા નહીં. ઔર રાગ ઔર પુણ્ય અપના નહીં માનનેવાલા (સ્વયં કો) જ્ઞાયક માનનેવાલા નયા બંધન કરતા નહીં ઔર નયે બંધન સે મુક્ત હૈ. વહ નયે બંધન સે મુક્ત હૈ. નયા બંધન હોતા નહીં.

**'વૈરાગ્યપરિણત હી મુક્ત હોતા હૈ;...'** મુક્ત નામ ? નયા બંધન ન હો ઉસકા નામ મુક્ત. ઇસ સમય યહ બાત હૈ. પુરાને કર્મ કે સાથ(વાલી બાત) બાદ મેં લેંગે. વહ બાદ મેં લેંગે. આહા..હા...! કહો, ઇસમેં સમજ મેં આતા હૈ કિ નહીં ? એક ઘા ઔર દો ટૂકડે ! ભેદજ્ઞાન... ભેદજ્ઞાન ! શરીર, વાણી, કર્મ પર (હૈં), પુણ્ય-પાપ કા ભાવ પર (હૈ), મૈં જ્ઞાતા-દૃષ્ટા સ્વ (હૂં), ઐસા ભેદજ્ઞાન (જિસે હૈ ઐસા) રાગરહિત વૈરાગ્યપરિણત જીવ નયે કર્મ સે મુક્ત હોતા હૈ. અર્થાત્ નયા કર્મ બંધતા નહીં યાની મુક્ત હોતા હૈ. સમજ મેં આયા ?

અબ, વિશેષ કહતે હૈં. **'રાગપરિણત જીવ સંસ્પર્શ કરને (સંબંધ મેં આને)વાલે નવીન દ્રવ્યકર્મ સે, ઔર ચિરસંચિત (દીર્ઘકાલ સે સંચિત ઐસે) પુરાને દ્રવ્યકર્મ સે બંધતા હી હૈ,...'** લો ! ઠીક ! દોનોં કો સાથ મેં લિયા. રાગ શબ્દ કા અર્થ મિથ્યા ભાવ ઔર મિથ્યા ભાવ સહિત કા રાગ-દ્વેષ ભાવ. (ઐસા) રાગપરિણત જીવ સ્પર્શ કરનેવાલે. સંસ્પર્શ કા અર્થ સંબંધ મેં આનેવાલે. ઉસે સ્પર્શ કહને મેં આતા હૈ.

**'નવીન દ્રવ્યકર્મ સે ઔર ચિરસંચિત (દીર્ઘકાલ સે સંચિત ઐસે) પુરાને દ્રવ્યકર્મ સે બંધતા હી હૈ,...'** મિથ્યાત્વ સહિત શ્રદ્ધાવાલા જીવ, ભગવાનઆત્મા સર્વ ઉપયોગમય (હૈ ઐસા) પહલે કહા થા ન ? પૂર્ણ જ્ઞાનમય, દર્શનમય, આનંદમય. સાકાર ઔર અનાકાર

કહા થા ન ? સવિકલ્પ ઔર નિર્વિકલ્પ કહા થા. જ્ઞાન કો સવિકલ્પ કહા થા, દર્શન કો નિર્વિકલ્પ કહા થા ઔર વહ વ્યાખ્યા આગે લેતે હૈં. પહલે આ ગયા ન ? સ્વ-પર અર્થ (આ ગયા હૈ). ૧૨૬ કે પહલે આ ગયા હૈ.

જ્ઞાન કા અર્થ, 'વીરસેનસ્વામી' કી વ્યાખ્યા સે યહ 'કુંદકુંદાચાર્યદેવ' કી વ્યાખ્યા ભિન્ન હૈ. યહ અધ્યાત્મ કી વ્યાખ્યા હૈ, વહ વ્યવહાર કી વ્યાખ્યા હૈ. યહાં તો અર્થાકાર પરિણત (કહા હૈ). હૈ ન ? ભાઈ ! કૌન સી (ગાથા) હૈ ? એ..ઈ...! ૧૨૪ હૈ ? હાં, લો, ૧૨૪ હૈ. દેખો ! **'णाणं अट्ठवियप्पो कम्मं जीवेण जं समारद्धं। तमणेगविधं भणिदं फलं ति सोक्खं व दुक्खं वा।।१२४।।' 'પ્રથમ તો, અર્થવિકલ્પ જ્ઞાન હૈ.'** જ્ઞાન કા અર્થ – જો આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ તો ક્યા કહતે હૈં ? કિ, અર્થવિકલ્પ જ્ઞાન. **'વહાં, અર્થ ક્યા હૈ ? સ્વ-પર કે વિભાગપૂર્વક અવસ્થિત વિશ્વ યહ અર્થ હૈ.'** સ્વ આત્મા ઔર પર સબ હોકર વિશ્વ હૈ, વહ અર્થ હૈ. મૈં આત્મા જ્ઞાયક ઔર પુણ્ય-પાપ આદિ સબ જીવ, વહ સ્વ-પર કે વિભાગપૂર્વક અવસ્થિત વિશ્વ અર્થ હૈ. સમસ્ત પદાર્થ – દ્રવ્ય, ગુણ, પર્યાય. પદાર્થ મેં સ્વ ઔર પર – દો વિભાગ હૈ. જો જાનનેવાલા અપના આત્મા હૈ વહ સ્વ ઔર દૂસરા સબ પર હૈ.

**'ઉસકે આકારોં કા અવભાસન વહ વિકલ્પ હૈ.'** સ્વ ઔર પર કા આકાર – વિશેષરૂપ ભાસ હોના ઉસકા નામ વિકલ્પ કહને મેં આતા હૈ. રાગ નહીં. ઓ..હો...! બહુત સૂક્ષ્મ બાતેં, ભાઈ ! સમજ મેં આયા ? અપને જ્ઞાન મેં સ્વ ઔર પર કા વિશેષ ભેદ કા પરિણમન હોના ઉસકા નામ આકારોં કા અવભાસન વિકલ્પ હૈ.

**'ઔર દર્પણ કે નિજ વિસ્તાર કી ભાંતિ (અર્થાત્ જૈસે દર્પણ કે નિજ વિસ્તાર મેં સ્વ ઔર પર આકાર એક હી સાથ પ્રકાશિત હોતે હૈં, ઉસીપ્રકાર) જિસમેં એક હી સાથ સ્વ-પરાકાર અવભાસિત હોતે હૈં, ઐસા અર્થવિકલ્પ વહ જ્ઞાન હૈ.'** એક સમય મેં સ્વ ઔર પર – દો કા ભાન હોના ઉસકા નામ જ્ઞાન કહતે હૈં, ઉસકા નામ આકાર કહતે હૈં. ઔર દર્શન નિરાકાર હૈ. ઉસમેં સ્વ-પર કા વિશેષ ભેદ હોતા નહીં. ઐસા ભગવાન જ્ઞાન-દર્શન રૂપ અપના સ્વરૂપ, ઉસમેં પુણ્ય-પાપ કો ન મિલાકર, સ્વ ઔર પર કા જ્ઞાતા-દૃષ્ટા હોકર જો પરિણમન કરતા હૈ, (વહ) નયે બંધ સે મુક્ત (હોતા) હૈ ઔર જો રાગપરિણત જીવ હૈ, વહ સ્પર્શ કરનેવાલા નવીન ઔર ચીરસંચિત (પુરાને) દ્રવ્યકર્મ સે બંધતા હૈ, મુક્ત નહીં હોતા. નયે બંધ અટકતા નહીં ઔર પુરાને કર્મ સે નહીં છૂટતા.

**'વૈરાગ્યપરિણત જીવ...'** દેખો ! જ્ઞાન ઔર દર્શન (સ્વરૂપ) મૈં આત્મા હૂં, જાનને દેખનેવાલા સ્વ-પર ભાસન. સમજ મેં આયા ? **'વૈરાગ્યપરિણત જીવ સંસ્પર્શ કરને (સંબંધ મેં આને)વાલે નવીન દ્રવ્યકર્મ સે ઔર ચિરસંચિત ઐસે પુરાને દ્રવ્યકર્મ સે મુક્ત હી હોતા હૈ,...'** વૈરાગ્યપરિણત જીવ, મૈં જ્ઞાન-દર્શન સ્વરૂપ (હૂં). શુદ્ધ દર્શન, જ્ઞાન કી મૂર્તિ અનાદિઅનંત હૂં ઔર રાગ ઔર પુણ્ય-પાપ, શુભ-અશુભ ભાવ મેરે મેં હૈ હી નહીં.

જ્ઞાયક મેં આસ્રવ નહીં, આસ્રવ મેં અજીવ નહીં, અજીવ મેં આસ્રવ નહીં. ક્યા કહતે હૈં ? કર્મ આદિ હૈં, શરીર આદિ તો અજીવ હૈં, ઉસમેં આસ્રવ નહીં. આસ્રવ તો પુણ્ય-પાપ ભાવ હૈં. ઉસમેં અજીવ નહીં. આસ્રવ અજીવ મેં નહીં. આસ્રવ અજીવ મેં નહીં, ઐસા આસ્રવ જીવ મેં નહીં. સમજ મેં આયા ? પુણ્ય-પાપ કા દો ભાવ, જૈસે અજીવ મેં નહીં, વહ અજીવ આસ્રવ સે ભિન્ન હૈ ઔર વહ આસ્રવ અજીવ સે ભિન્ન હૈ. ઔર આસ્રવ જ્ઞાયક જીવ સે ભિન્ન હૈ ઔર જ્ઞાયક જીવ મેં આસ્રવ ઔર અજીવ દોનોં હૈં નહીં. ભાઈ !

યહ સમ્યગ્દર્શન કા અધિકાર હૈ. જ્ઞેય અધિકાર કહો કિ સમ્યગ્દર્શન કા અધિકાર કહો. જો તત્ત્વ જૈસા ભિન્ન હૈ ઐસા અંદર પ્રતીત કરના ઉસકા નામ રાગરહિત વૈરાગ્યપરિણત જીવ કહને મેં આયા હૈ. સમજ મેં આયા ? **'મુક્ત નહીં હોતા;...'** કૌન ? વહ સંબંધવાલા.

અબ, **'વૈરાગ્યપરિણત જીવ સંસ્પર્શ કરને (સંબંધ મેં આને)વાલે નવીન દ્રવ્યકર્મ સે ઔર ચિરસંચિત ઐસે પુરાને દ્રવ્યકર્મ સે મુક્ત હી હોતા હૈ,...'** નયે સે બંધ નહીં હોતા હૈ ઇસલિયે મુક્ત હૈ. પુરાને સે બંધ નહીં હોતા વહ મુક્ત હૈ. **'બંધતા નહીં હૈ;...'** અસ્તિ-નાસ્તિ કી. **'મુક્ત હી હોતા હૈ, બંધતા નહીં...'** આ..હા...! સમજ મેં આયા ? યહ તો બહુત અચ્છા અધિકાર આયા. ૧૭૯ ગાથા હૈ. દ્રવ્યબંધ, ભાવબંધ, ઐસા, તૈસા કરતે કરતે, ઉડાવ બંધ, તેરી ચીજ મેં બંધ હૈ હી નહીં. ભાવબંધ મેં આત્મા નહીં, આત્મા મેં ભાવબંધ નહીં, ભાવબંધ મેં દ્રવ્યબંધ નહીં, દ્રવ્યબંધ મેં ભાવબંધ નહીં. સમજ મેં આયા ? ક્યા કહતે હૈં ?

ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રભુ ! પૂર્ણ શુદ્ધ આત્મા ! ઉસમેં પુણ્ય-પાપ કે ભાવ કા ભાવબંધ હૈ હી નહીં. પર્યાય મેં ભાવબંધ હૈ વહ ભિન્ન ચીજ હૈ ઔર દ્રવ્યબંધ હૈ વહ ભિન્ન હૈ. જિસે ભાવબંધ ઔર દ્રવ્યબંધ સે વૈરાગ્ય હુઆ, ઉસસે ઉઠા ઔર અપને જ્ઞાતા-દૃષ્ટા (સ્વભાવ મેં) દૃષ્ટિ ઔર સ્થિરતા હુઈ, ઉસે યહાં વૈરાગ્યપરિણત જીવ કહતે હૈં. ઇસ વૈરાગ્યપરિણત કો નયે કર્મ બંધતે નહીં ઔર પુરાને કર્મ ઉસે બંધતે નહીં. નયે કર્મ સે છૂટતા હૈ વૈસે

પુરાને કર્મ સે હી છૂટતા હી હૈ. દેખો ! યહ નિર્જરા ઔર મોક્ષ, દોનોં સાથ મેં લે લિયા !

વૈરાગ્યપરિણત જીવ કો નિર્જરા હોતી હૈ. વૈરાગ્યપરિણત જીવ કો દ્રવ્યમોક્ષ હોતા હૈ. ભાવમોક્ષ તો અપને સે હોતા હૈ, (દ્રવ્યકર્મ) ઉસકે કારણ સે છૂટ જાતા હૈ. આ..હા...! સમજ મેં આયા ? કિતની (ગંભીર) ટીકા ! 'અમૃતચંદ્રાચાર્યદેવ' આ..હા..હા...! જંગલ મેં વનવાસી મુનિ દિંગબર ભાવલિંગી સંત (રહતે) થે. નગ્ન ! મોરપીંછી (–મોરપંખ), કમંડલ (હોતે હૈં). અંદર મેં કહતે હૈં, હમારે મેં કુછ હૈ નહીં. વહ ભાવ આસ્રવ નહીં, વહ કર્મ નહીં ઔર મોરપીંછી, કમંડળ હમારે મેં નહીં. ઉસમેં મૈં નહીં ઔર વે મેરે મેં નહીં. ઐસી ચૌથે ગુણસ્થાન સે વૈરાગ્યપરિણતિ હોતી હૈ. સમજ મેં આયા ?

યહ (વિપરીત માન્યતા) કહાં સે ઘૂસ ગઈ ? ભાઈ ! (વે ભાઈ) કહતે થે, કહાં સે (ઘૂસ ગયા) ? વિપરીત ક્યોં પરિણમતા હૈ ? સમજતા ક્યોં નહીં ? ભાઈ ! ઐસા યહ ભાઈ પૂછતે થે. સમજને કી કોશિષ કરે તો સમજ મેં આયે, અપને આપ સમજ મેં આ જાયે ? ઐસા કહતે હૈં. કહતે હૈં, જીવ ક્યોં નહીં સમજતા ? લેકિન તૂ હી સમજતા નહીં. તુજે સચ્ચી સમજ કરને કી દરકાર નહીં હૈ. તેરે કારણ સે હૈ, કોઈ કર્મ કે કારણ નહીં. કર્મ તુજે રુલાતે હૈં, કર્મ તુજે અજ્ઞાન કરાતે હૈં, ઐસા હૈ નહીં. પરદ્રવ્ય તેરે મેં કુછ કરે, (ઐસા) તીન કાલ મેં હોતા નહીં. તીન કાલ તીન લોક મેં પરદ્રવ્ય પરદ્રવ્ય કા કર્તા-હર્તા હૈ નહીં. અજ્ઞાની માનતે હૈં કિ, હમારે કર્મ સે ઐસા હોતા હૈ. મૂઢ હૈ, મિથ્યા શ્રદ્ધાવાલા હૈ. સમજ મેં આયા ?

**'ઇસસે નિશ્ચિત હોતા હૈ કિ – દ્રવ્યબંધ કા સાધકતમ (ઉત્કૃષ્ટ હેતુ) હોને સે...'** સાધકતમ ઉત્કૃષ્ટ હેતુ યાની યોગ તો પ્રદેશ કા સાધારણ કારણ હૈ ન ? યહ **'રાગપરિણામ હી નિશ્ચય સે બંધ હૈ.'** યોગ તો સાધારણ પ્રદેશ ઔર પ્રકૃતિ કા કારણ હૈ ન ? ઉસ બંધ કો સાધારણ કર દિયા. **'દ્રવ્યબંધ કા સાધકતમ (ઉત્કૃષ્ટ હેતુ) હોને સે રાગપરિણામ...'** યાની મિથ્યાત્વ પરિણામ ઔર મિથ્યાત્વ પરિણામ સહિત કા રાગપરિણામ હી **'નિશ્ચય સે બંધ હૈ.'** વાસ્તવ મેં તો ઉસકા બંધન હૈ. ભાઈ ! કહતે હૈં કિ, તુજે ઉસકા બંધન હૈ. કર્મ કા નહીં, પર કા નહીં, સ્ત્રી-પુત્ર કા નહીં, ફલાને કા નહીં. અંધેરે મેં પ્રકાશ કા બંધન હોતા હૈ ? અંધેરે કા બંધન (હોતા હૈ) ? ઇસ પ્રકાશ મેં અંધેરે કા બંધન હોતા હૈ ? ચૈતન્યપ્રકાશ હૈ ! અજ્ઞાન કા અંધેરા – યહ મેરા ઔર યહ તેરા, ઐસા ઉસમેં હૈ નહીં.

નિશ્ચય સે તેરે આત્મા મેં પરપદાર્થ મેરા ઔર પુણ્ય-પાપ મેરા, ઐસી માન્યતા, ઐસા

રાગ વહી એક નિશ્ચય – વાસ્તવ મેં તુજે બંધ હૈ. બંધા હુઆ હૈ તો તેરે વિકાર ભાવ સે તુ બંધા હુઆ હૈ. કર્મ તો નિમિત્તરૂપ પરદ્રવ્ય હૈ, ઉસસે બંધા હૈ કહના તો વ્યવહાર હૈ. વાસ્તવ મેં તો તેરી વિપરીત માન્યતા ઔર રાગ-દ્વેષ સે તુ બંધતા હૈ. વહ બંધન છોડના હો તો સ્વભાવ કી દૃષ્ટિ કરના. સમજ મેં આયા ? રાગ સે રહિત મેરી ચીજ હૈ, ઐસી દૃષ્ટિ ઔર સ્થિરતા કરને સે બંધન છૂટ જાતા હૈ.

(વિશેષ કહેંગે)...

अथ परिणामस्य द्रव्यबंधसाधकतमरागविशिष्टत्वं सविशेषं प्रकटयति -

**परिणामादो बंधो परिणामो रागदोसमोहजुदो।**
**असुहो मोहपदोसो सुहो व असुहो हवदि रागो।।१८०।।**
**परिणामाद्बन्धः परिणामो रागद्वेषमोहयुतः।**
**अशुभौ मोहप्रद्वेषौ शुभो वाशुभो भवति रागः।।१८०।।**

द्रव्यबंधोऽस्ति तावद्विशिष्टपरिणामात्। विशिष्टत्वं तु परिणामस्य रागद्वेषमोहमयत्वेन। तञ्च शुभाशुभत्वेन द्वैतानुवर्ति। तत्र मोहद्वेषमयत्वेनाशुभत्वं, रागमयत्वेन तु परिणामस्य रागद्वेषमोहमयत्वेन। तञ्च शुभाशुभत्वेन द्वैतानुवर्ति। तत्र मोहद्वेषमयत्वेनाशुभत्वं, रागमयत्वेन तु शुभत्वं चाशुभत्वं च। विशुद्धिसंक्लेशाङ्गत्वेन रागस्य द्वैविध्यात् भवति।।१८०।।

---

अथ जीवपरिणामस्य द्रव्यबंधासाधकं रागाद्युपाधिजनितभेदं दर्शयति - परिणामादो बंधो परिणामात्सकाशाद्बन्धो भवति। स च परिणामः किंविशिष्टः। परिणामो रागदोसमोहजुदो वीतरागपरमात्मनो विलक्षणत्वेन परिणामो रागद्वेषमोहोपाधित्रयेण संयुक्तः। असुहो मोहपदोसो अशुभौ मोहप्रद्वेषौ। परोपाधिजनितपरिणामत्रयमध्ये मोहप्रद्वेषद्वयमशुभम्। सुहो व असुहो हवदि रोगो शुभोऽशुभो वा भवति रागः। पञ्चपरमेष्ठ्यादिभक्तिरूपः शुभराग उच्यते, विषयकषायरूपश्चाशुभ इति। अयं परिणामः सर्वोऽपि सोपाधित्वात् बंधहेतुरिति ज्ञात्वाबंधे शुभाशुभसमस्तरागद्वेषविनाशार्थं समस्तरागाद्युपाधिरहिते सहजानन्दैकलक्षणसुखामृतस्वभावे निजात्मद्रव्ये भावना कर्तव्येति तात्पर्यम् ।।१८०।।

---

હવે પરિણામનું દ્રવ્યસંબંધના સાધકતમ રાગથી વિશિષ્ટપણું સવિશેષ પ્રગટ કરે છે (અર્થાત્ પરિણામ દ્રવ્યબંધના ઉત્કૃષ્ટ હેતુભૂત રાગથી વિશેષતાવાળો હોય છે એમ ભેદો સહિત પ્રગટ કરે છે) :–

**પરિણામથી છે બંધ, રાગ–વિમોહ–દ્વેષથી યુક્ત જે;**
**છે મોહ–દ્વેષ અશુભ, રાગ અશુભ વા શુભ હોય છે. ૧૮૦.**

**અન્વયાર્થ :–** [परिणामात् बंध] પરિણામથી બંધ છે, [परिणामः रागद्वेषमोहयुक्तः] (જે) પરિણામ રાગ-દ્વેષ-મોહયુક્ત છે. [मोहप्रद्वेषौ अशुभौ] (તેમાં) મોહ અને દ્વેષ અશુભ છે, [रागः] રાગ [शुभः वा अशुभः] શુભ અથવા અશુભ [भवति] હોય છે.

ટીકા :– પ્રથમ તો દ્રવ્યબંધ વિશિષ્ટ પરિણામથી હોય છે. પરિણામનું વિશિષ્ટપણું રાગ-દ્વેષ-મોહમયપણાને લીધે છે. તે શુભ અને અઅશુભપણાને લીધે દ્વૈતને અનુસરે છે. ત્યાં, [1]મોહ-દ્વેષમયપણા વડે અશુભપણું હોય છે, અને રાગમયપણા વડે શુભપણું તેમજ અશુભપણું હોય છે કારણ કે રાગ [2]વિશુદ્ધિ તેમજ સંક્લેશવાળો હોવાથી દ્વિવિધ હોય છે. ૧૮૦

**કારતક વદ ૧૪, શુક્રવાર તા. ૧૫-૧૧-૧૯૬૩**
**ગાથા – ૧૮૦, ૧૮૧**
**પ્રવચન નંબર–૧૮૩-F**

'પ્રવચનસાર' ૧૭૯ ગાથા (પૂરી) થઈ. 'જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન' જ્ઞેય એટલે જ્ઞાનમાં જાણવાલાયક પદાર્થ. એનું પરિણમન અને એનું ફળ આદિ શું છે તે અહીં જ્ઞેય (અધિકારમાં) જેમ છે તેમ વર્ણન કર્યું અને એ પ્રકારે એની શ્રદ્ધા કરે તો એને સમ્યગ્દર્શન થાય. ૧૭૯ કહેવાઈ ગઈ. ૧૮૦.

**'અબ, પરિણામ કા દ્રવ્યબંધ કે સાધકતમ રાગ સે વિશિષ્ટપના સવિશેષ પ્રગટ કરતે હૈં...'** જે પરિણામથી દ્રવ્યબંધ થાય (અર્થાત્) નવું જડ કર્મનું બંધન થાય એનું મૂળ કારણ સાધકતમ ઉત્કૃષ્ટ રાગ (છે). એ રાગના ભેદ, ભેદ છે એટલે (સાધકતમ) કહે છે. રાગ એટલે વિકાર. એ વિકારનું વિશિષ્ટ(પણું) એટલે કે વિકારનું ખાસપણું અને એના સવિશેષ એટલે ભેદો પ્રગટ કરે છે. ક્યા વિકારથી શું થાય ? અને અવિકારથી શું થાય ? એનું – રાગના ભેદો આદિનું અહીંયાં સ્પષ્ટીકરણ કરે છે.

યહ ભેદસહિત પ્રગટ કરતે હૈં. **'(પરિણામ દ્રવ્યબંધ કે ઉત્કૃષ્ટ હેતુભૂત રાગ સે વિશેષતાવાલા હોતા હૈ...'** એ રાગ પણ અનેક પ્રકારનો (છે), વિકાર પણ અનેક પ્રકારનો છે. ૧૮૦.

**परिणामादो बंधो परिणामो रागदोसमोहजुदो।**
**असुहो मोहपदोसो सुहो व असुहो हवदि रागो।।१८०।।**

આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ પરમાનંદ સ્વરૂપ હોવા છતાં એને નવા કર્મના બંધનું કારણ એવા મોહ આદિના પરિણામ છે તે ભાવબંધ છે અને એ ભાવબંધ નવા દ્રવ્યબંધને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. સમજાય છે ? ભાવબંધ કો નયે બંધ કો નિમિત્ત કહને મેં આતા હૈ. વસ્તુ આત્મા હૈ વહ તો જ્ઞાન, દર્શન, આનંદ સ્વરૂપ હૈ. ઉસમેં બંધ પરિણામ જો ઉત્પન્ન હોતા હૈ વહ સ્વભાવ મેં નહીં. સ્વભાવ શુદ્ધ ચિદાનંદમૂર્તિ અનંત ગુણનો ઉપયોગ પિંડ પ્રભુ ! ઉસકી દૃષ્ટિ કરને સે તો સમ્યગ્દર્શન, જ્ઞાન શુદ્ધ પરિણામ પ્રાપ્ત હોતા હૈ. પરંતુ વહ શુદ્ધ સ્વભાવ અંતર ચિદાનંદ પ્રભુ ! ઉસકા અવલંબન લિયે બિના જો પરિણામ કર્મ કે નિમિત્ત કે લક્ષ્ય સે નયે બંધ મેં કારણ હોતા હૈ, ઐસે વિકારી પરિણામ કી ખાસ વિશેષતા બતલાતે હૈં.

જુઓ ! બન્ને વાત આવશે. **'પ્રથમ તો દ્રવ્યબંધ વિશિષ્ટ પરિણામ સે હોતા હૈ.'** અકેલે યોગ સે (હોતા હૈ) વહ સાધારણ હૈ. યહ તો ખાસ – વિશિષ્ટ પરિણામ સે હોતા હૈ. ઐસા ક્યોં કહતે હૈં ? કિ, સમકિતમોહની આદિ કા પરિણામ હૈ પરંતુ વહ બંધ કા કારણ નહીં.

પ્રશ્ન :– ખાસ ક્યોં કહા ?

સમાધાન :– કહા ન કિ, આત્મા મેં સમકિતમોહ કા પરિણામ જો હોતા હૈ વહ બંધ કા કારણ નહીં. ખાસ પરિણામ જો બંધ કા કારણ હૈ ઉસકી બાત કરતે હૈં.

**'દ્રવ્યબંધ વિશિષ્ટ પરિણામ...'** યાની ખાસ પરિણામ સે **'હોતા હૈ.'** એનો ખુલાસો કરે છે. **'પરિણામ કી વિશિષ્ટતા રાગ-દ્વેષ-મોહમયપને કે કારણ હૈ.'** આત્મા મેં પરિણામ જો હોતા હૈ વહ રાગ-દ્વેષ-મોહમય કે કારણ સે હોતા હૈ. યહાં મલિન પરિણામ કી બાત કરની હૈ ન ?

**'વહ શુભ ઔર અશુભપને કે કારણ દ્વૈત કા અનુસરણ કરતા હૈ.'** જો રાગ-દ્વેષ, મોહ હૈ, જો નયા જડ કર્મબંધ કા કારણ પરિણામ હૈ, વહ પરિણામ શુભત્વ ઔર અશુભત્વ કે કારણ **'દ્વૈત કા અનુસરણ...'** (કરતા હૈ). યાની દો પ્રકાર હોતે હૈં. એક શુભ પરિણામ,

એક અશુભ પરિણામ. દોનોં બંધ કે કારણ હૈં. શુભ ઔર અશુભ દોનોં ધર્મ કા કારણ નહીં. સમજ મેં આયા ? દેખો !

**'(અર્થાત્ દો પ્રકાર કા હૈ); ઉસમેં સે મોહ-દ્વેષમયપને સે અશુભપના હોતા હૈ,...'** મોહમય પરિણામ – મિથ્યાશ્રદ્ધા (અર્થાત્) દેહાદિ મારા, પુણ્યાદિ પરિણામ મારા, એવી મિથ્યાત્વ માન્યતાને અહીંયાં મોહ કહે છે. વહ મોહ અશુભ હૈ. મોહ હી અશુભ હૈ. શરીર, વાણી, મન યા પર(પદાર્થ) યા પુણ્ય-પાપ કા ભાવ, અજીવ – શરીર, વાણી, મન, કર્મ આદિ અજીવ ઔર પુણ્ય-પાપ કા ભાવ આસ્રવ, જ્ઞાયક ભગવાન અપને કો ન માનકર વહ આસ્રવ ઔર અજીવ મૈં હૂં ઔર વહ ચીજ મેરે મેં હૈ, ઐસી માન્યતા કો મિથ્યા માન્યતા – મિથ્યા શ્રદ્ધા કા પરિણામ કહતે હૈં. યહ મિથ્યાશ્રદ્ધા અશુભ હી હોતી હૈ. કહો, સમજ મેં આયા ?

મિથ્યા માન્યતા અશુભ હી હૈ. મિથ્યા માન્યતા મેં શુભ ઔર અશુભ દો ભાગ હૈ હી નહીં. ભગવાનઆત્મા એક સમય મેં પૂર્ણ શુદ્ધ અનંત ગુણ કા પિંડ, સમાજ ચૈતન્યપ્રભુ ! અનંત ગુણ કે સમાજરૂપ આત્મા ! ઉસમેં અનંત ગુણરૂપ સમાજ પડી હૈ. એકરૂપ ચૈતન્ય, જિસમેં અનંત આનંદ, અનંત જ્ઞાન, કેવળજ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય આદિ સ્વચતુષ્ટય પડા હૈ. ઉસકી દૃષ્ટિ, ઉસકા અવલંબન – આશ્રય ન કરકે, કર્મ કા લક્ષ્ય કરકે, પર કા લક્ષ્ય કરકે, વહ મેરી ચીજ હૈ, મૈં ઉસમેં હૂં, વહ મેરે મેં હૈ, અજીવ શરીર, કર્મ મેરે મેં હૈં (ઔર) મૈં ઉસમેં હૂં ઔર પુણ્ય-પાપ ભાવ મેરે મેં હૈં, મૈં ઉસમેં હૂં. ઐસી મિથ્યાદૃષ્ટિ કી માન્યતા, મિથ્યાત્વ પરિણામ અશુભપને કો પ્રાપ્ત હૈ. વહ અશુભ હી હૈ.

કોઈ કહતે હૈં ન કિ, પાપ પરિણામ છોડે, પુણ્ય પરિણામ કિયે તો શુભ તો હૈ. યહાં તો મિથ્યાત્વ પરિણામ હી અશુભ સાથ મેં હૈ. દયા, દાન, વ્રત, ભક્તિ કા પરિણામ શુભ હૈ તો ઉસે શુભ તો કહો. વહ તો શુભ હૈ હી પરંતુ ઉસકે સાથ વહ મેરી ચીજ હૈ ઔર મુજે લાભ હોગા, ઐસા અશુભ મિથ્યાત્વ કા પરિણામ સાથ મેં હૈ. આહા..હા...! કઠિન બાત (હૈ). સમજાય છે કાંઈ ? પાપ કા અશુભ ભાગ બહુત લે જાતા હૈ. બડા હિસ્સા ઉસકા હૈ. ભાઈ ! ક્યા કહા ?

આત્મા મેં, પર્યાય મેં – અવસ્થા મેં દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત આદિ કા શુભ ભાવ હો તો નયા પુણ્ય બંધ કા કારણ હોને સે (ઉસે) શુભ કહતે હૈં પરંતુ ઉસ કાલ મેં 'યહ શુભ પરિણામ મુજે ધર્મ કા કારણ હૈ ઔર મુજે ધર્મ હોતા હૈ' ઐસી મિથ્યા માન્યતા અશુભ ભાગ મેં જાતી હૈ. અશુભ ભાગ હૈ, મહા અશુભ હૈ ! યહ મિથ્યા પરિણામ –

મિથ્યા શ્રદ્ધા બડા અશુભ હૈ. સમજ મેં આતા હૈ ?

આત્મા મેં દો પ્રકાર કે પરિણામ (હોતે હૈં). પરિણામ સમજતે હૈં ? અવસ્થા – હાલત – ભાવ. દો પ્રકાર કા ભાવ બંધ કા કારણ હૈ. ઇસ દો પ્રકાર મેં એક મિથ્યાત્વ ભાવ ઔર એક દ્વેષ ભાવ – દો અશુભ હૈં. દો અશુભ હૈં. **'મોહ-દ્વેષમયપને સે અશુભપના હોતા હૈ,...'** આત્મા અપને જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ કી માન્યતા છોડકર 'મૈં પર કા કુછ કરતા હૂં, પર સે મેરે મેં લાભ હોતા હૈ, મૈં દુનિયા કા ઉદ્ધાર કર સકતા હૂં, દુનિયા કે દુઃખ દૂર કર સકતા હૂં ઔર પર મેરા દુઃખ દૂર કર સકતે હૈં' ઐસી મિથ્યા માન્યતા બડા અશુભ ભાવ હૈ. બરાબર હૈ ? વેપારીઓને સમજાય કે નહિ ? આ વકીલોને સમજાય ? જીવને સમજાય.

આ..હા...! ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ દેવાધિદેવ, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જ્ઞાનમાં જણાણા. પોતાનું-પરનું ત્રણ કાળનું સ્વરૂપ વાણીમાં આવ્યું. ત્રણકાળ ત્રણલોકનું બધું સ્વરૂપ આવ્યું. એમાં બંધના સ્વરૂપની વ્યાખ્યા આવતાં ભગવાનની વાણીમાં એમ આવ્યું (તેને) ગણધરોએ ગૂંથ્યું (અને) આચાર્યોએ શાસ્ત્ર રચ્યા. એમાં એમ કહ્યું કે, હે આત્મા ! તારા સ્વભાવની પવિત્રતા શુદ્ધતા અંતર અખંડ જ્ઞાયકતા (છે) એની દૃષ્ટિ છોડીને તું પરપદાર્થના સારા-નરસાં કામ હું કરી દઉં, પરથી મારામાં સારા-નરસાં થાય, એ પુણ્ય પરિણામ તે મને ધર્મનું કારણ છે, એવા જે ભાવ (થાય છે) તેને અમે મિથ્યાત્વ ભાવ, અશુભ ભાવ, પાપ ભાવ કહીએ છીએ. કહો, સમજાણું કાંઈ ?

ક્યા (કહતે હૈં ?) **'શુભ ઔર અશુભપને કે કારણ દ્વૈત કા અનુસરણ કરતા હૈ.'** બંધ કા કારણ દો (ભાવ હૈં). ઉસમેં એક **'મોહ-દ્વેષમયપને સે અશુભપના હોતા હૈ,...'** આ માણસને મોહની અશુભતાની કિંમત સમજતા આવડતી નથી, કિંમત કરતાં આવડતી નથી. જરીક કંઈક શુભ પરિણામ હુઆ, દયા, દાન (કા ભાવ હુઆ કિ), બસ ! ઓ..હો...! બડા અચ્છા હો ગયા. પરંતુ ઉસમેં ધર્મ માના હૈ ઔર મૈં કરનેવાલા (હૂં), પુણ્ય મેરા કર્તૃત્વ હૈ ઐસી દૃષ્ટિ કો મોહમય અશુભ ભાવ કહતે હૈં, મિથ્યાત્વ કા અશુભ ભાવ કહતે હૈં. ઇસ અશુભ ભાવ સે દર્શનમોહ આદિ નયા કર્મ કા બંધ હોતા હૈ. કહો, સમજાણું આમાં ? ભાઈ ! લ્યો, આમાં તાકડે આવ્યું ! જુઓ !

અનાદિ સે ઉસમેં યહ ભૂલ હૈ. શુભ-અશુભ દોમેં સે **'મોહદ્વેષમયપને સે અશુભપના હોતા હૈ,...'** દેખો ! (ભૂલ ગ્રંથ મેં નીચે ફૂટનોટ મેં) સ્પષ્ટીકરણ કિયા હૈ. 'મોહમય પરિણામ

ઔર દ્વેષમય પરિણામ અશુભ હૈ.' વહ પાપભાવ હૈ. મિથ્યાશ્રદ્ધા પાપ ભાવ હૈ ઔર દ્વેષભાવ ભી પાપભાવ હૈ. વહ નયે બંધ કા કારણ હૈ ઔર દોનોં મેં કોઈ ધર્મ કા કારણ હૈ નહીં.

**'ઔર રાગમયપને સે શુભપના ઔર અશુભપના હોતા હૈ...'** રાગ કા દો પ્રકાર હૈ – એક શુભ ઔર એક અશુભ. (મૂલ ગ્રંથ મેં નીચે ફૂટનોટ મેં સ્પષ્ટીકરણ હૈ) 'ધર્માનુરાગ વિશુદ્ધિપના હોને સે ધર્માનુરાગમય પરિણામ શુભ હૈ;...' ભગવાન કી ભક્તિ, સ્મરણ, દયા, દાન આદિ કે ભાવ ધર્માનુરાગ શુભ પુણ્ય હૈ. પુણ્યબંધ કા કારણ હૈ, ધર્મ નહીં.

મુમુક્ષુ :– બધી બાબતમાં ના પાડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધી બાબતમાં ના ક્યાં પાડે છે ? જુઓ આ કહે છે, 'જેમ છે એમ બતાવે છે.' ઇ (ઊંધી માન્યતાનું) બધું ચક્ર ફેરવી નાખવું પડશે. સમજાણું કાંઈ ?

પ્રશ્ન :– બધું ફેરવી નાખવું પડશે ?

સમાધાન :– ઇ કારણથી કીધું છે. સવારમાં અમારે વાત થઈ છે. સમજાણું કાંઈ ? કહો, સમજાય છે કાંઈ ?

કહે છે, ભગવાનની ભક્તિ, પરમાત્માનું સ્મરણ, દયા, દાનના પરિણામ એ બધા વિશુદ્ધિવાળા હોવાથી શુભ છે, પુણ્યબંધના કારણ છે, ધર્મ નહિ. શુભ પરિણામ પુણ્યબંધ કે કારણ હૈ, ધર્મ નહીં, સંવર-નિર્જરા નહીં, મોક્ષમાર્ગ નહીં. કહો, સમજ મેં આયા ? દેખો !

**'રાગમયપને સે શુભપના તથા અશુભપના હોતા હૈ ક્યોંકિ રાગ-વિશુદ્ધિ...'** જુઓ ! વિશુદ્ધિ એટલે ધર્માનુરાગ. શુભ પરિણામ, શુભ હોં ! રાગ કા દો પ્રકાર હૈ. એક શુભ હૈ ઔર એક સંક્લેશરૂપ અશુભ હૈ. રાગ દો પ્રકાર કા (હૈ), દ્વેષ દો પ્રકાર કા નહીં. દ્વેષ એક પ્રકાર કા – અશુભ. મોહ મિથ્યાશ્રદ્ધા એક હી પ્રકાર કી હોતી હૈ – અશુભ. ઔર રાગ દો પ્રકાર કા હોતા હૈ – એક શુભ ઔર (એક) અશુભ. શુભ મેં દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, ભગવાન કા સ્મરણ આદિ કા વિકલ્પ ઉઠતા હૈ વહ સબ શુભ ભાવ હૈ, વહ પુણ્યબંધ કા કારણ હૈ. શુભ બંધ કા કારણ હૈ, ધર્મ નહીં. ઔર અશુભ – વિષય, કષાય, ભોગ, વાસના, રળવું, કમાવું. રળવું, કમાવું સમજતે હૈં ? (પૈસે) કમાના ઇત્યાદિ. યે હીરા, માણિક, પન્ને કા ધંધા કરને મેં બૈઠના વહ ભાવ હૈ વહ અશુભ હૈ.

પ્રશ્ન :– રોટી કૈસે ખાયેં ?

સમાધાન :– રોટી કૌન ખાતે થે ? રોટી ખાને કા ભાવ હોતા હૈ. શરીર-પોષણ કે લિયે રોટી (ખાને) કા ભાવ હોતા હૈ વહ અશુભ હૈ. સંસાર કા કારણ હૈ. કહો, સમજ

મેં આયા ?

બંધ કા પરિણામ દો પ્રકાર કા (હૈ). એક શુભ, એક અશુભ. અશુભ દો પ્રકાર કા (હૈ). એક મિથ્યાશ્રદ્ધા ઔર દ્વેષ. રાગ દો પ્રકાર કા (હૈ) એક શુભ ઔર એક અશુભ. દયા, દાન, ભક્તિ, ભગવાન કા સ્મરણ, યાત્રા (આદિ) શુભરાગ (હૈ). કષાય મંદ હો તો વહ શુભ રાગ હૈ ઔર વિષય-કષાય, ભોગ, કમાના, રળના, આબરુ, માન-સન્માન ઇત્યાદિ વહ પાપરાગ હૈ, અશુભ રાગ હૈ. સમજ મેં આયા ? ચારોં બંધ કા કારણ હૈ. કૌન ચાર ? એક મિથ્યાશ્રદ્ધા ઔર દ્વેષ પાપબંધ કા કારણ (હૈ). રાગ કા દો ભાગ – એક શુભ, એક અશુભ. દોનોં બંધ કે કારણ હૈં. શુભરાગ પુણ્યબંધ કા કારણ હૈ, અશુભરાગ પાપબંધ કા કારણ હૈ. ચારોં ભાવબંધ કે કારણ હૈં. ઉસમેં એક ભી ભાવ ધર્મ કા કારણ હૈ નહીં. સમજ મેં આયા ? ૧૮૦ (ગાથા) પૂરી થઈ.

**‘અબ વિશિષ્ટ પરિણામ કે ભેદ કો તથા અવિશિષ્ટ પરિણામ કો, કારણ મેં કાર્ય કા ઉપચાર કરકે કાર્યરૂપ સે બતલાતે હૈં :–’** પરિણામ યાની પુણ્ય-પાપ કા બંધ કા પરિણામ. વિશિષ્ટ પરિણામ યાની બંધ કા પરિણામ. ઉસકા ભેદ ઔર અવિશિષ્ટ યાની મોક્ષ કા કારણરૂપ પરિણામ. ઉસકો **‘કારણ મેં કાર્ય કા ઉપચાર કરકે...’** જો બંધ કા કારણ હૈ – પુણ્ય બંધ કા કારણ હૈ તો શુભ કો પુણ્ય કહેંગે, પાપ બંધ કા કારણ હૈ – અશુભ કો પાપ કહેંગે ઔર મોક્ષ કા કારણ (રૂપ) પરિણામ શુદ્ધ હૈ. આત્મા કા પુણ્ય-પાપ સે રહિત શ્રદ્ધા, જ્ઞાન (કરના) ઉસ પરિણામ કો મોક્ષ કહેંગે. સમજાય છે ? **‘કારણ મેં કાર્ય કા ઉપચાર કરકે કાર્યરૂપ સે બતલાતે હૈં :–’** ૧૮૧ (ગાથા).

**सुहपरिणामो पुण्णं असुहो पावं ति भणिदमण्णेसु।**
**परिणामो णण्णगदो दुक्खक्खयकारणं समये।।१८१।।**

એની ટીકા. **‘પ્રથમ તો પરિણામ...’** (અર્થાત્) આત્મા કી પર્યાય, પરિણામ, ભાવ **‘દો પ્રકાર કા હૈ...’** ભગવાનઆત્મા અનંત ગુણ કા પિંડ પ્રભુ ! ઉસકી વર્તમાન દશા કા ભાવ, વર્તમાન દશા કા ભાવ, વર્તમાન દશા કા પરિણામ, વર્તમાન અવસ્થા કા પરિણામ દો પ્રકાર કા હૈ.

**‘પરદ્રવ્યપ્રવૃત્ત (–પરદ્રવ્ય કે પ્રતિ પ્રવર્તમાન) ઔર સ્વદ્રવ્યપ્રવૃત્ત.’** સામાન્ય વ્યાખ્યા કહી,

अथ विशिष्टपरिणामविशेषमविशिष्टपरिणामं च कारणे कार्यमुपचर्य कार्यत्वेन निर्दिशति

**सुहपरिणामो पुण्णं असुहो पावं ति भणिदमण्णेसु।**
**परिणामो णण्णगदो दुक्खक्खयकारणं समये।।१८१।।**
**शुभपरिणामः पुण्यमशुभः पापमिति भणितमन्येषु।**
**परिणामोऽनन्यगतो दुःखक्षयकारणं समये।।१८१।।**

द्विविधस्तावत्परिणामः, परद्रव्यप्रवृत्तः स्वद्रव्यप्रवृत्तश्च। तत्र परद्रव्यप्रवृत्तः परोपरक्तत्वाद्विशिष्टपरिणामः, स्वद्रव्यप्रवृत्तस्तु परानुपरक्तत्वादविशिष्टपरिणामः। तत्रोक्तौ द्वौ

---

अथ द्रव्यरूपेणपुण्यपापबंधकारणत्वाच्छुभाशुभपरिणामयोः पुण्यपापसंज्ञा शुभाशुभरहितशुद्धोपयोगपरिणामस्य मोक्षकारणत्वं च कथयति - सुहपरिणामो पुण्णं द्रव्यपुण्यबंध-कारणत्वाच्छुभपरिणामः पुण्यं भण्यते। **असुहो पावंच ति भणिदं** द्रव्यपापबंधकारणत्वादशुभपरिणामः पापं भण्यते। केषु विषयेषु योऽसौ शुभाशुभपरिणामः। **अण्णेसु** निजशुद्धात्मनः सकाशादन्येषु

---

હવે વિશિષ્ટ પરિણામના ભેદને તથા અવિશિષ્ટ પરિણામને, કારણમાં કાર્યનો ઉપચાર કરીને કાર્યપણે દર્શાવે છે :–

**પર માંહી શુભ પરિણામ પુણ્ય, અશુભ પરમાં પાપ છે;**
**નિજદ્રવ્યગત પરિણામ સમયે દુઃખક્ષયનો હેતુ છે. ૧૮૧.**

---

દેખો ! એક પરિણામ પરદ્રવ્ય કા લક્ષ્યવાલા પરદ્રવ્યપ્રવૃત્ત (હૈ) ઔર એક પરિણામ સ્વદ્રવ્યપ્રવૃત્ત (હૈ). ક્યા કહા સમજે ? અભી સ્પષ્ટીકરણ કરેંગે, હાં ! **'પરિણામ દો પ્રકાર કા હૈ...'** પર્યાય શુભ, અશુભ ઔર શુદ્ધ. ઐસા શુભ-અશુભ વહ વિશિષ્ટ હૈ ઔર શુદ્ધ અવિશિષ્ટ હૈ. ઉસ પ્રકાર સે દો હુએ. પુણ્ય-પાપ કા પરિણામ વિશિષ્ટ હૈ. યાની વિકારવાલા હૈ. વહ એક (પરિણામ હુઆ) ઔર એક પુણ્ય-પાપ સે રહિત આત્મા, શુદ્ધ ચિદાનંદ કી શ્રદ્ધા,

शुभपरिणामः पुण्यं, पापपुद्‌गलबंधकारणत्वादशुभपरिणामः पापम्। अविशिष्टपरिणामस्य तु शुद्धत्वेनैकत्वान्नास्ति विशेषः। स काले संसारदुःखहेतुकर्मपुद्‌गलक्षयकारणत्वात्संसार-दुःखहेतुकर्मपुद्‌गलक्षयात्मको मोक्ष एव।।१८१।।

---

शुभाशुभबहिर्द्रव्येषु। **परिणामो णण्णगदो** परिणामो नान्यगतोऽनन्यगतः स्वस्वरूपस्थ इत्यर्थः। स इत्थंभूतः शुद्धपयोगलक्षणः परिणामः **दुक्खक्खयकारणं** दुःखक्षयकारणं दुःखक्षयाभिधान मोक्षस्य कारणं **भणिदो** भणितः। क्व भणितः। **समये** परमागमे लब्धिकाले वा। किंच, मिथ्याद-ष्टिसासादनमिक्षगुणस्थानत्रये तारतम्येनाशुभपरिणामो भवतीति पूर्वं भणितमास्ते, अविरतदेशविरतप्रमत्त-संयतसंज्ञगुणस्थानत्रये तारतम्येन शुभपरिणामश्च भणितः, अप्रमत्तादिक्षीणकषायान्तगुणस्थानेषु तारतम्येन शुद्धोपयोगोऽपि भणितः। नयविवक्षायां मिथ्यादृष्ट्यादिक्षीणकषायान्तगुणस्थानेषु

---

**અન્વયાર્થ :–** [अन्येषु] પર પ્રત્યે [शुभपरिणामः] શુભ પરિણામ [पुण्यम्] પુણ્ય છે અને [अशुभः] (પર પ્રત્યે) અશુભ પરિણામ [पापम्] પાપ છે [इति भणितम्] એમ કહ્યું છે; [अनन्यगतः परिणामः] પર પ્રત્યે નહિ પ્રવર્તતો એવો પરિણામ [समये] સમયે [दुःखक्षयकारणम्] દુઃખક્ષયનું કારણ છે.

**ટીકા :–** પ્રથમ તો પરિણામ દ્વિવિધ છે – પરદ્રવ્યપ્રવૃત્ત (પરદ્રવ્ય પ્રત્યે પ્રવર્તતો) અને સ્વદ્રવ્યપ્રવૃત્ત. તેમાં પરદ્રવ્યપ્રવૃત્ત પરિણામ પર વડે ઉપરક્ત (–પરના નિમિત્ત વિકારી) હોવાથી વિશિષ્ટ પરિણામ છે અને સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ પર વડે ઉપરક્ત નહિ હોવાથી અવિશિષ્ટ

---

જ્ઞાન ઔર રમણતા. વહ અવિશિષ્ટ પરિણામ ખાસ મોક્ષ કા કારણ હૈ. (ઇસપ્રકાર) પરિણામ દો પ્રકાર કા હુઆ. ક્યા ?

એક પરદ્રવ્યપ્રવૃત્ત. પરદ્રવ્ય કે લક્ષ્ય સે શુભાશુભ, મિથ્યાત્વ પરિણામ હોતા હૈ વહ. એક સ્વદ્રવ્યપ્રવૃત્ત. અપને આત્મા કે આશ્રય. શુદ્ધ ચિદાનંદ પ્રભુ ! ઉસ સ્વદ્રવ્ય કે આશ્રય સે શુદ્ધ પરિણામ જો હોતા હૈ, શુદ્ધ ઉસે સ્વદ્રવ્યપ્રવૃત્ત કહતે હૈં. ઔર પરદ્રવ્ય કે લક્ષ્ય સે ઉત્પન્ન હોનેવાલા શુભ ઔર અશુભ, ઉસે વિશિષ્ટ પરિણામ – ખાસ વિકાર કા પરિણામ,

पुनरशुद्धनिश्चयनयो भव,येव। तत्राशुद्धनिश्चयमध्ये शुद्धोपयोगः कथं लभ्यत इति शिष्येण पूर्वपक्षे कृते सति प्रत्युत्तरं ददाति - वस्त्वेकदेशपरीक्षा तावन्नयलक्षणं, शुभाशुभशुद्धद्रव्यावलंबनमुपयोगलक्षणं चेति; तेन कारणेनाशुद्धनिश्चयमध्येऽपि शुद्धात्मावलंबनत्वात् शुद्धध्येयत्वात् शुद्धसाधकत्वाञ्च शुद्धोपयोगपरिणामो लभ्यत इति नयलक्षणमुपयोगलंक्षणं च यथासंभवं सर्वत्र ज्ञातव्यम्। अत्र योऽसौ रागादिविकल्पोपाधिरहितसमाधिलक्षणशुद्धोपयोगो मुक्तिकारणं भणितः स तु शुद्धात्मद्रव्यलक्षणाद्ध्येयभूताच्छुद्धपारिमामिकभावादभेदप्रधानद्रव्यार्थिकनयेनाभिन्नोऽपि भेदप्रधानपर्याय-

પરિણામ છે. ત્યાં વિશિષ્ટ પરિણામના પૂર્વોક્ત બે ભેદ છે : શુભ પરિણામ અને અશુભ પરિણામ. તેમાં, પુણ્યરૂપ પુદ્‌ગલના બંધનું કારણ હોવાથી શુભ પરિણામ પુણ્ય છે અને પાપરૂપ પુદ્‌ગલના બંધનું કારણ હોવાથી અશુભ પરિણામ પાપ છે. અવિશિષ્ટ પરિણામ તો શુદ્ધ હોવાથી એક છે તેથી તેના ભેદ નથી. તે (અવિશિષ્ટ પરિણામ), કાળે સંસારદુઃખના હેતુભૂત કર્મપુદ્‌ગલના ક્ષયનું કારણ હોવાથી, સંસાર-દુઃખના હેતુભૂત કર્મપુદ્‌ગલના ક્ષયસ્વરૂપ મોક્ષ જ છે.

બંધ કા કારણ હૈ ઉસે વિશેષ કહતે હૈં. સમજ મેં આયા ?

વિશિષ્ટ માને ? જો આત્મા કે સ્વભાવ મેં હૈ નહીં, નયા વિકાર ઉત્પન્ન હોતા હૈ. મિથ્યાત્વ, શુભ ઔર અશુભ, વહ ખાસ વિકાર વિકૃત ભાવ હુઆ. વહ બંધ કા કારણ (હૈ). અવિશિષ્ટ યાની ખાસ વિકાર નહીં પરંતુ અપને સ્વભાવ મેં હૈ ઉસકે અવલંબન સે, મૈં પૂર્ણાનંદ શુદ્ધ હૂં, પુણ્ય-પાપ કે પરિણામ સે રહિત, કર્મ સે રહિત, શરીર સે રહિત મેરી શુદ્ધ ચિદાનંદ શક્તિ હૈ, ઉસકે અવલંબન સે અવિશિષ્ટ નામ કોઈ ભી નિમિત્ત કે લક્ષ્ય ઔર આશ્રય બિના હુઆ, અપને સ્વભાવ કે આશ્રય સે હુઆ, ઉસ પરિણામ કો યહાં અવિશિષ્ટ શુદ્ધ પરિણામ કહતે હૈં. ભારી વ્યાખ્યા, ભાઈ ! અભી ઔર સ્પષ્ટીકરણ આયેગા, હં ! યહ તો અભી સાધારણ બાત હૈ.

મોક્ષ ઔર બંધ કા કારણરૂપ પરિણામ, વહ દો પ્રકાર કા હૈ. સામાન્ય વ્યાખ્યા (સે કહેં તો) આત્મા મેં પરિણામ હોતા હૈ વહ દો પ્રકાર કા (હૈ). એક પરદ્રવ્યપ્રવૃત્ત, એક સ્વદ્રવ્યપ્રવૃત્ત. ઉતની સામાન્ય વ્યાખ્યા કહી. **'ઇનમેં સે પરદ્રવ્યપ્રવૃત્તપરિણામ પર કે દ્વારા**

आर्थिकनयेन भिन्नः। कस्मादिति चेत्। अयमेकदेशनिरावरणत्वेन क्षायोपशमिकखण्डज्ञानव्यक्तिरूपः, स च पारिणामिकः सकलावरणरहितत्त्वेनाखण्डज्ञानव्यक्तिरूपः; अयं तु सादिसान्तत्वेन विनश्वरः, स च अनाद्यनन्तत्वेनाविनश्वरः। यदि पुनरेकान्तेनाभेदो भवति तर्हि घटोत्पतौ मृत्पिण्डविनाशवत् ध्यानपर्यायविनाशे मोक्षे जाते सति ध्येयरूपपारिणामिकस्यापि विनाशो भवतीत्यर्थः। तत एव ज्ञायते शुद्धपारिणामिकभावो ध्येयरूपो भवति, ध्यानभावनारूपो न भवति। कस्मात्। ध्यानस्य विनश्वरत्वादिदिति।।१८१।।

---

ભાવાર્થ :– પર પ્રત્યે પ્રવર્તતો એવો શુભ પરિણામ તે પુણ્યનું કારણ છે અને અશુભ પરિણામ તે પાપનું કારણ છે તેથી, કારણમાં કાર્યનો ઉપચાર કરીએ તો, શુભ પરિણામ તે પુણ્ય છે અને અશુભ પરિણામ તે પાપ છે. સ્વાત્મદ્રવ્યમાં પ્રવર્તતો એવો શુદ્ધ પરિણામ તે મોક્ષનું કારણ છે તેથી, કારણમાં કાર્યનો ઉપચાર કરીએ તો, શુદ્ધ પરિણામ તે મોક્ષનું છે. ૧૮૧.

---

**ઉપરક્ત (પર કે નિમિત્ત સે વિકારી) હોને સે વિશિષ્ટ પરિણામ હૈ...'** દેખો ! શુભ-અશુભ પરિણામ ઔર મિથ્યાશ્રદ્ધા, વહ પરદ્રવ્ય કે લક્ષ્ય સે પરદ્રવ્યપ્રવૃત્ત પરિણામ હુઆ. મિથ્યાશ્રદ્ધા ઔર પુણ્ય-પાપ કા ભાવ, યે તીનોં પરદ્રવ્યપ્રવૃત્ત વિશિષ્ટ પરિણામ હુએ, ખાસ નયા વિકારી પરિણામ ઉત્પન્ન હુઆ ઉસે બંધ કા કારણ કહતે હૈં.

**'સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ પર કે દ્વારા ઉપરક્ત ન હોને સે...'** સ્વદ્રવ્યપ્રવૃત્ત (યાની) અપના આનંદ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ કે લક્ષ્ય સે, ઉસકે આશ્રય સે અંતર મેં પ્રવૃત્ત નામ પરિણામ જો પ્રગટ હુઆ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર યે તીનોં પરિણામ, અપને શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય કે આશ્રય સે સ્વદ્રવ્યપ્રવૃત્ત કહને મેં આતા હૈ. ઐસી ભાષા ભી કભી સુની ન હો. સ્વદ્રવ્યપ્રવૃત્ત ઔર પરદ્રવ્યપ્રવૃત્ત !

ભગવાનઆત્મા એક ઓર પૂર્ણાનંદ પ્રભુ ! અસંખ્યપ્રદેશી અનંત ગુણ કા ધામ ! દેહ સે, ઇસ મિટ્ટી સે ભિન્ન, કર્મ સે ભિન્ન, વાણી સે ભિન્ન, પુણ્ય-પાપ કે ભાવ સે ભી ભિન્ન, ઐસા આત્મા અનાદિઅનંત, આદિ-અંત બિના અનંત ગુણ કા ધામ, અસંખ્યપ્રદેશ (મેં વ્યાપ્ત) શુદ્ધ વસ્તુ (હૈ). ઉસકે આશ્રય સે જો પરિણામ હોતા હૈ, ઉસે સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ કહને

મેં આતા હૈ. યહ સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ મોક્ષ કા કારણ હૈ તો ઉસ પરિણામ કો મોક્ષ કહ દિયા. સમજ મેં આયા ?

જૈનમાં જન્મ્યા હોય તો એને હજી ખબર ન હોય કે, આ સ્વદ્રવ્યપ્રવૃત્ત અને પરદ્રવ્યપ્રવૃત્ત શું (હશે) ? ધનની ખબર હોય, એમ ? ઠીક ! ભાઈ ! લ્યો આ તમારા પૈસાની વાતું કરે છે. ઈ તો ખબર હોય કે, આ પૈસા અમારા ને આ પૈસા ફલાણાના, એમ કહે છે. અહીં એની ક્યાં વાત છે ?

અહીં તો ભગવાનઆત્મા ! વસ્તુ જો પૂર્ણાનંદ અનાદિઅનંત એકરૂપ ચૈતન્યધામ શાશ્વત વસ્તુ આત્મા (હૈ) ઉસમેં અનંત શક્તિ પડી હૈ, ઐસા શક્તિ કા પિંડરૂપ યહ પદાર્થ કે આશ્રય સે, ઉસકી દૃષ્ટિ સે, ઉસકે લક્ષ્ય સે, ઉસકે અવલંબન સે જો મોક્ષમાર્ગ કા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ ઉત્પન્ન હુઆ ઉસે સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ, મોક્ષ કા કારણ કહતે હૈં. વાણિયાને દસ લાખનું ત્રણ આના પેટે વ્યાજ કાઢવું હોય તો દરરોજનું કાઢે, ચક્રવૃદ્ધિ (વ્યાજ) કાઢે. રુચિ છે માટે (કાઢે છે). અહીં રુચિ નથી, અહીંની ખબર નથી. પેલામાં ધૂળમાં એને રુચિ છે. દસ લાખ ત્રણ આના (પેટે) આપ્યા હોય. હવે તો વધી ગયા. હમણાં સાંભળ્યું હતું. પહેલા તો એવું હતું દસ લાખ, પંદર લાખના ત્રણ આનાથી વધારે કોઈ આપે નહિ. રાજા-મહારાજા લેતા. પાંચ પાંચ લાખ લેતા, રાજાઓ લેતા, હોં ! હવે તો કહે છે, સાધારણ બાર આના થઈ ગયા, આઠ આના સાધારણ થઈ ગયા. શાહુકાર ટકો પણ આપે, એવું કહે છે. પહેલા તો દેવાળિયા ટકો આપતા ! આ બધું સાંભળેલું.

અહીં તો એમ કહેવું છે કે, એની એને રુચિ હતી (એટલે) વ્યાજ કાઢતા આવડે, એમ કહું છું. એને આવડત છે. બે આના તરીકે, ત્રણ આના તરીકે રાજાઓને દસ લાખ આપ્યા હોય તો ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢે. દસ લાખનું એક દિવસનું વ્યાજ આવે, ઈ માથે ચડાવીને એના ઉપર બીજા દિવસનું વ્યાજ અને પૈસા સહિતનું વ્યાજ કાઢે. એનું નામ ચક્રવૃદ્ધિ વ્યાજ કહેવાય. વ્યાજ ભેળવીને (કાઢે). અત્યારે તો વળી મહિનાનું (કાઢતા હશે). આપણને ક્યાં ખબર છે ? દસ હજારના નેવુ રૂપિયા થાય કે નહિ ? તારણ તરીકે. એક મહિનાના નેવુ, દસ હજાર ને નેવુનું વ્યાજ પાછુ બીજા મહિનાનું. એમ કરીને બીજા મહિનાનું, કરતા હશે, કોને ખબર ? કહો, સમજાણું કાંઈ ? એમાં એને ડહાપણ, આની ખબર (ન મળે).

કેટલી સરસ વાત કરી, જુઓ ! (અન્વયાર્થમાં છે) 'अन्येषु शुभ परिणामः पुण्यम्' અનન્યગત પરિણામ એમ પાઠ છે. અનન્યગત એટલે પરના નહિ થયેલા. સ્વગત – સ્વદ્રવ્યથી

થયેલા, સ્વદ્રવ્ય સે હુઆ. અપના આત્મા જો શુદ્ધ ચૈતન્ય હૈ, પરલક્ષ્ય છોડકર, અપના શુદ્ધ સ્વભાવ ત્રિકાલ હૈ ઉસ ઓર કા અંતર મેં અવલંબન કરકે સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ જો હુઆ, ઉસ પરિણામ કો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહતે હૈં ઔર વહ પરિણામ સ્વદ્રવ્યપ્રવૃત્ત કહને મેં આયા હૈ. ઔર જો પરિણામ પરદ્રવ્ય મેરા હૈ, મૈં ઉસકા હૂં, ઐસી મિથ્યા માન્યતા કા મિથ્યાત્વ કા પરિણામ હુઆ, વહ પરદ્રવ્ય (કે) લક્ષ્ય સે હુઆ, પરદ્રવ્યપ્રવૃત્ત પરિણામ હુઆ. ઔર પર કી દયા કા, ભક્તિ કા, પૂજા કા ભાવ હુઆ, શુભ (ભાવ હુઆ) વહ ભી પરદ્રવ્યપ્રવૃત્ત હુઆ. ક્યોંકિ પરલક્ષ્ય સે ઉત્પન્ન હુઆ. ઔર હિંસા કા, જૂઠ કા, ચોરી કા, વિષય કા, ભોગ કા ભાવ હુઆ વહ ભી પરદ્રવ્ય કે લક્ષ્ય સે હુઆ, વહ ભી પરદ્રવ્યપ્રવૃત્ત હુઆ.

મિથ્યાત્વ ઔર રાગ દો પ્રકાર કા ઔર દ્વેષ. પરવસ્તુ ઠીક ન લગી તો અણગમા (ઘૃણા કરતા હૈ), યે નહીં... યે નહીં... ઐસા દ્વેષ ભી પરદ્રવ્યપ્રવૃત્ત હૈ. મિથ્યાત્વ ભાવ, દ્વેષ ભાવ, અશુભરાગ ઔર શુભરાગ – યે સબ પરદ્રવ્યપ્રવૃત્ત પરિણામ (હૈં), બંધ કા કારણ(રૂપ) પરિણામ હૈં. કહો, સમજ મેં આયા કુછ ? આહા..હા...! બસ, એક ઓર રામ ઔર એક ઓર ગાંવ.

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અંતર સંપદા સે ભાર હુઆ, ઉસકી અંતર્મુખ દૃષ્ટિ કરને સે સ્વદ્રવ્ય પ્રવૃત્તિ જો હૈ ઉસકી પરિણતિ પ્રગટ હોતી હૈ, ઉસે સ્વદ્રવ્ય પ્રવૃત્તિ કહતે હૈં. ઇસ પરિણામ કો ધર્મ કહતે હૈં. દૂસરી ભાષા સે કહેં તો ઉસે મોક્ષમાર્ગ કહતે હૈં. યહાં ઉસે મોક્ષ કહેંગે. કારણ મેં કાર્ય કા ઉપચાર કરકે (મોક્ષ કહેંગે). સમજ મેં આયા ? ઔર પરદ્રવ્ય ઔર સ્વદ્રવ્ય કી ભિન્નતા કા ભાન હુએ બિના પરદ્રવ્ય કા મૈં કર સકતા હૂં, મૈં ઈસકી વ્યવસ્થા કર સકતા હૂં, ઉસસે મેરે મેં લાભ હોતા હૈ. ઐસા પરદ્રવ્યપ્રવૃત્ત મિથ્યાત્વભાવ મહા અશુભ (હૈ), વહ ભી પરદ્રવ્યપ્રવૃત્ત હૈ. ઔર દ્વેષ – પ્રતિકૂલતા મેં દ્વેષ આના વહ ભી પરદ્રવ્યપ્રવૃત્ત ભાવ હૈ. ઔર અશુભ રાગ – વિષય-કષાય, ભોગ આદિ કા અશુભ (રાગ). વહ સબ પાપ કે પરિણામ પરદ્રવ્યપ્રવૃત્ત હૈં, વહ બંધ કા – પાપબંધ કા કારણ હૈ. દયા, દાન, ભક્તિ આદિ શુભ પરિણામ પરદ્રવ્ય કે લક્ષ્ય સે હોતા હૈ તો પરદ્રવ્યપ્રવૃત્ત પરિણામ પુણ્યબંધ કા કારણ હૈ તો ઉસે પુણ્ય કહને મેં આયા હૈ. કહો, બરાબર હૈ કિ નહીં ? ભાઈ ! Logic સે બાત હૈ કિ નહીં ?

દેખો ! **'ઇનમેં સે પરદ્રવ્યપ્રવૃત્તપરિણામ પર કે દ્વારા ઉપરક્ત (પર કે નિમિત્ત સે વિકારી)**

**હોને સે...**' વહ વિકારી (પરિણામ) હૈ ન ? મિથ્યાત્વ પરિણામ હો, દ્વેષ હો યા અશુભ-શુભ રાગ હો. મિથ્યાશ્રદ્ધા ભાવ હો, દ્વેષ ભાવ હો યા અશુભ-શુભ રાગ હો, સબ પર કે દ્વારા ઉપરક્ત હોને સે. વે તો વિકારી હૈં. પર કે લક્ષ્ય સે વિકાર હુઆ હૈ. પર કે લક્ષ્ય સે કભી નિર્વિકારી ધર્મ પરિણામ હોતા નહીં. **'(પર કે નિમિત્ત સે વિકારી) હોને સે...'** પુસ્તક હૈ કિ નહીં ? ભાઈ ! દેખો ઉસમેં. શબ્દાર્થ દેખો, શબ્દાર્થ ક્યા હૈ ? એમને એમ વાંચે સમજ્યા વિના. 'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર' એ અમારે કહેતા. 'દલપતરામ'(ની કવિતામાં આવતું). ચોપડીમાં આવતું. સમજ મેં આયા ?

ભગવાનઆત્મા ! આત્મા એટલે કાંઈ નહિ ! આત્મા એટલે આ બધું – પુણ્ય ને પાપ ને આ કરે ઈ આત્મા. અરે...! સાંભળને, પ્રભુ ! આત્મા ઉસે કહતે હૈં કિ, શરીર નહીં, વાણી નહીં, મન નહીં, પુણ્ય-પાપ કા ભાવ નહીં, મિથ્યાત્વ ભાવ નહીં, અકેલા ચિદાનંદ અનંત ગુણ કા પિંડ પ્રભુ ! ઉસે આત્મા કહતે હૈં. ઐસે આત્મા કી અંતર્મુખ હોકર શ્રદ્ધા કરના ઔર અંતર્મુખ શક્તિમેં સે નિર્મલ પર્યાય કી પ્રગટતા કરના ઉસ પરિણામ કો સ્વદ્રવ્યપ્રવૃત્ત, વહ પરિણામ મોક્ષમાર્ગ કા પરિણામ (કહને મેં આતા હૈ) ઔર કારણ મેં કાર્ય કા ઉપચાર કરેં તો વહ મોક્ષ હી હૈ. સ્વદ્રવ્ય પરિણામ, સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ મોક્ષ હૈ. સમજ મેં આયા ?

**'ઔર સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ પર કે દ્વારા ઉપરક્ત ન હોને સે...'** દેખો ! સ્વદ્રવ્ય પરિણામ અપને શુદ્ધ આત્મા કા અંતર અવલંબન સે (પ્રગટ હોતા હૈ). અવલંબન ક્યા ? શુદ્ધ ક્યા ? (ઇસકી) ખબર નહીં. યહ મહાપદાર્થ ચૈતન્ય પ્રભુ પડા હૈ ન ! ઉસકી (ઓર) અંતર્મુખ (હોને સે) જો પરિણામ પર કે દ્વારા મલિન ન હોને સે **'અવિશિષ્ટ પરિણામ...'** અવિશિષ્ટ યાની ખાસ જુદા (–અલગ) પ્રકાર કા વિકાર કા વહ (પરિણામ) નહીં. યે તો જો સ્વભાવ હૈ ઉસી સ્વભાવ કી પર્યાય કા પ્રગટ હોના ઉસે યહાં અવિશિષ્ટ પરિણામ કહને મેં આયા હૈ. સમજ મેં આયા ? આહા..હા...!

**'ઉસમેં વિશિષ્ટ પરિણામ કે પૂર્વોક્ત દો ભેદ હૈં...'** વિશિષ્ટ પરિણામ કહા ન ? વિશિષ્ટ યાની ખાસ વિકારવાલા. પર કે સંબંધ સે વિકાર હોનેવાલા. ઉસકે દો ભેદ હૈં. **'શુભપરિણામ ઔર અશુભ પરિણામ.'** લો ! એક શુભ ભાવ, એક અશુભ ભાવ. **'ઉનમેં પુણ્યરૂપ પુદ્ગલ કે બંધ કા કારણ હોને સે શુભપરિણામ પુણ્ય હૈ...'** દેખો ! કારણ મેં કાર્ય કા આરોપ (કિયા). શુભ ભાવ હુઆ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, સ્મરણ શુભ ભાવ (હૈં), ઉસસે

પુણ્ય કા બંધ હુઆ, તો વહ પુણ્ય કાર્ય હુઆ તો કારણ શુભ ભાવ (હૈ) તો કારણ કો હી પુણ્ય કહ દિયા. પુણ્યબંધ કે કારણ કો યહાં પુણ્ય કહા. કારણ મેં કાર્ય કા ઉપચાર કિયા. કારણ સે – શુભ પરિણામ સે પુણ્યબંધ હોતા હૈ તો વહ કાર્ય હુઆ. ઉસ કારણ મેં કાર્ય કા ઉપચાર કિયા કિ, શુભ પરિણામ સ્વયં પુણ્ય હૈ. સમજ મેં આતા હૈ ?

**'પુણ્યરૂપ પુદ્ગલ કે બંધ કા કારણ હોને સે શુભપરિણામ પુણ્ય હૈ...'** દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, ભગવાન કા નામ સ્મરણ વહ સબ શુભ પરિણામ હૈ, વહ પુણ્યબંધ કા કારણ હોને સે શુભ કો હી પુણ્ય કહને મેં આયા હૈ. ધર્મ નહીં (હૈ). **'બંધ કા કારણ હોને સે...'** શુભબંધ કા કારણ હોને સે શુભ પરિણામ કો પુણ્ય કહને મેં આયા હૈ. (યહ) જ્ઞેય કા અધિકાર હૈ.

એક ક્ષણમાં દેહ છોડીને ચાલ્યા જવું. હડિયા કામ કરે નહિ... આહા..હા...! મોટા માંધાતા, રાજા-મહારાજા, કરોડપતિ-અબજોપતિ હોય. મોટા માંધાતા કીધું ને ? પોલીસો આમ સલામ લેતા હોય, એ મરવા ટાણે... હવે પાંચ મિનિટ છે. પછી શ્વાસ અહીંથી ખસી ગયો. પેલો અંદર બેઠો કાંઈ કરી શકે નહિ. આ શ્વાસને આમ લેવો જોઈએ (એમ કહે પણ) ઈ તો જડની ક્રિયા છે. સાંસ (લેને કી) ક્રિયા જડ કી હૈ ન ? આત્મા કર સકતે હૈં ? બિલકુલ નહીં. સાધ્ય હો તો ઉસે ખ્યાલ આ જાયે કિ, સાંસ યહાં નાભિ સે છૂટ ગયા હૈ. હોશિયાર આદમી હો તો ખ્યાલ આ જાયે કિ, અંદર સે સાંસ છૂટ ગઈ હૈ. સાંસ અંદર નહીં જાતી. અંદર નહીં જાતી ઐસા આત્મા જાને, હં ! ઉપર સે ઉપર સે ચલતા હૈ. કુછ કર નહીં સકે.

પ્રશ્ન :– ત્યારે ને ?

સમાધાન :– અરે...! ત્રણેકાળે ! એ શ્વાસની જડની ક્રિયા આત્મા ત્રણકાળ ત્રણલોકમાં કરી શકે નહિ. અરે...! માંધાતાના દૃષ્ટાંત દીધા ને ! મોટા ચક્રવર્તી હોય, સોળ હજાર દેવ સેવા કરતા હોય. 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી સાતમી નરક માં ગયા. સોળ હજાર દેવ સેવા (કરે). રત્નના, હીરાના મોટો ઢોલિયા. ઢોલિયા સમજતે હૈં ? પલંગ ! કરોડો, અબજો રૂપિયાના રત્ન ટાંગ્યા હોય ! એ બધા સોળ સોળ હજાર દેવ ઊભા રહ્યા. સાતમી નરકમાં (ગયો). પાપ કે પરિણામ બહુત કિયે, શરીર પડા રહા. લે સાથે, શું લે ? ધૂળ ! સાંભળ ને હવે ! તું કોણ છો ? લે તારા પરિણામ. જેવા ઊંધા ને સવળા કર્યા ઈ પરિણામ લઈને ચાલ્યો જાય. કોઈ ચીજ તારી હતી નહિ ને તેં કરી નથી. આહા..હા...! ભાઈ ! સાંજડા જેવા શરીર

હોય, અલમસ્ત નિરોગી હોય ને એમાં બે-ત્રણ લાડવા ખાય જતો હોય. લાડવા સમજે ? લડ્ડુ ! એને એમ કહે કે, આ શરીરનો શ્વાસ તારા કારણે નથી. સાંસ લેને કી ક્રિયા તેરે કારણ સે નહીં (હોતી). વહ જડ કે કારણ સે ચલતી હૈ. તુ આત્મા અરૂપી હૈ, પર કા ક્યા કર સકતા હૈ ? સાંસ પર હૈ, શરીર પર હૈ, વાણી પર હૈ. તૂ ક્યા કર સકતા હૈ ?

પરદ્રવ્યપ્રવૃત્તિ કે પરિણામ મૈં કરૂં, ઐસે પરિણામ કો મિથ્યાત્વભાવ કહતે હૈં. મિથ્યાત્વ અશુભભાવ (હૈ), વહ બંધ કા કારણ હોને સે, પાપ કા બંધ કા કારણ હોને સે ઇસ અશુભ પરિણામ કો હી પાપ કહા. સમજાય છે કાંઈ ? જુઓ ! **'પુણ્યરૂપ પુદ્ગલ કે બંધ કા કારણ હોને સે શુભપરિણામ પુણ્ય હૈ...'**

**'ઔર પાપરૂપ પુદ્ગલ કે બંધ કા કારણ હોને સે અશુભ પરિણામ પાપ હૈ.'** કૌન ? મિથ્યાત્વ, દ્વેષ ઔર અશુભરાગ – તીનોં. ઉસમેં તીનોં આ ગયા, હં ! શુભપરિણામ મેં એક આયા – શુભરાગ. શુભરાગ પુણ્ય બંધ કા કારણ હૈ તો શુભપરિણામ કો પુણ્ય કહા. ઔર પાપપરિણામ, મિથ્યા શ્રદ્ધા, દ્વેષ ભાવ, વિષય ભાવ આયા ન ? અશુભ રાગ, દ્વેષ ઔર મિથ્યાત્વ – તીન પરિણામ હુએ. તીનોં પરિણામ સે પાપ બંધતા હૈ. પાપ બંધતા હૈ તો તીનોં પરિણામ કો પાપ કહને મેં આયા હૈ. સમજ મેં આતા હૈ કુછ ? યહ તો સરલ ભાષા હૈ, ઐસી કોઈ શાસ્ત્ર કી ગૂઢ ભાષા નહીં હૈ.

ભગવાનઆત્મા ! વસ્તુ તરીકે પૂર્ણાનંદ શુદ્ધ દળ આખું ચૈતન્ય અખંડ છે, ઉસકી દૃષ્ટિ છોડકર પરદ્રવ્ય કી ક્રિયા મૈં કર સકતા હૂં, મૈં વાણી બોલ સકતા હૂં, શરીર કો હિલા સકતા હૂં, સાંસ લે સકતા હૂં, દૂસરે કા ભલા કર સકતા હૂં, બુરા કર સકતા હૂં, મારો વિરોધ કરે એનો પેશાબ ખોદાવી નાખું...! સાંભળ... સાંભળ... સાંભળ ! ? પેશાબ ખોદાવી નાખું સમજતે હૈં ? ઐસા બોલતે હૈં કિ, જહાં ઉસકા પેશાબ પડે ખોદ ડાલું, ઐસા મૈં સમર્થ હૂં. મરી જાઈશ હવે સાંભળને ! કોણ કરે કોઈનું ? ઐસા પરિણામ હૈ વહ મિથ્યાત્વ પરિણામ હૈ. સમજ મેં આયા ?

પુણ્ય પરિણામ આયા, મૈંને કિયા, મેરા કર્તવ્ય હૈ, ઐસે પરિણામ કો મિથ્યાત્વ પરિણામ કહતે હૈં ઔર વિષય-કષાય કા ભાવ અશુભ રાગ હૈ ઔર પર પ્રતિકૂલતા મેં પર કે પ્રતિ દ્વેષ આના વહ અશુભ હૈ. અશુભ કા તીન પ્રકાર (હુઆ). મિથ્યાત્વ પરિણામ, દ્વેષ પરિણામ ઔર વિષય-કષાય કા પરિણામ. તીનોં મિલાકર અશુભ કહતે હૈં. યે પાપબંધ કા કારણ

હોને સે તીનોં કો પાપ કહને મેં આયા હૈ. સમજ મેં આયા ?

બંધ કે પરિણામ કો અબંધ કા પરિણામ માને તો મિથ્યાત્વ કા પરિણામ અશુભ હૈ કિ શુભ ? કષાય કી મંદતા કા શુભ રાગ હુઆ ન ? ઉસે પુણ્ય કહા. પુણ્ય પુદ્ગલ કા કારણ હોને સે શુભ રાગ, મંદ કષાય (સે) પુદ્ગલપુણ્ય બંધતા હૈ ઔર પુણ્યબંધમેં સે બાદ મેં પાક હોતા હૈ તો યહ ધૂલ મિલતી હૈ. ધૂળ એટલે આ પૈસા-બૈસા કે બાયડી, છોકરા મળે ને આ બધું કાંઈક માને કે અમે આ મસાણના ખીચડામાં પડ્યા છીએ ! સમજાણું કાંઈ ?

'તારા પેટમાં મસાણ' એવું 'ખોજા ભગત'માં આવે છે. માંસ ખાય છે ને ? માંસ ! એને કહે છે કે, એલા તારા પેટમાં મસાણ છે, જોને ! બહાર મસાણ ક્યાં (છે) ? મસાણ સમજતે હૈં ? સ્મશાન ! માંસ ખાય એના પેટમાં મસાણ ! એમ અહીંયાં આચાર્ય કહે છે કે, ભૂંડા પાપ પરિણામ કરે ઈ પોતે નરક ગતિના પરિણામ છે, આ પરિણામમાં નરક છે. સમજાણું કાંઈ ? એ ભાવિ નારકીને વર્તમાનમાં ભવિષ્યનો નારકી કહેવામાં આવે છે. આહા..હા...!

રાજા, મહારાજા હોય, આમ ખમા... ખમા થતા હોય. લ્યો ! મરી ગયા પછી જ્યાં બાળ્યા હોય ને ? જલાયા હો વહાં એક એક મહીને તક ઉસ પર ગાય કા દૂધ ડાલતે હૈં. દેખા હૈ કિ નહીં મહારાજા ? રાજા, મહારાજા, રાણી આદિ મરી ગઈ હોય તો મહિના-સવા મહિના સુધી ત્યાં સારી ગાય લઈ જતા. જ્યાં બાળ્યા હોય ને ? એની ઉપર ગાય અધમણ અધમણ દૂધ નાખે. સવા મહિના સુધી ! પેલો મરીને ગયો હોય નરકમાં ! તું અહીં કરને હવે ! અમે તો આ દેખ્યું છે, હોં ! આ 'જામનગર'ના રાણી મરી ગયા ને ? અમે દિશાએ જઈએ (ત્યાં જોયું કે) આ શું કરે છે ? કપડું બાંધી રાખ્યું હોય. મહિના, સવા મહિના સુધી ગાયનું પેલું નાખે – દૂધ દોહવડાવે, એમાં દૂધ નખાવે. એટલે પેલાની ટાઢી માટી થાય. આહા..હા..હા...! ટાઢી માટી સમજતે હૈં ? યહ મિટ્ટી હોતી હૈ ન ? રાખ ! રાખ ઠંડી હો. અંદર શીતલતા નહીં તો બાહર શીતલતા હોતી હૈ. દૂધ ડાલતે હૈં, ધૂલ મેં ભી નહીં હૈ. પેલો તો ક્યાંય મરીને નરકમાં ચાલ્યો ગયો હોય. માંસ ખાતો હોય, દારૂ પીતો હોય પછી ભલેને હીરાના ઢોલિયામાં ઉપાડીને કાઢ્યો. એ તો મડદું છે, ત્યાં ક્યાં આત્મા (છે) ? પેલો તો ચાલ્યો ગયો. વહ આત્મા તો નરક મેં ચલા ગયા. દુનિયાથી ભારે જુદું ! અને મસાણમાં આખું ગામ ભેગું થાય. એટલો ભાગ્યશાળી ખરો કે નહિ ? અરે...

ભગવાન ! આહા..હા...!

કહે છે કે, **'પાપરૂપ પુદ્ગલ કે બંધ કા કારણ હોને સે અશુભ પરિણામ પાપ હૈ.'** અશુભ મેં તીન પ્રકાર આયે, શુભ મેં એક આયા. બરાબર હૈ ન ? શુભ મેં એક, અશુભ મેં કૌન તીન ? મિથ્યાત્વ, દ્વેષ ઔર અશુભ રાગ. રાગ કે દો પ્રકાર મેં શુભ રાગ હૈ વહ પુણ્ય મેં ગયા ઔર અશુભ રાગ, દ્વેષ ઔર મિથ્યાત્વ ભાવ તીનોં પાપ મેં ગયે. યે ચારોં પરિણામ બંધ કા કારણ હૈ. ઉન ચારોં મેં એક પુણ્યબંધ કા કારણ હૈ તો શુભ ભાવ કો પુણ્ય કહા. અશુભ પાપબંધ કા કારણ હૈ તો તીનોં કો પાપ કહા. મિથ્યાત્વ કો ભી પાપ (કહા), રાગ – અશુભ વિષય-કષાય કો ભી પાપ ઔર દ્વેષ કો ભી પાપ (કહા). સમજ મેં આયા ?

**'અવિશિષ્ટ પરિણામ તો શુદ્ધ હોને સે એક હૈ...'** દેખો ! અવિશિષ્ટ પરિણામ તો એક હી હૈ. સ્વભાવ કે આશ્રય સે ઉત્પન્ન હુઆ ઉસમેં ભંગ કહાં (હૈ) ? પુણ્ય-પાપ મિથ્યાત્વ પરિણામ, સબ પર કે આશ્રય સે બંધ કા કારણ (હૈં). ભગવાનઆત્મા અપના શુદ્ધ સ્વરૂપ અંતર અવલોકન કરને સે... અંતર અવલોકન કરને સે જો નિર્મલ સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, જો આત્મા કે અંતર અવલંબન સે પવિત્ર પરિણામ પ્રગટ હુએ વે અવિશિષ્ટ હૈં. વે ખાસ કોઈ ભિન્ન પ્રકાર કી જાત નહીં. વહ તો આત્મા કી જાત હૈ, ઉસી જાત કા પરિણામ ઉસમેં આયા. સમજ મેં આયા ? આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ ! સિદ્ધ સ્વરૂપ આત્મા હૈ. ઉસકી દૃષ્ટિ કરને સે શુદ્ધ પરિણામ હી હોતા હૈ તો વહ તો અવિશિષ્ટ (હુઆ). કોઈ ખાસ ભિન્ન પ્રકાર કા (નહીં). વહ તો (આત્મા કી) જાત હૈ ઉસ પ્રકાર કા આયા. આ..હા...! જ્ઞેય કો સમજાને કી કથન પદ્ધતિ...! ઓ..હો...!

શુભ ઔર અશુભ પરિણામ (કરકે) બાહર સે (ધર્મ) માન રખા હૈ. શુભ મેં આયા (તો માન લિયા કિ) ધર્મ હો ગયા.

મુમુક્ષુ :– ઉલઝન મેં પડે હુએ હૈં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉલઝન મેં પડે હુએ હૈં. ઉલઝન કા ક્યા અર્થ ? ઉલઝન યાની હમારી ભાષા મેં ક્યા ? અટકે હુએ ? (શ્રોતા : ફસા લિયા). ફસા લિયા. ઉલઝ (ગયા યાની) ઉસમેં લીન હુઆ, તત્પર હુઆ. ભાઈ ! આહા..હા...! ક્યાંનો ક્યાં (સલવાણો) ! એક રજકણ સાથે કાંઈ સંબંધ ન મળે. માટી કે રજકણ કહાં સે આયે ઔર યહાં આયે. રાખ હોકર સ્મશાન મેં ઉડ જાયેગી. પણ મસાણમાં આટલી બધી નહિ રહે, આ તો ચાર

મણનું છે, આટલી થોડી રહે. એમાં પવન આવે.. ક્યાં ગયું ચાર મણનું શરીર ? કહાં ગયા ? વહ તો જડ થા. 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત' 'જેમ રખડતી રેત' લ્યો ! રેત જ્યાં ઊડે ને ? ત્યાં બહુ આવે. પવન એવો આવે, પવન કે માણસનો માણસ ઢાંકી દે ! એવો પવન ! મોટું રણ છે ને ? વંટોળ એવો આવે કે ઉડી ઉડીને (રેતી આવે અને) મોટો ઢગલો થઈ જાય, પેલો તો અંદર (હોય). વળી કોઈ બીજો પવન આવે તો બધું ઉડી જાય. બધું ખુલ્લું કરી નાખે. આ બધા વંટોળિયા છે. વંટોળિયા સમજતે હૈં ? પવન (–ચક્રવાત) આતા હૈ ન ? પવન !

ઓ..હો...! કથનની પદ્ધતિ જુઓને ! **'अन्येषु शुभ परिणाम:'** અને **'अनन्यगत: परिणाम:'** અનેરા નહિ એવા આત્મામાં અનન્યગત પરિણામ. **'दूसरे के प्रति प्रवर्तमान नहीं'** આ..હા..હા...! પર કા પરિણામ જો દયા કા, હિંસા કા કોઈ પરિણામ નહીં. મૈં મેરી ચીજ શુદ્ધ આનંદ હૂં. મેરા સ્વભાવ પૂર્ણાનંદ જો સિદ્ધ ભગવાન હુએ, અરિહંત હુએ વે સબ અપને શુદ્ધ સ્વભાવમેં સે પ્રગટ હુએ હૈં. અંદર મેં સંપદા થી વહ પ્રગટ કી હૈ. બાહર સે વહ સંપદા આયી નહીં. ભગવાન કો કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંત આનંદ, વીર્ય પ્રગટ હુઆ વહ બાહર સે આયા હૈ ? અપની નિધિ ચૈતન્ય ભગવાન મેં સબ પડી હૈ, ઉસ પર દૃષ્ટ કરને સે અવિશિષ્ટ પરિણામ, પર કા અવલંબન બિના કા સ્વભાવ જો શુદ્ધ હૈ ઉસકી શ્રદ્ધા, ઉસકા સ્વસંવેદનજ્ઞાન ઔર સ્વભાવ મેં લીનતારૂપ ચારિત્ર – અરાગી વીતરાગી પરિણામ, ઉન તીનોં કો યહાં અવિશિષ્ટ પરિણામ, ખાસ નિર્મલ પરિણામ કહને મેં આતા હૈ. વહ નિર્મલ પરિણામ એક હી હૈ. ઉસમેં દો ભેદ નહીં હૈ.

**'અવિશિષ્ટ પરિણામ...'** અર્થાત્ મોક્ષમાર્ગ કા પરિણામ અર્થાત્ સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ. વહ પહલે સે કહા થા ન ? સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ કહો યા અવિશિષ્ટ પરિણામ કહો, પરદ્રવ્યપ્રવૃત્ત પરિણામ કહો યા વિશિષ્ટ પરિણામ કહો. બરાબર હૈ ? ભાઈ ! પરદ્રવ્ય કે લક્ષ્ય સે ઉત્પન્ન મિથ્યાત્વ, રાગ, દ્વેષ, પુણ્ય, પાપ સબ વિશિષ્ટ પરિણામ (હૈં). વે પરદ્રવ્યપ્રવૃત્ત (હૈં). ઔર ભગવાનઆત્મા કે આશ્રય સે અંદરમેં સે પરિણામ પ્રવૃત્ત હુઆ ઉસમેં કોઈ પુણ્ય-પાપ કા ભાવ સ્વદ્રવ્ય કે આશ્રય સે હોતા હી નહીં. વહ તો અવિશિષ્ટ નામ જૈસા હૈ વૈસા આયા. વિકૃત (પરિણામ) તો જૈસા (સ્વભાવ) હૈ વૈસા નહીં, વહ તો પરદ્રવ્યપ્રવૃત્ત ભિન્ન... ભિન્ન... ભિન્ન... પ્રકાર (કે હૈં).

યહાં ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય ! ઉસકે અંતર અવલંબન સે ખાસ નહીં ઐસા,

ઉસકે સ્વભાવ કી જાત હૈ ઐસા પરિણામ, નિર્મલ પરિણામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જિસમેં પુણ્ય-પાપ કા અભાવ હૈ ઔર શુદ્ધતા કા સદ્ભાવ હૈ. **'અવિશિષ્ટ પરિણામ તો શુદ્ધ હોને સે એક હૈ...'** વહ ચારોં અશુદ્ધ હોને સે ચાર કહા. યહાં શુદ્ધ હૈ તો ઉન્હેં અશુદ્ધ કહના. મિથ્યાશ્રદ્ધા, દયા કા પરિણામ – પુણ્ય કા પરિણામ, પાપ કા પરિણામ, દ્વેષ કા પરિણામ ઇન ચારોં કો અશુદ્ધ કહના. બરાબર હૈ ? ચારોં અશુદ્ધ હૈં.

**'ઇસલિયે ઉસકે ભેદ નહીં હૈ.'** વહ તો એક હી પ્રકાર કા (હૈ). સ્વદ્રવ્ય શુદ્ધ ચિદાનંદ પ્રભુ ! ઉસકે અવલંબન સે એક હી પ્રકાર કી નિર્મલતા (પ્રગટ હોતી હૈ). ભલે હી કમ-બેસી હો. પહલે કમ હો, (બાદ મેં) વિશેષ હો. પરંતુ વહ તો શુદ્ધ હી હૈ. ઉસમેં કોઈ ફર્ક નહીં. **'ઇસલિયે ઉસકે ભેદ નહીં હૈ.'**

**'વહ (અવિશિષ્ટ પરિણામ) યથાકાલ સંસારદુઃખ કે હેતુભૂત...'** દેખો ! પહલે પુણ્યબંધ કા, પુણ્ય કા, પુદ્ગલ કા બંધ કા કારણ કહા થા. દૂસરે મેં પાપબંધ પુદ્ગલ કા બંધ કા કારણ કહા થા. અબ, અવિશિષ્ટ પરિણામ હૈ. આત્મા અખંડ ગુણ આનંદકંદ અવલંબન સે જો સમ્યગ્દર્શન, જ્ઞાન પરિણામ હુઆ.. લો, યહાં તો ઐસા કહા, ભાઈ ! (અજ્ઞાની) કહે કિ, ભગવાન કે દર્શન સે સમકિત પરિણામ હોતા હૈ. અરે... ભવગાન ! શું તારે કહેવું છે ? બાપુ ! ભગવાન કે દર્શન સે શુદ્ધ પરિણામ હોતા હૈ, સમકિત હોતા હૈ. અરે..! સમકિત તો શુદ્ધ પરિણામ હૈ. શુદ્ધ પરિણામ તો સ્વદ્રવ્યપ્રવૃત્ત હૈ. શુદ્ધ પરિણામ પરદ્રવ્યપ્રવૃત્ત નહીં. સમજ મેં આયા ?

પાઠમાં (–'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકામાં) તો એટલું પડ્યું છે, **'स काले'** છે ને ? ક્યાં છે. ૧૮૧. **'स काले'** આપણે (ગુજરાતીમાં) 'તે કાળે' કર્યું છે. અહીં (હિન્દીમાં) 'યથાકાલ' એમ કર્યું છે. આપણે બીજું કર્યું છે. 'તે કાળે' એટલું. **'स'** એટલે તે. કાળે. અહીંયાં (હિન્દીમાં) **'વહ યથાકાલ'** એમ બે શબ્દ વાપર્યા છે. વહ એટલે અવિશિષ્ટ પરિણામ.

**'યથાકાલ સંસારદુઃખ કે હેતુભૂત...'** યથા નામ જે કાળે કર્મ છૂટવાના પ્રસંગ છે તે કાળે તે પરિણામ **'સંસારદુઃખ કે હેતુભૂત...'** (હેતુ એટલે) નિમિત્ત. સંસારદુઃખના નિમિત્તભૂત કર્મપુદ્ગલ જો હૈ ઉસકે **'ક્ષય કા કારણ હોને સે...'** અવિશિષ્ટ પરિણામ અપને શુદ્ધ આત્મા કે અવલંબન સે હુઆ વહ **'સંસારદુઃખ કા હેતુભૂત કર્મપુદ્ગલ કા ક્ષયસ્વરૂપ મોક્ષ હી હૈ.'** લો ! ઉસે મોક્ષ હી હૈ.

શુભ પરિણામ પુણ્યબંધ હોતા હૈ તો શુભપરિણામ કો પુણ્ય કહા. મિથ્યાશ્રદ્ધા, દ્વેષ

औર અશુભ રાગ સે પાપબંધ હોતા હૈ તો ઉસે પાપ કહા. પરિણામ કો (પાપ કહા) औર અવિશિષ્ટ પરિણામ સ્વદ્રવ્યપ્રવૃત્ત, સ્વભાવ કે આશ્રય સે પરિણામ હુઆ ઉસે દુઃખ કા નિમિત્તભૂત કર્મ કે ક્ષય મેં હેતુભૂત હોને સે વહ મોક્ષ કરનેવાલા હૈ તો ઉસ પરિણામ કો હી મોક્ષ કહને મેં આયા. કહો, સમજ મેં આયા ?

આ..હા...! **'સંસારદુઃખ કા હેતુભૂત...'** દુઃખ તો અપની પર્યાય મેં હૈ, ઉસકા હેતુભૂત. **'કર્મપુદ્‌ગલ કે ક્ષય કા કારણ...'** દેખો ! કર્મપુદ્‌ગલના ક્ષયનું નિમિત્ત. **'હોને સે સંસારદુઃખ કા હેતુભૂત...'** દેખો ! **'સંસારદુઃખ કા હેતુભૂત કર્મપુદ્‌ગલ કા ક્ષયસ્વરૂપ...'** **'કર્મપુદ્‌ગલ કા ક્ષયસ્વરૂપ મોક્ષ હી હૈ.'** ભગવાનઆત્મા અપને સે સ્વભાવ કે આશ્રય સે સમ્યગ્દર્શન પ્રગટ હુઆ (તો વહ પરિણામ) મોક્ષ હી હૈ. સમ્યક્‌જ્ઞાન પ્રગટ હુઆ (વહ) મોક્ષ હી હૈ औર સમ્યક્ સ્વરૂપ કી લીનતા, આનંદ કી લીનતા ચારિત્ર હૈ તો ઉસકો યહાં મોક્ષ હી કહા. ક્યોંકિ વહ પરિણામ સંસારદુઃખ કા નિમિત્ત કર્મપુદ્‌ગલ, ઉસકે ક્ષય મેં કારણ હોતા હૈ તો મોક્ષ કાર્ય હોતા હૈ, તો કારણ મેં કાર્ય કા ઉપચાર કરકે અવિશિષ્ટ પરિણામ કો મોક્ષ કહને મેં આયા હૈ. લો, તીનોં બાત હો ગઈ.

(વિશેષ કહેંગે...)

## કારતક સુદ ૧, રવિવાર તા. ૧૭-૧૧-૧૯૬૩
## ગાથા – ૧૮૧, ૧૮૨
## પ્રવચન નંબર–૧૮૩-G

'પ્રવચનસાર' 'જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકાર'. ભગવાન તીર્થંકરદેવ વીતરાગ જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન ભગવાન વીતરાગ પરમાત્માને થયું પછી જે દિવ્યધ્વનિ – વાણી નીકળી એને પ્રવચન કહેવામાં આવે છે.

યહ શાસ્ત્ર 'પ્રવચનસાર' હૈ. 'પ્રવચનસાર' અર્થાત્ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા કે મુખ સે નિકલા હુઆ જો શબ્દ – વાણી હૈ, ઉસ વાણી કો પ્રવચન કહતે હૈં ઔર ઉસ પ્રવચન કા સાર ઉસમેં આચાર્યોં ને કહા હૈ. 'પ્રવચનસાર' કી ૧૮૧ (ગાથા) કા ભાવાર્થ હૈ. દેખો !

**ભાવાર્થ :– 'પર કે પ્રતિ પ્રવર્તમાન ઐસા શુભ પરિણામ વહ પુણ્ય કા કારણ હૈ...'** એ આવ્યું છે ને ? ક્યા કહતે હૈં ? કિ, યહ આત્મા હૈ, આત્મા ! આત્મા હૈ વહ એક સમય મેં અનંત જ્ઞાન, દર્શન, આનંદ કા પિંડ ઐસા સ્વભાવ આત્મા કા હૈ. અપને આત્મા કી ઓર કા લક્ષ છોડકર જિતના પર કે પ્રતિ પ્રવર્તમાન (હોતા હૈ અર્થાત્) પર કી દયા કા ભાવ – ભક્તિ કા, પૂજા કા, વ્રત કા જો ભાવ હૈ વહ પર કે પ્રતિ પ્રવર્તમાન હૈ. વહ શુભ પરિણામ પુણ્ય કા કારણ હૈ. સમજ મેં આતા હૈ ?

ભગવાનઆત્મા ! યહ આત્મા વસ્તુ હૈ વહ તો એક સેકંડ કે અસંખ્ય ભાગ મેં પૂર્ણ શુદ્ધ ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ (હૈ). જૈસે સિદ્ધ ભગવાન અરિહંત હુએ વે અપને અંતર સ્વભાવમેં સે પ્રગટ હુએ હૈં. અંતર સ્વભાવ તો સિદ્ધ સ્વરૂપી આત્મા પૂર્ણાનંદ પૂર્ણ શુદ્ધ હૈ. ઉસકા લક્ષ્ય છોડકર જિતના પરદ્રવ્ય પ્રવૃત્તિરૂપ પરિણામ હોતા હૈ, પર કે પ્રતિ પ્રવર્તમાન શુભ પરિણામ... સમજાય છે કાંઈ ? દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, વિકલ્પ, પૂજા યે સબ પર કી ઓર કા લક્ષ્યવાલા પરિણામ હૈ. ઉસે ભગવાન શુભ પરિણામ કહતે હૈં. વહ પુણ્ય

કા કારણ હૈ. સમજ મેં આયા ? વહ પુણ્ય કા કારણ હૈ. પુણ્યબંધ કા કારણ હૈ, ધર્મ નહીં. દેખો ! અધિકાર યહ આયા હૈ.

યહ જ્ઞેય અધિકાર હૈ તો અપના જ્ઞેય કી ઓર કા અંતર શુદ્ધ સ્વભાવ સન્મુખ હોના વહ પીછે આયેગા, પરંતુ અપને સ્વભાવ કા આશ્રય છોડકર જિતની પરદ્રવ્ય કી ઓર કે લક્ષ્ય સે શુભ પરિણામ કી પ્રવૃત્તિ હોતી હૈ ઉસે ભગવાન પુણ્ય કહતે હૈં. સમજ મેં આયા ? ઉસસે પુણ્યબંધ હોતા હૈ તો શુભ પરિણામ કો હી પુણ્ય કહને મેં આયા હૈ.

**'પર કે પ્રતિ પ્રવર્તમાન...'** દેખો ! દેવ-ગુરુ-શાસ્ત્ર, ભક્તિ, યાત્રા, પૂજા યે સબ પરદ્રવ્યપ્રવૃત્તિ કે પરિણામ હૈં. ઉન પરિણામ કો ભગવાન ત્રિલોકનાથ વીતરાગ જૈન પરમેશ્વર શુભ પરિણામ પુણ્ય કા કારણ હૈ, ઐસા કહતે હૈં.

**'ઔર અશુભ પરિણામ વહ પાપ કા કારણ હૈ;...'** વહ ભી વૈસે લેના. પર કે પ્રતિ પ્રવર્તમાન અશુભ પરિણામ, ઐસે લેના. હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ, પરિગ્રહ યે પરદ્રવ્ય પ્રતિ કી વાસના યે સબ અશુભ પરિણામ પાપ કા કારણ હૈ. કહો, સમજ મેં આયા ? **'ઇસલિયે યદિ કારણ મેં કાર્ય કા ઉપચાર કિયા જાય...'** ક્યા કહતે હૈં ? કિ, અપને દ્રવ્ય કો છોડકર પરદ્રવ્ય, પરવસ્તુ અનંત હૈં ઉસમેં દેવ-ગુરુ-શાસ્ત્ર કા લક્ષ્ય કરકે દયા કા લક્ષ્ય કરકે, સચ બોલને કા લક્ષ્ય કરકે, ભક્તિ, પૂજા કા લક્ષ્ય કરકે જો શુભ પરિણામ હોતા હૈ ઉસે પુણ્ય કહા. તો કહતે હૈં કિ, યહ પુણ્ય કાર્ય હૈ. શુભ પરિણામ કા કાર્ય પુણ્યબંધ હૈ. હવે એને એમ કહીએ કે, એ શુભ પરિણામ પોતે પુણ્ય છે તો કાર્ય કા કારણ મેં ઉપચાર આયા.

શુભ પરિણામ પુણ્યબંધ કા કારણ હૈ, પુણ્ય કા કારણ હૈ. પરંતુ ઉસ કારણ મેં જો પુણ્યબંધ હુઆ ઉસકો કાર્ય કા કારણ મેં ઉપચાર કરેં તો યહ શુભ પરિણામ હી પુણ્ય હૈ. સમજ મેં આયા ? શુભ ભાવ પુણ્યબંધ કા કારણ હૈ, (ઉસસે) પુણ્ય બંધન હોતા હૈ. પુણ્ય બંધન હૈ વહ કાર્ય હૈ ઔર શુભ ભાવ કારણ હૈ. પરંતુ કારણ મેં વહ પુણ્યબંધ જો હોતા હૈ ઉસકા યદિ આરોપ (–આરોપણ) કરેં તો શુભ પરિણામ સ્વયં પુણ્ય હૈ. સમજ મેં આયા ?

અશુભ પરિણામ પાપ હૈ. અશુભ ભાવ – હિંસા, જૂઠ, ચોરી, વિષય-ભોગ. કરુણા, જગત કે દયા, દાન કા પરિણામ વહ પુણ્ય હૈ ઔર યહ પાપ (પરિણામ હૈ), પૈસે કમાના, પ્રાપ્ત કરના યે સબ ભાવ ક્યા હોંગે ? પાપ હૈં. ભાઈ ! પાપ ભાવ હૈં ? યે કમાનેવાલે

હોશિયાર કહલાતે હૈં ન ? પરદ્રવ્ય કે લક્ષ્ય સે ઉત્પન્ન હોનેવાલે પાપ ભાવ હૈં. ઉસસે પાપ બંધતા હૈ. તો પાપ બંધતા હૈ વહ કાર્ય હૈ ઔર અશુભ પરિણામ કારણ હૈ. તો કારણ મેં પાપ બંધતા હૈ ઉસકા આરોપ કરકે કહો તો અશુભ પરિણામ સ્વયં પાપ હૈ.

મુમુક્ષુ :– કમાને મેં પાપ હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કમાને કા ભાવ ક્યા હૈ ? હીરા-માણેક મેં વહાં ધર્મ કરને બૈઠે થે ?

પ્રશ્ન :– બચ્ચે કો પાલને કા ભાવ ?

સમાધાન :– બચ્ચે કો પાલને કા ભાવ મમતા – પાપ હૈ.

પ્રશ્ન :– શુભ ભાવ હૈ ?

સમાધાન :– શુભ કહાં સે આયા ?

મુમુક્ષુ :– ઉસકો પઢા દેના...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પઢા દેના ક્યા હૈ ? વિષય પોષના હૈ. ગૃહસ્થ કા પાપ કા કર્તવ્ય હૈ.

અશુભ ભાવ પરદ્રવ્ય કી ઓર કે લક્ષ્ય સે (હોતે હૈં). સ્ત્રી, કુટુંબ-પરિવાર, દુશ્મન ઇત્યાદિ કા લક્ષ્ય કરકે જો અશુભ પરિણામ હુઆ, કમાના વહ પાપ હૈ ઔર ઉસસે પાપ કા બંધન હોતા હૈ. અશુભ પરિણામ સે પાપબંધ હોતા હૈ. પરંતુ બંધ હોતા હૈ વહ કાર્ય હૈ ઔર અશુભ પરિણામ કારણ હૈ. તો કારણ મેં કાર્ય કા ઉપચાર કરેં તો અશુભ પરિણામ સ્વયં પાપ હૈ. સમજ મેં આયા ?

અબ, તીસરા. **'સ્વાત્મદ્રવ્ય મેં પ્રવર્તમાન ઐસા શુદ્ધ પરિણામ મોક્ષ કા કારણ હૈ;...'** અપના આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાતા આનંદકંદ સ્વરૂપ (હૈ) ઉસમેં અંતર લક્ષ્ય કરકે, અંતર ચૈતન્ય આનંદસ્વરૂપ પ્રભુ આત્મા હૈ ઉસકા આશ્રય કરકે જો પરિણામ હોતા હૈ, વહ પરિણામ મોક્ષ કા કારણ હૈ. સમજ મેં આયા ?

**'સ્વાત્મદ્રવ્ય મેં પ્રવર્તમાન...'** (અર્થાત્) સ્વ આત્મા ભગવાન સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ પ્રભુ અપના આત્મા, ઉસ ઓર કા અંતરલક્ષ્ય કરકે અપના આત્મા પરમાનંદ મૂર્તિ હૈ, ઉસકા અવલંબન કરકે – આશ્રય કરકે જો પરિણામ હોતા હૈ વહ પરિણામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કા પરિણામ હૈ ઔર વહ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કા પરિણામ... પરિણામ સમજતે હૈં ? પર્યાય. વહ પરિણામ – અવસ્થા અપને શુદ્ધ દ્રવ્ય કે આશ્રય સે હોતી હૈ.

શુભ-અશુભ પરિણામ પરદ્રવ્ય કે લક્ષ્ય સે ઉત્પન્ન હોતે હૈં ઔર ધર્મ કે પરિણામ અપના શુદ્ધ આત્મા, શુદ્ધ ચિદાનંદમૂર્તિ સિદ્ધ સમાન સ્વરૂપ અપના અંદર હૈ, ઉસકા અવલંબન કરને સે શુદ્ધ પરિણામ અર્થાત્ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પરિણામ અથવા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અવસ્થા શુદ્ધ આત્મદ્રવ્ય કે આશ્રય સે ઉત્પન્ન હોતી હૈ. સમજ મેં આયા ? સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! હિન્દી આયે તો ભી વસ્તુ તો જો હૈ વહ આયેગી ન ? કભી સુની ન હો, ક્યા કહતે હૈં યે ? પરદ્રવ્યપ્રવૃત્ત ઔર સ્વદ્રવ્યપ્રવૃત્ત. સમજ મેં આયા ?

ભગવાનઆત્મા અપના શુદ્ધ સ્વરૂપ અંતર મેં પૂર્ણાનંદ રખતા હૈ, ઉસકે અંતર અવલંબન સે, અંતર કે આશ્રય સે, અંતર કે આધાર સે, અંતર કા લક્ષ્ય કરને સે જો અંદર પરિણામ નામ પર્યાય ઉત્પન્ન હોતી હૈ, વહ સ્વદ્રવ્ય કે આશ્રય સે ઉત્પન્ન હોનેવાલા, સ્વદ્રવ્ય કે આશ્રય સે પ્રવર્તમાન હોનેવાલા જો પરિણામ નામ પર્યાય ઉત્પન્ન હોતી હૈ, ઉસકો મોક્ષ કા કારણ કહને મેં આતા હૈ. વહ મોક્ષ કા કારણ હૈ.

શુભ ઔર અશુભ પરિણામ દોનોં બંધ કા કારણ હૈ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભ પરિણામ પુણ્યબંધ કા કારણ હૈ. હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગ, કમાના પાપ કે બંધ કા કારણ હૈ ઔર દોનોં પરિણામ સે રહિત અપના શુદ્ધ ચૈતન્ય પ્રભુ (હૈ) ઉસકા અંતર આશ્રય કરકે જો શુદ્ધ સમ્યગ્દર્શન, શુદ્ધ સમ્યક્જ્ઞાન ઔર શુદ્ધ સમ્યક્ચારિત્ર કી નિર્મલતા અંતર દ્રવ્ય કે આશ્રય સે પ્રગટ હો, ઉસકો ભગવાન મોક્ષ કા કારણરૂપ શુદ્ધ પરિણામ કહતે હૈં. ભાઈ ! આહા..હા...! સમજાય છે કાંઈ ? સમજાય છે કાંઈ એટલે સમજ મેં આતા હૈ ?

**'સ્વાત્મદ્રવ્ય મેં પ્રવર્તમાન...'** પ્રવર્તમાન (અર્થાત્) મૈં શુદ્ધ ચૈતન્ય હૂં, પૂર્ણાનંદ હૂં ઉસકા ધ્યેય કરકે, ઉસકા અવલંબન કરકે, બાહ્ય કા અવલંબન લક્ષ્યમેં સે છોડકર અંતર શુદ્ધ ચૈતન્યપ્રભુ, ઉસ ઓર અંતર્મુખ હોકર જો પરિણામ નામ પર્યાય હોતી હૈ, ઉસ પર્યાય કો, પરિણામ કો, અવસ્થા કો શુદ્ધ પરિણામ કહને મેં આતા હૈ ઔર ઉસ શુદ્ધ પરિણામ કો ધર્મ કહને મેં આતા હૈ ઔર વહ ધર્મ મોક્ષ કા કારણ હૈ. સમજ મેં આયા ?

વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા ક્યા કહતે હૈં ઉસકી ખબર ભી નહીં ઔર ધર્મ હો જાય, ધર્મ હો જાય. કહાં સે ધર્મ હો જાય ? પરમાત્મા વીતરાગદેવ જૈન પરમેશ્વર જિસકો એક સેકંડ કે અસંખ્ય ભાગ મેં તીનકાલ તીનલોક જાનને મેં આયા, ઐસે વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર ને ઐસા ફરમાયા કિ, અરે... આત્મા ! તેરી પ્રવૃત્તિ અપને દ્રવ્ય કો

છોડકર જિતની પરદ્રવ્ય કી ઓર કી પ્રવૃત્તિ મેં શુભ પરિણામ હૈ વહ પુણ્યબંધ કા કારણ હૈ ઔર પરદ્રવ્ય પ્રવૃત્તિ કા અશુભ પરિણામ હૈ વહ પાપબંધ કા કારણ હૈ. ઉસમેં કોઈ ધર્મ કા કારણ નહીં. સમજ મેં આયા ?

ધર્મ કિસે કહતે હૈં ? કિ, ભગવાનઆત્મા સ્વ-ચૈતન્ય પ્રભુ ! જ્ઞાનસૂર્ય આત્મા અંદર હૈ. ચૈતન્યસૂર્ય ! ચમકતા સૂર્ય ! જ્ઞાનાનંદ સે ભરા આત્મા, ઉસ ઓર અંતરદૃષ્ટિ કરકે જો પરિણામ સ્વદ્રવ્ય પ્રવર્તમાન હુઆ ઉસ પરિણામ કો ભગવાન ધર્મ કહતે હૈં, ઉસ પરિણામ કો ભગવાન શુદ્ધ પરિણામ કહતે હૈં, ઉસ પરિણામ કો ભગવાન મોક્ષ કા કારણ કહતે હૈં.

**'ઇસલિયે યદિ કારણ મેં કાર્ય કા ઉપચાર કિયા જાય તો, શુદ્ધ પરિણામ વહ મોક્ષ હૈ.'** ક્યા કહા ? કિ, ભગવાનઆત્મા અપને દ્રવ્ય કા જિતના લક્ષ્ય છોડકર પરદ્રવ્ય કી ઓર કા શુભ પરિણામ કરે તો ઉસે પુણ્યબંધ હોતા હૈ. પરદ્રવ્ય પ્રવૃત્તિ મેં અશુભ પરિણામ હો તો પાપબંધ હોતા હૈ. ઉસ પાપબંધ ઔર પુણ્યબંધ કે કારણ કો, કાર્ય જો બનતા હૈ ઉસકા આરોપ કરકે કહો તો શુભ પરિણામ પુણ્ય હૈ ઔર અશુભ પરિણામ પાપ હૈ. અબ, સ્વદ્રવ્ય પ્રવર્તમાન જો ધર્મ પરિણામ હૈ, અપના ભગવાન સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન ઔર આનંદ કા ભંડાર આત્મા, વીતરાગ ને જૈસા પ્રગટ કિયા હૈ, વૈસા યહ આત્મા હૈ. ઐસે અપને આત્મા કી ઓર કા લક્ષ્ય કરકે, આશ્રય કરકે જો પ્રવર્તમાન વિશેષ વર્તમાન દશા હુઈ, શુદ્ધ પરિણામ (હુએ), સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષ કા કારણ હૈ, ઉસકો મોક્ષ કા કારણ (કહા) તો મોક્ષ કાર્ય (હુઆ) ઔર યહ કારણ (હુઆ). કાર્ય કા કારણ મેં ઉપચાર કરેં તો સ્વદ્રવ્ય કા પ્રવર્તમાન શુદ્ધ પરિણામ મોક્ષ હી હૈ. ભાઈ !

પ્રશ્ન :– વહ પરિણામ હી મોક્ષ હૈ ?

સમાધાન :– વહ પરિણામ હી મોક્ષ હૈ. ભાઈ ! સમજાણું કે નહિ આ ? 'મુંબઈ' ધમાલ પડી (હોય) એમાં ક્યાં સાંભળવાનું ? અને સાંભળવાનું મળે તો પેલા કહે, આ કરો, આ કરો, પૂજા કરો, દયા કરો, જાત્ર કરો તમને ધર્મ થઈ જશે. ભગવાન કહે છે, હરામ (એમાં) ધર્મ હોય તો !! શુભ પરિણામ હોગા. દયા કી ગાથા પીછે લેંગે. ૧૮૨ (ગાથા). સમજ મેં આયા ?

છ કાય કી દયા કા ભાવ શુભ ભાવ હૈ. પરદ્રવ્ય કા લક્ષ્ય કરકે હુઆ વહ શુભ ભાવ હૈ, પુણ્યબંધ કા કારણ હૈ. તો શુભ ભાવ કો ભગવાન પુણ્યબંધ કા કારણ કહકર

શુભ કો પુણ્ય કહને મેં આયા હૈ. ઔર સ્ત્રી, કુટુંબ-પરિવાર, કમાના, દુકાન, ધંધા, લોહે કે પતરે કા ધંધા... કહો, સમજાણું કાંઈ ? ઉસકે લક્ષ્ય સે જો પરિણામ પ્રવર્તમાન હોં, લિયા-દિયા, લિયા-દિયા, દિયા-લિયા (જો હોતા હૈ વહ પાપ પરિણામ હૈ). ભાઈ ! આપ કે હીરા-માણિક કે (ધંધે મેં) ઐસા હોતા હોગા ન ? ઇતના લિયા, ઇતના દિયા. વહ સબ પરિણામ પાપ હૈ. પાપ કા અશુભ પરિણામ હૈ ઔર અશુભ પરિણામ પાપબંધ કા કારણ હૈ ઔર જો પાપબંધ (કા) કાર્ય હુઆ ઉસ પાપ કો યહાં અશુભ મેં લગા તો અશુભ પરિણામ પાપ હી હૈ.

શુભ પરિણામ પુણ્ય હૈ, અશુભ પરિણામ પાપ હૈ. ક્યા હૈ ? યે ભાઈ આપકે લિયે કરતે હૈં ન ? અબ તો સબ વહી કરતે હૈં.

પ્રશ્ન :– તો ફિર વે પાપ કમાયે ?

સમાધાન :– પાપ હી કમાતે હૈં. અભી તક ક્યા કમાયા ?

ભાઈ ! આ બધા આ રહ્યા મોટા પૈસાવાળા ! પથ્થરમાં તમે શું કર્યું છે તમે ?

મુમુક્ષુ :– અમે ક્યાં કર્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રળવાનો, કમાવાનો પાપ ભાવ કર્યો હતો.

મુમુક્ષુ :– ઈ તો કરવો પડે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કરવો પડે નહિ, આવે છે ઈ પાપ છે એમ એણે નક્કી કરવું જોઈએ અને દયા, દાન, ભક્તિ, વ્રત, તપના ભાવ પર ઉપર લક્ષ્ય કરકે, મૈં ઉસકી દયા પાલૂં, મૈં ઐસા જૂઠા ન બોલૂં, મૈં ઐસા કરૂં, મૈં ઐસે લક્ષ્મી દૂં, ઐસા જો દાન કા પરિણામ હૈ વહ શુભ હૈ ઔર પુણ્યબંધ કા કારણ હૈ. પુણ્યબંધ કા કારણ કો પુણ્ય કહ દો તો યહ શુભ પરિણામ હી પુણ્ય હૈ. ઔર આત્મા પુણ્ય-પાપ કે પરિણામ સે રહિત અપને આત્મદ્રવ્ય કા આશ્રય કરકે, શુદ્ધ જ્ઞાયકમૂર્તિ આત્મા પરમાનંદમૂર્તિ મૈં હૂં, ઐસા પર કા લક્ષ્ય છોડકર, (વહાં સે) હટકર, અપની અંતર વસ્તુ પર દૃષ્ટિ લગાકર જો પરિણામ પ્રગટ હોતા હૈ, વહ પરિણામ મોક્ષ કા કારણ અથવા ધર્મપરિણામ હૈ. ઇસ ધર્મપરિણામ કો મોક્ષ કા કારણ કહા ઔર કારણ કા કાર્ય મોક્ષ હૈ તો કાર્ય કો કારણ મેં ઉપચાર કર દેં તો શુદ્ધ પરિણામ, ધર્મ પરિણામ આત્મદ્રવ્ય કે આશ્રય સે હુઆ વહ સમ્યગ્દર્શન મોક્ષ હૈ, ઐસા કહા, ભાઈ !

સમ્યગ્દર્શન – મોક્ષ કે કારણ કો મોક્ષ કહા ! સમ્યક્જ્ઞાન અપને આત્મા કે અવલંબન

સે હુઆ વહ મોક્ષ કા કારણ (હોને સે) સમ્યક્જ્ઞાન કો મોક્ષ કહા ઔર સ્વરૂપ અંદર આનંદમૂર્તિ પ્રભુ ! ઉસમેં લીન હોના, આનંદ કી લીનતા (હોની), વીતરાગતા – અરાગતા કા પરિણામ ચારિત્ર (હૈ), વહ ચારિત્ર મોક્ષ કા કારણ (હૈ). યહાં કહતે હૈં કિ, ઇસ ચારિત્ર કો હી હમ મોક્ષ કહતે હૈં. તીનોં કો મોક્ષ કહતે હૈં. સમજ મેં આયા ?

યહ 'પ્રવચનસાર' હૈ. ભગવાન કી વાણી મેં નિકલા સાર, ઉસકા યહાં સંદોહન કરકે મખ્ખન કરકે નિકાલા હૈ. મખ્ખન નિકાલતે હૈં ને ? ક્યા કહતે હૈં ? મઠ્ઠા ! મઠ્ઠેમેં સે મખ્ખન નિકાલતે હૈં. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા બિરાજમાન થે. અનંત તીર્થંકર હુએ (ઉસમેં) 'મહાવીર' ભગવાન અંતિમ (તીર્થંકર હુએ). 'કુંદકુંદાચાર્યદેવ' ઉનકે શાસન મેં થે. 'સીમંધર' ભગવાન વર્તમાન મહાવિદેહ ક્ષેત્ર મેં બિરાજમાન હૈં. તીર્થંકર ત્રિલોકનાથ કેવલજ્ઞાની ણમો અર્હંતાણં પદ મેં બિરાજમાન હૈં ઔર ચૌબીસ તીર્થંકર તો ણમો સિદ્ધાણં મેં હો ગયે, સિદ્ધ હો ગયે, સિદ્ધ ! વે અભી શરીરી નહીં હૈ, સિદ્ધ (હૈં).

યે અનંત તીર્થંકરોં કી વાણી મેં ઐસા આયા કિ, તેરા આત્મા વસ્તુ શુદ્ધ (હૈ), ઉસકે અવલંબન સે જો પરિણામ હોતા હૈ ઉસકો હમ ધર્મ કહતે હૈં, ઉસકો મોક્ષ કા કારણ કહતે હૈં ઔર ઉસી કો હમ મોક્ષ કહતે હૈં.

મોક્ષ કા કારણ યથાકાલ (માને) ક્યા ? કિ, જબ આત્મા અપને સ્વદ્રવ્ય કી લબ્ધિ કા કાલ, શુદ્ધ પરિણમન કા કાલ હૈ (વહ) ઉસકા યથા કાલ હૈ. હિન્દીમાં યથાકાલ લખ્યું છે. કાલે (ટીકામાં) આવ્યું હતું – યથાકાલ. **'વહ યથાકાલ સંસારદુઃખ કે હેતુભૂત'** એમ લખ્યું છે. **'स'** શબ્દ પડ્યો છે ને ? **'स काले'** તે એટલે પરિણામ, તેને કાળે.

આત્મા અપના શુદ્ધ સ્વરૂપ પરમાનંદ મૂર્તિ હૈ, ઉસકા અંતર અવલંબન કરકે યથાકાલે જો શુદ્ધ પરિણામ ઉત્પન્ન હોતા હૈ,... શુદ્ધ પરિણામ ! શુભ ઔર અશુભ દો પરિણામ પુણ્ય-પાપ અશુદ્ધ હૈ. અશુદ્ધ (પરિણામ) બંધ કા કારણ હૈ. ઔર શુભાશુભ પરિણામ સે રહિત અપના દ્રવ્ય સ્વરૂપ ચિદાનંદ પ્રભુ, ઉસકે અવલંબન સે જિતના શુદ્ધ પરિણામ પ્રગટ હુઆ, ઉસકો ભગવાન મોક્ષ કા કારણ કહકર, ઉસકો હી મોક્ષ કહ દિયા હૈ. કહો, સમજાય છે કાંઈ ? ભાઈ ! સમજાય છે ? પુસ્તક છે કે નહિ ?

**'ઇસલિયે યદિ કારણ મેં કાર્ય કા ઉપચાર કિયા જાય તો, શુદ્ધ પરિણામ વહ મોક્ષ હૈ.'** હૈ ? શુદ્ધ પરિણામ મોક્ષ હૈ. છેલ્લો શબ્દ છે. આત્મા અંતર દ્રવ્ય – વસ્તુ શુદ્ધ ચૈતન્યશક્તિ પડી હૈ, અંદર સૂર્ય (હૈ) – સ્વભાવ કા સૂર્ય (હૈ). આત્મા સ્વભાવ કા સૂર્ય (હૈ). અપના

अथ जीवस्य स्वपरद्रव्यप्रवृत्तिसिद्धये स्वपरविभागं दर्शयति -

**भणिदा पुढविप्पमुहा जीवणिकायाध थावरा य तसा।**
**अण्णा ते जीवादो जीवो वि य तेहिंदो अण्णो।।१८२।।**
**भणिताः पृथिवीप्रमुखा जीवनिकाया अथ स्थावराश्च त्रसाः।**
**अन्ये ते जीवाज्जीवोऽपि च तेभ्योऽन्यः।।१८२।।**

य एते पृथिवीप्रभृतयः षड्जीवनिकायास्त्रसस्थावरभेदेनाभ्युपगम्यन्ते ते खल्वचेतनत्वादन्ये जीवात्, जीवोऽपि च चेतनत्वादन्यस्तेभ्यः। अत्र षड्जीवनिकाया आत्मनः परद्रव्यमेक एवात्मा स्वद्रव्यम्।।१८२।।

---

एवं द्रव्यबंधकारणत्वात् मिथ्यात्वरागादिविकल्परूपो भावबंध एव निश्चयेन बंध इति कथनमुख्यतया गाथात्रयेण चतुर्थस्थलं गतम्। अथ जीवस्य स्वद्रव्यप्रवृत्तिपरद्रव्य-निवृत्तिनिमित्तं षड्जीवनिकायैः सह भेदविज्ञानं दर्शयति - **भणिदा पुढविप्पमुहा** भणिताः परमागमे कथिताः

---

નિજાત્મ શાંતિ આનંદ જ્ઞાયક આદિ ગુણ કા સૂર્ય પ્રભુ આત્મા (હૈ), ઉસકે અંતર મેં ઘૂસકર દૃષ્ટિ લગાકર, એકાકાર હોકર જો પરિણામ નિર્મલ પવિત્ર હુઆ ઉસકો યહાં ભગવાન કહતે હૈં કિ, હમ ઉસીકો મોક્ષ કહતે હૈં. સમજ મેં આયા ? યહ તો હિન્દી હૈ, આપકો સમજ મેં આયે ઐસી (હૈ). યહાં તો એક મહીને મેં લડકે ગુજરાતી સીખ લેતે હૈં. દેખો, હમારે યહાં બોર્ડિંગ મેં બહુત લડકે હૈં. ગુજરાતી સીખ લેતે હૈં. કહો, સમજ મેં આયા ? ૧૮૧ ગાથા (પૂરી) હુઈ. તીન (પરિણામ કી) વ્યાખ્યા કી. અબ, ૧૮૨ ગાથા.

**'અબ, જીવ કી સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ ઔર પરદ્રવ્ય સે નિવૃત્તિ કી સિદ્ધિ કે લિયે સ્વ-પર કા વિભાગ બતલાતે હૈં :–'** દયાની વ્યાખ્યાને મુખ્ય કરી. છ કાય છે ને ? છ કાય – એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ, એ છ કાયના જીવ. (એમાં) જે શરીર છે ઈ જીવ નથી. એ છ કાયની વાત અહીંયાં સિદ્ધ કરવી છે. જુઓ !

**'જીવ કી સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ ઔર પરદ્રવ્ય સે નિવૃત્તિ કી સિદ્ધિ કે લિયે સ્વ-પર કા વિભાગ બતલાતે હૈં :–'** ૧૮૨ (ગાથા).

पृथिवीप्रमुखाः। ते के। **जीवणिकाया** जीवसमूहाः। **अध** अथ। कथंभूताः। **थावरा य तसा** स्थावराश्च त्रसाः। ते च किंविशिष्टाः। **अण्णा ते** अन्ये भिन्नास्ते। कस्मात्। **जीवादो** शुद्धबुद्धैकजीवस्वभावात्। **जीवो वि य तेहिंदो अण्णो** जीवोऽपि च तेभ्योऽन्य इति। तथाहि-टङ्कोत्कीर्णज्ञायकैकरस्वभावपरमात्मतत्त्वभावनारहितेन जीवेन यदुपार्जितं त्रसस्थावरनामकर्म

---

હવે જીવને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ અને પરદ્રવ્યથી નિવૃત્તિની સિદ્ધિને માટે સ્વપરનો વિભાગ દર્શાવે છે :–

**સ્થાવર અને ત્રસ પૃથ્વીઆદિક જીવકાય કહેલ જે,**
**તે જીવથી છે અન્ય તેમ જ જીવ તેથી અન્ય છે. ૧૮૨.**

**અન્વયાર્થ :–** [अथ] હવે [स्थावराः च त्रसाः] સ્થાવર અને ત્રસ એવા જે [पृथिवीप्रमुखाः] પૃથ્વીઆદિક [जीवनिकायाः] જીવનિકાયો [भणिताः] કહેવામાં આવે છે, [ते] તે [जीवात् अन्ये] જીવથી અન્ય છે [च] અને [जीवः अपि] જીવ પણ [तेभ्यः अन्यः] તેમનાથી અન્ય છે.

---

**भणिदा पुढविप्पमुहा जीवणिकायाध थावरा य तसा।**
**अण्णा ते जीवादो जीवो वि य तेहिंदो अण्णो।।१८२।।**

એમાં હરિગીત હશે, આમાં હરિગીત નથી. ઉસકી ટીકા.

**‘જો યહ પૃથ્વી ઇત્યાદિ ષટ્ જીવનીકાય ત્રસસ્થાવર કે ભેદપૂર્વક માને જાતે હૈં,...’** ક્યા કહતે હૈં ? પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય, વનસ્પતિકાય ઔર ત્રણકાય – છ કાય. પૃથ્વી કે જીવ હૈં ન ? પૃથ્વી... પૃથ્વી ! ખાનમેં સે નિકલતા હૈ ન ? અહીં ‘જીથરી’માંથી પથરા (નીકળે છે). આ પોરબંદરિયા પથરા. ખાણમાંથી નીકળે ને ? એમાં એક એક પથ્થરની કણીમાં અસંખ્ય એકેન્દ્રિય જીવ છે. (બહાર) દેખાય છે એ શરીર છે. પૃથ્વી શરીર હૈ ઔર શરીર મેં પૃથ્વીકાય આત્મા ભિન્ન હૈ. જીવ ભિન્ન હૈ, શરીર ભિન્ન હૈ.

ઐસે અપકાય – પાની. પાની કા એક બિંદુ દિખતા હૈ વહ શરીર હૈ. ઉસમેં અસંખ્ય જીવ ભિન્ન હૈ. વૈસે અગ્નિ દિખતી હૈ, અગ્નિ ! અગ્નિ કહતે હૈં ન ? દિખતા હૈ (વહ) શરીર (હૈ), અંદર અસંખ્ય જીવ ભિન્ન હૈં. વાયુ (મેં) અસંખ્ય જીવ હૈં. શરીર ભિન્ન હૈ,

तदुदयजनितत्वादचेतनत्वाञ्च त्रसस्थावरजीवनिकायाः शुद्धचैतन्यस्वभावजीवाद्भिन्नाः। जीवोऽपि च तेभ्यो विलक्षणत्वाद्भिन्न इति। अत्रैवं भेदविज्ञाने जाते सति मोक्षार्थी जीवः स्वद्रव्ये प्रवृत्तिं परद्रव्ये निवृत्तिं च करोतीति भावार्थः।।१८२।।

**ટીકા :–** જે આ પૃથ્વી વગેરે ષટ્ જીવનિકાયો ત્રસ અને સ્થાવર એવા ભેદપૂર્વક માનવમામાં આવે છે, તે ખરેખર અચેતનપણાને લીધે જીવથી અન્ય છે અને જીવ પણ ચેતનપણાને લીધે તેમનાથી અન્ય છે. અહીં (એમ કહ્યું કે), ષટ્ જીવનિકાય આત્માને પરદ્રવ્ય છે, આત્મા એક જ સ્વદ્રવ્ય છે. ૧૮૨.

જીવ ભિન્ન હૈ. યે વનસ્પતિ, હરિતકાય દેખતે હૈં ને ? ગલકા, તૂરિયાં, દૂધી કે છોટે ટૂકડે મેં અસંખ્ય જીવ હૈં. દિખતા હૈ શરીર, અંદર જીવ ભિન્ન હૈ.

ત્રસ – બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય. બે ઇન્દ્રિય (એટલે) આ ઇયળ આદિ. ત્રણ ઇન્દ્રિય કીડી, મકોડા, ચૌઇન્દ્રિય માખી આદિ, પંચેન્દ્રિય નારકી, મનુષ્ય, દેવ અને ઢોર.

**'યહ પૃથ્વી ઇત્યાદિ ષટ્ જીવનીકાય...'** પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય, વનસ્પતિ ઔર ત્રસ – યે છ હુએ. એ જીવનિકાય (એટલે) જીવનો સમૂહ. એ ત્રણ-સ્થાવરના ભેદ. સ્થાવરના પાંચ અને ત્રસનો એક. એને **'ભેદપૂર્વક માને જાતે હૈં, વે વાસ્તવ મેં અચેતનત્વ કે કારણ જીવ સે અન્ય હૈં...'** શરીર અચેતન હૈ. જીવ સ્વભાવ સે ઉસ છકાય કા શરીર ભિન્ન હૈ. સમજ મેં આયા ? યહ શરીર ત્રસકાય હૈ. આત્મા ભિન્ન હૈ. આત્મા ત્રસ શરીર નહીં હૈ. યહાં તો શરીર કો ત્રસકાય કહતે હૈં.

વૈસે વનસ્પતિ. શરીર હૈ વહ તો જડ હૈ, ઉપર કા શરીર અચેતન હૈ. ગલકા, તૂરિયા, દૂધી (આદિમાં) જે ઉપરનું શાક દેખાય, એ ઉપરનું (દેખાય) એ તો શરીર અચેતન છે. અંદર જીવ ભિન્ન હૈ. દોનોં ચીજ ભિન્ન હી ભિન્ન હૈં. ભાઈ ! સમજાણું કાંઈ ?

**'વાસ્તવ મેં અચેતનત્વ કે કારણ જીવ સે અન્ય હૈં,...'** છકાયના શરીર જ જીવથી અન્ય છે. ભાઈ ! છકાયની દયા પાળવી, છકાયની દયા પાળવી એ માટે આ વાત કરે છે. કોની દયા પાળવી ? કહે છે. ઈ તો શરીર છે, જડ છે. પરદ્રવ્ય મેં તેરા ભાવ હોતા

હૈ કિ, મૈં ઉસકી દયા પાલૂં, વહ ભાવ પુણ્ય હૈ, શુભ હૈ. ધર્મ નહીં. પરંતુ ઉસ છકાય મેં જો શરીર દિખતા હૈ વહ તો અચેતન હૈ. ઔર ઉસમેં ચૈતન્ય તો ભિન્ન અરૂપી હૈ. રૂપી ઔર અરૂપી દો ચીજ હી ભિન્ન હૈં. છકાય કા શરીર અજીવ હૈ ઔર ઉસકા જીવ હૈ વહ જીવ હૈ. જીવ ઔર અજીવ દો ભિન્ન ચીજ હૈં.

(પર જીવની દયા) કોણ પાળે ? ઈ શરીર તો અજીવ છે. અંદર જીવ છે એને મારી શકતો નથી, અજીવને મારી (શકતો નથી તો) કોને મારવો ? કોને જીવાડવો ? વહ જીવ હૈ તો અંદર ત્રિકાલ ધ્રુવ હૈ. શરીર કા પરમાણુ પલટતા હૈ વહ કાય જડ હૈ. તેરા ભાવ ઉસ સમય હુઆ કિ, મૈં ઉસે (બચાઉં). છકાય કા શરીર હૈ ઉસકા લક્ષ્ય કરકે તુમ કહતે (હો) તો વહ તો જડ હૈ. અંદર મેં જીવ હૈ વહ તો અરૂપી હૈ. ઉસકી દયા પાલને કા તેરા ભાવ હો તો વહ શુભ ભાવ હૈ. સમજ મેં આયા ? પરંતુ વહ જડ હૈ ઔર ચૈતન્ય ભિન્ન હૈ, ઐસા ભાન કરના તો અપના આત્મા ભી શરીર (સે) ભિન્ન હૈ, અપના આત્મા ભિન્ન હૈ. દોનોં મેં અત્યંત અભાવ હૈ. આત્મા શરીરરૂપ હોતા નહીં, શરીર આત્મારૂપ હોતા નહીં.

પૃથ્વી કા એકેન્દ્રિય જીવ હૈ વહ પૃથ્વી-શરીરરૂપ હોતા નહીં, વહ પૃથ્વી-શરીર જીવરૂપ હોતા નહીં. બરાબર હૈ ? છકાય કા જીવ હૈ વહ છકાય કે શરીરરૂપ હોતા નહીં ઔર છકાય કા શરીર હૈ વહ છકાય કે જીવરૂપ હોતા નહીં.

મુમુક્ષુ :– તો દયા ક્યારેય નહિ પાળવાની.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કિસકી પાલની ? વહ તો તેરા લક્ષ્ય જાતા હૈ, ઐસા કહતે હૈં. ‘જડ ને ચૈતન્ય બન્ને, પ્રગટ સ્વભાવ ભિન્ન’ ‘જડ ને ચૈતન્ય બન્ને, પ્રગટ સ્વભાવ ભિન્ન’ ઉસ છકાય મેં છકાય કા શરીર તો જડ હૈ. અંદર જીવ (હૈ) વહ ચેતન હૈ, અરૂપી ભિન્ન હૈ. દોનોં કભી એક હોતે નહીં. છકાયની દયા પાળીએ, છકાયની દયા પાળીએ, શેની (દયા) પાળ ? તને કંઈ ભાન છે ? છકાય એટલે અજીવ કે છકાય એટલે જીવ ? તેની તને કંઈ ખબર છે ? તુજે તો માલુમ નહીં હૈ (કિ), છકાય જીવ કિસે કહતે હૈં ?

મુમુક્ષુ :– દુઃખ ન થાય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– દુઃખ ન હોય માને ક્યા ? કિ, ભાવ મેં ઐસા હૈ કિ, અંદર યહ એક જીવ હૈ, શરીર કા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ તો ઉસે દુઃખ ન હો ઐસા પરિણામ (હોતા હૈ લેકિન) દુઃખ ન કર સકે ઐસી તાકાત હૈ નહીં. પર કો દુઃખ ન (દે) સકે, સુખ

(દે) સકે ઐસી તાકત તીનકાલ મેં આત્મા મેં હૈ નહીં. વહ પરદ્રવ્ય હૈ ઉસકા બચના ઉસકે આયુષ્ય કે આધીન હૈ, મરના ઉસકે આયુષ્ય આધીન હૈ. આત્મા સે વહ બચા સકતા હૈ યા આત્મા ઉસે માર સકતા હૈ (ઐસા) તીનકાલ તીનલોક મેં હો સકતા નહીં. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– મા હણો... મા હણો... આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ મા હણો તને અહીં છે. બીજાને કોણ હણે ? ઠીક કહે છે ઈ. પેલું વ્યાખ્યાન (ચાલુ થાય એ) પહેલાં બોલે ને? મા હણો... મા હણો... એમ આવે છે. પણ હણી શકે છે કોણ ? સાંભળને ! ઈ વાત માટે તે અહીં માંડી છે.

યહાં જ્ઞેયતત્ત્વ અધિકાર હૈ. શરીર હૈ વહ અજીવ-જ્ઞેય હૈ ઔર જીવ હૈ વહ ચૈતન્ય-જ્ઞેય હૈ. દોનોં જ્ઞેય ભિન્ન હૈં. સમજ મેં આયા ? વ્યવહાર સંબંધ સે તેરા લક્ષ્ય હોતા હૈ કિ, યહ જીવ હૈ, (મૈં) ઉસે ન મારૂં (ઐસા) શુભ ભાવ હોતા હૈ. પરંતુ વિભાગ કર દે કિ, શરીર હૈ વહ આત્મા નહીં ઔર આત્મા હૈ વહ શરીર નહીં. ઐસે યહ શરીર (હૈ) વહ આત્મા નહીં ઔર આત્મા (હૈ) વહ શરીર નહીં. મનુષ્ય-આત્મા ! (તો કહતે હૈં) નહીં, આત્મા ભિન્ન હૈ, યડ જડ મનુષ્ય-શરીર ભિન્ન હૈ. તદ્દન ભિન્ન ભિન્ન ચીજ હૈ. યહ તો મિટ્ટી હૈ. યહ તો મિટ્ટી પુદ્‌ગલ કા મનુષ્યપના કહને મેં આતા હૈ (વહ) જડ (હૈ), ભગવાન અંદર અરૂપી ચૈતન્ય ભિન્ન હૈ. દોનોં કા કભી મિલાન હોતા હૈ નહીં. ભિન્ન હી ભિન્ન હૈ.

છકાય મેં આયા કિ, છકાય તો શરીર હૈ. છકાય (કહા વહ તો) ઉસકા શરીર હૈ. કાય નામ ભલે જીવ કા સમૂહ (હૈ) પરંતુ વહ તો શરીર હૈ. તુમ પૃથ્વી કો દેખતે હો તો શરીર દિખતા હૈ, આત્મા તો અંદર ભિન્ન અરૂપી હૈ. પાની કો દેખતે હો તો પાની તો શરીર હૈ, ઉપર ઠંડા આદિ લગતા હૈ વહ તો શરીર હૈ. અંદર મેં જીવ તો અરૂપી ભિન્ન હૈ. અગ્નિ-શરીર દિખતા હૈ, ઉસમેં જીવ ભિન્ન હૈ. વૈસે વનસ્પતિ-શરીર દિખતા હૈ, ઉસમેં શરીર ભિન્ન (ઔર) ચૈતન્ય ભિન્ન હૈ. વૈસે જો ત્રસ દિખને મેં આતા હૈ, ઉસ ત્રસ કા શરીર ભિન્ન હૈ, આત્મા ભિન્ન હૈ. જીવ ઔર અજીવ દોનોં ચીજ ભિન્ન હૈં. સમજ મેં આયા ?

યહ શરીર હૈ સો મૈં હૂં, લો ! એક વાર 'વાંકિયા'માં વ્યાખ્યાન થયું. 'વાંકિયા... વાંકિયા' ! વ્યાખ્યાન થયું, બપોરે માણસ તો બધા આવે, કાઠી-બાઠી બધા લોકો (આવે). મેં કીધું, જુઓ ! શરીર એ જીવ નહિ. જીવ અંદર જુદો છે. જીવ અને શરીર તદ્દન (જુદા છે). બપોરે વ્યાખ્યાન

(થયું હતું પછી) રાત્રે આવ્યા (અને) કહ્યું કે, 'મહારાજ ! તમે જીવને આત્મા કહેતા નથી ઈ અમને બેસતું નથી.' લ્યો, ઈ પ્રશ્ન (આવ્યો). 'જીવને આત્મા કહેતા નથી !' મેં કીધું, શું તમે સાંભળ્યું આ ? કે, 'જીવને તમે આત્મા કહેતા નથી તો જીવ જુદો હશે ?' પણ શું કીધું બપોરે તમે સાંભળ્યું ? આ શરીર અજીવ છે, જીવ નથી. આ તો માટી છે એમાં જીવ જુદો (છે) એમ કહ્યું હતું. આ શરીર ને જીવ ને આત્મા જુઓ, એમ કોણે કહ્યું હતું ? ઐસા માલૂમ નહીં. બસ, શરીર જીવ (હૈ) ઔર આત્મા ભિન્ન (હૈ). અરે...! શરીર અજીવ (હૈ) ઔર આત્મા ભિન્ન (હૈ). ત્યાં 'વાંકિયા'માં (સંવત) ૨૦૦૦ની સાલમાં આ પ્રશ્ન થયો હતો. સમજાણું કાંઈ ? જૈનના વાડામાં જન્મ્યા, સંપ્રદાયમાં સામાયિક, પોષા કરતા હોય (પણ) કાંઈ ખબર નહિ.

મુમુક્ષુ :– પોષા કરવાની ખબર પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પોષા શું ધૂળ, પોષા ક્યાંથી આવ્યા ? હજી સમ્યગ્દર્શનની ખબર નથી ને પોષો ક્યાંથી આવ્યો ? હજી દાણો જ નથી ત્યાં પાણીમાં નાખીને પોઘો ક્યાંથી કરવો ? પોઘો સમજે ને ? પોધા હોતા હૈ ન ? દાના હોતા હૈ ન ? દાના ! ચના હો ઔર પાની મેં – જલ મેં ડાલે (તો વહ) પુષ્ટ હોતા હૈ. કાંકરા નાખે તો ? એમ પૌષધ એટલે પોષણ કરના. પરંતુ કોનું ? મૈં આત્મા આનંદકંદ હૂં, મૈં રાગ સે રહિત હૂં, દેહ સે રહિત હૂં, ઐસી દૃષ્ટિ હુઈ હો, બાદ મેં પુરુષાર્થ કે પ્રયત્ન સે અંદર મેં એકાકાર હો તો આત્મા કી પૌષધદશા હોતી હૈ. આ રોટલા ન ખાધા ને પોષા થઈ ગયા (એમ માને છે ઈ) ભ્રમણા છે. આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ ! આ કાંઈ કાયરના – રાંકાનાં માર્ગ નથી. જેને ઇન્દ્રો માને છે, નરેન્દ્રો માને છે, ચક્રવર્તીઓ માને છે, ગણધરો જેને સ્વીકારે છે, સમજાય છે ? અનંત અનંત સંતો ને જિસકા માર્ગ સ્વીકાર કિયા (વહ) મહાપુરુષાર્થ (કા) માર્ગ હૈ !

ઐસા અપના આત્મા... અપના આત્મા શરીર સે ભિન્ન હૈ. દૂસરે કા શરીર વહ જીવ નહીં. દોનોં ભિન્ન હૈં.

પ્રશ્ન :– એનો જીવ પણ એનાથી જુદો ?

સમાધાન :– એનાથી જુદો (છે) ઈ જ કીધું. બન્નેના શરીરથી બન્ને જુદા. તું તારા શરીરથી (જુદો), ઈ એના શરીરથી (જુદો છે). આ નામ પાડ્યા વિના – 'આ મીઠાલાલજી હૈ' એમ નામ પાડ્યા વિના શરીરની ઓળખાણ કેવી રીતે કરવી ? વહ તો કહતે હૈં કિ, શરીર

સે, સંજ્ઞા સે પહચાનના વહ વાસ્તવિક હૈ નહીં. અંતર આત્મા જ્ઞાન લક્ષણ સે પહચાનના વહ આત્મા (હૈ). જડ કે અચેતન લક્ષણ સે જડ કો પીછાનના વહ જડ (હૈ). દો ચીજ ભિન્ન ભિન્ન હૈં. દો (ચીજ) તીનકાલ મેં એક હોતી નહીં. સમજ મેં આયા ?

પ્રશ્ન :– તો દુઃખ શું કામ લાગે છે ?

સમાધાન :– દુઃખ ભ્રમણાનું લાગે. દુઃખ શેનું લાગે છે ? (આ ભાઈ) સવારમાં આવ્યા હતા. (કહેતા હતા કે), 'જીવને તમે ચૈતન્ય-રત્ન કહો છો પણ એકલો દુઃખનો ઢગલો લાગે છે.' માન્યું છે, એમ કહે છે. એ...ઈ...!

મુમુક્ષુ :– અનુકૂળ સંયોગ છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એમ છે. હવે આજ આવ્યું. પણ અનુકૂળ-પ્રતિકૂળ કહેવા કોને ? કિસકો કહતે હૈં ? કોઈને વિષ્ટાનો ઢગલો ઝાઝો અને કોઈને થોડો, એમાં અનુકૂળ કહેવું કોને ? ભાઈ ! ઈ અંદરમાં હતું ઈ આવ્યું, હોં ! એમ કે એને તો અનુકૂળ છે માટે આ બધું બોલે છે અને અમારે અહીં પ્રતિકૂળ (છે). અનુકૂળ-પ્રતિકૂળ છે ક્યાં ? કોઈને અનુકૂળ-પ્રતિકૂળ છે નહિ. પરદ્રવ્યની સંયોગતા તે અનુકૂળ-પ્રતિકૂળ છે જ નહિ. સબ જ્ઞાન કા જ્ઞેય હૈ. જાનનેલાયક જ્ઞેય હૈ ઉસકો અનુકૂલ-પ્રતિકૂલ કી કલ્પના કરના મિથ્યાદૃષ્ટિ કા મિથ્યાત્વભાવ હૈ. એ..ઈ.. ભાઈ ! સારા જગત જ્ઞાન કા જ્ઞેય હૈ, જ્ઞાન મેં જાનનેલાયક હૈ, બસ ! આત્મા જાનનેવાલા (હૈ ઔર) સારા જગત જ્ઞેય – જાનનેલાયક હૈ. જાનનેલાયક એક પ્રકાર મેં દો ભાગ કરના કિ, યહ અનુકૂલ હૈ ઔર યહ પ્રતિકૂલ (હૈ વહ) દૃષ્ટિ મિથ્યા ભ્રમ મેં ગઈ હૈ. ભાઈ ! સમજાણું કાંઈ ? ઈ કહે, દરરોજ લાકડીયું મારો ! આ લાકડીયુંથી મોટા (ધોકા છે) !

મુમુક્ષુ :– ધોકા ખાય છે તોપણ માનતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે...! કોને કહેવું ?

યહ જગત, જડ શરીર આદિ પરવસ્તુ યા પરઆત્મા, વે સબ, અપના જ્ઞાનઆત્મા હૈ ઉસકા જ્ઞેય હૈ, જાનનેલાયક હૈ. વહાં છાપ મારી હૈ કિ, યહ અનુકૂલ (હૈ) ઔર યહ પ્રતિકૂલ (હૈ) ? મિથ્યાદૃષ્ટિને મિથ્યાભાવ સે, જૂઠે ભાવ સે યહ અનુકૂલ ઔર પ્રતિકૂલ, ઐસી છાપ અપની શ્રદ્ધા સે લગાઈ હૈ. વસ્તુ મેં અનુકૂલ-પ્રતિકૂલ હૈ હી નહીં.

ભાઈ ! કોણ જાણે આ તમારા પૈસાવાળાને બધા એમ કહે કે, આ બધા અનુકૂળ (છે), છ-છ છોકરા (છે). લ્યો, (આ ભાઈને) છ છોકરા (છે) અને પૈસા, મોટી પેદાશ, મોટી

દુકાનું !

મુમુક્ષુ :– તોપણ ક્યાં નવરા તો થાતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હવે નવરા થાય છે થોડા, થોડા !

કહો, સમજાણું કાંઈ ? ભાઈ ! (આ ભાઈને) વળી બે દીકરા છે. બે છે ને ? ત્રણ ? લ્યો, ત્રણ છે (એમાં) એક મોટો છે. ત્યારે એટલી નવરાશ લીધી, હોં ! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– તાર ઉપર તાર આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ તો આવે ને ! અહીં બેઠા છે પણ ખ્યાલ તો રાખવો જોઈએ ને ? ન સંભાળે તોપણ અહીં બેઠા ક્યાં કોઈ સંભાળી શકે છે ? જગતની ચીજો જગતને કારણે, અપને કારણ સે પરિણમન કર રહી હૈ, વહ દૂસરે કા સાથ લેકર પરિણમતી હૈ, ઐસા હૈ નહીં. સબ ચીજ અપને સમય સમય મેં અપની પર્યાય કે કાલ મેં પરિણમિત હો રહી હૈ. કોઈ દૂસરે કા સહારા હો તો પરિણમે ઐસા વસ્તુ કે સ્વભાવ મેં હૈ નહીં. કિસકા કરના ? કિસસે લેના ? કિસકા બનાના ? કિસકા છોડના ? ભાઈ ! બરાબર હશે આ ? દુકાને થડે બેસે તો બરાબર સચવાય, નહિતર ન સચવાય એમ હશે ? ભગવાન ના પાડે છે.

ભગવાન ત્રિલોકનાથ વીતરાગ જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ કહતે હૈં કિ, પ્રત્યેક પદાર્થ અપને અપને સ્વકાલ મેં અપની પર્યાય સે પરિણમિત હો રહા હૈ. તેરે કારણ સે કુછ ફેરફાર હોતા હૈ, (ઐસા) તીનકાલ મેં નહીં. આહા..હા...! ખબર નહીં, ખબર નહીં. સંપ્રદાયમાં પડ્યા, સાંભળવામાં આવે તો એને રુચિમાં બેસે નહિ. કેમ હશે ? ભાઈ ! તમારા માટે બધા એમ કહે છે કે, છોકરો સારો અને પૈસા રળે એટલે તમારે અનુકૂળ (હોય) એટલે તમે બોલો કે, અમારે કાંઈ દુઃખ નથી. એમ કહે છે. આ..હા..હા...! ભ્રમણાએ ઘર ઘાલ્યાને પણ ! ભ્રમણા.. ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... જગત કિસે કહના ? અનુકૂલતા કિસે કહના ? સમજાય છે ? કિસે કહના સહારા ? ઔર કિસે કહના દુશ્મનવાલા ? આના આ મિત્ર અને આ દુશ્મન (છે). જગત મેં મિત્ર-દુશ્મન કોઈ હૈ હી નહીં. સમજ મેં આયા ? જગત મેં કોઈ પ્રિય(કર) ઔર અપ્રિયકર હૈ હી નહીં.

ભગવાન કહતે હૈં કિ, તુમ તો આત્મા પ્રભુ જ્ઞાન હૈ ન ! વહ જગત કી ચીજ હૈ, વહ અપને કારણ સે હોતી હૈ. તુમ જાનનેલાયક હો (તો) જાનો. પરંતુ હમારે સે યહ હુઆ ઔર ઉસસે મેરે મેં હુઆ, ભગવાન કહતે હૈં કિ, ઐસા વસ્તુ મેં તો હૈ નહીં ઔર

તુમ માનતે હો વહ તેરી પાપ કી ભ્રમણા ડાલકર માનતે હો. સમજ મેં આયા ?

યહાં તો યહ કહતે હૈં, અચેતન વહ શરીર. છ કાય કે જીવ કા શરીર તો અચેતન હૈ. ક્યા હૈ ? ઉસ ચેતન-અચેતન કે સમ્બન્ધ કો જીવ (માનના) વહ તો વ્યવહાર હુઆ. સમજ મેં આયા ? લ્યો, કેવો દાખલો આપ્યો, જુઓને ! પૃથ્વી આદિ જીવનીકાય ત્રસ, સ્થાવરના ભેદ, લ્યો ! અરે...! ભગવાન ! શું કરે ? વ્યવહાર છે એટલો, પણ છે એ વાત અનાદિ કાળની છે, શું થાય ? જીવ શરીરથી ધર્મ થાય. જીવતા શરીરથી – ક્રિયાથી ધર્મ થાય.

મુમુક્ષુ :– અહીં ઈ આવ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ઈ જ અહીંયાં આવ્યું. ઈ તો ઈ જ કહે છે, ત્યાં ‘સર્વવિશુદ્ધ અધિકાર’માં ઈ જ મૂક્યું છે. છ કાયની દયા, છ કાયનું અમે કરીએ છીએ. ઈશ્વર જગતનો કર્તા (છે) એમ કોઈ માની લ્યે, અને જૈનમાં રહીને સાધુ કે ત્યાગી થઈને કે શ્રાવક નામ ધારીને એમ માને (કે) અમે છ કાયના શરીરની રક્ષા કરી શકીએ છીએ, તો બંને મિથ્યાદષ્ટિ એક વર્ગના છે. સમજ મેં આયા ? કોઈ ઈશ્વર જગત કા કર્તા હૈ હી નહીં. વસ્તુ સ્વયંસિદ્ધ ત્રિકાલ હૈ. ફિર ભી કોઈ કહે કિ, ઈશ્વર જગત કા કર્તા હૈ, ઐસી વિપરીત દષ્ટિ – માન્યતા, ઐસે હી જૈન મેં રહા હુઆ શ્રાવક યા સાધુ નામ ધારણકર કિ, હમ છ કાય કી કાયા કી રક્ષા કર સકતે હૈં, શરીર કી સંભાલ કર સકતે હૈં, પર કે શરીર કી સંભાલ કર સકતે હૈં, છ કાય કે જીવ કે શરીર કી રક્ષા કર સકતે હૈં ઔર હમને ઉત્પન્ન કિયા ઔર હમ ઉસે નાશ કર સકતે હૈં, તો કહતે હૈં કિ, જૈસા અજ્ઞાની ઈશ્વરકર્તા માનતે હૈં (ઐસે હી યહ) છ કાય કે શરીર કા કર્તા માનતા હૈ. દોનોં મિથ્યાદષ્ટિ કે એક વર્ગ મેં પડે હૈં. સમજ મેં આયા ? મિથ્યાદષ્ટિ – જૂઠીદષ્ટિ – પાપદષ્ટિ – લોકદષ્ટિ – પાખંડદષ્ટિ – અસત્‌દષ્ટિ. સમજ મેં આયા ? ભાઈ !

‘કુંદકુંદાચાર્યદેવે’ પોકાર કરીને ‘સર્વવિશુદ્ધ અધિકાર’માં કહ્યું એ જ અહીં કહ્યું. શરીર કી રક્ષા તુમ કર સકતે હો, શરીર જડ હૈ. ઉસકી રક્ષા ક્યા કરે ? ઔર આત્મા કી રક્ષા ? આત્મા અપને સે જીવિત રહતા હૈ. કિસકી રક્ષા તુજે કરની હૈ ? સમજ મેં આયા ? જ્ઞાન તૂ હૈ, વહ જીવ હૈ ઔર શરીર અજીવ હૈ. તેરે જ્ઞાન મેં વે દોનોં જ્ઞેય હૈં. યહ અજીવરૂપ જ્ઞેય, વહ જીવરૂપ જ્ઞેય. પરંતુ સંયોગ સે મૈં જીવ માન લૂં ઔર ઉસકી દયા પાલૂં, ઐસી વસ્તુસ્થિતિ હૈ નહીં, ઐસા કહતે હૈં. સમજ મેં આયા ?

ભાઈ ! ઈ તો વ્યવહાર છે ને ? અને સંયોગમાં એનું લક્ષ જાય છે તો એવો શુભ

ભાવ થાય છે કે આને ન મારું. અને આને મારું તો એનો અર્થ – પેલા બેના સંબંધવાળું લક્ષ જાય છે એટલે વ્યવહાર ત્યાં સિદ્ધ થાય છે. જીવનો અને જડનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ – વ્યવહાર સિદ્ધ જાય છે. સમજાણું કાંઈ ? એથી એને મારી નાખવાનો ભાવ થાય છે એ પાપ છે. બચાવવાનો ભાવ તે પુણ્ય છે. સમજાણું કાંઈ આમાં ?

કહો, આમાં છોકરાનું રક્ષણ કરી શકતા નથી એમ આવ્યું, ભાઈ ! તો શું કરવું આમાં ? બાયડી, છોકરાનું રક્ષણ કરી શકું એમ માનનાર, ભગવાન કહે છે કે મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. વહ પરદ્રવ્ય હૈ, ઉસકી પર્યાય હોની ઉસકે અધીન હૈ, તેરે અધીન હૈ નહીં. પર માટે આત્મા પૂરો પાંગળો છે. પોતાને માટે પૂરો શૂરવીર અને વીર છે. અપને આત્મા કા બિગાડના ઔર સુધારના (ઉસમેં) પૂરા શૂરવીર હૈ. પર કા બિગાડના ઔર સુધારના અપને અધિકાર કી બાત હૈ નહીં. સમજાય છે કાંઈ ?

કહતે હૈં કિ, **'પૃથ્વી ઇત્યાદિ ષટ્ જીવનીકાય ત્રસસ્થાવર કે ભેદપૂર્વક માને જાતે હૈં,...'** ભેદપૂર્વક છે ને ? ઘણા છે, એમ. **'વાસ્તવ મેં અચેતનત્વ કે કારણ જીવ સે અન્ય હૈં,...'** શરીર તો જીવ સે અન્ય હૈ. છ કાય કા શરીર જીવ સે અન્ય હૈ **'ઔર જીવ ભી ચેતનત્વ કે કારણ ઉનસે અન્ય હૈ.'** લ્યો ! વે અચેતનત્વ કે કારણ જીવ સે અન્ય હૈં ઔર જીવ ચેતનત્વ કે કારણ ઉનસે અન્ય હૈ. જીવ તો ચેતનત્વ હૈ. જાનના-દેખના સ્વભાવ હૈ ઉસે જીવ કહતે હૈં. યહ શરીર તો ધૂલ હૈ. યે કહાં જાનને-દેખનેવાલા હૈ ? યહ તો મિટ્ટી હૈ, અચેતન હૈ. ઉસ અચતેન કો આત્મા કહના ? આત્મા અંદર ચૈતન્યત્વ (હૈ). દેખો ! રાગ-દ્વેષ કો ભી આત્મા નહીં કહા. અંદર રાગ-દ્વેષ હોતે હૈં વે આત્મા નહીં, વે આસ્રવતત્ત્વ હૈં ઔર યહ અજીવતત્ત્વ – જડતત્ત્વ હૈ. આહા..હા...! જૈન પરમેશ્વર ક્યા કહતે હૈં (ઉસકી) ખબર નહીં. જૈન મેં નામ (માત્ર) જન્મ લિયા. ભગવાન જાને ! અને એણે માનેલી (વાતથી) બીજી વાત આવે તો એને એમ લાગે કે, આ તે જૈનનું કહેવું છે ? આપણા ભગવાનનું કહેવું (છે) ? યહ ભગવાન કહતે હૈં, કૌન કહતે હૈં ? સુન તો સહી !

છ કાય કા શરીર જડ હૈ ઔર અંદર ઉસકા ચૈતન્ય પડા હૈ વહ ચૈતન્ય જીવ હૈ. શરીર જીવ નહીં ઔર જીવ શરીર નહીં. **'જીવ ભી ચેતનત્વ કે કારણ ઉનસે અન્ય હૈં. યહાં (યહ કહા હૈ કિ) ષટ્ જીવનીકાય આત્મા કો પરદ્રવ્ય હૈ,...'** દેખો ! ષટ્ જીવનીકાય આત્મા કો પરદ્રવ્ય હૈ. કાય (માને) શરીર. છ જીવનીકાય આત્મા કો પરદ્રવ્ય હૈ. **'આત્મા એક હી સ્વદ્રવ્ય હૈ.'** કહો, સમજાણું કાંઈ ?

વહ છ કાય કા જીવ હૈ વહ ભી ઇસ આત્મા સે પરદ્રવ્ય હૈ ઔર શરીર ભી તેરે સે પરદ્રવ્ય હૈ, ઐસે દોનોં (પરદ્રવ્ય હૈં). શરીર ભી પરદ્રવ્ય હૈ (ઔર) દૂસરે કા આત્મા ભી તેરે સે પરદ્રવ્ય હૈ ઔર ઉસકા શરીર ભી તેરે સે પરદ્રવ્ય (હૈ). ઉસકા શરીર સે જીવ ભિન્ન હૈ, તો પરદ્રવ્ય મેં તેરા જિતના લક્ષ જાયે (ઔર) દયા આદિ કા (ભાવ) હો તો ઉતના શુભ ભાવ હો. મારને કા હો તો પાપ (ભાવ હૈ). પરદ્રવ્ય પ્રવૃત્તિ કા પરિણામ બંધ કા કારણ હૈ, યહ સિદ્ધ કરતે હૈં ન ?

છ કાય કે જીવ કા લક્ષ્ય કરકે દયા કા પરિણામ હો વહ શુભ પુણ્ય હૈ. ઉસકો મારને કા ભાવ હો (વહ) પાપ હૈ. પુણ્ય-પાપ દોનોં બંધ કા કારણ હૈ. ક્યોંકિ પરદ્રવ્ય પ્રવૃત્તિ હૈ. જીવ કો **'ષટ્ જીવનીકાય આત્મા કો પરદ્રવ્ય હૈ, આત્મા એક હી સ્વદ્રવ્ય હૈ.'** છ કાય કે જીવ કા આત્મા ભી તેરે સે પરદ્રવ્ય હૈ ઔર વહ શરીર ભી તેરે સે પરદ્રવ્ય (હૈ). તેરે લિયે એક આત્મા સ્વદ્રવ્ય હૈ. શરીર નહીં, પુણ્ય-પાપ નહીં, રાગ-દ્વેષ નહીં, કર્મ નહીં. અકેલા આત્મા જ્ઞાયક ચૈતન્ય તેરા સ્વદ્રવ્ય હૈ. ઉસમેં ભલે પર્યાય, વિકાર આ જાયે. સમજે ?

**'આત્મા એક હી સ્વદ્રવ્ય હૈ.'** યહ જ્ઞેય કા વિભાગ બતાયા. પરજ્ઞેય-આત્મા ઔર પરજ્ઞેય-જડ, ઉસસે સ્વજ્ઞેય આત્મા ભિન્ન (હૈ). પરજ્ઞેય સે તુજે કોઈ સમ્બન્ધ હૈ નહીં. ક્યાંથી પણ આ લપ ગરી ગઈ ત્યારે ? એમ કહે છે. ભાઈ ! ઈ એમ પૂછતા હતા (કે), આ લપ ગરી ગઈ ક્યાંથી ? અનાદિની દૃષ્ટિ બાહ્ય છે. માનેલી વાત છે ને ? એણે ને એણે કરી છે, કાંઈ કોઈએ કરી નથી. સમજાય છે કાંઈ ?

પૈસાવાળાને કહે કે, અમારા જેવા પૈસા હોય તો તમને ખબર પડે. કેટલી પ્રવૃત્તિ અમારે કરવી પડે, અમે નવરા ન થઈએ, એમ. ત્યારે આ કહે કે, અમારી જેવી પ્રતિકૂળતા હોય તો તમને ખબર પડે કે, આવી ચિંતા થયા વિના રહે નહિ.

ઘણા વર્ષ પહેલાં ૧૯૯૪માં એક પૈસાવાળા હતા. ઘણા પૈસા, પચાસ-સાઠ લાખ તે દિ' હતા. હવે તો નવ-દસ કરોડ (થઈ ગયા). અહીં ૧૯૯૪માં આવ્યા હતા. તે દિ' સાઠ લાખ હતા. (મેં) કીધું, કાંઈ કરો છો ? તો કહે, 'મહારાજ ! અમારા સ્થાનમાં હોય તો બીજાને ખબર પડે !' ઓ..હો...! આ તો પાવર ચડી ગયો છે ! આટલા પૈસા છે એની પ્રવૃત્તિમાં અમને નિવૃત્તિ મળે નહિ. આવા સ્થાનમાં બીજો હોય તો આટલી પણ નિવૃત્તિ ન લઈ શકે, એમ (કહેવું હતું). પછી કહ્યું, શું કહો છો આ ? પૈસાને કારણે અમારી પ્રવૃત્તિ

અને અમને નિવૃત્તિ મળતી નથી. શું કહો છો આ ? અને એવી પ્રવૃત્તિમાં પડ્યો હોય એને નિવૃત્તિ ન મળી શકે, શું કહો છો ? આટલું અભિમાન ! પછી તો એને સાંભળવું પડ્યું, સાંભળે. અહીં પૈસાવાળા હોય કે ન પૈસાવાળા (હોય), અમારે શું છે ? એમ પેલા કહે કે, અનુકૂળતામાં અમને નિવૃત્તિ મળતી નથી. આ કહે, પ્રતિકૂળતામાં અમને નિવૃત્તિ મળતી નથી. બન્ને એક જાતના ભ્રમણાવાળા છે. ભાઈ ! બન્ને દુઃખી છે. હેરાન... હેરાન... (થાય છે).

મુમુક્ષુ :– એકને દુઃખી ને એક સુખી...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાંય સુખી નથી. એ વખતે તો ખૂબ કહ્યું હતું, પણ સાંભળ્યું બરાબર. એકલા હતા. શું છે આ ? આટલા પૈસા, સાઠ લાખની ધૂળ–મૂડી, એમાં આટલું બધું ! તમને પ્રવૃત્તિમાં વખત મળે નહિ. આવી પ્રવૃત્તિમાં કોઈ બીજો માણસ હોય તો નિવૃત્તિ એટલી પણ લઈ શકે નહિ. શું છે આ ? મરવા ટાણે કાંડા તૂટશે ને પડ્યા રહેશે અંદર ! ખાટલામાં કાંઈ નહિ ચાલે. સમજાય છે કાંઈ ? અહીં અમારે ક્યાં પૈસાનો ખરડો કરાવવો છે કે, આ શેઠિયાને ખરાબ લાગશે ? શું કહો છો આ તમે ? આ પૈસાની ફાટ... ફાટની મમતા, આવું બોલાવે છે કે, અમારા સ્થાનમાં હોય તો (આટલી પણ) નિવૃત્તિ ન (લઈ શકે). હવે, સાઠ લાખનો મૂડો હોય એમાં શું થઈ ગયું ? ધૂળમાં. બધા અબજોપતિ રાજા હતા, એક એક દિ'ની અબજ રૂપિયાની પેદાશ, ચક્રવર્તી મહારાજા – 'ભરત' ચક્રવર્તી, 'રામચંદ્રજી' જેવા મહાપુરુષો મોટા રાજના માલિક, મોટા વાઘ-સિંહ જેવા નિવૃત્તિ લઈને આત્માના વિચાર, ધ્યાન કરતા હતા. 'ભરત' ચક્રવર્તી જેવા, 'રામચંદ્રજી' જેવા આત્મધ્યાન કરતા હતા. ઈ શું પણ ? એ ચીજ એને ઘરે રહી, રાજ રાજને ઘરે, સ્ત્રી સ્ત્રીને ઘરે, અમે અમારા ઘરમાં છીએ. સમજાય છે કાંઈ ? જરી રાગ આવે, લક્ષ જાય એટલું જાણે કે આ પાપનો ભાવ છે, અમને બંધન છે પણ અમારી દૃષ્ટિ બંધન અને રાગ ઉપર નથી. અમે ચૈતન્ય નિવૃત્તસ્વરૂપ છીએ. કર્મ અને શરીરથી તો નિવૃત્ત છીએ પણ પુણ્ય-પાપના વિકલ્પથી પણ અમારું તત્ત્વ તદ્દન નિવૃત્ત છે. એવા પરસંગમાં પણ નિવૃત્ત દૃષ્ટિમાં સમ્યગ્દર્શનનું સેવન કરતા હતા. કહો, સમજાણું કાંઈ ?

પ્રતિકૂળ સંયોગ હોય, સાતમી નરકનો નારકી. હવે એ લ્યો. અંદર પ્રતિકૂળતાનો પાર (નથી). રવરવ નરક ! તેંત્રીસ સાગરની સ્થિતિ છે. ત્યાં સમ્યગ્દર્શન પામે છે. ઓ..હો...! અમે નિવૃત્ત છીએ. પ્રતિકૂળ પ્રતિકૂળ અમને છે જ નહિ. આ..હા..હા...! ચક્રવર્તી કહે કે,

અમારે અનુકૂળતા છે જ નહિ, પ્રતિકૂળતા છે નહિ. એ કહે કે, અમારે પ્રતિકૂળતા છે નહિ. સાતમી નરક ! ખાવાનો એક દાણો તેંત્રીસ સાગરમાં મળે નહિ, પાણીનું બિંદુ પીવા મળે નહિ. અમારો આત્મા નિવૃત્તસ્વરૂપ છે. પર કે સંયોગ સે નિવૃત્ત હૈ, શરીર સે નિવૃત્ત હૈ, પુણ્ય-પાપ કે વિકલ્પ સે ભી મેરા સ્વરૂપ ભિન્ન નિવૃત્ત હી હૈ. મેરે નિવૃત્ત તત્ત્વ મેં પ્રવૃત્તિ કા અભાવ હૈ. ઐસી દૃષ્ટિ સપ્તમ નરક મેં પ્રગટ હોતી હૈ ઔર ઉસકા પોષણ કરતે હૈં. ભાઈ ! કિસે કહની પ્રવૃત્તિ-નિવૃત્તિ ? પરદ્રવ્ય કી સંયોગ કી સ્થિતિ કા પરિણામ થોડે-બહુત હૈ વહ ઉસકી પર્યાય હૈ. વહ આત્મા મેં કહાં ઘૂસ ગઈ હૈ ?

યહાં કહતે હૈં કિ, છ કાય કે જીવ ઔર છ કાય કા શરીર વે સબ તેરે સે પરદ્રવ્ય હૈં. છ કાયમાં પછી બાયડી, છોકરા, કુટુંબ બધું આવી ગયું કે નહિ ? આ ગયા કિ નહીં ? એનું શરીર અને એનો આત્મા, મારા આત્માથી તેનું – કુટુંબનું શરીર અને તેનો આત્મા મારાથી ભિન્ન છે. મેરા દ્રવ્ય ઉસસે ભિન્ન હૈ. મૈં તો જાનને-દેખનેવાલા હૂં, યહાં ઐસા કહતે હૈં. દેખો ! મેરા **'આત્મા એક હી સ્વદ્રવ્ય હૈ.'** દૂસરે કોઈ મેરે લિયે સ્વદ્રવ્ય નહીં.

હવે, ૧૮૩ (ગાથા) વિશેષ કહેશે...

**કારતક સુદ ૨, સોમવાર તા. ૧૮-૧૧-૧૯૬૩**
**ગાથા – ૧૮૩, ૧૮૪**
**પ્રવચન નંબર–૧૮૩-H**

૧૮૨ ગાથા ચાલી છે. ૧૮૨ ગાથા ચલી હૈ ન ? ઇસમેં ભાવાર્થ નહીં હૈ, ભાવાર્થ તો છે નહિ. ક્યા કહતે હૈં ? દેખો !

'પ્રવચનસાર' જ્ઞેય અધિકાર. છ કાય કા જીવ ઔર છ કાય કા જો શરીર (હૈ), ઉસ જીવ સે શરીર સદા ભિન્ન હૈ. છ કાય નામ પૃથ્વીકાય, જલકાય, અગ્નિ, વાયુ ઔર હરિતકાય ઔર ત્રસ, ઉસકા જીવ ભિન્ન હૈ (ઔર) ઉસકા શરીર ભિન્ન હૈ. ઔર ઇસ આત્મા સે તો ઉસકા આત્મા ઔર શરીર ભિન્ન હૈ. સ્વદ્રવ્ય અપના આત્મા, પરદ્રવ્ય પર આત્મા ઔર પર શરીર, સબ અપને દ્રવ્ય સે પર દ્રવ્ય હૈં. દેખો !

**'યહાં (યહ કહા હૈ કિ) ષટ્ જીવનીકાય આત્મા કો પરદ્રવ્ય હૈ,...'** ૧૮૨ (ગાથા કી) આખીર કી પંક્તિ હૈ. છ જીવનીકાય આત્મા કો પરદ્રવ્ય હૈ. હૈ ? શરીર ઔર આત્મા સબ પરદ્રવ્ય હૈં. **'આત્મા એક હી સ્વદ્રવ્ય હૈ.'** અપના આત્મા એક સ્વદ્રવ્ય હૈ. તો પર એકેન્દ્રિય આદિ આત્મા ઔર ઉસકા શરીર, વહ મેરા હૈ ઔર ઉસકા મૈં કર સકતા હૂં, ઐસી દૃષ્ટિ છોડ દેના. ઇસલિયે બાત હૈ.

અપને આત્મા સે પરઆત્મા ભિન્ન હૈ, અપને આત્મા સે પરશરીર ભિન્ન હૈ. તો ઉસકા મૈં કુછ કર સકતા હૂં, પર કી દયા પાલ સકતા હૂં, પર કો મૈં માર સકતા હૂં, વહ બાત યથાર્થ મેં હોતી નહીં. સમજ મેં આયા ? છ કાય પરજીવ હૈં. યે શરીર ઉસકા પર જીવ હૈ, તો ઉસકા આત્મા ક્યા કરે ? જ્ઞેય અધિકાર હૈ. અપના જ્ઞેય તો અપને મેં હૈ, વહ પરજ્ઞેય હૈ. પરજ્ઞેય કી આત્મા કુછ દયા પાલે, હિંસા કરે, રખે, પોષણ કરે, રક્ષા કરે (ઐસા) કુછ હો સકતા નહીં. બરાબર હૈ ?

**પ્રશ્ન** :– કર્મને તો કાઢવા પડે ને ?

સમાધાન :– કર્મ ભી કહાં ? કર્મ પરદ્રવ્ય હૈ. છ કાય કી દયા પાલના વહ ભાવ તો રાગ હૈ. પાલ સકતે નહીં. અપને આત્મા મેં રાગ ઔર પુણ્ય કે વિકલ્પ સે હટકર સ્વભાવ કા અનુભવ કરકે અંદર મેં સ્થિર હોના ઉસકા નામ સંયમ હૈ. છ કાય કી દયા પાલની વહ સંયમ હૈ, ઐસા પ્રશ્ન કરતે હૈં.

યહાં તો કહતે હૈં કિ, છ કાય તો પર હૈ. ઉસકા આત્મા પર હૈ, શરીર પર હૈ. તો ક્યા તુમ પરદ્રવ્ય કા છ દ્રવ્ય કા કુછ કર સકતે હો ? સ્વદ્રવ્ય પરદ્રવ્ય કા કુછ કર સકતે હૈં તો તુમ ઉસકી દયા પાલના. (દયા કા) ભાવ આવે, ઉસકો દુઃખ નહીં દેને કા ભાવ રાગ હૈ, વહ પુણ્ય હૈ. રાગ ઔર પરઆત્મા ઔર પરશરીર સે મૈં ભિન્ન હૂં, જ્ઞાનમય હૂં, જ્ઞાનાનંદ હૂં. ઐસી દૃષ્ટિ કરકે ઉસમેં લીનતા કા હોના ઉસકા નામ સમ્યગ્દર્શન સહિત સંયમ હૈ. સંયમ ઉસે કહતે હૈં.

અપના **'આત્મા એક હી સ્વદ્રવ્ય હૈ.'** ઇસકે અલાવા સબ પરદ્રવ્ય હૈ, અપના ઉસકે સાથ કોઈ સમ્બન્ધ હૈ નહીં. કહો, સમજ મેં આયા ?

**'અબ, યહ નિશ્ચિત કરતે હૈં કિ – જીવ કો સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ નિમિત્ત...'** સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ **'સ્વ-પર કે વિભાગ કા જ્ઞાન હૈ,...'** દેખો ! મૈં આત્મા ઔર દૂસરા આત્મા ભિન્ન હૈ, મૈં પર મેં ક્યા કર સકતા હૂં ? ઔર વહ પર મેરે મેં ક્યા કર સકતે હૈં ? ઐસે જીવ કો સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ (અર્થાત્) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ **'સ્વ-પર કે વિભાગ કા જ્ઞાન હૈ,...'** મૈં આત્મા જ્ઞાયક ચૈતન્ય હૂં, વહ પર આત્મા ઉસકા જ્ઞાયક ચેતન હૈ, ઉસકા શરીર જડ હૈ. ઉસકા ઔર અપના ભેદ – વિભાગ, સ્વ-પર કા વિભાગ કરના, ઐસા જો જ્ઞાન – ભેદજ્ઞાન સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ હૈ. કહો, સમજ મેં આયા ? **'સ્વ-પર કે વિભાગ કા જ્ઞાન હૈ,...'** વહ સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ હૈ. ક્યા કહા ?

અપને આત્મા મેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કી પ્રવૃત્તિ કરના, ઉસકા કારણ સ્વ ઔર પર કા ભેદજ્ઞાન હૈ. મૈં આત્મા અપને મેં હૂં, દૂસરા આત્મા ઉસમેં હૈ. ઉસકા શરીર શરીર મેં હૈ. મેરા ઉસ પર કે સાથ કોઈ સંબંધ હૈ નહીં. ઐસા સ્વ-પર કા વિભાગ, સ્વ-પર કા ભેદ, સ્વ-પર કા ભેદજ્ઞાન, વહી અપને સ્વભાવ મેં પ્રવૃત્તિ કરને કા – ધર્મ કરને કા વહી કારણ હૈ. કહો, સમજાય છે કાંઈ ?

अथ जीवस्य स्वपरद्रव्यप्रवृत्तिनिमित्तत्वेन स्वपरविभागज्ञानाज्ञाने अवधारयति -

**जो णवि जाणदि एवं परमप्पाणं सहावमासेज्ज।**
**कीरदि अज्झवसाणं अहं ममेदं ति मोहादो।।१८३।।**
**यो नैव जानात्येवं परमात्मानं स्वभावमासाद्य।**
**कुरुतेणध्यवसानमहं ममेदमिति मोहात्।।१८३।।**

यो हि नाम नैवं प्रतिनियतचेतनाचेतनत्वस्वभावेन जीवपुद्गलयोः स्वपरविभागं पश्यति स एवाहमिदं ममेदमित्यात्मात्मीयत्वेन परद्रव्यमध्यवस्यति मोहान्नान्यः। अतो जीवस्य परद्रव्य-प्रवृत्तिनिमित्तं स्वपरपरिच्छेदाभावमात्रमेव, सामर्थ्यात्स्वद्रव्यप्रवृत्तिनिमित्तं तदभावः।।१८३।।

---

अथैतदेव भेदविज्ञानं प्रकारान्तरेण द्रढयति - जो णवि जाणदि एवं यः कर्ता नैव जानात्येवं पूर्वोक्तप्रकारेण। कम्। परं षड्जीवनिकादिपरद्रव्यं, अप्पाणं निर्दोषिपरमात्मद्रव्यरूपं निजात्मानम्। किं कृत्वा। सहावमासेज्ज शुद्धोपयोगलक्षणनिजशुद्धस्वभावमाश्रित्य। कीरदि

---

હવે જીવને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત સ્વપરના વિભાગનું જ્ઞાન છે અને પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત સ્વ-પરના વિભાગનું અજ્ઞાન છે એમ નક્કી કરે છે :–

**પરને સ્વને નહિ જાણતો એ રીત પામી સ્વભાવને,**
**તે 'આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે. ૧૮૩.**

---

**'પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા નિમિત્ત સ્વ-પર કે વિભાગ કા અજ્ઞાન હૈ :–'** લો. પરપદાર્થ, પરઆત્મા, પર દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, જડ, ચૈતન્ય સબ પર (હૈં), ઉસમેં પ્રવૃત્તિ કા કારણ, મૈં પ્રવૃત્તિ કરું, ઉસમેં મૈં જુડૂં, ઉસમેં મૈં ઐસા કરૂં, ઉસકા કારણ સ્વ-પર કે વિભાગ કા અજ્ઞાન (હૈ). અપના ઔર પર કા અજ્ઞાન હૈ, વહ પર મેં પ્રવૃત્તિ કા કારણ હોતા હૈ. કહો, સમજ મેં આયા ? વહ ૧૮૩ (ગાથા મેં) કહતે હૈં, દેખો !

**जो णवि जाणदि एवं परमप्पाणं सहावमासेज्ज।**
**कीरदि अज्झवसाणं अहं ममेदं ति मोहादो।।१८३।।**

अज्झवसाणं स पुरुषः करोत्यध्यवसानं परिणामम्। केन रूपेण। अहं ममेदं ति अहं ममेदमिति। मकाराहंकारादिरहितपरमात्मभावनाच्युतो भूत्वा परद्रव्यं रागादिकमहमिति देहादिकं ममेतिरूपेण। कस्मात्। मोहादो मोहाधीनत्वादिति। ततः स्थितिमेतत्स्वपरभेदविज्ञानबलेन स्वसंवेदनज्ञानी जीवः स्वद्रव्ये रतिं परद्रव्ये निवृत्तिं करोतीति।।१८३।।

---

**અન્વયાર્થ :–** [यः] જે [एवं] એ રીતે [स्वभावम् आसाद्य] સ્વભાવને પામીને (જીવપુદ્‌ગલના સ્વભાવને નક્કી કરીને) [परम् आत्मानं] પરને અને સ્વને [न एव जानाति] જાણતો નથી, [मोहात्] તે મોહથી '[अहम्] આ હું છું, [इदं मम] આ મારું છે' [इति] એમ [अध्यवसानं] અધ્યવસાન [कुरुते] કરે છે.

**ટીકા :–** જે આત્મા એ રીતે જીવ અને પુદ્‌ગલના (પોતપોતાના) નિશ્ચિત ચેતનત્વ અને અચેતનત્વરૂપ સ્વભાવ વડે સ્વ-પરનો વિભાગ દેખતો નથી, તે જ આત્મા 'આ હું છું, આ મારું છે' એમ મોહથી પરદ્રવ્યમાં પોતાપણાનું અધ્યવસાન કરે છે, બીજો નહિ. આથી (એમ નક્કી થયું કે) જીવને પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત સ્વપરના જ્ઞાનનો અભાવમાત્ર જ છે અને (કહ્યા વિના પણ) સામર્થ્યથી (એમ નક્કી થયું કે) સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત *તેનો અભાવ છે.

**ભાવાર્થ :–** જેને સ્વપરનું ભેદવિજ્ઞાન નથી તે જ પરદ્રવ્યમાં અહંકાર મમકાર કરે છે, ભેદવિજ્ઞાની નહિ. માટે પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાન જ છે. ૧૮૩.

---

ઉસકી ટીકા. '**જો આત્મા ઇસપ્રકાર જીવ ઔર પુદ્‌ગલ કે (અપને-અપને) નિશ્ચિત ચેતનત્વ ઔર અચેતનત્વરૂપ સ્વભાવ કે દ્વારા...**' લો, મેરા તો ચૈતન્ય સ્વભાવ જાનના-દેખના હૈ. દૂસરે આત્મા કા (સ્વભાવ) ભી ચૈતન્ય – જાનના-દેખના (હૈ). શરીર, કર્મ આદિ સબ અજીવ હૈં. શરીર અજીવ હૈ. ઐસા ચેતનત્વ ઔર અચતેતન્વ સ્વરૂપ '**સ્વભાવ કે દ્વારા સ્વ-પર કે વિભાગ કો નહીં દેખતા,...**' લો ! અપની ઔર પર કી ભિન્નતા નહીં દેખતા, દોનોં કી એકતા દેખતા હૈ, દોનોં કી જુદાઈ દેખતા નહીં. કહો, સમજ મેં આયા ? '**વહી આત્મા**

**'યહ મૈં હૂં'** મૈં સ્વ ઔર પર, ઐસા વિભાગ – વિવેક નહીં હૈ ઔર મૈં રાગ હૂં, મેરા શરીર હૈ, યહ મૈં હૂં, યહ રાગ મૈં હૂં, રાગ મેરા હૈ, શરીર મૈં હૂં, શરીર મેરા હૈ, ઐસા સ્વ-પર કે ભેદજ્ઞાન કા અભાવ પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ હોતા હૈ. કહો, સમજ મેં આયા ?

**'સ્વ-પર કે વિભાગ કો નહીં દેખતા...'** મેરા આત્મા ચૈતન્યસ્વરૂપ જાનના-દેખના હૈ. પર કા આત્મા ઔર પર કા શરીર આદિ અચેતન હૈ, ઐસા નહીં દેખતા હૈ **'વહી આત્મા 'યહ મૈં હૂં'** વહ આત્મા ઔર વહ શરીર મૈં હૂં ઔર **'યહ મેરા હૈ' 'યહ મૈં હૂં, યહ મેરા હૈ'**

મુમુક્ષુ :– સમજાણું નહિ કાંઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમજાણું નહિ ?

**'યહ મૈં હૂં'** યહ શરીર હૈ સો મૈં હૂં, શરીર મૈં હૂં ઔર યહ શરીર મેરા હૈ, ઐસા માનનેવાલા (જીવ હૈ ઉસે) ભેદજ્ઞાન કા અભાવ (હોને સે) મિથ્યાત્વ કા સેવન કરકે પરપ્રવૃત્તિ કરતા હૈ. ભાઈ ! આ નાખી છે કોણે ? પોતે મિથ્યા ભ્રમણા નાખી છે. જેણે નાખી એ કાઢે.

મુમુક્ષુ :– મદદ કરે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– મદદ કોણ કરે ? વાત કરાય છે ને ! ચૈતન્ય ભિન્ન છે, શરીર ભિન્ન છે – એમ વિભાગ માન્યા વિના, પોતાને અને પરને એક માનવાવાળો **'યહ મૈં હૂં'** યહ (યાની) શરીર ઔર **'યહ મેરા હૈ' 'યહ મૈં હૂં, યહ મેરા હૈ'** શરીર (મૈં) હૂં (ઔર) શરીર મેરા હૈ. મૂઢ મિથ્યાદૃષ્ટિ સ્વ-પર કા ભેદજ્ઞાન નહીં કરનેવાલા ઐસી માન્યતા કરકે દુઃખી હોતા હૈ, ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :– પ્રત્યક્ષ દેખાય છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ દેખાય છે કે નહિ આમ ? શરીરને જરી આમ થયું તો આમ-આમ થઈ ગયું. ભાઈ ! ઈ તો અનુકૂળતા હોય એને ખબર પડે. પ્રતિકૂળતાવાળાને શું ?

પ્રશ્ન :– અનુકૂળતાવાળાને કે પ્રતિકૂળતાને ?

સમાધાન :– હા, એમ. અનુકૂળતાવાળાને પ્રતિકૂળતાની શું ખબર પડે ? (પણ) શેની પ્રતિકૂળતા લાવ્યા ? પરવસ્તુ મેં પ્રતિકૂલતા (હૈ) વહ મેરે મેં હૈ ઔર યહી મૈં હૂં. ઐસી માન્યતા મિથ્યાત્વ ઔર ભ્રમણા કા કારણ હૈ. બાકી કોઈ કારણ નહીં. ભાઈ ! કાંઈ કહો,

તમારા ભાઈમાં તમે કાંઈક મદદ તો કરો !

યહાં તો કહતે હૈં કિ, ચેતન ઔર અચેતન સ્વભાવ કે દ્વારા **'સ્વ-પર કે વિભાગ કો નહીં દેખતા,...'** સ્વ-પર કા વિભાગ – ભેદ નહીં દેખનેવાલા, પર મેરા હૈ, **'યહ મૈં હૂં, યહ મેરા હૈ'** ઐસા મિથ્યાદૃષ્ટિ સ્વ-પર કા ભેદ નહીં જાનનેવાલા માનતા હૈ. માનનેવાલા કૌન ? આત્મા. ઇસ શરીર કો ઠીક હો તો મુજે ઠીક પડે. શરીર અઠીક હો તો મુજે અઠીક પડે. તો શરીર મેરા હૈ, ઐસા માના. વહ મેરા હૈ ઔર મૈં ઉસકા હૂં. સમજ મેં આયા ?

**'સ્વ-પર કે વિભાગ કો નહીં દેખતા...'** યહાં ભેદજ્ઞાન લિયા. દોપહર કો ભેદજ્ઞાન (કા વિષય) ચલા ન ? સંવર ! ભેદ... ભેદ... ભેદ... પરઆત્મા મેરે સે ભિન્ન હૈ, પરશરીર મેરે સે ભિન્ન હૈ, કર્મ મેરે સે ભિન્ન હૈ, વાણી મેરે સે ભિન્ન હૈ, લક્ષ્મી, સ્ત્રી-કુટુંબ તો (એક ઓર રહ ગયે). મેરી ચીજ જાણન-દેખન, આનંદ મેરે પાસ (હૈ). વહ ચીજ મેરી નહીં ઔર વહ ચીજ મેરે મેં નહીં (હૈ). ઐસા ભાન નહીં ઐસા અજ્ઞાની – **'વહી આત્મા 'યહ મૈં હૂં, યહ મેરા હૈ' ઇસપ્રકાર મોહ સે...'** દેખો ! મિથ્યા ભ્રમણા ! દુનિયા મેં ભી નહીં કહતે – જેટલો મોહ તેટલું દુઃખ, એમ નથી કહેતા ? આપણે કાઠિયાવાડમાં કહે છે. તુમ્હારે મેં ભી હોગા યા નહીં ? જિતના મોહ ઉતના દુઃખ. જિતને પ્રતિકૂલ સંયોગ ઉતના દુઃખ, ઐસા નહીં કહતે હૈં. ભાઈ ! મોહ ઉતના દુઃખ, બસ ! આદમી કહતે હૈં કિ, જિતના મોહ ઉતના દુઃખ હૈ. યહ મેરા ઔર (યહ) મૈં હૂં, ઇતના દુઃખ હૈ.

નદી કા પાની ચલા જાતા હો ઉસમેં ડૂબે તો પાની કા ભાર નહીં લગતા. (ક્યોંકિ) મેરા નહીં માના. એક બૂઢી દસ શેર પાની લેકર બાહર નિકલી ઔર (ભટકી) ફૂટે (તો) અરે...! (ઐસા હો જાયે). નદી કે પાની મેં બહુત પ્રવાહ ચલા જાતા હો, કોઈ બિગાડે, કુછ ભી કરે, બાહર નિકલ જાયે (તો ભી) મેરા નહીં માના (તો ઉસકા) નુકસાન નહીં, (ઉસકા) દુઃખ નહીં લગતા. નદીમેં સે પાની કા એક કલશ (–લોટા) ભરકર બાહર નિકલે ઔર હાથમેં સે ગિર જાયે (તો) અરે...! (હો જાયે). ભાઈ ! વૈસે હી યહ જગત કા પ્રવાહ ચલા જા રહા હૈ. અનંત આત્મા ઔર અનંત દ્રવ્ય, ઉસકે કારણ ચલે જાતે હૈં. આપકે કારણ વહાં આયા નહીં. યહ શરીર આપકે કારણ યહાં નહીં. કહો ! વહ ઉસકે કારણ સે પ્રવાહ (મેં) આયા, ઉસમેં બીચ મેં જાકર (માન લેતા હૈ કિ), યહ મેરા ! મૈં ઉસકા ! નદીના પ્રવાહનો આ દાખલો આપ્યો કે નહિ ? પાણી ચાલ્યું જાય, પાણી ચાલ્યું જાય (તોપણ) કાંઈ નહિ. જોયા કરે. પછી એમાંથી થોડુંક લઈને બહાર નીકળ્યો (અને) થોડું પડ્યું તો,

એ..ઈ...! ઠામડું ફૂટ્યું ન હોય, પાણી ઢોળાઈ જાય (તો એમ થાય કે) વળી પાછું લેવા જાવું પડશે. એમ આ મારા, શરીર મારું અને હું (એનો), એવી માન્યતા તેને દુઃખદાયક છે. મિથ્યાદષ્ટિ (કી માન્યતા) હી દુઃખદાયક હૈ, કોઈ ચીજ, કોઈ સંયોગ દુઃખદાયક હૈ નહીં ઔર કોઈ ચીજ, કોઈ સંયોગ સુખદાયક ભી હૈ નહીં. કહો, ભાઈ ! શું હશે ?

અરે...! થોડી અનુકૂળતા હોય (તો) સુખે ભગવાનને ભજીએ. 'તુલસીદાસ' કહે છે કે, 'દુઃખને માથે શિલા પડો, હરિ' 'સુખને માથે શિલા પડો, હરિ હૃદય સે જાયે, બલિહારી દુઃખ કી પલપલ રામ સંભરાયે...' 'સુખને માથે શિલા પડો' મારી સગડવતામાં જ્યાં ગૂંચી જવાય છે (ત્યાં) કારણ તો રાગનું છે, પરને લઈને નથી. 'હરિ હૃદય સે જાયે' આત્મા યાદ આવે નહિ, પરમાત્મા યાદ આવે નહિ. 'બલિહારી દુઃખ કી...' જ્યાં દુઃખ આવે ત્યારે પછી ભગવાન... ભગવાન, ભગવાન... ભગવાન (કરે). એ પણ પેલી અગવડતા ટાળવા માટે.

અહીં તો એ નહિ. અગવડતા અને સગવડતા બધું પરદ્રવ્ય છે. મારી ચીજને અગવડતા-સગડવતા સ્પર્શતી નથી – છૂતી નહીં. મૈં પર કો છૂતા નહીં, વહ મુઝે છૂતે નહીં, ઐસે ભેદજ્ઞાન બિના મોહીપ્રાણી – મિથ્યાદષ્ટિ (દુઃખી હોતા હૈ). ભાઈ ! બરાબર હશે કે નહિ આ ? આ પૈસાવાળા પણ દુઃખી અને નિર્ધન પણ દુઃખી. મોહી દુઃખી છે.

પર કો મેરા માનના ઔર મૈં પર કા હૂં, ઐસી માન્યતા – મિથ્યાત્વ મહાદુઃખ કા બીજ હૈ. દુઃખ કા બીજ યહ હૈ, કોઈ દૂસરી ચીજ દુઃખ કા બીજ હૈ નહીં. દેખો ! '**ઇસપ્રકાર મોહ સે...**' ઐસા કહતે હૈં. મિથ્યાદષ્ટિ અપને મિથ્યાભાવ સે '**પરદ્રવ્ય મેં અપનેપન કા અધ્યવસાન કરતા હૈ,...**' ક્યા ? હૈ પુસ્તક ? પરદ્રવ્ય મેં અપનેપન કા (અર્થાત્) યહ મેરા હૈ, મેરા હૈ, મેરા હૈ, મેરા હૈ ઐસા અધ્યવસાન નામ એકત્વબુદ્ધિ કરતા હૈ. કહો, સમજ મેં આયા ? '**પરદ્રવ્ય મેં અપનેપન કા અધ્યવસાન કરતા હૈ, દૂસરા નહીં.**' કોઈ દૂસરા યાની દૂસરા પ્રાણી – ભેદજ્ઞાની ઐસા કરતે નહીં. અજ્ઞાની પ્રાણી ઐસા માનતે હૈં.

'**ઇસસે (યહ નિશ્ચિત હુઆ કિ) જીવ કો પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા નિમિત્ત...**' નિમિત્ત યાની કારણ. '**પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા નિમિત્ત સ્વ-પર કે જ્ઞાન કા અભાવમાત્ર હી હૈ...**' લો ! પરદ્રવ્ય મેં મેરા ઔર તેરા... ઓ..હો..હો...! અનંતકાલ સે મિથ્યાભાવ મેં અનુકૂલ હુઆ, દૂસરે કો અનુકૂલ હુઆ, ઐસી માન્યતા ભી મિથ્યાદષ્ટિ કી હૈ. સમજ મેં આયા ? ઔર મુજે પ્રતિકૂલ હૈ યહ માન્યતા મિથ્યાદષ્ટિ કી હૈ.

કિસે કહના અનુકૂલ ? કિસે કહના પ્રતિકૂલ ? (સબ) પરદ્રવ્ય હૈ. ગંજ હો યા થોડા

હો. ગંજ યાની ? બહુત હો. યા થોડા હો. મેરા શરીર હૈ (વહ) અચ્છા ચલેગા. રોગ રહતા હૈ (વહ) ઠીક નહીં. વહ તો પરદ્રવ્ય હૈ. ઉસકી પર્યાય મેં (રોગ) હોતા હૈ, તુજે ક્યા ? મુજે હુઆ. મૈં ઉસકા, વહ મેરા – ઐસા મિથ્યાદષ્ટિ મિથ્યાત્વ ભાવ સે પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ સ્વ-પર કા ભેદજ્ઞાન કા અભાવ (હોને સે કરતા હૈ).

અરે...! દુઃખીના ડાળિયા છે બધા, દુઃખી, દુઃખી ! દુઃખ સંયોગને કારણે નહિ. અપનાપન દૂસરે મેં માનના ઔર દૂસરા મેરા હૈ, ઐસા માનના વહ મિથ્યાત્વ કે કારણ સ્વ-પર કા ભેદજ્ઞાન નહીં, ઇસ કારણ સે દુઃખી હૈ. પૈસાવાળાને સુખી કહે છે તો પૈસાને લઈને સુખી છે ? આકુળતા છે. મુજે ક્યા તકલીફ હૈ ? લડકે કરતે હૈં, ઐસા પૈદા હુઆ, ઐસે બીસ લાખ હુએ, પચ્ચીસ લાખ હુએ... ક્યા આત્મા કે સાથ એક પાઈ ભી હૈ ?

કહતે હૈં કિ, જીવ કો પરદ્રવ્ય કી પ્રવૃત્તિ કા નિમિત્ત **'સ્વ-પર કે જ્ઞાન કા અભાવમાત્ર હી હૈ...'** દેખો, યહાં તો સ્વ-પર કે જ્ઞાન કા અભાવ (હૈ) વહી મોહ પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ (કહા). દૂસરા કોઈ કારણ નહીં. સમજાણું કાંઈ ? કહો, ભાઈ ! બરાબર હશે આ ? અંદર કલ્પના થાય. લ્યો, આને અત્યારે થાય, તમારે તે દિ' થતી. ખબર છે કે નહિ ? બન્ને એક જાતના છે. હવે, મૂકોને પડતી દુનિયાની ! આ ભાઈને ચાર છોકરા ને એને ત્રણ આ ને એને બધા સરખા... હવે, કોઈ ધૂળમાંય નથી. મરીને ચાલ્યું જાવું છે ક્ષણમાં ! શેની સાથે મારા ને તારા ? એ બધા પણ દુઃખીના ડાળિયા છે. તમે જોયું નથી બધું ? અત્યારે તો બધો અનુભવ છે કે નહિ ? એમાં કાંઈ (નથી), ધૂળે ધૂળ છે. સમજાણું કાંઈ ?

**'ઇસસે (યહ નિશ્ચિત હુઆ કિ) જીવ કો પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા નિમિત્ત સ્વ-પર કે જ્ઞાન કા અભાવમાત્ર હી હૈ...'** ભેદજ્ઞાન કા અભાવ માત્ર હી પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ હૈ. **'અભાવમાત્ર હી હૈ...'** બરાબર હૈ ? બીજાને એમ થાય કે, અરે...! આના છોકરા કરોડપતિ થઈ ગયા અને આપણે લાખપતિ રહી ગયા... અરે...! શું ? હોળી સળગાવવી છે કે નહિ ? મિથ્યાત્વની માન્યતા અને મિથ્યા મોહને લઈને (જીવ દુઃખી થાય છે). મૈં મેરે મેં ઔર વહ ઉસમેં, સબ દ્રવ્ય અપને દ્રવ્ય મેં હૈ, કોઈ કોઈ કે કારણ સે હૈ નહીં. ઐસા જ્ઞાન કા અભાવમાત્ર હી હૈ.

**'ઔર (કહે બિના ભી) સામર્થ્ય સે (યહ નિશ્ચિત હુઆ કિ) સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા નિમિત્ત ઉસકા અભાવ હૈ.'** ક્યા કહતે હૈં ? કિ, સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ ઉસકા અભાવ

નામ ભેદજ્ઞાન કે અભાવ કા અભાવ. સ્વ-પર કે જ્ઞાન કા અભાવ કા અભાવ (અર્થાત્) સ્વ-પર કે જ્ઞાન કા સદ્‌ભાવ. અર્થાત્ સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ ઉસકા અભાવ (હૈ). ઉસકા અર્થ દો કો એક માનના ઉસકા અભાવ. સ્વ-પર કો એક માનના ઉસકા અભાવ. વહ સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ (હૈ). સમજ મેં આયા ?

સ્વદ્રવ્ય મૈં આત્મા જ્ઞાનાનંદમૂર્તિ અપની પ્રવૃત્તિ મેં કારણ, વહ મેરા ઔર મૈં (વહ) હૂં, ઉસકા અભાવ. મૈં મેરા ઔર વહ ઉસકા, ઐસા ભેદજ્ઞાન, યહ ભેદજ્ઞાન સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ નિમિત્ત નામ કારણ કહને મેં આતા હૈ. કહો, બરાબર છે ? સમજાય છે ને ? લ્યો, આ પરદ્રવ્ય પ્રવૃત્તિ અને સ્વદ્રવ્ય પ્રવૃત્તિ. કાલે (કોઈ) કહેતા હતા કે, દર્શન સ્વઉપયોગ ને જ્ઞાન પરઉપયોગ, એ કરતાં આ સ્વદ્રવ્ય-પરદ્રવ્ય પ્રવૃત્તિ(ની વાત) ઠીક હતી. ભાઈ ! એ તો બધું આવે. જાણવાની વાત તો અનેક પ્રકારે આવે. સમજાય છે કાંઈ ? શાસ્ત્રના પેટ મોટા ગંભીર, ઊંડા છે ! ઉસે અંદર યથાર્થરૂપ સે વિચાર, મનન કરના (તો) સમજ મેં આ જાય. સમજ મેં ન આયે ઐસી ચીજ હૈ નહીં.

કહતે હૈં કિ, **'ઔર (કહે બિના ભી) સામર્થ્ય સે (યહ નિશ્ચિત હુઆ કિ) સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા નિમિત્ત ઉસકા અભાવ હૈ.'** ઉસકા અભાવ કા અર્થ ક્યા હુઆ ? સ્વદ્રવ્ય (મેં) પ્રવૃત્તિ કા કારણ ઉસકા અભાવ હૈ. પહલી બાત કહી ન કિ, પરદ્રવ્ય કે ભેદજ્ઞાન કા અભાવ વહ પરદ્રવ્ય (મેં) પ્રવૃત્તિ કા કારણ (હૈ). ઉસમેં સે ઐસા નિકલા કિ, સામર્થ્ય નામ ઉસમેં સે ઐસા ન્યાય નિકલા કિ, સ્વ ઔર પરદ્રવ્ય કા એકપને કા કારણ જો મોહ હૈ, વહ ભેદજ્ઞાન કે અભાવ કે કારણ સે હોતા હૈ. તો ઉસસે દૂસરા બોલ નિકલા કિ, ઉસકા અભાવ (હૈ) વહ સ્વદ્રવ્ય પ્રવૃત્તિ મેં કારણ (હૈ). ક્યા કહા ?

સ્વ ઔર પરદ્રવ્ય મેં એકપના કી બુદ્ધિ કારણ હૈ ઔર વહી મોહ પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ હૈ. એક બોલ નક્કી હુઆ તો દૂસરા ઉસમેં સે નીકલતા હૈ કિ, સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ કૌન ? જબ પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ દો કા અજ્ઞાન (હૈ), ભેદજ્ઞાન કા અભાવ (હૈ) તો અપને પ્રવૃત્તિ મેં કારણ કૌન ? કિ, જો ભેદજ્ઞાન કા અભાવ થા ઉસકા અભાવ અર્થાત્ ભેદજ્ઞાન કા સદ્‌ભાવ (વહ સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ હૈ). સમજ મેં આયા ?

આ ગાથા બહુ સરસ છે ! આ બધા ઝગડા મફતના માંડીને બેઠો, માળો ! એ... આ મારું શરીર, આ અમારું મંદિર, અમારું આ... એમાં જરી ફેરફાર થાય તો... કોઈ બીજે

ઠેકાણે પથરા પડ્યા હોય તો કાંઈ નહિ. ઈ જ્યાં કાંઈ રચાય એમાં કાંઈ ખોડખાપણ (થાય તો) અરે...! (થઈ જાય). જિથરીના પથરા હોય, જિથરીના ! પથ્થર હોતા હૈ ન ? જિથરી કા પથ્થર ! એ પથ્થર અહીંયાં રચનામાં આવે અને એમાંથી જરીક ખૂણો પડે, ખૂણો... (તો અરે.. થઈ જાય). (પથરો તો) જેમ ત્યાં હતો એમ અહીંયાં છે. એમાં ફેર શું પડ્યો ? બસ ! માલિકી માની કે, આ..હા...! ત્યાં પથરા ઉપર માણસો હંગતા હતા !! જિથરીની ખાણમાં ! મોટી ખાણ છે. અમે ગયા હતા, પેલી કોર ખાણી છે, બહુ આઘી (છે). બધું જોયું છે ને ! અહીં તો ૨૯ વરસ થયા. વહ પથ્થર નિકાલકર અપને ઘર મેં આયે, પગથિયા મેં... પગથિયા (કો) ક્યા કહતે હૈં ? સીઢી ! એમાં જરી ભાંગે અને એમાં કોઈ લોઢાનો ઘણ મારે (તો કહે) અરે...! ક્યા કરતે હો ? મેરા માના હૈ ન ? બસ ! યહ મમતા કા કારણ હૈ. સ્વ ઔર પર કી ભિન્નતા કા અભાવ વહી મોહ કા કારણ પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ હૈ. કહો, બરાબર હૈ ?

સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ, જૈસે પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ સ્વ ઔર પર કી એકતાબુદ્ધિ અથવા સ્વ-પર કા ભેદજ્ઞાન કા અભાવ (હૈ). ઉસમેં સે ઐસા નિકાલના કિ, સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ ભેદજ્ઞાન (અર્થાત્) સ્વ-પર કી ભિન્નતા (હૈ). સ્વ-પર કી ભિન્નતા કા જ્ઞાન સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ (હૈ). બરાબર છે કે નહિ ?

**ભાવાર્થ :– 'જિસે સ્વ-પર કા ભેદવિજ્ઞાન નહીં હૈ...'** (અર્થાત્) મૈં આત્મા જ્ઞાનસ્વરૂપ હૂં, પરઆત્મા ભી જ્ઞાનસ્વરૂપ ઉસકા હૈ ઔર શરીર, રજકણ, જડ કર્મ જડરૂપ હૈ, ઐસા ભેદવિજ્ઞાન નહીં હૈ **'વહી પરદ્રવ્ય મેં અહંકાર...'** અહંકાર યાની મૈં હૂં (ઐસી માન્યતા કરતા હૈ). **'મમકાર...'** યાની મેરા. (દૂસરી જગહ) 'જયસેનાચાર્યદેવ'ને અહંકાર યાની ઐસા કહા હૈ કિ, રાગ મેરા ઔર શરીર મેરા. કહો, સમજાય છે કાંઈ ?

એક દુકાન હોય, દુકાન ! જેમ દુકાનમાં એક લાખ રૂપિયાનો માલ હોય એને પોતાનું માન્યું હોય તો એમાં નુકસાન થાય તો માને કે, અરે..રે...! નુકસાન થઈ ગયું. પર વહી માલ દે દિયા, જાઓ ! પૈસા લાવ. પૈસા લે લિયા. ઉસે કોઈ ખરાબ કરે તો ? કોઈ બિગાડે તો દુઃખ હોતા નહીં. વહ તો ઉસકા માલ હૈ, હમેં ક્યા ? પૈસા ઘર મેં આ ગયા. વહ પૈસા કોઈ લે જાયે તો દુઃખ હોતા હૈ. વહ ચીજ લે જાયે તો દુઃખ હોતા નહીં.

મેરા... મેરા... માનના, એક રજકણ ભી તેરા નહીં. પરમાણુ, એક પરમાણુ (ભી તેરા નહીં). 'હું એક શુદ્ધ સદા અરૂપી' આવે છે ને ? એક પરમાણુમાત્ર ભી મેરા નહીં. દેવ-

ગુરુ-શાસ્ત્ર ભી મેરે નહીં. સ્ત્રી, કુટુંબ-પરિવાર ભી મેરા નહીં, સમેદશિખર ઔર શેત્રુંજય મેરા નહીં, મંદિર ઔર ભગવાન કી પ્રતિમા મેરી નહીં, ભગવાન મેરે નહીં, ભગવાન કી પ્રતિમા મેરી નહીં. ઓ..હો..હો...! વહ તો પરદ્રવ્ય હૈ. પરદ્રવ્ય મેરા ઔર મૈં ઉસકા, ઉન દોનોં કા ભેદજ્ઞાન કા અભાવ બતાતે હૈં. ઉસે ભેદજ્ઞાન હૈ નહીં અર્થાત્ સમ્યક્જ્ઞાન હૈ નહીં.


મુમુક્ષુ :– આશ્વાસન દેવા જેવું..

પૂજ્ય ગુરુદેવશ્રી :– આશ્વાસન દેવા જેવું કાંઈ રહ્યું નહિ, એમ અહીંયાં કહે છે. ભાઈ ! બે દીકરા ઠીક હોય, ચાર હોય, પૈસા હોય, આબરુ હોય તો આશ્વાસન (રહે). આ તો તમે આશ્વાસન ઉડાડી દીધું. અરે...! આશ્વાસન અપને મેં હૈ યા પર મેં હૈ ? મૈં જ્ઞાતા-દૃષ્ટા શાંતિ કા ભંડાર હૂં. મેરે પાસ અતીન્દ્રિય આનંદ કી સંપદા કા સમુદ્ર ભરા હૈ. મેરે મેં સબ હૈ, મુજે પર કી જરૂરત હૈ નહીં. કહો, પર કૌન દે દેતા હૈ ? ભાઈ ! પહલે યહાં કુછ (ધંધા) કરતા થા. પછી મોટા જુવાન થાય તો કાંઈ કરવાનું મન થાય ને ? ગામડામાં પણ કેટલાય રળીને પૈસાવાળા થાય છે. ઈ તો પુણ્ય હોય તો (થાય). પુણ્ય ન હોય તો બહાર જાય તોપણ કાંઈ મળે નહિ. વહ તો પરચીજ સ્વતંત્ર હૈ. આના-જાના વહ અપને અધિકાર કી બાત હૈ નહીં.

**'વહી પરદ્રવ્ય મેં અહંકાર - મમકાર કરતા હૈ, ભેદવિજ્ઞાની નહીં.'** ભગવાન મેરે નહીં, ત્રિલોકનાથ પરમેશ્વર મેરે નહીં ઔર મૈં ઉસકા નહીં. અરે...! ભારે ભાઈ ! ગુરુ-શિષ્ય તો હોગા કિ નહીં ? ભાઈ ! વહ તો વિકલ્પ આતા હૈ તો વ્યવહાર સે ઐસા બોલને મેં આતા હૈ. પરમાર્થ મેં ભગવાન ભગવાન કા હૈ ઔર આત્મા આત્મા કા હૈ. સમજ મેં આયા ?

**'ઇસલિયે પરદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ ભેદવિજ્ઞાન કા અભાવ હી હૈ,...'** લો ! મોહ કરતે હૈં, રાગ-દ્વેષ કરતે હૈં, પરદ્રવ્ય સે ભિન્ન નહીં માનને સે હોતા હૈ. **'ઔર સ્વદ્રવ્ય મેં પ્રવૃત્તિ કા કારણ ભેદવિજ્ઞાન હી હૈ.'**

**(હવે પછીનો પ્રવચનનો અંશ પ્રવચન સુધા ભાગ–૮માં આવશે).**



**વીતરાગ સત સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

**ભાવનગર**